NOT TO BE ISSUED
OUT OF THE LIBRARY.

00050716

Digitized with financial assistance from the
Government of Maharashtra
on 18 July, 2018

Processed at
The Preservation & Conservation
Laboratory of
The Asiatic Society of Bombay

Date 8-10-93

00050716

"The vernacular languages must be empl
the far larger classes who are ignorant of, o
acquainted with English. This can only be d
through the instrumentality of masters and pr
may, by themselves knowing English, and th
access to the latest improvements in knowledge
impart to their fellow countrymen through th
their mother-tongue the information which the
obtained."

Despatch of the Honorab
Directors No. 49, dated

PREFACE.

This work was undertaken under the patronage of the Gujerat Vernacular Society. It embodies the main principles of political economy as expounded in the standard work of John Stuart Mill. In adapting the matter of the original work to the wants of the Gujarati reader, the novel character of the subject has been constantly kept in view; all controversies which presuppose an acquaintance with European society, or involve deeper economical questions than can be handled by a beginner have been either slightly touched or altogether avoided. In most disputed cases the view of Mr. Mill has been freely adopted, with but little or no allusion to countervailing considerations, and throughout the work it has been my aim to secure clearness of expression even at the expense of brevity. I am far from presuming to assert that I have always succeeded in making the meaning intelligible to the uninitiated; but I believe that the reader who peruses the following pages with the attention they deserve, will make himself familiar with the subject in its general outlines, and a second reading will hardly leave any point of importance obscure.

Owing to the novel nature of the subject I have been obliged to coin a few new words. I have tried however to avoid falling into the mistake of introducing strange or difficult words where ordinary ones served the purpose, and I hope that most of the technical terms used by me either explain themselves, or are rendered clear by the context.

In spite of much care, a considerable number of typographical errors have crept in. A table containing the most important of these, and a few others of a different nature is given.

To the Gujarat Vernacular Society whose offer of a prize of Rs. 400 induced me to undertake the work and to the Director of Public Instruction who has promised to purchase a large number of copies of the work, my grateful acknowledgments are due for the very liberal encouragement they have given.

Ahmedabad,
28th May 1875.

AMBALAL SAKERLAL DESAI.

પ્રસ્તાવના*

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીએ આ ગ્રંથ ઇનામ આપી રચાવ્યો છે. એ ગ્રંથનો વિષય બિલકુલ નવો છે. આજ લગી ગુજરાતી ભાષામાં એ બાબતનો કોઈ પણ ગ્રંથ થયો હોય એમ મને ખબર નથી. ઇબારત ગોઠવવામાં આ વાત ધ્યાનમાં રાખવામાં આવી છે. જેમ બને તેમ કરી ગ્રંથનો મતલબ વાંચનારના મનમાં સ્પષ્ટ રીતે ઉતરે એવો યત્ન કરવામાં આવ્યો છે. તેમ છતાં પણ વિષય છેક નવો છે તેથી બધા વાંચનારા એકદમ સમજી જશે, એમ કહેવાની મારી હિંમત ચાલતી નથી. પણ એટલું કહી શકું છું, કે જે કોઈ પહેલેથી તે છેવટ સુધી ખરા ધ્યાનથી આ પુસ્તક વાંચશે, તે અર્થ શાસ્ત્રની મોટી મોટી વાતોથી અજાણ્યો નહીં રહે. જે કોઈ ફરીથી વાંચી જશે, તેને તો બેશક લાભ વધારે થશે.

વિષય છેક નવો, તેથી મને નવી શબ્દ પરિભાષા રચવાની જરૂર પડી છે. પરંતુ બનતા લગી સાધારણ શબ્દો વાપર્યા છે, અને જ્યાં નવા શબ્દ દાખલ કરવા પડ્યા છે, ત્યાં તેનો અર્થ, સંબંધથી અથવા બીજી રીતે સ્પષ્ટ કર્યો છે.

ઘણી ફિકર રાખ્યા છતાં, કેટલીક હસ્ત દોષ જેવી ભૂલો છાપવામાં થઈ ગઈ છે. આમાંની કેટલીકનું પત્રક આપ્યું છે. બાકીની સુજ્ઞ વાંચનાર કૃપા કરી સુધારી લેશે.

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીએ રૂ૪૦૦)નું ઇનામ આપી, આ ગ્રંથ રચાવ્યો તેમનો તથા મહેરબાન મુંબઈ ઇલાકાના ડીરેક્ટર આવ પબ્લિક ઇન્સ્ટ્રક્શને ઘણી પ્રતો ખરીદવાની હા કહી માટે તેમનો હું અંતઃકરણથી આભાર માનું છું.

અમદાવાદ
તા૦ ૨૮ મી મે સને ૧૮૭૫

દેસાઈ અંબાલાલ સાકરલાલ.

अनुक्रमणिका.

	પૃષ્ઠ.
પ્રવેશક પ્રકરણ....	૧

પુસ્તક ૧ લું—દ્રવ્યની ઉત્પત્તિ.

પ્રકરણ ૧ લું. દ્રવ્યો ઉત્પત્તિને માટે અવશ્યક ચીજો....	૫
પ્રકરણ ૨ જું. દ્રવ્ય ઉત્પત્તિનાં સાધન—મેહેનત.	૮
પ્રકરણ ૩ જું. ઉત્પાદક અને અનુત્પાદક મેહેનત.	૧૪
પ્રકરણ ૪ થું. મુડી અથવા ભંડોળ વિષે.	૧૮
પ્રકરણ ૫ મું. મુડી વિષે વિચાર-ધોરી સિધ્ધાંત	૨૨
પ્રકરણ ૬ ઠું. જંગમ તથા સ્થાયી મુડી વિષે	૩૪
પ્રકરણ ૭ મું. વધતી ઓછી ઉત્પત્તિનાં કારણ	૩૭
પ્રકરણ ૮ મું. ઉત્પાદકોની પરસ્પર સહાય	૪૬
પ્રકરણ ૯ મું. મોટા તથા નાના પાયા ઉપર ઉત્પત્તિ	૫૩
પ્રકરણ ૧૦ મું ઉત્પત્તિની વૃદ્ધિની સીમા	૬૩
પ્રકરણ ૧૧ મું. ઉત્પત્તિની વૃદ્ધિની સીમા—મુડી	૬૬
પ્રકરણ ૧૨ મું. ઉત્પત્તિની વૃદ્ધિની સીમા—જમીનનો પાક ..	૭૩
પ્રકરણ ૧૩ મું. ઉપર કહેલા નિયમોના પરિણામ	૭૯

પુસ્તક ૨ જુ. દ્રવ્ય વિભાગ

પ્રકરણ ૧ લું. સામાન્ય દ્રવ્ય વિભાગ..	૮૫
પ્રકરણ ૨ જું. વિશેષ સ્વામિત્વ વિષે	૯૧
પ્રકરણ ૩ જું. મેહેનતનું ઉત્પન્ન કોના કોના વચ્ચે વહેંચી આપવામાં આવે છે તે વિષે	૯૬
પ્રકરણ ૪ થું. સ્પર્ધા વિષે	૯૯
પ્રકરણ ૫ મું. ગુલામગિરિ વિશે.	૧૦૧

પ્રકરણ ૬ ઠું. પોતાની માલકીની જમીન વાળા ખેડુત. ૧૦૫
પ્રકરણ ૭ મું. ભાગ વટીની રીત વિષે..... .... ૧૧૦
પ્રકરણ ૮ મું. મુસારા વિષે..... .... ૧૧૩
પ્રકરણ ૯ મું. મુસારા વિષે—જારી છે.... .... ૧૧૮
પ્રકરણ ૧૦ મું. નફા વિષે ૧૨૫
પ્રકરણ ૧૧ મું. જમીનના ભાડા વિષે ૧૩૨

પુસ્તક ૩ જું. ક્રય વિક્રય.

પ્રકરણ ૧ લું. મૂલ વિષે.... .... ૧૩૬
પ્રકરણ ૨ જું. મૂલ વિષે વોરી નિયમ.... .... ૧૩૯
પ્રકરણ ૩ જું. પદાર્થોનું કાયમ મૂલ ૧૪૪
પ્રકરણ ૪ થું. ઉત્પત્તિ ખરચનાં મૂળતત્વ ૧૫૯
પ્રકરણ ૫ મું. નાણા વિષે ૧૫૫
પ્રકરણ ૬ ઠું. નાણાના મૂલ વિષે ૧૬૦
પ્રકરણ ૭ મું. ઉત્પત્તિ ખરચ ઉપર નાણાના મૂલનો આધાર ૧૬૩
પ્રકરણ ૮ મું. ઉધાર વ્યવહાર અને ધીરધાર ૧૬૭
પ્રકરણ ૯ મું. નહિ વટાવાય એવુ ચલણી નોટ ૧૭૮
પ્રકરણ ૧૦ મું. મૂલને લગતી કેટલીક અગત્યની હકીકત... .... ૧૮૩
પ્રકરણ ૧૧ મું. દેશાંતર જોડે વેપાર ૧૯૧
પ્રકરણ ૧૨ મું. દેશાંતરથી આણેલા માલનું મૂલ. ૧૯૩
પ્રકરણ ૧૩ મું. નાણાદ્વારે દેશાંતરનો વ્યવહાર ૨૧૧
પ્રકરણ ૧૪ મું. નાણાદ્વારે દેશાંતરનો વ્યવહાર—જારી છે ૨૧૫
પ્રકરણ ૧૫ મું. દેશાવરના વેપાર ઉપર તથા હુંડીના ભાવ ઉપર ચલણ-
ની અસર..... .... ૨૨૩
પ્રકરણ ૧૬ મું. વ્યાજનો દર.. .... ૨૨૬
પ્રકરણ ૧૭ મું. ઘણા દેશોનો એકદેશ જોડે એક જણસનો વેપાર .. ૨૩૨
પ્રકરણ ૧૮ મું ઉત્પન્ન થએલા દ્રવ્યના ભાગ ૨૩૬

પુસ્તક ૪ થું.

પ્રકરણ ૧ લું. [illegible] સ્થિતિ ....

પ્રકરણ ૨ જું. નફા, ભાડા, ને મુસારા ઉપર સુધારાથી થતી અસર ૨૪૬
પ્રકરણ ૩ જું. નફાના દરનું દિનપર દિન કનિષ્ઠતા પર આવવું ૨૫૧
પ્રકરણ ૪ થું. મુડી, વસ્તી ને જ્ઞાનના વધારાનો આપણા દેશમાં અસર ૨૫૫

પુસ્તક ૫ મું.

દ્રવ્યના નિયમો ઉપર કાયદા વિગેરેનો અસર.

પ્રકરણ ૧ લું. સરકારનાં સામાન્ય કર્તવ્ય કામ ૨૫૮
પ્રકરણ ૨ જું. વેરા નાંખવાના સાધારણ નિયમો.... .... ૨૬૦
પ્રકરણ ૩ જું. વેરાના પ્રકાર ૨૭૦
પ્રકરણ ૨ થું. જણસો ઉપરના કરો વિષે ૨૭૭
પ્રકરણ ૫ મું. બીજા કેટલાક વેરા વિષે ૨૮૪
પ્રકરણ ૬ ઠું. પ્રત્યક્ષ અને પરોક્ષ વેરાનો મુકાબલો..... .... ૨૮૬
પ્રકરણ ૭ મું. દેશના કરજ વિષે ૨૯૧
પ્રકરણ ૮ મું. સરકારના સારા અથવા ખોટા બંદોબસ્તથી થતા ફાયદા
તથા ગેર ફાયદા ૨૯૩
પ્રકરણ ૯ મું. સરકાર ભૂલ ભરેલા વિચારોથી દ્રવ્ય વિષયક ઉદ્યમમાં
હાથ ઘાલે છે તે વિષે..... .... ૨૯૯
પ્રકરણ ૧૦ મું. સરકારે કેવા કામમાં હાથ ઘાલવો અને કયામાં ન ઘાલ
વો તે વિષે... .... ૩૧૦

અર્થશાસ્ત્રનાં મૂળતત્વ.

પ્રવેશક પ્રકરણ.

અર્થશાસ્ત્ર ઘણીજ અર્વાચીન વિદ્યા છે; તેના ધોરી નિયમ સ્થાપન થયાને હજી પુરાં સો વરસ થયાં નથી. પરંતુ તે વિદ્યાનો વિષય એટલો તો ઉપયોગી છે કે સૃષ્ટિના પ્રારંભથી લોક તેની પાછળ દોડતા ફર્યા છે. અર્થશાસ્ત્રનો વિષય દ્રવ્ય છે: એટલે દ્રવ્ય શી રીતે પેદા થાય છે, પેદા થયા પછી ઉત્પાદકોને શા શા નિયમ પ્રમાણે વહેંચી અપાય છે, તથા માણસ જાતની દ્રવ્ય સંબંધી સ્થિતિ શાં શાં કારણથી સારી નરતી થાયછે, એ વગેરે બાબતોનો અર્થશાસ્ત્ર નિર્ણય કરે છે.

ત્યારે પ્રથમ તો દ્રવ્ય એટલે શું એ આપણે સમજવું જોઇએ. હવે દ્રવ્યનું વ્યાખ્યાન કરવું તો મુશ્કેલ પડે, પણ હરેક પુરૂષને પોતાના મનમાં તેનો જેવો તેવો ભાવ ખબર છે ખરો. કોને ખબર નથી કે દ્રવ્ય તે શૌર્ય નહોય; દ્રવ્ય તે કળાકૌશલ્ય નહોય; દ્રવ્ય તે સદ્ગુણ નહોય? એ વાત ખરી કે શૌર્ય, વિદ્વત્તા, કળાકૌશલ્ય, ને સદ્ગુણ એઓનો દ્રવ્ય જોડે અડતો સંબંધ છે. કેટલીક વાર શૌર્યવાન, વિદ્વાન, કળાવાન્ કે ગુણવાન લોક દ્રવ્યને પામ્યા છે—ને તેમજ દ્રવ્યવાન લોક શૌર્ય, વિદ્યા, કળા, અથવા ગુણ સમ્પન્ન થયા છે; પરંતુ એ સર્વ ગુણોથી વસ્તુતઃ દ્રવ્ય બિલકુલ ભિન્ન છે. દ્રવ્ય શબ્દનો ભાવ સર્વના સમજ્યામાં છે તો પણ વહિવટમાં તેના અર્થ વિષે કેટલાક ભૂલ ભરેલા વિચારો ચાલેલા છે; ને તે વિચારોથી કેટલાક કાળ ને કાળ સુધી વેપાર વગેરે બાબતોમાં માણસ જાત ઘણી ખોટી મતીએ ચાલી છે.

દુનીઆના બધા ભાગમાં આગળ લોક એમ સમજતા ને હાલ પણ આપણા દેશમાં ઘણા ખરા એમ સમજેછે કે પૈસો એજ દ્રવ્ય; પૈસા સિવાય બિજા કોઇ પદાર્થનો 'દ્રવ્ય' શબ્દમાં સમાસ થતો નથી; કોઇપણ દ્રવ્યની ઉપમાને યોગ્ય નથી. પૈસો ઘણું કરીને સોના રૂપાનો પડેછે, માટે સોનુ રૂપુ પણ દ્રવ્ય ખરૂં; પણ એ સિવાય બીજું કાંઇ દ્રવ્ય છેજ નહીં એમ લોકની ધારણા છે. આ ભૂલ ભરેલી સમજ ઉપરથી લોક એવું અનુમાન બાંધેછે કે જે જે કારણથી દેશમાંથી પૈસા બ-

હાર જાય તેથી તેથી દેશ ગરીબ થાયછે, ને જેથી જેથી દેશમાં પૈસો તણાઇ આવે તેથી તેથી દેશ તાલેવર થાયછે. જો પરદેશનો માલ આપણે અહીં આવે તો તેને માટે આપણે પૈસા આપવા પડે, માટે આવક વેપારથી દેશને ફાયદો નથી; ને આપણા દેશનો માલ બહાર જાય તો તેના અવેજમાં આપણને નાણાં મળે ને આપણો દેશ એટલો વધારે ધનવાન થાય, માટે જાવક વેપારથી દેશનું દ્રવ્ય વધેછે-એવાં એવાં દૂષિત અનુમાનો ઘણા લોકો માન્ય કરેછે. આ અનુમાનો જો ખરાં હોય તો વેપારથી દુનીઆંને ફાયદો થાયજ નહીં; કારણ કે જેટલા પૈસા એક દેશનો વેપારી માલ બદલે લે, તેટલા બીજાના ઓછા થાય–પણ પરસ્પર વેપારથી ઉભય પક્ષને લાભછે એવું આગળ સ્પષ્ટ બતલાવવામાં આવશે.

પરંતુ આ ભૂલ માત્ર આપણા દેશીઓ ખાયછે એમ નથી; એ ભૂલે યુરોપમાં આગળ લોકોને ભમાવ્યા હતા, ને તેઓના વિચાર એક સૈકા ઉપર આપણા દેશીઓના જેવાજ દૂષિત હતા. એક રીતે જોતાં એ ઘણી સ્વભાવિક ભૂલ છે; ને સાધારણ લોક પહેલ વેહેલા તેમાં પડે એમાં નવાઇ નહીં. હરેક માણસની પુંજી ગણાય છે તે રૂપીઆને હીસાબે ગણાય છે; ને જો કોઇને દ્રવ્યવાન થવું હોય તો તેણે રૂપીઆ ભેગા કરવા જોઇએ. એ ખરૂં કે કોઇની પુંજી ગણતાં આપણે એનો માલ મીલકત, ઘરબાર, વાડી વજીફા પણ ગણીએ છીએ; પરંતુ આ બધું જે ગણીએ છીએ તે તેના રૂપીઆ ઉપજતા હોયછે માટે ગણીએ છીએ; એની એજ મીલકતના જો થોડા રૂપીઆ ઉપજે તો તેની પુંજી એટલી થોડી ગણાય ને વધારે ઉપજે તો વધારે ગણાય. પૈસાવાળાની પુંજી રૂપીએ ગણાય છે એટલુંજ નહીં, પણ હરેક માણસને જે કાંઇ પ્રાપ્તિ હોયછે તે નાણાં રૂપે મળેછેઃ જેટલા બધા બધિ પગારે અથવા રોજે અથવા કામ પ્રમાણે મહેનત કરેછે તે બધાને પગારમાં રૂપીઆ મળે છે; ને તેઓ પોતાના મનથીજ રૂપીઆ વાસ્તે કામ કરેછે. વેપારી વેપાર કરે છે તે પણ જ્યારે માલ વેચી ખુરદા કરે ત્યારેજ પોતનો ઉદ્યમ સાર્થક થયો સમજે છે; ને રોજી વાસ્તે શ્રમ લેનાર હરેક માણસ એમ સમજે છે કે હું જે મહેનત વેઠુંછું તે રૂપીઆને કાજે. ગમે તેવી કીમતી વસ્તુ હોય પણ તેનુ મુલ રૂપીએ ગણાય. સારાંશ કે દ્રવ્યવાનના દ્રવ્યનું લેખું રૂપીએ થાયછે. સર્વેકો મેહેનતુ માણસ એમજ સમજે છે કે જે આપણે વૈતરૂં કરીએ છીએ તે પૈસા માટે; વેપારીની બધી ભાગ દોડો પેસાને માટે થાયછે; ને માલનું મુલ છેવટ રૂપીઆ વડે ગણાય છે. એ બધી વાત ઉપર નજર કરીને સાધારણ માણસ એવી ચૂક કરે કે રૂપીઓ એજ દ્રવ્ય-રૂપીઆ

સિવાય બીજુ કાંઇ દ્રવ્ય છેજ નહી,-તો તેનો શો દોષ?

પરંતુ ભૂલ તે ભૂલજ; ભૂલ સ્વાભાવિક હોય તોયે શું થયું? જ્યાં વિચાર કરવા બેઠા એટલે તરતજ સુઝી આવે છે કે પૈસો પોતે આપણને કશા કામમાં આવતો નથી; તેનાથી આપણી કશી ગરજ સરતી નથી. આપણું ભરણ પોષણને બીજા હરેક તરેહના શારીરિક વૈભવ તો પૈસાની જે જે ચીજો આવે છે તેથી થાય છે; પૈસાથી થતા નથી. પૈસો ન હોય તો ચાલે, પણ અનાજ કપડાં વગેરે જણસો સિવાય ચાલે નહીં. આપણે દ્રવ્યને ઇચ્છીએછીએ તે આપણા અથવા બીજાના વર્તમાન કે ભવિષ્ય સુખને અર્થે ઇચ્છીએછીએ: ને એ સુખ તો અનાજ કપડાં વગેરે જણસોથી મળેછે. માટે ખરૂં ઉપયોગી દ્રવ્ય તો એ જણસો. પૈસા બદલ એ જણસ આપણને મળી શકે છે માટે પૈસો એકલોજ દ્રવ્ય કહેવાય નહીં. અનાજને બદલે પણ હરેક ચીજ મળી શકે માટે અનાજ સિવાય બીજુ કંઇ દ્રવ્ય છેજ નહી એમ કોઇ કહેતું નથી. પૈસાથી ગુણ તો એટલોજ થાયછે કે જ્યારે જ્યારે જેટલી જેટલી વસ્તુઓ આપણે જોઈએ તેટલી તેટલી ત્યારે ત્યારે આપણને મળી શકેછે. પરંતુ પૈસો એજ દ્રવ્ય, બીજુ કંઇ દ્રવ્ય નહી, એમ કહેવુ દૂષિત છે.

હવે દ્રવ્ય શબ્દના ભાવનો ઘણો ખરો નિર્ણય થયો. જે જે બાહ્ય પદાર્થથી આપણી શારીરિક કામનાઓ પૂર્ણ થાયછે તે તે દ્રવ્ય. સઘળી તરેહની ખાવાની વસ્તુઓ, સઘળી તરેહની પેહેરવાની વસ્તુઓ, સઘળી તરેહની આંખને ખુશ કરે એવી વસ્તુઓ:— સારાંશ જે જે કરોડો પદાર્થથી માણસને દેહ સંબંધી સુખ મળે છે તે તે પદાર્થ દ્રવ્ય. પરંતુ આ વ્યાખ્યામાં જરા સરખી અતિવ્યાપ્તિ‡ આવી છે. કેટલીક વસ્તુ આપણને એવી તો કામની છે કે તે વગર ઘડી પણ ચાલે નહીં; પરતુ તેઓ અર્થશાસ્ત્રમાં દ્રવ્ય દાખલ ખપતી નથી. હવા વગર આપણાથી ઘડી પણ જીવી ન શકાય, પણ તે દ્રવ્ય ગણાતી નથી. હવાનો કોઇથી સંગ્રહ થતો નથી; ને વેચી પણ શકાતી નથી, ને તેની કીમત ઉપજતી નથી. આ ઉપરથી જરા વ્યાખ્યાનમાં ફેર કરી અર્થશાસ્ત્રીઓ એમ કહે છે કે "જે જે મુલવાન પદાર્થથી માણસનું શારીરિક સુખ વધે તે તે પદાર્થ દ્રવ્ય."

અર્થશાસ્ત્રનો વિષય જે દ્રવ્ય તેનું વ્યાખ્યાન તો પૂર્ણ થયું. પરંતુ દ્રવ્ય દ્રવ્યમાં ફેર છે. કેટલીક વસ્તુ એવી છે કે જે અમુક સખસના દ્રવ્ય દાખલ ગણાય, પરંતુ

‡ અતિવ્યાપ્ત એટલે અર્થ કરતાં વધારેનો સમાવેશ થયો તે.

આખા દેશની પ્રજા તેથી દ્રવ્યવાન કહેવાય નહીં: જેમકે કોઈ પુરૂષને બીજાના ઘર ઉપર સાન હક હોય તો તેને તો એ હક દ્રવ્ય બરોબર છે ને વેચે તો તેના પૈસા પણ ઉપજે. પરંતુ એ હકથી દેશનું દ્રવ્ય વધતું ઓછું થતું નથી; એ હક કોઈ પણ કારણથી ડુબે તો લોકનું દ્રવ્ય કંઈ તેથી ફરે નહીં; તેમજ એક દેશના લોક બીજા પાસે રૂપીઆ માગતા હોય તો તેઓને એ લેણું દ્રવ્ય છે, પણ એથી દુનીઆના દ્રવ્યમાં કંઈ વધ ઘટ થતી નથી. કોઈ પણ કારણથી એ લેણું ડુબે તોએ દુનીઆની સામુદાયિક પુંજી આગળ જેટલીજ રહે. હવે અર્થશાસ્ત્ર પ્રત્યેક પ્રત્યેક પુરૂષના દ્રવ્ય વિષે તર્ક કરતું નથી; એ તો દેશનું સામુદાયિક દ્રવ્ય શા શા ઉપાયથી વધેછે, અને દેશના રહેવાશીઓમાં દ્રવ્યની વહેંચણીના નિયમ કયા કયા છે, ને તે શા શા કારણથી વધેછે ઘટે છે વગેરે બાબતોનું વર્ણન કરેછે.

પરંતુ દ્રવ્યની ઉત્પત્તિ એક કારણ ઉપર આધાર રાખતી નથી. જુદા જુદા દેશની પ્રજાઓને સૃષ્ટિના નિયમોનું જેવું જેવું જ્ઞાન, તેઓના જેવા જેવા કાયદા, તેઓનાં જેવાં જેવાં રાજ્ય, જેવો જેવો ધર્મ, તેવું તેવું તેઓનું દ્રવ્ય. દ્રવ્ય ઉત્પત્તિના નિયમ સમજતાં પેહેલાં સૃષ્ટિજન્ય પદાર્થોને લગતી જે સર્વ વિદ્યાઓ-જેમકે રસાયન શાસ્ત્ર, ભૂસ્તર વિદ્યા, ઉદ્ભિદ્ વિદ્યા તે વિષેનું જ્ઞાન ને તેમજ સર્વ કળાનું જ્ઞાન જોઈએ. કાયદા રચવાની વિદ્યાનું જ્ઞાન જોઈએ; રાજકીય વિદ્યાનું જ્ઞાન જોઈએ; ધર્મશાસ્ત્રનું જ્ઞાન જોઈએ અને વળી બીજી ઘણી બાબતનું જ્ઞાન જોઈએ. ત્યારે શું અર્થશાસ્ત્ર જે કે દ્રવ્યની ઉત્પત્તિનું વર્ણન કરે છે-તેઆ બધી વિદ્યાનો વિસ્તાર કરવું હશે? ના; એટલી બધી વિદ્યાઓનું વર્ણન એકઠું થવું ઘણુંજ વિકટ; ને અર્થશાસ્ત્ર એ બધીને એકઠી કરવા માગતુંજ નથી. સૃષ્ટિવિજ્ઞાનના સિદ્ધાંત તથા તે ઉપરથી નિકળેલા હુન્નરોને ખરા માની દ્રવ્યની ઉત્પત્તિમાં માનસિક અથવા માણસના મનના બંધારણ ઉપર આધાર રાખતાં જે જે નિયમો છે તથા માણસના કરેલા જે જે રિવાજ, ધારા છે તેનો તેનો તે વિચાર કરે છે. જાણે કે દેશમાં માલ ઉત્પન્ન કરનારાઓ તો છે, પછી તે ઉત્પન્ન કરનારાઓ શા શા ઉપાયથી દ્રવ્ય વધતું ઓછું પેદા કરેછે, તથા કેવા કેવા કાયદાથી એ દ્રવ્યની ઉત્પત્તિમાં લાભ હાનિ થશે, એવા પ્રકારની બાબતોનો વિચાર આ પુસ્તકમાં આવશે. આ વાત આગળ વાંચવાથી સ્પષ્ટ સમજાશે.

પુસ્તક પહેલું.

દ્રવ્યની ઉત્પત્તિ.

प्रकरण १ लुं.

દ્રવ્યોત્પત્તિને માટે અવશ્યક ચીજો.

૧ દ્રવ્ય ઉત્પન્ન કરવાને અવશ્ય બે વાનાં જોઇએ. એક તો મેહેનત, ને બીજું કામ પડતા સૃષ્ટિજન્ય પદાર્થ. મેહેનત બે પ્રકારની છે : શારીરિક ને માનસિક. કોઇ કામમાં મેહેનત કેટલી પડેછે એ નક્કી કરતી વખત ફક્ત શરીરના કે મનના શ્રમજ ઉપર નજર રાખવી જોઇએ નહી; પણ તે શ્રમની જોડે બીજી તરેહની કેટલી ઇજા કે કંટાળો ઉપજે છે તે પણ ધ્યાનમાં લેવું જોઇએ. સૃષ્ટિજન્ય પદાર્થમાં તો માણસની કામના પુરી પાડે એવાજ કેટલાક પદાર્થ પેદા થાય છે; ફક્ત તેઓને હસ્તગત કરવાની જે મેહેનત પડે તેટલીજ માત્ર માફ. કેટલાક ડુંગરોમાં ગુફાઓ હોય છે, ઝાડમાં કોતરો હોય છે, તે માણસને રહેવા કામમાં આવે એવાં હોય છે. વળી મેવા, મધ, કંદમૂળ વગેરે પદાર્થોથી પણ માણસની ગરજ એકદમ સરે એવું હોય છે. પરંતુ એમાં પણ કબજ કરવાની કેટલીક મેહેનત કરવી પડેછે ખરી.

આ સિવાય બીજી ઘણી ખરી બાબતોમાં પદાર્થને હસ્તગત કરવાની મેહેનત પડે છે એટલુંજ નહીં, પણ હસ્તગત કર્યા પછી પણ કેટલોક શ્રમ લીધા સિવાય માણસને તે ખપમાં આવતો નથી. જે જંગલી લોક શિકારથી પોતાનો ગુજારો કરે છે તે પણ શિકાર હાથ આવ્યો એટલે કૃતાર્થ થતા નથી. શિકારને ખાવા લાયક કરતાં બીજી કેટલીક મેહેનત પડેછે. ઘણા પદાર્થ તો જેવા સૃષ્ટિમાં નિપજેછે તેવાજ કામમાં આવતા નથી. મેહેનત વડે તેમાં થોડો વત્તો ફેરફાર કરવોજ પડે છે; ને કેટલાકનું બીલકુલ સ્વરૂપ બદલી નાંખવું પડે છે ત્યારેજ ખપમાં આવે છે. ખાણમાંથી લોઢું નિકળેછે તેમાં અને તે લોઢાનું ચપુ બનેછે તેમાં કેટલો બધો ફેર છે! જે કાગળ ઉપર આ ચોપડી લખીછે તે, ને જે કપાસના રૂના ગાભાના તે કાગળ બનાવ્યા છે તેમાં કેટલો બધો ફેર! કાચની દોવી ને જે રેતીની તેબને છે તેમાં કેટલો બધો અંતર!

આ ઉપરથી એમ નહી સમજવું કે જે વસ્તુ માણસને માત્ર હસ્તગત કરવાથી મળે છે, તે તો ઇશ્વર કૃતછે, ને બાકીની તો ઇશ્વરે જે સામગ્રી આપી હતી તે ઉપર-

થી માણસે કરી. બન્નેમાં માણસ માત્ર મેહેનતનો ધણી છે; તેણે મેહેનત સિવાય બીજું કંઇ કર્યું નથી. બાકીનું બધું કરનાર ઇશ્વરકૃત નિયમ છે. આ પાઘડી કે જેને આપણે માણસ કૃત માનીએ છીએ તેમાં તપાસી જુઓ કે માણસે શું કર્યું? માણસે પોતાના હાથ હલાવી હાથમાં કોશ લીધી, ને હાથ હલાવી જોર કરી જમીનમાં નાંખી. જમીનને ઇશ્વરે પોચી બનાવી છે ને એવો નિયમ કરયો છે કે પોચા પદાર્થમાં કઠણ ઘોંચીએ તો પોચો પદાર્થ માગ મુકે, તે નિયમ પ્રમાણે કોશ નાંખવાથી જમીન ઉખડી ઉખડીને પોચી થઇ; માણસે પછી શ્રમ કરી બીઆને પડવા દીધું તે ગુરૂત્વાકર્ષણથી નીચે પડ્યું; માણસે શ્રમ કરી પાણી ખેંચ્યું તે યાંત્રિક નિયમ પ્રમાણે ઉંચું આવ્યું; ને પાણીની ડોલ પેલા બીજ આગળ શ્રમ કરી લઇ ઊંચી કરી એટલે સૃષ્ટિ નિયમ પ્રમાણે પાણી તે બીજ ઉપર ઢળી ગયું. બીજ પલળ્યું. રસાયનના નિયમ પ્રમાણે પાણી ને જમીન ને બીજનો સંસર્ગ થવાથી તે બીજ અને જમીનનું પૃથક્કરણ થયું. જમીન બીજ જેવી થઇ બીજમાં ભળી. ગરમીથી બીજ મોટું થયું; તેનું ઝાડ થયું; ઝાડ પાક્યું તેના ઉપર કપાસ થયો; માણસે તે કાલું ખેંચ્યું એટલે તેના જોરથી કાલું ઝાડથી જુદું પડ્યું; તેના ઉપર માણસે પથરો ઠોક્યો એટલે સૃષ્ટિના નિયમ પ્રમાણે તે ભાગ્યું. માણસે હાથ હલાવી તેમાંથી રૂ લીધું; રૂને બે હાથે ખેંચ્યું એટલે તેના સ્વાભાવિક ગુણથી તેનો તાંતણો થયો; એવા ઘણા તાંતણાને આડા અવળા મુકી હાથ હલાવ્યા એટલે પાઘડી વણાઇ. હવે આમાં પૂર્ણ વિચાર કરી બારિક દૃષ્ટિએ જોવું ઘટેછે કે માણસથી આ બધામાં કેટલું નિપજ્યું, ને સૃષ્ટિના નિયમથી કેટલું થયું? પકો વિચાર કરતાં એમજ દીસશે કે માણસે માત્ર હાથ પગ હલાવ્યા સિવાય બીજું કશું કામ કર્યું નથી; પરંતુ હાથ પગ એવી રીતે હલાવ્યા કે સૃષ્ટિના નિયમ પોત પોતાનું કામ કરેજ જાય ને તે નિયમોથી પોતાની કામ્ય વસ્તુ ઉત્પન્ન થાય. સારાંશ ગતિ પેદા કરવી ને ગતિને અટકાવવી એ સિવાય માણસના બળથી બીજું કશું નિપજતું નથી. બાકી જે જે થાયછે તે સૃષ્ટિના નિયમથી થાયછે.

જો કોઇ એવી શંકા કરે કે જ્યારે માણસથી ગતિ સિવાય બીજું કશું બનતું નથી ત્યારે બુદ્ધિ, સૂક્ષ્મદૃષ્ટિ, ઝીણી જુક્તિ વગેરેનો ખપ શો? એ હોય તોએ શું ને ન હોય તોએ શું? એનો ઉત્તર એ કે માણસની પાસે ગતિ પેદા કરવાની તથા ગતિ અટકાવવાની શક્તિ છે તેથી માણસને જે જોઇએ તે મળે; બુદ્ધિ વગેરે જે મનઃશક્તિઓ ઉપર કહી તે દ્રવ્ય ઉત્પત્તિમાં ઘણી કામની છે. આવી તરેહની ગતિ પેદા કરવાથી આવું ફળ થશે એ બુદ્ધિ, સૂક્ષ્મદૃષ્ટિ, વિચાર અને તર્ક વગર ખબર

પડતું નથી. સૃષ્ટિના નિયમો કે જેના ઉપર દ્રવ્ય ઉત્પત્તિનો મુખ્ય આધાર તે શોધી કાઢવા, ને તેનો ફાયદો લેવો એમાં બુદ્ધિનો ઘણોજ ખપ છે.

સૃષ્ટિજન્ય પદાર્થમાં કેટલાક અખૂટ છે; ને કેટલાક ખૂટ છે. અખૂટ ઉપરથી એમ નહીં સમજવું કે વસ્તુતઃ કોઇ દહાડો તે ખુટેજ નહીં, પરંતુ હાલમાં ખપ પડે તેથી જેઓ ઘણાજ વધારે હોય તે અખૂટ. નવા વસેલા દેશોમાં જમીન એટલી બધી હોયછે કે કેટલીક પેઢી સુધી લોકનો વસ્તાર વધેજ જાય, અથવા નવા વસનાર આવે તોપણ ખૂટેજ નહીં. પરંતુ જુના દેશમાં કોઇ કોઇ ઠેકાણે જમીન સોધી મળતી નથી. હાલ બ્રિટિશ ગુજરાતમાં ઘણે ઠેકાણે સારી ખેડાણ જમીનની ખોટ પડવા માંડી છે. મીઠું પાણી પણ ઘણે ખરે ઠેકાણે જોઇએ તેટલું મળી શકેછે; પરંતુ તેનો પણ કેટલેક ઠેકાણે ખૂટો પડેછે; ને કોઇ કોઇ ઠેકાણે તે વગર ભોઠી વેળાપડે છે. વળી જ્યાં પાણી દેખીતુ પુષ્કળ હોય છે તેવે ઘણે ખરે ઠેકાણે પણ જમીન પાવા જેટલું તે મળતું નથી. જમીનમાંથી જે જે પદાર્થો નીકળે છે તે પણ મોડા વેલા ખાલી થઇ જાય છે. વિલાયતની હાલ કેટલીક કોયલાની ખાણો તો ખાલી થઇ ગઇછે; ને હવે બાકીની ત્રણસો વરસમાં થઇ રહેશે એવી દેહેશત રહેછે. જે જે ધાતુઓ જમીનમાંથી નીકળેછે તેનું પણ તેમજ સમજવું. જુની ખાણોમાંથી દિવસે દિવસે સોનું રૂપું ખૂટતું જાય છે, ને જો નવી ખાણો નિકળતી નહોત તો સોના રૂપાની ઉત્પત્તિનો પાર કેદહાડાનો આવી રહ્યો હોત.

ઘણા ખરા પદાર્થ અખૂટ નથી પણ નિયમિતછે તે ઉપર દુનીઆની હાલની અર્થ સબંધી રચનાનો આધારછે. જ્યાં લગી કોઇ પણ પદાર્થ અખૂટ હોય ત્યાં લગી તેની કંઇ કીંમત ઉપજે નહીં; કારણ કે જે કંઇ મફત મળી શકે એવું હોય તેનો પૈસો કોઇ ખરચે નહીં. પછી તે વસ્તુનો એક બિજ જણ એકો કરી પોતે લઇ ભાવ ઉપજાવે તો ઉપજે. જમીન જ્યાં લગી અખૂટ હોય ત્યાં લગી કોઇ તેનું ભાડું આપે નહીં; પણ જમીનની ને તેમાં વળી સારી જમીનની ઘણી ખોટછે તેથી એક પરીણામ તો એ થાયછે કે તેનું ભાડું અથવા સાંથ આપવી પડેછે; ને બીજો એ કે માણસને વસ્તાર વધારવામાં અંકુશમાં રાખવાની ફરજ છે. આ વાત વિશે આગળ સવિસ્તર વર્ણન આવશે.

प्रकरण २ जुं.

દ્રવ્ય ઉત્પત્તિનાં સાધન. મેહેનત.

મેહેનત ને સૃષ્ટિ જન્ય પદાર્થ સિવાય કશું પણ દ્રવ્ય ઉત્પન્ન થતું નથી એ પહેલા પ્રકરણમાં કહી ગયા. કોઈ પણ જણસ પેદા કરવાને જે મેહેનત કરવી પડેછે તે ઘણી જાતની હોય છે. આપણે માદરપાટનો અંગરખો પહેરીએછીએ તે લઈને જુઓ કે તેના ઉપર કેટલી તરેહની મેહેનત પડી હશે. તેના ઉપર છેલ્લો મેહેનત તો દરજીની કે જેણે તેને શીવી પહેરવા લાયક કર્યો. પણ દરજી સિવાય બીજા કેટલા બધાએ મેહેનત કરી છે ત્યારે અંગરખો તૈયાર થયો છે! એક તો થાન વેચનારની મેહેનત; બીજી જ્યાં થાન વણાય છે ત્યાંથી વેચવાની જગાએ થાન લાવનારની મેહેનત; ત્રીજી જે જે સાધનો વડે તે થાન ઉત્પત્તિની જગાએથી વેચાણની જગાએ આવ્યું તે તેસાધનો બનાવવાની તથા ચલાવવાનો મેહેનત (તેમાંગાડાં, આગગાડી, વહાણ વગેરે બનાવવાનો મેહેનત આવી); થાન વણવાની મેહેનત; વણવાના હથિયારો બનાવવાની મેહેનત; કપાસને રૂ જુદાં કરનારની મેહેનત; જુદાં કરવાનાં હથિયાર બનાવનારની મેહેનત; જમીન ખેડવાની; કપાસ વાવવાની, ઉછેરવાની, લણવાની, ને કાલાં ફોલવા વગેરેની મેહેનત; હળ બનાવનારની મેહેનત; ઇત્યાદિ. આમાંની કોઈ પણ જણની મેહેનત થઈ નહોત તો માદરપાટ તેવા પ્રકારનો અથવા એવો સસતો બનત નહીં.

આ ઉપરથી સમજુ વાંચનારના મનમાં ઉતર્યું હશે કે કોઇ પણ પદાર્થ છેલા કારીગરના હાથમાં આવ્યા પહેલાં તે ઉપર ઘણા પ્રકારની મેહેનત ખરચવી પડે છે. તે આગળની મેહેનતના પ્રકાર નીચે પ્રમાણેઃ—

૧. પેહેલો તો એ પદાર્થ જે સામગ્રીનો બને છે તે સામગ્રી પેદા કરવાની મેહેનતઃ—જેમ કે પાઘડી સુતરની બનેછે ત્યારે સુતરને પેદા કરવાની મેહેનત આ પ્રકારનીછે. રૂ ને સણ પકવનારની મેહેનતઃ રેશમી કીડાને ખવડાવી મોટા કરી રેશમ કહાડનારાની મેહેનતઃ કસુંબો તથા ગળી, પકાવનારની મેહેનત; કરમજ કાડનારની મેહેનત; તલ, સરસવ, એરંડા, વગેરે તૈલમય વનસ્પતિ પકવનારની મેહેનત; શેલડી પકવનારની મેહેનત; ઉનને વાસ્તે ઘેટાં જાળવનારની મેહેનત; અને ટુંકામા કહીએ તો જે જે પદાર્થ બીજા ધંધામાં સાહિત્ય દાખલ વાપર્યા પછી માણસના ખપમાં આવેછે, તે

તે બધા પદાર્થ ઊત્પન્ન કરવાની મેહેનત આ પ્રકારનીછે. આ પ્રકારની મેહેનત હમેશ નવા પદાર્થ પેંદા કરવાનાજ કામમાં આવતી હોય એમ નથી: કોઈ કોઈ વારતો પેંદા કરવાનું કશું હોતુજ નથી: ખોદીને સોનું, રૂપું, લોહું, ત્રાંબુ ખનક† ખાણુમાંથી કાઢેછે તે કશું નવું પેંદા કરતો નથી, પણ તેની મેહેનત આ પ્રકારની ગણાય; કારણ કે તેની મેહેનતથી જે કાંઈ ઊત્પન્ન થાયછે, તેથી માણસની ગરજ એકદમ સરતી નથી; પણ માત્ર બીજા ધંધામા તે સાહિત્ય દાખલ ખપમાં આવેછે. તેમજ વળી સાગ શીસવના વનોમાંથી જે લોકો મેહેનત કરી ઈમારતી લાકડાં કાપી લાવેછે, તેઓની મેહેનત પણ આ પ્રકારની છે; કારણ કે તેઓની મેહેનતથી જે કાંઈ પ્રાપ્ત થાયછે તેથી માણસની ગરજ એકદમ સરતી નથી, પણ તે માત્ર સુતારના ધંધામાં સાહિત્ય દાખલ ખપમાં આવેછે. આ ઊપરથી એમ નહીં સમજવું કે ખનક અથવા લાકડાં કાપનાર જે જે મેહેનત લેછે તે બધીએ આજ પ્રકારની છે. ખનક જો ખાણુમાંથી કોયલા કાઢે અથવા લાકડાં કાપનાર જો જંગલમાંથી લાકડાં વાઢી લાવે, ને જો તે કોયલા અથવા લાકડાં માણુસને તાપવા દાખલ કામ આવે તો તે લાવવાની મેહેનત આ પહેલા પ્રકારની ગણાય નહીં; કારણ તેવા કોયલા અથવા લાકડાં બીજા કોઈ ધંધામાં સાહિત્ય દાખલ આવતાં નથી; પણ માણુસની ગરજ આપોઆપ સારેછે.

બીજું યાદ રાખવા જોગ એટલુંજ છે કે કોઈ પદાર્થ એક ધંધામાં તૈયાર માલ દાખલ ગણાય, ને બીજા ધંધામા તેનો તે સાહિત્ય દાખલ ખપે. ખાદી વણનારને મન ખાદી પોતાનો તૈયાર માલછે, પણ તંબુ બનાવનારને તો તે તંબુનું સાહિત્ય છે. તાંબાના પતરાં બનાવનારના ધંધામાં પતરાં બન્યાં, એટલે માલ તૈયાર થયો. પણ એ તૈયાર માલ કંસારાના ધંધામાં સાહિત્ય દાખલ છે. રેશમ, ઊન, કે સુતરના તાકા વણનારના ધંધામાં એ તાકા તૈયાર માલછે, પણ દરજીના કસબનાં એ સાહિત્ય છે. ખેડુતના ધંધામાં અનાજ તૈયાર માલ છે; પણ દળનારના, ભાડભુજાના ને કંદોઈના ધંધામાં તે સાહિત્ય છે.

બીજા પ્રકારની મેહેનત—જે મેહેનત વડે કરીને ઊદ્યમ ચલાવવાનાં સાધનો એટલે રાચ વગેરે પેંદા થાયછે, તે બીજા પ્રકારની મેહેનત. રાચ એ શબ્દમાં માત્ર કારીગરનાં હથીયારનો સમાસ થાયછે એમ સમજવું નહીં: પણ જે જે વસ્તુઓ કોઈ પણ ચાજ પેંદા કરવામાં સાધન તરીકે નોકરી બજાવેછે તે બધાનું નામ રાચ પાડ્યું છે: કડીઆ, સુતાર, મોચી, ઘાંચી, લવાર, સોનીનાં અનેક તરેહેનાં હથીઆરો; રેંટીઆ, ઘંટીઓ,

† ખાણુ ખોદનાર.

સરેણીઓનાં પઈડાં, સાળો. હળ, કોશ, કપાસ પીંજવાનાં જીન, રૂ કાતવાના તથા કાપડ વણવાના, છાપવાના, તથા રંગવાના સંચા વગેરે જે લાંબો પદાર્થો કોઈ પણ હુન્નર કે ધંધામાં હથીઆર, શસ્ત્ર, ઓજાર કે યંત્ર દાખલ ખપમાં આવેછે, તે બધાં બનાવવાની મેહેનત આ પ્રકારનીછે. પરંતુ કેટલાક પદાર્થ એવાછે કે તેમને સાહિત્યમાં ગણવા કે સાધનમાં ગણવા એ એકદમ સૂઝતું નથી. રેશમ રંગવાનો કસુંબો, કે કરમજ કે ગળી, તથા છાપખાનાવાળાઓની છાપવાની શાહી -એઓને તે સાહિત્ય કહેવાં કે સાધન કહેવાં? સાહિત્ય ને સાધનમાં ભેદ શો રાખવો? હવે સહુથી સરસ ભેદ એજ કરવો ઠીકછે કે જે પદાર્થ માત્ર એકજવાર કોઇપણ ધંધામાં ખપ લાગે તેને સાહિત્ય ગણવા; ને જે પદાર્થ એક વાર વાપર્યાથી પોતાનું કામ બજાવી રહેતો નથી, તેનું નામ સાધન અથવા શસ્ત્ર. આ ભેદ પ્રમાણે કસુંબો, કરમજ કે ગળી જે રેશમ વગેરે કાપડ રંગવાના કામમાં આવે તે સાહિત્યમાં ગણાય, સાધનમાં ગણાય નહીં, કારણ કે તે એક વાર વાપર્યા એટલે પછી બીજા ઉપયોગમાં તે આવવાનાં નહીં; તેમજ છાપનારની શાહી વિષે સમજવું. પણ ઘાંચીની ઘાણી કંઈ એકવાર વાપર્યાથી પોતાનું કામ કરી રહી એમ કેહેવાતું નથી, માટે તે શસ્ત્રમાં ગણાય. સંચામાં જે લાકડાં કે કોયલા બળેછે, તે સાધનમાં ગણાય નહીં, પણ સાહિત્યમાં ગણાય, કારણ એકવાર જે બળ્યાં તે ફરીથી કામમાં આવે નહીં. કેટલીક વસ્તુ સાહિત્યમાં ગણાયછે પણ બે ત્રણ અથવા વધારે વાર ખપમાં આવેછે. જે ત્રાંબાનો ઘડો બનાવ્યો હોય તે ત્રાંબું ઘડો ભાગ્યા પછી બીજા કામમાં લાવી શકાય. જે રંગ પાઘડી ઉપર ચઢાવ્યો હોય તે ઉતારી બીજા લુગડા ઉપર ચઢાવી શકાય. પરંતુ આ ઉપરથી તેઓને સાહિત્ય કેહેવામાં કંઈ દોષ આવતો નથી. કારણ કે જ્યાં લગી તેઓ એક ઉપયોગ સારેછે, ત્યાં લગી તેઓથી બીજો સરતો નથી. પરંતુ જે વસ્તુઓનું સાધન નામ પાડેલુંછે, તેઓ તો જ્યાં લગી ઘસાઈ જાય, ત્યાં લગી નવું નવું કામ હમેશ કરેજ જાયછે.

સાહિત્યને સાધન વચ્ચે આ ભેદ પાડવાનું ફળ એક એછે કે, જે વસ્તુ સાહિત્યમાં ગણાયછે તેને બનાવવાની મેહેનતનો બદલો જે અમુક ચીજ તે ઉત્પન્ન કરવામાં આવી તે મંહેથી મળવો જોઈએ. પણ સાધન તો ઘણી વસ્તુઓ પૈદા કરવાના કામમાં આવેછે. માટે તે સાધન બનાવવાની મેહેનતનું ફળ તે સાધનોથી જે જે વસ્તુઓ બને, તેમાંથી ભાગે પડતું મળવું જોઈએ. એટલે એકેક વસ્તુને ભાગે નાનો અંશ આવશે. એક સંચાથી જેટલું સુતર કે કાપડ થાય, તે બધા ઉપર તે સંચાની ઉત્પત્તિનો ખરચ તથા તે તે જાળવવાનો ખરચ ભાગે પડતો આવે છે.

ત્રીજા પ્રકારની મેહેનત. દ્રવ્ય ઉત્પન્ન કરવાના ઉદ્યમમાં હેલો હરકત કે નુકશાન ન થાય, એટલા માટે જે મહેનત કરવી પડેછે તે ત્રીજા પ્રકારની મહેનત. આ ત્રી મહેનત બે હેતુથી કરવી પડે છે. એક તો સૃષ્ટિજન્ય પદાર્થથી એટલે વા, વરસાદ, તાપ, ટાઢ વગેરેથી ઉદ્યમમાં ભંગપડવાનો જે ભોછે તે દૂર કરવાને; ને બીજું માણસને માણસનો જે ભો છે તે દૂર કરવાને. દરોડો રાખીઆ અરબી વેપારી વાહાણ ઉભાં રહે એવાં બંદરો જે કરે છે, તે કરવાની મહેનત; સંચાઓને સારૂ મકાનો બાંધવાની મહેનત; માલ મુકવાની વખારો બાંધવાની મહેનત; બધા વેપારીની દુકાનો બાંધવાની મહેનત; ખેતીનાં ઢોર બાંધવાના વાડા કરવાની મહેનત; ટુંકામાં જે જે મકાનો વેપારનો સામાન કામ ચાલતાં કે ચાલી રહ્યા પછી રાખવાના કામમાં આવેછે તે બધાં બનાવવાની મહેનત આ ત્રીજા પ્રકારનીછે. વળી વેપારીના માલનું રક્ષણ કરવાને જેટલી જેટલી પોલીસ રાખવી પડે, તેની મહેનત પણ આ પ્રકારની છે. લશ્કરથી અથવા નૌકાસૈન્યથી જેટલે દરજ્જે ઉત્પન્ન થતા દ્રવ્યનું અથવા વેપાર રોજગારનું રક્ષણ થાય છે, તેટલે દરજ્જે તેમની મહેનત પણ આ પ્રકારની છે. ન્યાયાધીશો, માજીસ્ટ્રેટો, વગેરેની જેટલી મહેનતથી વેપાર રોજગારનું રક્ષણ થાયછે તેટલી મહેનત આ પ્રકારની ગણવી જોઇએ. પોલીસ, ન્યાયાધીશો, લશ્કર એઓનું ખરચ ઉત્પન્ન થએલા દ્રવ્યમાંથી વેરાને રૂપે લેવામાં આવેછે. તેઓ દ્રવ્ય ઉત્પત્તિને કાજે ઘણા કામના છે; કારણ કે જો તેઓની મદદ ન હોત તો દરેક ઉત્પાદકને માલના રક્ષણને માટે પોતાનાં માણસ રાખવાં પડત, અને તેથી ખરચ બહુ પડત તથા ઉત્પત્તિ ઓછી થાત.

ચોથા પ્રકારની મેહેનત:—આ પ્રકારની મહેનત કંઇ દ્રવ્ય ઉત્પન્ન કરવામાં કામ લાગતી નથી, પણ દ્રવ્ય ઉત્પન્ન થયા પછી જે લોકને માટે તે ઉત્પન્ન થયું તે લોકને પહોચાડવામાં લાગે છે. ઘણુ મહેનતુ લોકના રોજગારમાં આ પ્રકારની મહેનત પડે છે. વણઝારા, માલ લાવનાર, આધિવાળીઆ, ઉંટવાળા, ગાડીવાળા, વહાણવાળા, હોડીઓવાળા, આગગાડીના બધા નોકરો, ટુંકામાં જે બધા લોક જમીન માર્ગે કે પાણી માર્ગે માલ લઇ જાય છે તે બધાની મહેનત આ પ્રકારની છે. વળી જે જે લોક માલ લઇ જવાનાં સાધનો બનાવેછે, જેમકે હોડી બનાવનાર, વહાણ બાંધનાર, આગગાડી બનાવનાર, ગાડાં બનાવનાર, તે બધાની મેહેનત પણ આ પ્રકારનીછે.

વળી જે પુરેલો માલ ઠેકાણે પહોચ્યા પછી જેને જોઇએ તેને વેચવાનો ધંધો કરે છે—જેઓ કે ઉત્પન્ન થએલા દ્રવ્યને બધાને વહેંચી આપે છે, તેઓની મહેનત

પણ આ પ્રકારની ગણવી જોઈએ. જેટલા જેટલા રેશમ, કે હરેક તરેહનો તૈયાર માલ જથ્થાબંધ કે પરચુરણ વેચવાનો ધંધો કરે છે, તે બધા આ વર્ગમાં આવે છે. શેહેરના ઘણા ખરા વેપારી આ વર્ગના હોય છે. ગોળ, ખાંડ, ઘી, સાકર, કાપડ, મેવો, સોનું, રૂપુ વગેરે વેચનારા બધા લોક આ વર્ગમાં છે. કારણ તેમની મહેનત દ્રવ્ય ઉત્પન્ન કરવામાં ખપ લાગતી નથી, પણ ઉત્પન્ન થયા પછી ઉત્પાદકોને વહેંચી આપવાના કામમાં આવેછે. આ દ્રવ્યના વિભાજકો ઘણા ઉપયોગી છે. જો તેઓ ન હોય તો સઘળાને બહુ નકામી મહેનત પડે તથા વખત ગુમાવવો પડે. માટે જુના પ્રાચીન કાળમાં જ્યારે અમુક અમુક માલની દુકાનો ન હોતી, તે પહેલાં પણ મેળા ભરવાનો ચાલ નિકળ્યો. એ ચાલથી દ્રવ્યના સઘળા ઉત્પાદકો એક સ્થળે મળી પોતાનો માલ બીજાને આપે તથા તેનો માલ પોતાને જે ખપ પડે તે પોતે લે. હાલ અમદાવાદમાં દર શુક્રવારે મેળો ભરાયછે તેથી ગામડાના લોકને તથા શેહેરના લોકને ઢોર વગેરે શેહેરી તથા ગામડાનો માલ લેવો વેચવો ઘણો સારો પડે છે. વળી કેટલાક જાત્રાના સ્થાનકોમાં (સામળાજીમાં જેમકે) શેહેરનો માલ જાત્રાના પ્રસંગે જાય છે; ને તે જાત્રાળુ લોક તેને બદલે ગામડીઓ માલ લાવે છે. પરંતુ જેમ જેમ વેપાર વધ્યો તેમ તેમ એમ માલમ પડતું ગયું કે મેળા ઘણે દીવસે ભરાવાથી દ્રવ્ય ઉત્પાદકોને કેટલીક તરેહની બહુ હરકત પડે છે; એટલે રહેતે રહેતે ફેરીઆનો ધંધો ઉભો થયો, ને પછી વેપાર વધ્યો એટલે દર ગામે અથવા બબે ત્રણ ત્રણ ગાઉ છેટાને ગામે એકેક પરચુરણ વેચવાની દુકાન થઈ.

કોઈ કોઈ વારતો દ્રવ્ય ઉત્પાદક પોતેજ વેચનારનું કામ કરેછે. જેમ કે મોચી, કણસારા વગેરે. પરંતુ જ્યારે વેપાર મોહોળો થાયછે ને જ્યારે થોકે થોક માલ પેદા થાયછે ને થોકે થોકે વેચાય છે, ત્યારે બે ધંધા એકઠા ઠીક પડતા નથી.

આ ચાર પ્રકારના કારીગરની પાસે અથવા તેમને વાસ્તે બીજા કોઈની પાસે ખોરાકનો સંઘરો હોય નહીં તો તેમાંના એકેથી પોતાની મહેનત બરોબર થઈ શકે નહીં. માટે જે ખોરાક ખાઈને એ ચાર પ્રકારના મજુરોએ પોત પોતાની મહેનત કરી પદાર્થ પેદા કર્યા, તે ખોરાક પેદા કરવાની જે મહેનત પડેલી તે પણ અવશ્ય ગણત-રીમાં લેવી જોઈએ. પરંતુ એક વાત ધ્યાનમાં રાખવાની છે. તે એ કે આ ચાર પ્રકારની મહેનતને જે ફળ મળવાનું, તે તે મહેનત વડે ઉત્પન્ન થએલા પદાર્થમાંથીજ મળવાનું; પણ ખોરાક પેદા કરવાની જે મહેનત થયેલી તેનું ફળ કંઈ એ ખાઈને ઉત્પન્ન થએલા પદાર્થમાંથી મળે નહી. કારણ તે મહેનતનું તો એ ખોરાક એજ ફળ

છે. માટે તેને બીજી વાર ફળ ઘટતું નથી. મહેનત કરી ન હોત તો પણ એ ખાવો પડત. પરંતુ કોઇ માણસ પોતે મહેનત કરી ધાન્ય પૈદા કરે, ને તે ધાન્ય બીજા ઉત્પાદકને એવી સરતથી વાપરવા આપે કે તેને બદલે થોડું સવાયું આપવું, તો તે માણસને જે ચતુર્થાંશ વ્યાજનો મળ્યો, તે કંઇ તેની મહેનત બદલ આપ્યો નથી, પણ પોતે પોતાનું મન કબજે રાખી પોતાની મહેનતથી ઉપજાવેલા ખોરાકનો ઉપયોગ તરત ન કરતાં રહેવા દીધો, અને તે બીજાને વાપરવા આપ્યો, તેને બદલ આપ્યો એમ ગણવાનું છે.

કોઇ પણ પદાર્થ પૈદા કરતી વખતે ઉત્પાદકોએ જે ખોરાક ખાઇ પોતાનું પોષણ કર્યું, તે ખોરાક ઉપજાવવાની મહેનત જેમ તે પદાર્થની ઉત્પત્તિ વિશે અવશ્યની છે, તેમજ જે મનુષ્યોએ પદાર્થ પૈદા કર્યા, તેઓને નાનપણથી ખવડાવી પીવડાવી, ઉછેરવાની જે મહેનત તે પણ અવશ્યની છે. ઉત્પાદકોના માબાપોએ તેમને જો સંભાળીને તથા પાળી પોષીને સાજા સમા મોટા ન કર્યા હોત, તો તેમનાથી એવા પ્રકારનું દ્રવ્ય બનતજ નહીં. પરંતુ તેમને ઉછેરવા વગેરેની જે મહેનત લેનારે લીધેલી હોય છે, તે કંઇ નફા વાસ્તે લીધેલી હોતી નથી. માટે તે મહેનત પદાર્થની ઉત્પત્તિમાં અવશ્યની તો છે, પણ તેનું ફળ એ પદાર્થમાંથી મળતું નથી. પરંતુ હુન્નર શીખવામાં મજુરોઆત કારીગર કે કસબી લોક જે વખત તથા મહેનત લેછે, તે મહેનત તથા તેઓને શીખવનારાની મહેનત નફાને અર્થેજ કરવામાં આવેલી હોય છે. માટે તેનું ફળ ઉત્પન્ન થયેલા પદાર્થમાંથીજ મળવું જોઇએ. વળી જે વૈદ્ય, દાકતરો મહેનતુ લોકના શરીરને સાજાં કરે છે, તેઓની મહેનત પણ કેટલેક દરજ્જે પદાર્થની ઉત્પત્તિ વિશે અવશ્યની છે. પરંતુ વૈદ્ય લોક પાસે દરદી જાય છે તે કંઇ પોતે ઉત્પત્તિ કરવા લાયક થવાને જતા નથી, પણ પોતાનું દુઃખ નિવારણ કરવાને જાય છે; તેથી તે વૈદ્યોની મહેનતનું ફળ એ સાજા થએલા દરદીના મહેનતવડે ઉત્પન્ન થએલા પદાર્થમાંથી મળતું નથી.

તેમજ જે લોક અક્કલ દોડાવી નવા નવા યાંત્રિક અથવા બીજી તરેહના દ્રવ્યવર્દ્ધક શોધો કરે છે, તેઓની માનસિક અથવા શારીરિક મહેનત પણ ઉત્પત્તિ વિશે અવશ્યની ગણવી જોઇએ. વાટે વરાળ યંત્ર ન બનાવ્યું હોત તો, વણવાનો સાંચો ક્યાંથી થયો હોત, ને દુનીઆને આટલો બધો ફાયદો ક્યાંથી થાત? જે જે પુરૂષ ઉદ્યોગની નવી રીતિ સોધી કાઢે છે, તેની મહેનતથી કેટલેક કાળે એકદમ ઘણો ફાયદો થાય છે. માટે આવા શોધકોની મહેનત પણ ઉત્પત્તિમાં અવશ્ય ગણવી જોઇએ.

પણ આવા શોધકો જે માનસિક કે શારીરિક શ્રમ વેઠે છે, તે કંઈ ફળની આશાએ વેઠતા નથી, ને તેમને ઉત્પન્ન થએલા પદાર્થમાંથી ઘણું કરીને ભાગ મળતોજ નથી. માટે એ લોકની મહેનત ઉત્પત્તિ વિષે અવશ્યની છે તો પણ અર્થશાસ્ત્રમાં ગણવામાં આવતી નથી.

અને વળી તેવીજ રીતે જે લોક કંઈપણ શોધ ન કરતાં માત્ર તર્કમાંજ મગ્ન રહે છે, તે પણ દુનીઆને દ્રવ્ય સબંધી ફાયદો કરે છે. અર્વાચીન નૌકાશાસ્ત્રનું મૂળ જોઈએ તો આવા આવા તર્કજ છે. ચમત્કારીક વીજળીનો તાર, કે જેથી બધી દુનીઆની ખબરો થોડી વારમાં જાણી શકાય છે, તેનું મૂળ પણ તર્કજ છે.

વિચારથી માણસના મનને ફાયદો છે એ તો ઘણાખરા માન્ય કરશે. પણ માત્ર તર્કથી દુનીઆને દ્રવ્યરૂપે ઘણા લાભ છે. તર્કવાળો જે તર્ક કરે છે તે દ્રવ્ય વધારવાના હેતુથી કરતા નથી, પણ આખરે ઘણી ખરી વાર તેમાંથી આકસ્મિક દ્રવ્ય રૂપે ફળ નિકળી આવે છે. પરંતુ તેઓ ફળની આશાએ શ્રમ લેતા નથી માટે જે પદાર્થની ઉત્પત્તિ વિષે તેમના તર્કથી ફાયદો થયો હોય, તે પદાર્થમાંથી તેમને કંઈ ભાગ મળતો નથી. માટે અર્થશાસ્ત્રમા તેમની મહેનત ઉપર બહુ ધ્યાન આપ્યાની જરૂર નથી. એ હમેશ યાદ રાખવાનું છે કે એમની મહેનતનું ફળ ઉત્પત્તિમાંથી મળતું નથી તો પણ તે વિષે તે ઘણીજ ઉપયોગી છે.

જે કારીગરની મહેનતથી પદાર્થ વાપરવા લાયક છેવટ બને છે તે સિવાયની મહેનતના આવા ચાર પ્રકાર થઈ શકે. આટલી મહેનતે કોઈપણ પદાર્થ તૈયાર થાય છે.

प्रकरण ३ जुं.

ઉત્પાદક અને અનુત્પાદક મેહેનત.

મહેનત અને સૃષ્ટિજન્ય પદાર્થ સિવાય કંઈપણ દ્રવ્ય થતું નથી; મહેનતથી માત્ર એટલુંજ નીપજે છે, કે સૃષ્ટિજન્ય પદાર્થોને માણસના ખપમાં આવે એવી સ્થીતિઓમાં લાવવા; કોઈપણ પદાર્થ ઉત્પન્ન કરવાને ઘણા પ્રકારની મહેનત કરવી પડે છે; એ વીગેરે વાતો આગલા પ્રકરણોમાં વિસ્તાર્યામાં આવી. હવે મહેનત મહેનતમાં ફેરછે. સર્વ પ્રકારની મહેનતથી દ્રવ્ય ઉત્પન્ન થતું હોય એમ નથી. દુનિઆમાં નિરથ-

થી માંણસ થોડાંછે. પરંતુ જેટલા જેટલા ઉદ્યમ કરેછે, તે બધા દ્રવ્યોત્પાદક ઉદ્યમ કરતા નથી. કેટલાકનો ઉદ્યોગ દ્રવ્ય ઉત્પન્ન કરે એવોછે; ને કેટલાકનો દ્રવ્ય ઉત્પન્ન કરે એવો નથી. પહેલાનું નામ ઉત્પાદક ને બીજાનું નામ અનુત્પાદક ઉદ્યોગ.

જે જે ઉદ્યોગથી સૃષ્ટિજન્ય પદાર્થ મનુષ્ય જાતને સુખ આપવા લાયક બનેછે તે તે ઉત્પાદક ઉદ્યોગ:—લવાર, સુતાર, દરજી, ઘાંચી, મોચી, માળી, ખેડુત, સાળવી, પીંજારા, ખાટકી, ગાડીગર, વગેરે જે જે લોકની મહેનતથી દ્રવ્ય ઉત્પન્ન થાય છે, તેઓની મહેનત ઉત્પાદક મહેનત. કોઈપણ દ્રવ્યોત્પાદક ધંધો શિખતાંને શિખવતાં જેટલી જેટલી શિખનાર તથા શિખવનારને મહેનત પડેછે, તેને પણ ઉત્પાદક મહેનત ગણવી જોઈએ; કારણ એ મહેનતથી દ્રવ્યની ઉત્પત્તિમાં અંતે વધારો થવાનો. જે જે મહેનતથી લાગલો અથવા થોડે કાળે દ્રવ્યની ઉત્પત્તિમાં વધારો થતો નથી, તેને અનુત્પાદક મહેનત કહેવી જોઈએ. ન્યાયાધીશો, કાયદા બાંધનારા, સરકારી અમલદારો તથા કારકુનો, વગેરે ઘણાખરાની મહેનત અનુત્પાદક છે. ગવૈયા, નટ, રાસ મંડળ, કથા કહેનારા, બજાણીઆ, તમાશગીર, વગેરેની મહેનત એજ પ્રતની છે. અનુત્પાદક મહેનતથી દુનીઆને દ્રવ્ય સંબંધી હમેશ નુકશાનછે. અનુત્પાદકને મજુરીને મહેનત દાખલ જે કંઈ મળે છે, તેમાંથી જેટલાનો તેઓ ઉપભોગ કરે તેટલું દ્રવ્ય દુનીઆમાંથી ઓછુંજ થયું. પરંતુ ઉત્પાદક મહેનતથી ઘણું કરીને દુનીઆનું દ્રવ્ય વધેજછે. ખેડુત બે મહીના મહેનત કરી પચાસ મણ અનાજ પકવેછે તેથી દુનીઆના દ્રવ્યમાં દેખીતો વધારોછે. પણ વ્યાસ બે મહીના કથા કહી લોકોનું મન ખુશ કરેછે તેથી દ્રવ્યમાં વધારાને બદલે ઘટારો થાય છે; કારણ વ્યાસે પોતાની કમાણીમાંથી એ મુદતમાં જેટલાનો ઉપભોગ કર્યો તેટલું દ્રવ્ય છતમાંથી ગયું; ને તેને બદલે કંઈ રહ્યું નહી. ખેડુતે બે માસમાં જેટલું દ્રવ્ય ખપાવ્યું તેટલું પણ દુનીઆમાંથી ગયું ખરૂં, પણ તેને બદલે તેથી વધારે આવ્યું. આ ઉપરથી એમ નથી સમજવાનું કે અનુત્પાદક મહેનત દુનીઆમાં કેવળ નિરૂપયોગી છે. કોઈ કોઈવાર તો તે ઉત્પાદક કરતાં પણ વધારે ઉપયોગી હોય છે. ન્યાયાધીશની, વૈદ્ય, દાકતરની મહેનત આ પ્રકારની છે. કોઈ કોઈવાર તે ઉત્પાદક જેટલીજ ઉપયોગી હોય છે; કોઈ કોઈવાર તે ફક્ત અઘઘડી મનને રંજન કરેછે; ને કોઈ કોઈવાર તો તે કશા કામની નથી હોતી. પરંતુ તે ઉપયોગી હો કે ન હો, તેથી હમેશ દુનીઆના દ્રવ્યમાં ઘટારોજ થાય છે. એ ઘટારા બદલ જ્યારે નુકશાન જેટલો ફાયદો મળે ત્યારે તે ઘટારો સાર્થક થયો, નહીતર તે બગાડ થયો એમજ સમજવું.

બગાડ માત્ર અનુત્પાદક મહેનતમાંજ થાય છે એમ ધારવું નહીં; ઉત્પાદકમાં પણ થાય છે. જો કમ અક્કલને લીધે કોઈ કારીગર પોતાના ઉદ્યમમાં વધારે વખત કે વધારે માલ બગાડે, કે વધારે ખરચ કરે, તો એટલો બગાડ થયો. વળી કોઈ કારીગર ફાયદો ધારી કોઈ નવી રીત પ્રમાણે ધંધો કરે, ને પછી આખરે તેથી જુની જેટલું પણ ચાલવે નહીં, ત્યારે નવી રીત કાઢતાં ને ઉપયોગમાં લાવતાં જેટલો ખરચ થયો તેટલું દ્રવ્ય વિના સ્વાર્થ ગયું. વળી કોઈ પણ દેશની પ્રજા પોતાને તરત ખપમાં ન આવે એવી વસ્તુ ઉપર પોતાની મહેનત અને દ્રવ્ય ખરચે તો તેમાં પણ બગાડ છે. વાહાણનો વેપાર ચાલવા માંડ્યા પહેલાં કોઈ બંદરી શેહેરના લોક મોટાં મોટાં ગોદીખાનાં અથવા મોટાં મોટાં બંદરો બંધાવે, અથવા કોઈ વેપારી ખપ કરતાં બમણો માલ પેદા કરાવે, તો જેટલી મુદત એ ગોદીખાનાં, બંદરો, માલ પડી રહે તેટલી મુદત સુધી દ્રવ્યની ઉત્પત્તિમાં નુકશાન થયું; કારણ જો એટલી મુદત રહીને એનાં એ ખર્ચ કર્યાં હોત તો તેમનો ફાયદો તો એનો એજ થાત, પરંતુ દરમીઆનમાં એ મુડી બીજા કામમાં વાપર્યાથી જે લાભ થાત તે નફામાં રહેત.

અનુત્પાદક દ્રવ્યથી એક માણસની પુંજી ઘટે ને બીજાની વધે પણ તેમાં આખરે દેશની પુંજી વધે નહીં પણ ઘટે. કોઈ કોઈવાર અમુક દેશની પુંજીમાં આ પ્રકારની મહેનતથી વધારો થાય છે. જેમકે દક્ષિણમાં નાટક ભજવનારા ગુજરાતમાં વેશ ભજવી દ્રવ્ય મેળવે છે. તેમજ યુરોપના ખેલ કરનારા હિંદુસ્તાનમાં આવી દ્રવ્ય મેળવી જાયછે. હવે તેથી દક્ષિણનું તથા યુરોપનું દ્રવ્ય વધેછે ખરૂં; પરંતુ આખી દુનીઆના દ્રવ્યમાં વધારો થતો નથી એટલુંજ નહીં પણ જેટલા જેટલાનો એ કિસબીઓ ઉપભોગ કરેછે તેટલું તેટલું મનુષ્ય જાતના ભંડોળમાંથી ઓછું થાય છે.

જેમ મહેનતના બે પ્રકાર કહ્યા તેમ ઉપભોગના પણ બે પ્રકાર છે; દ્રવ્યની જેમ ઉત્પાદ થયા કરેછે તેમ ઉપભોગ પણ થયા કરે છે. પરંતુ કેટલીક જાતના ઉપભોગથી દ્રવ્ય વધેછે, કેટલીક જાતનાથી વધતું નથી. અનુત્પાદક ઉદ્યમ કરનારાઓના ઉપભોગથી દ્રવ્ય હમેશ ઓછું થાય છે; કારણ તેઓનો ઉદ્યમ દ્રવ્યનીઉત્પત્તિ વિષે કશા ખપનો નથી; ઉત્પાદક મજુરોનો જે ઉપભોગ છે તે કોઈવાર ઉત્પત્તિ વિષે ઉપયોગી હોયછે ને કોઈવાર નકામો હોયછે. જે તરેહના ઉપભોગથી તેઓની ઉત્પન્ન કરવાની શક્તી કાયમ રહે છે અથવા વધે છે તે તે તરેહના ઉપભોગને ઉત્પાદક ઉપભોગ એવું નામ આપેલું છે; ને જે ઉપભોગ તેઓની શક્તિ કાયમ રાખવાના કે વધારવાના કામમાં આવતો નથી તેને અનુત્પાદક ઉપભોગ એવું નામ આપેલું છે. મજુર ખોરાક ને લુગડાંનો

ઉપભોગ કરે છે, તે ઘણું કરીને ઉત્પાદક ઉપભોગ હોય છે, કારણ કે તેથી એના શરીરનું બળ અને જોસ કાયમ રહે છે તથા વધે છે. પણ જો તે ઘણો સ્વાદિષ્ટ ખોરાકનો ઉપભોગ કરે, અથવા ભારે પોશાકી પહેરે, તો તેનો ઉપભોગ પણ અનુત્પાદક કહેવાય; કારણ એ વધારાના ખરચથી એની ઉત્પાદક શક્તિમાં કંઈ વધારો થતો નથી.

કેટલાક પદાર્થજ એવા છે, કે એમનો કોઈ દિવસ ઉત્પાદક ઉપભોગ થાયજ નહી: જેમકે ખાવાના પદાર્થોમાં ખાંડ, સાકર, ને પહેરવાનામાં કસબી માલ, એઓનો ઉપભોગ ગમે તે કરે, પણ અનુત્પાદકજ થાય; કારણ તેઓના ઉપભોગથી દ્રવ્યની ઉત્પત્તિ વિષે કશો ફાયદો નથી. વળી જે નાના પદાર્થો માત્ર ઇન્દ્રિયોને ખુશ કરવાનાજ કામમાં આવે છે, તેના વિષે પણ એમજ જાણવું. કોઈ એવી શંકા કાઢે કે દ્રવ્યની ઉત્પત્તિમાં જે કશા કામમાં આવતા નથી, તે પદાર્થ બનાવવાની મહેનત ઉત્પાદક નામને પાત્ર નથી- તો તેનો ખુલાસો એ જે એ મહેનતથી દ્રવ્ય પેદા થયું, તથા તે દ્રવ્ય ઉપભોગમાં ન આવ્યું, ત્યાં લગી એ વડે દેશ વધારે ધનવાન ગણાયો માટે એ મહેનત ઉત્પાદક નામને યોગ્ય છે; પરંતુ એવા દ્રવ્યથી દેશને કંઈ શાશ્વત લાભ નથી.

આ ઉપરથી મહેનત મહેનતમાં એક નવો ભેદ ઉઠી આવે છે. પહેલી તો જે વસ્તુઓ ઉત્પાદક ઉપભોગમાં આવે, એવી વસ્તુઓને બનાવવાની મહેનત; અને બીજી જે વડે અનુત્પાદક ઉપભોગમાં આવે એવી ચીજો બને છે તે મહેનત. દેશની આબાદીનો આધાર પહેલા પ્રકારની મહેનત ઉપર છે. એમ ધારો કે દેશના ઉત્પાદકોમાંના અડધા પહેલા પ્રકારની મહેનત કરે છે, ને અડધા બીજા પ્રકારની મહેનત કરે છે. હવે એમ ધારો કે કોઈ પણ કારણથી એક વરસ લગી બીજા પ્રકારના ઉત્પાદકો પોતાની મહેનત બંધ કરે, ને પહેલા પ્રકારના જારી રાખે: તો ઉત્પાદકોના ઉપભોગ માટે જેટલું દ્રવ્ય જરૂર છે, તેટલું થયા કરશે, ને જે માણસો અનુત્પાદક છે, તેઓને વાસ્તે કંઈ થશે નહીં; પછી તેઓનું કાંતો સરકાર પોષણ કરશે; અથવા બીજી રીતે નિભાવ થશે. ઉત્પાદકોમાં જે અધંના લોકોએ મહેનત ના કરી, તેમનું પોષણ પણ ઉત્પન્ન થએલા દ્રવ્યમાંથી ગમે તે રીતે થશે. દેશમાં કોઈની પાસે મોજની ચીજો રહેશે નહીં; પરંતુ દેશની ઉત્પાદક શક્તિ તો એવી ને એવીજ રહેશે, કારણ કે ઉત્પાદકોના ઉપભોગને માટે જેટલું દ્રવ્ય જરૂર છે, તેટલું તો હજુ થયા કરશે. પણ જો પહેલા પ્રકારના ઉત્પાદકોએ પોતાનો ધંધો બંધ કર્યો હોત, ને બીજા પ્રકારના એ જારી રાખ્યો હોત, તો આખો દેશ પાયમાલ થઈ જાત.

બધા સુધરેલા દેશમાં જેટલું દ્રવ્ય હોય છે, તેનો ઘણો ભાગ અનુત્પાદક ઉપભોગમાં વપરાય છે. આ ઉપરથી કંઈ દિલગીર થવા જેવું નથી; કારણ એથી એવું સિદ્ધ થાય છે કે દેશમાં દ્રવ્ય ઘણું છે; ને તેથી વિદ્યા સબંધી તથા નીતિ વિષયક બાબતો કે જેમાં મન ચાલનારા સર્વ કોઈ અનુત્પાદકો હોય છે, તેમાં મન ચાલવાનું એ દેશને અનુકૂળ છે.

प्रकरण ४ थुं.

મુડી અથવા ભંડોળ વિશે.

ઉત્પત્તિ વિશે આવશ્યક વસ્તુ બે છે, મહેનત, અને લાગ પડતા સૃષ્ટિજન્ય પદાર્થો, એવું આગળ કહેવામાં આવ્યું. આ બે હોય તો દ્રવ્યની ઉત્પત્તિ તો થાય, પણ તે ઘણીજ થોડી થાય, ને માણસ જાત હમેશ કંગાળ હાલતમાં રહે; કારણ કે માણસ જાતનો ઘણો વખત પોતાનો ખોરાક સોધવામાં જાય, અને બાકીના વખતમાં બીજું પેદા કરે. માટે એ બે સિવાય એક ત્રીજી વસ્તુ છે, તે જો કે પહેલી બેના જેટલી અવશ્યની નથી, તો પણ દ્રવ્ય વધારવાના કામમાં ઘણીજ ઉપયોગી છે. તે વસ્તુ તે મુડી, અથવા આગળથી મહેનત કરી ઉત્પન્ન કરેલા દ્રવ્યનો સંઘરો છે. આવો સંઘરો હોય તો માણસને ખોરાકની ફિકર ન રહે તેથી ઉત્પત્તિનું કામ ઘણું સરળ ચાલે.

ઉત્પત્તિના કામમાં મુડી શી શી રીતે ખપમાં આવે છે, તથા મુડી એ શી ચીજ છે, એ વિશે ઘણા લોક ભૂલ ખાય છે. કેટલાક તો એમ સમજે છે કે પૈસો એજ મુડી- પણ ઉત્પત્તિમાં પૈસો પોતે કશા ખપમાં આવતો નથી; પૈસાને બદલે જે જે જણસો મળે છે તેજ ખરા કામમાં આવે છે; માટે પૈસો એજ મુડી, એ કહેવું ભૂલ ભરેલું છે. ઉત્પત્તિને વાસ્તે સાહિત્ય તથા સાધન પુરાં પાડવાં, મજુર તથા માલનું સંરક્ષણ કરવું, તથા મજુરોને ખવડાવવું પીવડાવવું, વગેરે કામો મુડી વડે થાય છે; ને જે જે વસ્તુઓને આ કામોમાં લાવવાનો માણસે મનમાં સંકલ્પ કર્યો હોય, તે તે વસ્તુને મુડી કહેવી.

કોઈ પણ વેપારીના મુડી ઉત્પત્તિ કરવામાં રોકાએલી હોય છે, ત્યારે તેમાં શું શું હોય છે, તે આપણે જુવો એટલે મુડી શબ્દનો અર્થ મનમાં ઠસશે. ધોતીજોડાવાળા વેપારી લ્યો, ને જુઓ કે તેમની મુડીમાં શું શું હોય છે: કેટલુંક તો વણાવાનું

સુતર તથા રેશમ હોય છે; કેટલોક માલ તૈયાર હોય છે; કેટલાક પૈસા પાસે રોકડા હોય છે; જમતિ વણકરને બેસવાનું ઘર તથા તેનાં શાચ હોય છે. હવે એમાં સુતર, શાચ ને કાંતવાનું ઘર, એટલાં તો મુડીમાં ગણવાંજ જોઇએ, કારણ એઓ વિશે એવુ નિર્માણજ કરેલું છે કે તેઓને ઉત્પત્તિમાં વાપરવાં. તૈયાર માલને વેચી તેનું જે ઉપજે છે, તેમાંથી વેપારી કેટલુંક પોતાના પોષણ વાસ્તે રાખી બાકીનું પાછું વેપારમાં નાંખે છે, માટે તેમાંથી જેટલું પાછું વેપારમાં નાંખવાનું છે તે પણ મુડી. રોકડ પૈસામાંથી જેટલા વેપારમાં નાંખવા ધાર્યા છે, તેટલાને મુડીમાં ગણવા જોઇએ. પણ બાકી રહેલામાં જે તેના અથવા તેના કુટુંબના ઉપભોગમાં આવનાર છે, તે મુડીમ ગણાય નહીં.

કોઈ પણ દ્રવ્ય મુડીમાં ગણાય કે ન ગણાય, એ નક્કી કરવાને તેના સ્વરૂપ વિશે વિચાર કરવાની જરૂર નથી. માત્ર એટલુંજ વિચારવું કે એના માલિકનો વિચાર એ દ્રવ્યને ઉત્પત્તિ કાર્યમાં નાંખવાનો છે કે નથી; જો ઉત્પત્તિ કાર્યમાં નાંખવાનો હોય તો, તે મુડી, નહીતર નહીં. એમ ધારો કે એક માણસની પાસે દસ હજાર પાઘડીઓ તૈયાર છે; ને તેનો વિચાર એવો છે કે એને બદલે જે કિંમત આવે, તેમાંથી મા કોઈ ચાકરો રાખી ગાડી ઘોડે ફરવું, તો એની પાઘડીઓ મુડી ગણાય નહીં. પણ જો એનો વિચાર એમ થાય કે એ પાઘડીઓનો એવજ આવે, તેમાંથી દાણા તથા રૂ તથા સંચા ખરીદ કરી બીજી પાઘડીઓ વણવાની; તો તે પાઘડીઓ મુડીમાં ગણાય; કારણ દ્રવ્યની ઉત્પત્તિમાં તેમને વાપરવાનો તેનો વિચાર છે. તેના વિચારમાં મુડી કરવી આવે તો તે મુડી થાય, ને ન આવે તો ન થાય. વિચાર ઉપર બધું મંડાણ છે. જેટલા જેટલા માલ વિશે એવો નિર્ણય થયો હોય કે આને દ્રવ્ય ઉત્પન્ન કરવાને વાપરવો છે, તેટલો તેટલો મુડી કહેવાય. આખા દેશમાં જેટલા બધા માલ વિશે એવો નિશ્ચય થયો હોય, તે બધો દેશનો સામુદાયિક ભંડોળ કે મુડી કહેવાય.

જે જે મુડી કહેવાય, તેને ઉત્પત્તિ કાર્યમાં નાંખવાનો નિર્ણય તો હોયજ. પરંતુ વસ્તુતઃ બધી મુડી ઉત્પત્તિ કાર્યમાં લાગેલી હોતી નથી; કેટલીક વાર તો નાંખવાનો વિચાર થયા પછી વળ પડતો ધંધો કે સમય ન જડવાથી મુડી અમથી પડી રહે છે; કોઈ કોઈવાર તો મુડી ઉત્પત્તિમાં એકદમ કામ આવે એવા સ્વરૂપની હોતી નથી, એટલે મુડી માલના રૂપમાં હોય ને તેને તુરત કોઈ લેનાર મળતું નથી, એટલે નકામી પડી રહે છે. કોઈ કોઈવાર આ બંને હરકત ન હોય તો પણ બીજી કેટલીક અડચણો નડે છે. સરકાર કેટલીક વાર વેપારની સાહિત્ય રૂપી જણસ ઉપર(એટલે કાચા માલ ઉપર)વેરો લે છે; એ વેરો વેપારીને

મુડીમાંથી આપવો પડેછે. આવો વેરો માલ પૈદા થયા પછી લેવાય, તો વેપારીને ફાયદો થાય; કારણ તેથી વેરા નો ઉગારો થાયને તે ઉગરેલા રૂપીઆ મુડી દાખલ ઉત્પત્તિમાં તે વાપરે. આવી રીતે કાચા માલ ઉપર વેરો લેવાથી મુડી ઓછી થયાથી જેટલું નીપજવું જોઇએ તેટલું નીપજતું નથી. વળી ખેડુત જો જમીનદારને આગળથી ભાડું આપવાનો કરાર કરે, તો ભાડા જેટલી મુડી નકામી ગઇ; કારણ જેટલી મુડી ભાડા દાખલ આગળથી આપવી પડી, તેટલી જો પછી આપી હોત, ને ખેડુત પાસે રહી હોત, તો તેને ઉત્પત્તિ કાર્યમાં નાંખી તે એમાંથી નફો ઉપજાવત. ભાડું અગાઉથી આપવાથી જો જમીનના પાકમાં ફેર પડતો હોય, એટલે જમીન ખરી મોસમે મળતી હોય, અને એમ કરેથી વધારે પાક થવાની ઉમેદ હોય, તો તે અગાઉથી આપ્યું પ્રમાણ છે; એથી કંઇ મુડી ઓછી થઇ કહેવાય નહીં.

વળી એક બીજી રીતે પણ મુડી જોઇએ તેટલી સફળ થતી નથી. હાલ ઘણેખરે ઠેકાણે એવો દસ્તુર છે, કે ઉત્પાદકને બધી મજુરી બાંધી રકમ ચાલતે કામે આપવી. આવી રીતે જે ખરચ કરવામાં આવે છે, તેનો જેટલો ભાગ મજુરને નીરોગી રાખવાને જરૂરનો હોય, તેટલો ભાગ તો આગળથી આપ્યો પ્રમાણ છે; કારણ તેટલો આપ્યો ન હોય, તો મજુરની શક્તિમાં ફેર પડવાથી ઉત્પત્તિમાં ઘટ પડે. પણ આથી વધારાનો જેટલો પગાર કે રોજ મળેછે, તે બધો કામ તૈયાર થએ આપ્યો હોય, તો ઉત્પત્તિમાં ઘણો વધારો થાય; કારણ કે એ ઉગારામાંથી નવી ઉત્પત્તિ થઇ શકે. આપણા દેશમાં કેટલાક વેપારમાં એવો ધારોછે, કે વેપારી એટલે મુડી કાઢનાર, ચાલતે કામે માત્ર ખરચ ચાલવા જેટલા પૈસા કારીગરને આપે, ને કામ તૈયાર થયા પછી બાકીના ચુકવી આપે. આ વહીવટથી ઉત્પત્તિ કાર્યમાં લાભ છે, એ વાત સમજુ વાંચનારના ધ્યાનમાં આવી હશે.

કોઇ એમ શંકા ઉઠાવે, કે કારીગર પોતાના ભંડોળમાંથી પેટ ભરી માલ ઉત્પન્ન કરે છે, તેની ઉત્પત્તિ વિષે મુડી ક્યાં આવી? તેનો ખુલાસો એ કે માલ તૈયાર થતાં સુધી જે વડે તે પોતાનું ભરણ પોષણ કરેછે, તેજ એની મુડી. કોઇ બીજાએ ધીરેલી નથી, એમાં શું થયું? જેટલું દ્રવ્ય ઉત્પત્તિ ચાલતાં ઉત્પાદકને ખપ આવ્યું, તેટલા નેમુડી કહેવી. પછી તે તેનુ પોતાનું હોય, કે બીજા મુડી વાળાએ ધીર્યું હોય.

મુડી શબ્દનો અર્થ ચોકસ રીતે મનમાં ઉતારવો ઘણો અવશ્યનો છે, માટે તેઉપર થોડાં વધારે દૃષ્ટાંત આપવાં જોઇએ. જે માણસ પોતે ઉદ્યમ કરતો નથી, પણ પોતાના પૈસા બીજાને ધીરે છે, તેની પુંજીને મુડી કહેવી કે ન કહેવી? તે પુછ્

માથી એને ઉપજ થાય છે, માટે એને મન તો એ મુડી છે, કારણ એથી એને તો મુડીનું કામ સરે છે. પણ દેશની મુડીમાં એ ગણાય કે ન ગણાય એમ પુછતા હોતો એ વાત જુદી છે; જે માણસને અવેજ ધીરેલો છે, તે આખર તેનું શી રીતે કરે છે, તે ઉપર તેનો વિચાર: જો તે મુડી ઉછીની લેનાર તેને ઉત્પત્તિ કાર્યમાં વાપરતો હોય, તો તે મુડી; નહીંતર નહીં.

એમ ધારો એક ગામડાનો સરાફ ખેડુતને રુપીઆ ધીરે છે, ને તે ખેડુત તે રુપીઆનું હળ ને બીજ લેછે. સરાફે જે રુપીઆ ધીર્યા તે મુડી ગણાય; કારણ કે તે ઉત્પત્તિ કાર્યમાં આવેછે. પણ તેના તે ખેડુતે ઘરનું વરાખરચ કાઢવા તે અવેજ લીધો હોય, તો તે અવેજ મુડીમાં ગણાય નહીં; કારણ તેથી ઉત્પત્તિ કાર્યમાં કંઈ લાભ થતો નથી. વળી એમ ધારો કે શહેરના કોઈ વેપારીએ એક જાગીરદારને દશ હજાર રુપીઆ ધીર્યા છે, ને સાનમાં તેનો વછીહો લખાવી લીધોછે. હવે તે રુપીઆ મુડીમાં ગણાય કે નહીં? આ પ્રશ્નનો ઉત્તર દેતાં એટલું વિચારવું કે છેવટ એ અવેજનું શું થયું. ઉત્પત્તિ કાર્યમાં તે છેવટ વપરાયા કે નહીં? જો તે જાગીરદારે તે રુપીઆથી જમીનને સુધારી આગળ કરતાં વધતી પાકવાન થાય એવી કરી હોય, તો તે રુપીઆ મુડી કહેવાય; ને ધીરનાર મુડીદાર કહેવાય. પણ એવી રીતે ન વાપરતાં તે રુપીઆનાં ગાડી ઘોડાં રાખી, મોજ મઝા કરી હોય, તો તે મુડી ગણાય નહીં; કારણ એથી દ્રવ્યમાં કંઈ વધારો થયો નથી. સાનની મુદત પુરી થયે ધીરનારનું તો કંઈ ગયું નહીં; તેને તો જેટલી પુંજી ગઈ, તેટલી કીંમતની બીજી આવી; પણ દેશના દ્રવ્યમાંથી જેટલી પેલા જાગીરદારે ઉડાવી, તેટલી પુંજી ઘટી. તેના તે જાગીરદારે પુંજીને ઉડાવી દેવાને બદલે તેથી જો પોતાનું કરજ વાળ્યું હોય, તો પુંજીને મુડી કહેવી કે ન કહેવી? આનો પણ એક ઉત્તર દેવાય નહીં; છેવટ તે પુંજીનું શું થયું તે જોવું. જો ઉત્પત્તિ કાર્યમાં આવી હોય, તો તે મુડી ખરી, નીકર નહીં.

કોઈની પાસે રેલવેના શેર હોય, તો તે તેટલા માટે મુડીદાર કહેવાય કે નહીં? હવે તે શેરવાળાએ પ્રથમ રેલવે બાંધવાને મુડી આપી હશે, અથવા પછી કોઈની પાસેથી શેર વેચાતા લીધા હશે. જો રેલવે બાંધવાને તેણે પૈસા આપ્યા હશે, તો તો જ્યાં લગી તેની મુડી રેલવે બાંધવાના કામમાં રોકાઈ રહી, ત્યાં લગી તે મુડીદાર રહ્યો, કારણ તેથી દ્રવ્ય ઉત્પન્ન થયું. રેલવે બંધાઈ રહ્યા પછી તેની આગલી મુડી તો ગઈ, પણ તેને બદલે રેલવેના કારખાનામાં તેનો હીસ્સો મળ્યો. હવે રેલવેનું કારખાનું ઘણું ખરૂ વેપારીઓને તથા માલને લેઈ જવાના કામમાં આવેછે, ને તેથી ઉત્પત્તિમાં ઘણો વધારો થાયછે; માટે રેલવે વાળા

પણ કેટલેક દરજ્જે ઉત્પાદકો છે, ને તે શેર વાળો પણ મુડીદાર ખરો. જો તે શેરવાળો અસલથી સામેલ ન હોય, પણ કેટલાંક વરસ કામ ચાલ્યા પછી કોઈની પાસેથા શેરલઇ એ કામમાં સામેલ થયો હોય, તો એ મુડીદાર ખરો; કારણ તેણે પોતાની પુંજી ખરચી તેને બદલ એવો માલ લીધો કે જેથી દ્રવ્યનો વધારો થાયછે.

જે લોક સરકારને લડાઇ કરવા પૈસા ધીરી સરકાર પાસેથી પ્રોમીસરી નોટો લેછે, તે મુડીદાર એ નામને યોગ્ય નથી; કારણ તેમના દ્રવ્યથી ઉત્પત્તિ વધતી નથી. એમને જે વ્યાજ મળેછે, તે રૈયતની પાસેથી સરકાર વેરા ઉઘરાવેછે, તેમાંથી મળેછે; ને પોતે જે અવેજ ધીરયો તેના નફામાંથી મળતો નથી: તેમનો ધીરેલો અવેજ તો સરકારે દારૂ ગોળી લેઈ નાશ કરેયો. તે છતમાંથી ગયો; ને તેને બદલે કંઇ રહયું નથી. ધીરનારને નુકશાન ન થાય, કારણ સરકારે લોક પાસેથી જે પેદાશ આવે, તેમાં તેનો ભાગ ઘાલી આપ્યો; ને એ ભાગ જ્યારે વેચે, ત્યારે એને પોતાનો આપેલો અવેજ પાછો મળે. એટલે એ પોતાના મનમાં પોતાની મુડી છતમાં છે એમ ધારે તો એમ પ્રમાણે છે. પણ દેશની મુડીમાં જે ખાડો પડયો તે પુરાવાનો નહી. તે તે રકોજ: માત્ર એટલોજ ફેર થયો કે, એ નોટનું વેચાણ થવાથી એ ખાડા બદલ નુકશાન એક માણસને મળત તે બીજાને મળશે.

प्रकरण ५ मुं.

મુડી વિશે વીચાર.

धोरी सिद्धान्त.

ઉપરનું પ્રકરણ વાંચવાથી મુડીનું સ્વરૂપ સમજુ વાંચનારના મનમાં ઉતર્યું હશે. પણ તે વિશે કેટલીક વાતો છે તે ઘણીજ મનમાં ઠસવા જોગ છે, તે આ પ્રકરણમાં વર્ણવ્યામાં આવશે.

પેહેલુ એ કે કાઈ પણ દેશમાં દ્રવ્ય સંબંધી ઉદ્યમની સીમા મુડીથી થાયછે.-જેટલી મુડી હોય તે પ્રમાણેજ ઉદ્યમ થાય, તેથી વધારે બની શકે નહીં. જે જે તરેહનો ઉદ્યમ ચાલે છે, તે બધામાં બે વાનાં અવશ્ય જોઇએ છે. એક તો માલ તૈયાર થતા સુધી ઉત્પાદકને સારૂ ખોરાક; ને બીજું ઉદ્યમ કરવાનાં સાહિત્ય ને સા-

ધન. દેશમાંનો ખોરાક, સાહિત્ય, ને સાધન જેટલા ઉત્પાદકોને કામે લગાડવાને પુરતાં હોય, તેટલાનેજ કામે લગાડી શકાય, એ દેખીતુંજ છે. ઘણું કરીને એટલા તો કોઈ દહાડો કામે વળગાડાતા છેજ નહીં; કારણ દેશનો સઘળો ખોરાક, સાહિત્યો, અને સાધનો ઉત્પત્તિના કામમાં આવતાં નથી; તેમાંનો ઘણો ભાગ તો અનુત્પાદક ઉપભોગમાં જાય છે. માટે આ નિયમનો કેહેવાનો ભાવ એટલોજ છે, કે મુડી તરીકે સંઘરેલા ખોરાક, સાહિત્ય, ને સાધનથી જેટલા ઉત્પાદકોનું પોષણ તથા કામ ચાલે, તેટલોજ ઉદ્યમ દેશમાં ચાલે. તે થોડાં હોય તો ઉદ્યમ થોડો ચાલે, ને વધારે હોય તો વધારે ચાલે. માટે તેઓ ઉદ્યમની સીમા છે; તેથી આગળ ઉદ્યમ ચલાવી શકાય નહીં. આપણા દેશમાં હાલ જેઓએ એટલી મુડી હોય, તો નવાં નવાં ઘણાં કારખાનાં કાહાડી શકાય; પણ મુડી નથી માટે ઘણાં કારખાનાં કાહાડી શકાતાં નથી.

આ વાત પ્રત્યક્ષ છે, પરંતુ એમાં પણ આગળ ઘણા લોકોએ ભુલાવો ખાધેલો છે. યુરોપના કેટલાક દેશોના રાજાઓ પરદેશથી કોઈ જાતનો માલ આવતો બંધ કરે, ને પછી તે માલ પોતાના દેશમાં પેદા થાય, એટલે એમ માની લે કે આપણે દેશનું દ્રવ્ય વધાર્યું. પરંતુ આ ભુલ છે; જ્યાં લગી દેશમાં મુડી વધી નથી, ત્યાં લગી દ્રવ્ય શી રીતે વધ્યું હશે? જે મુડીથી નવો માલ પેદા થયો, તે જો બીજા ધંધામાંથી કાહાડી હોય, તો જેટલું દ્રવ્ય એક પ્રકારનું વધ્યું, તેટલુંજ બીજા પ્રકારનું ઘટયું હશે. પણ જો પરદેશના માલની બંધી કરવાથી, દેશમાં પડી રહેલા પૈસા ધંધામાં લાગવાનો જોગ બન્યો હોય, તો તેથી દ્રવ્યનો વધારો થયો કેહેવાય. પણ આવો જોગ બનવાનો સંભવ હમેશ હોતો નથી, એવું આગળ જતાં બતાવી આપવામાં આવશે.

સરકાર કોઈ પણ માલની આવક બંધ કર્યાથી દેશનું દ્રવ્ય વધારી શકે નહીં, પણ બીજી રીતે વધારી શકે. દેશમાં મજુરોનું કળા કૌશલ્ય વધે, એવી શાળાઓ કે કારખાનાં સરકાર કાહાડે, તો તેથી દેશના દ્રવ્યની ઘણી વૃદ્ધિ થાય; અથવા સરકાર કાયદો કરી દેશના ઉત્પાદકો પાસેથી વધારે કામ લે, તો પણ વૃદ્ધિ થાય; અથવા નિરૂદ્યમી માણસો પાસે મજુરી કરાવવાનો કાયદો કરે, તો પણ એવું પરિણામ થાય; અથવા મજુર ન મળતા હોય, ત્યાં પરદેશથી મજુર આણી વસાવે, તો પણ દ્રવ્યમાં વધારો થાય; અને બીજી એવી અનેક રીતે દેશનુ દ્રવ્ય સરકાર ધારેતો વધારે. વળી દ્રવ્ય વધારવાની બીજી એક રીતિ સરકારના હાથમાં છે; સરકાર ધારેતો વેરા લઈ નવી મુડી ઉભી કરે; ને તે રસ્તે જે ઉપજે, તે દ્રવ્ય ઉત્પત્તિ કરવામાં ખરચે, તો દેશમાં મુડીનો વધારો થવાથી દ્રવ્યનો વધારો થાય. વળી તેમ ન કરતાં સરકાર વેરા-

થી ઉપજેલું દ્રવ્ય કરજ વાળી દેવામાં વાપરેતો, પણ ઘણું કરીને તેના જેવુંજ ફળ થાય, જેને પાછા રૂપીઆ મળે તે આગળ જે વ્યાજ ઉપજતું, તે હજુ પણ ઉપજાવવા માગશે; ને તે ઊપજાવવાને તે પૈસા કોઈ પણ ઉદ્યમમાં મુદલદાખલ વાપર્યા વિના રહેશે નહીં. આ બે દૃષ્ટાંત વિશે કોઈ એવો અંદેસો આણે કે વેરાને રૂપે સરકારે દ્રવ્ય ઉઘરાવી મુડી ઉભી કીધી, તેથી કંઇ દેશની મુડીમાં વધારો થયો નહીં; કારણ વેરા આપનારે તે વેરા પોતાની મુડીમાંથી આપ્યા હસે, તો એ અંદેસો દૂષિતછે; કારણ લોકો વેરા આપે છે, તે બને ત્યાં લગી પોતાની મુડીમાંથી આપતા નથી; પણ પોતાનું ચાલતું ખરચ કમી કરી તે ઉગારામાંથી આપે છે. આનો વધારે વિચાર પાંચમા ભાગમાં આવશે.

ઉદ્યમની સીમા મુડી છે તે વાત તો ખરી; પરંતુ તે સીમા સુધી ઉદ્યમ હમેશ પહોંચતો નથી; એટલે દેશની મુડીથી જેટલું ઉત્પન્ન થવું જોઇએ તેટલું બધું થતું નથી, ને તેમ ઘણાં કારણથી બને છે. કોઈ વાર તો મુડીને વગ પડતો રોજગાર હાથ આવતો નથી; કોઈ વાર મુડી માલને સ્વરૂપે હોય છે, ને તે માલને તરત ખરીદકરનાર કોઈ મળતું નથી;-કોઇવાર મુડીને આ બે અડચણો નથી હોતી તો, જોઈએ એટલા મજુર નથી મળતા, તેને લીધે મુડીથી જેટલું કામ બનવું જોઇએ તેટલું બનતું નથી. વળી એક કારણ તો એ હોય છે કે મજુરને ખોરાકી પોશાકી જેટલી રોજી ન આપતાં, બધી મજુરી આગળથી આપવાનો કેટલેક ઠેકાણે ધારો હોયછે; એમ થવાથી એની એ મુડી વડે જેટલું નીપજવું જોઇએ તેટલું નીપજતું નથી; કારણ એ વધારાની મજુરી પાછળથી આપી હોય તો પણ ઉત્પત્તિ કમી થાય નહીં, પણ એટલીને એટલી થાય, અને એ વધારામાંથી ઉલટી નવી ઉત્પત્તિ ચાલે. વળી ઉત્પાદકોના કુટુંબીઓનું પોષણ તેમની મજુરીમાંથી થતું હોય, તેથી પણ મુડી પ્રમાણે ઉત્પન્ન થાય નહીં; કારણ તે કુટુંબના માણસ પાસેથી કામ લેવાય તો પણ એની એ મુડીએ વધારે ઉત્પત્તિ થાય. આવી રીતે ઘણાં કારણથી મુડીથી થવું જોઇએ એટલુ ઉત્પન્ન થતુ નથી.

ઉદ્યમની સીમા મુડીછે, ને મુડી વધ્યા વગર ઉદ્યમ વધે નહીં, એ આપણા જોવામાં આવ્યું. હવે જેમ જેમ મુડી વધે, તેમ તેમ ઉદ્યમ વધારી શકાય. મુડી જ્યારે વધે ત્યારે તેના કેટલોક ભાગતો સંચામાં રોકાય; હવે આ ભાગથી ઉદ્યમી લોકને કંઈ ફાયદો નથી; પણ કહેવાનો ભાવ એટલોજ છે કે જે ભાગમાંથી ઉત્પાદકનો ગુજારો થાયછે, તે ભાગ ગમે તેટલો વધારીએ તો એ કંઈ કંઈ રોજગાર જડે ખરો.

મુડી હશે ને મજુર હશે તો રોજગારની ખામી કોઈ દહાડો પડવાની નથી. કેટલાક ડાહ્યા પુરૂષો, અને બધા સાધારણ પુરૂષો, એમ મત ધરાવેછે, કે ધનવાન લોક પોતાની આમદાનીનો ઘણો ખરો ભાગ મોજ મઝાની જણસો ઉપર ખરચી ન નાખતાં ઉગારી રાખે, અને તે ઉગારો ઉત્પત્તિમાં વાપરે, તો ગરીબનો ગુજારો થાય નહીં; કારણ કે તાલેવર જ્યારે મોજમઝાની ચીજો ભોગવવી બંધ કરે, ત્યારે તેના ઉત્પન્ન કરનારા બધા ભૂખે મરે, એમ તેઓ કેહે છે. પણ આ મત દૂષિત છે, એમ નીચેની દલીલ ઉપરથી સ્પષ્ટ કરી આવશે.

એમ ધારો કે દેશની બધી મુડી એટલે બધો ખોરાક, સાહિત્ય, સાધન, વગેરે સરકારના હાથમાં છે; ને સરકાર બધા પાસે કામ કરાવીને ઉપજેલુ દ્રવ્ય લોકોને વહેંચી આપે છે. હવે હમારે કહેવાનું એવું છે, કે સરકારની મુડી ગમે તેટલી વધે, તો એને કામ ન મળે ને પડી રહે, એમ કોઈ દિવસ બનવાનું નથી; કામ તો જડે ને જડે; કારણ કે જ્યાં લગી આખી રૈયતમાં એકે એક જણને તેના મન ગમતી બધી જણસ મળે, ત્યાં લગી સરકાર બધા પાસે ઉદ્યમ કરાવે. જ્યારે બધા જણને પોત પોતાના મન ગમતી બધી જણસો મળે, ત્યારે પછી મુડીમાં જેટલો વધારો થાય, તેથી કંઈ ઉત્પત્તિમાં લાભ થાય નહીં, કારણ કે પછી ઉત્પન્ન કરવાનું રહેજ નહીં. પરંતુ જ્યારે ઉત્પન્ન કરવાનું કંઈ ન હોય, ત્યારે મુડીમાં વધારો પણ લોક કરેજ નહીં. માટે ખરેખર આપણો મૂળ સિદ્ધાંત ખરો પડે છે કે મુડી ગમે તેટલી વધે, પણ તેને ઉદ્યમ મળ્યા વગર રહે નહીં.

આપણે આ ઠેકાણે એવી કલ્પના કરી છે, કે દેશની બધી મુડી સરકારના હાથમાં છે, ને તે બધા પાસે કામ કરાવે છે; પરંતુ એમ ન હોય, અને હાલ વ્યવહાર ચાલે છે તેવું હોય, એટલે વ્યક્ત‡ માણસના હાથમાં હોય, તોપણ જેમ પહેલી કલ્પના પ્રમાણે સરકારની મુડી વધ્યાથી કંઈ ઉદ્યમની ખોટ પડતી નથી, તેમ આ રીતે પણ દેશની મુડી નિરંતર વધવાથી ઉદ્યમની કંઈ ખોટ પડે નહીં. એમ ધારો કે હરેક મુડીદારે એમજ વિચાર્યું કે મારે ફકત જાડું ઝીણું લુગડું ઓઢી, સૂકો રોટલો ખાઈ મારૂં શરીર નિભાવવું, ને આમદાન માંથી એટલું ખરચ કાહતાં જે કંઈ વધે, તે ઉત્પત્તિમાં નાંખવું. હવે એમ કરવાથી દેશને કંઈ નુકશાન નથી; કારણ એટલા ને એટલાજ મજુર જો દેશમાં હશે, તો મુડી વધવાથી બધાને સારા સારા મુસારા મળશે; ને જે આગળ અડધું પડધું ખાતા હશે તે હવે સુખથી ખાશે પીશે; વ-

‡ વ્યક્ત એટલે પ્રત્યેક, જુદુ જુદુ.

બી જો બધા અગાઉથીજ સારા ખાતા પીતા હશે, તો હવે તેઓ પોતાનો વધારાનો મુસારો, જે મોજની ચીજો આગળ મુડીદારને ખપ આવતી, તેમાં ખરચશે: પણ જો દેશની વસ્તી નિરૂદ્યમી બેશી રહેતી હશે, તો એ વધારાની મુડીમાંથી એ નિરૂદ્યમી વસ્તીનું પોષણ નિકળશે, ને તેથી ઉપજ વધશે. એટલે એ ફેરફારથી કાં તો મજુર લોકને ફાયદો થવાનો, અથવા દેશની ઉત્પત્તિમાં વધારો થવાનો. જ્યાં લગી દેશમાં પ્રત્યેક સખસની દ્રવ્ય વિષયની બધી કામના સિદ્ધ થાય, ત્યાં લગી મુડીના વધારાથી દેશની ઉત્પત્તિમાં ફાયદો થાય. અથવા મજુરોને ફાયદો થાય; અને જ્યારે બધાની બધી કામના સિદ્ધ થશે, ત્યારે પછી મુડીમાં વધારો થવાનું કશું કારણ નહીં રહેવાથી મુડી વધશેજ નહીં: એટલે આપણો મૂળ સિદ્ધાંત ખરો છે કે મુડી ગમે તેટલી વધશે પણ કામ કંઈ કંઈ મળશે ને મળશેજ.

મુડી વિશે બીજો સિદ્ધાંત એ છે કે તે દ્રવ્યના ઉગારાથી થાય છે. આ વાત વિષે આગળ કેટલુંક પરોક્ષ કહેવામાં આવ્યું છે, પણ જરા વધારે વિસ્તાર કરીએછીએ.

દુનીઆમાં જે જે પૈદા થયું, તે થયું તેમ તેમ જો વપરાતું ગયું હોત, તો હાલ કંઈ મુડી થઈ હોત નહીં; ને તેમજ હાલ જે જે દ્રવ્ય પૈદા થાય છે, તે તે બધુ ખરચાતું હોય તો મુડી વધવા પામે નહીં. આ વાતનો એક સહેજ અપવાદ છે. એક તો કોઈ પુરૂષ પોતાને હાથે પૈદા કરીને તેમાંથી ગુજારો કરી નવી ઉત્પત્તિ ચલાવતો હોય, તો તેણે ઉગારો કર્યો કહેવાય નહીં; કારણ પોતે પૈદા કરેલું તે સુરત રહી ખાવાને બદલે તે માત્ર મહેનત કરી ખાય છે. પણ હજુ તેણે ગુજરી છાંડવાની દાનત કરી નથી. તેમજ ખેડુત ચોમાસામાં એક વરસનો દાણો પૈદા કરી, તે દાણો એક વરસ ચલાવી બીજો પૈદા કરે, ને તે બીજે વરસે ખાય, એમ કરે તો તેનો દાણો મુડી દાખલ છે; પણ તે ઉગારાથી થઈ નથી. આ પ્રમાણે કેટલી વાર ઉગારો કરયા વગર મુડી થાય છે; પરંતુ ખેડુત પણ થોડો ઉગારો બીને કાળે કરતોજ હશે; વળી દરિયા વાસ્તે પણ થોડું રાખતો હશે; ને ઉગારા વગર તેની પાસે વધારે ભંડોળ થવાનુંજ નહીં.

ઉગારો કરયા સિવાય મુડી થાય નહીં, એ વાત તો ખરી; પણ જેની પાસે મુડી છે, તેણે પોતેજ ઉગારો કર્યો હશે, એમ આ ઉપરથી જાણવું નહીં. જંગલી ને જુલમી દેશોમાં વધારે બળીઆ હોય, તે ખરા ધણીની પાસેથી દ્રવ્ય છીનવી લે છે. હવે મૂળ ઉગારો તો ખરા માલેક કરેલો; પણ છી-

નથી લેનારે પણ છીનવી લીધા પછી એ દ્રવ્યનો ઉપભોગ કર્યો નહીં, પણ તે ઉગારી રાખ્યું તેથી મુડી થઈ. વળી ગુલામોની મહેનતથી જે દ્રવ્ય પેદા થાયછે, તે પણ તે દ્રવ્યના ઉત્પન્ન કરનાર ગુલામોથી ભોગવાતું નથી, માટે ઉગરેછે. પણ તે ગુલામના માલિકો તે દ્રવ્યને લીધા પછી ઉગારતા ન હોય, તો તે મુડી થાય નહીં.

આ ઉપરથી એમ નહીં સમજવું, કે મુડી વધારવાનો એકજ માર્ગછે: તે એકે ઉત્પન્ન થયેલા દ્રવ્યમાંથી થોડાનો ઉપભોગ કરી, બાકીનુ ઉગારી રાખવું. બીજો પણ રસ્તો છે ખરો. તે એકે જેટલું જોઇએ, તે કરતાં વધારે ઉત્પન્ન કરવુ. એટલે વધારાનું ઉગારામાં પડે, તે મુડી દાખલ વપરાય. નવા શોધ થવાથી દ્રવ્યની ઉત્પત્તિ ઘણું કરીને વધે છે, અને તેથી ઉગારો કરવાનુ ભંડોળ વધે છે; એટલે આખરે ઉગારો પણ વધારે થાય છે. માટે મુડી વધારવાના બે રસ્તા છે, એક તો ઉત્પન્ન થએલા બધા દ્રવ્યનો ઉપભોગ ન કરતાં તેમાંથી થોડુંક રાખી મુકી, તેને મુડી તરીકે વાપરવું; ને બીજો એકે એવાં નવાં યંત્ર કાઢવાં અથવા બનાવવાં. કે જેથી આપણે ઉપભોગ કરી રહીએ તે પછી પણ દ્રવ્ય પડ્યું રહે.

મુડી વિષે બીજો ધોરી સિદ્ધાંત બીજાને લગતો છે. તે એકે મુડી ઉગારાથી થાય છે ખરી, પરંતુ આખરે તેનો ઉત્પત્તિમાં ઉપભોગ થવાથી નાશ થાય છે. જો ઉગારેલા દ્રવ્યને મુડી દાખલ ઉપભોગમાંજ ન આણતાં ખાલી મુકયું હોય, તો તો તેમ થાય નહીં; પરંતુ જે દ્રવ્ય મુડી તરીકે વપરાય છે, તેમાંનું કેટલુંક સંચાં લેવામાં, કેટલુંક મકાનો બાંધવામાં, કેટલુંક સાહિત્ય લેવામાં, ને બાકીનું મજુરના મુસારામાં વપરાયછે. હવે આ બધાનો મોડો વહેલો નાશ થાય છે. મજુરને જે આપવામાં આવે છે, તે ખોરાક પોશાક રૂપે ઉડી જાય છે, સાહિત્યની પણ નવી જણસો બને છે, ને તે તે રસ્તે નાશ પામેછે. સંચા તથા મકાનો પણ મોડાં વેહેલાં ક્ષય પામે છે. સારાંશ તે ઉગારેલા દ્રવ્યમાંથી છેવટ કાંઈ પણ રહેતું નથી.

પણ દ્રવ્યનો અમથો ઊપભોગ કરવો, ને ઊત્પત્તિમાં કરવો, તેમાં એક મોટો ફેર છે. એતો ખરૂં કે બંને રીતે અંતે દેશમાંથી કેટલુંક દ્રવ્ય ઘટેછે. ઉત્પત્તિમાં જે ઊપભોગ થાય છે, તેથી ઉગારેલું દ્રવ્યતો નાશ પામે છે, પણ તેને બદલે તેથી વધારે ઉત્પન્ન થાયછે, અને દરમિયાનમાં મજુરોનું પોષણ થાય છે. મોજમાં જેટલાનો ઉપભોગ થાયછે, તેનો તો સમુળગો નાશ થાયછે, ને તેને બદલે આખરે કંઈ રહેતું નથી. ઘણા લોકોને આ વાતની ખબર હોતી નથી. તેઓ એમ ધારે છે કે જેણે પોતાનુ દ્રવ્ય ઉગારી રાખ્યું, તેણે માત્ર પોતાની સ્વાર્થબુદ્ધિ ને શાણપણ ચલા-

થી પોતાનું હિત સાચવ્યું, પણ તેનાથી દેશને કંઈ લાભ થયો નથી; ને જેણે પોતાની પાસેનું દ્રવ્ય ખરચી દીધું, તેણે દેશના લોકનું પોષણ કર્યું. આ વિચારો કેવા દૂષિત છે, તે સમજવું વાંચનારના ધ્યાનમાં સહેજ આવશે. જે પોતાનું દ્રવ્ય સાચવી રાખે છે, તેના દ્રવ્યવડે દેશમાં ઉત્પત્તિ થવાથી બીજું પેદા થાયછે; પણ જે બધું ખરચી નાખેછે, તે દેશનું દ્રવ્ય ઓછું કરેછે. અલબત દાટી કે ઘાલી મુકનારથી દેશને કાંઈ લાભ થતો નથી.

લોકો ભૂલ ખાય છે, તેનું એક કારણ તો એકે વ્યવહારમાં જેટલી ભાગફોડ થાય છે તે નાણાંથી થાયછે; ને નાણાંનો નાશ થતો નથી, પણ તે દેશમાં કાયમ રહે છે, એટલે લોક એમ માની લે છે, કે જે માણસ પૈસા ઉડાવેછે તેનાથી દેશને કંઈ દ્રવ્ય સંબંધી નુકશાન નથી. પણ આતો ચૂક છે. નાણાં એ કંઈ દ્રવ્યને ઠેકાણે નથી. નાણાંના ઉડાવનારે નાણાં આપી જે જે વસ્તુઓ લીધી, જેમ કે ગાડી, ઘોડા, અત્તર, દારૂખાનાં, તેઓનો નાશ થયો, ને તે દ્રવ્ય દેશમાંથી ગયું તે ગયુંજ; ને તે બદલ કંઈ રહયું નહીં. પૈસા એક જણના હાથમાંથી બીજાના હાથમાં ગયા, પણ દ્રવ્ય તો છતમાંથી ગયું. એ દ્રવ્ય જો મુડી તરીકે ઉત્પત્તિમાં વાપર્યું હોત, તોયે તે દ્રવ્યતો જાત, પણ તેને બદલે તેથી વધારે નવું આવત; અને વળી ગરીબનો મજુર તરીકે નિર્વાહ થાત. સારાંશ એટલો કે ઉગારાથી ઉત્પાદક મહેનતનો નિભાવ થાય છે, ને દેશનું સામુદાયિક દ્રવ્ય વધે છે; ને ખરચથી દેશનું દ્રવ્ય ઘટે છે.

આ વાત ઉપરથી એક બીજું પણ સમજુ વાંચનારના મનમાં આવ્યું હશે. તે એકે દેશનું જુનું દ્રવ્ય એ શબ્દો નિરર્થક છે. ખરે ખરૂં જુનું દ્રવ્ય ઘણુંજ થોડુંછે, ઘણું ખરૂ તો નવુંછે. હાલ જેટલું દ્રવ્ય આપણા જોવામાં આવેછે, તેમાંનો ઘણો ખરો ભાગ દશ વરસ ઉપર હતો નહીં, ને બીજાં દશ વરસ ઉપર હશે નહીં; મકાન, રાચ, સંકચા, અથવા એવે સ્થાયી રૂપે જે દ્રવ્ય જોવામાં આવેછે, તે કદાપી આજથી દસ વરસ ઉપર હોયતો હોય. વળી આ ભાગ ઉપર જો વખતે વખતે મરામત કરવામાં ન આવી હોત, તો તે પણ રહેત નહીં. સો વરસ ઉપરના તો થોડાજ પદાર્થ હાલ આપણા જોવામાં આવશે; માત્ર જુની વાવો, તળાવો, કુંડ, મશીદો, દેરાં એવા કેટલાક પદાર્થ આરસો પાંચસો વરસ ઉપરના હોય તો હોય, બાકીના બધા નવા છે. દ્રવ્યનો તથા મુડીનો સંગ્રહ કાયમ રહેછે ને વધે છે, તે કંઇ રાખી મૂકવાથી વધતો નથી, પણ આખો દિવસ ફરી ફરી ઉત્પન્ન કરવાથી વધે છે. મુડીનું કામ વસ્તિ જેવું છે. આજથી વીસ વરસ ઉપર જે માણસો જીવતા હતા, તેમાંના હાલ ઘણા જીવતા નથી.

પરંતુ વરિત કંઇ ઘટી એમ કહેવાય નહીં, કારણ જે ગયા તેને ઠેકાણે તેટલાને તેટલા અથવા તેથી વધારે નવા પેદા થયાછે. તેમ મુડી પણ હમેશ નાશ પામેછે, પણ તેને ઠેકાણે નવી થયાજ કરેછે, તેથી તે વધેછે અથવા કાયમ રહેછે

આ સિદ્ધાંત સારી પેઠે મનમાં ઠસાવવાથી એક બીજી બિનાનું કારણ આપવાને આપણે સમર્થ થઇએ છીએ. ધરતી કંપ, મોટી લડાઇ, રેલ, વાવંટોળ વગેરે દૈવકોપથી આખા દેશના દેશ કોઇ કોઇવાર વેરાન મેદાન થઇ જાય છે, પણ તેના તે દેશ વીશ પચીસ વરસમાં પાછા ઠેકાણે આવેછે, તેનું કારણ એ કે જે દ્રવ્યનો આવા દૈવકોપથી સંહાર થઇ જાયછે, તે મોડું વહેલું પોતાની મેળેજ નાશ પામત; માટે જો મજુર લોક સહીસલામત રહ્યા હોય, ને તેઓના પેટનું પોષણ થાય એટલું દ્રવ્ય રહ્યું હોય, તો દેશની ઉત્પાદક શક્તિમાં ઘટાડો ન થવાથી થોડાં વરસમાં બધું પાછું જેવું હતું તેવું થાય.

વળી આ ઉપરથી એમ દીસી આવે છે, કે અનુત્પાદક રીતે ઉપભોગ કરવાને સરકારને દ્રવ્ય જોઇતું હોય, ને તે વેરા રૂપે ન લેતાં લોન † રૂપે લે, તો તેથી કરીને દેશની ઉત્પત્તિમાં નુકશાન થવું જોઇએ; કારણ જો વેરા રૂપે લીધું હોય તો તેમાંનું કેટલુંક દ્રવ્ય આપનાર પોતાનું આવતું ખરચ કમી કરી તેમાંથી આપે, ને તેમ પુરૂ ન થાય તો બાકીનું મુડીમાંથી આપે; પણ 'લોન' રૂપે લીધાથી બધુ મુડીમાંથી અપાય છે; ને તેથી દેશની ઉત્પત્તિમાં ઘણો ધક્કો પહોચેછે. કેટલીકવાર આવું નુકશાન થતુ નથી, તેનું કારણ એકતો એ કે સરકારને કાં તો નકામી પડી રહેલી મુડી ધીરવામાં આવે છે; અથવા એમ ન હોય, ને દેશની ચાલતી મુડી મધ્યેથી સરકારને લોન આપવામાં આવે ને નુકશાન થોડુ થાય, તેનું કારણ એ કે ધીરનાર લોક પોતાના સંચા વગેરે જે સ્થાયી મુડી છે તેમાંથી કંઇ ધીરી શકે નહીં; પરંતુ મજુરોને આપવાનું તથા સાહિત્ય લેવાનું જેટલું જંગમ ભંડોળ છે, તેમાંથીજ ધીરી શકે છે; હવે આવી રીતે ધીરયા પછી મજુરોનું પોષણ થાય એટલું જો બાકી રહ્યું હોય, તો ઉત્પત્તિ આગળના જેટલીજ થાય; પણ મજુરોને રોજી છેક થોડી મળે, (કારણ કે મજુર એટલા ને એટલા રહે ને તેમને આપવાના પૈસા થોડા થાય) ને તેટલોજ મુડીદારોને ફાયદો થાય; મુડીદારોને ફાયદો થાય, એટલે લોક તો એમ જાણે કે દેશની આબાદી ઉલટી વધી, પરંતુ જેટલો મુડીવાળાને ફાયદો થાય એટલુજ મજુરીઆત લોકને નુકશાન છે, માટે આપણે ઘણું હરખાવાનું નથી. પણ

† લોન એટલે ઉછીનુ કે કરજે લેવું.

જો સરકાર લોન લીધા પછી તેમાંથી મજુરોને સિપાઈ તરીકે નોકર રાખી વેપારના કારીગરની સંખ્યામાં પણ ઘટાડો કરે, તો દેશની ઉત્પત્તિમાં ઘટાડો થાય; પણ રહેલા મજુર તથા મુડીદારની કમાઈ આગળના જેટલીજ રહે.

ત્યારે હવે જો સરકારને મોટી રકમનો ખપ હોય, તો તે વેરા નાંખી એકદમ ઉઘરાવવી તેમાં ફાયદો, કે લોન લઈ પછી થોડે થોડે ઉઘરાવે તેમાં ફાયદો? કેટલાક કહે છે કે એકદમ વેરા નાંખ્યા હોય તો સારા; કારણ એમ કહો કે એમ કહો, તો પણ જેટલું લીધુ તે ઉત્પત્તિના કાર્યમાંથી તો જવાનુંજ છે. લોન રૂપે દ્રવ્ય લેવામાં આવે છે તેમાં વધારે નુકશાન એટલું છે કે તેથી મુડીમાં એકદમ ઘટાડો થવાથી મજુરોને વખતે બહુ આપદા પડે છે, ને અન્તે દેવું તથા વ્યાજ પાછું વાળવાને જે વેરો કરવામાં આવે છે, તે વેરો કરવાથી બીજાં જે નુકશાનો થાય છે તે વધારામાં વેઠવાં પડે છે.

લોનનું દ્રવ્ય મુડીમાંથી કહાડીને આપ્યું હોય, તો ઉપરની હરકત કેટલીક વાર નડે છે; પરંતુ ઘણી વાર તે હરકત હોતી નથી. કેટલાક ગરીબ દેશો તો પરદેશથી લોન લે છે, એટલે તેઓની ઉત્પત્તિમાં કંઈ કમપેશ થતું નથી. તવંગર દેશોને જે લોન મળે છે, તે ચાલતી મુડીમાંથી મળતી નથી, પણ મુડીમાં જે અહર્નીશ વધારો થાય છે તેમાંથી મળે છે, ને તેમને ઘણું નુકશાન પોહોચતુ નથી. આવી તરેહની જ્યારે હકીકત હોય, ત્યારે વેરા કરતાં લોનમાં ઓછું નુકશાન છે; કારણ ભારે વેરા લેવાયછે ત્યારે તેનો હમેશ કેટલોક ભાગ દેશની મુડીમાંથી અપાય છે, ને તેથા દેશની ઉત્પત્તિને વખતે ઘણો ધક્કો પોહોંચે છે.

મુડી વિશેનો ચોથો સિદ્ધાંત સોથી વધારે ધ્યાન આપવા લાયકછે. દ્રવ્યના ઉત્પાદકોનું માલ ઉત્પન્ન કરતી વખતે પોષણ થાય છે, તે મુડીથી થાય છે, ઉત્પન્ન થએલા માલને બદલે જે કંઈ કિંમત આવે તેથી થતું નથી: માલનો ખપ થવાથી કંઈ મજુરીઆત લોકને ફાયદો થતો નથી; તેમને તો ફાયદો મુડી વધવાથી થાય છે: માલ વેચાવાથી અથવા તેનો ખપ વધવાથી મહેનતુ લોકોનો રોજી જાગતી નથી; તેથી મજુરની સંખ્યામાં અથવા તેમના સુસારામાં કંઈ ફેર પડતો નથી. મજુરની સંખ્યાનો અથવા સુસારાનો વધારો જે મુડીનો સંગ્રહ થયો હોય તેનાજ ઉપર રહેલો છે, તે વધે તોજ તે વધે.

એમ ધારો કે એક માણસે પોતાના મન સાથે એવો નિશ્ચય કર્યો કે મારે દર વરસ દશ હજાર રૂપીઆનો બનાત વાપરવી. તેની પાસે એની કિંમત આપવાની

તૈયારછે. હવે જ્યાં લગી દેશમાં મુડી એટલી ને એટલીજ રહી હશે, ત્યાં લગી એ માણસના આવા નિશ્ચયથી કંઈ કારીગરની સંખ્યામાં ફેર થવાનો નથી; અથવા કારીગરના મુસારામાં કંઈ ફેર થશે નહીં. કદાપી એકદમ એ જણસનો ભાવ વધારે થશે તો બનાતની નિપજ બીજે વરસે વધારે થશે ખરી. પરંતુ તેથી દેશમાં મજુરોની રોજી વધી, અથવા ઉત્પત્તિમાં વધારો થયો એમ સમજવું નહીં; કારણ આપણી ધારણા પ્રમાણે દેશની સામુદાયિક મુડી તો છે એની એજ છે. ત્યારે બનાતના વેપારમાં જેટલી વધારે મુડી આવી, તેટલી બીજા વેપારમાંથી કમી થઈ હશે, ને તેમાં જેટલા મજુરો વધારે કામે લાગ્યા હશે તેટલા બીજા વેપારમાંથી ઓછા થયા હશે. માટે કોઈ માણસ માત્ર એવો નિશ્ચય કરે કે મારે ફલાણો માલ વધારે વાપરવો છે, તો તેથી કંઈ કારીગર લોકને ફાયદો થાય નહીં. પરંતુ એક રીતે તે માણસના ખપથી દેશની મુડીમાં વધારો થાય ખરો. જો તે પોતેજ પોતાના ખરચવાના પૈસા ઉત્પત્તિમાં વાપરે, એટલે તેને મુડીનું સ્વરૂપ આપે, તો દેશની એકંદર ઉપજમાં અથવા કારીગરની રોજીમાં વધારો થાય ખરો. પણ આ વધારો થયો, તે દશ હજારની મુડી વધવાથી થયો, માત્ર માલ ખરીદવાના વિચારથી થયો નથી. કારીગર લોકને તે માલનો માત્ર ખપ થવાથી ફાયદો નથી, પણ તેથી મુડી વધે તોજ ફાયદો થાય છે; ખપ ન વધે પણ મુડી વધે તોયે તે લોકને ફાયદો થાય. જો મુડી જોઈએ તેટલી હોય, પણ બનાતનો ખપ ન હોય, તો મુડીદારને બનાત ઉપર કંઈ મોહ નથી. તે બનાત પેદા કરે છે, તે પોતાના લાભને માટે કરે છે, માટે બનાતથી લાભ નહીં મળે એવું લાગશે, એટલે તે મુડી તે બીજા વેપારમાં નાંખશે; ને બીજો કંઈ વેપાર નહીં જડે તો છેવટે પોતાને તથા કારીગરોને ખપ આવે, તેવી જણસો તે મુડીથી પેદા કરશે. માટે મુડી હશે ને ખપ નહીં હોય તો મજુરને ધંધો મળશે, પણ ખપ હશે ને મુડી નહીં હોય ત્યાં લગી મજુરને ધંધો મળનાર નથી. મજુરનું પોષણ મુડીથી થાય છે; ઉપજેલા માલના ખપથી થતું નથી.

બીજો એક દૃષ્ટાંત લ્યો; કોઈ પણ ઉપભોગ કર્તા પોતાનું દ્રવ્ય બે રીતે વાપરી શકે; કાં તો તે ખરચી બીજા પાસેથી મજુરી લેઈ પોતાને વાસ્તે વાડી કરાવે, અથવા તેને બદલે માલ વેચાથી લે. હવે આ બે રીતમાં મજુરના હકમાં કઈ રીતથી ફાયદો છે? જો સિદ્ધાંતમાં કહેલી વાત ખોટી હોય, ને જો એ વાત ખરી હોય કે ઉપન્ન માલ લેવો એથી ઉત્પાદકનું પોષણ થાય છે, તો એ બે રીતથી મજુરોને સરખો ફાયદો થવો જોઈએ. પરંતુ ઝીણા વિચારથી માલમ પડશે, કે એ બે

રીતથી મજુરોને સરખો ફાયદો નથી. એમ ધારો કે એક જાગીરદારનો વહીવટ એવો હતો, કે પોતાની આમદાની આવે, તેમાંથી મજુરો રાખી વાવ, તળાવો, તથા કુવા ખોદાવવા; ને આ વહીવટ બદલી તેણે તે વડે બનાત લેવાનો સંકલ્પ કરચો. આ સંકલ્પથી બનાતનો નવો ખપ જાગ્યો. પણ જ્યાં લગી નવી મુડી પેદા થઈ નથી, ત્યાં લગી માત્ર નવા ખપથી બનાત પેદા થવાની નથી. ત્યારે એ નવી મુડી કયાંથી આવવાની? એ આવવાનો એક રસ્તોછે. જે મજુરો વાવ, તળાવો, બનાવતા, તેમના ઉપભોગને માટે જણસો બનાવવામાં જે મુડી રોકાયલી રહેતી, તે હવે નવરી પડીછે; માટે તે મુડી બનાતમાં કામે લાગશે. તેનદ તેજ મજુરો આ કામમાં લાગશે, અથવા આજ રસ્તે આવો ફેરફાર થશે, એમ કહી શકાતું નથી; કારણ મુડી હજાર રસ્તે એક ધંધામાંથી બીજા ધંધામાં જાય છે. પણ જેટલી મુડી આગળ મજુરોની ખપની ચીજો બનાવવામાં ગુંથાએલી રહેતી, તેટલીજ બનાતમાં ખપ લાગશે. જાગીરદારે વહીવટ બદલ્યો તેનો પરિણામ એકે મજુરોના ખોરાકને ઠેકાણે બનાત બની; ને વાવ તળાવો વગેરે જણસો ન બની તેટલો ઉત્પત્તિમાં ઘટારો થયો, ને તેટલા મજુર ભૂખે મુવા.

પણ એમ ધારો કે ઉપરથી ઉલટું બન્યું, ને જાગીરદાર જે દ્રવ્ય બનાત લેવામાં ખરચતો, તે હવે વાવ તળાવમાં ખરચવાને તૈયાર થયોછે. જો આપણો સિદ્ધાંત ખોટો હોય, તો આવા ફેરથી મજુરીઆત લોકના હિતમાં કંઇ નુકશાન થાય નહીં; પણ સૂક્ષ્મ રીતે તપાશી જોતાં માલમ પડશે કે એમ નથી. બનાતવાળાને આગળથી ખબર પડશે કે આમ બનાવવાનુંછે, તો તે બનાત ઓછી પેદા કરશે, ને બનાતના વેપારમાંથી કેટલીક મુડી મોકળી કરવી પડશે. હવે આ મુડી નવરી પડી તેથી કદાપી વાવ, તળાવ, કરનાર કારીગરોનો ઉપભોગની જણસો થશે, અથવા બીજે રસ્તે ઉપભોગમાં આવશે, ને જાગીરદારે વાવ તળાવ ઉપર જે દ્રવ્ય ખરચવું ધારયું એ નવી મુડી થઈ; એટલે દેશમાં આગળ એક મુડી હતી તેને બદલે બે મુડી થઇ. જ્યારે વાવ તળાવો બંધ કરી બનાતલેવાનો ઠરાવ કર્યો હતો, ત્યારે એકની એક મુડી માત્ર બીજી રીતે વાપર વામાં આવી હતી; પણ આ ફેરથી મુડીમાં વધારો થયોછે, ને તેથી મજુરીઆત લોકને તથા ઉત્પત્તિમાં ફાયદો થાય છે

આ ઉપરની દલીલો બતલાવી, તેમાં એક વાત આપણે માની લીધેલી છે. આપણે એમ માન્યું ને કે જાગીદારે જે ફેર કર્યા, તે બનાત ઉત્પન્ન થયાં પેહેલા કર્યો. પણ જો ફેર એમ થયો ન હોય, એટલે બનાત બની રહ્યા પછી એકદમ તે ફેર

કરે તો તરત મજુરીઆત લોકના હિતમાં કાંઈ ફાયદો થાય નહી. તે બનાતના બનાવનારને ખરીદનાર મળે નહી; તેથી બનાત બનાવનારની મુડી કેટલાક કાળ સુધી નકામી પડી રહે; ને જ્યાં લગી એમ પડી રહે ત્યાં લગી મજુરીઆત લોકને કંઈ ફાયદો નહી. પણ એ બનાત કંઈ હમેશ નકામા પડી રહે નહી. એક વરસે ન ખપે એટલે આવતે વરસ વેપારી થોડી વણાવે, ને બનાતના વેપારમાંથી રૂપીઆ વગે વગે કાઢી બીજા વેપારમાં નાખે; એટલે આખરે એટલી મુડી દેશમાં વધે.

આ સિદ્ધાંતનો ખરો ભાવશોછે તે ભૂલવું ન જોઈએ. મતલબ એટલીજછે, કે દેશના સામુદાયિક દ્રવ્ય વિષે, અથવા મજુર સમસ્તના હકમાં, માલ આમ ખપે કે આમ ખપે એમાં કંઈ લાભ હાનિ નથી. દ્રવ્યની વૃદ્ધિમાં અથવા મજુરના હકમાં જે લાભ હાનિ છે, તે મુડીના વધારા ઘટારાથી છે. ખપ વધવા ઘટવાથી દેશને તો કંઈ નથી; પણ પ્રત્યેક વેપારમાં પડેલા પુરૂષોને તે માલના ખપમાં ફેર થવાથી ઘણો ફેર પડે છે. રેશમનો ખપ ઓછો થઈ ઉનના કાપડનો વધે, તો દેશને તો કંઈ નહીં, પણ રેશમના ધંધામાં લાગેલા પુરૂષો વખતે ખરાબખસ્ત થઈ જાય. પણ જો રેશમી માલનો ખપ વધે, તો તેમને ઘણોજ લાભ થાય, કારણ તેઓ વધારે મુડી કામે લગાડે, તેથી તેમને નફો ભારે મળે, ને થોડી થોડી મુદતમાં બધી મુડી પાછી ફરી વળે. કોઈ પણ અમુક ધંધામાં માલના ખપની તેજી મંદી બહુ અગત્યની છે, પણ દેશની સામુદાયિક ઉત્પત્તિ વિષે તે કંઈ કામની નથી.

આ સિદ્ધાંતનો આધાર માત્ર એટલોજ છે કે પેદા થએલી વસ્તુનો ખપ થવાથી નવી મુડી થતી નથી, માટે એકંદર ઉત્પત્તિમાં તેથી વધારો થાય નહીં. આ ઉપરથી બે અપવાદ સૂઝી આવે છે; જો દેશની મુડી નકામી પડી રહી હોય, અથવા જોઈએ તેટલું ઉત્પન્ન કરી શકતી ન હોય તો, માલનો વધારે ખપ જાગવાથી તે પડી રહેલી મુડી કામે વળગે, અથવા કામે લાગેલી મુડી વધારે સફળ થાય એવી રીતે કામે લગાડાય; ને જ્યારે આવો પરિણામ થાય ત્યારે ખપને લીધે દ્રવ્યની ઉત્પત્તિમાં વધારો થયો એમ કહીએ તો ચાલે. બીજો અપવાદ આને મળતોજ છે. ખપ વધવાથી મુડી તો વધતી નથી, પણ ઘણી વાર મેહેનત વધારે ફળદાયક થાય છે; એટલે ઉદ્યમના વિભાગમાં વધારો થાય છે, તેથી મેહેનતનું ફળ વધારે નિપજે છે, અથવા ઉત્પત્તિનું કાર્ય નાના પાયા ઉપર થતું હોય તે મોટા પાયા ઉપર થાય છે. આ બંને રીતિએથી ઉત્પત્તિમાં લાભ છે, એવું આગળ

દેખાડવામાં આવશે.

प्रकरण ६ ठुं.

જંગમ તથા સ્થાયી મુડી વીશે.

મુડીના બે ભેદ છે. ઉત્પત્તિ કાર્યમાં જે મુડી નાંખેલી હોય છે, તેમાં કેટલીક તો એવી તરેહની હોય છે કે એકવાર વાપરી એટલે પછી તે મુડીનું કામ કરતી નથી. પછી તે ઉત્પત્તિના કામમાં આવતીજ નથી, અથવા આવે તો એજ ઉત્પત્તિના કામમાં આવતી નથી. મુડીનો જે અંશ સાહિત્યના રૂપમાં હોય તે આવી તરેહનો છે. જે ભાગ મજુરોને રોજી કે પગાર દાખલ આપવામાં આવે છે તે ભાગ પણ આજ પ્રકારનો છે; એક વાર રૂ કંતાયુ એટલે તે કાતવાના ધંધામાં મુડીના કામમાંથી ગયું: એક વાર ધાન લુગડાં મજુરોને આપ્યાં, તે ફરીથી મુડીમાંથી ગયાં. પછી મજુરને તેમના ખપ કરતાં વધારે પગાર મળતો હોય, તો તેટલો વધારાનો ભાગ મજુર લોક ઉગારી મુડી દાખલ ફરીથી કામમાં આણે તો આવે ખરો; પરંતુ આ ભાગ તેની તેજ મુડી છે, એમ ગણવું ન જોઇએ; કારણ મજુર તેને ઉગારી શકે નહીં, તો તે મુડી થાય નહીં. બીજીવાર ઉગારવાથી તે મુડી નામને પાત્ર થાય છે, માટે તેને નવી મુડી ગણવી જોઇએ. હવે મુડીનો જે ભાગ એક ઉત્પત્તિ કાર્યમાં એક વાર નોકરી બજાવે છે, તે ભાગને જંગમ મુડી કહે છે; કારણ તે ભાગ હમેશ ફરતો ને બદલાતો રહે છે.

પણ મુડીનો કેટલોક ભાગ એવો હોય છે, કે તે એક ઉપયોગથી પોતાનું કામ બજાવી રહેતો નથી; જે ભાગ સંચા રૂપે, અથવા વેપારના રાચ રૂપે, અથવા બાતીઓ, મકાનો રૂપે હોય છે, તે આ પ્રકારનો છે. વળી જમીન સુધારવામાં, ખારી ભોંયને મીઠી કરવામાં, કુવા ખોદાવવામાં, પાણીના પાટ બંધાવવામાં, ગોદીઓ વગેરે બંધાવવામાં, જે મુડી ઘાલવામાં આવે છે, તે પણ આજ પ્રકારની સમજવી. મુડીનો જે ભાગ આવે રૂપે હોય છે, તેને સ્થાયી મુડી કહે છે.

સ્થાયી મુડીમાં કેટલોક ભાગ એવો હોય છે કે તે કાળથી ઘસાઈ જાય છે, ને તેને બદલે નવો મૂકવો પડે છે. જેટલો ભાગ સંચા અથવા મકાનોને રૂપે હોય છે, તે બધો આવા પ્રકારનો છે. તે બધાને મુદતે મુદતે મરામત જોઇએ છે, ને મરામત છતાં પુરે કાળે તેનો નાશ થાય છે. પરંતુ કેટલોક ભાગ તો એવો હોય છે

કે તેને માત્ર મરામતનોજ ખપ પડે છે, ને ધરતીકંપ અથવા બીજા એવા દૈવકોપી બનાવ બને તે, સિવાય તે હમેશ કાયમ રહે છે. દરીઆમાંથી જમીન એકવાર કાઢી તે કાઢી; પછી જે પાળ બાંધી હોય તેની મરામતનું ખરચ કરવું પડે છે; તે સિવાય બીજુ ખરચ પડતું નથી. એમજ એકવાર ખાઈ ખોદી તે ખોદી, પછી કંઈ ખોદવાનું ખરચ બેસતું નથી; સહેજ મરામત કરવી પડે તે માફ. ખારી જમીન એક વાર મીઠી કરી તે કરી, ફરી તે બાબતનું ખરચ કંઈ રહેતું નથી; ગોચર એકવાર ભાગ્યું તે ભાગ્યું, પછી તે ભાગવા સબંધી જાસ્તી ખરચ રહેતું નથી. જો પહેલથી મુડી વિવેકથી ખરચી હોય, તો આવી તરેહના કામોમાં અંતે વધારે લાભ નિકળે છે; ને તે રસ્તે ખરચેલી મુડી નફા સાથે પાછી વળે છે. વળી જે જમીન ઉપર મુડી ખરચ હોય, તેની કિંમત પણ એટલી વધારે ઉપજે છે. પરંતુ આ ઉપરથી એમ નહીં સમજવું કે ખરચેલી મુડી હજી છતમાં છે. તે મુડીનો ઉપભોગ થઈ ચૂક્યો, ને તેનો ઉપભોગથી નાશ પણ થયો. તેમાંની કેટલીક મજુરોને ખવડાવ્યામાં ગઈ; અને કેટલીક સાહિત્ય ને રાચ લેવામાં ગઈ. પરંતુ તેનો ઉપભોગ ઉત્પત્તિ કાર્યમાં થએલો છે, તેથી તે તો ગઈ, પણ તેને બદલે કંઈ દ્રવ્ય રહેલું છે; ને જમીનનો કસ વધ્યો, એજ દ્રવ્ય તેને બદલે રહ્યું એમ જાણવું.

દેશની દ્રવ્યોત્પત્તિ વિષે સ્થાયી અને જંગમ મુડીની અસર જુદી જુદી છે. જંગમ મુડીથી દેશની એકંદર ઉપજમાં વધારો થાયછે, ને સ્થાયી મુડીથી વખતે એકંદર ઘટારો થાય. જંગમ મુડી એકજ વાર વાપર્યાથી નાશ પામે છે, માટે તેને બદલે જેટલું વળતર થાય, તેમાંથી એ બધી મુડી પાછી વળવી જોઈએ, તથા તે ઉપર નફો પણ નિકળવો જોઈએ. પરંતુ સ્થાયી મુડી એકજ વાર વાપર્યાથી નાશ પામતી નથી. તેને બદલે જે વળતર થાય, તેમાંથી બધી મુડીનો બદલો વળવો જોઈએ, એવી કંઈ જરૂર નથી. માત્ર મુડીની મરામત તથા ઘસારાનો બદલો વળે, ને બધી મુડી ઉપર રીત પ્રમાણે નફો મળે, એટલું નીપજે તો બસ. જો કોઈ માણસ હજાર મણ દાણા ખવડાવી ખેતી કરાવતો હોય, તો મોસમ આખરે તે હજાર મણ પાછા મળે, ને દસ્તુર પ્રમાણે નફો મળે તોજ તેને તે ધંધો પાલવે. પરંતુ એ હજાર મણના મજુરો રાખ્યાને બદલે તેમાંથી જો પાંચસો મણનો એક સંચો લે, ને બાકીનામાંથી મજુર રાખે તો (જો નફો વિસ ટકા પ્રમાણે ગણાતો હોય, તે વીસ ટીકાનો ઘસારો ગણાતો હોય તો) તેને આઠસો મણ નીપજે એટલે ધંધો પાલવે; કારણ તેમાંના પાંચસો તો મજુરોને ખવડાવેલા પાછા વળે, ને હજાર મણની થાપણ ઉપર બસો ન-

કાના આવ્યા, ને બાકીના સો પાંચસોના સંચા વગેરેની અશક્તતના આવ્યા. પણ જે માણસે સંચા વગર કામ કર્યું છે, તેને તો બારસો મળે તોજ ધંધો પાલવે. આ ઉપરથી બે વાત સ્પષ્ટ માલમ પડે છે; એક તો એ કે સ્થાયી મુડી વધવાથી વસ્તુ સોંઘી થવાનો સંભવ છે, અને બીજી એ કે તેમ થવાથી દેશની એકંદર ઉપજ કમી થવાનો જોગ છે; આ વાતનો આગળ વિચાર આવશે.

સ્થાયી મુડી વધવાથી દેશની એકંદર ઉપજ જેમ કમી થવાનો જોગ છે, તેમ મજુરોના હકમાં પણ નુકશાન થવાનો સંભવ છે. ઉપરનાજ દૃષ્ટાંતમાં, જે પુરૂષ વગર-સંચે કામ કરાવે છે, તેની મુડીથી જેટલા માણસનું પોષણ થાય છે, તેના કરતાં માત્ર અડધા માણસનું સંચાવાળાથી પોષણ થાય છે. માટે મુડીવડે વગરસંચે કામ ચાલે, તેના કરતાં તેની તે મુડીવડે સંચાથી કામ ચાલવાથી મજુરીઆત લોકને ગેરફાયદો થાય છે. પરંતુ કોઇવાર છેવટે સંચાથી મજુરીઆત લોકને ફાયદો થાય; કારણ એથી સંચાવાળાને સારો નફો મળવવાથી તે વધારાનો નફો મુડી દાખલ વાપરે, અથવા સંચાથી બનાવેલી વસ્તુ સોંઘી વેચાય, તેથી તેના લેનારને જેટલો ઉગારો પડે તેટલો તે મુડી દાખલ વાપરે; એટલે આખરે મજુરીઆત લોકને ફાયદો થાય. પ-રંતુ થોડા કાળ સુધી મજુરીઆત લોકને એથી નુકશાન થવાનો જોગ ખરો. આ-પ્રમાણે તે લોકને સંચા વગેરે દાખલ થવાથી અને સુધારો થવાથી નુકશાન લા-ગવાનો જોગ તો છે, પરંતુ ઘણું કરીને એથી નુકશાન લાગતુ નથી; કારણ સંચાને વાસ્તે જે મુડી વાપરવામાં આવે છે, તે ઘણું કરીને જંગમ મુડીમાંથી લેવાતી નથી, પરંતુ વર્ષો વરસ દેશની મુડીમાં જે વધારો થાય છે, તેમાંથી લેવામાં આવે છે. જે દે-શોમાં મુડીનો સંચય હોતો નથી, તે દેશો સ્થાયી મુડીમાં પોતાનો ઘણો ભાગ નાં-ખતાજ નથી. વળી હમણાંજ કહેવામાં આવ્યું કે સંચા લાવવાથી કદાપીને જો થોડા દીવસ મજુરીઆત લોકને અથવા દેશની ઉપજને હાનિ પહોંચે, તો પણ છે-વટ તેમાંથી જંગમ મુડીનો વધારો થાય છે.

હરેક દેશમાં જુમલે ઉપજ કેટલી થશે તેનો આધાર દેશની મુડી એની એ રહી હોય, તો મજુરોના કળાકૌશલ્ય તથા જ્ઞાન ઉપર રહેલો છે. હવે જ્યારે કળાકૌશલ્ય વધે છે, ત્યારે એટલીજ મુડી તથા મહેનતથી વધારે દ્રવ્ય ઉત્પન્ન થાય છે; માટે કળાકૌશલ્યના વધારાથી સંચા બનવાથી કદાપિ પ્રારંભે એકંદર દ્રવ્યમાં ન્યૂનતા થાય, તોપણ છેવટે તેથી ઉત્પત્તિમાં તથા મજુરોના હકમાં ફાયદો થાયછે. પરંતુ આવા સંચા દાખલ થતી વખતે સરકારની બે ફરજ છે. કોઈવાર સંચા થવાથી એકંદર જંગમ

મુંડીમાં ઘટારો થાય છે, ને મજુરીઆત લોકની રોજી નાહક કમી થઈ જાય છે; ને કોઈવાર એકંદર જંગમ મુડીમાં તો ઘટારો પડતો નથી, પણ એક ધંધાનો રોજગાર મટે છે ને તેની મુડી બીજામાં જાય છે. આ બંને પ્રસંગે જે માણસો દુઃખ પામે તેનાં દુઃખ કમી કરવાને કાયદા વગેરે બાંધી બંદોબસ્ત કરવો, એ સરકારનું કામ છે; કારણ એઓને માથે જે દુઃખ પડે છે, તે કંઇ પોતાની કસૂરથી પડતું નથી, પણ પ્રજા સમસ્તના તથા હવે પછી જે નવી પ્રજા થવાની તેના ફાયદાને માટે પડે છે.

મુડીના બે પ્રકાર કહ્યા, તેમાંના એકેમાં નહીં આવે, એવી કેટલીક વસ્તુઓ છે. વેપારી પાસે તૈયાર માલ પડ્યો હોય, તે એકેમાં ગણાય નહીં; કારણ તેને ઉત્પત્તિમાં વાપરવાનો તેનો ઠરાવ હોય, તોપણ તેનો વિચાર તેને જંગમ કે સ્થાવર મુડી દાખલ અથવા બંને દાખલ વાપરવાનો છે, તે કોઈથી આગળથી કહી શકાય નહીં. વળી જે મુડી ધંધામાં વાપરવા લાયક છે, પણ જે ફાવતો ધંધો નહી મળવાથી પડી રહી છે, તેવી અલફાઉ મુડી પણ જંગમ કે સ્થાયી એકે ગણાય નહી.

प्रकरण ७ मुं

વધતી ઓછી ઉત્પત્તિનાં કારણ.

દ્રવ્યોત્પત્તિનાં સાધનો આપણે એકે એકે જોઈ ગયા. તેઓ ત્રણ છે. મહેનત, સૃષ્ટિ જન્ય પદાર્થ, ને મુડી. આમાંના બે, મહેનતને સૃષ્ટિજન્ય પદાર્થ ઉત્પત્તિ વિશે અવશ્યનાં છે. તેઓના વગર ઉત્પત્તિ થાયજ નહીં. મુડી એ મહેનતનું ફળ છે, માટે મુડીને જુદા સાધન દાખલ ન ગણતાં, મહેનતમાં તેનો સમાસ કરીએ તો ચાલે એમ છે, તો પણ એને જુદા સાધન તરીકે ગણવી ઠીક છે; કારણ મહેનતની જેટલી જરૂર છે તેટલીજ તેની જરૂર છે. મુડીનો ઘણો ભાગ મહેનતનું પોષણ કરવાને વાસ્તે ખરચાય છે, ને કેટલોક ભાગ હથીઆર વગેરે સાધનને સાહિત્યમાં વાપરવો પડે છે.

આ ત્રણ વાનાં સિવાય દ્રવ્ય થાયજ નહીં. પણ આ ત્રણ સાધનો બધે ઠેકાણે હોય છે. તેમ છતાં દ્રવ્ય કોઈ ઠેકાણે વધતું, ને કોઈક ઠેકાણે ઓછું પેદા થાય છે, એનું કારણ શું, એ આપણે જાણવું જોઇએ. બે દેશમાં આ બધી વાત સમાન હો-

ય છે, તોપણ ઉત્પત્તિમાં ઘણો ફેર પડે છે, ને વળી એકના એક દેશમાં જુદે જુદે કાળે દ્રવ્યની ઉત્પત્તિમાં ઘણો અંતર જોવામાં છે. અંતરનું કારણ માત્ર આ ત્રણ સાધનોના ફેરથી સમજાવી શકાતુ નથી. હવે એ તફાવતનાં કારણ નીચે જણાવીએ છીએ.

પેહલું કારણ તો એ કે કુદરતી કાયદા: એ કાયદા ઘણા પ્રકારના હોય છે. એક તો જમીનની રસાળતા. જો બે દેશ બધી વાતે સરખા હોય, પણ એકના કરતાં બીજાની જમીન રસાળ હોય, તો તે રસાળ દેશમાં પાક વધારે થશે. ગુજરાતનો ખેડુત દક્ષિણના ખેડુત કરતાં કાંઈ વધતો મહેનતુ નથી, અથવા ઘણું કરીને વધારે બુદ્ધી વાળો પણ નથી, પણ એક મણ પાકને માટે ગુજરાતમાં જેટલી મહેનત પડેછે, તેના કરતાં દક્ષિણમાં દોઢી બલકે બમણી પડેછે. વળી રસાળતા રસાળતામાં ફેર છે. સઘળા દેશ સરખા રસાળ હોતા નથી. કોઈ થોડા રસાળ હોય છે, અને કોઈ વધારે રસાળ હોય છે; આ બધા ફેર કુદરતી ફેર છે, ને એને લીધે જે કાયદો મળે, તે કુદરતી કાયદો કહેવાય. જમીનની રસાળતા કરતાં દેશની રૂતુથી ઉત્પત્તિમાં વધારે ફેર પડે છે; ને તે ફેર ઘણી રીતે પડે છે. કેટલાક દેશ માણસ રહી શકે એવા હોયછે, પણ ત્યાં થંડી એટલી બધી પડેછે, કે ખેતીના ઉદ્યમ ચલાવી શકાય નહીં; વળી કેટલાકમાં અમુકજ તરેહનો પાક થઈ શકે, બીજી તરેહનો થાય નહીં એમ હોય છે. ડાંગેર, શેલડી શીતકટિબંધમાં ઉગે નહીં; જેમ જેમ દક્ષિણ તરફ સમશીતોષ્ણકટીબંધ તરફ આવતા જઈએ છીએ, તેમ તેમ વધારે વસ્તુઓનો પાક થઈ શકવાનો જોગ માલમ પડેછે, ને છેવટે ઉષ્ણકટિબંધમાં ઘણી ખરી વસ્તુ પાકેછે એટલુંજ નહીં, પણ એકેક વસ્તુના વરસમાં બબે ત્રણ ત્રણ ફાલ ઉતરેછે. આ પણ કુદરતી કાયદો છે. આ ઉપરથી એમ ન સમજવું કે રૂતુથી જે ફેર પડેછે, તે માત્ર ખેતીના ઉદ્યમમાંજ પડે છે. બીજા ધંધામાં પણ રૂતુથી ઘણો ફેર પડે છે. ઠંડા દેશોમાં જેટલા જેટલા પદાર્થો હવામાં ઉઘાડા રહેછે, તે બહુ ટકતા નથી, પણ ઉષ્ણકટિબંધમાં તેવાજ પદાર્થો સેંકડો વરસ નભે છે. હાલ હિંદુસ્તાનમાં પાંચસો વરસનાં ઘણાં મકાનો હશે, પણ ઠંડા કે હવાવાળા દેશમાં એવાં થોડાંજ માલમ પડશે. વળી કેટલાક હુનરોમાં રૂતુના કારણથી ઉત્પત્તિમાં ઘણો ફેર પડે છે. ગરમ દેશમાં કોરા માલ ઉપર જેવા ભભકાદાર રંગ બેસે છે, તેવા ઠંડાને શરદ દેશમાં બેસતા નથી, કારણ તેઓના વાતાવરણમાં ઘણો ભેજ હોય છે. રૂતુથી ઉત્પત્તિમાં એક ત્રીજો ફેર એ પડેછે ઉત્પાદકોની શારીરિક તંગીઓ ગરમ દેશમાં ઘણી ઓછી હોય છે. ગરમ દેશમાં, અને

ગરમી ને ઠંડી સરખી હોય, એવા દેશમાં વસ્ત્ર થોડાં જોઇએ છે, ને ઘરબાર પણ જેવાં તેવાં હોય તો નભે છે; ને બળતણ, કે જેના વિના ઠંડા દેશમાં ઘડી ચાલે નહીં, તેનું કામ રાંધવા સિવાય ભાગ્યેજ પડે છે. શરીરનું પોષણ પણ તેઓને થોડું જોઇએ છે, કારણ માણસ જે ખોરાક ખાય છે, તેનો ઘણો ભાગ તો માત્ર શરીરમાં અગ્નિ પ્રદીપ્ત રાખવાના કામમાં આવે છે. હવે ગરમ દેશમાં તડકાથી ને હવાથી અગ્નિ કાયમ રહે છે; એટલે ઘણો ખોરાક ખાવો પડતો નથી. આવા અવશ્યના પદાર્થો માટે માત્ર ઠંડા દેશોમાં જે મહેનત લેવી પડે છે, તેમાંના ઘણાખરાનો ગરમ દેશમાં ખપ રહેતોજ નથી, ને આ મહેનત જે ઉગરી તે બીજા દ્રવ્યની ઉત્પત્તિમાં નાખી શકાય. આ પણ એક કુદરતી ફાયદો છે.

પુષ્કળ ખનિજ પદાર્થો વગ પડતે ઠેકાણે, ને મધ્યમ મહેનતથી કાઢી શકાય, એમ ભોંયમાં હોય, તો ઉત્પત્તિ વિષયમાં તે પણ કુદરતી ફાયદા તરીકે છે. વિલાયતમાં કોલસાની જે વિશાળ ખાણો છે, તે આ પ્રકારનો લાભ છે; ને તેમાં તથા સ્વતંત્ર સંસ્થાનમાં થોડી મહેનતે સાફ થાય એવો લોઢાનો કચરો જડે છે, તે પણ એવોજ લાભ સમજવો. પહાડી ને ડુંગરી દેશોમાં પુષ્કળ પાણી મળી શકે છે, તેથી પણ જમીનના કઠણપણાનો ખંગ વાળી જાય છે. પણ આ બધા લાભ કરતાં મોટો એક કુદરતી લાભ છે, તે તો હજી કેવો બાકી છે. તે એકે સમુદ્રતટે સ્થિતિ, ને તેનો જોડે વહાણને આશ્રય આપે એવાં બારાં; ને એથી ઉતરતો લાભ વહાણ ચાલી શકે એવી નદીઓ. આ બે કુદરતી ફાયદાથી ઉત્પત્તિમાં દેખીતો માત્ર એટલોજ ગુણ થાયછે, કે પેદાશ લાવવા લઇ જવાનું ખરચ કમી પડેછે, પણ આ ગુણ કંઇ નાનોસુનો નથી. માત્ર માલ લઇ જવા લાવવામાં કેટલો શ્રમ તથા ખરચ પડે છે, તેનો જેણે પુરતો વિચાર કર્યો નથી, તેના મનમાં આ ફાયદાનું ખરેખર મહત્વ ઠસનાર નથી. એ ફાયદો તો એટલો બધો ગુણકારી છે, કે જમીન ખરાબ હોય તેનો તથા બીજી બધી કુદરતી હરકતો હોય, તેનો ખંગ તેનાથી વળી જાય છે. જ્યારે માણસે અકલથી આગબોટ તથા રેલવે બનાવી નહોતી, ત્યારે તે ફાયદાનો ગુણ ઘણો જણાતો. પ્રાચીન કાળે જે દેશ ઘણા રસાળ હતા, તે સોથી આબાદમાં ગણાતા નહોતા; પણ જે સમુદ્ર કિનારે હતા, જેમાં વહાણ ચાલે એવી નદીઓ હતી, ને જે પોતાની બંદરી સ્થિતિનો પુરતો લાભ લેતા તે દ્રવ્યવિષયમાં સર્વોત્તમ હતા.

સારી જમીન, સારી ઋતુ, પુષ્કળ ખનિજ પદાર્થો, ને તટસ્થ સ્થિતિ, એ બધા

કુદરતી ફાયદા છે; ને તેઓથી મહેનત તથા મુડી એકનાં એક છતાં, દેશદેશની ઉત્પત્તિમાં ઘણો ફેર પડે છે. પણ અનુભવથી એમ માલમ પડે છે કે માણસો ઘણી કીર્તિને કે મોટાઇને પામે છે, તે જેમ કુળની કે પૈસાની સાહાયતાથી પામતા નથી, પણ આપબળથી પામે છે, તેમજ જે જે દેશની પ્રજા દ્રવ્યસંબંધી મોટાઇને પામી છે, તે તે કુદરતી લાભથી પામી નથી, પણ આપબળથી પામી છે; આપ સમાન બળ નથી, એ કહેવત દ્રવ્ય વિષયમાં બહુ ખરી પડે છે.

કાં દ્રવ્ય ઊત્પત્તિમાં કે કાં બીજી બાબતમાં, જય છે તે પુરૂષાર્થને વશ છે ને સ્થિતિ ને વશ નથી. જેમ માણસો માણસોમાં સારી સ્થિતિ વાળા અને પૈસે ટકે તકિર માણસ પાછળ પડે છે, ને પુરૂષાતન વાળો માણસ આગળ પડે છે, તેમજ જે દેશોમાં કુદરતી ફાયદા ઘણા હોય છે, તે હમેશ સર્વોત્કૃષ્ટ થતા નથી, પણ જે દેશની પ્રજામાં પુરૂષાતન હોય છે, તે ખરે ખરા મોટા થાય છે. વળી પુરૂષાર્થ એ ગુણ એવો છે કે વિકટતાથી ને ફિકરથી સબળ થાય છે, ને સુખ ચેનથી નિર્બળ થતો જાય છે. જેમ જેમ તરદી અને શ્રમ વધારે વેઠવો પડે છે, તેમ તેમ માણસનો પુરૂષાર્થ વધે છે, અને સુખી આ તથા એશી જીવોમાં તે ઘટે છે. ઊજડ, ઠંડા, ને વિકટ મુલકમાં રહેનાર લોક, રસાળ, ગરમ, અને સપાટ દેશને જીતતા આવ્યા છે, તેનું મુખ્ય કારણ આ છે. ગ્રીક ને રોમન લોકોએ ફતેહ મેળવી ઇતિહાસમાં નામ કર્યાં, તેનું કારણ પણ એજ કે, તેઓના દેશની રૂતુ વિકટ નહોતી, તોપણ વિકટતાથી શરીર જેવું ધીંગુ થાય તેવું ધીંગુ કરવાને શરીરને રગડવાનો તે દેશોએ ચાલ રાખ્યો હતો. જ્યારે એ ચાલ બંધ થયો ત્યારે એમની મોટાઇનો પણ અન્ત આવ્યો. માટે દુનીઆના બધા વ્યવહારમાં પુરૂષાર્થથી જેટલું ફળ છે, તેટલી સારી સ્થિતિ નથી એ વાત બધાએ, અને તેમાં ખસુસે કરીને ગુજરાતના લોકોએ યાદ રાખવાની છે.

કુદરતી ફાયદાથી ઉત્પત્તિ ઉપર શી અસર થાય છે તે તો કહ્યું. પણ ઉત્પત્તિમાં ફેર થવાનાં કેટલાંક મનુષાધીન કારણ છે, તે પણ કહેવાં જોઇએ. આ બીજા પ્રકારનાં કારણોમાંથી પહેલુ કારણ તો એ છે કે મહેનત કરવામાં જોમ, રાખવો. હવે જોમ જોમમાં ફેર છે. તરત ફાયદો મળવાનો હોય ત્યારે જોમ કરવામાં થોડાજ માણસ બાકી મુકે છે. પણ જે મહેનતનું ફળ તરત થવાનું ન હોય, પણ કેટલેક કાળે થવાનું હોય, તેવી મહેનત એક સરખા સરખાને જોમથી કરનારા ઘણા થોડા હોય છે. ઉત્પત્તિમાં ઘણો ફાયદો તો આ પ્રકારના ટકાવી રાખેલા જોમથી થાય છે. પરંતુ લાંબા કાળ સુધી સરખો ને સરખો જોમ ટકાવી રાખવો એ સહેલ

વાત નથી; જંગલી લોકથી એ વાત બનતીજ નથી, અને આપણા લોકમાં પણ ઘણા ખરાથી દ્રવ્યને કાળે લાંબીવાર જોમ ટકાવી રખાતો નથી; તેઓ થોડેથી ખુશ થઇ સંતોષ પામી બેસી રહેછે.

ઉત્પત્તિમાં ફેર પાડનારૂં એક મોટું કારણ કળાકૌશલ્ય તથા જ્ઞાન છે. સરખી મહેનત ને સરખી મુડી છતાં, કળાને જ્ઞાનવાળા દેશમાં અજ્ઞાતને કળાહીન દેશ કરતાં વધારે ઉત્પત્તિ થવાની. આ વાત પ્રત્યક્ષ જેવી છે, એટલે સમજતાં વાર લાગનાર નથી. એકજ પ્રકારના કારીગરોમાં, જેમ કે સુતારમાં, કળાવાળો, કળાહીનના કરતાં વધારે દ્રવ્ય પેદા કરે છે, ને તેને મુસારો પણ વધારે મળે છે; ને જેમ એક પ્રકારના કારીગરનું કહ્યું, તેમ સઘળાનું સમજવું. જે દેશમાં સઘળા કારીગર કળાવાન હોય, તે દેશ તેથી ઉતરતી કળાવાળા દેશ કરતાં સરખી મુડીને મહેનતે વધારે દ્રવ્ય પેદા કરશે. જેમ કળાથી ઉત્પત્તિના એકંદરમાં ફેર પડે છે, તેમજ જ્ઞાન, ચાતુર્ય, ને બુદ્ધિથી પડે છે. જે માણસ પોતાના કામમાં ચાતુર્ય ને બુદ્ધિ વાપરે છે, તેનાથી આખરે બીજા કરતાં વધારે દ્રવ્યની નીપજ થશે. ઉત્પાદક મુડી એની એ હોય, તો સૃષ્ટિજન્ય પદાર્થોનું વિજ્ઞાન તથા લોકોપયોગી હુનરો એ બે ઉત્પત્તિની સીમા છે, ને જ્યાં લગી એ બેમાં વધારો થાય નહી, ત્યાં લગી મહેનતને મુડીનું ફળ એટલું ને એટલુંજ રહેશે. પણ જો કળાકૌશલ્ય તથા પદાર્થવિજ્ઞાન વધે, તો એની એ મહેનતને મુડીથી બેશક વધારે દ્રવ્ય ઉત્પન્ન થયા વગર રહે નહીં.

કળાકૌશલ્યથી દ્રવ્યમાં જે વધારો થાયછે, તે મુખ્યત્વે કરીને નવા નવા સંચાને નવાં નવાં રાચો પેદા કર્યાથી થાય છે. સંચાને રાચોથી ઉત્પત્તિમાં શી રીતે વધારો થાય છે, તે આ ઠેકાણે વિસ્તારવું ફાવે નહી. પરંતુ એતો સર્વ માન્ય કરશે, કે સંચા વડે દ્રવ્ય ઘણું સસ્તુ પેદા થઇ શકે છે, તથા કેટલાક અદ્ભુત બળનાં કામો, જે માણસથી હાથ વડે કોઇ દહાડો બને નહી, તે તથા કેટલાંક બારીકીનાં કામો, સંચાની મદદથી બનીશકે છે આગગાડી તથા આગબોટો જે બેહદ ભાર ઊંચકી લેઈ જાયછે, તે તેના સંચાના બળથી જઇ જાયછે. ચોપડીઓ આવી સસ્તી વેચાયછે તે પણ સંચાના બળથી. સંચા નહોત, તો આ કામો બનત તો ખરાં, પણ માત્ર તે કરવાને બહુજ શ્રમ પડત. પણ કેટલાંક કામો તો સંચા વગર બનતજ નહી. ખાણોમાં ખોદતાં મોડે ઊંડાણે પાણી ભરાઇ આવે છે, તે પાણી કહાડી નાખવાને બંબાની સહાય ન હોય, તો ખનીજ દ્રવ્યનો ફાયદો મનુષ્ય જાતને ઘણોજ થોડો થાય. વહાણ, હોડીઓ, ગાડાં, ત્રાપા, એ પણ એક પ્રકારના સંચા છે; જો આગબોટો ન હોય તો દરીઆ

ઓળંગવાનું કોઈ દહાડો બનત નહીં. વિવિધ ધંધામાં જે જે રાચનો ખપ પડેછે, તે પણ કેટલાક કળાકૌશલ્યથી થાય છે. તે જો ન હોય તો ઉત્પત્તિમાં ઘણી ન્યૂનતા થાય. પ્રણાજ જાડા સંચા હોય, તો કામ ચાલી શકે ખરૂં; પરંતુ પછી જે સુધારા થાય છે, તેથી ઉપજ ઘણે થોડે શ્રમે પૈદા કરી શકાય છે; ને આ પ્રમાણે જે મહેનત ઉગરે છે, તે બીજી તરેહનું દ્રવ્ય ઉત્પન્ન કરવામાં વપરાય છે, ને તેથી આગળ જેટલી મહેનતથી દ્રવ્ય વધારે પૈદા થાય છે.

આ ઉપરથી એમ નહી સમજવું જોઈએ, કે તેવા નવા નવા સંચા ઉઠાવવા તથા રાચો બનાવવાં, એટલાજ ખપમાં કળાકૌશલ્યને વિજ્ઞાન આવેછે. ખેતીના કામમાં સંચાનો ઉપયોગ તો સુધરેલા દેશમાં હાલ હાલમાં થવા માંડ્યોછે; અને તે પણ બહુ નથી. તો પણ વિજ્ઞાને કરીને ખેતીની ઉત્પત્તિમાં ઘણો ફેર પડી ગયોછે, ને તે વિજ્ઞાન સંચાને રાચો બનાવવાના કામમાં આવ્યું નથી, પણ તે વડે જમીન ઉપર ઉગતા છોડની સારી કેળવણી થઈ શકે છે. વરશો વરસ એકજ તરેહનો પાક કરવાથી જમીન ખાલી થઈ જાય છે એ વાતનો કેટલાકને વિચારજ નથી; વળી કેટલાકને જેવું તેવું ભાન છે, તેઓ ખીજેત્રીજે વરશે સાંખુ મેલે છે; પણ જમીનને એકાન્તરે પડતર ન રાખતાં વરસોવરસ ફરતાફરતી અનાજ વાવવાથી તેનો કસ કમી થતો નથી, એવું જેને જ્ઞાન હોય, તે તેટલા જ્ઞાનથી ઉત્પત્તિ બમણી કરી શકે છે, એમ કહીએ તો ચાલે. વળી ખાતર નાખી સુખી પડી ગએલી ધરતીને પાછી પાકવાન કરવી, નવાં નવાં તથા ફળદાયક ખાતર વાપરવાં, ખારી જમીનને મીઠી કરવી, ભીની જમીનને કોરી કરવી, જમીનને ખેડ્યા પછી જેમ બને તેમ તેમ રજે રજ જુદી કરવી, વગેરે જે તરેહ તરેહની કેળવણીથી પાક સારો ને ઘણો થાય છે, તેવી બધી કેળવણી કરવી, એ સારા જ્ઞાનવગર બને નહીં.

જ્ઞાનથી દેશનું દ્રવ્ય ઘણું વધે છે, એ વાતની યુરોપીય દેશોની, ને તેમાં મુખ્યત્વે કરીને વિલાયતની હાલની સ્થિતિ જોવાથી આપણી ખાતરી થઈ જાયછે. યુરોપના લોક આપણા કરતાં શરીર બળમાં ચઢીયાતાછે, અને વળી કળાકૌશલ્ય તથા વિદ્યામાં પણ આપણા કરતાં ઘણા આગળ છે, તેનેજ લીધે તેઓ હાલ દ્રવ્યમાં પણ બહુ ચઢીયાતા છે. જેમ દેશમાં ઘણા કળાવાન, વિદ્વાન, તથા હિકમતી લોક થવાથી દેશની દોલત વધે છે, તેમજ દેશના સર્વ લોકોમાં સાધારણ જ્ઞાનનો પ્રસાર કરવાથી પણ દ્રવ્યમાં ઘણો વધારો થાય છે. હાલ મેહેનતના કરનારા કમઅકલ, સુસ્ત, ને ફકી દ્દષ્ટિના હોવાથી, તેઓને દ્રવ્ય સંબંધી ઘણું દુઃખ પડે છે, એટલુંજ

નહીં, પણ એકંદર પેદાશ કમી થાય છે; કારણ કે જેટલા જોમથી કમઅકલ માણસ શ્રમ કરે, તેટલાથીજ જો વિચારવાળો માણસ કરે, તો તેનાથી વધારે પેદા કરે, એ વાત સર્વ ને જાણેછે. સાધારણ કેળવણીનો પ્રસાર થવાથી આ પ્રમાણે સર્વ કામમાં દેશને લાભછે, અને દ્રવ્ય સબંધી લાભ પણછે. જો આપણા દેશમાં કોળી, દુબળા, કણબી, વગેરે ને ખરી બુદ્ધિ ખુલે એવી કેળવણી આપવામાં આવે, અને હાલ કેળવણી પામ્યા પછી તેઓને કારકુન થવાનું મન થાયછે, તેમ ન થતાં તેઓ પોત પોતાના ધંધામાં પડે, તો દેશની ખેતીવાડીની ઉપજમાં તથા બીજી બધી ઉપજમાં ઘણો ફાયદો થાય. દેશના દ્રવ્ય સબંધી લાભને માટે પણ કેળવણીનો હાલના કરતાં ઘણો પ્રસાર થવો ઘણો જરૂરછે. વળી કેળવણીથી બીજો ફાયદો એ થાયછે, કે સમજુ મજુરો ઘણા વિશ્વાસુ હોય છે. આપણા દેશના લોકોમાં મહેનતુ લોકોમાં ઘણા ભણેલા નથી, તેથી તેઓનો દૃષ્ટાંત એકદમ આપી શકાતો નથી. પરંતુ યુરોપમાં એક વેપારી નિત્ય બે હજાર માણસ કામે લગાડે છે, તે એમ કહેછે કે, મારા હાથ નીચેના માણસોમાં જે વધારે કેળવણી પામેલા છે, તે કોઈ દિવસ નીશામાં મસ્ત થતા નથી; તેઓના વૈભવ પણ સમજના ઘરમાં હોય છે; તેઓને લખવા ભણવાનો શોખ હોય છે; તેઓ ખરચમાં નીતિ રાખે છે; ને પોતાના શેઠના માલની પોતાના માલના જેવી સંભાળ રાખેછે. આ પ્રમાણે નીતિથી પોતાની જાતને ફાયદો થાયછે એટલુંજ નહીં, પણ દ્રવ્યઉત્પત્તિમાં દેશને ઘણો લાભ છે. દેશના મજુરો વિશ્વાસુ હોવાથી તેને દ્રવ્યનો જ કેટલો લાભછે તે આ પ્રમાણે વિચાર્યાથી માલમ પડેછે. હાલ કેટલીક મહેનત કરવી પડેછે, તે માત્ર અવિશ્વાસને લીધે કરવી પડે છે. ઉત્પાદક ઉપર નજર રાખવાને, તથા તેમનું કામ તૈયાર થયા પછી પરખી જોવાને, જેટલી બધી મહેનતનો ખપ પડેછે, તેટલી બધી મહેનત. જો મજુરો વિશ્વાસુ હોય, તો ઉગરે, અને તે બીજા કામમાં વાપર્યાથી સફળ થાય, એટલે દેશના દ્રવ્યમાં વધારો થાય. વળી હાલ એટલી મહેનત નકામી કરતાં છતાં પણ જેવું ને જેટલું થવું જોઈએ, તેવું ને તેટલું કામ થતું નથી; કારણ તપાસણી કરનારની આંખ પહોંચી પહોંચીને ક્યાં ક્યાં પંહોચે? જો મજુર ધારે તો તેની આંખ છતાં પણ છેક ધૂળગજા જેટલું કામ કરે. દુનિઆમાં જો નીતિ ચાલતી હોય જો ચોર, ઠગારા, લુટારા લોક ન હોય, ને બધા માણસો એક એકનો વિશ્વાસ નિશ્ચિંતપણે રાખી શકતા હોય, તો દુનીઆંને પરમાર્થનો ફાયદો છે, એ તો જુદો, પણ માત્ર દ્રવ્યનો કેટલો લાભ થાય? હાલ આ લુચ્ચા લોકોનો ભાર મહેનતુને માથે પડે છે; અને તે ભાર બે રીતનો પડે છે;

એક તો એ લોકના ગુજરાનનો ભાર પ્રમાણિક અને મહેનતુ લોક ઉપર પડે છે, કારણ લુચ્ચા લોક કંઈ સીધી રીતે કમાતા નથી; ને બીજુ એ કે તેઓને સકંજામાં રાખવાને તથા પકડવાને પોલીસ રાખવી પડે છે, કેદખાનાં રાખવાં પડે છે, ફોજદારી અમલદારો, તથા ન્યાયાધીશો તથા કેટલેક દરજ્જે દિવાની કોરટો તથા વકીલોનો ખપ પડે છે; ને બીજું એવું ઘણું ખરચ થાય છે; અને તેમ થતાં પણ ઉત્પત્તિમાં તેઓને લીધે ઘણું નુકશાન થાય છે. હવે જો આવી લુચ્ચાઈ, ઠગાઈ થતી ન હોય, અથવા કમી થતી જાય, તો ઉદ્યોગમાં ને ઉત્પત્તિમાં ઘણો વધારો થાય; અને તેવા કામમાં રોકાએલા સઘળા જનો હાલ બીજાનું પેદા કરેલુ ધન ખાઈ નિભાવ કરે છે, તે પોતાને હાથે પેદા કરે, ને દેશ પૈસે ટકે ચેતનમાં રહે. આ લુચ્ચાઈ ઠગાઈને મળતુંજ ઉત્પત્તિમાં એક બીજું અલિલ છે, તે આપણે અહીંયાં ઘણું આવે છે, અને કદાચને સર્વ ઠેકાણે થોડું ઘણું ચાલતું હશે. તે વેપારમાં કપટ. એવા કપટથી જે નકામો વખત તપાસ કરવામાં જાય છે તેનો ગેરફાયદો દેખીતોજ છે. પરંતુ કેટલેક ઠેકાણે ભરંસો ઉઠી જવાથી મોટા મોટા વેપારના રસ્તા બંધ થઈ ગયા છે, ને છેવટે વેપારીઓને તથા દેશને મોટાં નુકશાન ભોગવવાં પડ્યાં છે. રૂના વેપારનાં કપટ પકડવા જે હાલ સરકારનું ખાતુ છે તેનું ખરચ વેપારને માથેજ છે. જેમ આવાં કપટો તથા લુચ્ચાઈથી વેપારને અલિલ પહોંચે છે; તેમજ નેકપણાથી તથા ચોખા વ્યવહારથી વેપારમાં ઘણીજ સગવડ પડે છે, ને લાખો રૂપીઆના સોદા પા ઘડીમાં થાય છે. જો કપટ, લુચ્ચાઈ, વગેરે વેપારમાંથી કમી થાય, તો વખત તથા શ્રમનો ઉગારો થાય, એટલુંજ નહીં પણ મજુરો તન દઈને મહેનત કરે, તેથી તથા એકેકાનો પૂર્ણ ભરંસો રહે, તેથી દ્રવ્ય ઉત્પત્તિનું કામ યથાયોગ્ય ચાલે.

હવે ઉત્પાદક શક્તિઓમાં વધારો કરનાર એક કારણ કહેવું બાકી રહ્યું છે. તે નિર્ભયતા. ઉત્પાદક મજુરનું સરકારે પૂર્ણ રક્ષણ કરવું જોઈએ; ને તે વળી બે રીતે કરવું જોઈએ: ઉત્પાદકને બીજું કોઈ હરકત, ઈજા કરતું હોય, તેને સરકારે મના કરવી જોઈએ. ચોરી, લૂટફાટનો પાકો બંદોબસ્ત રાખવો જોઈએ, તથા હરેક જણ પોતાની ખરી મહેનતનું ફળ પોતેજ ભોગવે એવું કરવું જોઈએ. અને સરકારે પોતે પણ ઉદ્યોગમાં કશી તરેહનું ભયનું કારણ નાંખવું ન જોઈએ. પહેલા પ્રકારનું રક્ષણ તો ઘણાં રાજ્યોમાં હોય છે; એટલે ધાડ, ચોરી તથા લૂટફાટનો બંદોબસ્ત જેવો તેવો બધે ઠેકાણે હોય છે. પણ બધે ઠેકાણે બંદોબસ્ત સરખો હોતો નથી. જેમ બંદોબસ્ત પાકો તેમ ઉત્પત્તિમાં ફાયદો થાય છે, ને જેમ

કાચો તેમ નુકશાન થાય છે; કારણ કે જ્યાં પોતાનું કમાએલું પોતે ખાવાનો પકો બરૂસો હોય, ત્યાં ઉત્પત્તિ સૌથી સરસ ચાલે છે; ને સંઘરો પણ સારો તથા ઝટ જન્મીને થાય છે.

આપણા દેશી રાજ્યોમાં ઘણું કરીને પહેલા પ્રકારનું રક્ષણ હોય છે, પણ બીજા પ્રકારનું હોતુ નથી. સરકાર પોતે બીજા કોઈને લુટવા દે નહીં, પણ પોતે ધારે તેને ગમે ત્યારે અને ગમે તેટલો દંડે. આવી સ્થિતિથી પરિણામે દ્રવ્યની ઉત્પત્તિ ઓછી ઘટી જાય છે; કારણ જે માણસને એમ ધાસ્તી છે, કે મારી મહેનતનું ફળ મને મળે તો મળે, અને કદાપિ ન પણ મળે, તે માણસ પોતાના ગુજરા કરતાં વધારે દ્રવ્ય શું કરવા પેદા કરશે? લુટ ફાટથી ને રાજ્યના ગેરબંદોબસ્તથી દ્રવ્યમાં જેટલો ઘટારો થતો નથી, તેટલો રાજાના તથા રાજાના અમલદારોના જુલમથી થાય છે, એ વાત સર્વ કોઈ રાજ્ય મામલાના ચલાવનારે યાદ રાખવી ઘટે છે. બીજું કોઈ લૂટે, તો તે ધણીનો રૈયતને ઉપાય જડે છે; પણ બીજા પ્રકારની ધણીનો, એટલે રાજા અથવા રાજાના અમલદારો દંડે, તેનો ઉપાય ઘણુંકરીને હોતો નથી. રાજા કે રાજ્યના નોકરોનો જુલમ ઉદ્યમને સ્તબ્ધ કરી નાખે છે. હાલ અંગ્રેજના અમલ નીચે ગુજરાતમાં ઘણું કરીને બંદોબસ્ત સારો છે. પણ ત્યાં પણ સીમાડા આગળથી હમેશ પરરાજ્ય જોડે વેપાર નિશ્ચિન્તપણે ચલાવી શકાતો નથી; ને રાજ્યની અંદર સારી વ્યવસ્થા રહે છે, તે રાજ્યના દમથી રહે છે, કાયદાને માહાત્મ્યે કરીને રહે છે, એમ કહી શકાતું નથી; કારણ જે કાયદાથી ફરીઆદીએ કેટલાક દિવસ ખરાબ થવું પડે, ધંધો મૂકવો પડે, વકીલો વગેરેના મન રાહડાં કરવાં પડે, અને બારે સ્ટાંપ તથા ફિનાં ખરચ આપવાં પડે, એ કાયદો શું દ્રવ્યના હિતમાં ઘણો સારો કહેવાય?

આ સિવાય બીજાં પણ દ્રવ્ય વૃદ્ધિનાં કારણ છે ખરાં, તેઓનો આગળ વિચાર થશે. હાલ એટલુંજ કહેવું બસ છે કે જે જે કાયદા કે રૂઢીથી પેદા કરનારનું દ્રવ્યની વધારે ઉત્પત્તિ કરવામાં હિત રહે, તે તે કાયદા કે રૂઢી દ્રવ્યોત્પત્તિના લાભમાં ગુણકારી છે; ને તેથી એકંદર દ્રવ્ય વધારે પેદા થાય છે. એથી ઉલટા સર્વ ધારાથી દેશને દ્રવ્ય સબંધી નુકશાન થાયછે, કારણ એથી સંઘરો કમી થવાથી મુડી ઓછી થાયછે, ને તેથી દ્રવ્ય જુમલે ઓછું નીપજે છે.

प्रकरण ८ मुं.

ઊત્પાદકોની પરસ્પર સહાય.

ઉત્પત્તિમાં વૃદ્ધિ કરનારાં કારણોની આગલા પ્રકરણમાં ગણના કરી, તેમાં એક મોટા કારણને તો આપણે હાથ અડકાડ્યોજ નથી. તે ઉત્પાદકમાં પરસ્પર સહાય. ઊત્પત્તિમાં પરસ્પર સહાય બે પ્રકારની થઈ શકે છે. એકાકી, ને સંયુક્ત. જ્યારે બે પુરૂષો એકજ કામમાં જોડે મંડે, તો તેઓ બે મળી, એકેક જુદું જુદું કરે, તેના કરતાં માત્ર બમણુંજ કરતા નથી, પણ વખતે ત્રમણું, ચોગણું, પાંચગણું અથવા તેથી વધારે ગણું કામ કરે છે. વાઘ મારવાને બે શિકારી નીકળે, તો તે જુદા જુદા કદાપિ એકને મારે, પણ બે જોડે જવાથી બમણાથી પણ ઘણા વધારે મારે. નીક ખોદવા બે મજુર રાખ્યા હોય, તો તે બેઉ મળી એકેકના બમણાથી બહુ વધારે કામ કરે. તેમજ બાળાસો છાપરાં ઉપર નળીયાં ચઢાવેછે, તે બે મળી, એકેક જુદો જુદો કરે, તે કરતાં બહુ કામ કરેછે. આ પ્રમાણે કેટલાક કામમાં પરસ્પર સહાયથી મેહેનતનો ઘણો ઉગારો પડે છે; વળી કેટલાક કામ એવાં છે, કે તે પરસ્પર સહાય વડેજ બને છે; સહાયતા ન હોત તો બનત નહીં. ભારે વજન ઉપાડવાં હોય, મોટા પાટડા કે મોભો ચઢાવવા હોય, ઘરની પાલકો બાંધવી હોય, હોડી હલેસાંથી ચલાવવી હોય, ને બીજાં એવાં અગણિત કાર્યોમાં, ઘણા જનની પરસ્પર સહાયતા વિના કામ થાયજ નહીં. પરસ્પર સહાયતાથી મેહેનતનો તથા વખતનો કેટલો ઉગારો થાયછે, તેનો જેણે ખરો ખ્યાલ બાંધવો હોય, તેણે હાલ કેટલા કેટલા ઉદ્યમોમાં એવી સહાયતાનો ખપ પડે છે, તે જોઈને પછી એમ વિચારવું કે આ ન હોય તો શ્રમમાં કેટલો ફેર પડે. આમ કરવાથી પરસ્પર સહાયતાની પુરેપુરી બુજ તેની નજરમાં આવશે. ન્યુહાલંડના જંગલી લોકો અન્યોન્ય સહાય કરવામાં સમજતાં નથી, માટે તેઓની હાલત ઘણી રીતે પશુ જેવી છે. આ પહેલા પ્રકારની સહાયતા સમજ્યામાં આવે એવીછે.

બીજા પ્રકારની સહાયતા એકદમ સમજમાં આવે તેવી નથી; પરંતુ તે ન હોય તો દુનીઆની ઉપજમાં અતિશય ન્યૂનતા થઈ જાય. જ્યારે થોડા માણસો ટુકડીઓ કરી એવી સંતલસ કરે, કે આપણામાંથી આ ટુકડી વાળાએ અન્ન નીપજાવવું, બેલાએ કપડાં નીપજાવવાં, ને બીજાએ બીજા પદાર્થ નીપજાવવા, ને દરેક ટુકડીએ એટલી નીપજ કરવી, કે પોતાનું પોષણ કરતાં બીજી ટુકડીઓને વાસ્તે જોઈએ તેટલી વ-

સ્તુઓ રહે, ને તે વધારો બીજાઓને આપી તેઓ પાસેથી તેને સાટે તેઓની વપરાશની વસ્તુઓ લે, તો એ બીજા પ્રકારની સહાયતા થઈ.

હાલ આવી સહાયતા જંગલી દેશ સિવાય બધે ઠેકાણે ચાલેછે. હાલના વ્યવહાર પ્રમાણે રૂ પકવવાનો ધંધો એક લોક કરે છે; તેનો પિંજવાનો ધંધો બીજા કરે છે; કાંતવાનો કરનારા ત્રીજા; વણવાનો કરનાર ચોથા; શિવી પહેરવા લાયક લુગડું પાંચમા કરે છે; ને વચે વચે અગણિત ગાડાવાળા, રેલવે વાળા, હોડી વાળા, વેપારીઓ, બપારીઆ, કાપડીઆ, આવે છે તે તો ગણતાજ નથી. આ બધા ધંધેદારો કંઈ પણ તરેહની અંદર અંદર મોઢે બોલીને સંતલસ કર્યા વગર એકઠા મળી એક વસ્તુ (અંગરખો) પેદા કરે છે; એઓ સ્પષ્ટ સંતલસ કરતા નથી, તો પણ એ બધાએ પરસ્પર સહાય કરી એમાં કંઈ શક નથી; એમ નહીં હોત તો અંગરખો (છે તેવા મૂલનો ને પ્રકારનો) થાત નહીં. પરંતુ અંગરખો કરવામાં આટલાજ ધંધેદારોએ એક મત થઈ કામ કરયું છે, એમ સમજવું નહીં. એ બધા ધંધેદારોને ચાલતે કામે ખોરાકનો, રાચનો, ઘરબારનો, સરસામાનનો ખપ પડયો હશે; ને આપણને એ વસ્તુઓ મળનારછે, એવી જો તેઓની આગળથી ખાતરી ન હોત, તો તેઓ પહેલો પોતાનો ખોરાક વગેરે ઉત્પન્ન કરત; ને પછી નવરાશે અંગરખો કરવાની ફિકરમાં પડત. માટે જે જે પુરૂષોએ ખોરાક પેદા કરયો, ઘર બાંધવાનો મશાલો તૈયાર કરયો, ને બીજી એવીજ જરૂરની વસ્તુઓ પેદા કરી, તેઓએ પણ અંગરખાની ઉત્પત્તિમાં સહાય કરી છે; કારણ એઓની સહાય વગર તે છતમાં આવતજ નહીં.

પરંતુ આ સહાયતામાં ને પહેલા પ્રકારના સહાયતામાં એક મોટો ફેર છે. જ્યારે કેટલાક જણો અરસ્પરસ પહેલા પ્રકારની સહાય આપતા હોયછે, ત્યારે હું આને સહાય કરૂછું, એવું પ્રત્યેકના મનમાં જાણપણું હોય છે. પણ બીજા પ્રકારની સહાયતામાં એવું જાણપણું હોતું નથી. ઉપરના અંગરખાનાજ દૃષ્ટાંતમાં, કાપડીઆના કે ખેડુતના કે પિંજારાના મનમાં કોઇ દહાડો સ્વપ્ને પણ એવું નથી આવતું. કે હું દરજીનો મદદગાર છું, ને મારી ને એની મેહેનત એકઠી કરવાથી અંગરખો એ દ્રવ્ય ઉત્પન્ન થાય છે.

બીજા પ્રકારની સહાયતા ઉત્પત્તિ વિશે બહુજ ઉપયોગીછે. એ નહોત તો હરેક વસ્તુનીઉત્પત્તિ ઘણીજ થોડી થાય એટલુંજ નહીં, પણ ઘણી ખરી વસ્તુઓ સમૂલગી થઈ શકેજ નહીં. એમ ધારો કે એક નવા પ્રદેશમાં કેટલાંક કુટુંબ જઈ વસ્યા છે; ને તે

આ બધા પોતપોતાના ખપની ચીજો પોત પોતાની મહેનતથી પેદા કરેછે: હવે જો જમીન વચલા વર્ગની હશે, અને કોઇને વસ્તાર ઘણો નહીં હોય, તો ખેતી કરતાં થોડો વખત બાકી રહેશે, તેમાં તેઓ પોતાને પહેરવા ઓઢવાની ચીજો વગેરે પેદા કરશે: ને કુટુંબનાં બધાં માણસ એકઠાં મળી જેવું તેવું રહેઠાણ ઉભું કરશે: આ સિવાય તેઓથી કંઇ વધારે પેદા થઇ શકશે નહીં; ને આટલું કરતાં પણ નવનેજા થશે. મહેનત સર્વને ઘણીજ પહોંચશે. એટલી મહેનત કરતાં પણ ચારી રેકં સુખ સારૂ મળવાની ખાતરી નહીં; કારણ સારાં નરસાં વરસથી ખોરાકીમાં વખતે વખતે ભિન તેઓને પડવાનું, ને પોશાકી ઘણીજ જાડા પ્રકારનીજ મળવાની. વળી આવી સ્થિતિમાં તેઓના સર્વ તરેહના ઓજાર પણ ઘણાં જાડા હશે, ને તેથી પણ શ્રમમાં વધારો થવાનો. કસબ પણ થોડા પ્રકારના આવડશે; ને તેથી માત્ર અવશ્યક વસ્તુઓનીજ ઉત્પત્તિ થવાની; ને એમ કરતાં જો કોઇની પોતાના ખપ કરતાં વધારે મહેનત કરવાની મરજી હોય, તો તે બેશી રહેવાનો, કારણ તેનું ઉત્પન્ન કરેલું લેનાર કોઇ છે નહીં.

પરંતુ આવા વાસમાં એમ ધારો કે એક નવું થાણું આવ્યું; ને કેટલાંક માણસો વણવા વગેરેનાં ઓજાર લઇ, તથા એક વરસ પુરતો ખોરાક લઇ ત્યાં વસ્યા. હવે આથી જુના રહેનારાઓની સ્થિતિમાં મોટો ફેર થઇ જશે. તેઓને હવે ખબરછે કે આપણને લુગડાં વગેરે બીજા પાસેથી મળશે. માટે તેઓ વધારે શ્રમથી મહેનત કરીને, અથવા પોતાનાં ઓજારો સુધારી તે વડે, તેની તે જમીનમાંથી વધારે અન્ન પેદા કરશે; ને વરસની આખરે બેઉના ખપ જેટલાં અનાજ લુગડાં પેદા થશે; ને પ્રત્યેક જુદી જુદી મહેનત કરી હોત, ને પ્રત્યેકને અન્ન લુગડાં વગેરે મળત તેના કરતાં બેઉએ આ પ્રમાણે ધંધા વહેંચી લીધાથી દરેકને વધારે દ્રવ્ય મળશે; ને દેશની એકંદર પેદાસમાં ઘણો વધારો થશે.

આવી રીતે પેદાશમાં જે વધારો થયો, તે અનાજને લુગડાંના વધારાના ખપથી થયો.; અનાજને બદલે લુગડાં આપનાર મળવાથી, ને લુગડાંને બદલે અનાજ આપનાર મળવાથી થયો. પણ આપણે આગળ એવું કહેલું છે કે કોઇ વસ્તુનો ખપ થાય, તેથી મેહેનતુ લોકની રોજી જાગી એમ સમજવું નહીં. હવે આ બે વાત દેખીતી વિરૂદ્ધ છે: પણ ખરેખર તેમ નથી. જ્યારે કોઇપણ ધંધામાં નવો ખપ જાગવાથી એટલીજ મુડીથી વધારે પેદાસ થાય, ત્યારે તેથી ખપથી ઉત્પતિમાં વધારો થયો એમ કહેવાને હરકત નથી. એવો વધારો ઘણીવાર થાયછે; કેટલીકવાર કારીગરો

તથા મુડીદારો પોતાથી જેટલું નીપજી શકે તેટલું નીપજાવતા નથા; કેમકે તેમના મનમાં એમ અંદેશો રહેછે, કે આપણે વધારે નીપજ કરીશું તે નકામી પડી રહેશે. જે ધંધામાં મુડીને મહેનત આવી સ્થિતિમાં હોય, તેમાં નવો ખપ જાગવાથી દેશની ઉપજમાં ઘણો વધારો થાયછે; કારણ નવા ખપને માટે જે પેદાશ થાય છે, તે એની એજ મુડી વડે થાયછે, માત્ર મજુરો શ્રમ વધારે લે છે; અથવા તેમ નહીં તો નવી હિકમતો કાઢી થોડે શ્રમે વધતુ પેદા કરે છે. આ ઉપરથી એક ઘણું અગત્યનું અનુમાન કઢી આવે છે. જો કોઈપણ દેશની ખેતીની પેદાશમાં વધારો કરવો હોય, તો તેનો એક મોટો ઉપાયતો એ છે, કે તે દેશની ખેતીની પેદાશ લેનારાની સંખ્યા, એટલે શેહેરી વસ્તી ઘણી જોઈએ; અથવા તેમ ન હોય તો દેશાવરનાં બારાં ખુલ્લાં થવા જોઈએ. શેહેરી વસ્તી એટલે માત્ર શેહેરના રહેનાર, એમ સમજવું નહીં; પણ ખેડુત વગરના બાકીના બધા લોકનો એમાં સમાવેશ થાય છે. માટે ગુજરાત જેવા મુલકની ખેતીની પેદાશ વધારવી હોય, તો કોંતો મોટાં ગામડાંમાં કસબી કારીગરોની વસ્તિ કરવી, અથવા તેમ ન બને તો બધા ગામડાંઓનો શહેરની જોડે વ્યવહાર વધારવો. તે વધારવાનો સૌથી સરસ રસ્તો એછે, કે બને તેમ બધાં ગામઆને પાસેના કસબાતી શેહેરની વચ્ચે સારી સડકો બંધાવવી. એમ થવાથી હાલ જેને શેહેરમાં માલ લાવવો પાલવતો નથી, તેને પાલવશે. પણ નામની સડકો કરી પૈશા બગાડવામાં કાંઈ નફો નથી. આ અનુમાનથી દુનીઆને ઘણો લાભ થયોછે. આગળ નવા દેશોમાં જેઓ થાણાં થાપવા અને વાસો કરવા જતા, તેઓ કુટુંબ દીઠ જમીન વહેંચી લઈ, બધાએ પોતાના ખપની બીજી જણસો પેદા કરી પોત પોતાનો ગુજારો કરતા. જમીન સારી હોય, ત્યારે નવા વસનારાને અન્ન વસ્ત્ર મધ્યમ મળતાં: પરંતુ એક માણસને ઘણા કસબ કરવા પડતા, તેથી સર્વ તરેહની વૃદ્ધિમાં ઘણો કાળ લાગતો. પરંતુ ઉપરના અનુમાનને અનુસરી મી॰ વેકફીલ્ડ નામના ગૃહસ્થે યોજ્યું કે એ રીત ખોટીછે, ને જો નવા થાણામાં દ્રવ્યની વૃદ્ધિ થોડા દિવસમાં કરવી હોય, તો મુળથીજ વસ્તિ કરતી વખતે એકલા ખેડુતની વસ્તિ ન કરતાં, થાણામાં જુદી જુદી તરેહના ધંધા સ્થાપવા; એટલે એક ધંધાના લોક બીજાને પોતાની પેદાશ વેચી, તેની પાસેથી પોતાને જોઈતા પદાર્થ લે: ને ધંધા વહેંચી લેવાથી આખા થાણાને દ્રવ્ય સંબંધી લાભ થાય.

આ ઉપરથી સંસારમાં ધંધાઓ જુદાજુદા હોવાથી કેટલો ફાયદો છે, તે અનુભવથી સિદ્ધ થાયછે; ધંધા જુદા પડ્યા વગર દ્રવ્ય સંબંધી સુધારાનો પાયોજ રોપાય નહીં. પણ જ્યારે આ પ્રમાણે મુખ્ય મુખ્ય ધંધા જુદા જુદા માણસના હાથમાં આવેછે,

જ્યારે એક જણ ઘણાને માટે માલ પૈદા કરે છે, ને પોતાને માટે જણસો ઘણા પાસેથી લે છે, ત્યારે પછી દરેક ધંધાના આગળ વિભાગ થતા જાયછે; ને જેમ ધંધા ભિન્ન કરવાથી ફાયદો થાય છે, તેમ વિભાગ થવાથી એવો તો નહીં, પણ એટલોજ બલકે વધારે ફાયદો થાય છે. આવી રીતે ધંધાના જે વિભાગ થાય છે તેને આપણે ઉદ્યમવિભાગ કહીશું. ઉદ્યમવિભાગથી થતા ફાયદાના દૃષ્ટાંતો વાંચનારાના જોવામાં બીજા પુસ્તકોમાં કેટલાક આવ્યા હશે, તો પણ નીચે થોડા આપીએ છીએ.

ટાંકણી બનાવવાના ધંધામાં અઢાર ક્રિયા હોય છે; એક જણ વાળા કરે છે; બીજો વાળા કાપે છે; ત્રીજો તેને સીધા કર છે; ચોથો વાળાને માથુ ઘાલવા છેડે ઘસે છે; માથુ કરવામાં બે ત્રણ ક્રિયાઓ જોઈએ છે; બેસાડવાની જુદીજ ક્રિયા છે; ટાંકણીને સફેદ કરવી, કાગળમાં ઘાલવી એ પણ ભિન્ન ભિન્ન ક્રિયાઓ છે. એક નાના કારખાનામાં આ પ્રમાણે ઉદ્યમવિભાગ કરવાથી દસ માણસ દિવસની બાર શેર ટાંકણીઓ કરી શકે છે; ને દર શેરની આશરે ચાર હજાર પ્રમાણે થાય, એટલે દશ જણ વચ્ચે અડતાળીસ હજાર એટલે એકેકને માથે આશરે અડતાળીસ સો ટાંકણી આવેછે. હવે જો આ પ્રમાણે વિભાગ ન કરતાં તેમાંના પ્રત્યેક માણસને તે કરવા બેસાડીએ, ને તેમને સઘળો ધંધો ખબર હોય, તો પણ તેમનાથી ભાગ્યેજ સો સારી ટાંકણી થઈ શકે, ને ધંધો ખબર ન હોય, ત્યારે તો એક પણ થવી મુશ્કેલ. અંગ્રેજી ગંજીફાનાં પત્તાં બનાવવાના ધંધામાં સીત્તેર ક્રિયાઓ કરવી પડે છે. હવે એવા કારખાનામાં સીત્તેર ભિન્ન ભિન્ન ક્રિયાવાળા નોકર રાખી શકતા નથી, કારણ એમનાથી જેટલાં પાનાં ઉત્પન્ન થાય, તેટલાં ખપે નહી. પણ એક કારખાનામાં ત્રીસ કારીગર હતા, ને તેમાં કોઈ કોઈ પાસે બબે ત્રણ ત્રણ ક્રિયાઓ હતી, તેઓ દીવસનાં પંદર હજાર, એટલે માથા દીઠ પાંચસો પાંચસો પાનાં બનાવતા. પણ જો ઉદ્યમમાં વિભાગ ના કરતાં એક એક જણ એકલો બધી ક્રિયાઓ કરવા બેસે તો, તેનાથી સાંજ પડે બે પત્તાં પણ થાય નહીં. ઘડીઆળ બનાવવાના ધંધામાં એકસો બે ભિન્ન ભિન્ન ક્રિયાઓ છે; કોઈને ઘડીઆળ હાથે કરતાં શીખવી હોય, તો તેને એકસો બે જણને ઘેર ગુમાસ્તા બેસવું પડે. છેલી ક્રિયાનો કરનાર જેને આપણે ઘડીઆળી કહીએ છીએ તે છે; ને તે માત્ર જુદા જુદા ભાગને એકઠા મૂકવા એટલુંજ કામ કરે છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે, કે પ્રત્યેક ધંધામાં ઉદ્યમના વિભાગ પાડવાથી ઉપજમાં બહુ વધારો થાય છે. પણ એ વધારો થવાનું કારણ શું, એટલે એ વિભાગ

કર્યાથી શા વાસ્તે વધારે નીપજ થવી જોઇએ, એ આપણે જાણવું જોઇએ. એનાં મુખ્ય કારણ ચાર છે. એક તો ક્રિયા જુદી પડવાથી તે કરનારની ચાલાકી બહુ વધે; બીજું એથી જેવી જેની અક્કલ તેવું તેને કામ સોંપી શકાય; ત્રીજું એથી નવા નવા સંચાનો શોધ થાય; ચોથું એથી શસ્ત્ર નકામાં પડી રહેતાં નથી, પણ પૂરેપૂરાં રોકાયલાં રહે છે.

ઉદ્યમના તથા ક્રિયાના ભાગ થવાથી ચાલાકીનો વધારો થાય છે, એ વાત હરકોઈ માન્ય કરશે. કોઈ ચીજ આખો દહાડો કરવાથી સારી થાય એવો નિયમ નથી; કારણ સારી ખોટી થવી એતો બુદ્ધિને આધારેછે; પરંતુ સેહેલાઇથી તો થાયને થાયજ. એકનું એક કામ કરવાથી શરીરના અવયવોની શક્તિમાં વારેવારે વપરાવાથી વધરો થાયછે; તેની તે માંસની પિંડિયો નિત્ય કસાવાથી બળવાન થતી જાયછે, અને સ્નાયુ જોર પકડે છે; ને મનનો તથા તનનો થાક મહાવરાથી ઘણો થોડો લાગે છે. આવી રીતે એકજ કામ ઉપર પડવાથી રેહેતે રેહેતે જે કરતાં ઘણી વાર લાગતી, તે કરતાં થોડી વાર લાગે છે. મન પણ મહાવરાથી ઉતાવળું ચાલે છે. જ્યારે આપણે પહેલું વાંચતાં કે લખતાં શીખીએ છીએ, ત્યારે આપણને કેટલી બધી વાર વાંચતાં લાગે છે? પણ મહાવરાથી વાંચતાં, લખતાં, ગણિત કરતાં કેટલોબધો થોડો વખત લાગે છે? જ્યારે પરભાષા શીખતા હોઇએ છીએ ત્યારે તે પરભાષા બોલતાં પહેલાં કેટલાં વેવલાં વીણવાં પડે છે? પણ મહાવરાથી તે કેવી ઝડપથી ને સહેલથી બોલીએ છીએ. હોંશીઆર કસરત કરનારા શરીરની ઘણી કઠણ કસરત કેવી ઝડપથી કરી બધાને દંગ કરી નાંખેછે! ચતુર ગાયકનો હાથ સતાર ઉપર કેવી ઝડપથી ચાલેછે? આ બધું મહાવરાનું ફળ છે; એકજ ક્રિયાનો મહાવરા કર્યાથી ઉત્પત્તિમાં બધું કામ સહેલું અને ઘણું થાય એમાં નવાઈ નથી.

બીજો ફાયદો પણ વિચાર કરતાં ઘણો અગત્યનો માલમ પડશે. ઉપર કહેલા ટોકરીના ધંધામાં કારીગર કારીગરની ચતુરાઈમાંને તેને લીધે મુસારામાં, બહુ ફેર હોયછે. કોઇને નિત્યના ચાર આના મળેછે ને કોઇને રૂપીઆ મળે છે. હવે જો હરેક ક્રિયા એકજ જણને કરવી પડે, તો ઘણું નુકશાન થાય. બેવકુફથી થાય તેવું કામ ચતુરને કરવું પડે, ને ચતુરનું કામ તે કરે. એક ઘડી ચતુરનું કામ બેવકુફ કરે, અને બેવકુફનું ચતુર કરે, તો બંને પોત પોતાને લાયક કામ કર્યું હોત ને ફળ થાત, તેના કરતાં બધી રીતે નરસ ફળ થાય; અને એ બંને રીતે ઉપજમાં ઘણો ઘટ રો થાય. હવે એક ઘડીમાં આવો ફેર પડે, ત્યારે ઉદ્યમના વિભાગ નહીં હોવાથી હમેશ

એમ કામ ચાલે તો, કેટલું બધું નુકશાન થાય? જેને જેવું કામ લાયક તેને તેવુંજ કામ સોંપવું, એ નીતિ છે, ને એથી ઉલટું કરવું તે અનીતિ કહેવાય; ને આખરે એથી દ્રવ્યનો ક્ષય છે. કોઈ માણસ મજુર ન રાખતાં કડીઆને કહે, કે તું તારે હાથેજ કેલ કરી કુંડાં ભરી લે, તો શું એણે ડહાપણ કર્યું કહેવાય?

ત્રીજો ફાયદો એકે ક્રિયાઓ જુદી જુદી થવાથી દરેક જણનું ચિત્ત ઘણી જંજાળથી વ્યગ્ર થતું નથી; ને એકાગ્રતાને લીધે કોઈ કોઈવાર પોતાની મહેનત ઓછી કરવાના લોભથી અથવા બીજા કારણથી સંચાનો શોધ થાયછે. આ પ્રમાણે શોધ તથા સંચા કેટલાક થએલાછે; ને આ લાભ છેક નજીવો નથી. પણ એટલું યાદ રાખવું જોઈએ, કે સંચાનો શોધ થવાનો જોગ, કામમાં જેટલી બુદ્ધિ વાપરવામાં આવી હશે તેટલોછે, ને એકાગ્રપણાથી હમેશ બુદ્ધિ ખુલે છે, એવું કહી શકાતું નથી, કારણ અજ્ઞાન લોક એકાજ ઉદ્યમમાં મગ્ન રહેવાથી ઘણીવાર પશુવત થઈ જાય છે.

ચોથો ફાયદો પણ લક્ષ દેવા યોગ્ય છે; જો દરેક માણસમાં બધી ક્રિયાઓ જાતે કરવાની સમજ હોય, તોપણ તેની પાસે બધી તરેહનાં શસ્ત્ર જોઈએ; ને જ્યારે તે એક ક્રિયા કરતો હોય, ત્યારે તેનાં બીજાં બધાં શસ્ત્ર પડ્યાં રહે. આ પ્રમાણે એ શસ્ત્ર બનાવવામાં જેટલી મુડી ખરચેલી હોય, તેનો ઘણો ખરો અંશ નિષ્ફળ પડી રહે. પણ જો ક્રિયા દીઠ માણસને કામે વળગાડ્યા હોય, તો એકે શસ્ત્ર નકામું પડી રહેજ નહીં, ને વધારાનાં શસ્ત્ર બનાવવાની મુડી સફળ થાય એવી રીતે વાપરવામાં આવે.

આ ચારતો ઉદ્યમના વિભાગ કરવાના મુખ્ય ફાયદા છે, પણ તે સિવાય કેટલાક નાના ફાયદા છે, તે પણ કહેવા જોઈએ. જો એક માણસને બધી ક્રિયા કરવી હોય, તો તેને તે બધી શીખવી પડે; કોઈ ગામમાં વીશ પ્રકારના ઉદ્યમ હોય, અને તેમાં બધા સો કારીગર, તે બધા ધંધા પોત પોતાને વાસ્તે કરતા હોય, તો દરેક જણને બધા ધંધા શીખવાનો ફરજ પડે તેથી બે હજાર માણસ એકેક ધંધો શીખે ને મેહેનત પડે તેટલી મહેનત તે સો માણસને લેવી પડે; પણ તે શીખવાનો ઘણોખરો શ્રમ ઉદ્યમના વિભાગ કરવાથી હાલ કરવો પડતો નથી. વળી દરેક ક્રિયા શિખતાં જે સામાનનું નુકશાન થાય, તે પણ ઉદ્યમના વિભાગથી ઉગરે છે. વળી એક માણસને ઘણી ક્રિયાઓ ઉપર લક્ષ દેવાનું હોય, તો એક મુકીને બીજી ઉપર વળગતાં જેટલીવાર તે રસળે, ને જેટલો વખત નકામો ગુમાવે, તે બધું નુકશાન થાય. પણ આ ફાયદો પ્રકૃતિ વિરામ છે. કેટલાક માણસ ધંધો બદલ્યાથી પાછા જાગરૂતીમાં આવેછે; ને બધા કોઈ

ક્રિયા બદલતી વખત રસળતા નથી.

જ્યારે ઉદ્યમના વિભાગ કરવાથી દ્રવ્યની ઉત્પત્તિ વિશે આટલો બધો લાભ થાય છે, ત્યારે તેનો પુરે પુરો ફાયદો કેમ લેવાતો નથી? એના ઉત્તર બે છે; એકતો કેટલાક ઉદ્યમ એવા પ્રકારના છે, કે તેના વિભાગ થઈ શકતા નથી. ખેતીના ઉદ્યમના ઘણા વિભાગ થાય નહીં; કારણ તેમાં જે જે ક્રિયાઓ કરવાની આવે છે તે બધી સમકાલિક નથી, એટલે તે બધી એકને એક માણસ જુદે જુદે વખતે કરી શકે છે; ખેતીના ઉદ્યમમાં પણ ઘણા માણસો સાથે લાગા કોઈવાર કામે વળગેછે; જેમ કે જમીન સીઠી કરવા વગેરેમાં; પણ તેઓ બધા એકજ જાતની ક્રિયામાં મંડે છે; એટલે ઉદ્યમના વિભાગ કરવાનો પ્રસંગજ પડતો નથી. બીજું કારણ એકે ઉદ્યમના છેક બારીક વિભાગ કરવાથી જેટલી નીપજ થાય, તેટલીના ખરીદ કરનાર હોતા નથી. જો ટાંકણીની દશ ક્રિયાઓ જુદી જુદી કરવાથી દરરોજ અડતાળીશ હજાર ટાંકણીઓ નીપજે, ને એટલીનો દરરોજ ખપ હોય, તોજ એમ કર્યામાં નફો ચાલવે, નીકર માલ પડ્યો રહે. મોટે ખપ હોય તોજ એટલા વિભાગ થઈ શકે. આ ઉપરથી પણ સાબિત થાયછે કે ખપ થવાથી ઉત્પત્તિમાં કોઈકવાર વધારો થાય. ખપ થોડો હોવાનાં કારણો વિવિધ હોયછે. એક તો દેશની વસ્તિ મૂળ થોડી હોય, તો તેથી ખપ થોડો થાય; બીજું વસ્તિ હોય, પણ એટલી વેરાયલી હોય, કે એક ભાગની પેદાશ બીજાને ખપમાં આવે નહીં, તો પણ એવો પરિણામ થાય; ત્રીજું એકે લોકએ તેટલી વસ્તિ હોય, તોપણ જો માલ લઈ જવા લાવવાના રસ્તા ન થયા હોય, અથવા જળ માર્ગનાં સાધન નહી હોય, તો પણ ખપ થોડો થાય. ખપ થોડો હોવાનું ચોથુ કારણ એકે લોક એવા ગરીબ હોય, કે પેદાશ લેઈને વાપરવાનું તેઓનુ ગજુ ન હોય.

प्रकरण ९ मुं

મોટા તથા નાના પાયા ઉપર ઉત્પત્તિ.

ઉદ્યમના વિભાગ કરવા એ એક પ્રકારની પરસ્પર સહાયતા છે; તે સહાયતાથી કેટલું ફળ છે તે ઉપરના પ્રકરણથી માલમ પડ્યું હશે; તે ઉપરથી બીજું એક માલમ પડ્યું હશે, તે એકે મોટા પાયા ઉપર ઉત્પત્તિ કરવાથી ઘણું ઉત્પન્ન થાય છે, કારણ મોટા પાયા ઉપર રચવાથી, ઉદ્યમના વિભાગ વધારે થઈ શકે

છે, ને તથા પણ ઊત્પત્તિમાં ફાયદો થાય છે. પણ કદાપિ કામનો પાયો વિસ્તાર્યાથી મહેનતના વિભાગ વધારે થાય એવો જોગ ન હોય, તો પણ, કામના વિસ્તારથીજ માત્ર ફાયદો થાયછે. જે જે માણસ પાસે નોખું કામ લેવું પડેછે, તે બધાં માણસનો સઘળો વખત ને મન તે કામમાં રોકાય, ત્યાં લગી કામનો વિસ્તાર વધે જવાથી તથા તે મોટા પાયા ઉપર આવવાથી, અન્તે ઉગારો પડે છે. જ્યાં સંચાથી મોટાં કારખાનાં ચાલતાં હોય, ત્યાં માણસોને હાજરી લઈ દાખલ કરવાં તથા બહાર કાઢવા ઉપર એક માણસ રાખેલું હોય છે; હવે હાજરી લેવાનાં બસે માણસ હોય, કે પાંચસો માણસ હોય, તોએ એકજ હાજરી લખનારનો ખપ પડે. મોટાં કારખાનાંમાં વળી જે લોકો હિસાબ કિતાબ રાખે છે, ને નોકરોને પગાર આપેછે, તેઓની સંખ્યામાં પણ, બસે ને બદલે પાંચસો મજુર થવાથી, ઘણો વધારો કરવો પડે નહીં: વળી કારખાનું બમણું થાય તો પણ બમણા માનેજર, બમણાં ઈજનર રાખવા પડે નહીં. આપણે અહીં પરચુરણીઆ વેપારીની જોડાજોડ દુકાનો હોય છે, તેઓ જો પોતાની નાની મુડીઓ ભેગી કરી, ભેગો વેપાર કરેતો, તેઓને ગુમાસ્તી ખરચ વગરેનો કેટલોક ફાયદો પડે; આ પ્રમાણે મોટા પાયા ઉપર કામ રચવાથી દેખીતો લાભ છે. અલબત એક બીજાના ભરૂસા વગર સહીઆરૂં થાય પણ નહીં, ને તે નભે પણ નહીં.

મોટા પાયા ઉપર કામ કરવાથી શી રીતે ફાયદો થાય છે, તેનો એક પ્રત્યક્ષ અસરકારક દાખલો જોવો હોય, તો ટપાલ તરફ નજર કરવી. હાલ એક ટપાલ હાફીસ છે, તેને બદલે એકજ શેહેરમાં ચાર હોય, તો પરિણામ શો થાય? હાલ જેટલાં માણસ તથા જેટલો ખરચ એક ટપાલમાં રાખવો પડેછે, તેટલો દરેક હાફીસમાં રાખે, તો જ કામ હાલ જેવું ચાલે. કાગળ જુદાજુદાવાર જુદા પાડનાર, વહેંચનાર, પહોંચાડીઆવનાર, લઈ આવનાર, સર્વેચારઘણા જોઈએ; ને છેવટે કામતો એટલુંને એટલુંજ થાય. મોટા પાયા ઉપર કામ રચવાથી કેવો ઉગારો પડે છે, તે આ ઉપરથી સ્પષ્ટ માલમ પડશે.

મોટા અને નાના પાયા ઉપર કામો હારો હાર ચાલતાં હોય, ને જો વેપારમા પડાપડી હોય, તો બેમાં કિયામાં ફાયદો છે, તે તરત માલમ પડી આવે; અને જેને સોંઘુ વેચવું પરવડતુ હોય, તે માલ સોંઘો ઉત્પન્ન કરે છે, એમ અનુમાન કરવાને કંઈ હરકત નથી; કારણ કોઈ પરવડતાં નહીં છતાં લાંબા કાળ સુધી નુકશાન વેઠી અથવા ઓછો નફો ખાઈ માલ વેચશે નહીં. હવે નાના ને મોટા પાયાવાળામાંથી કિયા વાળાને વધારે સોંઘો વેચવો પરવડશે, તે ઘણીવાર સેહેલથી કહીશકાય. મોટા કારખાનામાંબધા ઉત્પાદકોને પુરેપુરૂં કામહોયછે, એટલે તેઓ એટલાજ વખતમાં

નાનાવાળા કરતાં પધારે પેદા કરેછે, માટે તેને સસ્તુ વેચવું પાલવશે. વળી કોઈ એમ કહે કે નાનાવાળો પણ પોતાના માણસને નવરાં બેસી રહેવા દેતો નહીં હોય; તેપણ નવરાંને કાંઈ કાંઈ કામ સોંપતો હશે; તો તેનો ઉત્તર એ કે કંઈ કંઈ કામ તો બધા પાસે કરાવતો હશે, પણ જે કામ જેના લાયક તે કામ તેની પાસે કરાવતો નહીં હોય. વધારે પગારવાળા મજુર પાસે ઓછી બુધ્ધિનું કામ કરાવવું, એમાં ઉગારો નથી પણ બગાડ છે; ને હલકા મજુર પાસે ભારે કામ કરાવવું એમાંએ ઘણુંકરીને નફો નથી: મોટા પાયાના કારખાનામાં જે જેને લાયક તે તે કામ કરે છે; માટે તેમાં મહેનત ઘણીજ ફળકારક થાય છે.

આ કારણથી મોટાવાળાને ઘણું કરીને સોંઘુ વેચવું પરવડશે. દેશને લાભ મોટાથી છે; કારણ એકંદર ઉત્પત્તિ મોટાથી વધારે થાય છે; કેમકે કાંતો એથી એના એ મહેનતે વધારે ફળ થાય છે; અથવા એના એ ફળ માટે મહેનત થોડી જોઈએ છે; ને બાકીની મહેનત તથા મુડી બીજી ઉત્પત્તિમાં કામ આવે છે. તે બંને રીતે દેશને લાભ છે. કિમતી સંચા ચલાવવાને હમેશ મોટા પાયા ઉપર કામ બાંધવું પડે છે; કારણ એને વાસ્તે આગળથી ઘણોજ ખરચ કરવો પડે છે; ચલાવતાં પણ ઘણોજ ખરચ પડે છે; ને તેની નોપજ થાય, તે ખરચનો અવેજ વળે, તેટલી થવી જોઈએ છે.

નાનું કામ હાથે ચાલતું હોય, તેને મોટા સંચાથી ચલાવે, તો વેપારને તો મોટાથી લાભ મળે; પણ દેશના મજુરને એથી લાભ મળશે એમ કહી શકાય નહીં. આગળ બતલાવવામાં આવ્યું છે કે સંચાના કામને માટે કેટલીક જંગમ મુડી ખરચી તેને સ્થાયી રૂપમાં આણવી પડેછે. હવે વેપારીને તે સ્થાયી મુડી વડે જે કામ થાય, તેમાંથી પોતાના ખરચના નફા જેટલું પાલવે, ને થોડું મુડી સમારવા જેટલું પડયું રહે, એટલે મારી મહેનત કૃતાર્થ થઈ એમ તે સમજે; ને માલ સોંઘો પણ વેચી શકે. પણ તે સંચાથી દેશની ઉત્પત્તિમાં વધારો તો નહીં, પણ બલકે ઘટારો થાય. તે સંચાથી બનેલી જણુસ સોંઘી વેચાય, ને વખતે તે વેપારમાં વધારો થાય. પણ જ્યાં લગી જંગમ મુડી વધીને પાછી હતી એટલી થાય નહીં, ત્યાં લગી મજુરોને એ સંચાથી ગેરફાયદો છે.

મુડીદારો પણ પોતપોતાની થોડી થોડી મુડી ભેગી કરી, મોટો વેપાર ચલાવે, તો તેઓની મહેનતમાં બહુ ઉગારો પડે; કારણ જ્યાં લગી દરેક જણ પોતપોતાનું કામ ચલાવતો હોય, ત્યાં લગી દરેક જણનો વખત તે કામની ચોકશી ને નીપેબાનીમાં રોકાય.

પણ જો સો જણની મુંડી ભેગી થાય તો એનું એ કામ ચલાવવાને દશ બાર માણસોનોજ ખપ પડે. કેટલીક વાર થોડા મુડીદારો એ પ્રમાણે મુડાંઓ ભેગી કરી સહીયારૂં પંત્યાણુ કરે છે. પણ વળી બીજી રીતે પણ ઘણા મુડીદારો એકઠા મળીને વેપાર કરી શકે. જો ઘણા માણસ એકઠા મળી જેટલા રૂપીઆનું ભંડોળ કરવું હોય, તેટલાના સો બસે કે ચારસો હિસ્સા કરી, તે પોતપોતાને ઠીક પડે તેમ હિસ્સા લે, તો તેથી પણ મોટું ભંડોળ ઉભું થાય. આવા સહીયારા ભંડોળને જાઇન્ટ સ્ટાક કંપનીઓ કરીને કહે છે. સહીયારા ભંડોળના ફાયદા ઘણા છે.

પહેલું તો એ કે કેટલાંક કામ એવાંછે, કે એમને એટલું ભંડોળ જોઇએ છે, કે તે કોઇ એક માણસ કાઢી શકે નહીં, ને જો સહીયારા ભંડોળનો ચાલ ન હોય, તો એવાં કામ કોઈ દહાડો બને નહીં. રેલવે જેવું મહાભારત કામ એકથો ઉપાડી શકે એવો કોઈ છે! બધું કામ મુળથી ઉપાડવું કોરે રહ્યું, પણ એના ચાલતા વેપાર ચલાવવા જેટલી મુડીવાળા પણ કેટલા થોડા નીકળશે! જે દેશોમાં સહીયારાં ભંડોળ કરવાનો ચાલ નથી, ત્યાં એવાં કામ કાંતો બનતાં નથી, અથવા તવંગર પરદેશીઓ કે સરકાર માથે લે છે; કારણ સરકાર ગમે તેવું ભારે કામ ઉપાડવાને સમર્થ છે. પરંતુ એવાં ઉત્પત્તિના કામમાં બીજું કોઇ હોય, ત્યાં લગી સરકાર ન પડે તો સારૂં. તેનું એક કારણ એ કે એવાં કામમાં સરકાર ખરચમાં નીતિ રાખી શકતું નથી.

બીજો ફાયદો એ કે કેટલાંક કામ છુટા માણસો ઉપાડી શકે એવાં હોય છે, તથાપિ તેઓને કાં તો મોટા પાયા ઉપર ઉપાડી શકે, અથવા ઉપાડ્યા પછી હમેશ નભાવી શકે નહીં, એવાં છુટાં માણસ થોડાંજ હોય છે. હિંદુસ્તાન ને વિલાયત વચ્ચે ટપાલ લઇ જવાનું કામ છુટા વેપારી ઉપાડી શકે ખરા, પણ તે હમેશ સારી રીતે બજાવવું, ને જેમ જેમ વધે તેમ તેમ મુડીમાં વધારે કરવો, એ છુટા માણસ કરતાં કંપનીથી સારૂં બને. ત્રીજુ એ કે કેટલાંક કામ છુટા માણસોથી બને એવાં હોય છે, ને મુડી પણ વધારે માગતાં નથી, પરંતુ ઘણી મુડી વગર લોકોનો તેવાં કામ ઉપર ભરૂંસો બેસતો નથી. બેંકોને વિમા કંપનીઓ આ વર્ગમાં આવે છે. સરાફો જે કામ કરે છે તેજ બેંકો કરે છે, પરંતુ લોકો સરાફ કરતાં બેંક પાસે ધાઇને જાય છે; કારણ તેઓને તે ઉપર પાકો વિશ્વાસ બેસવાનું કારણ છે. સરાફ તો એકલો એટલે તે દેવાળુ કાઢે, તો જમે કરાવનારને બધું નુકશાન થાય. પણ બેંકમાં તેમ નથી. ચોથુ એ કે જાઇન્ટ સ્ટાક કંપનીનો વેહેવાર જાહેર ચાલે છે. આવું હમેશ હોતું નથી, પણ ઘણું કરીને હોય છે, અને સરકાર ધારે તો બધે એવું ક-

રી થશે. ખાનગી વેપારીને ખોટ હોય, તો તે છુપાવી રાખી બીજે ઠેકાણે ઉમેદે ઉઓરે પોતાનો વેપાર ચલાવેજ જાય; ને પછી ફકરિયું ઘણું વધે, ત્યારે દેવાળું ફુંકે, ને અંતે ઘણાને પાયમાલ કરી નાંખે. પરંતુ કંપનીઓમાં એવું બનવું મુશ્કેલ; ને કદાપિ હિસાબ જુઠા દેખાડે, તો એ ભાગીદારોને ઘણીવાર વહેમ આવે; ને તે વખતે વખતે પોતાના ઉભરા કંપનીની સભાની વખતે કાઢે, તેથી લોક સાવચેત રહે.

કંપનીના આ કાયદાનો પુરે પુરો લાભ જે કંપનીઓ ખરા વેપારને કાજે કરી હોય તેને તળે, માત્ર સટ્ટાના કાજે અથવા શેર વેચી ગાળો ખાઈ જવા કરી હોય તેને લાગુ નથી. સંવત ૧૯૨૧—૨૨માં કંપનીઓ કાઢવાનું જે ગાંડપણ ચાલ્યું હતું, તેને લીધે ઘણા લોક ખરાબ થઈ ગયા; અને એથી આપણા દેશમાં સહીઆરા ભંડોળની કંપનીઓથી લોકો ઘણા ડર ખાઈ ગયાછે; ને કેટલાક તો શેર નામથી ડરેછે. આનું કારણ એ કે લોક પહેલાં કશું પણ સમજ્યા વિના લુચ્ચા લોકના કહેવાથી ભોળવાઈ ધાયા ધાયા શેર રાખવા ગયા. તેની કિંમત આપતાં કશો વિચાર કરયો નહીં. વળી આપણિ રૂપીઆ જેના હાથમાં આપીએછીએ તે શાહ છે કે નથી તેની પણ તજવીજ કરી નહીં. કંપની શું છે, એમાં આપણો શો હકછે, તેની તેમને કશી ખબર રાખી નહીં. લુચ્ચા લોકોએ એ વાતનો લાભ લઈ પોતાના ફાયદા માટે ઘણાને ખરાબ કરયા; શેરની કીમત વધતી વધતી કેવળ કલ્પિત થઈ; ને પછી તે છેવટ એકદમ પડી, ને ઘણા લોક નુકશાનમાં આવ્યા. પણ આવી રીતનું નુકશાન થયું તે લોકના અવિચાર થયું કે, કંપની વસ્તુજ એવી છે કે એમાં નુકશાન થયા વગર રહેજ નહીં, એ વાતનો શાણા લોકોએ વિચાર કરવો જોઈએ. જો વિચારથી તથા સાવચેતીથી કામ ચાલે, તો બીજા વેપારીની પેઠે કંપનીમાં ફાઓ પડે; અને તે વળી વખતે ઘણો પડે.

સહિયારા ભંડોળની કંપનીઓના ઉપર પ્રમાણે કેટલાક ફાયદાછે, તેમજ કેટલાક ગેરફાયદા પણ છે. જે માણસ પોતાનું ભંડોળ હાથે ઉથલ પાથલ કરેછે, તે પોતાના કામમાં જેટલું ચિત્ત પરોવે તેટલું કંપનીનો મેનેજર એટલે વહીવટદાર પરોવે નહીં; કારણ તે કંઈ પોતાના સ્વાર્થને માટે કામ કરતો નથી, પણ માત્ર પગારને માટે કામ કરે છે; ડાઇરેક્ટરો વખતે કંપનીઓના કામ સારૂ ઠરાવેલા હોય છે, તેમનો પણ પુરેપુરો સ્વાર્થ એમાં હતો નથી; ઘણું તો તેઓના કેટલાક શેર હોય છે; ને વળી એઓ પણ શેરના નફા ઉપરજ પોતાનો ગુજારો કરે એવા નથી હતા; પણ એવી તેઓને ખી-

જી પુંજી થડી હોય છે, માટે તે પણ બરેબરી ઉત્ત કામમાં રાખે નહીં. બધું કામ બરેબરું કરનાર તો વહિવટદાર કંપ્માને મેનેજર, ને તે ગમે તેવાં પણ ચાકર; તેને કંઈ ધણીના જેટલી ફિકર હોય નહીં. કોઈ પણ કામ બે વાનાં વગર પાર પડે નહીં; એક તો પ્રમાણિકપણું, ને બીજી કાળજી. કદાપિ સારે પગાર આપે, તો કંપનીવાળાને પ્રમાણિક વહિવટદાર મળી આવે, પણ કાળજી કંઈ પગાર આપે મળે એવું નક્કી નથી. જેનો સ્વાર્થ રહેલો હોય, તેની જેટલી કાળજી રહે, તેટલી વહિવટદારને રહે નહીં. કાળજી રખાવવાનો એક ઉપાય છે ને તે કેટલાક કામમાં ઠીક માલમ પડ્યો છે. બને તો મેનેજરને નિયમો કરીઆપી તે નિયમો પ્રમાણે ચાલવાની ફરજ પાડી શકાએ. આથી તે વધારે કાળજી રાખે. પણ બધા કામના નિયમ થઈ શકતા નથી. વહિવટદારે કામમાં નિરંતર પોતાનાં તનમન ચાલવાં, એ નિયમ કદાપિ કરી આપ્યો, તો એ અમલ લાવવો કેટલો મુશ્કેલ? ને જ્યાં લગી તનમન કામમાં નિરંતર રોકાયાં રહે નહીં, ત્યાં લગી બધું એ ફોકટ. કોઈ પગારવાળો નોકર ધણીના જેટલી કાળજી કામમાં રાખે નહીં. દુનીઆમાં તેના હજાર દાખલા છે. રાજાઓ તથા રાજ્યના ચલાવનારાઓ, એઓને માણસો આબરૂ, પૈસા, હોદ્દા, કીર્તિ, તથા જે જોઈએ તે આપે છે, પણ શું તેઓ પોતાનું કામ સારી રીતે કરે છે? ઘરના ચાકરો પગાર લેતાં બરાબર માલિકના જેવી જાણપણુથી કામ કરે છે? મજુરો ઉપર નિયમાની રાખનારનો અપશું કામ પડ છે? આપણું બાળયું ને પારકુ સમાયું બરાબર, એ કહેવત શું ખોટી છે?

વળી બીજો ગેરફાયદો એ છે. કે મોટા કારખાનામાં નાના નાના ફાયદા ઉપર ને નાના ઉગારા તથા કરકસર ઉપર નજર રહેતી નથી. કોઈ પોતાનો આગવો વેપાર કરતો હોય, તે તો પાઈએ પાઈ સંભાળે. પાઈ પાઈ કરતા વખતે મોટું વળી જાયછે; અને કેટલાક વેપારીની કમાઈ એમજ થાય છે. પણ મોટા કારખાનામાં એ બનવું મુશ્કેલ.

આ ગેરફાયદા ઉપરથી કોઈએ એવું અનુમાન નહી બાંધવું, કે આ કારણને લીધે છુટા વેપારી કરતાં કંપનીઓમાં ફાયદો નથી. જે કારણથી આવા ગેરફાયદા થાયછે, તે કારણથીજ તે કરતાં મોટા ફાયદા થાયછે. છુટા વેપારી કરતાં મેનેજરો ઘણા કેળવાએલા ને દીર્ઘદૃષ્ટિવાળા માણસો હોયછે. માણસ કાળજી રાખે, પણ બહુ અક્કલ ન હોય, ત્યારે એ કાળજીનું ફળ થોડું થાય. જ્યારે મોટા પગાર આપી ઊંચા દરજ્જાની અક્કલવાળાને રાખવાનો બંદોબસ્ત હોયછે, ત્યારે એમ રાખેલા આદમી છુટો વેપારી જાતે કરે, તેના કરતાં ઘણીવાર વધારે નફો કમાય છે. તેઓ સ્વાર્થરૂપી અંધારામાં

પડી જાઇ આતા નથી; ને ઘણીવાર ઉદ્યોગીઓ મેં સારી સમજથી પોતાના ધ-
ણીને સારા નફા કમાઇ આપે છે, કે જેની આગળ છુટા વેપારીએ કરેલા પાછી
પાઇના ઉગારા કંઇ મગુતરીમાં નથી.

વળી હમેશ એવા વહિવટદારો બાંધે પગારેજ રાખી શકાયછે, એમ સમજવાનું
કંઇ કારણ નથી; ઘણે ઠેકાણે તેઓને કેટલાક બાંધેલો પગાર આપી, બાકીના પગાર
બદલ નફા ઉપર રૂપીએ થોડી આનીની સુખડી તરીકે આપવામાં આવે છે. આથી ગો-
ઠવણથી તેઓ હમેશ કાળજીથી કામ કરવાને લલચાય છે. આવી સુખડી મળવાથી
તેઓ ધણીના જેટલી કાળજી રાખતા હશે, એવું કહી શકાતું નથી; પણ એથી એ-
ઓ મહેનત તથા ફિકર બેશક વધારે રાખે. વળી સમુળગો પગાર ન આપતાં મહે-
નત બદલ નફામાં ભાગ ઘાલી આપ્યો હોય તોપણ ચાલે.

મોટા પાયા ઉપર કામ કરવાના આવા ફાયદા છતાં મોટા પાયા ઉપર હમેશ કા-
રખાનાં બની શકતાં નથી. મોટાં કારખાનામાં માલ ઘણો થાય, તે બધાનો ખપ ન
હોય તો માલ પડી રહે. માટે મોટાં કારખાનાથી જે માલ ઉત્પન્ન થાય, અથવા તે
જેટલું કામ કરે, તેટલાનો ખપ જોઇએ; નીકર તે પાલવે નહીં. ખપ બે રીતે હોય;
વસ્તિને વેપાર ઘણો હોય,તો ખપ જોઇએ તેટલા થાય, અથવા દેશાવર જોડે વેપાર
સારો ચાલતો હોય તો પણ ખપ ઘણો થાય. વળી મુડીમાં દિન પરદિન વધારો થતો
હોય, તો કામ મોટા પાયા ઉપર લાવવાં સહેલ પડે છે; કારણ ચાલતાં નાનાં કામ-
માંથી મુડી લઇને એવાં મોટાં કામ શરૂ કરવામાં આવતાં નથી; પણ તે વધારાની
મુડીમાંથી ઘણીવાર બને છે. થોડા પુરૂષોના હાથમાં ઘણી મુડી હોય તો મોટા ખા-
ખાનાં કામ માથે લેવાં સહેલ પડેછે; ને જેટલું એ કે નાણું ઘણું હોય, અને થોડા
માણસના હાથમાં હોય, તો પણ પરસ્પર વિશ્વાસ, જ્ઞાન તથા સાહાસ ન હોય, તો
મોટાં કામ બને નહી. હાલ મુંબઇ ઇલાકાના જીલાઓમાં કેટલેક ઠેકાણે થોડાં નવાં
કારખાનાં કાઢવા જેટલો પૈસો છે, પણ લોકોમાં જ્ઞાન નથી, ને વિશ્વાસુ માણસ આ-
ગેવાન થવા લાયક મળતા નથી, તેથી મોટાં કામ નિકળતાં નથી.

માટે જે દેશમાં ઘણો ખપ, વેપારમાં વિશ્વાસ, ને સાહાસ, તથા વર્ધમાન મુડી
હોય છે, ત્યાં દિનપર દિન નાના પાયા ઉપરથી ઉદ્યમો મોટા પાયા ઉપર આવતા
જાય છે. વિશેષે કરીને ઇંગ્લંડમાં આવો ફેર હમેશ થતો જાય છે; ને મોટા ઉ-
દ્યમવાળા સોંઘો માલ વેચી નાનાને છેવટ દાબી નાખે છે.

હમેશ આવા ફેરથી ઉત્પત્તિમાં વધારો થાય ખરો, પરંતુ હરેકત માત્ર એટલી

જ છે, કે તેથી ઘણા મહેનતુ લોકની વખતે રોજી જાય છે, ને વખતે તેઓને બહુ દુઃખ પડે છે. નાના ઉપરથી એકદમ મોટું કરતાં આવું કેટલુંક સંકટ નીપજે; પણ મોટું હોય તેનો વિસ્તાર કરતાં તો હમેશ ફાયદાકારક થાય છે.

ઉપરની હકીકત ઉપરથી એમ સ્પષ્ટ માલમ પડ્યું હશે, કે ઉદ્યમ મોટા પાયા ઉપર ચલાવ્યાથી વેપાર વણજમાં ઘણું કરીને દ્રવ્યની એકંદર ઉપજમાં વધારો થાય છે. હવે એક વાતનો વિચાર બાકી રહ્યો: ઉપરનો સિદ્ધાંત ખેતીને લાગુ છે કે નહીં? ખેડુત ઘરનાં એક બે વીઘાં ખેડે તેનાં કરતાં કોઈ એક જણ માથે સો વિઘાનો કિત્તો રાખી ખેતી કરાવે, તેથી ઊત્પત્તિમાં વધારો થાય કે નહીં?

આ પ્રશ્નનો ખુલાસો કરવા પહેલાં એક વાત ધ્યાનમાં રાખવા જોગ છે, નાના કિત્તા ભિન્ન ભિન્ન કદના હોય છે; ને કેટલાક તો એવા નાના હોય છે કે તેમાંથી એક બળદની જોડ અથવા એક હળ રાખવા જેટલું ખરચ પણ પાલવે નહીં. હવે આવા નાના કિત્તાથી તો હમેશ ગેરફાયદો છે. એક કુટુંબની વખત અને મહેનત સારી પેઠે રોકાય, એટલો કિત્તો તો જોઈએ ને જોઈએજ. આથી જો નાનો હોય તો તેમાંથી દેશને ઉત્પત્તિ સંબંધી લાભ નથી; કારણ તેટલો ખેડ્યા પછી જેટલો વખત ખેડુત નવરો બેસી રહે, તેટલો બધો નિરર્થક ગયો. આ વાત ધ્યાનમાં રાખવા જોગ છે. માટે છેક નાના કિત્તા કરવામાં ખોટ છે.

હવે મોટામાં નાના કરતાં ઉત્પત્તિ વિષે કેટલાક દેખીતા ફાયદા છે: અનાજ વેચવા લઈ જતાં જે ખરચ થાય છે, તે જેમ અનાજનો જથો વધે, તેના પ્રમાણમાં વધતુ નથી. વીસ મણ લઈ જવા કરતાં ત્રીસ મણનો ખરચ કંઈ દોઢો બેસતો નથી. જેના ખેતરમાંથી વીસ મણજ વેચવા જોગ અનાજ નિપજતું હોય, તેને આ વાતમાં જરા ગેરફાયદો છે. વળી ખેતીના કામમાં પણ કેટલીક તરેહના સંચાથી મહેનતમાં ને ખરચમાં બહુ ફેરફાર પડે છે. વાઢવાના, લણવાના, ઝુડવાના, ઉપણવાના, વગેરે સંચા થાય છે, ને તે વાપર્યાથી વખતે ફાયદો પડે છે. વખતે વરાળનાં હળ વાપર્યાથી પણ ઉત્પત્તિ વધે છે. હવે જેનું ખેતર નાનું હોય, તેનું આવા સંચા આણવાનું ગજું પણ ન હોય, અથવા કદાચને હોય તો તેને એ લાવ્યા પાલવે નહીં; કારણ સંચા ઘણીખરી વખત તેની પાસે નકામા પડ્યા રહે. ત્રીજું એ કે જમીનમાં કોઈ પણ મોટો સુધારો કરવો હોય, જેમ કે ખારી જમીનને મીઠી કરવી હોય, અથવા જરાયતને કુવેતર કરવી હોય, અથવા ખેડવાની નવી રીત અજમાવી જોવી હોય, તો એવો સુધારો નાના ખેડુતથી ઉપડી શકે નહીં, ને કદાપિ ઉપડતો હોય તો, તેની

સમજમાં આવે નહીં, અથવા તેને પાલવે નહીં. વળી ખેતીનાં કામમાં વિદ્યાનાં મૂળતત્વ અમલમાં લાવવાથી બહુ ફાયદો થાય છે, પણ નાના ખેડુતને એની માહિતી હોતી નથી.

આ ઉપરથી એમ સમજવું નહીં, કે મોટા પાયાની ખેતીમાં આખરે ફાયદોજ થયો જોઈએ. જો ખેડુતોમાં સાધારણ સમજ અને સંપ હોય, તો મોટા પાયાની ઉત્પત્તિના ફાયદા તેઓ મેળવી શકે. અનાજ ભરી જવામાં જે ફાયદો છે, તે ફાયદો તો નાના ખેડુતો સહીઆરૂ ગાડું કરે, તો તેમને પણ પડે. સંચા સંબંધી જે ફાયદો છે, તે વિશે પણ ઘણું કરીને એમજ કહી શકાય. ઝુડવા વગેરેના સંચા બે ત્રણ ખેડુત ભારે તો સહીઆરા રાખે. જમીનના સુધારાનું જે કહ્યું તેનું પણ કેટલેક દરજ્જે એમજ સમજવું. મધ્યમ સ્થિતિના ખેડુતો કુવો ખોદાવ્યાનું ખરચ ઉપાડી શકે છે; અને બે ચાર ખેડુતો મળીને ઘણીવાર સહીઆરો કુવો કરાવે છે, અને તેમાંથી પોતાની જમીન પારા કરતી જાયછે. નાના ખેડુતોને વિદ્યાનાં મૂળતત્વનું જ્ઞાન તો બીલકુલ હોતુ નથી, તો પણ તેઓને અનુભવ સિધ્ધ ઘણી માહિતી હોયછે, ને તેઓથી વિદ્વાન ખેડુતો કરતાં આખરે ઘણી ઓછી પાક થતો નથી.

માટે ઉપર પ્રમાણે કેટલીક અડચણો છતાં પણ નાના ખેડુતોથી જેટલી ઉત્પત્તિ થઇ શકે છે, તેટલી મોટા ખેડુતોથી બનતી નથી. મોટો ખેડુત જે ખેડે છે તે ફાયદા વાસ્તે ખેડેછે, ને તેનું ઘણું કામ પારકે હાથે થાય છે; પણ નાનો ખેડુત જે ખેતી કરે છે, તે ઘરની કરે છે, ને તે તેમાંથી રોટલો કાઢવા માગે છે. હવે કોઈ જણ ઘરના કામ વાસ્તે જેટલી મહેનત કરે તેટલી પારકા વાસ્તે કરે નહીં; મોટા ખેડુતનું કામ નાનાના જેટલું થાય નહીં. જે લોકો ઘરની ખેતી કરે છે, તે કેવા ઉમંગથી તથાં તન દઇને મહેનત કરે છે, તેનો હેવાલ આગળ જતાં આપવામાં આવશે. વળી મોટો ખેડુત હોય, તે ગાડી ઘોડા રાખે છે, ને તે બધાનું ખરચ ખેતરમાંથી નીકળવું જોઈએ. મોટા ખેડુતની ચોટ નફા ઉપર હોય છે, વધારે ઉપજ ઉપર હોતી નથી; માટે જો વધારે મહેનત કરાવ્યાથી વધારે પાક થવાનો સંભવ હોય, તો પણ જો મહેનત પ્રમાણે પાક ન વધે તો નફો ઓછો પાલવે, એટલે તે વધારે મહેનત કરાવે નહીં. હવે ખેતીમાં જેમ મહેનત વધારીએ તેના પ્રમાણમાં પાક વધતો નથી; માટે મોટો ખેડુત તો નાનાના જેટલી મહેનત કરાવનાર નથી; કેમકે તેને તો મહેનતના પૈસા બેસે છે; ને ખરચ પ્રમાણે પાકમાં વધારો ન થાય, તો તેને નફો સારો પાલવે નહીં. પરંતુ નાનો તો પોતાને માટે જાતની મહેનત કરે છે, ને તેને મહેનતના

પૈસા કરવા નથી, માટે તે તો તન દઈ જેમ બનશે તેમ સઘળી, વધારે પાક ઉત્પન્ન કરવાની પેરવીમાં રહેશે.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે જે દેશમાં નાના ખેડુત હોય, ને તે સાથે ખેડુતનો જમીનમાં કશી તરેહનો સ્વાર્થ રહેલો હોય, તે દેશમાં એકંદર પાક વધતો થવાનો. પણ કેટલાક એમ કહેનાર મળે છે કે દેશની એકંદર ઉપજ વધી તેમાં શું થયું! ખેડુતનું ખરચ કાઢતાં, બાકી શું રહ્યું તે ઉપર ધ્યાન આપવું જોઈએ. વરસો વરસ જે પાક થાય છે, તેમાંનો ઘણોખરો ભાગ તો ખેડુત પોતાના પેટ માટે રાખે છે. ખેડુતનો ખપ થઈ રહેતાં જે વધે, તેમાંથી બાકીની સર્વ વસ્તિનું પોષણ થાય છે. દેશના સંરક્ષણ કાજે લશ્કરનું, પોલીસનું, ન્યાયાધીશોનું, દેશના વિદ્વાનોનું, કેળવણીનું, વગેરે બાકીનાં બધાંનું પોષણ એ વધારામાંથી થાય છે. હવે જે દેશમાં નાના ખેડુતોથી પાક થાય છે, તે દેશમાં ખેડુતોની વસ્તિ શેહેરી લોકના પ્રમાણમાં વધારે હોય છે; માટે તે દેશમાં મોટી ખેતીવાળા દેશો કરતાં, ઓછા શેહેરી માણસોનું પોષણ થઈ શકશે. આ પ્રમાણે કેટલાક લોક અડચણ લે છે.

આ દલિલમાં એક દૂષણ છે. એ વાત ખરી કે નાના ખેડુતવાળા દેશમાં મોટાવાળાના કરતાં ખેડુતની વસ્તિ વધારે હોય છે; ને તેથી ઉત્પત્તિનો ઘણો હિસ્સો ખેડુતો ખાશે; ને પ્રમાણમાં શેહેરી માણસ ઓછા પળશે. પણ પ્રમાણમાં ઓછા પળશે, એ ઉપરથી વસ્તુતઃ ઓછા પળશે, એમ કહી શકાય નહીં. એમ ધારો કે એક દેશમાં મોટા ખેડુતની ખેતી ચાલે છે, અને બીજામાં નાના ખેડુતની ખેતી ચાલે છે. હવે જો પહેલામાં ત્રીશ લાખની વસ્તિ હશે, ને દશ લાખ ખેડુને વીશ લાખ શહેરીઓ§ હશે; ને જો બીજામાં સાઠ લાખની હોય, ને તેમાં ત્રીસ લાખ ખેડુતને ત્રીસ લાખ બીજા હોય; એટલે જો કે મોટા ખેતીવાળા દેશમાં દશ લાખ ખેડુત ત્રીસ લાખ માણસ ખાય એટલી ઉપજ કરે છે, ને બીજામાં ત્રીસ લાખ સાઠ લાખને ખાવા જેટલી કરે છે; પહેલામાં એક જણ ત્રણ માણસ ખાય એટલું કરે, અને બીજામાં બે જણ ખાય એટલું થાય; તો પણ પહેલામાં વીસ લાખ શેહેરી વસ્તિ પળી જાય અને બીજામાં ત્રીસ લાખ પળે; માટે એકમાં બીજા કરતાં વસ્તુતઃ શેહેરી લોક થોડાજ હશે એમ કહેવાય નહીં.

આપણા દેશમાં ઘણું કરીને નાના ખેડુતથી ખેતી થાય છે. પરંતુ તે ખેડુતોનો કેટલેક ઠેકાણે જોઈએ તેવો જમીનમાં સ્વાર્થ બંધાયો નથી. તેથી તથા તેઓની બા-

§શેહેરી એટલે ખેડુત સિવાય બાકીની સર્વ તરેહની વસ્તિ.

ડી બુદ્ધિ તથા અભણપણાને લીધે ઉત્પત્તિ જેટલી થવી જોઈએ, તેટલી થતી નથી. યુરોપમાં બેરીતિ ચાલેછે. તેમાં વિલાયતમાં ઘણું કરીને મોટા ખેડુતથી ખેતી થાય છે; ને ફ્રાન્સ વગેરે ઘણા દેશોમાં નાનાથી થાયછે. ઘણા ખરા વિચારવંત પુરૂષોના અવલોકનમાં એમ આવે છે કે નાના ખેડુતથી ઘણું કરીને ઉત્પત્તિના હિતમાં લાભ છે. મા૦ મીલનું કહેવું એમ છે કે જે પાકને ઘણી સંભાળ જોઇએછે, જેમ કે કસુંબા, કપાસ, વગેરે, તેમાં બેશક નાના ખેડુતથી લાભ છે. તેઓથી નવા સુધારા એકદમ થવા મુશ્કેલ છે, પરંતુજો નાનાની જોડે થોડા મોટા ખેડુત હોય,તો સુધારો થ ઉલો થાય. આ ઠેકાણે નાનાને મોટા ખેડુતની ખેતીના જે ફાયદા બતાવ્યા તે માત્ર ઉત્પત્તિના હિત ઉપર નજર રાખી બતલાવ્યાછે. બેમાંથી વધારે ઉત્પન્ન કયાથી થાય, એ ઉપર નજર રાખીને આ પ્રકરણમાં વિચાર ચલાવ્યોછે; પરંતુ દેશની રૈયત વધારે સુખીઆ બેમાંના કયે પ્રકારે થાયછે, તેનો વિચાર આગળ એટલે દ્રવ્ય વિભાગના પુસ્તકમાં આવશે.

પ્રકરણ ૧૦ મું.

ઉત્પત્તિની વૃદ્ધિની સીમા.

આપણે હવે ક્યાં લગી આવ્યા છીએ, તે પાછા ફરીને જોવું જોઈએ. ઉત્પત્તિનાં આવશ્યક સાધનો શાં શાં છે, તે આપણે જોયાં. તે આવશ્યક સાધન એનાં એ છતાં, ઉત્પત્તિમાં શાં શાં કારણથી વધારો ઘટારો થાયછે, તેનો પણ વિચાર કરી ગયા. તેમાં આપણને એમ માલમ પડ્યું કે, જો ખરાબ ધારા કે અજ્ઞાન રૂપી અટકાવ ન હોય તો, ઉત્પત્તિ હમેશ વૃદ્ધિ પામતી જાય, ત્યારે આપણે એટલું વિચારવું બાકી રહ્યું, કે આ વૃદ્ધિ નિરંતર ચાલીજ જાય કે તેની કંઈ સીમા છે? અથવા બીજી રીતે કહીએ તો આપણો પ્રશ્ન એવો છે કે ઉત્પત્તિની કંઈ સીમા છે ખરી?

ઉત્પત્તિ ત્રણ વાનાં વડે કરીને બનેછે. મહેનત, મુડીને, સૃષ્ટિજન્ય પદાર્થો. મુડીને સૃષ્ટિજન્ય પદાર્થોમાં એટલોજ ફેર કે, મુડી મહેનતથી પેદા થએલી હોયછે. હવે જો આ ત્રણમાંના કોઈ એકને સીમા હોય તો ઉત્પત્તિને સીમા છે એમ સમજવું; નહીં તો ઉત્પત્તિની વૃદ્ધિને કંઈ સીમાજ નથી. સૃષ્ટિ જન્ય પદાર્થોમાંના કેટલાકને તો સીમા છેજ નહીં, જેમ કે વાતાવરણને તથા તેજને; માટે એ પદાર્થોની તંગી થાય, ને દ્રવ્ય વૃદ્ધિમાં વિઘ્ન પડે, એમ કોઈ દિવસ થવાનું નથી. બાકીના જે પદાર્થ રહ્યા, તેન

માંનો ઘણો ભાગ જમીનમાંથી ઉગેલા પદાર્થોનો છે, અથવા ખનિજ પદાર્થોનો છે, અથવા દરિયાઈ પદાર્થનો છે. પરંતુ આ બધાને સંક્ષેપે જમીન કહીએ તો ચાલે.

આમાંના પ્રત્યેકને સીમા છે કે નહીં, તેનો આપણે વિચાર કરીએ. મહેનતની સીમા એટલે માણસની સીમા. જો માણસની વૃદ્ધિને સીમા ન હોય, તો મહેનતની વૃદ્ધિને સીમા નથી. માટે માણસની વૃદ્ધિને સીમા છે કે નહીં, તે આપણે વિચારવું જોઈએ. વસ્તિ દુનીઆમાં નિરંતર વધ્યે જવામાં કંઈ હરકત છે કે નહીં? વસ્તિમાં અટકાવ બે કારણથી થાય. એક તો વધતી જતી વસ્તિને માટે પોષણ થઈ શકે નહીં, ને વધારાનાં માણસ ભુખે મરી જાય; ને બીજું એ કે માણસની જનકશક્તિમાં જો કંઈ સીમા હોય તે. પોષણની વૃદ્ધિમાં છેવટે કંઈ પ્રતિબંધ છે કે નહીં, તેનો વિચાર સૃષ્ટિજન્ય પદાર્થની સીમાના વિચારમાં આવશે; કારણ તેની વૃદ્ધિ પૃથ્વીની રસાળતા ઉપર રહેલી છે. પરંતુ જનકશક્તિમાં છેવટે કંઈ હરકત આવે છે કે નથી આવતી?

હવે જેટલા સજીવ પદાર્થ છે, તે પછી વનસ્પતિ હો કે પ્રાણી હો,—તે બધાની જનકશક્તિ અનંત છે. ઘણીખરી વનસ્પતિમાં એક છોડ બીજા હજારનાં બીજ પૈદા કરે છે. એમને એમજ જો પૃથ્વી ઉપર તે છોડને ઉગવા દીધા હોય તો, બધી પૃથ્વી તેનાથી ઢંકાઈ જાય, ત્યારે તેની વૃદ્ધિને અટકાવ થાય. તે પહેલાં પણ એક જાતનો અટકાવ થાય ખરો. જે ૠતુમાં અથવા જેવી જમીનમાં તે ઉગી શકે એવો છે, તે બધી પુરાઈ જાય એટલે વધારે વૃદ્ધિ થવાની નહીં. જાનવરનું પણ તેમજ સમજવું. હરેક જાનવરને તેના મન માનતો ખોરાક આપ્યો હોય, તથા હાલ તેનો ક્ષય થવાનાં કારણ છે, તે બધાં દૂર કર્યાં હોય તો, જ્યાં લગી તેઓ રહી શકે એવા પૃથ્વીના બધા ભાગ ઢંકાઈ જાય, ત્યાં લગી તે વૃદ્ધિ પામેજ જાય. બધા પ્રાણીને જે નિયમ લાગુ છે, તે માણસને પણ લાગુ છે. આજ સુધીના અનુભવ પ્રમાણે પૃથ્વી ઉપરની માણસની વસ્તિ સારા આબાદ દેશમાં આશરે ત્રીસ ત્રીસ વરસે બમણી થાય છે. માણસને પણ પુરતો ખોરાક આપ્યો હોય, અને સાફ હવામાં મુક્યો હોય ને તે જો જનક શક્તિ પુરેપુરી વાપરે, તો તેની વસ્તિથી પણ છેવટ પૃથ્વી ઢંકાઈ જાય. માણસની વૃદ્ધિને છેવટ આવી સીમ છે, માણસની સંખ્યાની અવધી આવે એટલે ઉત્પાદકની પણ આવે, માટે ઉત્પાદકની એટલે મહેનતની સીમા આજ છે એમ સમજવું; ને આખી પૃથ્વી માણસથી ઢંકાઈ જાય એ અશક્ય જેવુંજ છે, તેથી ઉત્પાદકની સંખ્યાને એટલે મહેનતને સીમા ઘણું કરીને નથી, એમ કહીએ તો ચાલે.

માણસની સંખ્યામાં ઉત્તરોત્તર આવી વૃદ્ધિ થવી જોઈએ, પરંતુ થતી નથી, તેનું.

કારણ એ કે ઘણાં વિઘ્ન આવે છે, ને તેથી જેટલી ધારીએ તેટલી તે થતી નથી. એ વિઘ્ન ઘણી તરેહનાં છે. હાલ મોટા દેશની પ્રજાઓમાં લડાઇઓ થાય છે, તેથી લાખો માણસોનો સંહાર વળે છે. વળી લડાઈ સિવાય પણ ઘણા માણસો મરી જાય છે; કરોડોનો રોગચાળાથી નાશ થાય છે. કેટલાક દેશોમાં દુકાળથી પણ ઘણાં માણસ મરી જાય છે. થોડાજ વરસ ઉડીસા ને મારવાડમાં એજ કારણથી બે ત્રણ લાખ માણસનો પ્રાણ નિકળી ગયો. તેમજ ઉમ્મર પહોંચેથી જે મૃત્યુ થાયછે, તેથી ઘટ પણ વસ્તિમાં થાયછે; પણ તે છતાં ત્રીસ વરસે બીજાં કારણ ન હોય તો વસ્તિ બમણી થાય, માટે ઘટનું એ કારણ આપણે ગણતરીમાં લેતાજ નથી. આ બધાં કારણ કહ્યાં, તે વસ્તિના વધારાનાં બાધક તરીકે થઈ પડે છે; તેઓ વધેલી વસ્તિને ઓછી કરે છે. પરંતુ તે સિવાય કેટલાક કારણ હોય છે, તે વસ્તિને વધવા પામવા દેતાં નથી. સુધરેલા દેશોમાં કેટલાક ડાહ્યા પુરૂષો પોતાની મેળે સમજીનેજ આત્મસંયમ રાખી ઘણો વસ્તાર થવા દેતા નથી. પોતાની ધારણા અમલમાં લાવવા, તેઓ બને તેમ લગ્ન મોડું કરેછે, અને તેવા દેશોમાં મોડું પરણવામાં કોઇ એબ સમજતું નથી. વળી કેટલાક તો કુંવારા રહેવું પસંદ કરેછે. કુંવારા રહેવામાં ખરૂં જોતાં કંઈ ગેરીયત નથી, અને તેમાં ગેરીયતછે, એમ એ દેશમાં કોઈ સમજતું નથી. દુનીઆમાં વિદ્યા, જ્ઞાન, કળાકૌશલ્ય સંબંધી કેટલાક મોટા લાભ બ્રહ્મચર્ય પાળનારા પુરૂષો તરફથી મળ્યા છે. માટે બ્રહ્મચર્યથી જો દુર્ગુણને પુષ્ટિ મળતી ન હોય, તો તેને ધિક્કારવાને બદલે માન આપવું જોઇએ. કેટલાક સમજીને આત્મસંયમ નથી રાખતા, તે બીહીને રાખે છે. તેઓ એમ જાણે છે કે આપણાથી આટલાં છોકરાંનું પોષણ થઈ શકે એમ છે, ને એથી વધારે થયાં તો આપણે ને છોકરાં બંને દુખી થઇશું; માટે તેઓ મોડા પરણે છે, અથવા પરણ્યા પછી જીવ વશ રાખે છે. કેટલાક ભુખે મરવાની બીકથી જીવને વશ રાખે છે. જેમ જેમ માણસ વધારે સુધરતા જાય છે, તેમ તેમ તેમને જીવ વશ રાખવો સહેલ પડે છે. કોઈ કોઈ વાર તો આ બધી ધાસ્તી હોતી નથી, ત્યારે પણ એક બીજી ધાસ્તી એવી હોય છે. સમજુ માણસ એમ વિચારેછે કે વસ્તાર વધવાથી આપણે જે સ્થિતિમાં ઉછરી મોટા થયા છીએ, તેથી નીચી સ્થિતિમાં આવી પડીશું.

આ સિવાય બીજાં કેટલાક કારણથી વસ્તિમાં વધારો થતો બંધ પડે છે. કેટલાક દેશોમાં ખેડવાને જમીન મળતી નથી, ત્યારે ખેડુત પોતાની પ્રજામાં વધારો કરતાં વખતે ડરે છે, કોઈ કોઈ ઠેકાણે, જેમકે આપણા દેશમાં નીચા કુળના સબબથી કેટલાકને કુંવારા રહેવું પડે છે; ને તેથી પણ વૃદ્ધિમાં હરકત થાય છે. પ-

લું આપવું લેવું, એથી પણ એક તરેહની હરકત થઈ શકે ખરી : પણ જેઓ આ-પવાને શક્તિમાન નથી હોતા, તેઓ કરજે કરી પરણેછે, તેથી તે આલથી કાંઈ ઘણો ફેર પડતો નથી. જ્ઞાતિબંધથી પણ કેટલીક હરકત થાય છે. વખતે એક નાતમાં કન્યાની બહુ તંગી પડી જાય છે, તેથી ઘણાને કુંવારા રહેવું પડે છે; ને બીજીમાં વધારે હોય, તો તે નાતના લોક બબે ત્રણ ત્રણ કરી લેછે; પણ તે નાતની કન્યા પર નાત-નાને કામ આવતી નથી. આ પણ વૃદ્ધિમાં ખલેલનું કારણ છે.

આવાં આવાં વસ્તિમાં વિઘ્ન કરનારાં ઘણાં કારણો છે; પણ તે બધા પ્રતિબં-ધોમાં આપણા દેશમાં માત્ર રિવાજથી જે પ્રતિબંધ થાયછે તેજ માટ; આત્મસંયમથી અથવા પોતાના સુખમાં ખલેલ પોહોચશે, એમ ધારી જનકશક્તિને નહી વાપર-નાર થોડાજ પુરૂષ છે. મારવાડના ખેડુતો પાંચ પાંચ છોકરાં લેઇ શેરીએ શેરીએ ભીખ માગેછે, પણ નહી પરણવાની બુદ્ધિ કોઇનામાં નથી. જેને ખાવાનું પરાણે મ-ળતું હોય છે, તે પણ છોકરો મંડાતો જોઈ ખુશ થાય છે. ઉપરનાં બધાં ખલેલો છતાં વસ્તિ દેશમાં ત્રીશે વરશે બમણી થાય છે. પરંતુ જ્યારે એમાંનું કોઇ પણ ખલેલ કારણસર દૂર થાય છે, ત્યારે તે ધમધોકાર ચાલી જાય છે, ને દુપટ થતાં એથી પણ થોડાં વરસ લાગે છે.

આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે મનુષ્ય જાતની જનક શક્તિ તરફથી વ-સ્તિની વર્ધિમા થોડુંજ વિઘ્ન થાય છે. માત્ર જનક શક્તિનેજ આધારે વસ્તિની વૃ-દ્ધિ રહી હોય, તો તો વસ્તિ અનંત વધ્યા કરે. જનકશક્તિ એક પુરૂષની લેવી નહી; અથવા હાલ છે, એટલાની માત્ર લેવી નહીં, પણ હાલ છે ને હવે પછી જે થવાના, તે બધાની જનકશક્તિ ધ્યાનમાં લેવી જોઇએ. વસ્તિની વૃદ્ધિમાં જનકશક્તિ તરફનો કશો પ્રતિબંધ નથી, ત્યારે જે હોય તે પોષણ તરફનો હોય. તે તરફનો છે કે નહીં, તે જ્યારે જમીનની ઉત્પાદક શક્તિનું વર્ણન કરીશું, ત્યારે માલમ પડી આવશે. તે વર્ણન આવતા પ્રકરણમાં આવશે.

प्रकरण १२ मुं.

ઉત્પત્તિની વૃદ્ધિની સીમા—મુડી.

ઉત્પત્તિની વૃદ્ધિને સીમા છે કે નહીં, એ વાતનો નિર્ણય કરતાં આપણે એમ વિચાર્યું, કે જો ઉત્પત્તિનાં સાધનની સીમા હોય, તો ઉત્પત્તિની સીમા હોય. ઉત્પત્તિ-

નાં સાધન ત્રણ છે. ઉત્પાદકોની મહેનત, સૃષ્ટિજન્ય પદાર્થો તથા મુડી. ઉત્પાદકોની સંખ્યાને સીમા ન હોય, તો મહેનતને સીમા નથી, એમ કહેવાય. ઉત્પાદકની સંખ્યાની વૃદ્ધિ માણસની જનકશકિતને તથા જમીનની પોષક શકિતને આધારે છે. જનકશકિતને કંઈ સીમા નથી, એમ આગલા પ્રકરણમાં બતલાવ્યામાં આવ્યું. જો જમીનમાંથી પોષણ જોઈએ તેટલું મળો આવશે, તો કાંઈ ઉત્પાદકની ખોટને લીધે ઉત્પત્તિમાં ખોટ આવનાર નથી. જો ઉત્પત્તિ માત્ર માણસની મહેનતનેજ આધારે હોત, અને જો માણસની સંખ્યા જનકશકિતનેજ આધારે હોત, તો તે અનંત વૃદ્ધિ પામ્યા કરત.

પરંતુ ઉત્પત્તિને માટે મુડી પણ જોઈએ છે; કારણ ઉત્પાદકનું પોષણ મુડીમાંથી થાય છે. હવે દેશમાં આગળ કરેલી મહેનતથી જેટલું ઉત્પન્ન થયું હશે, તેનાથી જેટલાનું ગુજરાન ચાલશે, તેટલીજ દેશમાં વસતિ રહેવાની; તેથી વધારે રહી શકે નહીં. તે ઉપજમાંથી જેટલો ભાગ ઉત્પત્તિ વાસ્તે જુદો કાઢ્યો હશે, તેટલાથી જેટલાનું ગુજરાન થાય, તેટલાજ ઉત્પાદક દેશમાં કામે લાગવાના, એથી વધારે લગાડી શકાય નહીં. માટે જો કે માણસની જનક શકિત ઉપરજ ઉત્પાદકની સંખ્યાનો આધાર હોત, તો તે અનંત વૃદ્ધિ પામત, તોપણ મુડી ઉપર એટલે ઉત્પત્તિને અર્થે જે દ્રવ્ય જુદું કાઢવામાં આવે છે, તેના ઉપર પણ તેનો આધાર છે, તેથી હવે આપણે જોવાનું એટલું રહ્યું કે હરકોઈ દેશમાં ઉત્પત્તિને કાજે દ્રવ્યનો કેટલો ભાગ નીકળશે; સારાંશ મુડીનો સંગ્રહ શા નિયમ પ્રમાણે થશે.

હવે પહેલું એ ધ્યાનમાં લેવાનું છે, કે મુડી જે થાય છે, તે ઉગારાથી થાય છે. ઉત્પન્ન થએલા દ્રવ્યનો ઉપભોગ હાલનો ફાયદો વિચારીને એકદમ ન કરતાં, ભવિષ્યનો વિચાર રાખવાથી, મુડીની વૃદ્ધિ થાય છે; માટે મુડીના સંગ્રહનો આધાર બે વસ્તુ ઉપર રહેવાનો: એક સંગ્રહજનક§ ઇચ્છા ઉપર, ને બીજો જે દ્રવ્યમાંથી સંગ્રહ કરવાનો છે, તેના ભંડોળ ઉપર. મુડીનો સંઘરો કેટલો થશે, તે આ બે ઉપરથી નક્કી થાય. સંઘર કરવાની ઇચ્છા ગમે તેટલી બળવાન હોય, પણ ઉપજેલું દ્રવ્ય થોડું હોય, તો સંઘરો ઘણો થાય નહી; ને તેમજ ઉપજેલું દ્રવ્ય ઘણું હોય, પણ સંગ્રહ કરવાની ઇચ્છા બળવાન ન હોય, તો પણ સંઘરો ઘણો થાય નહીં. માટે મુડી થવાને વાસ્તે બે વાનાં જોઈએ.

---

§'સંગ્રહજનક ઇચ્છા' કહેવાનું કારણ કે: સંગ્રહ કરવાની ઇચ્છા માત્ર હોય ને સંગ્રહ કરવાનું ભંડોળ ન હોય, ત્યારે તે ઇચ્છાથી સંગ્રહ થાય નહીં. પણ જેની પાસે ભંડોળ હોય, તે જે ઇચ્છાથી સંગ્રહ કરે, તેનું નામ સંગ્રહજનક ઇચ્છા, કેમકે તેથી ઇચ્છાથી સંગ્રહ થાય છે.

હવે મહેનતથી જેટલી નીપજ થઈ હોય, તે બધી સંઘરો કરવાનું બંધોબસ્તે; તેથી જેટલો સંઘરો થાય, એટલી મુડી થાય. બહુબહુ તો તે બધી નીપજ મુડી દાખલ સંઘરી શકાય, પણ એથી વધારે સંઘરો થવો અશકયછે. આટલો પણ કોઈ દિવસ થતો નથી. એ ઉપજમાંનો ઘણો ભાગ વૈભવના પદાર્થ રૂપે હોયછે; ને તે પદાર્થો ઉત્પત્તિમાં કશા કામમાં આવતા નથી. જે લોકો ઉત્પત્તિમાં હાથ ઘાલતા નથી, અને જેની મહેનત અનુત્પાદકછે, તે બધાનું પોષણ પણ તેમાંથી થાયછે. આટલું જતાં બાકી રહેલી ઉપજમાંથી, મુડીદારે જેટલી મુડી કાઢી ઉત્પત્તિ કરી હોય, તેટલી મુડી પાછી વળેછે. આટલાથી તો મુડીમાં કંઈ વધારો થયો એમ કહેવાય નહીં. હવે આટલુ જતાં જે બાકી રહ્યું, તે બધાની વધારે મુડી કરવી હોય તો કરી શકાય: તેને દેશની ચોખ્ખી ઉપજ કહીએ તો ચાલે. જેમ જેમ આ ચોખ્ખી ઉપજ વધારે હોય, તેમ તેમ મુડીમાં વધારો બનવો સહેલ પડે; અને ઘણીવાર વધારો થાય છે, તે તેમાંથીજ થાયછે. વહીવટમાં આ બધી ચોખ્ખી ઉપજમાંથી મુડીનો વધારો થતો નથી; પણ તેમાંથી જેટલું મુડીદારના હાથમાં વફાતર આવેછે, તેમાંથી થાયછે; પરંતુ જો ચોખ્ખી ઉપજ વધારે હશે, તો વફાતર પણ વધારે થશે; માટે મુડીના વધારાનો આધાર ચોખ્ખી ઉપજના ઉપર છે, એમ કહેવામાં કોઈ દોષ નથી. જો દેશની એકંદર ઉપજને સીમા હોય તો, ચોખ્ખી ઉપજની પણ સીમા આવે; અને તેની આવે એટલે મુડીની હદ આવે; અને મુડીની હદ આવે એટલે ઉત્પત્તિમાં વધારો થતો બંધ પડે. હવે દેશની એકંદર ઉપજની હદ છે કે નહી, અને છે, તો કયારે આવે છે, તે જમીનની ઉપજ વિશે વિચાર કરતાં કહેવામાં આવશે.

પણ મુડીનો વધારો એકલી ચોખ્ખી ઉપજને આધારે નથી, પણ ઉગારવાની તથા સંઘરો કરવાની બુદ્ધિને આધારે છે, ને તે બુદ્ધિ કેવળ નફાને આધારે રહેલી નથી. માત્ર નફો વધવાથી તે વધતી હોય, ને ઘટવાથી ઘટતી હોય એમ નથી. નફાની આશા સરખી હોય છે, તો પણ માણસ માણસની સંગ્રહ બુદ્ધિમાં ઘણો ફેર હોય છે; એકજ નફાની આશાએ એક જણ સંઘરો ઘણો કરે, ને બીજો થોડો કરે છે. જેમ માણસ માણસમાં ફેર હોયછે, તેમ દેશ દેશમાં તથા કાળ કાળમાં પણ ફેર પડે છે. એક દેશના લોકની સંગ્રહની ઇચ્છા બીજા દેશના લોકની સંગ્રહની ઇચ્છા કરતાં નબળી સબળી હોય છે એટલુંજ નહીં, પણ તેના તે દેશની ઇચ્છા એક કાળે કેવી હોય છે, ને બીજે કાળે કેવી હોય છે.

હવે સંગ્રહ કરવાની ઇચ્છામાં દેશ દેશમાં, જણ જણમાં, અને કાળ કાળમાં જે ફેર

જોવામાં આવેછે, તે બે કારણને લીધે હોય છે; સંગ્રહ કરવો, એટલે વર્તમાનના સુખને પડતુ મુકીને ભવિષ્યનું ભલું તાકવું. હવે જે જે કારણથી સંગ્રહનું ફળ ભોગવવાનો જોગ વધે, તે તે કારણથી સંઘરો કરવાનું બધાને યોગ્ય દીસે, ને સંગ્રહ કરવાની યોગ્યતા વધારે લાગે; ને સંગ્રહજનક શક્તિ તેજ પામે; અને જેમ જેમ સંગ્રહ કરેલા દ્રવ્યનો ઉપભોગ આપણાથી થશે, એમ માનવાનો જોગ થોડો થાય, તેમ તેમ સંગ્રહ કરવો અયોગ્ય લાગે, ને સંગ્રહજનક શક્તિ નિર્બળ થાય. એક તો આ પ્રમાણે સંગ્રહજનક ઇચ્છા સબળ નિર્બળ થાય છે. જો દેશની હવા રોગી ન હોય, તો લાંબે આવરદા ઘણા માણસ પહોંચે, તેથી બધા સંગ્રહ કરવાની વૃત્તિ રાખે. નીરોગી મુલકમાં સંગ્રહજનક ઇચ્છા બળવાન હોય છે, ને તેજ પ્રમાણે રોગી મુલકમાં નબળી હોય છે. વળી જે ધંધાથી આવરદા વધવાનો જોગ હોય, તે ધંધાવાળા લોક નીતિસર ચાલનાર હોય છે; ને જે ધંધામાં જીવનો ભરૂસો નથી, તે ધંધાના લોક ઉડેલ હોયછે. તેઓ ધારે છે કે જે ભોગવી લીધુ તે ખરૂં; કાલનો ભરૂસો નથી. બધા દેશમાં સોલજર, લશ્કરના સીપાઈ, ખારવા, વગેરે ઉડાઉ હોયછે, તેનું કારણ આ છે. વળી જે દેશમાં લડાઇ, લુટફાટ, ને જોર જુલમનો ભય હોતો નથી, ત્યાં સંગ્રહ જનક ઇચ્છા સબળ હોય છે. પણ જે દેશમાં રાજ્ય તરફનો જુલમ હોય છે, કે વારંવાર લડાઈ બખેડો ને લૂટ થાય છે, ને ધાડો પડે છે, ત્યાં તે સંગ્રહબુદ્ધિ ક્ષીણ થઈ જાય છે. હિંદુસ્તાનમાં અંગ્રેજનું રાજ્ય આવવાની પહેલાં સંગ્રહજનક ઇચ્છા ઘણી ક્ષીણ હતી, પણ હાલ ઘણી સબળ છે.

માણસ યોગ્યાયોગ્યતાનો વિચાર કરી સંગ્રહ કરે, તો ઉપરના કારણ ઉપર વિચાર રાખી કરે; પરંતુ હમેશ તે યોગ્યાયોગ્યતા ઉપર નજર રાખતા નથી. વખતે યોગ્યાયોગ્યતા ઉપર વિચાર રાખતાં સંગ્રહજનક ઇચ્છાનું જેટલું પ્રાબલ્ય જોઈએ, તેટલું હોવુ નથી, ને વખતે તેથી વધારે હોય છે.

જે કારણથી પોતાના સંઘરેલા દ્રવ્યનો ફાયદો પોતાને મળવાનો જોગ વધે, તે બધાથી સંઘરો કરવો યોગ્ય લાગે; ને જે જે કારણથી પોતાનું સંઘરેલું પોતે ખાવાનો જોગ ઘટે, તે બધાથી સંઘરો કરવો અયોગ્ય લાગે. સંગ્રહ કરવાની યોગ્યતા સરખી છતાં, દેશ દેશમાં તે કરવાની ઇચ્છામાં ફેર હોયછે, તે મુખ્યત્વે કરીને બે કારણને લીધે હોયછે; એક તો ટુંકી દૃષ્ટિને લીધે, ને બીજું છોકરાં છૈયાં વગેરેને માટે ફિકર નહીં તેને લીધે. બીજુ કારણ સમજવાને એટલુંજ વિચારવું, કે હાલના લોક સંગ્રહ કરે છે, તેમાં પોતાની જાતના ઉપયોગને માટે કેટલો કરેછે, ને છોકરા માટે કેટલો કરેછે. ગુજરા-

તીઓમાં જે ઘણો ખરો સંઘરો થાયછે, તે છોકરાંને માટે થાયછે હવે જો કોઇ કારણથી છોકરાં છેઆંને માટે સંગ્રહ કરી વારસો મુકી જવાની ઇચ્છા બંધ થઇ જાય, તો સંગ્રહ કરવાની બુદ્ધિમાં કેટલો બધો ઘટાડો પડે ! રોમના રાજ્યની પડતી આવી, ત્યારે લોક આવી દશામાં હતા. તેઓ પંડ વગર બીજા કોઇની ફિકર રાખતા નહીં; તેથી તેઓની દ્રવ્યની તથા નીતિની હાલતમાં ઘણી ક્ષીણતા થઇ હતી. ટુંકી દ્રષ્ટિથી સંગ્રહજનક ઇચ્છામાં કેમ ઘટાડો થાય છે, તે સમજવું મુશ્કેલ નથી. ગુજરાતમાં ને તેમાં વળી મુખ્યત્વે કરીને સુરતમાં, ઘણા ખરા મજુરીઆત લોક તથા બીજા લોક કેમ ગરીબ રહેછે? શું તેઓ પોષણ જેટલું બલકે તેથી વધારે કમાતા નથી? કમાતા નથી એમ કોઇથી કહેવાય નહીં. તેઓ જેટલું કમાયછે, તેટલું કાંતો દારૂ પીવામાં, ને કાંતો મોજ મઝામાં ઉડાવી દે છે, ને પાછા હોય છે, એવા થઇને રહે છે. કાલને માટે રાખી મુકવાની તેઓમાં બુદ્ધિ નથી; તેઓ ટુંકી દ્રષ્ટીના લોક છે. તેઓ એમ કહે છે કે આજ તો છે એટલું ખાઇ લો, કાલ પ્રભુ મોટો છે, એટલે મળી રહેશે. આ પ્રમાણે ભાગ્યને આધારે રહે છે. પરંતુ દુનીઆના વ્યવહારમાં ભાગ્યને આધારે રહેવું, એ મૂર્ખાઇ જેવું છે. જે લોકો ભાગ્યને મોટું કરીને થાપે છે, તેઓથી પણ ભાગ્યને ભરૂસે બેશી રહેવાતું નથી; અને પોતાનું ખરેખરૂં કામ આવેછે, ત્યારે પ્રયત્ન કરવામાં બાકી મુકતા નથી. વળી બધા શાણા પુરૂષોનું પણ એવું કહેવું છે, કે આપણે આપણું ચાલે તેટલું કરવું, પછી યત્ન કરતાં પણ સફળ ન થઇએ, તો ભાગ્યનો વાંક કાઢવો. અણસમજુ મુસલમાન લોકો બીજા બધા કરતાં નશીબને આધારે વધારે રહે છે; તેથી તેઓ હાલ ઘણા દુઃખી છે; તેમનામાં પણ સારા લોક એમ કરતા નથી. આવી રીતે ગુજરાતમાં કેટલીક જાતના લોક ટુંકી નજરવાળા છે; પણ છેક નીચ કોમ વગેરેના બાકીના ગુજરાતના લોક દીર્ઘ દ્રષ્ટિવાળા છે. તેઓ પોતાના સાધારણ વ્યવહારમાં ઘડપણને માટે, અથવા દુર્દશાને માટે, અથવા છોકરાંને માટે થોડુંક રાખીને ખરચ કરે છે. પણ ગામડામાંના અથવા જંગલી ભાગના લોક ટુંકિ દ્રષ્ટિથી ઘણો સંગ્રહ કરતા નથી, અને સારા લોક પણ શક્તિ ઉપરાંત વિવાહ અવસરમાં અથવા દહાડા પાણીમાં ખરચતાં વિચાર રાખતા નથી. જ્યાં કેળવણી થોડી હોય, ને માણસ જંગલી હોય, ત્યાં ટુંકી દ્રષ્ટિ હોય, તેમાં નવાઇ નહીં. દીર્ઘદ્રષ્ટી એ વિચારનો ધર્મ છે; ને અજ્ઞાન લોકમાં વિચાર ક્યાંથી હોય?

આ પ્રમાણે ટુંકી દ્રષ્ટિથી દ્રવ્યનો સંઘરો થોડો થાય છે. સંઘરો થોડો થવાથી મુડી થોડી થાય છે, અને તેથી ઉત્પત્તિની, હદ આવે છે વળી ટુંકી દ્રષ્ટિને

લીધે સંગ્રહ કરવાનું ભંડોળ પણ થોડું થાય છે; કારણ એવી બુદ્ધિનો માણસ તરત ફળ મળે એવીજ મેહેનત કરે છે. અમેરિકામાં સેન્ટલોરન્સ નદીને કાંઠે વસનારા જંગલી લોક છે, તેમના ગામમાં રસાળ જમીન જોઇએ તેટલી છે. તે એકેક કુટુંબ વીઘુ વીઘુ ખેડે, તો તે કોઇ દિવસ ભુખે મરે નહીં. પરંતુ તેઓ ઘણી વાર ભુખે મરતા જોવામાં આવે છે. આ કંઈ સુસ્તીને લીધે બનતું નથી. તેઓ કામ કરવા મંડે છે, ત્યારે ઘણી મહેનત કરે છે; ને તેઓના શિકાર પાછળ પણ મહેનત કરવામાં બાકી રાખતા નથી. પરંતુ તેઓ જંગલી છે, એટલે જે ફળ મળતાં વિલંબ થાય. તેવું ફળ મળવવાને તેઓ મહેનત કરતા નથી. ખેતીમાં મહેનત તો પડે, પણ ફળ મોડું મળે, માટે તેઓને ખેતી ગમતી નથી; અને વખત છે ને ખેતીમાં મહેનત કરે તો એવી કરે છે, કે તેનું તરત ફળ મળે. અનાજ વાવે તો એવું વાવે કે વહેલું પાકે. બે ત્રણ વરસે ફળ મળે એવી મહેનત કરવી, તો એમને મન બિલકુલ ભાવતી નથી.

ચીના લોક છેક તેવા નથી, પણ ઘણા વધારે સુધરેલા છે. પરંતુ તેઓમાં પણ યુરોપીઅનો જેટલી દીર્ઘદૃષ્ટિ નથી. તેઓ પાક પકવે તેમાં વહેલાં ફાલે એવાં ઝુલ પકવેછે. તેઓ મહેનતમાં કંઈ કસર રાખતા નથી. પણ જે મહેનત વહેલી ફળે, તે મહેનત તેઓને વધારે પસંદ પડે છે. વહાણમાં અથવા ત્રાપા ઉપર માટી પાથરી, તેઓ પાક કરે છે, પણ નદીયો કીનારે હજારો વીઘા ભીની જમીન છે, તેને કોરી કરવી તે એમના મનમાં ઉતરતું નથી; કારણ એ મહેનતનું ફળ ઘણું પાલવે, પણ તે ઘણે વરશે થાય, ને આનું તરત ફળ થાય છે. આપણામાં પણ એવા ટુંકીદૃષ્ટિના દાખલા જોવામાં આવે છે. ઘણા ગામમાં પાક થતો હોય, ત્યારે ખેડુત ઢોર વગેરેથી પાકની જાળવણ કરવા ખેતરમાં બેઠો રહેછે, પણ એકવાર થોડી મેહેનત કરી વાડ કરવી, તે તેના મનમાં આવતું નથી.

આ ઉપરથી માલમ પડે છે કે સંગ્રહજનક ઇચ્છાના સબળ નિર્બળપણાનો આધાર દીર્ઘદૃષ્ટિ ઉપર પણ છે; ને દીર્ઘદૃષ્ટિનો આધાર મનની કેળવણી ઉપર છે. કોઈ દેશમાં ચાલતા કાળની સંગ્રહજનક બુદ્ધિ પ્રમાણે જેટલો દ્રવ્યનો સંચય થયો જોઇએ, તેટલો જ્યારે થઇ ચુકે, ત્યારે પછી વધારો થાય નહીં; કારણ થાય તો તેનો નફો આગળ જેટલો ઉપજે નહીં. માણસ જે સંચય કરે છે, તે નફાની આશાએ કરેછે, માટે જેટલો નફો પલવવો જોઇએ, તેટલો પલવતો બંધ થાય ત્યારે માણસ સંચય કરતા પણ બંધ થાય. જ્યારે કોઇ દેશ દ્રવ્યની બાબતમાં એવી સ્થિતિમાં આવે, કે તેમાં વધારો થતો બંધ પડે, ત્યારે તે દેશ સ્થાયી

સ્થિતિમાં આવ્યો, એમ કહીએ તો ચાલે. આ સ્થિતિમાં આખા દેશની એકંદર મુડી વધે નહીં, પણ લોકની સમૃદ્ધિમાં ફેર થતો જાય. જે દીર્ઘદૃષ્ટિવાળા હોય, તે ટુંકી દૃષ્ટિવાળા કરતાં પૈસાદાર થતા જાય. જ્યારે મુડી આવી સ્થિતિમાં આવે, ત્યારે ઉત્પત્તિમાં વૃદ્ધિ થતી બંધ પડે, ને આ પ્રમાણે ઉત્પત્તિની સીમા મુડીની વૃદ્ધિ બંધ થવાથી આવે.

સંગ્રહબુદ્ધિ સબળી છે કે નબળી છે, એ વ્યાજના દર ઉપરથી કહી શકાએ. જે દેશમાં તે બુદ્ધિ નબળી હોય, તે દેશમાં વ્યાજનો તથા નફાનો દર ઘણુ કરીને ભારે હોવો જોઇએ; કારણ થોડા વ્યાજ કે નફાને માટે તેવા દેશના લોક સંચય કરે નહીં; અને જે દેશમાં એ બુદ્ધિ સબળી હોય, ત્યાંના લોક થોડું વ્યાજ મળે, તોએ સંચય કર્યાજ કરે. આ પ્રમાણે દેશ દેશમાં મુડીનો સંચય વધતો ઓછો થવાથી નફા અને વ્યાજનો દર જુદો જુદો હોયછે. હાલ વિલાયતમાં ખરા શાવકારનું વ્યાજ ચાર આનાનું છે, અને આપણે અહી છ આનાનુંછે. વળી હિંદુસ્તાનના જુદા જુદા ભાગમાં વ્યાજનો દર જુદો જુદો છે; કારણ બધા ભાગમાં સંગ્રહની બુદ્ધિ સરખી નથી. માટે બે દેશમાં યોગ્યયોગ્યતાના કારણો સરખાં છતાં કયા દેશમાં સંગ્રહની ઇચ્છા વધારે પ્રબળછે, તે વ્યાજના દર ઉપરથી કહી શકાય. જે દેશમાં વ્યાજનો દર થોડો તે દેશમાં સંગ્રહની ઇચ્છા વધારે બળવાન છે એમ સમજવું જોઇએ; કારણ એ દેશના લોક સરખુ જોખમ છતાં થોડા વ્યાજના માટે સંગ્રહ કરવો ઠીક ધારેછે.

આ ઉપરની વાત ઉપરથી સંગ્રહબુદ્ધિ સબળ નિર્બળ કેમ થાય, તે વિષેની કેટલીક સમજ પડી હશે. પરંતુ કેટલેક ઠેકાણે યોગ્યતાના પ્રમાણમાં જેટલી પ્રબળ હોવી જોઇએ, તેથી સંગ્રહશકિત વધારે પ્રબળ હોય છે. વિલાયતમાં તે આ પ્રમાણે છે. એમ તો સમજવું નહી કે તે દેશમાં બધા સંગ્રહ કરવાની ધારણા રાખે છે; પરંતુ એકંદર લોકમાં લોભબુદ્ધિ બળવાન છે, અને તેથી તેઓમાં મુડીની વૃદ્ધિ નિરંતર થયા જાય છે આપણા ગુજરાતીઓમાં પણ સંગ્રહશકિત બળવાન છે. આનાં કેટલાંક કારણ છે. એક તો ગુજરાતી ભાઈ વૈભવમાં પૂરેપૂરૂ સમજતા નથી, પરંતુ વૈભવના ઉગાગનો ખંગ નાતવરાથી વળી જાય છે. બીજું ઘણા કાળથી પરદેશીને સ્વાધીન પડવાથી લોકોમાં પૈસા સિવાય બીજી તરેહની મોટાઈની ઇચ્છા રહી નથી. જે રાજ્ય કરનાર લોક હોયછે, તેઓમાંના સારા લોકમાં સત્તાનો અથવા નામનો લોભ હોય છે; તે પૈસાના કરતાં સત્તા અથવા નામને વધતા ચહાય છે; પરંતુ ગુજરાતીમાં બધા સત્તાહીન પડ્યા, એટલે પછી જે પૈસે મોટો તેજ મોટો; અને જે વ-

માટે પૈસા ખરચ. પોતાના વહેવારમાં મોટા વરા કરે, કે મોટાં લાહાણાં કરે, તે મોટો કહેવાય છે. ઈંગ્રેજના રાજમાં પાછી વેપારીની પ્રતિષ્ઠા સારી, એટલે લોકનુ લક્ષ ઘણું વેપાર ઉપર રહે છે. હાલ લુટ ફાટ, જોર જુલમ, વેઠ, વગેરેનો ભય ગયો છે, તેથી પણ મુડીમાં વધારો થાયછે. કિમતી દાગીના પહેરવાનો તથા પલ્લાંનો જે ચાલ છે, તે પણ સંગ્રહ બુદ્ધિને પુષ્ટિ કરતા છે. જૈન ધર્મથી પણ કેટલોક અસર થયોછે, એમ કહીએ તો ચાલે, કારણ તેથી લોકનું મન વેપાર ઉપર ઘણું વળ્યુંછે.

આ પ્રમાણે સંગ્રહજનકબુદ્ધિ ઘણાખરા દેશોમાં બળવાન થતી જાય છે, ને દિનપરદિન મુડી વધતી જાયછે. જ્યારે સંગ્રહ કરવાથી નફો એટલો થોડો નીપજે, કે તે કોઈની નજરમાં આવે નહીં, ત્યારે સંગ્રહ થતો બંધ રહે, ને પછી મુડીની વૃદ્ધિમાં અટકાવ થાય, ને ઉત્પત્તિ પણ વધે નહીં. જ્યાં લગી સંગ્રહબુદ્ધિ આ સ્થિતિને પહોંચી નથી, ત્યાં લગી જો સંગ્રહ કરવાનું સાધન, જે જમીનમાથી નીપજતી ઉપજ, તે નિરંતર વધ્યા કરે તો, સંગ્રહ પણ વધ્યો જાય. પરંતુ જમીનનો પાક હમેશ વધ્યા કરશે અરો? એ પ્રશ્નનો નિર્ણય આવતા પ્રકરણમાં આવશે.

प्रकरण १२ मुं

ઊત્પત્તિની વૃદ્ધિની સીમા—જમીનનો પાક.

ઉત્પત્તિનાં બીજાં સાધનો ને જમીનમાં મોટો ફેર એ છે કે, જમીનના વિસ્તારમાં વધારો થવાનો નથી; તે છે તે છે. જમીન વૃદ્ધિમાન નથી, તેમ અખૂટ પણ નથી: એટલુંજ નહીં, પણ તેની ઉત્પાદક શક્તિ પણ વધ્યા કરતી નથી. કોઈ પણ જમીનના ટુકડામાં, પછી તે ગમે તેવો રસાળ હશે, તો પણ નિયમિત પાક નીકળવાનો; ને તે કરતાં વધારે પાક કાઢવાનો જો પ્રયત્ન કરવામાં આવશે, તો તે વધારાનો પાક બિલકુલ નહીં નીકળે એમ નથી, પરંતુ પાકના પ્રમાણમાં મહેનત વધારે કરવી પડશે. જમીન જાતે નિયમિત છે, ને તેની ઊત્પાદક શક્તિ પણ નિયમિત છે, તેથી ઊત્પત્તિ પણ નિયમિત છે એમ સમજવું. જો બધે ઠેકાણે બધી જમીન ખેડાણ થઈ જાય, અને જમીનમાં જેટલો પાક થવો જોઈએ તેટલો થાય, તો પછી વધારે ઉપજ થાય નહીં. ઉત્પત્તિની ખરી સીમા આ છે.

આ વાત હરકોઈ સાધારણ માણસ સમજી શકે એવી છે; પરંતુ હજી માણસજાત આ અવધિને પહોંચી નથી. આખી દુનીઆમાં તો શું, પણ હજી કોઈ દેશ—

માં બધી જમીન ખેડાણ થઇ નથી. બધે પડતર ઘણી રહેલી છે; માટે ઘણા એમ માને છે કે બધી જમીન ખેડાણ થઇ જાય, ને ઉપજમાં વધારો બંધ થાય, એ અવધિ કોઇ દહાડો આવનાર નથી; અથવા તેને આવવાને ઘણો કાળ જોઇએ. વળી એ ઉપરથી એમ અનુમાન બાંધે છે, કે જ્યાં લગી એ સીમા આવી છે, ત્યાં લગી આપણે તે સંબંધી ફિકર રાખી, વસ્તિ ઉપર અંકુશ રાખવાની કંઇ જરૂર નથી. પણ આ અનુમાનમાં એક મોટું દૂષણ છે. જો એ વાત આપણે સાચી માનતા હોઇએ, કે જમીનની ઉપજ ને સીમા છે, તો એ સીમા આવી છે, એમ સમજી આપણે નીરાંતે બેશી રહેવું ઘટતું નથી; કારણ જમીનની પેદાશની સીમા એક ચૂના ગચ્છીના કોટ જેવી નથી, કે તે આવતા લગી આપણે છુટથી નિરંકુશ રીતે વર્ત્તોએ, ને આવે એટલે એકદમ આપણે અટકવું પડે. તે સીમા એક લોહાની કમાન જેવી છે, કે તે આપણુ આગળ વધવાથી થોડી થોડી દબાતી જાય ખરી, પણ જેમ જેમ આપણે આગળ ચાલીએ, તેમ તેમ તેથી આપણને વધારે વધારે હરકત લાગે. તેની પાસે આપણે આવતા જઇએછીએ તેમ તેમ તેથી આપણને વધારે વધારે સંકડામણ લાગતી જાય છે; પરંતુ કોઇ દિવસ તે સીમાએ આપણે પહોંચતા નથી.

જમીનની ઉપજનો આ જે નિયમ છે, તે ઘણો અગત્યનો છે. જમીનમાં વધારે મહેનત કરે, મહેનતના પ્રમાણમાં વધારે પાક થતો નથી, એ વાત ધ્યાનમાં રાખવા જોગ છે. ખેતીમાં સુધારો કરતાં કરતાં આપણે કેટલેક સુધી જઇએ છીએ, એટલે પછી એમ માલમ પડે છે, કે જો આપણું જ્ઞાનને કળા કૌશલ્ય જેવાં છે, તેવાં ને તેવાં રહેશે, તો વધારે મહેનત કરે મહેનતના પ્રમાણમાં વધારે પાક નીપજનાર નથી. જો જ્ઞાન એનું એ હશે, અને ખેતીની કળા પણ એની એ હશે, તો જમીન ઉપર મહેનત બમણી લઇએ તો ફળ બમણું થાય નહીં; અથવા જેટલો વધારો મો પાક નીપજાવવાની ફરજ પડશે, તે બધાને વાસ્તે પ્રમાણમાં વધારે વધારે શ્રમ પડશે. કોઇપણ ખેડુત આ વાત અનુભવ ઉપરથી ખરીછે એમ કહી આપશે. પણ એનો જોઇએ તેવો પુરાવો આપણા કરતાં યુરોપીય દેશોમાંથી મળી આવશે, કારણ આપણે અહીં ખેડુત ખેતી કરેછે, તે પોતાના ગુજરાનને માટે કરેછે, તેમાંથી બીજા વેપારીની પેઠે નફો મેળવવા કરતો નથી; પણ વિલાયતમાં ખેડુત ખેતી કરે છે, તે બીજા વેપારીની પેઠે દસ્તુર પ્રમાણે નફો મેળવવા કરેછે, માટે તેનો દાખલો લેવો ઠીક પડશે.

જમીન જમીનમાં ફેર હોય છે; કેટલીક જમીન હલકી હોય છે, ને કેટલીક ર-

સાળ હોય છે. જમીન હલકી એટલે શું? હલકીનો અર્થ એટલોજ છે કે, તેમાં સરખી મહેનત કરતાં છતાં ઓછું પાકે. હવે જ્યારે કોઇ પણ કારણસર જમીનમાંથી વધારે પાક મેળવવાની જરૂર પડેછે, ત્યારે યુરોપનો ખેડુત તે પાકને વાસ્તે આગળની જમીન ઉપર વધારે મહેનત કરતો નથી, પણ હલકા પ્રતની જમીન ભાગે છે. હવે તેણે જો તેના તે જમીન ઉપર વધારે મહેનત કરી હોત, તો એ વધારે પાક થાત; પણ તેમ ન કરતાં નવી હલકી પડતર જમીન ભાગવામાં આવેછે, તે ઉપરથી સ્પષ્ટ માલમ પડેછે, કે જુની જમીન ઉપર વધારે મહેનત કર્યા કરતાં હલકુ પડતર ભાગવામાં વધારે ફાયદો હશે; કારણ નફા વાસ્તે ખેતી કરાવનાર માણસ નુકશાનનું કામ કરે નહીં. અર્થાત્ સિદ્ધ થાય છે કે જુની જમીનમાં હમેશ કરતાં વધારે પાક નીપજાવવો હોય, તો તેમાં તે વધારાને માટે પ્રમાણમાં ઘણી વધારે મહેનત કરવી પડે.

વળી બીજું પ્રમાણ પણ ઉપલાના જેવુંજ છે. નવા શોધી કહાડેલા દેશોમાં, ને કેટલેક ઠેકાણે જુના દેશોમાં પણ, જમીન ઘણી હોયછે, ત્યારે ત્યાં પણ નફા વાસ્તે ખેતી કરાવનાર ઇજારદારો સારી જમીન ઉપર મહેનત બહુ કરી તેમાંથી જોઇતો બધો પાક કાઢી લેવાને શક્તિમાન હોયછે, તો પણ તેમાંથી બધો મેળવવાની દાનત રાખતા નથી; પણ થોડી મહેનતે વધારે જમીનમાંથી જોઇતો પાક કાઢેછે. આનું કારણ એજ હશે કે સારી જમીન ઉપર બહુ મહેનત કરવાથી તેમાંથી નફો સારો પાજવતો નહ હોય; જો હોય તો ઇજારદાર ચુકે નહીં. ખેતીના જ્ઞાનમાં જ્યાં લગી વધારો થાય નહીં, ત્યાં લગી એકને એકજ જમીનમાંથી વધારે મહેનત કરવાથી પ્રમાણમાં વધારે પાક મળે નહીં, એ સિદ્ધાન્તના કેટલાક અપવાદછે. કેટલીકવાર વધારે મહેનતે વધારે પાક મળી શકેછે. વધારે પાક ખેડવા, નીંદવા વગેરેની મહેનતથી મળે નહીં; પણ જો તે વધારાની મહેનત જમીનને સુધારવામાંજ લગાડી હોય, જેમ કે એવાં ખાતર નાંખ્યાં હોય, કે કેટલાક કાળ સુધી જમીનની રસાળતા વધેલીજ રહે, તો વધતી મહેનતથી વધતો પાક થાય ખરો. આવી તરેહનો અપવાદ છે, એનું કારણ એટલું એજ કે મુડીદારો મુડીને જ્યાં વધતો ફાયદો દેખે, ત્યાં હમેશ વળગાડતા નથી. જો તેઓ એમ કરતા હોત, તો એવા સુધારા થઇ ચુકયા હોત, ને આ અપવાદ રહત નહી. પણ મુડીદારો વખતે તાત્કાલિક ફાયદા સોધે છે, ને જે ઉદ્યમમાં ફાયદો વત્તો પણ મોડો મળે તેમાં પડતા નથી. વળી બીજું એકે આ કાંઇ ખરેખરો અપવાદ નથી. એથી કાંઇ મૂળ સિદ્ધાન્ત ખોટો છે, એમ ઠરતું નથી. પણ માત્ર એટલુંજ ઠરે છે, કે જ્યાં લગી આવો સુધારો થ

મા પછી વસ્તિ એટલીને એટલી રહે, ત્યાં લગી સિદ્ધાન્તનું જોર ચાલે નહીં. પણ જ્યાં વસ્તિ વધી, કે પાછો સિદ્ધાન્ત બળવાન થાય, કારણ કે વસ્તિ વધ્યા પછી વધારાની ઉપજ એની એ જમીનમાંથી કાઢવી હોય, તો ઉપજના પ્રમાણમાં મહેનત બહુ પડે.

આ સિદ્ધાન્ત ઉપરથી એવું અનુમાન નિકળે, કે જો માણસનું જ્ઞાન એટલું ને એટલું રહે, ને વસ્તિ ઉત્તરોત્તર વધતી જાય, તો દિવસે દિવસે પોષણ પેદા કરવાની મહેનત બહુ બહુ પડતી જાય. એમ કહેવાનું કારણ એટલુંજ છે, કે દિવસે દિવસે નવી નવી હલકી જમીન ભાગવી પડે. પરંતુ નવા દેશોમાં આ પ્રમાણે બનતું નથી; કારણ નવા દેશમાં વસનારા લોક હમેશ ઉત્કૃષ્ટ પ્રદેશમાં વસતા નથી, પણ કિનારાપર કે બીજી એવી મોખની જગા ઉપર વસે છે. હવે જો તેઓની વસ્તિ વધે, ને તેઓને નવી જમીન ભાગવી પડે, તો વખતે નવી જમીન જુની કરતાં સારી નિકળે; ને એમ થાય તો વસ્તિના વધારાને લીધે દેશના ખેતીમાં શ્રમનો વધારો થાય નહીં. એ સિદ્ધાન્ત ઉપરથી બીજુ અનુમાન એવું નિકળે છે, કે જો આપણું પાક કરવાનું જ્ઞાન છે એવુંને એવું રહે, ને વસ્તિમાં વધારો થાય, તો જે વસ્તુઓ ખેતરમાં પાકે છે, તે બધીની કીમત ચઢે; કારણ તે બધીનો વપરો ખપ જાગે, ને તે વધારાના ખપને માટે પ્રમાણમાં શ્રમ વધારે પહોંચે. વસ્તિ નિરંતર વધતી જાય, તો આવી રીતે બધા ખેતરમાં પાકતા પદાર્થની કિમત વધવાનો જોગછે. પણ હાલવસ્તિ આગળથી વધારેછે, તેમ છતાં વસ્તુતઃ તેઓની કિમત વધી નથી, તેનું કારણ શું, તે આપણે વિચારવું જોઈએ.

એક મોટું કારણ તો એછે, કે જેમ વસ્તિમાં વધારો થતો જાયછે, તેમ ખેતીની આવડતમાં ને ખેતીનાં હથીઆરોમાં ઘણા સુધારા થતા જાય છે. ખેતીમાં સુધારા થાય છે, તે બે ભિન્ન ભિન્ન પ્રકારના છે. એક જાતના સુધારાથી એટલી ને એટલી મહેનતે એકંદર નિપજ વધેછે, ને બીજાથી એકંદર ઉપજ વધતી નથી, પણ તેની તે નિપજને માટે આગળના કરતાં થોડી મહેનત કરવી પડેછે. પહેલા પ્રકારનો સુધારો આ રીતે થાય છે. ગુજરાતના કેટલાક ભાગમાં એવો દસ્તુરછે કે જમીન આ વરસ ખેડી તો પહોર પડતર રાખવી; એટલા માટે કે તેનું તે તુલ તેમાંથી પહોર સારૂં નિપજે. આને ખેડુત લોક સાખ મેલ્યું કહે છે. આવું કુવારડાની જમીનમાં ઘણું કરવામા આવે છે. હવે આમ કરવાને બદલે જો ફરતા ફરતી દાણો વવાય, જેમ કે ઓણ ઘઉં તો પહોર ચણા, ને પરાર તુવેર વીગેરે, તો જેવરસ હાલ કશુંએ

પાકતું નથી, તે વરસ પાક થાય, ને દેશમાં જો સર્વ ઠેકાણે એવા એકાન્તર પડતર રાખવા નો ચાલ હોય, તો દેશનો પાક બમણો થાય, એટલુંજ નહીં, પણ તેથી દેશનાં વધારે ઢોર પળે, ને ખાતર વધારે નિપજે, તેથી તથા ખેતીમાં જોઇએ એટલાં ઢોર કામે લગાડાય, તેથી ઉપજ બહુ વધે. વળી બીજો સુધારો એવો થઇ શકે કે જે અનાજમાંથી માણસને ઓછું પોષણ મળતું હોય, તેને બદલે વધારે પોષણવાળું અનાજ વાવવું. હજી આ વાતનું આપણે અહીંઆં પુરૂં જ્ઞાન નથી, ને જ્યાં લગી આપણા વિદ્વાનજનો ખેતીના ધંધા તરફ નજર નહીં કરે, ત્યાં લગી આ ફાયદો બહુ મળવાનો નથી. ઘઉં કરતાં ચોખામાં પોષણ બહુ થોડું છે, ને માણસ ઘઉંથી ચોખા વધારે ખાય છે, માટે કોઇ પણ કળાથી ક્યારડા કુવેતર થાય, તો એકંદર દેશને ફાયદો થાય. હાલતો લોકને ચોખા ખાવા ઘણા ગમે છે, અને ચોખામાં લોકને સારૂં પાલવે છે, એટલે ડાંગેર વાવવા લોક ખેતરના ક્યારડા કરે છે. ખાતરથી જમીનમાં કસ કેટલો આવે છે; ખાતરના કીયા ગુણ કામમાં આવે છે, ને કીઆ નકામા છે; ખાતર શી રીતે નાખવાથી પાક સારો થાય છે; હાલ કેટલી વસ્તુ નકામી જાય છે, તે ખાતરમાં વપરાઇ શકાય; ઢોર ઉછેરવાની સારી રીત કઇ, વીગેરે રીતના જ્ઞાનથી ખેતીમાં બહુ ફાયદો થાય છે. પણ એવો વિચાર કોઇને નથી. હાલ બધાં ઢોરનાં હાડકાં છે, તેને ખાતરમાં લીધાં હોય તો કેટલો બધો ગુણ થાય? આ બધા પહેલા પ્રકારના ફાયદાછે. તેઓથી એટલી ને એટલી મહેનતે વધારે પાક થઇ શકે છે. બીજા પ્રકારના ફાયદાનાં દૃષ્ટાન્ત જોઇતાં હોય તો—સુધરેલાં હથીઆર, કે જેઓથી થોડી મહેનતે એટલો ને એટલો પાક નિપજે છે, ઝાડકવાના ને ઝુડવાના સંચા, વરાળનું હળ, વીગેરે.

વળી પેદાશ લઇ જવા લાવવાનાં સાધનોમાં સુધારો થાયછે, તેથી પણ ખેતીના પાકની કિંમત જેટલી વધવી જોઇએ, તેટલી વધતી નથી. રેલવે થવાથી માલ લઇ જવા લાવવામાં એટલો તો ખરચ ઓછો થઇ ગયો છે, કે એનો ફાયદો ખેતીની ક્રિયામાં સુધારો થયા બરોબરછે. સારા રસ્તા બનાવવાથી પણ ફાયદો એવીજ રીતનો થાય છે. વળી વહાણ બાંધવાની કે ચલાવવાની કળામાં કંઇ પણ સુધારો થાય, તો તેથી પણ ખેતીના માલની કિંમત વધતી બંધ રહે.

વખતે કેટલાક પરચુરણ સુધારાને લીધે પણ પાકની કિમત વૃદ્ધિ પામતી અટકે છે. લોઢું જમીનમાંથી કાઢવાની, કે તેને ગાળવાની, કે તૈયાર કરવાની, કે બીજી તે સંબંધી કાંઇ પણ કળામાં મોટો ફેર થાય, તો છેવટે તેથી ખેતીની ક્રિયામાં ફાયદો

થાય, ને દિનપ્રર દિન પાક કમી થવાના નિયમનું જોર બંધ રહે; કારણ તેથી હળ, પાવડા, વગેરે સર્વ ખેતીનાં હથીઆર સોંઘાં થાય, ને એકંદર પાક થોડી મહેનતે નીપજે. વળી તથા રેલવે, ગાડાં, વહાણ વગેરેનું ખરચ પણ કમી પડે, ને કેટલાક પદાર્થ હાલ લાકડાના બનેછે, તે છેવટે લોઢાના બને. તેમજ વળી ખોરાક પાક્યા પછી દળવા વગેરેની જે ક્રિયા કરવી પડે છે, તેમાં કંઈ સુધારો થાય, એટલે પવન અથવા પાણીની ચકીને સાધને જો થોડી મહેનતે દળણું થઈ શકે, તોયે છેવટે ખોરાક મોંઘો થતો બંધ રહે.

આ ઉપરના પ્રકારના સુધારાથી ખોરાક પકવવાની મહેનતમાં, છેવટે ઉગારો પડે, પરંતુ કેટલાક સુધારા એવા છે, કે જેથી એ મહેનતમાં તો ઉગારો નથી પડતો, પણ ખોરાક વાસ્તે જે વધારાની મહેનત પડેછે, તેનો ખંગ વળે છે. બધા વેપાર વણજમાં જે જે સામગ્રી જોઈએ છે, તે છેવટે જમીનમાંથી મળેલી હોય છે, ને જમીનમાંથી તે ઉત્પન્ન કરવાની મહેનત વસ્તિના વધારાને લીધે વધતી જાય છે, માટે વેપાર વણજના માલની કિંમતમાં પણ વધારો થવો જોઈએ. પરંતુ આ વધારો થતો નથી, કારણ કોઈ પણ હસ્તકૃત પદાર્થની કિંમતમાં સામગ્રીનું મૂલ તો થોડુંજ હોય છે; બાકીનું હસ્તક્રિયાનું મૂલ હોય છે; ને હસ્તક્રિયામાં દિનપરદિન સુધારો હમેશ થતો જાય છે. આ પ્રમાણે ખોરાકની કિંમત જેટલી વધતી નથી, તેટલી તે સિવાય બધા પદાર્થની ઘટે છે; ને મનુષ જાતને ખોરાકને વાસ્તે જે વધારે મહેનત બેસે છે, તેનો ખંગ હસ્તકૃત જણસોમાં વળી જાય છે. આ વાત એકલા કપડાંને લાગુછે, એમ સમજવું નહીં. દુનીઆમાં ગમે તે ક્રિયામાં સુધારો થાય, તેથી આ પ્રમાણે લાભ થાય છે.

માત્ર ઉત્પત્તિ ક્રિયામાં સુધારો થવાથીજ જમીનના ક્ષયમાન પાકનો નિયમ બંધ રહે છે, એમ સમજવું નહીં; રાજ્યમાં સુધારો થવાથી પણ ઉત્પત્તિમાં ઘણી વૃદ્ધિ થાયછે. જે દેશી રાજ્યોમાં હાલ ઈજારા આપવાની જુલમ ભરેલી રીત ચાલેછે, તેમાંથી જો એ રીત નીકળી જાય, તો એ દેશોના ખેતીના પાકમાંજ કેટલો વધારો થાય? ખેડુત કેવી ખંતથી ખેતી કરે? વળી જો તેમજ રાજાના અમલદારો તથા રાજાઓ ખેડુતો ઉપર તથા મહેનતુ લોકો ઉપર જુલમ ગુજારતા બંધ થાય, તો એ ઉત્પત્તિને લાભ કેટલો બધો! બ્રિટિશ હિંદુસ્તાનમાં જોર જુલમ બંધ થવાથી કેટલો બધો પાકમાં વધારો થયો છે? તેમજ જે લોક પાક નીપજાવનારા છે તેઓમાં ચાલાકીનો વધારો થાય તો શું ઉત્પત્તિમાં વધારો ન થાય? તેઓ જો વિશ્વાસુપણાથી, જાળવણથી, ને અકલથી કામ કરે તો દેશના હિતમાં કેટલો બધો વધારો થય? કેળવણીનો ફાયદો

ઉત્પત્તિમાં લેવા હોય તો ઉત્પાદકોને કેળવવા ઘટેછે. વળી હાલ ઉત્પાદકો પગાર કે રોજ લઈ કામ કરેછે, તેઓનો ઉત્પત્તિમાં ભાગ કરવાથી પણ ઉત્પત્તિ સારી ને ઘણી થયા વગર રહે નહીં.

ઘણા દેશને આમાંના કેટલાક ફાયદા થયેલા છે, ને એ બધાથી ક્ષયમાન પાકનો નિયમ બંધ રહેલોછે. આ ક્ષયમાન પાક ખેતીમાંજ છે એમ નથી. ખનિજ પદાર્થોને પણ તે પુરેપુરો લાગુછે; કારણકે એકની એક ખાણમાંથી વધારે ખનિજ પદાર્થ કાઢવો હોય, તો ઘણું ઊંડું જવું પડે, ને કાઢવાના શ્રમને ખરચમાં બહુ વધારો થાય. પરંતુ દિનપરદિન, જે સુધારા થતા જાય છે, તેથી ખાણો ખોદવામાં એ ખરચને શ્રમની વૃદ્ધિ થતી બંધ રહેછે. વળી નવી ખાણો નીકળવાથી પણ ઘણીવાર એજ પરિણામ થાયછે.

ખેતરમાં થતા અને ખાણમાંથી નીકળતા બધા સૃષ્ટિ જન્ય પદાર્થો એવા છે, કે તેઓમાંના કોઈને પણ અમુક માપ કરતાં વધારે ઉપજાવવો હોય, તો વધારાના પ્રમાણમાં વધારે વધારે મહેનત પડે, એ નિયમ ઘણો અગત્યનો છે. એના અપવાદ અથવા એનું બળ ઓછું કરનારાં જે કારણો બતલાવ્યાં, તેથી એ નિયમનું પુરેપુરૂ બળ હમેશ લાગતું નથી. પણ હમેશ એ કારણોથી થોડા કાળ સુધી એ બળ બંધ રહ્યા પછી એ નિયમનું જોર વધે છે, ને પછી કંઈ સુધારો થાય નહી, તો છેવટે એ નિયમનું ખરેખરૂં જોર આપણને લાગ્યા વગર રહે નહીં.

આ પ્રકરણમાં ઘણો અગત્યનો નિયમ છે, માટે તેનું પુનરાવર્તન કરવું જોઈએ. બધા સૃષ્ટિજન્ય પદાર્થો ખૂટ છે, અખૂટ નથી, ને તેઓની ઉત્પાદક શક્તિ આખરે ખૂટ માલમ પડે છે, એટલુંજ નહીં, પરંતુ આખર આવ્યા પહેલાં પણ તેઓના વધારાને માટે પ્રમાણમાં ઘણી મહેનત કરવી પડે છે. મનુષ્યના જ્ઞાનમાં વધારો થવાથી આ ક્ષયમાન ઉત્પત્તિના નિયમની સત્તા પુરેપુરી જણાતી નથી, ને થોડા કાળ સુધી વખતે બંધ પડેછે. પણ છેવટે તે નિયમ સબળ થાય છે.

प्रकरण १३ मुं.

ઉપર કહેલા નિયમોના પરિણામ.

ગયા ત્રણ પ્રકરણોમાં જે વિચાર ચાલ્યો હતો, તે ઉપરથી કેટલીક વાતનો સ્પષ્ટ ખુલાસો થયો છે. એક તો ઉત્પત્તિમાં નિરંતર વધારો થયા કરવાનો નથી; કારણ જમીનની ઉત્પાદક શક્તિ નિયમિત છે; બીજું જમીનની નિયમિત શક્તિ તરફનું ઉ-

ત્પત્તિમાં વિઘ્ન પહોંચ્યા પહેલાં પણ, ઉત્પત્તિને બીજા કારણથી અટકવું પડશે; તે કારણ સંગ્રહ બુદ્ધિની નિર્બળતા. પરંતુ જો આ બે કારણ તરફથી કંઈ અડચણ નહીં પડે, તો પછી ઉત્પાદકોની ખોટ પડે, ને તેને લીધે ઉત્પત્તિને ધોકો લાગે, એમ થનાર નથી; કારણ મનુષ્યની વૃદ્ધિને છેડો નથી.

ત્યારે ઉત્પત્તિની ગતિમાં ડખલ કરનાર, બલકે તેને આગળ વધતી બંધ કરનાર બે વસ્તુ છે: એક જમીનની નિયમિત શક્તિ; ને બીજી સંગ્રહબુદ્ધિની નિર્બળતા. જ્યારે આ બેમાંના છેલ્લા કારણથી ઉત્પત્તિ વૃદ્ધિ પામતી બંધ પડી હોય, ત્યારે માણસ કેટલાક ઉપાયો કરી તેને વૃદ્ધિમાં લાવી શકે છે. આ ઉપાયો બે ત્રણ પ્રકારના છે. એક તો રાજ્ય વ્યહવારમાં સુધારો કરવો તે. તે સુધારો ઘણી રીતે બની શકે: માલ મિલકતનું સંરક્ષણ કાચું પાકું હોય તે પૂરેપૂરું કરવું; વેહવારિક એટલે ઘણા ભારે ન પડે, એવા વેરા નાંખવા; વેરાને નિમિત્તે સ્વચ્છંદી રીતે રૈયત પાસેથી દ્રવ્ય ન લેવું; જમીનના ખેડનારા જોડ બને ત્યાં લગી કાયમ ને તેને લાભકારક બીઘોટીનો ઠરાવ કરવો, એટલે તે પોતે મહેનત કરી, ચતુરાઈ વાપરી, કે કસર કરી જે જે ફાયદો મેળવે તેનો પૂરેપૂરો લાભ તેને પોતાને મળે; આવી બીજી અનેક રીતે લોકમાં સંઘરો કરવાની બુદ્ધિ વધે. બીજો પ્રકાર એ કે પ્રજાની એટલે બને તો બધી રૈયતની કે તેમાંના ઘણા ભાગની બુદ્ધિમાં વધારો થાય એવી કોશીસો કરવી. તે પણ ઘણા પ્રકારે થાય. જે જે રિવાજોને લીધે ઉદ્યમનો પૂરેપૂરો ફાયદો થતો નથી, તે તે રિવાજો બંધ પડે, તેવા યત્ન કરવા. લોકોના મનમાં ચપળતા ઉત્પન્ન થાય, એટલે તેઓ નવા નવા પદાર્થને ભોગની ઇચ્છા કરે, એવી ગોઠવણ પણ થવી જોઈએ. ત્રીજો પ્રકાર એ કે પરદેશથી કળા કૌશલ્ય તથા નવા નવા કસબો દેશમાં દાખલ કરવા, કે જેથી કરી એની એ મુડીમાથી વધારે ફાયદો પ્રાપ્ત થાય, ને લોકની સંગ્રહ બુદ્ધિ નિર્બળ હોય તે ઉદ્યમથી પ્રબળતાને પામે: વળી પરદેશથી બને તો મુડી પણ આપણા દેશમાં લાવવી જોઈએ, કે જેથી ઉત્પત્તિનો વધારે આધાર એકલા દેશના રહેવાસીઓની સંગ્રહ બુદ્ધિના આધારે રહે નહીં; અને તેજ પ્રમાણે લોકોની જુની રીતો ને જુના રિવાજમાં ફેર પણ થાય. આપણા દેશના કેટલાક ભાગમાં સંગ્રહ બુદ્ધિ નિર્બળ હતી, ને તેમાં આ પ્રમાણે કેટલોક સુધારો થવાથી ઉત્પત્તિ વિષયમાં કેટલોક વધારો થઈ ચુક્યો છે.

પૃથ્વીનો પાક સારો છતાં સંગ્રહ બુદ્ધિની નિર્બળતાને લીધે જ્યારે ઉત્પત્તિમા અટકાવ થયો હોય, ત્યારે ઉપરના ઉપાયો ઘણા સફળ થાય છે. પણ જ્યારે સંગ્રહ

બુદ્ધિની પ્રબળતામાં કંઈ દોષ કાઢવાનો ન હોય, જ્યારે માણસો સંગ્રહ કરવાને તૈયાર છતાં, તેઓને સંગ્રહથી ફળ ઘણુંજ થોડું મળવાથી સંગ્રહ કરવો પાલવતો ન હોય, ત્યારે આ બધા ઉપાયો નિરર્થક માલમ પડે છે. જે દેશોમાં સંગ્રહબુદ્ધિ પ્રબળ છતાં ઉત્પત્તિ સ્થાયી અવસ્થામાં આવી પડી છે, તે દેશોમાં જો વસ્તિ વધે તો તરત વધારે અનાજ પેદા કરવું જોઇએ. હવે જો રસાળ જમીન પડતર હોય, તો તો એ વધારાની વસ્તિ એ વધારાની જમીન ખેડવામાં મંડે, ને એકંદર કોઇના વૈભવમાં ઘટારો પડે નહીં. પણ સુધરેલા સ્થાયી દેશોમાં આવી જમીન મળતી નથી, તેથી વધારાના પાક માટે જુની ખેડાણ જમીન ઉપર વધારે મહેનત કરવી પડેછે. પરંતુ આપણે ગયા પ્રકરણમાં કહી ગયા છેએ, કે જમીન ઉપર થોડો સુધારો થઈ ગયા પછી વધારાનો પાક મહેનતના પ્રમાણમાં થતો નથી; અર્થાત્ એ નવી વસ્તિને લીધે દેશના મહેનતુ લોકને આગળ જેવા વૈભવને માટે વધતી મહેનત કરવી પડે; અથવા એ પ્રમાણે ખેતીમાં કંઈ પણ વધારે મહેનત ન કરે, તો થોડા ખોરાકે દિવસ ગુજરવા પડે; અથવા તેમ નહીં તો બીજી વસ્તુઓ પેદા ન કરતાં, તે કરવાની મહેનતે એ નવું અનાજ કરે, ને એમ છેવટ વૈભવમાં ન્યૂનતા થાય. પણ જો વસ્તિ વધે, તેની જોડે માણસના જ્ઞાનમાં, કે કળાકૌશલ્યમાં વધારો થાય, તો ઉપર પ્રમાણે કોઇને સંકટ પડે નહીં; ને ઘણીવાર વસ્તિ વધ્યા છતાં, માણસ જાતને અથવા જે અમુક દેશમાં વધારો થયો હોય, તે દેશના લોકને તેથી ગુજરાનનું સંકટ પડતું નથી. એનું કારણ એજ કે વસ્તિના વધારાની જોડે જ્ઞાનમાં પણ વધારો થાયછે, કે જેથી વધારાની વસ્તિને માટે પોષણ પુરૂં પાડતાં પણ દ્રવ્ય ફાજલ પડી રહેછે. કોઇપણ જુદા દેશમાં ઉદ્યોગનું ફળ મહેનતના પ્રમાણમાં ઘટતું જાયછે, વધતું જાયછે, કે સ્થાયી રહેછે, એનો જો નિર્ણય કરવો હોય, તો વસ્તિની ને સુધારાની વૃદ્ધિની ગતી સરખાવવી જોઇએ. કેટલેક દરજ્જે વસ્તિનો વધારો કામનો છે, કારણ કે થોડી વસ્તિથી ઉદ્યોગમાં પરસ્પર સહાયતાનો લાભ મળી શકતો નથી. પરંતુ આ કારણને માટે જેટલી જોઇએ, તેથી જો વધારે થાય, તો જ્ઞાનને કળામાં પણ તેવોજ સુધારો થવોજ જોઇએ; ને જો એવો સુધારો ન થાય, તો ઉપર કહ્યા પ્રમાણે માણસની દ્રવ્ય સંબંધી સ્થિતિને નક્કી નુકસાન લાગે. સુધારો એ શબ્દમાં જે જે વિવિધ કાર્યોથી ઉત્પત્તિ વધેછે, તે બધાનો સમાવેશ થવો જોઇએ. એવો સુધારો થાય, તો જે જમીન પડતર રહી હોય, તેમાંથી, આગળ રસાળમાંથી નીકળતો હોય, એટલો પાક તેટલીજ મહેનતે કહાડી શકાય; અથવા સુધારાથી ખેતીની મેહેનતમાં ઘટારો નહી થાય, તો હસ્તક્રિયામાં થાય,

ને છેવટે વસ્તિ વધ્યા છતાં તેટલી ને તેટલી મહેનતે, પ્રમાણમાં વધારો થયા વગર, ઘણાં માણસનું પોષણ થાય છે. પરંતુ એવા સુધારા હમેશ બનતા નથી, ને ઘણું કરીને સુધારાની ચાલ વસ્તી કરતાં ધીમી છે, માટે માણસ જાતની વસ્તિના વધારામાં સંકોચ રહ્યો ન હોય, ને હવે પછી રહે નહીં, તો આખરે માણસ ઘણીજ દુર્દશામાં આવી પડે. કદાચને સુધારાની ચાલ વસ્તિ કરતાં ઉતાવળી હોય, તોયે વસ્તિમાં સંકોચથી ફાયદો છે; કારણ કે જો વસ્તિ એની એ છતાં દ્રવ્યનો ઘણો વધારો થાય, તો હરેક જણનો દ્રવ્યની બાબતમાં વૈભવ ઘણો વધે; પણ હાલ તો દ્રવ્ય વધવાથી મનુષ્ય જાતના સુખમાં ફાયદો થતો નથી, પણ વધારાના દ્રવ્ય જેટલા ભોગવનાર વધારે થાય છે, એટલે બધા હોય છે, તેવા રહે છે.

આ વિચારો ઉપરથી અનુમાન એટલું નીકળે છે, કે કોઇ પણ સાધારણ દેશના લોકે પોતાની અર્થીય એટલે પૈશાટકા સંબંધી સ્થિતિ સારી રાખવી હોય, તો તેઓએ જનકશક્તિને કબજામાં રાખવી જોઇએ. દેશમાં ઉત્પત્તિની કળામાં સુધારા થવાથી વધારાની વસ્તિ કોઇને નડશે નહીં, એવા વિચારથી અથવા માત્ર પશુવત બુદ્ધિથી પ્રજાનો વિસ્તાર કરવો, એથી દેશને એટલે તેમાંના રહેવાશીઓને નુકસાન છે. જે લોકો નશીબ ઉપર આધાર રાખી પોતાની કમાઇમાં કંઇ પણ વધારો થયો ન છતાં, વરશો વરશ દેશની રૈયતમાં વધારો કરતા જાય છે, ને વળી એમ કહે છે કે છોકરાંનું નશીબ છોકરાં જોડે, તેઓનું કહેવું કેવું ભૂલ ભરેલું છે! તેથી ઘણીવાર તેઓને તથા દેશને કેટલો બધો ગેરફાયદો છે? દેશમાં અનાજની નીપજ એની એ રહી ને ખાનારા વધ્યા, તો કોઇ કોઇ ભુખે મરશે ને મરશે, અથવા વધારે અનાજ પેદા કરવાને પ્રમાણમાં વધારે મહેનત કરવી પડશે. આ ઉપરથી વધારે વસ્તારવાળા માણસથી દેશને કંઇ લાભ નથી; પછી તેઓને જાતને ગમે તો હો. એ ઉપરથી વળી દુષ્ટ બાળવિવાહના ચાલથી પણ દેશની અર્થીય સ્થિતિમાં કેવી ખરાબી થાય છે, તે પણ સ્પષ્ટ જણાશે. બાળવિવાહથી એટલે બાળક વરવહુના સંયોગથી વસ્તિ બહુ વધે છે, ને તે વસ્તિને ઉછેરવામાં પ્રજાનું બહુ દ્રવ્ય જાય છે. વળી બાળલગ્નની પ્રજા નબળી હોય છે, તેને લીધે તેઓમાં દ્રવ્ય ઉત્પાદક શક્તિ પણ થોડી હોય છે; અને તેઓનો આવરદા પણ ટુંકો હોય છે. એટલે બાળવિવાહથી દ્રવ્ય સંબંધી બમણું નુકસાન થાય છે. એક તો વસ્તિ વધે છે, તેજ નુકશાન, અને બીજું તે વસ્તિથી નીપજ ઘણી થોડી થાય છે. બાળવિવાહથી તન, મન, તથા નીતિ સંબંધી જે ગેરફાયદા નીપજે છે, તેથી ઘણા માહીત હશે; પણ તેથી લોકની અર્થીય હાલતમાં નુકસાન છે, એ આપણને નવું

માલમ પડે છે.

આ વિવેચન ઉપરથી સ્પષ્ટ માલમ પડશે, કે જે લોક દ્રવ્યની બાબતમાં સ્થાયિ સ્થિતિમાં આવી ચુક્યા છે, તેઓએ અવશ્ય આત્મ સંયમ રાખવો જોઇએ; ને જો તેઓ નહી રાખે તો તેઓને નક્કી સંકટ પડવાનું. પણ એક બેરીતે લોક વખતે એમ મન વાળે છે, કે આગળ જતાં સંયમની જરૂર પડશે ખરી, પણ હાલ તો નથી; ને તેઓને આમ કહેવાનું બે કારણથી ફાવે છે. એક તો પરદેશના સસ્તા અનાજની આવકથી, અને બીજું પરદેશ વસવાના ચાલથી.

પરદેશથી અનાજ આવે, તેમાં એક ફાયદો છે. અનાજને બદલે જે વસ્તુ આપવી પડે, તે થોડી મહેનતે થઇ હોય, ને તેનું તે અનાજ દેશમાંજ પકવ્યું હોય, તો તેને માટે વધારે મહેનત પડે. માટે પરદેશથી અનાજ આવવાથી ફાયદો થાય છે. પરંતુ આ ઉપરથી આત્મસંયમની ફરજ મટી જતી નથી; કારણ દેશાવર અનાજ ચઢાવનારા દેશ દુનિયામાં બહુ નથી; દરીઆ કિનારાના દેશોમાં ઘણું કરીને વસ્તિ ઘણી હોય છે, એટલે તેઓને તો ચઢાવ્યું ઘણું કરીને પાલવતું નથી; અંદરના ભાગથી ચઢાવતાં વખતે ઘણો ખરચ પડે છે, તે માટે જે દેશોમાં પાક સારો ને તેની જોડે રેલવે, નદીઓ, ખાઇઓ વગેરે માલ લઇ જવાનાં સોંઘાં સાધનો હોય છે, તેજ માત્ર ચઢાવી શકે છે. આવા થોડા દેશો ઉપર આખી દુનીઆં આધાર રાખી વસ્તિ વધાર્યાં કરે, તેમાં મૂર્ખાઇ કરે.

કદાપિ દુનીઆમાં એવા દેશ ઘણા હોય, તો પણ એ ઉપાયથી કોઇ દેશનું સંકટ પૂરેપૂરે નિવારણ થાય નહીં; કારણ જોઇએ તેટલી મુડી ને ઉદ્યોગવાળા દેશ બહુ નથી. અનાજ ચઢાવનાર દેશો પોતાનો ખપ સારતાં જે બાકી રહે, તે ચઢાવે. હવે એ ચઢાવવાનું અનાજ વધતું જાય, તો કેટલુંક તો તેઓ કિંમતની લાલચે વધારે પેદા કરે; પણ એથી વધતાનો ખપ પડે, તો વધતી મુડી જોઇએ. એના એ દેશમાં એકદમ મુડી થાય નહીં, ને જે દેશને અનાજનો ખપ છે, ત્યાંથી મુડી એકદમ આવી શકે નહીં; કારણ કોઇ પણ બે દેશોમાં મુડીનું એકદમ સંક્રમણ થવું ઘણું મુશકેલ છે. દેશ દેશના રિવાજ, ભાષાઓ, ને રાજ્ય રીતિથી તેમાં ઘણી અડચણ પડે છે. આ ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે, કે પરદેશથી અનાજ આવશે, એ આશાએ આત્મસંયમની ફરજ બિલકુલ મટી જતી નથી: બહુ તો થોડા કાળ સુધી તેની ગરજ પડે નહીં. પણ છેવટ તો આત્મ સંયમ વગર છુટકો નથી. હજુ ઘણા દેશ ખાલી છે, તેમાં જઇ વસીશું, એમ ધારી વસ્તિ ઉપર અંકુશ રાખવો બંધ ન કરવો; કારણ પરદેશ વસવાનો રિવાજ

આપણામાં ઘણો ચાલતો નથી. યૂરોપના ઘણા ભાગના લોક પોતાને ત્યાં જમીન કે વેપારનો ખૂટો પડે ત્યારે, સો, બસે, કે તેથી વધારે, માણસ પોતાની મેળે, કે કોતો સરકારની મદદથી નવા ઉજડ દેશમાં જઈ વસે છે. જવાનો દેશ બિલકુલ નવો હોય, તો જુના દેશથી રાચ રચીલાં, હથીયાર વગેરે જોડે લેઈ જાય છે; ને તે કોઈ દિવસ કમાઈ પાછા આવવાની આશા રાખતા નથી. જ્યારે પૃથ્વી ઉપર મોટા ખંડોના શોધ થયા, ત્યારે આ પ્રમાણે પરદેશ જઈ ઘણા વસ્યા, અને હાલ પણ આસ્ટ્રેલીઆ ને અમેરિકામાં જમીન જોઈએ એટલી મળે છે ખરી. જે લોક સંયમ રાખવાની જરૂર નથી એમ કહેનારા છે, તેઓના કહેવાનો મતલબ એવો છે, કે જો અમારા દેશમાં વસ્તિ વધશે, તો જેને સંકોચ પડશે તે પરદેશ જઈ વસશે. પરદેશ વસવાથી દેખી તો એક ફાયદો છે; જે જમીન નવા વસનારા ખેડે, તેટલી ને તેવીજ જુના દેશમાં હોય, ને જેવો ફાયદો પડે, તેટલો તેથી ફાયદો પડે છે. પણ આ ઉપાય એક તો હમેશ નભવાનો નથી; ને વળી ઘણો કાળ નભશે એવું કહેવાનો આધાર હોય, તો પણ એટલું યાદ રાખવું ઘટે છે, કે એ ઉપાયથી સઘળાને ફાયદો નથી. દેશ છોડીને જવું એ ઘણાને પસંદ પડતું નથી; ને નવો દેશ દૂર હોય, તો એથી ફાયદો નથી; ને પરદેશ ગમનનો ઉપાય નિરર્થક છે. હિંદુ લોકો પરદેશ જવાને તેમના ધર્મથી પ્રતિબંધ છે એવું માને છે, તેથી તેઓને આ ઉપાય બિલકુલ નકામો છે. પરદેશ જવું તો કોરે રહ્યું, પણ એકથી બીજે પ્રાંત જવું, એક જીલ્લેથી બીજે જીલ્લે જવું, એક તાલુકેથી બીજે તાલુકે જવું પણ મુશ્કેલ છે. ગુજરાતમાં મરેઠા રાજ્ય કરી ગયા, પણ તેમના કોઈ ખેડુત ગુજરાતમાં વસ્યા નથી. ખેડા જીલ્લોને પંચમહાલ લગત લગત છે; ને ચરોત્તરના ખેડુતને પોતાના દેશમાં વીઘુ જમીન સોંઘી મળતી નથી, ને પંચમહાલમાં જમીનને માટે ખેડુત નથી, એટલે બધા ગાઉનાગાઉ પડતર છે, તોપણ ચરોતરનો ખેડુત પંચમહાલ જવું ધારતો નથી. અલબત આવા વહેમથી દેશને અર્થ સંબંધી ગેરફાયદો છે. પણ આ ઉપરથી પરદેશ વસવાનો ઉપાય કેવો નિરર્થક છે, ને આત્મસંયમ કેવો અવશ્યનો છે, તે સિદ્ધ થાય છે.

प्रथम पुस्तक समाप्त.

પુસ્તક બીજું.

દ્રવ્ય વિભાગ.

प्रकरण १ लुं.

દ્રવ્યની ઉત્પત્તિના જે નિયમ પહેલા પુસ્તકમાં કહ્યા, તેમાં અને દ્રવ્યવિભાગના જે નિયમ આ પુસ્તકમાં કહેવામાં આવશે, તે બેમાં એક મોટો ફેર છે. દ્રવ્યોત્પત્તિના નિયમનું રૂપ જડપદાર્થના નિયમ જેવું છે: તે નિયમ માણસની મરજી ઉપર આધાર રાખતા નથી. માણસની મરજી હો કે ન હો, પણ જેટલી મુડી તેટલીજ ઉત્પત્તિ થઇ શકશે; માણસની મરજી હો કે ન હો, પણ જ્યાં લગી મુડી એટલીને એટલી રહેશે, ત્યાં લગી ઉત્પત્તિમાં જે ફેર થશે, તે જ્ઞાન, ચાતુર્ય, હોંસ અને ઉત્પાદકોની પરસ્પર સહાયતાના પ્રમાણમાં થશે; માણસની મરજી હો કે ન હો, પણ એકની એક જમીન ઉપર (જ્યાંલગી જ્ઞાન એટલુંને એટલું રહ્યું હશે ત્યાંલગી) બમણી મહેનત કરે બમણી ઉપજ થશે નહીં; માણસની મરજી હો કે ન હો, પણ ઉત્પાદક ઉપભોગથી દેશનું દ્રવ્ય વધશે, ને અનુત્પાદક ઉપભોગથી ઘટશે.

આ બધા દ્રવ્યની ઉત્પત્તિના નિયમો માણસને વશ નથી. માણસ માત્ર તે નિયમોનું પરિણામ ઉત્પન્ન કરવામાં અંગ તરીકે કામ કરે છે. માણસથી બીજું કાંઇ નિપજતું નથી. પરંતુ દ્રવ્ય વિભાગના નિયમ માત્ર માણસની મરજી ઉપર છે. ઉત્પન્ન થએલું દ્રવ્ય એક માણસને રાખવા દેવું, અથવા બધાનું સહીઆરૂં રાખવું, કે બધાએ વેંહેચી લેવું, ને વેંહેચી લેવું તો શાશા નિયમ પ્રમાણે વેંહેચી લેવું, એ બધું માણસની મરજી ઉપર છે. વળી સંસારમાં જેની પાસે બળ છે, તેની ધાકને મદદ નહોત, તો ઉત્પન્ન થએલું દ્રવ્ય ઉત્પાદક પાસેથી લુટારા અને ચોર લોક પણ છિનવી લઇ શકત. માટે દ્રવ્યવિભાગ સંસારના કાયદા અને રિવાજને આધારે છે, ને તે કાયદાને રિવાજ માણસ પોતાને માટે જોઇએ તેવા કરી શકે છે. પરંતુ એટલું ધ્યાનમાં રાખવા જોગ છે, કે દ્રવ્યવિભાગની રીતિ માણસના હાથમાં છે, તથાપિ એ રીતિના પરિણામ તો, જડપદાર્થના નિયમોનાં પરિણામોની પેઠેજ, માણસની મરજીને વશ નથી: કાયદો કરવો કે ન કરવો માણસના હાથમાં, પણ તેનો પરિણામ તેના હાથમાં નથી.

હવે દ્રવ્યવિભાગની રીતો જુદે જુદે કાળે ને જુદા જુદા દેશમાં જુદી જુદી થતી આવીછે; કોઈમાં કંઈ રીત હોયછે, અને કોઈમાં કંઇ હોયછે. પણ ઘણે ખરે ઠેકાણે એકરીતનું પ્રાબલ્ય થયુંછે, તે વિશેષ સ્વામિત્વની રીત: કોઇ માણસ પોતે કંઈ વસ્તુ પોતાની મેહનતને જુકીથી તૈયાર કરે, તેનો માલેક તે એકલોજ થાય, એ જે હાલ ઘણે ઠેકાણે રીત ચાલેછે, તેનું નામ વિશેષ સ્વામિત્વની રીત. આ રીત દુનિયામાં ઘણા પુરાતન કાળથી ચાલી આવી છે; ને એ રીત પાળવાથી મનુષ્ય જાતે કેટલોક દ્રવ્ય સંબંધી, તથા માનસિક, તથા નીતિ વિષયમાં સુધારો કર્યો છે, એમાં કંઈ સંદેહ નથી. પણ એથી એક ઘણો ખરાબ પરિણામ થયોછે. જ્યાં જ્યાં એ રીત પ્રબળછે, ત્યાં ઘણો દુઃખદાયક દેખાવ દૃષ્ટિએ પડે છે; કેટલાક પુરૂષો સારી રીતે વૈભવમાં રોળતા હોય છે, પણ કેટલાકને, ખાવા પીવા તથા ઓઢવાનાં સાંસાં પડે છે. આ ત્રાસદાયક બનાવ સુધરેલા દેશોમાં ઘણો જોવામાં આવે છે. વિલાયતમાં આપણે અહીં કરતાં દ્રવ્ય ઘણું વધારેછે, તો પણ ત્યાં દળદર પણ ઘણું છે; ને એ દળદર જોઈ કેટલાક દયાળુને વિચારવંત પુરૂષો એમ ભલામણ કરે છે કે, વિશેષ સ્વામિત્વની રૂઢિ કાઢી નાખવી જોઈએ, ને તેને બદલે સામાન્ય સ્વામિત્વની રીતિ, એટલે દેશમાં ઉત્પન્ન થએલું દ્રવ્ય બધા ઉત્પાદકોનું સહીઆરૂ ગણવું, એ રીતિ દાખલ કરવી જોઈએ.

તેઓ નીચે પ્રમાણે યોજવે છે. દેશની બધી જમીન અને ઉત્પત્તિનાં સાધન સહીઆરાં રાખવાં; ને ઉત્પત્તિ બધાએ મળી સહીઆરી કરવી. ચોકસી રાખવાને બધામાંથી કેટલાંક માણસો પસંદ કરવાં; ને ઉત્પન્ન થયેલું દ્રવ્ય કાંતો બધાને સરખું, કે કાંતો બીજી વાજબી રાહે વહેંચી આપવું. હવે તેઓનું કહેવું બિલકુલ સ્વપ્નવત છે, એમ કહેવું ઘટતું નથી: કોઈપણ ગામના લોક પોતાની જમીન સહીઆરી ખેડે, અને સરખી કે બીજી વાજબી રીતે પાક વહેંચી લે, તો એમાં કશું અશક્ય નથી. પરંતુ આ સામાન્ય સ્વામિત્વ વિશે કેટલીક અડચણો ઉઠાવવામાં આવેલી છે, તે અડચણો તથા તેઓનો ખુલાસો, એઓ નીચે પ્રમાણે આપે છે.

સામાન્ય સ્વામિત્વના વિરૂદ્ધ પક્ષના લોક (એટલે વિશેષ સ્વામિત્વના પક્ષવાળા) એમ કહેછે, કે એ રીત પ્રમાણે કોઈ માણસ તન દઈને કામ કરશે નહીં: કારણ એથી કોઈનો કામમાં વિશેષ સ્વાર્થ નથી. કામ કરો કે ન કરો, પણ બધાને ઉત્પત્તિમાં જે અંશ મળવાનો છે, તે મળ્યાજ કરશે. આનો ઉત્તર સેહેલ છે: હાલ પણ જે લોક દ્રવ્ય ઉત્પન્ન કરેછે, તેમાં ઘણા ખરાનો ઉત્પત્તિમાં કાંઈ પણ સ્વાર્થ હોતો નથી: માટે વિશેષ સ્વામિત્વની રીત કરતાં એ રીત આ બાબતમાં ખોટીછે, એમ કહી શકાતું નથી.

એ વાત ખરી; પરંતુ હાલની રીત પ્રમાણે ધણી જાતે ચોકસી કરનાર હોય છે, ને સામાન્ય સ્વામિત્વની રીત પ્રમાણે ધણી કોઈ ના રહ્યું, એટલે ચોકશી પણ એવીજ થવાની. આનો જવાબ એવો છે કે હાલ પણ થોડાંજ કામ ઉપર ધણી જાતે ચોકસી રાખે છે; ઘણે ખરે ઠેકાણે, તો ગુમાસ્તા, મુનમ, મેનેજર વગેરેથી કામ ચાલે છે. જ્યાં સામાન્ય સ્વામિત્વનું કામ ચાલતું હશે, ત્યાં પણ બધામાંથી એક જણને ચોકશી ઉપર નીમવામાં કંઈ હરકત નથી; ને તે માણસ હાલના ગુમાસ્તા, મુનમો કે મેનેજરો કરતાં થોડું દીલ દઈને કામ કરશે, એમ કહી શકાતું નથી. વળી એ પણ યાદ રાખવાનું છે કે એ રીત પ્રમાણે બધા ઉત્પાદકોનો ઉપજમાં હિસ્સો હોય, તેથી દરેક ઉત્પાદકની બીજાને બીહીક રહેશે. જો કોઈ હઠીલો થઈ કામ નહીં કરે, તો તેની પાસે બધા જોરથી કામ કરાવશે. આ ઉપાય હાલના ઉપાય કરતાં સારો છે; હાલ કોઈ ઉત્પાદક સારૂં કામ ન કરે, તો બહુ કરીએ, તો આપણે તેને કાઢી મૂકીએ; પણ જે બીજો આવે, તે તેના જેવોજ આવે, એટલે કાઢી મુકવાથી ફળ થતું નથી. પણ સામાન્ય સ્વામિત્વ વિશે તો સારો ઉપાય થઈ શકે. બધા મળી તેવાને કાઢી મૂકે, એટલે તે ભૂખે મરે. જે માણસ હાલ પોતાની જમીન પોતે ખેડે છે, તેના જેવી મેહેનત સામાન્ય સ્વામિત્વની રૂઢી ચાલેથી ઘણાખરા જણ કરશે, એમ કહી શકાતુ નથી; પરંતુ હાલના ઘણાખરા પગાર કે મજુરી બદલ કામ કરનાર લોકથી તે કોઈપણ રીતે ઓછી મહેનત કરશે, એમ ધારવાને કશું પણ કારણ નથી.

વળી એક બીજી વાત છે. હાલ જે એમ ધારવામાં આવે છે, કે માણસ વિશેષ સ્વામિત્વ વગર સારી મહેનત નહીજ કરે, તે બધું હાલની સ્થિતિ જોઈ ધારવામાં આવે છે. હાલ માણસ જન્મે છે, ત્યારથી તેની સ્વાર્થ બુદ્ધિ પુષ્ટિ પામતી જાય છે; પણ જ્યારે સામાન્ય સ્વામિત્વનો વહિવટ ચાલશે, ત્યારે પ્રત્યેક શખ્સ નાનપણથીજ એમ શીખશે કે બધાનું ભલું એજ મારૂં ભલું; ને બધા વચ્ચે એમ ચડસ પેદા થશે, કે લોકનું સૌથી વધારે ભલું જોઈએ કોણ કરે છે. વળી હાલના કરતાં લોકમાં સારૂં કહેવડાવવાની ઇચ્છા બધાને વધારે થશે; ને જે માણસ આળસ કે બદદાનતથી પોતાને ભાગે પડતી મહેનત નહી કરે, તે માણસનો બધા મળી એટલો ધિક્કાર કરશે, કે કોઈની એવી બદદાનત કરવાની છાતી ચાલશે નહીં.

સામાન્ય સ્વામિત્વ વિરૂદ્ધ એક બીજી અડચણ એવી ઉઠાવવામાં આવેલી છે, કે જો એમ ચાલશે, તો હાલ વસ્તાર વધારવા વિશે જે થોડો અંકુશ ચાલે છે, તેટલો પણ બંધ થઈ જશે. હાલતો પ્રત્યેક પુરૂષને જેવુ તેવું પણ ખબર છે, કે મારો વ-

સ્તાર વધશે, તો મારાથી સુખમાં રહેવાશે નહીં, ને હું ને મારાં છોકરાં છૈયાં બધાં દુઃખી થઇશું. પણ સામાન્ય સ્વામિત્વ થવાથી છોકરાંનું પોષણ કરવાનું, બીજાને માથે પડે, તેથી કોઇને એવી ફિકર રહે નહીં. છેવટે વસ્તિ ઘણી વધી પડે, ને માણસ જાત દુઃખી થાય. આ અડચણ ખરૂં જોતાં વિશેષ સ્વામિત્વના કરતાં સામાન્ય સ્વામિત્વની રીતિને થોડી લાગુ છે. હાલ વસ્તિના વધવાથી બધાના સુખમાં સંકોચ થાય છે; અને જે લોક પોતે જીવ વશ રાખી વસ્તિ વધવ દેતા નથી, તેઓને પણ બીજાના મૂર્ખપણાનું નુકસાન વેઠવું પડે છે; અને તે નુકસાનનો કંઇ ઉપાય કોઇથી થઇ શકતો નથી. પણ સામાન્ય સ્વામિત્વ હોય, તો વસ્તિ વધ્યાથી બધાના સુખમાં ન્યૂનતા થાય, ને વસ્તિ નહીં વધવા દેવી એમાં બધાનો સ્વાર્થ છે, એવું સર્વ કોઇને સહેલથી સમજ પડે, તેથી લગ્ન સંબંધી પાકો બંદોબસ્ત થાય; અને જે કોઇ વિષયમાં મગ્ન રહી, બીજા બધાના સુખમાં ન્યૂનતા પાડે, તેને સર્વ એકઠા થઇ ઘટતી શિક્ષા કર્યા વગર રહે નહીં.

એક ત્રીજી અડચણ એવી કાઢવામાં આવે છે, કે સામાન્ય સ્વામિત્વ પ્રમાણે બધાને ધંધા વેહેંચી આપવા પડે; પણ એટલા બધા માણસોને પ્રત્યેકની શક્તિ પ્રમાણે ધંધા આપવા, એ કામ ઘણું મુશકેલ પડે. હાલ બધા પોતપોતાની મરજી પરમાણે ધંધો પસંદ કરે છે, તેથી એવી મુશકેલી પડતી નથી. ઘણા જણ જ્યારે સહીઆરૂ કામ કરે, ત્યારે ધંધા શી રીતે વહેંચી આપવા, એ બહુ વિચારની વાત છે. બધા જો વારા ફરતી બધાં કામ કરે, તો એથી ધંધાના વિભાગનો પૂરો લાભ મળે નહી. તેમ બધાને સૌ સૌની બુદ્ધિ પ્રમાણે કામ સોંપવું, એમ કરવાની પણ કોની સત્તા છે? આ અડચણ વાજબી છે. પણ એનો કાંઇ ખુલાસો નીકળેજ નહી, એમ સમજવું નહી. હાલ સામાન્ય સ્વામિત્વની યુક્તિ ઘણી અમલમાં આવી નથી, માત્ર કલ્પનામાં જાણેલી છે; માટે અમલમાં આવ્યા પછી એની મેળે કાંઇ રસ્તો નિકળે ખરો. દૃષ્ટાંત જોવો હોય તો, સામાન્ય સ્વામિત્વની "ફુરીયર" સ્થાપના કરીને એક યુક્તિ હાલ યુરોપના થોડા ભાગમાં ચાલે છે, તે તરફ નજર કરતાં તેમાં એવી યોજના છે, કે ધંધા ધંધાવાર એક ટોળી બાંધવી, ને હરેક માણસને જેટલી ટોળીમાં જવું હોય, તેટલીમાં તે જાય. તેમાં એમ છે કે ઉત્પન્ન થએલા દ્રવ્યમાંથી થોડો હિસ્સો પહેલો ગુજરાનને માટે બધાને આપવામાં આવે, ને પછી વધારામાંથી, બુદ્ધિ ગુણને મુડી પ્રમાણે દરેક સખસને વહેંચી આપવામાં આવે છે. કોઇપણ માણસની બુદ્ધિ કે ગુણ કેટલા છે, તે તેના ધંધાવાળા લોક તેને અમુક પાયરી આપી નક્કી કરે છે.

આ બધી દલીલો ઉપરથી કેટલાક વિચારવંત પુરૂષો એવી તકરાર કાઢે છે, કે સામાન્ય સ્વામિત્વની રીતિ પ્રમાણે હરેક સખ્સનું સાધારણ રીતે સુખથી ગુજરાન નભવાનો જોગ છે, ને હાલ વિશેષ સ્વામિત્વ પ્રમાણે કેટલાક મનુષ્ય પ્રાણીને દુઃખ બેહદ છે, માટે સામાન્ય સ્વામિત્વ દાખલ કરવું જોઇએ. પણ આ લોકનું કહેવું ખરૂં છે, કે ખોટું, તેનો તોડ કાઢવાને માટે હાલની વિશેષ સ્વામિત્વની જે વ્યવસ્થા છે, તેજ ઉપર વિચાર કરવો નહી જોઇએ. વિશેષ સ્વામિત્વની રીત પહેલ વહેલી જ્યારે દાખલ થઇ, ત્યારે તેના ગુણ દોષનો વિચાર કર્યા પછી દાખલ થઇ નથી. રોતન જંગલી કાળમાં જોર જુલમને લૂટ ફાટ ચાલતી હતી, તે બંધ પાડવાને પહેલા વહેલા ન્યાયાધીશ કરવામાં આવ્યા; પછી જેના કબજામાં જે હતું, તે તેના કબજામાં કાયમ રાખવામાં આવ્યું; ને તેથી બધાને એવી એક પ્રકારની ખાતરજમાં મળી, કે આપણે જે પૈદા કરીશું, તે આપણુનેજ મળશે. આ પ્રમાણે એ રીતની શરૂઆતમાં પણ પૈસે બધા બરોબર નહોતા; અને કાયદા પણ ઘણા કાળ સુધી એવા કરવામાં આવ્યા, કે થોડા જણના હાથમાં દ્રવ્યનો સંચય ઘણો થાય, ને ઘણા જણ ગરીબ રહે. મૂળ ફેર હતોજ, ને તે પાછો આવા આવા કાયદાથી વધી ગયો. માટે હાલની વિશેષ સ્વામિત્વની વ્યવસ્થા લઇ મુકાબલો કરવો ઘટતો નથી.

વિશેષ ને સામાન્ય સ્વામિત્વ એ બેમાં સારૂ કયું, એનો શુદ્ધ વિચાર કરવો હોય, ત્યારે એમ ધારવું જોઇએ, કે જે જે કારણોથી હાલ વિશેષ સ્વામિત્વની રીતિ ઠીક પડતી નથી, તે તે કારણો નથી. વિશેષ સ્વામિત્વનું ખરૂં કારણ તો એટલું એજ આપી શકાય, કે દરેક જણ જે કાંઇ વસ્તુ પેદા કરે, તો તેનો બિનહરકતે ઉપભોગ કરે, ને તેને તેમાં કોઇની અડચણ થવી જોઇએ નહી. બીજાનું પૈદા કરેલું દ્રવ્ય કોઇને મળવું જોઇએ, એવું આ રીતિમાંથી કંઇ નીકળતું નથી: માટે વગર મહેનતે વારસા દાખલ મિલકત આપવાનો જે વહિવટ ચાલે છે, તે કેટલેક દરેજ્જે ફાયદાકારક છે, તોપણ તે આ વ્યવસ્થાનું અંગ નથી. વળી જે બે વાત સામાન્ય સ્વામિત્વની યોજનામાં કલ્પેલી છે, તે પણ વિશેષ સ્વામિત્વમાં કલ્પવી જોઇએ. સામાન્ય સ્વામિત્વની સરસાઇ દેખાડતી વખત આપણે એમ ધારી લીધું છે, કે બધા માણસ સારી સમજવાળા છે, અને બધાએ વસ્તિ ઉપર અંકુશ રાખે છે. હવે હાલની વિશેષ સ્વામિત્વની રીતિ પ્રમાણે પણ બધાને કેળવણી આપવી જોઇએ, ને વસ્તારની વૃદ્ધિ ઉપર કંઇ અંકુશ હોવો જોઇએ: આ બે સરતો પૂર્ણ કરી હોય, તો પછી વિશેષ કે સામાન્ય સ્વામિત્વ સારૂ, એ કહેવું કં-

હુ સેહેલ નથી.

ફલાસને અટકળે એવું કહી શકાય, કે જો ઉપર પ્રમાણે કેળવણીનો પ્રસાર હોય તથા વસ્તિ ઉપર અંકુશ હોય તો, વિશેષ સ્વામિત્વથી વધારે ફાયદો થાય. વિશેષ સ્વામિત્વમાં માણસ સ્વતંત્રતા ઘણી ભોગવી શકે છે. હવે માણસ જાતને સુધરેલી સ્થિતિમાં પોતાનું પોષણ મળ્યા પછી, સ્વતંત્રતા જેવું બીજું કંઈ વહાલું નથી. સ્વતંત્ર થવાની ઇચ્છા જેમ જેમ માણસ સુધરે છે, તેમ તેમ ઘટવાને બદલે વધે છે. આ ઇચ્છા સામાન્ય સ્વામિત્વ પ્રમાણે પૂર્ણ થઈ શકેજ નહીં એમ નથી: કારણ એ વ્યવસ્થામાં બધાએ ભેગા રહેવું જોઈએ, અથવા હરકોઈએ પોતાનો જે હીસ્સો મળ્યો હોય, તે બીજા બધાની મરજી પ્રમાણેજ વાપરવો જોઈએ, એવું અવશ્ય નથી; તથાપિ માણસ જાતને એ રૂઢિ પ્રમાણે સ્વતંત્રતા કંઈ કમી રહેશે, એમ લાગે છે. બીજું એ કે સામાન્ય સ્વામિત્વ પ્રમાણે બધા એકઠા ઉછર્યાથી બધાના વિચાર, રીતભાત, મન, ગુણો સરખા થઈ જવાનાં, અને લોકની કહેણીનું જોર એટલું વધી પડશે, કે એથી વિરુદ્ધ ચાલવાની કોઈની હિમત રહેશે નહીં. હવે આથી કાંઈ ફાયદો નથી: માણસ જાતની સ્થિતિમાં જે જે સુધારા થયા છે, તે સ્વતંત્ર વિચારથી થયા છે. ઉલટા વિચારો સામસામા આવ્યા સિવાય સત્યનો પાયો મજબુત થતો નથી. હાલની રીતી પ્રમાણે પણ છુટા વિચારોની વૃદ્ધિમાં ઘણો અંકુશ છે, એ વાત ખરી; પણ સામાન્ય સ્વામિત્વ પ્રમાણે તો બધાનાં મન ઘસાઈ ઘસાઈ બિલકુલ સરખાં થઈ જાય, ને સત્યનો શોધ તથા સુધારો ઘણો ધીમો ચાલે, એવું લાગે છે. વળી ઘણા કાળથી માણસને વિશેષ સ્વામિત્વની ટેવ પડી ગઈ છે, તેથી સામાન્ય સ્વામિત્વ ચાલે, ત્યારે આળસ, એદાઈ, અને ખળ વિદ્યા, તથા કામ ન કરેવાને લોક છળ ભેદ ઘણા કરે, એમાં પણ કંઈ સંદેહ નથી. તેમજ વહિવટમાં બીજી હરકત એ નડવાની કે માણસ જાતનો ઘણો ભાગ એ રીત ઘણા કાળ સુધી કબુલ કરે તેવો જોગ નથી. હાલના દુનીઆના અનુભવ પ્રમાણે અમુક ધર્મના લોકમાં, જેમ કે મઠોમાં, બાવાના અખાડાઓમાં, અમુક પંથના સાધુઓમાં, તથા કોઈવાર કેટલાક બીજા વરગના લોકમાં, સામાન્ય સ્વામિત્વની રીત ચાલે છે, અને ત્યાં કાંઈ નુકશાન જોવામાં આવ્યું નથી. એ વાત ખરી; પરંતુ એ રીતને વાસ્તે ઘણી કેળવણી જોઈએ, મન મોટાં જોઈએ, અને પરોપકારબુદ્ધિ પણ ઘણી જોઈએ; એ વગર એ નભે નહીં. આ બધા ગુણ વિશેષ સ્વામિત્વની રીતમાં પણ ઘણા કામના છે, માટે એ ગુણોને બને તેમ કરી પુષ્ટિ આપવી જોઈએ. એ ગુણ સંપાદન થયા પછી સામાન્ય સ્વામિત્વની રીતિ ચાલશે કે નહીં, અથવા તેથી ગુણ થશે કે નુકશાન, તેનો ખરો ખુલાસો અનુભવ વગર થવાનો

નથી. તે દરમિયાનમાં હાલની વિશેષ સ્વામિત્વની રીતનો પૂર્ણ લાભ લેવાને આપણે વસ્તિમાં અંકુશ રાખવો જોઇએ, તથા કેળવણીનો પ્રસાર કરવો જોઇએ.

प्रकरण २ जुं.

વિશેષ સ્વામિત્વ વિષે

ગયા પ્રકરણમાં જે બાબતનું વર્ણન થયું, તે ઉપરથી આ ગ્રંથનો વિષય જે પહેલ વહેલો વાંચેછે, તેના મનમાં બે વાતની ખાતરજમા થઇ હશે. એક તો દુનીઆમાં હાલ જે દ્રવ્ય વિભાગની રૂઢિ ચાલેછે, તે મનુષ્ય કૃત છે, એટલે જે હાલ ગરિબ તાલેવર જોવામાં આવેછે, તેનો દોષ ઇશ્વરને અથવા નશીબને માથે મુકી શકાય નહીં; કારણ માણસે જો પ્રથમથીજ વિશેષ સ્વામિત્વની રીત રાખી ન હોત, ને સામાન્ય સ્વામિત્વની રીતિ રાખી હોત, તો ગરીબ તાલેવરનો ફેર રહેત નહી. વળી બીજું એકે હાલની રીત સર્વથી ઉત્તમ પ્રકારનીછે, એમ છાતી ઠોકી કહી શકાતું નથી. પરંતુ હાલ વિશેષ સ્વામિત્વની રીતી જે ચાલે છે, તેમાં કેટલાક પ્રાસંગિક દોષ વળગી ગયા છે, એ દોષ ન હોય તો છેવટ તેમાં નફો થયા વગર રહે નહી. એ દોષનું વિવેચન કરવાની અગાઉ વિશેષ સ્વામિત્વનું વસ્તુતઃ લક્ષણ શું છે, ને તેની શી શી તરેહની સીમા જોઇએ, એનો વિચાર આ પ્રકરણમાં કરવામાં આવશે.

વિશેષ સ્વામિત્વ રાખવાનું મૂળ કારણ એટલુંજ, કે કોઇ જણ પોતાની આગવી મહેનતથી જે કંઇ પેદા કરે, તેનો પૂર્ણ ફાયદો તેને આપવો જોઇએ. આ રીત હોય તો ઉત્પત્તિ ઘણી સરસ થાય. આ સિવાય બીજું કાંઈ કારણ આપી શકાતું નથી. આ ઉપરથી એમ પણ નિકળ્યું, કે કોઇ પોતાની પેદા કરેલી વસ્તુ બીજાને કિંમત લઇ અથવા મફત (વગર કપટ અથવા બળાત્કારે) આપે, તો તેમ કરવાનો તેને હક છે. આવો હક જો ન આપીએ, પણ ઉત્પાદકનો પોતાની ઉત્પન્ન કરેલી જણસ પોતે ભોગવવાનો હક રાખીએ, તો ઉદ્યમના વિભાગના ફાયદા ન મળે, એટલુંજ નહી, પણ ઉત્પત્તિ થોડી થાય. તેમજ હરકોઇ જણ બીજા કોઇની પેદા કરેલી વસ્તુ, વગર કપટે અથવા વગર બળાત્કારે, તેની પાસેથી લે, તો તે પણ તે વસ્તુનો માલેક થાય. આવો હક પણ અવશ્ય હોવો જોઇએ; કારણ કે જો લેનારનો હક માન્ય ન રાખીએ, તો આપનારનો હક માન્ય ન રહ્યો, એમ થયું: ને આપનારનો હક માન્ય ન થાયતો, વિશેષ સ્વામિત્વનો જે મૂળ પાયો, કે હરકોઇ ઉત્પાદકને તેણે ઉત્પન્ન કરેલી ચીજ ઉપર

પૂર્ણ માલકીનો હક આપયો, તે ઊંધો વળી જાય.

માલ ઉત્પન્ન થાય, તે ઉપર ઉત્પાદકને પૂર્ણ હક આપવો જોઈએ, એ વાતતો ખરી; પણ માલના ઉત્પાદક એકલા મજુર છે એમ નથી; જે જે લોકની મદદથી, મુડી પૈદા થઈ, ને જે જે લોકે દ્રવ્યનો ઉપભોગ ન કરતાં મુડીનો સંગ્રહ કર્યો, તે બધા માલના એક રીતે ઉત્પાદક છે; ને તે બધાને ઉત્પત્તિમાંથી હિસ્સો મળવો જોઈએ. તે બધાને ઉત્પત્તિમાંથી હિસ્સો મળવાનો ન હોય, તો તેઓ પોતાના ભાગની મહેનત કરે નહીં, ને ઉત્પત્તિ હાલ થાય છે, એવી થાય નહીં.

દ્રવ્યનો જાતે ઉપયોગ કરવાનો, અથવા બક્ષીસ કે કરારની રૂએ કે બીજી ગમે તે રીતે નીકાલ કરવાનો, ઉત્પાદકનો હક છે; ને એ હક સઘળા માલીકોને મળવો જોઈએ. આ સિવાય એક બીજો હક પણ બધા માલીકોને આપવો ઘટારત છે. જો કોઈ પુરૂષે કોઈપણ ચીજનો કેટલીક અવધ સુધી ધણી તરીકે ભોગવટો કર્યો હોય, તો તે ચીજ બીનતકરારે પછી તેના ભોગવટામાં રહેવા દેવી જોઈએ. આવી રીતે બીનતકરારે કેટલીક મુદત ધણીપણું આપવાનો બધા સુધરેલા દેશમાં રિવાજ છે. કોઈ કોઈવાર આ રિવાજનો લાભ લુચ્ચાને કપટી માણસને મળે, કારણ તેવા પણ ઠરાવેલી અવધ વીત્યા પછી ગેરરીતે મેળવેલી મીલકતના માલિક થઈ શકે. પણ આ રિવાજનું મુખ્ય કારણ એછે, કે જો આવી કંઈ અવધ ન હોય, તો બધા માલીકના પેટમાં હમેશાં ફિકર રહે, કે રખેને કોઈ દહાડો કોઈ લુચ્ચો જણ માલકીનો દાવો કરી આપણો માલ છુંટાવી લેશે. ઘણા કાળ પછી ખરા માલિક પાસે સાક્ષીઓ વગેરે માલકીનો ખરો પુરાવો હોય, તે બધો નાશ પામે, ને તેને બદલે લુચ્ચા લોકને ખોટો ઉભો કરેલો સેહેલ પડે. માટે ખરા માલીકના બચાવને સારૂ સઘળા સુધરેલા દેશોમાં અવધ અથવા મુદતના કાયદા હોય છે ખરા. ઉપર કહ્યા પ્રમાણે વખતે એવા કાયદાથી લુચ્ચા લોકને ફાયદો થાય છે; ને વખતે ખોટો ધણી હોય છે, તે ખરો ધણી થઈ જાય છે. પરંતુ એ ધારાથી મુખ્ય લાભ ખરી માલીકી વાળાઓને મળે છે; ને વખતે એથી જરા અન્યાય થાયછે, એ વાતની કોઈથી ના કહી શકાતી નથી, તોપણ ઘણો કાળ વીતી ગયા પછી તો, ખોટા હકદારનો ભોગવટો કાયમ રાખવામાં ઓછો અન્યાય થાય છે, ને ખરાને પાછો કબજો આપવામાં બહુ અન્યાય થાય છે.

આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે વિશેષ સ્વામિત્વમાં વસ્તુ વિચાર કરતાં નીચે પ્રમાણે લક્ષણ આવ્યાં. એક તો ઉત્પાદકનો જાતે ભોગવવાનો, અથવા કોલકરાર વગેરે બીજી હરેક કાયદાસર રીતે બીજાને આપવાનો હક આપવો; અને આ બે-

માંથી એકે રીતનો હક ન હોય, તો પણ કેટલીક અવધ પછી ભોગવટાનો તથા માલકીનો હક આપવો. આ ઉપરથી એમ પણ સાબિત થાય છે, કે હરકોઇ માલેકને પોતાની મીલકત લખી આપવાનો હક છે. હરેક જણનો બખત કરી પોતાની મીલકત બીજાને વારસામાં આપી દેવાનો હક છે, તોપણ ખાનબખતે સગપણના કારણથી કોઇનો બીજાની મીલકત લેવાનો હક છે, એમ નીકળતું નથી. હવે એવો હક રાખવો વાજબી છે કે નહીં, તેનો વિચાર કરવો ઘટે છે. દૂરના સગાઓનો હક હિંદુશાસ્ત્રમાં કેટલેક દરજ્જે છેજ નહીં; કેટલેક દરજ્જે પાસેનાં અડતાં સગાઓનો પણ હિંદુશાસ્ત્રમાં વારસાનો બિલકુલ હક નથી. ભાણેજનો, ફુવાનો, મામાનો, કોઈ દિવસ વારસાનો હક પહોચતો નથી; માટે હિંદુશાસ્ત્રમાં કહેલા હક બધા સકારણ છે એમ નથી, પણ જુના ચાલને આધારે છે. હાલ છોકરાંને બીનલખતે વારસો આપવાનો ચાલ છે, તે પાકો વિચાર કરી કાઢેલો હોય, એમ કહી શકાતુ નથી; કારણ પ્રાચીન કાળમાં એવો વારસો આપવાનાં જે કારણો હતાં, તે હાલ પ્રબળ નથી. તે મારામારીનો વખત હતો, માટે તે કાળમાં પેહેલો કબજો કરનારને ઘણો હક આપવામાં આવતો હતો. હવે જ્યારે કોઇ પુરૂષ મરી જાય, ત્યારે તેનાં છોકરાં તેની મીલકતનો કબજો પહેલ વહેલાં કરતાં, તે ઉપરથી કાયદાની રૂએ મરનારની મીલકત ઉપર તેમનો હક વધારે ગણાતો. વળી છોકરાંનો બિનલખતે વારસો પાળવાનું બીજું કારણ એ હતુ, કે જુના જમાનામાં જે જે મીલકત કોઈકુટુંબી પુરૂષના કબજામાં હોય, તે આખા કુટુંબની ગણાતી; તેના એકલાની ગણાતી નહોતી. તે તો માત્ર તેનો વહિવટદાર હતો; માટે જ્યારે તે મરી જાય, ત્યારે તેનાં છોકરાં તેની મીલકત જે લેતાં, તેમણે કાંઇ નવી મીલકત સંપાદાન કરી, એમ કોઈ ગણતું નહીં, પણ તેમને પોતાની સહીઆરી મીલકતનો ભાગ મળ્યો, એમ બધા ગણતા. હિંદુના દાયવિભાગ ઉપર ઊંડો વિચાર કરતાં એમ માલમ પડશે, કે અસલ હાલના જેવી જણજણવાર વિશેષ માલકી હતીજ નહીં: જે જે મીલકત હોય, તે દોઈ કોઇ કુટુંબની સામાન્ય સ્વામિત્વની હોય. આ બધાં કારણથી અસલનો દાખલો આપી એમ કહેવું કે છોકરાંને બિન લખતે વારસો આપવાનો ચાલ બહુ વિચાર કરી કાઢ્યોછે, તે નિરર્થક છે. અસલ વારસો આપવાનો ચાલ કારણ વિચારી કાઢ્યો નથી, માટે એટલું વિચારવું જોઇએ, કે વસ્તુતઃ કોઇને પણ વારસો આપવો દરકાર છે કે નહીં?

હવે જે દૂરના સગા છે તેનો મરનારની જાત ઉપર કંઈ હક નથી, ને વખતે જો

કોઈ અમુક પુરૂષે મરનારની ચાકરી કરી હોય તે બાબત હક હોય, તો તે એવી તરેહનો છે, કે તેને વાસ્તે મરનારે લખત કરી બંદોબસ્ત કરવો જોઇતો હતો. માટે મરનાર પુરૂષના પૂર્વજ કે વંશજ સિવાયના સગાંનો વારસામાં હક રાખવો જોઇતો નથી. છોકરાંનો હક રાખવો જોઈએ; કારણ તેઓને મરનારે જન્મ આપ્યો છે, ને જ્યારે હરકોઈ પુરૂષ બીજાને જન્મ આપે, ત્યારે તેણે તેને પાળી પોષી મોટું કરવું, ને તેને તેની સ્થિતિ લાયક ધંધો શિખવી, તેની રોજી કમાવા જેવું કરવું જોઇએ. એટલું તો ઓછામાં ઓછું કરવું ઘટે છે. માટે છોકરાંને કાયદાથી તેમના ગત થએલા માબાપની મીલકતમાં પાળણ પોષણ ને કેળવણી જેટલું તો અવશ્ય અપાવવું જોઇએ. એથી વધારે અપાવવું કે ન અપાવવું, એ જાણ જાણની સ્થિતિ ઉપર વિચાર રાખી કરવું ઘટે છે. જે સ્થિતિમાં છોકરાં મોટાં થયાં હોય, તે સ્થિતિમાં સુખથી રહેવા જેટલું પણ કાયદાથી વારસને મળવું જોઈએ. એથી વધારે આપવાની ફરજ નથી. ફરજ તો નથી તો પણ એથી વધારે આપવાનો કાયદો હોવો જોઈએ; કારણ છોકરાંને વારસો મુકી જવાની આશાએ હાલ ઘણો ખરો સંગ્રહ તથા ઉત્પત્તિ થાય છે. આ વાતનો આગળ જતાં સવિસ્તર વિચાર થશે.

મરનાર પુરૂષના હાથનું લખત નહી છતાં વારસાની રૂએ કેટલું અપાવવું, તેનો વિચાર થયો. હવે લખત કરી મીલકત મુકી જવાનો હક ધણીપણાને અંગે રહેલો છે; માટે તેમાં કશો પણ નિયમ જોઈએ કે નહી એ વિચાર કરવાનો છે. એ વિશે હાલ પણ કેટલાક નિયમ ઘણા દેશોમાં છે. ફ્રાન્સમાં એવો ધારો છે કે છોકરાંના હિસ્સા કરતાં વધારે મતા કોઈપણ પરાયાને વશિયત નામાની રૂએ લખત કરી આપી જવાય નહીં. અસલના રોમરાજ્યમાં એના જેવો નિયમ હતો. એવા નિયમ કરવા કંઈ વાજબી લાગતા નથી. ખરો નિયમ એવો કરવો ઘટે છે, કે આપનારની સત્તા ઉપર કંઈ પણ અંકુશ રાખવો નહીં. આપનાર પોતાની મિલકત ગમે તેટલી ગમે તેને આપે, તેમાં તેને કાયદાની તરફનો પ્રતિબંધ થવો ન જોઇએ; પણ લેનારની સત્તા ઉપર અંકુશ મુકવો જોઇએ, ને એવો નિયમ કરવો જોઈએ કે કોઈપણ એક પુરૂષ માત્ર વારસા કે બક્ષીસથી આટલા કરતાં વધારે મેળવી શકે નહીં. એવો જે આંક બાંધવો, તે એટલો મોટો બાંધવો કે સાધારણ સુખનો સંયોગ કોઈ લેનાર પુરૂષને પડે નહીં. આથી વધારે લેવાની બંધી હોય, તેમાં કોઇએ દુઃખ માનવાનું નથી; કારણ સાધારણ સુખથી વધારાની જે રકમ છે, તે લેનારને કંઈ કામની નથી, ને તે બીજાને ઘેર જાય તો તેથી તેને સુખ ઘણું મળે.

વિશેષ સ્વામિત્વનું મૂળ કારણ શું છે, અને તેનો કેટલી હદ જોઇએ તેનું વર્ણન

થયું. હવે વિશેષ સ્વામિત્વની વિષયભૂત થાયજ નહીં, એટલે જેના ઉપર કોઈ અમુક પુરૂષની માલકી નજ હોવી જોઈએ, એવી કોઈ ચીજોછે કે નહી,એનો પણ વિચાર કરવો જોઈએ. વિશેષ સ્વામિત્વનો ધોરી નિયમ તો એજ કે જેણે પોતાની મહેનતથી જે પેદા કર્યું, તે તેને નિર્વિઘ્ન ભોગવવા દેવું: હવે જમીન કોઈએ પેદા કરી નથી, માટે જમીનમાં કોઈનો ખાસ માલકી હોવી જોઈએ નહીં.જો જમીનના જેટલા ઉપયોગી ગુણછે તે ન હોત, અથવા માણસ કૃત તથા ઈશ્વરકૃત ગુણના જુદા જુદા વિભાગ થઈ શકતા હોત, તો પછી જમીન ઉપર કોઈ જણની માલીકી માન્ય કરી શકાત. પરંતુ તેમ નથી, માટે જમીનની માલકી કોઈએક જણને આપી શકાય નહીં. અલબત જમીનનો વાવરતો એકજ જણને સોંપવો જોઈએ, ને જે વાવે તેનેજ લણવાનો હક આપવો જોઈએ. પણ માલીકીનો હક તો માત્ર જેણે જમીન સુધારી હોય તેનેજ આપવો જોઈએ. જમીનના ઘણા ખરા ઉપયોગી ગુણછે તે માણસકૃતછે, ને માણસને એવી ઉમેદ ન હોય કે હું મહેનત કરી જમીનમાં જે જે સુધારો કરીશ તે બધાનો ફાયદો મને મળશે, તો તે સુધારો કરે નહી. દૂરના ફાયદાનાં જેટલાં કામ થાયછે,તે બધા લાંબી ઉમેદથી થાયછે. માટે લાંબે કાળે ફળે એવા સુધારા કરાવવાને માટે જમીન ઉપર વિશેષ માલકી આપવી જોઈએ. પરંતુ એવું જ્યાં સ્પષ્ટ હોય કે જમીનનો માલીક જમીનનો સુધારનાર અથવા તેની પાસેથી લેનાર નથી, ત્યાં તે માલિકને નુકશાન આપી સાર્વજનિક ફાયદા વાસ્તે જમીન લઈ તેનો વધારે ફાયદો થાય તેનો ઉપયોગ કરવો જોઈએ; ને જ્યાં જ્યાં જમીન ખાનગી પુરૂષના હાથમાં હોય ત્યાં ત્યાં બારીકીથી વિચારવું જોઈએ, કે એવી માલકીથી લોક સમસ્તને ફાયદોછે કે નહીં.જો લોક સમસ્તને ખાનગી માલકીથી ફાયદો નહોય તો, ખાનગી માલિકને નુકશાન આપી છોડવવી જોઈએ. જમીનના માલિકને આમાં કોઈ બહુ આપદાછે, એમ સમજવાનું નથી. જે વસ્તુ પોતે ન હોતતો ફળ આપ્યા કરતજ, તે વસ્તુ તેની પાસેથી લેઈ લેવામાં આવે, તેમાં તેને કંઈ નુકસાન નથી; ને ભોગવટા બદલ તેને નુકસાન મળે,એટલે પછી તેને કંઈ બોલવાનું રહ્યું નહીં.

જમીન સિવાય બીજી પણ કેટલીક વસ્તુઓછે, કે જેના ઉપર વિશેષમાલકી ન જોઈએ, પણ જેને ખોટી રીતે માલકીનો વિષય ગણેલીછે.જંગલી રાજ્યમાં કેટલાક હોદા અમુક ઘરના હોયછે.અમુક કામ અમુક ઘરનાજ કરે: વતનદારો વગેરે ઇંગ્રેજી રાજ્યમાં પણ આજ સ્થિતિમાં હતા. આવી રીતની ગોઠવણથી દ્રવ્યની ઉત્પત્તિમાં જોઈએ તેટલો લાભ મળતો નથી. આ ઠેકાણે વતનદાર વિષે જે વિચાર કરવામાં આવેછે,તે અર્થશાસ્ત્રના મત પ્રમાણે ચલાવવામાં આવેછે; માટે જો સરકારે તેઓને રાખવાને કબુલાત

આપી હોય, તો તે નુકસાન આપ્યા વગર તોડવી એમ કહેવાનો હેતુ નથી. વળી વંશ-પરંપરા કોઇ પણ કામ સોંપવાની રીત પણ આજ પ્રકારની છે. માણસ પણ સ્વામિત્વવિષય નથી; એટલે માણસ ઉપર કોઈનું ધણીપણું હોય નહીં. માણસને માટે બહુ દ્રવ્ય પેદા કરવામાં આવેછે; માટે માણસ પોતે દ્રવ્ય તરીકે બીજાની મીલકત ગણાય નહીં; તેથી જે દેશમાં ગુલામગિરિ હોય, તે દેશમાં ગુલામના માલેકને નુકસાન આપી, તેમને છોડાવવા જોઇએ.

प्रकरण ३ जुं.

મેહેનતનું ઉત્પન્ન કોના કોના વચ્ચે વહેંચી આપવામાં આવે છે તે વિશે.

વિશેષ સ્વામિત્વ તથા સામાન્ય સ્વામિત્વના શા શા ફાયદા છે, તે વિશે આપણે આગલા પ્રકરણમાં વિચાર કર્યો. પણ હાલના સંસારમાં દુનીઆના ઘણાખરા ભાગમાં વિશેષ સ્વામિત્વની રીતી પ્રબળ છે, માટે આપણા હાલના લાભ વાસ્તે એવો વિચાર કરવો ઘટે છે, કે એ રીત પ્રમાણે ઉપજેલા દ્રવ્યની વ્યવસ્થા શી રીતે થશે. વિશેષ સ્વામિત્વના ચાલ પ્રમાણે સંસારમાં ઉપજેલું દ્રવ્ય કોને કોને વહેંચી આપવામાં આવશે, અને તે શા નિયમ પ્રમાણે વહેંચી આપવામાં આવશે, તેનો આ પ્રકરણમાં વિચાર આવશે.

જે જે પુરૂષોની સમ્મતિ વગર ઉત્પત્તિનું કામ ચાલી શકતું નથી, એટલે જે જે પુરૂષોની મુડી અથવા મહેનત ઉત્પત્તિમાં કામ લાગે છે, તે તે પુરૂષો ઉપજમાં પોતાનો હિસ્સો ધાલ્યા સિવાય પોતાની સંમતિ આપશે નહીં. તે બધા પુરૂષોને ઉત્પન્ન થએલા દ્રવ્યમાથી તેમની મુડી કે મહેનત બદલ હિસ્સો ઘટે છે. હવે ઉત્પત્તિમાં ત્રણ ચીજની અવશ્ય જરૂર છે: મહેનત, મહેનતથી પ્રાપ્ત થએલી કેટલીક વસ્તુનો સંગ્રહ, ને સૃષ્ટિજન્ય પદાર્થો; અથવા ઉત્પાદક, મુડીદાર અને જમીનદાર. જે જે દ્રવ્ય પેદા થાય, તે તેઓની સંમતિ સિવાય થાય નહીં; ને એમાં તેઓ હિસ્સો લીધા વગર છોડે પણ નહીં. એ ત્રણ વર્ગના લોકની જે કમાઇછે, તે ઉત્પત્તિમાં સહાય કરવાથી થએલી છે; પણ એ સિવાયના બાકીના જે બધાએ લોક કમાય છે, તે તેઓના આપવાથી કમાય છે. જેટલા જેટલા લોક અનુત્પાદક મહેનત વડે પોતાનું ગુજરાન ચલાવે છે, તે બધા આ ત્રણનું પેદા કરેલું દ્રવ્ય ખાય છે. માટે ઉત્પત્તિના કાર્યસરતો સંસારમાં આ ત્રણ સિવાય બીજી કોઈ ચીજ નહીં, એમ ગણીએ તો કંઈ હરકત નથી.

આ ત્રણ વચ્ચે દ્રવ્ય વિભાગ શી રીતે થશે, તેનો નિર્ણય કરતાં અગાઉ એક વાત માની લેવી જરૂર છે. દ્રવ્ય વેહેંચી લેવાના અનેક રસ્તા છે; માણસો જેમ ગમે તેમ સહીઆરી મિલકત વેહેંચી લે. માટે ઉત્પન્ન થએલા દ્રવ્યના આજ નિયમ પ્રમાણે વિભાગ થશે, એમ કોઇથી કહી શકાય નહીં. પણ જો માણસ કશો પણ ઉ-ચ્ચક ઠરાવ કર્યા શિવાય એવોજ નિયમ રાખે, કે જે વખતે જેમ વધારે લાભ થાય, તે વખતે તેટલો ભાગ લેવો,-સારાંશ કે ઉત્પન્ન થએલા દ્રવ્યના વિભાગ જો બધા લો-ભબુદ્ધિ પ્રમાણે કરે, ત્યારે તો આપણાથી કંઇ નિયમ આપી શકાય ખરો. માટે આપણે અર્થશાસ્ત્રના નિયમ બાંધવાને એમ ધારવું જોઇએ, કે એ ત્રણે વર્ગના લોક પોતપો-તાના સ્વાર્થમાં ચુકે એવા નથી, ને ચુકતા પણ નથી. માટે એ ત્રણના સ્વાર્થ પરસ્પર વિરૂદ્ધ છે, તેમ છતાં છેવટે વિભાગ પડશે તે શી રીતે પડશે, તેનો આપણે વિચાર કરવાનો આવશે. આ પ્રમાણે નિયમ નક્કી થયા પછી વિચારવું કે રાજ્યરૂઢિ, કાયદા-ઓ, લોકરૂઢિ, અજ્ઞાન, વગેરે અનેક એવાંજ કારણોથી એ નિયમોમાં ચાલતા વેહે-વારમાં કેટલો ફેર પડે છે.

હવે મેહેનત, મુડી, ને જમીન એ ત્રણનો માલેક જ્યારે એકજ પુરૂષ હોય, ત્યારે ઉપજના વિભાગ શી રીતે પાડવા, એનો વિચાર કરવો પડેજ નહીં. આવી વ્યવસ્થા કેટલાક દેશોમાં જોવામાં આવે છે. ઘણા દેશોમાં જમીનનો માલેક હોય છે, તેજ પોતાના ઘરની મુડી કાઢી જાત મેહેનતથી ખેતી કરે છે. આ રીત સ્વીડન, નોર્વે, ડેનમાર્ક, ફ્રાન્સ, સ્વીટઝરલાંડ, ને જરમની, તથા ઇટાલીના, કેટલાક ભાગમાં ચાલેછે. એ દેશોમાં પણ વખતે જમીનનો કિત્તો બહુ મોટો હોય છે, ત્યારે માલેકથી બધી મેહેનત પોતાથી બનતી નથી, ને મજુર કે દહાડીઆ રાખવાની જરૂર પડે છે. પરંતુ ઘણાખરા કિત્તા નાના હોય છે, તેથી માલેકને બીજા કોઇની મદદનો ખપ રેહેતો નથી. વળી વખતે મુડી પણ બીજાની લેવી પડે છે, પણ આ મુડીની બધી વ્યવ-સ્થા જમીનના માલેકના હસ્તગત હોય છે; ફક્ત મુડીદારનો તો બહુ બહુ તો જ-મીન ઉપર સાન હક રાખવામાં આવેછે. આપણા દેશમાં પણ કેટલાક નાના જમી-નદાર આ પ્રમાણે પોતાની આગવી જમીન પોતાની મેહેનત અને મુડીવડે ખેડેછે.

બીજી રીતે પણ જમીન મુડી ને મેહેનતનો માલેક એકજ પુરૂષ થઇ શકેછે. જે દેશોમાં ગુલામગિરિનો દુષ્ટ ચાલ ચાલે છે, તે દેશોમાં જમીનનો માલેક તેજ મુડીનો માલેક હોય છે, અને તે ગુલામોનો માલેક હોવાથી મેહેનતનો માલેક પણ તે હોય છે. આ રીત અમેરિકામાં હાલ કેટલેક ઠેકાણે પ્રચળછે. વેસ્ટ ઇંડિઆના ટાપુઓ

માં ખાંડ બનાવવાનાં કેટલાંક કારખાનાંછે, ત્યાં ગુલામનો ધણી પોતાની મુડીથી ગુલામ પાસે શેલડી પકવાવેછે, ને તેનેજ હાથે તે પીલાવી ખાંડ, ગોળ કરાવેછે. આપણા દેશમાં જમીનનો માલેક સરકારછે, તેથી આવી વ્યવસ્થા ઘણી જોવામાં આવતી નથી. પરંતુ કોઈ કોઈ ઠેકાણે ગરાશીઆ પોતાની જમીન પોતાની મુડી અને જાત મહેનત વડે ખેડે છે; ત્યારે ઉપજના વિભાગ કરવાનો કંઈ પ્રસંગ રહેતોજ નથી.

ઘણીવાર એમ બનેછે, કે આ ત્રણે પદાર્થો તો એક પુરૂષને સ્વાધીન નથી હોતા; પણ બે હોયછે, ને ત્રીજો બીજા કોઈને હસ્તગત હોયછે. બખતે જમીન અને મુડી એક પુરૂષની હોય છે. ને મજુરી બીજાની હોય છે. આ રીતે આપણા દેશના કેટલાક ભાગમાં તથા યુરોપમાં વહિવટ ચાલે છે. જે લોક પોતાના ઘરની જમીન મજુરી આપી ખેડાવે છે, તે બધા આ પ્રકારમાં આવેછે. ફ્રાન્સના કેટલાક ભાગમાં, ઇટા-લીના કેટલાક ભાગમાં, ને સારાંશ કે જે દેશમાં ખેડુત ગુલામ નથી, તેમ માલેક પણ નથી, તે બધા દેશોમાં આ પ્રકાર ચાલે છે. જે ઉત્પત્તિ થાય, તેના આ રીત પ્રમાણે બે ભાગ થાય છે.

વળી બીજી રીતે પણ ઉત્પન્નના બે ભાગ થઈ શકેછે. જ્યારે મુડી તથા મહેનતવાળો જુદો હોય, ને જમીનનો માલેકજુદો હોય, ત્યારે ઉત્પન્નના બે ભાગ થાય. આ રીત આ મુલકમાં ચાલેછે, અને આપણા દેશમાં ઘણી વિસ્તાર પામેલીછે. આપણા દેશમાં થોડી નકરી જમીન બાદ કરતાં જેટલી બધી જમીન રહી, તે બધાનો માલેક સરકાર હોયછે. પણ ખેતીનાં બધાં સાધન તથા મહેનત ખેડુતની હોયછે; એટલે જમીનનો માલેક સરકાર અને મુડી તથા મજુરીનો માલેક ખેડુત છે. વખતે એમ બને છે ખરૂં, કે ખેડુતને બીજા પાસેથી મુડી ઉછીની લેવી પડે છે; ને કોઈ કોઈવાર તો સરકાર તેને મુડી ધીરેછે. જ્યારે ગામનો પારેખ ધીરેછે, ત્યારે ખેડુતને વ્યાજ વખતે ઘણું ભરવું પડેછે; પણ વખતે સરકારજ થોડે વ્યાજે અથવા બીન વ્યાજે મુડી ધીરેછે, જેને કે તગાવી કહેછે. વ્યાજ ભરો કે ન ભરો પણ આ રીત પ્રમાણે ઉત્પન્નના ભાગ બેજ થાય; સરકારનો, અને ખેડુતનો; મુડીવાળો પોતાનો હિસ્સો ખેડુત પાસેથી લે. વળી ત્રીજી રીતે પણ ઉપજના બે ભાગ થઈ શકે; જો જમીનનો તથા મહેનતનો માલેક એક, ને મુડીનો માલેક બીજો, એવું હોય તો આમ બને; પણ વહિવટમાં ઘણું આવું જોવામાં આવતું નથી, માટે એ બાબત વિષે ટીકા કરવાની જરૂર નથી.

વેપાર વિગેરે હસ્તક્રિયાના ધંધામાં ઉપજના ઘણું કરીને માત્ર બે ભાગ થઈ શકે; એક મુડીદારનો અને બીજો મજુરનો. જુના જમાનામાં બધા મજુરો દાસની

સ્થિતિમાં હતા, તેથી મુડીના માલિકજ બની ઉપજના માલિક થતા. પણ કેટલાક સૈ-કા થયાં, મજુર પોતાના ઘરની મજુરી કરતા થયા છે, ને કેટલાક દેશોમાં કેટલાક ધંધાદારો પોતાનાં આગવાં નાંણાથી દ્રવ્ય ઉત્પન્ન કરી નીભાવ કરે છે. તથાપિ હાલ પણ કેટલાક મોટા મોટા ધંધાઓમાં મુડીનો માલિક જુદો, ને મેહેનતનો કરનાર જુદો હોય છે, ને ઉત્પન્ન થએલું દ્રવ્ય એ બે વેંહેચી લે છે.

પ્રકરણ ૪ થું.

સ્પર્ધા વિશે.

અર્થશાસ્ત્રના આ ભાગમાં જે નિયમો સ્થાપવામાં આવશે, તેઓને વ્યવહારમાં લાગુ પાડતી વખત એક મોટી સાવધાની રાખવાની જરૂર છે. ઘણા-ક નિયમ સ્થાપવાને એવી કલ્પના કરેલી હોય છે, કે મનુષ્યમાં અંદર અંદર પુરો સ્વાર્થ અને સ્પર્ધા હોય છે. પરંતુ આ પ્રમાણે કેટલીકવાર હોત નથી; ઘણે ઠેકાણે રૂઢિ અજ્ઞાન, ધર્મ, કાયદા વગેરે કારણોથી પૂર્ણ સ્પર્ધા ચાલતી નથી, તેથી જ્યાં જ્યાં ઘટે, ત્યાં ત્યાં આ વાતો ઉપર નજર રાખી નિયમોમાં પણ થોડો ઘણો ફેર કરવો જરૂર છે; નહી તો લોકને એમ લાગે કે, અર્થશાસ્ત્ર વહેવારમાં પૂરૂં પડતું નથી. ઘણી ખ-રી બાબતોમાં સ્પર્ધાનો વહેવાર ચાલતોજ નથી; પણ રૂઢિથી ચાલે છે ને માણસો જ્યા-રે રૂઢિ પ્રમાણે ચાલે છે, ત્યારે સ્પર્ધાને આધારે રહેલા નિયમો તેની સ્થિતિને લાગુ પાડી શકાતા નથી.

જમીનની વિઘોટી વિષે આ પ્રમાણે ઘણી વાર બને છે. જમીનની ઉપજમાંથી હાકેમ કેટલો ભાગ લેવો તે, કંઇ સ્પર્ધાથી નક્કી થતો નથી. કેટલો લેવો તે ઘણું-કરીને વહીવટથી નક્કી થઇ ગએલો હોય છે; ને પછી રાજાથી પણ એ ફેરવી શકાતો નથી. હવે જંગલી સ્થિતિમાં રૈયતને રૂઢિનો આશ્રય ઘણા કામનો છે, કા-રણકે જુલમી રાજાની આગળ બીજું કંઇ કહેવાથી ઉઘાડ થાય નહી; પણ રૂઢિ કે રિવાજની તકરાર સારી ગણાય છે. ઈંગ્રેજના આવવા પહેલાં આપણા દેશમાં આવા વિઘોટીના વહીવટ ઉપર દેશી રાજાઓથી હાથ નાંખી શકાતો નહોતો; પણ તેઓ બીજે નિમિત્તે વિઘોટી વધારતા હતા. હિંદુનાં જૂનાં પુસ્તકોમાં પણ એક અષ્ટાંશથી તે એક ચતુર્થાંશ સુધી ઉપજમાં રાજાનો ભાગ પહોંચે એવું કહેલું છે. જ્યાં ભાગવટીનો વ-હીવટ ચાલેછે, ત્યાં ખેડુત હમેશ પાકનો અડધો ભાગ જમીનના માલિકને આપેછે;

ને તે વહીવટ હજુ દેશી રાજ્યોમાં ઘણો ચાલે છે.

જમીનની વિઘોટીજ માત્ર રૂઢિ પ્રમાણે ચાલેછે, એમ સમજવાનું નથી. વેચાણ ખરીદીમાં હમેશ સ્પર્ધાથી કામ થતું નથી. જો સ્પર્ધાનું બળ પૂર્ણ રીતે ચાલતું હોય, તો એકજ સ્થાને એક ચીજની એક કાળે બે કીમત હોય નહીં; પણ પરચુરણ ખરીદીમાં એકની એક ચીજ ઘણે ભાવે વેચાય છે. જેવો લેનાર તેવો ભાવ ઘણીવાર થાય છે. પણ જથ્થે બંધ વેપારમાં એમ ચાલતું નથી; એમાં તો એકજ જાતની વસ્તુનો એકજ સ્થળે એકજ ભાવ હોય છે.

વળી કેટલાક ધંધાના કરનારાઓમાં પક્કો સંપ હોય છે, તેથી તેઓ પોતાનો ભાવ ઊંચો રાખી શકે છે; તે ધંધાના કરનાર વખતે આપણા દેશમાં બધા એક નાતના હોય છે, તો સંપ તોડવાની કોઇની હિંમત ચાલતી નથી. હજામનો સંપ સર્વ કોઇને [illegible] છે. કડિઆ સુતારના પણ એવા સંપ ઘણી વાર થએલા છે. મુંબઇના વકીલોમાં તથા બારીસ્ટરોમાં કોઇથી ઓછી ફી લેવાય નહીં; જે લે તેની ઇજ્જતમાં બહુ દૂષણ લાગે આવી રીતે સંપ બાંધવાથી દરેક જણની મજુરીનો દર તો ઘટતો નથી, પણ કામ થોડું મળવાથી બધાની એકંદર કમાઇમાં ન્યૂનતા થાય છે. વળી જો કોઇ ઠેકાણે કોઇ વસ્તુનો પેદા કરનાર કે વેપારી એકજ જણ હોય તો, તે વસ્તુ વિષે સ્પર્ધા રહે નહીં. હાલ અંગ્રેજ સરકારના હાથમાંજ મીઠાનો તથા અફીણનો વેપારછે, એટલે તેનો ભાવ સરકાર ધારે તેટલો લઇ શકે છે.

જુદા જુદા ધંધામાં નફાના દર આપણા દેશમાં ઘણાજ જુદા જુદા છે; કારણ કે વખતે વહેમને લીધે, વખતે નાતની હરકતને લીધે, વખતે આળસને એવી પ્રકૃતિને લીધે, આપણા દેશના ધંધાદાર લોક જેમાં વધારે નફો પામે તેજ કરવો એવી બુદ્ધિ રાખતા નથી. હવે જેમ જેમ સ્પર્ધા થાય તેમ તેમ બધા ધંધામાં મુડી બદલનો નફો સરખો થયા વગર રહે નહીં. સુધરેલા દેશોમાં ઘણું કરીને આ પ્રમાણે હોયછે. વળી ઘણા સુધરેલા દેશો, કે જ્યાં સ્પર્ધાનુ પરિબળ આપણા કરતાં વધારેછે, ત્યાં પણ રૂઢિનું પરિબળ નથી, એમ સમજવું નહીં. માટે નિયમો લાગુ પાડતી વખત આ બધી વાત ધ્યાનમાં રાખવા જોગ છે. કોઇ પણ વાતને નિયમ લાગુ પાડતી વખત એવોજ માત્ર વિચાર કરીને બેશી ન રહેવું કે તે અર્થશાસ્ત્ર પ્રમાણે સારીછે કે ખોટી છે. પણ પાછો એવો પણ વિચાર કરવો કે જે કલ્પનાને આધારે અર્થશાસ્ત્રના નિયમ રહેલા છે, તે આ બાબતમાં કેટલે અંશે ખરી પડે છે; ને નથી પડતી, તો કેટલી નથી પડતી: જેટલી ન પડતી હોય, તેટલા નિયમો લાગુ નહીં પડે, એવું ધારવું જોઇએ.

प्रकरण ५ मुं.

ગુલામગિરિ વિશે.

આપણે ત્રીજા પ્રકરણમાં કહી ગયા કે કોઈ વાર જમીન, મુડી ને મહેનત એ ત્રણેનો માલેક એકજ પુરૂષ હોયછે, ને આવું બે રીતે બને છે : કાંતો મજુર પોતેજ પોતાની જમીન પોતાની મુડી વડે ખેડે; ને કાંતો મુડીને જમીનનો માલેક મજુરનો પણ ધણી હોય: આ બીજી રીતિ ગુલામગિરિની છે, એ સમજુ વાંચનારના મનમાં આવ્યું હશે.

ગુલામગિરિથી શાં શાં મોટાં ધાર્મિક તથા નીતિ સબંધી પાતક છે, તેનું વર્ણન આ ઠેકાણે કરવું યોગ્ય નથી; પણ એ સ્થિતિથી માણસ જાતની દ્રવ્ય સંબંધી સ્થિતિમાં કેટલી ને કેવી રીતની અસર થાય છે, તે વિષે ધ્યાન આપવું ઘટે છે. હવે ગુલામગિરિના વિષય વિષે લખતાં ઘણી વાતનો વિચાર કરવાનો છે. તેમાં આ પ્રકરણમાં મુખ્ય ચાર બાબતનો વિચાર આવશે: ૧ ગુલામગિરિ હશે તો ગુલામ ઉપર તેના ધણીની રહેમ નજર ક્યારે રહેશે; ૨ ગુલામગિરિથી ગુલામના માલેકને ફાયદો ક્યારે ખરો ને ક્યારે નહીં; ૩ તેથી દેશના સામુદાયિક દ્રવ્યમાં વધારો થાય છે કે ઘટારો; ૪ ગુલામને છોડી મુકવાથી તેના માલેકને ખોટ ક્યારે જાય?

પહેલા પ્રશ્નનો ઉત્તર દેતી વખત આપણે આ પુસ્તકમાં એકજ વાત ઉપર નજર રાખવી જોઈએ; કારણ એ તો બધાને ખબર છે, કે જો ગુલામનો ધણી દયાળુ હશે, તો તે રહેમીયત રાખ્યા વગર રેહેનાર નથી. આ ઠેકાણે તો એટલુંજ વિચારવાનું છે, કે તે માત્ર સ્વાર્થ બુદ્ધિ પ્રમાણે ચાલતો હશે, તોએ એને કોઈ કોઈ વાર નરમાશ રાખવી પડશે કે નહીં; ને રાખવી પડશે તો ક્યારે? જો જુવાન બળવાન ગુલામો થોડે ખરચે મળી શકતા હોય, તો પછી ગુલામને ભારીપેઠે ખવડાવી પીવડાવી તેમનો વસ્તાર વધારવો, એમાં કંઈ ફાયદો પડે નહીં; કારણ એમ કરતાં વખત ને ખરચ ઘણું લાગે. પણ જો જુવાન બળવાન ગુલામ થોડે ખરચે જોઈએ તેટલા મળે તેમ ન હોય, તો પછી ગુલામવાળો સ્વાર્થનો માર્યો પોતાના હાથ નીચેના ગુલામની સંભાળ સારી રાખ્યા વિના રેહેશે નહીં. એમ કર્યા વગર એનો છુટકો નથી. એમ ન કરે તો થોડાં વરસમાં એના હાથ નીચેના ગુલામ કમી થઈ જાય, અને મજુર વગર તેને બહુ વેળા પડે. જ્યારે પશ્ચિમ આફ્રિકાના કિનારા ઉપર ગુલામ પકડવા

50716

વેચવાનો ધંધો ધમધોકાર ચાલતો, તથા જ્યારે અમેરિકાના ઘણા આ ભાગમાંથી ઇન્ડીઅન લોકને પકડવાની રીત પ્રબળ હતી, ત્યારે ગુલામની અવસ્થા બહુ માઠી હતી, કારણ થોડે પૈસે સારો નવો ગુલામ મળે, ત્યારે જૂનાને ઠીક ખવડાવવા પીવડાવવાની કોણ ફિકર રાખે? પરંતુ યુરોપમાં પ્રાચીન રોમનને ગ્રીક લોકને ગુલામ સહેજ મળતા નહોતા; લડાઈમાં જે કેદી દાખલ પકડાય તેને તેઓ ગુલામ કરતા. આ રીતે ગુલામ ઘણા પકડી શકાય નહીં, માટે પ્રાચીન કાળમાં ગુલામની અવસ્થા સારી હતી, એમ કહીએ તો ચાલે.

આ પહેલા પ્રશ્નનો ઉત્તર થયો. બીજાનો ઉત્તર ટૂંકો છે. જો દેશમાં ખેડાણ થવા જોગ જમીન પુષ્કળ હોય, ને વસ્તી થોડી હોય, તો મજુરી આપીને કામ કરાવ્યા કરતાં ગુલામ પાસે કામ કરાવ્યું વધારે સુગમ પડે; કારણ જો ચોકશી બરોબર રાખવામાં આવે, તો ગુલામના પોષણ માટે જેટલું જોઈએ, તે કરતાં તેની મહેનત વડે પાક ઘણો વધારે થાય. દેશની એવી સ્થિતિમાં જો મજુરી આપીને પાક કરાવ્યો હોય, તો કાંઈ પાલવે નહીં; કેમ કે મજુરીનો દર તે વખતે ઘણો ઊંચો હોય;માટે જ્યારે દેશમાં મજુરની છત થોડી હોય, ને છુટક મજુરી મોંઘી હોય, ત્યારે ગુલામના માલિકને ગુલામ રાખ્યામાં ફાયદો પડે. જ્યાં વસ્તિ ઘણી ને છુટક મજુરી સોંઘી હોય, ત્યાં વખતે ગુલામ રાખવામાં તોટો પડે; કારણ ગુલામનું ખરચ થોડું બેસે તોપણ, એની મહેનતનું ફળ પણ થોડું થાય.

૩ ત્રીજો પ્રશ્ન આગલા બે કરતાં ઘણો ઉપયોગી છે. ગુલામગિરિથી વખતે તેના ધણીને નફો હોય, ને વખતે ખોટ હોય; તેથી વખતે ગુલામની સ્થિતિ સારીને વખતે નરસી હોય; પણ અનુભવ સિદ્ધ તો વાત એવી છે, કે તેથી દેશની એકંદર ઉપજ હમેશાં ઘણી ઓછી થાય છે. આનાં કારણ ઘણાંછે: માણસ હોંશથી અને સ્વાર્થને કાજે જેટલી મહેનત કરે, તેટલી ગુલામ દાખલ કોઈ દિવસ કરે નહીં. ગુલામને તો એમ ખાતરી હોય છે, કે હું કામ કરીશ કે નહીં કરું, પણ મને રોટલો આપ્યા સિવાય મારા ધણીનો છુટકો નથી; પછી વળી એટલી ફિકર રાખે, કે ધણીના દેખતાં બેશી ન રહેવું, કેમકે એમ કરે તો કોરડા પડે. બીજું કારણ એમ છે કે નિરંતર દાસ થઈ રહેવાથી અકલ જડ થઈ જાયછે. અકલને પણ શરીરની પેઠે અભ્યાસ જોઈએ છે; ને સ્વાર્થ કે પરમાર્થ જેમાં વળગ્યો હોય, તેમાં અકલ વાપરવાની માણસને ફરજ પડે છે. જેટલા દેશોમાં ગુલામગિરિનો દુષ્ટ ચાલ ચાલે છે, તેમાં ચતુરાઈ જોઈએ, એવા ધંધાના કરનારા બધા પરદેશથી વસાવવા પડે છે. જેટલી જેટલી

ઉત્પત્તિ ક્રિયાઓ ગુલામને હાથે થાય છે, તે બધી ઘણી જંગલી ને જાડી રીતે થાય છે. વળી આવા કમઅકલ ગુલામો ઉપર ચોકસી રાખનાર પણ ઘણા અકલમંદ કે મહેનતુ હોતા નથી; જે માણસના તાબામાં ઘણા ગુલામો હોયછે, તે માણસનો મિજાજ કંઈ શેઠીઆ જેવો થઈ ગયો હોય છે, તેથી તેને જાતે ફિકર રાખવી અથવા મહેનત કરવી ગમતી નથી; તેનામાં દ્રવ્યોત્પત્તિનાં કામ કરવાની ઘણી બુદ્ધિ હોતી નથી; ને તેથી તે બીજાની ઉપર નીભવાની રાખી તેમની મહેનતને ઘણો નફો થાય એ રીતે વાપરવાને શક્તિમાન હોતો નથી.

રશીઆ દેશમાં ગુલામનો એક પ્રકારછે, જેને સર્ફ કરીને કહેછે; તેઓને જમીનદાર પોતાના વાંટામાંથી પેઢીયું કાઢી આપે; ને તે બદલ તેઓ પોતાના ધણીની જમીન હફતામાં અમુક દિવસ ખેડી આપે. આવી રીતના દાસ્યમાં ઘણું દુઃખ નથી, ને છુટી મજુરીને આમાં બહુ ફેર પણ નથી. એમ છતાં પણ સૂક્ષ્મ દૃષ્ટિએ તપાસ કરનારા રૂપોનો એવો મત છે, કે છુટી મજુરીની ઉપજ કરતાં આવી મજુરીની ઉપજ ઘણી ઓછી થાય છે. સાતાઓની નજરમાં એવું આવ્યું છે, કે ઈંગ્લાંડમાં બધું મોઘું છે, તેમ છતાં એક મજુરની મજુરી રશીઆના સર્ફની મજુરી કરતાં કામના પ્રમાણમાં ઓછી પડે છે. આસ્ત્રિયામાં એમ ગણાયછે, કે ત્રણ સર્ફની મહેનત, ને એક છુટા મજુરની મહેનત બરોબર. આ સર્વ કારણોથી યુરોપમાં જે લોક વિચાર કરીને પગલુ ભરનાર છે, તે તો એમ સમજેછે કે દેશની એકંદર ઉપજ તો સ્વતંત્ર મજુરથીજ સારી બને, ગુલામથી બને નહી.

અંગ્રેજનો અમલ બેઠા પછી આપણા દેશમાં ગુલામગિરિ બંધ થઈછે;પણ હજી એના લીસોટા રહ્યા છે. દક્ષિણ ગુજરાતના કેટલાક પ્રગણામાં ભાઠેલા દેશાઈઓની જમીન દુબળા ખેડેછે; ને તે તેમના દાસવત થઇ રહેછે.બધી હકીકતઉપર વિચાર કરતાં એમ લાગેછે, કે તેઓ આગળ ભાઠેલાના ગુલામ હશે. રશીઆના સર્ફને મળતીજ તેઓની સ્થિતિ ઘણે ઠેકાણેછે. દેશાઇઓ તેમના પોષણ માટે થોડી તાડી આપેછે, તે બદલ તેઓ ધણીનાં ખેતર ખેડે છે ને વાવે છે. તેમની ખેતીથી એમના માલેકને ફાયદો છે કે નહીં, એ કહેવું મુશકેલ છે; ઘણું કરીને તો નથીજ; કારણ જેઓ ગરીબ ભાઠેલા છે, તે તો પોતાકી જમીન પોતાને હાથે ખેડે છે; ને જે જરા વચલા વગનાછે, તે પણ હાલ અનુભવથી શિખતા જાયછે, કે પેઢીઓ આપી ખેડાવ્યા કરતાં જાતે ખેડવામાં વધારે ફાયદો છે. પરંતુ સર્વ ઠેકાણે ફાયદો જોઈ વર્તવાની રીત પ્રસરી નથી; ને હાલ પણ ઘણા દેશાઈઓ જાત મહેનત કરવા કરતાં બેઠ ખમવી સારી,

એમ સમજી પેટિયું આપી દુબળાઓ પાસે કામ કરાવેછે.

હવે ચોથા પ્રશ્નનો ઉત્તર રહ્યો. ગુલામના માલિકને ગુલામ છોડવાથી ફાયદો ક્યારે પડે? આનો જુવાબ બીજા પ્રશ્નના ઉત્તરને કેટલોક મળતો છે: જો દેશમાં વસ્તિ ઘણી હોય, જમીન થોડી હોય, ને તેથી સ્વતંત્ર મજુરનો ભાવ કામના પ્રમાણમાં ગુલામના કરતાં સસ્તો હોય તો, પછી ગુલામનો ઘણી સુરખ હોય તો ગુલામ રાખી કામ કરાવે. પણ જો એથી વિરૂદ્ધ હકીકત હોય, એટલે વસ્તિ ઓછી હોય, ને જમીન પુષ્કળ હોય, તો મજુરના કરતાં ગુલામ સસ્તો પડે; તેની મજુરીનું ઉત્પન્ન થોડું હોય, તો પણ ખરચના પ્રમાણમાં ગુલામ રાખવામાં સ્વતંત્ર મજુરના કરતાં સારૂં પાલવે; ને આવું હોય ત્યારે ગુલામવાળાને ગુલામ છોડયા પાલવે નહીં. આપણે અહીં પણ ગુલામ રાખ્યા પાલવે નહીં, એમ લાગે છે; વેસ્ટ ઇંડિયા બેટોમાં જમીન રસાળ તથા વસ્તિ થોડીછે, ત્યાં ગુલામ છોડવાથી તેમના માલિકને ખોટ જાય.

ગુલામગિરિથી વખતે એક બે ફાયદા થાય છે. વખતે જે લોક ગુલામ દાખલ કામ કરેછે, તે એવા હોય છે તે છુટા હોય તો હાથ હલાવે નહીં, માટે ગુલામગિરિથી દ્રવ્યમાં કેટલો વધારો થયો, એમ કહીએ તો ચાલે. બીજું વખતે મોટી મોટી મસીદો, મીનારા, તથા પીરમીડો, વગેરે છુટી મહેનતે કરાવવાં બને નહી, ને ગુલામગિરિથી બની શકે છે. અમેરિકાના ટાપુઓમાં ખાંડ ગોળનાં કારખાનાં છે, તે ગુલામ ન હોત તો, છતમાં હોતજ નહીં. પરંતુ આ બધાં નાનાં ને નજીવાં કારણો છે; ને એથી જે ત્રીજા પ્રશ્નના ઉત્તરમાં હકીકત કહી તે રદ થતી નથી.

પરંતુ આપણે એ વાત યાદ રાખવી કે અર્થશાસ્ત્ર પ્રજા સમસ્તનું ભલું તાકે છે. કંઈ ગુલામ એકલાના હિત ઉપર નજર રાખતુ નથી. માટે આપણે વિશેષ કરીને એમ વિચારવું ઘટેછે, કે દેશનું એકંદર ઉત્પન્ન ગુલામગિરિથી કે સ્વતંત્ર મજુરીથી વધારે થાય છે. તેનો આપણને એવોજ ઉત્તર વાસ્તવિક લાગ્યો છે, કે છુટી મહેનતથી; તે માટે દેશનું સાર્વજનિક કલ્યાણ ઇચ્છનારાએ ગુલામગિરિનો તિરસ્કાર કરવો જોઇએ. ગુલામગિરિ નીતિશાસ્ત્રમાં દૂષિત છે; ને અર્થશાસ્ત્રનો એ વિશે એનો એજ સિદ્ધાંત નિકળ્યો. સૃષ્ટિની રચના એવી છે, કે જે દુષ્ટ કામછે, તે સર્વ પ્રકારે દુષ્ટજછે.

प्रकरण ६ ठुं.

પોતાની માલકીની જમીનવાળા ખેડુત.

આપણે કહી ગયા કે કોઈ કોઈવાર મુડી, જમીન ને મહેનત, એ ત્રણેનો ધણી એકજ જણ હોય છે, ને ત્યારે ઉત્પન્ન થએલા દ્રવ્યના વિભાગ કરવાની જરૂર રહેતી નથી. આવી રીતે ત્રણેનો એકજ માલિક બે પ્રકારે થઈ શકે છે: એક તો ગુલામગિરિની રૂઢિએ કરીને, ને બીજું પોતીકી જમીન ખેડુત પોતેજ પોતાની મુડીથી ખેડે ત્યારે. પહેલી રૂઢિથી દેશની એકંદર ઉપજ ઘણી થોડી થાય છે, એટલા માટે જેમ નીતિથી ગુલામગિરિનો તિરસ્કાર કરવો ઘટે છે, તેમ અર્થશાસ્ત્રના ધોરણથી પણ ઘટે છે: હવે બીજી રીતે, એટલે ખેડુતજ પોતે પોતાની મુડીથી પોતાની આગવી જમીન ખેડતો હોય, તો દેશની ઉપજમાં તથા ખેડુતની સ્થિતિમાં સુધારો થાય કે નહીં, એની આપણે તપાસ કરવી ઘટે છે.

યુરોપમાં ખેતી બે પ્રકારે થાય છે, એક તો કોઈ જાગીરદારની જમીન ઇજારેદાર મુડી ખરચી ખેડાણ કરાવે તે; ને બીજી, ખેડુત પોતે પોતાની જમીન પોતાની મુડીની સહાયથી ખેડે તે. પહેલી રીત ઇંગ્લંડમાં પ્રબળ છે; બીજી ઘણું કરીને યુરોપના બીજા દેશોમાં ઘણી પ્રસરેલી છે.

હવે આ બે રીત વિશે જે જે લોકોએ ઝીણી નજરથી અવલોકન કીધું છે, તેઓનું અંતે એવુંજ મત થયું છે, કે જો કોઈ પણ દેશમાં ખેડુતની સ્થિતિ સુખકારક કરવી હોય, ને દેશનું સામુદાયિક ઉત્પન્ન વધારવું હોય, તો ખેડુતને જમીનનો માલિક બનાવવો જોઇએ. પૂર્ણ માલિક હોય, એમ જરૂર નથી; પણ તેને એમ ખાતરી થાય એવું જોઇએ, કે મહેનત કરી જો હું ઉપજમાં વધારો કરીશ, અથવા જમીનની ઉત્પાદક શક્તિ વધારીશ, તો તેનું ફળ હું અથવા મારાં છોકરાં પામશે. જે જે દેશોમાં જમીન ઉપર ખેડુતની માલકી છે, તે દેશમાં ખેડુતની સ્થિતિ ઘણી ઉજળી છે, ને એકંદર ઉપજ ઘણું વધારે હોયછે. અમેરિકામાં ઘણે ઠેકાણે એ રીત પ્રબળ છે; ને ત્યાંના અનુભવ ઉપરથી આ સિદ્ધાંત સિદ્ધ થાયછે. પણ કોઈ કહેશે કે અમેરિકાનો દાખલો ઘણો વિલક્ષણ છે; કારણ ત્યાંની જમીન ઘણી સારી છે, તેમાં વસ્તિ થોડી છે, ને લોકોનું કલાકૌશલ્ય ઘણું ઉંચુ છે, અને તેથી એનો દૃષ્ટાંત આપવો વાસ્તવિક નથી. ત્યારે આપણે સ્વિટ્ઝરલાન્ડનો દાખલો લ્યો. આ દેશ ઘણો રસાળ નથી, હવા જરા કઠોર છે, વખતે હીમ લાંબા

કાળ સુધી પહોંચે છે; ને રતનું ઠેકાણું રહેતું નથી. પરંતુ ખેડુત જમીનનો માલિક હોય છે; તેથી ખેડુતનો વૈભવ જોવો હોય, તો એ દેશમાં જવું. જે છેક ગરીબ ખેડુત હોયછે, તેનું પણ ઘર ચુનાગચ્છીને સારા કાટનું બાંધેલું, ઘરમાં મોટા ઓરડા, ને તે ગોદડાં, ચાદરો, કાંબળા, વગેરે બધી સુખની ચીજોથી ભરપૂર; દાણા દુણાથી કોઠાર ભરેલા; ગોશાળામાં હૃષ્ટ પુષ્ટ ગાયો; વાડીમાં ફુલ ઝાડ, માણસના ને બઇરાંના શરીર ઉપર ચોખ્ખાં ને ગરમ કપડાં; ને બધાના મુખ ઉપર આરોગ્યતા ને બળ ખીલી રહેલાં હોયછે. ખેડુતની માલકી માત્ર સ્વિટઝરલંડમાં નથી; નોર્વે, જર્મની, બેલજી-અમ વગેરે સર્વત્ર છે; ને સર્વ ઠેકાણે તેમની સ્થિતિ ઘણી સુખ ને ચેનવાળી હોય છે, તથા દેશની ઉપજ પુસ્કળ હોય છે. એવી સ્થિતિનું મુખ્ય કારણ તો એ કે જમીનને તેઓ પોતાની જાણી રાત દાહાડો તે ઉપર સહકુટુંબ મેહેનત કર્યા કરેછે. તેઓ પોતાની જમીનમાં જરા પણ નિંદામણ રેહેવા દેતા નથી; ખેતરમાં સર્વ તરેહના પાકને ઘણીજ ફિકરથી કેળવે છે, ને પાણી પાય છે. તેઓ જાણે છે કે આપણે મ-હેનત કરીશું તેનું ફળ આપણે નહીં ખાઇએ તો આપણાં છોકરાં ખાશે; માટે રાત દાહાડો જતન કરી પોતાની જમીનની રસાળતા વધારવાની પેરવીમાં રહે છે. પોતાની ઉપજ વધારવાને માટે જે રીત ફાવતી આવે તેને ઝડપી લે છે. બેલજીઅમ દેશની જમીન ખરાબ્બાનીછે, પણ ખેડુતની ધણીઆપી છે, તેથી તેઓએ મહેનતે કરીને તેને સારી બાગાએત જમીન જેવી બનાવી દીધી છે: તેઓમાં સ્વાર્થના બળથી ખેતી સં-બંધી કળા કૌશલ્યની વૃદ્ધિ પણ ઘણી થએલી છે.

આવી રીતે યુરોપનાં સર્વ દેશમાં જ્યાં જ્યાં ખેડુતની માલકી છે, ત્યાં ત્યાં ખેડુતની સ્થિતિ તથા દેશની આબાદાની સારી છે, તો પણ કેટલેક ઠેકાણે એમ ન-થી. ફ્રાન્સના કેટલાક ભાગમાં ખેડુતની માલકી છતાં ખેતી કંઈ સારા પ્રકારની થતી નથી. તેઓની મહેનતમાં કંઈ મણા નથી, મહેનત તો ઘણીજ નિરંતર જોવામાં આ-વે છે; એ તો સ્વામિત્વનું લક્ષણ છે; ખેડુત જમીનનો માલિક એટલે મહેનત કરવામાં તો બાકી નજ મૂકે. પણ ખેતી ખરાબ છે, એનું કારણ એવું આપવામાં આવેલુંછે કે જમીનના કિત્તા છેક નાના નાના પડી ગયાછે. કેટલેક ઠેકાણે કિત્તા એટલા તો ના-ના છે, કે ખેડુત તથા તેના કુટુંબને ઘણી વાર નવરા બેશી રહેવું પડે છે. આ ઉપરથી એવું સિદ્ધ થાય છે કે જો ખેડુતની માલકીની રૂઢિનો પુરો લાભ કોઈ દેશમાં લેવો હોય, તો જમીનના કિત્તા છેક નાના થવા દેવા ન જોઇએ. કોઈ એમ કહેનારાછે, કે એ રીતથી વસ્તિમાં નિરંતર ઘણો વધારો થયાં કરેછે, ને તે વધારો થવાથી એ-

ના વિભાગ થયા વગર રહે નહીં; ને વિભાગ થાય ત્યારે પછી એ રીતથી દેશને કે ખેડુતને ઘણો લાભ રહ્યો નહીં.

પણ આવી રીતે વસ્તિમાં નિરંતર વૃદ્ધિ થાય છે કે નહીં, એ વાતનો નિર્ણય કરવો ઘટે છે. એ નિર્ણય કરવા બેઠા પહેલાં ખેડુતના સ્વામિત્વથી શા શા ફાયદા થાય છે, તે બધા એક સ્થળે આપણે ગણી જોઈએ. સ્વિટ્ઝર્લાન્ડ તથા નોર્વે તથા બેલજીઅમ વગેરે દેશોમાં જે જે મુસાફરો ગયા છે, તે બધાએ ખેડુતનો ઉદ્યોગ જોઈ ચક થઈ ગયા છે. જે મુસાફરે એઓમાંનો એકજ દેશ જોયો છે, તેણે તો એમજ લખ્યું છે, કે તે દેશમાં ખેડુતની મહેનતથી અવધી આવી. સ્વિટ્ઝર્લાન્ડને જોનારે સ્વિટ્ઝર્લાન્ડ વખાણ્યું, નોર્વેના જોનારે નોર્વેને વખાણ્યું, બેલજીઅમના જોનારે બેલજીઅમ વખાણ્યું. વળી એમાં બેશુતમ મહેનત કરવાનું ખેડુતને કેમ મન થાયછે, તેનું પણ સર્વ જણ એકજ કારણ આપે છે; સર્વ એમ કહેછે કે ખેડુત જમીનનો ધણી હોય છે, તેથી પોતાનું તન મન ને ધન બધુ જમીન પછાડી લગાડે છે, ને ખેતીમાં એવી તો ઝીણી ને નિરંતર મહેનત કરેછે, કે થોડી જમીનમાથી પાક ઘણો પેદા કરે છે. એની એ જમીન કોઈ ઇજારો રાખી ખેડાવતો હોય, તો તેનાથી એટલો બધો પાક નીપજે નહીં, કારણ મહેનત બીજા પાસે કરાવવી રહી, એટલે એને તો મહેનતના પૈસા બેસે, ને વધારે મહેનત કરાવવાથી કંઈ મહેનત ને ખરચ પ્રમાણે પાક ઉતરે નહીં. આ ઉપરથી એવું પણ સિદ્ધ થયું છે કે માલકીવાળો ખેડુત જેટલો પાક કોઈ પણ અમુક કિત્તામાંથી ઉપજાવે, તેટલો ઇજારદારથી ઉપજાવાય નહીં; તથા કોઈ દેશમાં જો બધા માલીકીની જમીનવાળા ખેડુત હોય, તો દેશનું જેટલું સામુદાયિક ઉત્પન્ન થાય, તેટલું ઇજારદારની ખેતીથી થાય નહીં. સારાંશ જમીન ઉપર ખેડુતની માલીકીથી દેશની એકંદર પેદાશમાં વધારો થાય છે.

માલકીવાળા ખેડુત માત્ર મહેનતજ ઘણી કરી જાણે છે, એમ નથી; તેઓમાં ચંચળાઈ પણ ઘણી હોય છે. વિલાયતમાં હાલ ઇજારદારથી ઘણી ખરી ખેતી થાયછે; પણ હાલ તેઓમાં વિદ્યાની વૃદ્ધિ વડે કરીને જેટલું કળા કૌશલ્યનું જ્ઞાન છે, તેટલુંજ જ્ઞાન, બેલજીઅમ જ્યાં કે માલીક ખેતી કરે છે ત્યાં કેટલાક કાળથી ચાલતું આવ્યું છે. સ્વાર્થ બુદ્ધિ માણસ જાતમાં અક્કલને ઉઘાડનાર છે, ને માણસ પોતાના ફાયદા વાસ્તે નવા નવા શોધ કરે એમાં કાંઈ નવાઈ નથી.

વળી માલકીવાળા ખેડુતની સ્થિતિ એવી છે, કે તેની અક્કલ ખુલ્યા વગર રહે નહીં. કેળવણીને વાસ્તે પુસ્તક તથા નિશાળો અવશ્ય જોઈએ. પણ આ બેથી

કેળવણી પૂર્ણ થતી નથી. જે જે સ્થિતિમાં માણસને પોતાના કલ્યાણ માટે પોતાના પંડ ઉપરજ આશ્રય રાખવો પડે, જે સ્થિતિમાં પોતાની અક્કલ, તથા યુક્તિ વાપર્યા વગર ચાલેજ નહીં; તે સ્થિતિથી જેવી કેળવણી મળેછે, તેવી પુસ્તકોથી મળતી નથી. તેમજ જે સ્થિતિથી માણસ હમેશ બાળકની માફક પારકી આશ રાખતાં, ને પારકાને ભરસે બેશી રહેતાં શીખે, જે સ્થિતિમાં માણસને હમેશ કોઇ દોરનારનો ખપ પડે, તે સ્થિતિથી માણસની બુદ્ધિ જડ થઇ જાય છે; ને આ જીવતરમાં આત્માશ્રય અથવા પોતાના પંડ ઉપર ભરૂસો રાખવો, કે જેના જેવા બીજા થોડાજ ઉપયોગી ગુણ છે, તે પુષ્ટિ પામવાને બદલે નિર્બળ થઈ જાય છે. હવે માલકીવાળા ખેડુતની સ્થિતિજ એવી છે, કે એને પોતાના પંડને તથા પોતાનીજ બુદ્ધિનેજ આધારે રહેવું પડે, ને એ સ્થિતમાં માણસની અક્કલ તથા ચંચળાઈમાં વધારો થયા વગર રહે નહીં.

માલકીવાળા ખેડુતની બુદ્ધિમાં આ પ્રમાણે વધારો થાય છે, એટલુંજ નહીં, પણ તેનામાં કેટલીક સારી નીતિ આવ્યા વગર રહેતી નથી. જે માણસને એમ ખબર છે કે મારી સ્થિતિ સુધારવી કે બગાડવી મારા હાથમાં છે, તે માણસ પોતાના ખરચ ખુટણ ને સર્વ વ્યવહારમાં ઘણી દીર્ઘદૃષ્ટિ વાપરે છે. દીર્ઘદૃષ્ટિથી આચરવું, કસરથી વ્યવહાર નભાવવો, હમેશ ખાવા પીવામાં ને હરેક તરેહના છંદમાં મિતભુક્તિ રાખવી, એ દુનીઆમાં ઘણા ઉપયોગી સદ્ગુણ છે, ને એ ઉપર આ જીવતરનું સુખ ઘણું રહેલું છે. માલકીવાળા ખેડુતમાં આ સદ્ગુણો વિશેષે કરીને પુષ્ટિ પામે છે. જમીનની માલકી ખેડુતને આપવાનું બીજું કારણ ન હોય, તો આજ કારણ બસ છે.

ખેડુતોમાં જમીનની વ્યવસ્થા આ પ્રમાણે કરવાથી ખેડુત ઘણા ઉદ્યોગી ને ચતુર થાય છે, તેઓને પોતાના પંડને ભરૂસે રહેવાની કેળવણી મળે છે, ને તેઓ ઘણા અગત્યના ગુણ સંપાદન કરે છે, એમાં કંઈ સંદેહ નથી. હવે કોઈ પુછે કે એ સ્થિતિથી વસ્તિમાં ઘણો વધારો થઇને તે વધારાને લીધે છેવટ તેઓ દુર્દશામાં આવશે કે નહીં? આ પ્રશ્નનો ઉત્તર ઘણો અગત્યનો છે; કારણ ઉપરના બધા ફાયદા છતાં જો એમ નિકળે કે એ રીતથી વસ્તિ બહુજ વધી ને આખરે તે વસ્તારને લીધે ખેડુત ખરાબ થઈ જશે, તો પછી વધેલી ઉપજથી લાભ શો? પણ એથી વસ્તાર બહુ વધશે, એમ કહેવાને કશો આધાર નથી. પહેલું તો આપણે તર્કશક્તિ વડે વિચાર કરો, કે જે વ્યવસ્થા વડે ખેડુત મિતવ્યયસની, દીર્ઘ દૃષ્ટિવાળો, ને કરકસરીઓ થાય છે, તે સ્થિતિથી શું તેનાથી વસ્તારની વૃદ્ધિ ઉપર કંઇ પણ અસર નહીં થાય? તર્કથી એમજ માલમ પડે છે, કે બીજી બધી સ્થિતિ કરતાં વસ્તાર થોડો થવાનો

જોગ એ સ્થિતિમાં ઘણો છે; ને વધતો થવાનો જોગ થોડો છે. જે ખેડુત પોતાની જમીન ખેડે છે, તે જાણે છે કે મારી જમીન ઉપર આટલાં માણસનું પોષણ સુખે થઈ શકે એવું છે, ને ગામમાં આટલી જમીન પડતર છે; માટે જો આટલાથી મારો વસ્તાર વધશે, તો મારું ગુજરાન થવું મુસ્કેલ છે. માટે જો કંઈ કારણે ધર્મ સંબંધી વહેમથી વસ્તાર વધારવાનો કંઈ હેતુ નહીં હોય, ત્યાં તો આ વ્યવસ્થાથી વસ્તારની વૃદ્ધિ સંકોચમાં રહેવી જોઇએ.

તર્કથી એમ લાગે છે કે જમીન ઉપર ખેડુતની માલકી હોવાથી તેના વસ્તારની વૃદ્ધિ સંકોચમાં રહેશે; અનુભવથી પણ તેમજ સિદ્ધ થાય છે. ફ્રાન્સના ઘણા ભાગમાં માલકીવાળા ખેડુત છે, ને ત્યાંનાં વસ્તિપત્રકો ઉપરથી એમ માલમ પડે છે, કે ફ્રાન્સ દેશમાં વસ્તિનો વધારો છેક ધીમો ધીમો થાય છે. નોર્વેમાં પણ હકીકત એમજ પ્રમાણે છે. એ બંને દેશોમાં પોતાની આગવી જમીન મેળવવી, એમાં સર્વ મજુરીઆત લોક મોટાઈ માને છે; જમીન લેવા માટે તેઓ મહેનત કરી કરીને પૈસા એકઠા કરી મૂકે છે; ને જમીન લેવા જેટલા પઇસા થાય, ત્યાં લગી લગન કરવાનો વિચારજ રાખતા નથી. મરદ વખતે પચીશની ઉમર સુધી કુંવારા રહે છે, ને બૈરાં પણ વખતે તેટલીજ ઉમર સુધી રહે છે. આવી રીતથી વસ્તિ ઘણી વધતી નથી. સાંભળ્યા પ્રમાણે જારકર્મ પણ એ દેશોમાં થોડું ચાલે છે.

પણ કદાચને એમ માની લેઇએ, કે માલકીવાળા ખેડુતથી વસ્તિમાં વધારો થાય છે, તોએ એ રીત હાલની છુટક મજુરીની રીત કરતાં બેશક સારી છે. હાલમાં મજુરીઆત લોકને કંઈ સ્પષ્ટ જ્ઞાન નથી હોતું, કે આપણી વસ્તિ વધશે, તો આપણને મુસારો થોડો મળશે; અથવા એ જ્ઞાન હશે તો તેથી તેમની વર્તણુકમાં કંઈ ફેર પડતો નથી. પણ ખેડુતને તો માલમજ છે, કે મારા ખેતરમાં આટલાં માણસ પળશે, ને એથી વધ્યાં તો બધાને કષ્ટ પડશે. વળી ખેડુતની વસ્તિ વધવાથી જમીનના બહુ નાના વિભાગ થશે, એવું માની લેવામાં ચુક છે. ખેડુતને ખબર હોય છે, કે એક માણસ આટલી જમીન સારી રીતે ખેડી શકે: માટે જો એથી વધારે ભાગીયા થાય છે, તો તેઓ ઘણું કરી મજીઆરો ભાગ વેચા નાંખી કિંમત વેંચી લે છે; અથવા એક ભાગીયો બીજાઓનું મન મનાવે છે, કે એઓ પછી બીજે ધંધે વળગે છે.

હિંદુસ્તાનમાં અંગ્રેજનું રાજ્ય આવ્યા પછી જમીનના વહિવટ વિષે કેટલોક વિચાર થયો છે. બંગાળ ઇલાકાના કેટલાક ભાગમાં સરકારે રૈયતની જોડે કાયમ ઠ-

રાવ કર્યો છે. કાયમ ઠરાવથી જમીનમાં ખેડુતનો પૂર્ણ માલકી જેટલોજ સ્વાર્થ વળગ્યો રહે છે, અને ઉપર જે પૂર્ણ માલકીના લાભ બતલાવ્યા તેજ પ્રમાણે લાભ થશે, એમ ધારી કાયમ ઠરાવ કરવામાં આવ્યો છે. આ પ્રમાણે લાભ મળ્યો છે કે નહીં, ને નથી મળ્યો તો શા કારણથી નથી મળ્યો, એનું વિવેચન પૂર્વણી પ્રકરણમાં આવશે. વીઘોટીના કાયમ ઠરાવના ફાયદા વિષે જુદા જુદા પુરૂષોના જુદા મત હોવાથી, દક્ષિણ અને પશ્ચિમ હિંદુસ્થાનમાં ત્રીસસાળી ઠરાવ કરવામાં આવ્યો છે. એવા ઠરાવથી પણ વરશો વરશના ઠરાવ કરતાં અથવા ભાગવટીના વહિવટ કરતાં ફાયદો છે. પરંતુ એમાં શી શી જાતની ખામીઓ છે, તથા જ્યાં એ વહિવટ ચાલ્યોછે, ત્યાંની આબાદી ઉપર એથી શી અસર થઈ છે, તેનો વિચાર પણ પૂર્વણી પ્રકરણમાં આવશે.

प्रकरण ७ मुं.

ભાગવટીની રીત વિશે.

જ્યારે બધી ઉત્પત્તિ એકજે સખસને મળે, ત્યારે ઉત્પાદકની હાલત કેવી હોય, તથા દેશની અર્થીય સ્થિતિ કેવી હોય, તે વિશે વિચાર થઈ ચુક્યો. હવે જ્યારે તે એકજ સખસને ન મળે, પણ તેના ભાગ પાડનાર બે હોય, ત્યારે કેવી વ્યવસ્થા થાય, તે પણ આપણે જોવું જોઈએ. ઉત્પત્તિના બે ભાગ ત્રણ રીતે થઈ શકે છેઃ કાંતો જમીનનો માલેક એક જણ હોય, ને મુડીવાળો તથા મહેનતનો કરનાર બીજો હોય; અથવા મહેનતનો કરનાર એક જણ હોય, ને મુડી તથા જમીનનો માલેક બીજો હોય; અથવા મુડી એક જણની હોય ને જમીન તથા મહેનત બીજાની હોય. આ ત્રણ રીત કહી, તેમાં છેલ્લી રીત ઉપર લાંબો વિચાર કરવાની જરૂર નથી; કારણ એમાં કંઈ જાણવા જોગ વિશેષ લક્ષણ નથી. પહેલે તથા બીજો વસ્તુતઃ એકજ પ્રકાર છે; કારણ બેમાં જમીનનો માલેક તથા ખેડુત જુદા જુદા છે; માત્ર મુડી કાઢવામાં ફેર છે; પણ તે ફેર અગત્યનો નથી. પહેલી રીત યુરોપના ઘણા ભાગમાં તથા હીંદુસ્થાનના દેશી રાજ્યોમાં પ્રબળ છે. તે રીત પ્રમાણે ઉપજમાં ભાગ પાડનાર બે જણ હોય છે. જમીનદાર ને ખેડુત. તે પ્રમાણે હોય ત્યારે હળ વગેરે મુડી કોણે કાઢવી, તે વખતે નક્કી નથી હોતું, પણ તે ઘણી અગત્યની વાત નથી. અગત્યની વાત એ છે કે બેના ભાગ પડે છે, તે સ્પર્ધાના નિયમથી પડે છે કે રિવાજ પ્રમાણે

પડેછે. યુરોપના ઘણા ભાગમાં રિવાજ પ્રમાણે ભાગ પડે છે. તે વહિવટને મિતાયર કહીને કહે છે. તેમાં એમ હોય છે કે ખેડુત જમીનદારની જોડે કરાર કરી જમીન સાથે છે. તેમાં જમીન બદલ સાંથ કે વિઘોટી ભરવાની બોલી હોતી નથી; પણ જે પાક થાય, તેમાંથી અર્ધો અડધ અથવા બે ભાગ ત્રીજ આપવાની બોલી હોય છે. હળ, બળદ વગેરે કોણે કાઢવા, તે વિષે રૂઢિમાં ઠેકાણે ઠેકાણે ફેર હોય છે. કોઈ ઠેકાણે જમીનદાર બધું પોતે કાઢે છે; કોઈ ઠેકાણે અડધું કાઢેછે, ને કોઈ ઠેકાણે થોડું જમીનદાર કાઢે છે, ને થોડું ખેડુત કાઢે છે.

જ્યારે ઉપજની વહેંચણ રિવાજ પ્રમાણે થાય, ત્યારે અર્થશાસ્ત્રને દ્રવ્ય વિભાગનો નિયમ સ્થાપવાનો રહ્યો નહીં. ત્યારે માત્ર બે વાતનો વિચાર રહ્યો. એક તો એ રીત પ્રમાણે મહેનતની ઉત્પાદક શક્તિ કેવી છે; ને બીજું એથી ખેડુતનો વૈભવ ને નીતિ કેવાં હોયછે તે. આ બંને બાબતમાં મિતાયરનાં લક્ષણ માલિકીવાળા ખેડુતના જેવાંજ છે; પરંતુ તેવાંજ બળિષ્ઠ નથી. પેદાશમાં તેનો માત્ર અડધોજ ભાગ હોય છે, માટે માલિકીવાળા ખેડુત જેટલી મહેનત કરવામાં તેનો સ્વાર્થ નથી; પરંતુ અડધો એ ભાગ છે ખરો, તેથી કરીને રોજે મજુરી કરનારા કરતાં તેનો હેતુ વધારે રહ્યો છે. તેથી આ રીત પ્રમાણે પણ એકંદર પાક ઘણો થશે. પણ એમ છતાં ખેડુતની સ્થિતિ સારી રહેશે કે નહીં, એ કહેવું સહેલ નથી; કારણ એનો તો વસ્તિ ઉપર આધાર છે. જો પાકની વૃદ્ધિ કરતાં વસ્તિની વૃદ્ધિ વધારે થતી જાય, તો ખેડુતની સ્થિતિ સુધરવાને બદલે ઉલટી બગડે. પણ મિતાયરી વહિવટમાં વસ્તિ ઘણી વધી જવાનો જોગ છે ખરો? આ વહિવટ માલકીના વહીવટના સરખો છે. ખેડુતને આગળથી ખબર છે, કે મારા ખેતરથી આટલાં માણસ પળશે; ને જો એથી વસ્તાર વધશે તો સર્વેને ભુખ્યા મરવુ પડશે. માટે વસ્તી વધવાનો સંભવ નથી, અથવા છે, તો છુટા મજુરોના કરતાં ખેડુતોમાં થોડો છે. મિતાયરી વહિવટ પ્રમાણે એક નુકશાન છે. ખેડુત કોઈ દહાડો ઘરની મુડી કાહાડી જમીન સુધારે નહીં; કારણ એ મુડીથી જે લાભ થાય, તેમાંથી પોતે તો અડધોજ હિસ્સો પામે. માટે જમીનને સુધારવી હોય તો તે જમીનદારથીજ થઈ શકે, બીજા કોઈથી બની શકે નહીં. જે જે દેશોમાં એ વહીવટ ચાલે છે, તે તે દેશોમાં ઘણું કરીને ખેડુતની સ્થિતિ સારી હોય છે, એમ ચતુર મુસાફરોની સાક્ષી ઉપરથી માલમ પડેછે. સારાં ચુનાનાં ઘર; ઘર આંગણે ગાય, બળદ, વગેરે ઢોર; તેલ, માખણ, વગેરે ખાવાની જણસોનો સારો ભંડાર; સુવા બેસવાના સારા ઓરડા, વગેરે તેઓનાં સુખ સંપત્ત સારાં હોય છે.

આપણા દેશમાં ભાગવટીનો વહિવટ છે, ત્યાં રાજની અવ્યવસ્થા એટલી બધી છે, ખેડુત ઉપર એટલી સખ્તી હોયછે, ને વીઘોટી સિવાય બીજા એટલા બધા જુદે જુદે નામે કર લેવાય છે, કે ખેડુતની સ્થિતિ તથા ઉત્પન્ન જેવાં જોઇએ, તેવાં નથી. વળી એઓની સ્થિતિ વિશે જોઇએ તેવી ભરૂંસા લાયક હકીકત હાલ મળે તેવું નથી.

આપણે પૂર્વે કહ્યું કે ઉપજના જમીનદારને ખેડુત વચ્ચે બે ભાગ પડે છે, તેના બે પ્રકાર છે. એક તો જ્યારે ભાડા વગેરેની શરતો રિવાજ પ્રમાણે કરવામાં આવેછે તે, ને બીજુ જ્યારે એ શરતો સ્પર્ધા પ્રમાણે થાય છે તે. પહેલી રીતના દાખલામાં જોઇએ તો યુરોપમાં મિતાયરી તથા આપણે અહીં ભાગવટીનો વહિવટ છે; તેથી થતા લાભને હાનિ શાં શાં છે તે આપણા જોવામાં આવ્યું. હવે જ્યારે જમીનદારને ખેડુત વચ્ચે ગણોત સ્પર્ધાથી થાય, એટલે ખેડુતને આટલુંજ ગણોત આપવું, એવો કંઈ રિવાજ ન હોય, ને ખેડુતનો જમીન ઉપર ભોગવટાનો હક પણ ન હોય, પણ જે વધારે ભાડું આપે તે જમીન ખેડે, એવો દસ્તુર હોય ત્યારે ખેડુતની સ્થિતિ કેવી હોય છે, તેનો આપણે વિચાર કરવો રહ્યો. એ રીત વિશે પણ બે વાતનો વિચાર છે. એક તો એથી ખેડુતની સ્થિતિ કેવી હોય છે તે; ને બીજું એથી દેશની આબાદાની ઉપર કેવી અસર થાયછે તે. ત્યારે હવે પહેલી વાતનો નિર્ણય કરો. જમીનની ઉપજમાં ભાગ પાડનાર બે જણ છે. જમીનદાર ને ખેડુત. ઉત્પત્તિમાંથી જેટલું જમીનદારથી લેઈ નહીં શકાય, એટલું બધું ખેડુત પાસે રહેશે. જમીનદાર કેટલું લઇ શકશે, તેનો આધાર બે વાત ઉપર છે. જમીનનો ખપ ને જમીનની છત ઉપર. જેટલી ખેડાણ થવા જોગ જમીન છે, તે જમીનની છત કહેવાય. જેટલી ખેડુત લોકની વસ્તિ તે જમીનનો ખપ. હવે જો ખેડુતની વસ્તી વધારે હોય, ને જમીન કરતાં તેના માગનાર વધારે હોય, તો જમીનદાર મોહે માગ્યું ભાડું લઇ શકે. જે ભાડે કોઇ ખેડનાર ન મળે, થી ઓછું ગમે તેટલું તે લેઇ શકે. લોકની વસ્તિ જમીનને સુમારે ઘણી હોય, ને દિનપરદિન વધતી હોય, તો ખેડુતનો એ ભાડું આપ્યા વગર છુટકો નહી. માટે આ પ્રમાણે વસ્તિ ઘણી હોય, તો ખેડુતની સ્થિતિ કદી સારી રહે નહીં; કારણ કે તે મહેનતથી જે કંઈ ઉત્પન્ન કરે તેમાંથી ઘણો હિસ્સો જમીનદારને ઘેર જાય. પણ જો ખેડુત સમજુ લોક હોય, ને તેઓને વૈભવની ટેવ પડી હોય તેથી, અથવા બીજા કોઈ પણ કારણથી તેઓની વસ્તિ સ્થિરતા ઉપર આવી હોય, અથવા કમી થતી હોય, તો પછી જમીનદારથી કંઈ મોહે માગ્યું ભાડું લઈ શકાય નહીં; ખેડુતનું આપ્યું લેવાય. આવી હકીકત હોય, તો ખેડુત સુખી થાય. છુટો વગર મુદતના ગણોતનો વહિવટ

આયર્લાન્ડમાં આવે છે, ને તે દેશમાં ખેડુતની વસ્તિ ઘણી છે, તેથી આ રીત પ્રમાણે હાલ તો દુનીઆમાં ખેડુતની સ્થિતિ સારી નથી. હવે બીજા પ્રશ્નનો નિર્ણય કરવો રહ્યો. એથી દેશની એકંદર ઉપજમાં ફાયદો છે કે નથી? આનો જવાબ નકારનો દેવો પડશે. આવા છુટા વરશો વરશના ગણોટના વહિવટમાં ખેડુતને ખબર હોય કે જો હું મહેનત કરીશ, ને જમીન સુધારીશ, તો મારી પાસેથી જમીનનો માલેક ભાડા તરીકે વધારાનો ભાગ પડાવી લેશે. માટે તે માત્ર સાધારણ મહેનત કરશે, કે જેથી ભાડુ આપતાં પોતાનું દસ્તુર મુજબ ગુજરાન નીકળે. તે કોઈ દિવસ મુડી ખરચી અથવા મહેનત લઈ જમીન સુધારવાનો નહીં; કારણ કે એ સુધારાનો બધો એ લાભ પોતે દેખવા પામનાર નથી, એમ એની ખાતરજમા છે. જે દેશમાં જમીનના પ્રમાણમાં વસ્તિ ઘણી વધી ગઈ હશે, ત્યાં એકંદર ઉપજ આ વહિવટ પ્રમાણે છેક ઓછી થવાની; કારણ ત્યાં જમીન માટે પડાપડી કરી ખેડુત ભાડું ઘણું ચઢાવી દે, ને છેવટે તે એટલું ચઢે કે ઉપજમાંથી ખેડુતનું ગુજરાન પણ ભાગ્યેજ નીકળે. આવું થયું એટલે જમીનનો કસ વધારવાની ખેડુતમાં શકિત પણ રહે નહીં; ને તેને મન થવા જેવું પણ રહ્યું નહીં. આ સ્થિતિ આયર્લાન્ડ દેશના ઘણા ભાગમાં હતી, ને તેથી લોકમાં રાજકીય તથા સંસારી દુઃખ ઘણું હતું.

જો દૈવયોગે કોઈ દેશ આવી સ્થિતિમાં આવી ચૂકયો હોય, તો તેને આબાદ કરવાનો સારો ઉપાય તો એ છે, કે વધારાની વસ્તિને પરદેશ મોકલવી, ને દેશની જમીન ખેડુતોને પહેલ વેહેલી લાંબી મુદતને પટે કરી આપવી, ને આશા આપવી કે જો તમે મહેનત કરીને તે જમીન વેચાથી લેવા માગશો તો સરકાર તમને ખુશીથી વ્યાજબી કિમ્મત લઈ નકરી આપશે. આવી રીતે કરવામાં કંઈ અન્યાયછે, એમ સમજવાનું નથી. કોઈપણ દેશની જે જમીન છે, તે ઈશ્વરકૃતછે, તેથી તે દેશના બધા રહેવાશીઓની મીલકત છે. તેમ છતાં કોઈપણ કારણથી હાલ કોઈપણ અમુક પુરૂષના ભોગવટામાં તે હોય, તો વ્યાજબી કિમ્મત લઈ સરકારને (એટલે લોકને) પાછી સ્વાધીન કરવાની તે પુરૂષની ફરજ છે.

प्रकरण ८ मुं.

ગુસારા વિશે.

ઉત્પન્ન થએલા દ્રવ્યના વિભાગ કોના કોના વચ્ચે પડશે, એ વાતનો વિચાર ક-

રતાં આપણને એમ માલમ પડયું, કે તેમાં ત્રણ જણ હકદાર છે. એક તો જેની મ- હેનતથી તે ઉત્પન્ન થયું તે; બીજો જેની મુડીથી તે ઉત્પન્ન થયું તે; ને ત્રીજો મ- હેનત કરનાર અથવા ઉત્પાદક. સંસારની કેટલેક ઠેકાણે વ્યવસ્થા એવી હોયછે, કે એક જણ ત્રણે ભાગનો લેનાર હોય છે. આ પ્રમાણે ક્યારે બને છે, ને તેથી દુનીઆને અર્થીય તથા સંસારી ફાયદો કેટલો છે, તેનો પણ વિચાર થઇ ચૂક્યો. વખતે એ ત્ર- ણમાંના બે ભાગનો લેનાર એક હોય છે, ને ત્રીજાનો લેનાર બીજો હોય છે. આ વ્યવસ્થાના કેટલા પ્રકાર હોયછે, તથા તેથી સંસારી કેટલો કેટલો લાભ થાયછે, તે પણ આપણે વર્ણવી ગયા. હવે એ ત્રણે ભાગના માલિક જુદા જુદા હોય, તો શા શા નિ- યમ પ્રમાણે એ ત્રણ ભાગ પાડનારાઓમાં એ વહેંચી આપવામાં આવશે, તેનો નિ- ર્ણય કરવો રહ્યો.

આ ત્રણ જણમાં દ્રવ્યના જે વિભાગ થશે, તે કાં તો સ્પર્ધાથી થશે, અથવા રિવાજ- થી થશે. રિવાજ ઠામ ઠામ જુદા હોયછે, માટે રિવાજ હશે તો કેમ વહેંચણ થશે, એ વિશે એક નિયમ સ્થાપી શકાતો નથી. પણ સ્પર્ધાછે તે માણસની પ્રકૃતિને આધારેછે. માટે સ્પર્ધાને આધારે ચોકસ નિયમ આપી શકાય છે. કોઇએ દેશમાં વ્યવહાર બિલકુલ સ્પર્ધાએ ચાલતો નથી, ને રિવાજનું થોડુ ઘણું બળ બધે જોવામાં આવે છે. માટે સ્પર્ધાને આધારે આપેલો નિયમ કોઇપણ દેશના વ્યવહારને લાગુ પાડતી વખતે તેમાં રિવાજનું કેટલું પરિબળ છે, તે વિચારવું જોઇએ; ને તે નિયમનું બળ રિવા- જના બળ જેટલું ઓછું સમજવું જોઇએ.

હવે જ્યારે ઉપર પ્રમાણે ઉત્પન્ન થએલા દ્રવ્યના વિભાજકો ત્રણ હોયછે, ત્યારે જે માણસ મહેનતને બદલે ઉત્પત્તિમાં હક માગે છે, તેને ઉત્પાદક કહે છે, ને તેને જે હિસ્સો મળે છે, તેને મજુરી અથવા મુસારો કહે છે. મુડી વાપર્યા બદલ તથા જો- ખમ વેઠ્યા બદલ જે મુડીદારને મળે છે, તેને નફો કરીને કહે છે; ને જમીન વાપ- રવા આપ્યા બદલ જમીનદારને જે કાંઇ મળેછે, તેને જમીનનું ભાડુ કરીને કહે છે. હવે આ ત્રણેના ભાગ કેટકેટલા થશે, તે આપણે વિચારીએ.

પહેલો મુસારા વિશે વિચાર કરો. મુસારા મુસારામાં ફેરછે. એક ધંધામાં કંઇ હોય છે, ને બીજામાં કંઇ હોયછે. હવે જેટલો ફેર રિવાજને લીધેછે, તેનો વિચાર આપ- ણે કરવાનો છેજ નહીં; કારણ એ વિશે કંઇ નિયમ આપી શકાતો નથી. વળી સ્પ- ર્ધા છતાં ધંધા ધંધામાં જે ફેર હોય છે, તેનો પણ વિચાર આગળ જતાં કરીશું. હમણાં તો મુસારાનો સાધારણ દર શા પ્રમાણે નક્કી થશે તે વિચારવું જોઇએ. તે

માટે પહેલી એથી કલ્પના કરવી જોઇએ, કે બધા ધંધામાં સાધારણ સિવાય બીજી અકલબંદ મહેનતનો ખપ પડતોજનથી. એવું હશે તો મુસારાનો આધાર શા ઉપર રહેશે?

મુસારાનો આધાર બે વસ્તુપર રહેછે. મજુરીનો ખપ ને મજુરોની છત. મજુરોની છત એટલે શું! જેટલા લોક સાધારણ મજુરીથી પેટ ભરે, તથા જેઓ ખાનગી નોકરી વગેરે સાધારણ અર્થોત્પાદક ધંધામાં વળગ્યા રહે છે, તેને મજુરોની છત સમજવી; ને દેશની જંગમ મુડીનો જેટલો ભાગ મજુરી દાખલ અથવા ચાકરો વગેરેના પગારમાં આપવામાં આવેછે, તે મજુરનો ખપ સમજવો. હવે મુસારાનો દર આ બે ઉપર આધાર રાખેછે, તેમ કહેવાનો અર્થ એટલોજ કે એનો આધાર એ બેના પ્રમાણ ઉપર છે. દેશમાં જેટલું દ્રવ્ય મજુરોને આપવામાં આવેછે, તે બધું તેઓ વચ્ચે વહેંચાઇ જાય છે. માટે જો મજુરોની સંખ્યા એટલીને એટલી રહે, ને એ મુડીમાં વધારો થાય, તો સામાન્ય મુસારાનો દર વધે; એટલે સરાસરી બધાને મજુરી સારી મળશે, પછી એક ને વધતી તો એકને ઓછી મળે; ને જો સંખ્યા એની એ રહે, પણ મુડી ઘટે, તો મુસારો ઘટે. પણ મુડી એની એ છતાં વસ્તિમાં વધારો થાય, તો મુસારો ઘટે; ને ઘટારો થાય તો વધે. મુસારાનો આધાર વસ્તિને મુડીના પ્રમાણ ઉપર છે, ને બીજા કશા ઉપર નથી. મજુરીમાં કાયમ વધ ઘટ થવાનું ખરૂં કારણ આ છે. પરંતુ લોક વખતે ઘણી ભૂલ ખાઇ બીજાં કારણ આપે છે.

વખતે આપણે લોકને એમ બોલતા સાંભળીએ છીએ, કે વેપાર સારો હોય, તો મજુર સારો મુસારો પામે. આ વાત કેટલેક દરજ્જે ખરી છે, પણ એથી આપણે જે નિયમ ઉપર આવ્યા છે, તે ફરતો નથી. જ્યારે કોઇપણ ધંધો તેજદાર હોય છે, ત્યારે તે ધંધાના કરનાર લોકો પોતાની જેટલી પડી રહેલી મુડી હોય છે, તે બધી મુડી ધંધામાં નાખે છે તેટલુંજ નહીં, પણ વખતે બીજા પાસેથી ઉછીતી લઇને પણ વેપાર કરેછે. હવે એ ધંધામાં મુડી વધવાથી વખતે એ ધંધો કરનાર મજુરને રોજી સારી પરવડે છે, ને એ વાત ઉપરથી લોક ભૂલ ખાઇ એમ ધારે છે, કે ધંધો તેજ ચાલવાથી સામાન્ય એટલે બધે ઠેકાણે મુસારાનો દર વધે છે. પણ આ વિચાર દૂષિતછે; કારણ પર ધંધામાંથી જેટલી મુડી ઉછીતી લેવાથી એ ધંધાની મુડીમાં વધારો થાય છે, તેટલીજ મુડી બીજા ધંધામાંથી ઘટી હોય, ને તે ધંધાના મજુરોને તેટલીજ રોજી થોડી મળે. માટે સામાન્ય મુસારો તો એનો એજ રહ્યો, એમ કહીએ તો ચાલે. જો બીજા ધંધામાંથી વધારાની મુડી લીધેલી ન હોય, પણ

પડી રહેલી મુડી કામે લાગવાથી એ વધારો થયો હોય, તો સામાન્ય મુસારામાં વધારો થયો કહેવાય. પણ પડી રહેલી મુડી કામે લાગવાથી મુસારો જે વધ્યો, તે કંઈ સ્થાયી નથી, કારણ વખતે જેમ કેટલીક વધારે મુડી ધંધામાં રોકાઈ જાય છે, તેમ વખતે કેટલીક નકામી પણ ઘણીવાર પડી રહેછે, ને આવાં પ્રાસંગિક કારણોથી મુસારાના સ્થાયી માં વધારો ઘટારો થઈ શકતો નથી. ધંધામાં તેજી થતી વખતજ જો કોઈ કારણથી એકદમ દેશની મુડીમાં વધારો થયો હશે, તો તેથી મુસારામાં જે વધારો થશે, તે તો સ્થાયી થશે; પણ આ વધારો કંઇ તેજીથી થયો નથી, પણ મુડીના વધારાથી થયો છે.

વળી લોક એમ માને છે કે, માલની કિંમત સારી ઉપજે, ત્યારે પણ મુસારો વધે. પરંતુ આ ધારણા પણ કેટલીક રીતે દોષ ભરેલી છે, ને જેટલી ખરી છે તેટલીથી કંઈ આપણા નિયમમાં ફેર થતો નથી. બધી વસ્તુનું મૂલ સાથે લાગુ વધે નહીં; પણ બધીની નાણા રૂપે કિંમત સાથે લાગી વધે ખરી, એવું આગળ જતાં સિદ્ધ કરવામાં આવશે. હવે જ્યારે બધાનું મૂલ સાથે લાગુ ન વધે, ત્યારે થોડીનું વધે ને થોડીનું ઘટે; ને એ વધવાથી જે ધંધાવાળાને સારો નફો પાલવે, તે જો તે નફામાંથી પોતાની મુડીનો વધારો કરશે, તો તે ધંધાના મજુરને સારો મુસારો પાલવશે. પણ જો એક ધંધામાં સારૂં મૂલ પાલવશે, તો બીજામાં તેજ કારણથી થોડું પાલવશે; ને છેવટે જેટલું પહેલા ધંધાના મજુરને વધારે મળશે, તેટલું બીજાનાને ઓછું મળશે, ને છેવટે મૂળ વધ થી મસારાના સામાન્ય દરમાં કંઇ પણ ફેર પડશે નહીં. તેમજ માત્ર બધી વસ્તુની નાણા રૂપે કિંમત આધી થવાથી નાણા રૂપે મુસારો વધારે મળે, તેમાં કંઈ મજુરને ફાયદો નથી; કારણ જેટલાં નાણાં વધારે મળે, તેટલાં આધી કિંમતમાં જતાં રહે.

લોક એમ પણ માને છે, કે અનાજના ભાવ ઉપર મુસારાનો આધાર રહેલો છે; એટલે તે વધેથી મુસારો વધે છે, ને ઘટેથી ઘટે છે. આ વાત કેટલેક દરજ્જે ખરી છે, પણ તેથી મુડી ને વસ્તિના પ્રમાણના નિયમને કોઈ આંચ લાગતી નથી. અનાજના ભાવની ચઢ ઉતરથી મુસારામાં જે વધ ઘટ થાય છે, તે વસ્તિ દ્વારે થાય છે. જો એકદમ બે ત્રણ નબળાં વરસ જવાથી અનાજનો ભાવ ચઢે, તો (જ્યાં લગી મુડી તેટલી ને તેટલી છે ત્યાં લગી) કંઈ મુસારામાં વધારો થાય નહીં, પણ એથી જો મરણ વધારે થાય, અથવા જન્મ ઓછા થાય, તો મુસારામાં ફેર થાય; તેમજ સારાં વરસનું સમજવું.

આ ઉપરથી એટલું તો સિદ્ધ થયું કે (જ્યાં સ્પર્ધા હશે ત્યાં) મુસારાનો દર મુડી ને વસ્તિના પ્રમાણ ઉપર આધાર રાખશે. માત્ર મુડી કેટલી છે, તે વિચારવાનું નથી; મુડી ઘણી હોય ને મુસારાનો દર હલકો હોય. તેમજ માત્ર વસ્તિ ઉપર વિચાર કરવાનો નથી; વસ્તિ થોડી હોય, તો પણ મુસારો હલકો હોય. બધી જંગમ મુડી બધી મજુરીઆત લોકની વસ્તિ વચ્ચે વહેંચાઈ જાય છે, ને તે એના પ્રમાણ ઉપર મુસારાનો આધાર રહેલો છે. વસ્તિ ઘણી હોય તો પણ, જો મુડી પણ ઘણી હોય, તો મુસારાનો દર ઉંચો હોય. જો મુડી એની એ રહે, ને વસ્તિ વધે જાય, તો મુસારો કમી થયા વગર રહે નહીં. જો મુડીની વૃદ્ધિ વસ્તિની વૃદ્ધિના પ્રમાણમાંજ ચાલી જાય, તો મુસારો એનો એજ રહે.

જે દેશમાં વસ્તિ નવી થયેલી હોયછે, (જેમકે અમેરિકા, આસ્ટ્રેલિઆ વગેરે) તથા મુડીનો વેગ વસ્તિના વેગ કરતાં ઘણો ઉતાવળો હોય છે, ત્યાં મુસારાનો દર ઘણો ઉંચો રહે છે. પણ જે દેશમાં જમીન બધી રોકાઈ ગઈ છે, ને દ્રવ્યોત્પત્તિની કળામાં બહુ વધારો થતો નથી, તે દેશમાં જો વસ્તિ સ્વભાવિક વેગે વધે જાય, તો થોડા દિવસમાં બધા મજુરીઆત લોક ભીખારી થઈ જાય. પરંતુ આવા જુના દેશોમાં વસ્તિ નિરંકુશ વધ્યા કરતી નથી. કેટલેક ઠેકાણે વિનાશક§ કારણોથી ને કેટલેક ઠેકાણે વિરોધક‡ કારણથી વસ્તિ વધવા પામતી નથી, અથવા ઘણેજ ધીમે વેગે વધે છે. ઘાત, રોગ, વગેરે જે કારણો છે, તે વિનાશક કારણો છે, ને તેઓ વસ્તિ ઓછી કરી નાંખે છે. પણ સુધરેલા દેશોમાં વિરોધક કારણોનું પ્રબળ પણ ઠીક હોય છે. સુધરેલા દેશના સમજુ લોક સમજી જીવ વશ રાખીને વસ્તિમાં વધારો કરતાજ નથી; કારણ તેઓ એમ વિચારે છે, કે આપણે જો વસ્તાર વધાર્યો જઈશું, તો આપણી સ્થિતિ બગડ્યા વિના રહેશે નહીં. કેટલાક દેશમાં કાયદાનો પ્રતિબંધ હોય છે, તેથી વસ્તિના વધારા ઉપર અંકુશ રહે છે. જ્યાં લગી કોઈ માણસ પોતાનું તથા પોતે જે સ્ત્રીને પરણવા માગે છે, તેનું તથા પ્રજાનું પોષણ કરવાને શક્તિમાન છે, એવું બતલાવી શકે નહીં, ત્યાં લગી સરકાર તરફથી એને પરણવાની રજા મળતી નથી. કેટલાક દેશમાં એમ હોય છે, કે દર માણસે આટલાં વરસ લશ્કરમાં સિપાઈ દાખલ નોકર રહેવુંજ જોઈએ; ને તેથી લગ્ન મોડું થાય છે, ને વસ્તિના વધારાને અડચણ થાય છે. કેટલાકમાં રૂઢિથી અથવા આકસ્મિક કારણોથી મોડાં લગ્ન થાય છે. જ્યાં

---

§ વિનાશક—એટલે નાશ કરનારાં.

‡ વિરોધક—એટલે (વસ્તિની) વૃદ્ધિને અટકાવનારાં.

લગી માણસ જાત અર્ધ જંગલી સ્થિતિમાં હોય છે, ત્યાં લગી વસ્તિના વધવાથી એક લાભ થાય છે. વસ્તિ વધવાથી બધાને ગુજરાતમાં થોડી ઘણી હરકત પહોચે છે; બધાને સંકડામણ લાગવાથી દ્રવ્ય વધવાની કોશીશ બધા માણસ વત દેહને કરે છે, ને પરિણામે તેથી દેશના દ્રવ્યમાં વધારો થાય છે. પણ જ્યાં માણસ જાત આ સ્થિતિમાં નહોય, ને જ્યાં દ્રવ્યોત્પત્તિની કળા ઘણી ચતુરાઇને પહોંચી હોય, ને દેશની ઘણી ખરી જમીન રોકાઇ ગઇ હોય, ત્યાં વસ્તિ વધવાથી લાભ નથી, પણ હાનિ છે; માટે એવી સ્થિતિના દેશમાં પ્રકૃતિ વશ રાખવા સિવાય રૈયતનો છૂટકો નથી.

વસ્તિ બહુ વધવાથી શી શી હાનિ છે, ને જીવ વશ રાખી વસ્તિને સંકોચમાં રાખવાની કેટલી અગત્ય છે, એ વાત માલથસ નામના એક નામીચા અંગ્રેજે સિદ્ધ કરી. તેણે દેશ દેશનાં વસ્તિપત્રક તથા મજુરીની હાલતનાં પત્રક ભેગાં કરી, એવું સાબીત કરી આપ્યું કે વસ્તિ ને મુસારા વચ્ચે આવશ્યક સંબંધ છે; ને જેઓ મજુરીઆત લોકની સ્થિતિ સુધારવા માગતા હોય, તેઓએ તો મજુરીઆત લોકને જીવ વશ રાખતાં શિખવવું જોઇએ. પરંતુ આ શિખામણ ઘણાને કડવી લાગે છે: લોક એમ ધારે છે કે વસ્તિ ઉપર અંકુશ રાખ્યા સિવાય મજુરની હાલત સારી થઇ શકે; ને તેઓ તેમ કરવાના જુદા જુદા પ્રકાર બતાવેછે. આ પ્રકાર, તથા તેઓ કેવા ભૂલ ભરેલા છે, તે આવતા પ્રકરણમાં વિસ્તારવામાં આવશે.

प्रकरण ९ मुं.

મુસારા વિશે—જારી છે.

સુધરેલા દેશોમાં માણસ જાતને એક બીજાના દુઃખની દાઝ હોય છે, ને તે દેશમાં કેટલાક વિચારવંત પુરૂષો પોતાના જાત ભાઇઓની સ્થિતિ સુધારવાની ઘણી કોશીશ કરે છે. દેશની વસ્તિનો ઘણોખરો ભાગ મજુરીઆત લોક હોય છે, ને તેઓએ ઉત્પન્ન કરેલું દ્રવ્ય બધાના વાપરવામાં આવે છે. પરંતુ ઉત્પન્ન થયેલા દ્રવ્યમાંથી મજુરીઆત લોકનો હિસ્સો છેક થોડો હોય છે; બાકીનું ઘણું ખરૂં વેપારી નફા તરીકે પચાવી પડે છે. અજ્ઞાન લોક એમ કહે છે કે એ તો નશીબનો વાંક છે. તેઓ એમ કહેછે કે પરમેશ્વરે જેના કરમમાં જેટલું લખેલું હોય, તેટલું તેને મળે છે. વળી દાખલો એમ આપે છે કે જુઓને બેકુત સારામાં સારી જાણસ પકવે છે, ને તેઓ તે ખાવા પામતા નથી, એ નશીબનોજ ભેળ છે. પણ જેઓ બુદ્ધિશાળી છે,

તે એમ માને છે કે માણસની હાલત માણસના હાથમાં છે, તેઓ પરોપકારબુદ્ધિથી એમ વિચારે છે, કે મજુરોની મજુરી શી રીતે વધારવી, એટલે તેઓ સુખ સંપતમાં રહે.

કેટલાક એમ સમજે છે, કે સરકારે કાયદો કરી બંદોબસ્ત કરવો જોઇએ, કે કોઈ એ મજુરને આટલાથી ઓછું આપવુંજ નહીં. આ બંદોબસ્ત અમલમાં લાવવો ઘણો મુશ્કેલ છે; કારણ જો મજુરની સંખ્યા દેશમાં ઘણી હશે તો, મજુરને ચાકરીની ખોટ ઘણી તેથી, મજુરો ખાનગી રાહે ઓછી મજુરી લઈ કાયદા રૂએ ઠરાવેલા દરની પાવતી લખી આપશે; અથવા જો એમ નહીં હોય, ને તેઓની સંખ્યા બહુ ઓછી હશે, તો આવા કાયદાની કોઈ અગત્ય નથી, કારણ વગર કાયદે પણ મજુરને ઉંચો દર મળશેજ. પણ એમ ધારો કે એ બંદોબસ્ત અમલમાં લાવી શકાયછે, તો પછી એથી કરીને શું મજુરીઆત લોકની સ્થિતિમાં સુધારો થશે ખરો? એનો જવાબ નકાર ભણીને દેવો પડશે. દેશની બધી જંગમ મુડી બધા મજુરીઆત લોક વચ્ચે વેંહચાઈ જાય છે; ને તે પ્રમાણે મજુરીનો દર નક્કી થાય છે. હવે તે કરતાં કાયદામાં વધતો દર આપવો ઠરાવ્યો હશે, તો અવશ્યે કેટલાક મજુર બિનરોજગારી ને ભૂખે મરતા રહેવાના. આ વાત ગણિતના નિયમને અનુસરતી છે, એટલે વધતો પુરાવો આપવાની જરૂર નથી. આ પ્રમાણે કાયદામાં મુસારાનો દર ઠરાવવો યોગ્ય છે, એમ જે લોક કહે છે, તે લોકને આવો પરિણામ થશે, એવી ખબર હોય છે. માટે આ પરિણામનો તેઓ એક ઉપાય બતલાવે છે. તેઓ કહે છે કે સરકારે લોક ઉપર વેરો નાખી નવી મુડી ઉભી કરવી જોઇએ; ને તે મુડી વડે બેશી રહેલા મજુરોને પુરતી મજુરી આપી કામે વળગાડવા જોઈએ.

જેટલા મજુર હાલ નકામા બેશી રહ્યા છે, તેનેજ વાસ્તે આવો બંદોબસ્ત કરવા માગે, તો એમાં કાંઈ ઘણું ગેરવ્યાજબી કહેવાય નહીં. દુનીઆનો ઘણોખરો ભાગ મજુરીઆત લોક છે; તેઓ બધું દ્રવ્ય પેદા કરે છે; ને તેઓના સામુદાયિક બળથી પૈસાદારની પુંજીનું રક્ષણ થાય છે. માટે પૈસાદારે તેમના સુધારા વાસ્તે થોડું આપવું પડે તો શું થયું? પણ આવી તરેહના કાયદા કરીને પછી વસ્તિ વિષે કશો પ્રતિબંધ જો ન કર્યો, તો એથી મજુરીઆત લોક તો શું, પણ આખો દેશ ભીખારી થઇ જશે. વેરા ઉઘરાવી પોષણ જે લોકનું કરવામાં આવેછે, તેઓ કાંતો કામ કરશે કે નહીં કરે. જો તેઓ પાસે કશું કામ લીધામાં નહી આવે, તો દેશનું એકંદર ઉપજ કમી થશે; ને દેશ કમી દ્રવ્યવાન થતો જશે. કામ લેવામાં આવશે કે નહીં આવે, પણ તે-

એને ગુજરાન તરફની ભમી ફિકર ચિંતા ન રહી, એટલે તેમની વરિત પ્રમાણકાર વૃદ્ધિ કરશે. વરિત પ્રમાણે મૂડી ઘણું કરીને વધતી નથી, એવું આગળ દેખાડી આપવામાં આવેલું છે; માટે વરશો વરશ લોકનું ગુજરાન બાદ કરતાં દ્રવ્યનો વધારો ઓછો ઓછો રહેતો જશે; ને છેવટે લોકની વૃદ્ધિ એટલી તો વધી જશે, કે માત્ર ગુજરાન પણ મુશ્કીલાતથી થશે.

હરેક સખસ જે જન્મ ધરેછે, તેનો જીવવાનો હક છે. પણ કોઈ માણસનો એવો હક નથી, કે પ્રકૃતિને પશુવત વશ રહી નવાં માણસ ઉત્પન્ન કરી બીજાના ગુજરાનમાં ન્યૂનતા પાડવી. જો આવો હક કબુલ રાખીએ, તો ઉપર કહ્યા પ્રમાણે દેશની ખરાબી થાય. હાલ એવો કોઈનો હક માન્ય રાખવામાં નથી આવતો; હાલ હરેક માણસે ખબર છે, કે હું ઘણાં છોકરાં ઉત્પન્ન કરીશ, તો મારાં સુખ સંપત તથા વૈભવ ઘણાં ઓછાં થશે; ને તેથી તથ બીજાં કેટલાંક કારણોથી વસ્તી ઉપર કંઈ અંકુશ છે. પણ જો એમજ કાયદો કર્યો કે જે જન્મશે, તેનું સરકાર તરફથી પોષણ થશે, ને સરકાર વેરા નાખી મુડી કરી ગુજારો ચલાવશે, તો પછી બધો અંકુશ ગયો. માટે એ કાયદા જોડે એવો કોઈ સખ્ત અંકુશ જોઈએ, કે કોઈએ સરકારની રજા સિવાય પરણવું નહીં.

કેટલાક એમ કહે છે, કે જો ઉપર પ્રમાણે કાયદો કર્યા પછી કેટલાક મજુરને બેકારી રહેવું પડે, તો તેને માટે કાંઈ ધર્માદાની રીતે અથવા વેરાથી એક ભંડોળ કરવું, ને તેમાંથી તેનું પોષણ કરવું જોઈએ. આવા નિર્ધનના હિતનાં ફંડ વિલાયતમાં કેટલાક કાળથી ચાલતાં આવ્યાં છે. પણ જો કશી પણ સખતી સિવાય માત્ર માગ્યાથી ગુજરાન થાય એવું હોય, તો આવા કાયદાથી કંઈ ફાયદો ન થતાં ઉપર કહ્યા પ્રમાણેજ પરિણામ થાય. માટે જો એ દાનની જોડે કેટલીક પરણવા સંબંધી તથા બીજી સખતી રાખી હોય, તો કોઈ જાણી જોઈને ભીખ માગે નહીં; ને દેશમાં વસ્તી ઉપર સારો અંકુશ રહે. કારણ મજુરીઆત લોકને એમ લાગે, કે રખેને નિર્ધન થઈ આપણે પરઆધે સખતિમાં રહેવું પડે.

કેટલાક એમ કહે છે, કે આવી રીતે કાયદાથી મુસારાનો દર બાંધવો એ તો ઠીક નહીં; પણ એમ થવું જોઈએ ખરું, કે જો મજુરીઆત લોકોનો મુસારો સુખ સંપતમાં રહેવા જેટલો ન હોય, તો પછી એક ઉઘરાણું ઉભુ કરીને દરેકને તેમાંથી તેનું પૂરૂં થાય એટલું આપવું. જ્યાં લગી મજુરીઆત લોકમાં સુખ સંપતની ઇચ્છા પ્રબળ નથી, પણ વસ્તાર વધારવાની ઇચ્છા પ્રબળ છે, ત્યાં લગી આવી રીતથી કંઈ ફાયદો

નથી; કારણ તેઓ આટલું વધેલું ધન મળવાથી વધારે સુખ ભોગવવાને બદલે પોતાની વસ્તિમાં વૃદ્ધિ કરશે; ને વધતાં વધતાં છેવટે તે એટલી તો વધશે, કે આખર મજુરને જેટલું એકલી મજુરીથી મળતું હતું, તેટલું હવે મજુરી ને દાન બે મળીને મળશે; ને પછી તેથી પણ કમી થશે. માટે આ રીતથી મજુરીઆત લોકનો સુમારો વધવાને બદલે છેવટે ઓછો થશે. જો કોઈ આપણને એમ કહેશે, કે જ્યારે આ બધા ઉપાય નિરર્થક કહોછો, ત્યારે મજુરીઆત લોકનો ઉદ્ધાર શી રીતે થવાનો? જન્મારો વૈતરૂં કરવાનું તેમના નસીબમાં લખેલુંછે? તે લોકની સ્થિતિ સુધારવાનો ઉપાય એકજ છે. તેઓને મન વશ રાખવાની ટેવ પાડવી જોઈએ. જ્યાં લગી વસ્તિ વધાર્યા જવાની તેમની પશુવત ટેવમાં કંઈ ફેર પડ્યો નથી, ત્યાંલગી તેમની હાલતછે, એવી ને એવીજ રહેવાની. ત્યારે હવે એ ટેવ શી રીતે પાડવી? એ પાડવાના ઘણા ઉપાયછે. એક તો એ લોકને સારી પેઠે સમજ પાડવી જોઈએ, કે તમારી કમાઈનો આધાર તમારી સંખ્યા ઉપર છે. આ વાત સમજ પડવી ઘણી મુશ્કેલ નથી. કેટલાક વેપારના લોકને એ વાતની ખબર છેજ. ઘણા ધંધાના લોક કોઈ નવો સામેલ થાયછે, તેના ઉપર રોષ રાખેછે, ને પરગામનો વેપારી આવ્યો હોય, તેને કામ ન મળવા દેવા માટે મહેનત કરે છે. આનું કારણ એટલું એજ કે તેમ થવાથી પોતાની કમાઈ ઘટશે, એમ તેમને ખબર હોયછે. હવે આ નિયમ જે કેટલાક ધંધાવાળાને ખબરછે, તે સર્વત્ર જાહેર કરવો જોઈએ. બીજું બચરવાળની જે હાલ દાઝ જણાવવામાં આવેછે, તે જણાવી ન જોઈએ. છોકરાં કાંઈ આકાશમાંથી વરસતાં નથી; તે માણસનાં કૃત્યથી થાયછે; ને તે ઓછાં જન્મે તેમ કરવું, એ માણસના અખત્યારમાંછે. માટે કોઈ માણસને છોકરાં ઘણાં થાય, ને તેમને સુખ સંપતમાં ઉછેરવાની શક્તિ ન હોય, તો તેની કોઈએ દાઝ ન જાણવી જોઈએ. જેમ ચોરી, વ્યસન વગેરે દુરાચારનો લોકમાં તિરસ્કારછે, તેમ પશુવત છોકરાં પ્રસવવાં, એ પણ દુરાચારનું કામ સમજવું જોઈએ. હાલ તો લોક છોકરાં જણાવવાં, એ મોટી મરદાઈ સમજેછે; આ વિચાર પણ ફેરવવો જોઈએ. કોઈ કહેશે કે પ્રકૃતિને વશ રાખવી અશક્યછે. પણ આવું કહેવું અનુભવ વિરૂદ્ધછે. મરદમાં જે લોક ગોસાંઈ થઈ જાયછે, અથવા જે લોક કોઈપણ પંથના સાધુ થઈ રહેછે, તેઓમાં થોડાજ બદફેલ નીકળે છે. વળી સ્ત્રીજાતમાં પણ અનુભવ ઉપરથી એમ માલમ પડે છે, કે પ્રકૃતિ વશ રાખવાની શક્તિ કાંઈ છેક નિર્બળ નથી. વિધવા સ્ત્રીઓની બદફેલી ઘણી સંભળાતી નથી, ને કદાપી હશે તોપણ, તેઓની સંખ્યાના પ્રમાણમાં ગર્ભપાત અથવા બાળહત્યા છેક થોડી થાય છે. આ ઉપરથી એક બીજો ઉપાય પણ સુઝી આવે છે,

વિધવાઓમાં આત્મસંયમનું જોર ઘણું શાથી રહેછે? એ ન રાખે તો લોકમાં ઘણું નિન્દિત ગણાય છે તેથી. પણ લોક એમ ધારે છે, કે વિધવા કે કુમારી વિષે સંભોગ થાય એ ઘણું દૂષિતછે, પણ પરણેત સ્ત્રી પુરૂષ વચ્ચે કાંઈ દોષ નથી. હવે આ વિચાર પણ નિન્દિત ગણવો જોઈએ. પશુવત એશમાં રહેવું, એ કાંઈ પરણતનો મુખ્ય હેતુ હોય, એમ સમજવું ઘટતું નથી.

આપણે અહીં વસ્તિ ઘણી થવાનું એક મોટું કારણ તો એ છે, કે હાલ લોક એમ માને છે, કે શાસ્ત્ર પ્રમાણે માણસે ગૃહસ્થાશ્રમ માંડીને પુત્ર પ્રસવવોજ જોઈએ, નહી તો તેનો ઉદ્ધાર નથી. લોકના આવા મૂર્ખ વિચારને લીધે જે કુમારા રહી જાય છે, તે ઘણા દુઃખી ગણવામાં આવે છે. હવે અમારા સમજવા પ્રમાણે તો માણસને સ્વર્ગ લોકમાં જે ફળ કે હાનિ થશે, તે તેના પોતાના કૃત્ય પ્રમાણે થશે; પણ તેના બાપના કે દિકરાના કૃત્ય પ્રમાણે થશે નહી; ને જે સારો હશે તે સારૂ ફળ પામશે, પછી તેને પુત્ર હો, કે તે અપુત્ર હો. કુંવારા રેહેવામાં કશી હીણપદ કે નાનમ નથી. આપણા હિંદુ ધર્મમાં બ્રહ્મચર્યને ગૃહસ્થાશ્રમથી કાંઇ ઉતરતું ગણ્યું નથી; ને જે સંસ્કૃતવિદ્યાનો આપણે હાલ અહંકાર કરીએ છીએ, તેમાંના કેટલાંક સારાં પુસ્તક બ્રહ્મચારીઓએ લખેલાંછે. બાળ વિવાહથી વસ્તિ વિષે એક રીતે નુકશાનછે, ને એક રીતે લાભછે. બાળવિવાહના ચાલથી વસ્તિ ઘણી વધેછે; કારણ આપણા દેશમાં ત્રીશ વરસે બે પેઢી જોવામાં આવેછે. પણ તેથી વસ્તિ એક રીતે ઘટે છે. નબળાં ને કાચી વયનાં માબાપનાં છોકરાં નબળાં થાય છે, ને તેથી આવરદા તેઓનો ટુંકો હોયછે. આવી રીતથી ઘણું નુકશાન થાયછે; કારણ દેશનો ઘણો વખત ને ખરચ આવાં નબળાંને ઉછેરવામાં ને આરોગ્યતામાં રાખવામાં જાય છે; ને હાલ આવા નબળા લોકથી દેશને આખરે ખરચ ઘણું પડે છે. અર્થશાસ્ત્ર પ્રમાણે પણ બાળવિવાહ દૂષિત છે.

પણ આ બધા ઉપાયો સાથે બીજા બે ઉપાયો કરવાની અગત્ય છે. એક તો સર્વત્ર કેળવણીનો પ્રસાર કરવો જોઈએ. તે કેળવણી એવા પ્રકારની જોઈએ, કે જેથી માણસ પોતાની સમજ દુનીઆદારીમાં સારી રીતે વાપરતાં શીખે; ને પોતે જે કામ કરે તે લાંબી દ્રષ્ટિ દોડાવી કરે; બીજો એ કે હાલ જો દેશની વસ્તિમાં વધારો થઈ ગયો હોય, તો પરદેશ નિવાસને અર્થે સમજાવીને લોકને મોકલવાની વ્યવસ્થા કરવી. આ કરવું આપણી હાલની સ્થિતિમાં હરકત કરતા છે; કારણ આપણા દેશીઓ જાતિબંધના સબબથી પરદેશ જવાને રાજી હોતા નથી. જનાર મળે તેને એવી રીતે મોકલવા, કે ખરચ કોઈને માથે ન પડે, તેનો વિચાર આગળ

જાતાં આવશે.આવી રીતે વસ્તિ એટલા કાળ સુધી ઓછી ને ઓછી રાખવી,કે જેથી બાકી રહેલા લોકને સુખ વૈભવનો શોખ થાય, ને એ વૈભવ રાખી રહેવાને માટે તેઓ પોતાની જનકશકિત ઉપર અંકુશ રાખે. વળી જે દેશોમા ખેડુતનો જમીનમાં સ્વાર્થ નથી રહ્યો, તે દેશમાં આ બે સિવાય એક ત્રીજો નિયમ પણ કરવો જોઇએ. બને ત્યાં લગી દેશની જમીન ખેડુતોમાં સારી રીતે સાંથથી જોઇએ. આવી રીતે લાંબી ગણોતે જમીન રાખવાથી ખેડુત સમજુ ને વશી થાય છે; ને વસ્તિ ઘણી થોડી વધે છે, એવું આગળ સિદ્ધ કરવામાં આવ્યું છે. આવી તરેહની વ્યવસ્થા કરવાથી મજુરીઆત લોકની સ્થિતિ સુધરશે, એવી ઉમેદ રાખી શકાય. સંખ્યા ઓછી થવાથી મજુરીઆત લોકને મુસારો સારો મળશે, ને એક પેઢી સુધી ઓછી ને ઓછી સંખ્યા રાખ્યાથી તેઓને સુખ સંપતની ટેવ પડશે. એવી ટેવ પડવાથી તેઓ જીવને અંકુશમાં રાખી વસ્તિમાં વધારો નહીં કરે; કારણ એમ થવાથી પોતાની સુખ સંપતમાં હાનિ પડશે, એમ તમને ખબર પડશે.

ઉપર જે મુસારાના નિયમ કહ્યા તે આપણા દેશમા પુરેપુરા લાગુ નથી; કારણ કે એ નિયમ કર્યા છે, તે સ્પર્ધાને આધારે કરેલાછે. જ્યાં મજુરીઆત લોકમાં પુરેપુરી સ્પર્ધા ચાલતી હોય,ત્યાં એ પૂર્ણ રીતે લાગુ પડે. પણ આપણે અહીંયાં તો પૂર્ણ સ્પર્ધા તો મજુરીઆત લોકના એક નાના ભાગમાં ચાલેછે. જે છુટક મજુરી કે ચાકરી કરે છે, તેઓમાં એ નિયમ ખરો પડે છે. પણ કેટલાક કારીગર લોકના મુસારા રિવાજથી બંધાયેલા હોય છે. સુતારને રોજના બાર આના કે ચૌદ આના મળવાજ જોઇએ; ને કડીઆને આઠ કે દસ મળવાજ જોઇએ. દરજીને ચાર કે પાંચ આના, ને સોનીને આવા ઘાટના આટલા મળે, એ પ્રમાણે દસ્તુર છે. આ બધાની વસ્તિ જો ઘણી વધે છે, તો કદાપી રોજમાં તો ફેર નથી પડતો, પણ દરેક જણને રોજ મળવાનો સંભવ ઘટતો જાય છે. વળી આવી તરેહની રીતથી મજુરીઆત કોમોના મુસારામાં માત્ર પોતાના પ્રત્યેકના ઘટાડા વધારાથી ફાયદો નુકશાન થાય છે; બાકીના મજુરીઆત લોકો વધે કે ઘટે, તેથી તેઓને કંઈ લાગતું વળગતું નથી. દરજીની વસ્તિ વધે કે ઘટે તેમાં સોનીને કાંઇ લેવા દેવા નથી. હવે સ્પર્ધા નહીં હોવાનાં બે કારણ છે. જ્ઞાતિબંધથી એક ધંધાના કરનાર અમુકજ નાતના ઘણું કરીને હોય છે; ને તે નાતમાં બીજા કોઇથી દાખલ થવું હોય, તો થવાય નહીં. એક કારણ તો આ છે; બીજુ એ છે કે, હજુ ઘણા ખરા બાપદાદાનો ધંધો કરતાજ જાયછે. જે ધંધો બાપે કર્યા તેજ દીકરો કરે છે, ને એમને એમ ઘરમાળ

ચાલી જાય છે. નવા આવતા નથી, ને જુના જતા નથી. અંગ્રેજનો અમલ બેઠા પછી સહેજ ફેર પડવા લાગ્યોછે ખરો; પણ એ ફેરનો અસર હજી ઘણાં વરસ પછી માલમ પડશે.

જે લોક પોતાને શીર જોખમ રાખી પોતે મુડી વાપરી માલ તૈયાર કરે છે, જેમકે સાળવી, કંસારા, લવાર, ખરાદી, વગેરે, તેઓને ઉપરના વિચાર લાગુ પડશે. તેઓના મુસારામાં વધારો ઘટારો થશે, તે તેમની જાતના લોકના ઘટારા વધારા પ્રમાણે થશે: બાકી જાતના લોક વધો કે ઘટો, તેથી તેમને કંઈ નુકશાન કિંવા ફાયદો નથી. પણ જે લોકના મુસારા રિવાજથી અથવા બીજા કારણથી બાંધેલાછે, તેઓમાં અને છુટા મજુરીઆત લોકમાં એટલો ફેર પડશે, કે છુટા મજુરનો વસ્તાર વધવાથી પ્રત્યેક જણનો મુસારો ઘટશે, તે ઘટવાથી પ્રત્યેકનો વધશે. પણ ઉપર કહેલા કારીગરમાં પ્રત્યેક જણનો નહી ઘટે, પણ દરેક જણને કામ મળવાનો સંભવ ઘટશે.

હવે એક વાતનો વિચાર રહ્યો; મજુર મજુરના મુસારામાં ફેર હોય છે, તેનું કારણ શું? જે મજુરીઆત લોક વધારે કામ કરી વધારે મુસારો લેછે, તે વિષે કાંઇ બોલવું જરૂર નથી, કારણ તેઓનો વધારાનો મુસારો વધારે ફળને બદલ છે. પણ વખતે મુસારો વધતો મળે છે, તે કંઇ વધારે મહેનતને બદલે મળતો નથી. કોઇ કોઇવાર ધંધો કંટાળો આવે એવો કે જોખમ ભરેલો હોય છે, તે માટે મુસારો ભારે હોય છે. જો વધારે મુસારો ન મળે, તો કોઇ એવા ધંધામાં મજુરી જાય નહી. રેલવેના પુલ બાંધતી વખતે ભૂંગળામાં ઉતરનાર મજુરને વખતે રોજના બબે રૂપીઆ મળતા, તે આ વાસ્તે મળતા. વળી જે ધંધામાં રોજી હમેશ મળવાનો ભરૂસો નથી, તે ધંધામાં પણ મજુરીનો દર ઉંચો જોઇએ; નહી તો એ ધંધામાં મજુરી કરનાર કોઇ મળે નહી. આ બે કારણ કહ્યાં તે સિવાય એક બીજા પ્રકારનાં કારણોથી પણ મજુરીના દરમાં ફેર પડે છે. વખતે અમુક ધંધાના કરનારે મજુર જોઇએ તેટલા મળતા નથી. આવું ઘણા કારણથી બને છે. કોઇ કોઇવાર ધંધો એવો હોય છે, કે જેમાં ઘણું ભરૂસા લાયક માણસ જોઇએ, ને આવાં માણસ થોડાં હોય છે, તથી તેઓને વખતે ઉંચો દર આપવો પડે છે. વળી કોઇવાર ઉંચો દર આપવામાં આવેછે, તે ચતુરાઇને હુશીઆરી બદલ આપવામાં આવે છે, કેટલાક ધંધા શીખતાં ઘણો વખતને ખરચ લાગેછે; ને એ ખરચ બધાથી ઉપાડી શકાય એવું નથી હોતું, તથી કરીને તે ધંધાના કરનારાઓને ઘણા ઉંચા મુસારા મળે તોજ લોક તે ધંધો શીખે. મુસારા વિષેનાં પ્રકરણોની સમાપ્તિ કર્યા પહેલાં એક વાત બોલવી જરૂરછે.

ફેરનું કારણ એ હોય છે, કે જ્યાં મુડી ઘાલવાનું જોખમ વધતું હોય છે, ત્યાં વ્યાજ વધારે હોય છે; જ્યાં જોખમ થોડું, ત્યાં વ્યાજ ઓછું હોય છે. વેપારી પારકા પૈસા કાઢી માલ પેદા કરાવે છે, ને તેમાં પોતાને જે વ્યાજ આપવું પડે છે, તે કરતાં તે વધારે નફો મેળવે છે, તે પોતે વધારે જોખમ વેઠી ખોટનો સરીગત થાય છે, ને પોતે જાતે ચોકશી કરે છે, તે માટે લે છે. માટે નફાને નામે જે કાંઈ મળે છે, તેના ત્રણ અવયવ છે, એમ કહીએ તો ચાલે. એક વ્યાજ, બીજું જોખમનો બદલો, ત્રીજું નિયેખાની અથવા ચોકશી રાખવાની મહેનતનો બદલો. કોઈ કોઈવાર આ ત્રણેનો ભોગવનાર એકજ જણ હોય છે. જ્યારે કોઈ ઇજારદારઘરની મુડી કાઢી પોતાની જમીન પોતાની નિયેખાની નીચે ખેડાવે, ત્યારે એ એકલોજ વ્યાજ, જોખમ ને ચોકશી બદલના અવેજનો માલિક થાય, પણ વખતે ત્રણમાંના એક અવયવનો માલિક એક જણ હોય છે, ને બીજા બેનો બીજો હોય છે. કોઈવાર જ્યારે પારકી મુડી ઉછીતી લઈ કોઈ પુરૂષ ઉત્પત્તિ પોતાને માથે રાખી પોતાની નિયેખાની રાખી કરાવે, ત્યારે વ્યાજનો માલિક ધીરનાર થાયછે, પણ જોખમને નિયેખાનીના અવેજનો માલિક તે પુરૂષ થાય છે. તેમજ વળી જો કોઈ માણસ પોતાની મુડી કાઢી માથે ઉત્પત્તિ કરાવે, પણ ચોકશી બીજા પાસે રખાવે, તો તેને જે મળે તે વ્યાજને જોખમ બદલ મળે. જાઇન્ટ સ્ટૉક કંપનીઓમાં ભાગીદારો મુડી કહાઢે છે; તથા લાભ ખોટના શરીગત રહે છે. પણ તેઓ બધી નિયેખાની એક વહિવટદારને અથવા મંત્રીને સોંપે છે, ને તે મંત્રીને જે મળેછે, તે મુસારો છે; ને ભાગીદારને મળેછે, તેમાં કશું મહેનત બદલ મળતું નથી, પણ વ્યાજને જોખમ બદલ મળેછે. હવે વખતે જોખમનો આંકડો નક્કી થાય એવો હોયછે, ત્યારે વીમો કરવામાં આવેછે; ને ત્યારે ઘણુંકરીને મુડી કાઢનારને માત્ર વ્યાજને નિયેખાની બદલ નફો મળેછે. તથાપિ નફા ખોટનું, તથા ઘરાકી વધ્યા ઘટ્યા વગેરેનું, ને બીજી તરેહનું જોખમ હમેશ એને માથે રહેછે ખરૂં. માટે વ્યાજના દર કરતાં ઘણા ખરા ધંધામાં નફાનો દર ઊંચો હોય છે. કોઇવાર ત્રણેના માલેક જુદા જુદા હોય છે. જ્યારે કોઈ પારકી મુડી લઇ ઉત્પત્તિ પોતે નિયેખાની રાખી કરાવે, ને જોખમને બદલે ત્રીજાનો હિસ્સો રાખે, ત્યારે એ ત્રણ અવયવ ત્રણે જુદા જુદા પુરૂષનાં થયાં.

નફો મુડીવાળાને શા વાસ્તે મળેછે, તથા નફામાં કેટલાં અવયવ આવેછે, તે હવે આપણે જાણ્યું. હવે એ વિચારવું રહ્યું, કે થોડામાં થોડો કેટલો નફો લીધે વેપારીને પાલવે. હવેમુડીનું વ્યાજ પાલવે, જોખમ બદલ જોખમની બરાબર બદલો મળે, ને નિયેખાનીની મહેનત બદલે કાંઇ અવેજ રહે, એટલું થાય એટલો નફો અવશ્ય

મળવો જોઈએ. એથી ઓછું લેવું કોઈને પાલવે નહી. વખતે એક વરસ એથી ઓછું મળે, તો વેપારી આશાએ આશાએ થોડા દહાડા ધંધો જારી રાખે; પણ જો એમ માલમ પડે, કે આ નફા ઉતર્યો તે ઉતર્યો, હવે ચઢવાનો નથી, તો પછી માણસ એ ધંધો પકડી રહે નહી. જે બીજા ધંધામાં વધારે પાલવે એવું હોય, તે ધંધામાં જાય; ને ત્યાં પણ ન પાલવે એવું હોય, તો બધા મુડીદારો શું કરે? જો એ ઘટારો નિપેબાળી તથા મજુરી મોઘી થવાને લીધે થયો હોય, તો તો વખતે ઉપાય ન રહે. મુડીદારોને ખમી રહીને બેશી રહેવું પડે. જોખમમાં ઘટારો થવાને લીધે નફાનો દર નીચો બેઠો હોય, તો તો મુડીદારને નુકશાન નહી; કારણ જોખમ બદલ જે મળે છે, તે વખતે જોખમ પડવાથી બધું ઘસડાઈ જાય છે; ઘણું કરીને મુડીદારના ઘરમાં રહેતું નથી. પણ વ્યાજ બદલ જે મળે છે, તે મુડીના પ્રમાણમાં હોય છે; ને મુડીનો સંગ્રહ સંગ્રહબુદ્ધિને આધારે છે. માટે જો તેમાં ઓછું થાય તો સંગ્રહબુદ્ધિમાં ક્ષીણતા આવે, ને માણસને એમ લાગે કે આટલો ઓછો નફો ખાધા કરતાં દ્રવ્યનો ઉપભોગ કરી ખાઈ જવું સારૂં. એમ થવાથી મુડીમાં વધારો થતો બંધ પડે, ને તેથી પાછો દર ઠેકાણે આવે.

માટે દરેક દેશમાં નફાનો ઓછામાં ઓછો દર સંગ્રહબુદ્ધિના બળ પ્રમાણે હોય છે; જેટલા દર વાસ્તે માણસ સંગ્રહ કરે છે, તેથી ઓછો નફાનો દર થાય તો સંગ્રહ કમી થવાથી પાછો દર ઠેકાણે આવે. માટે સંગ્રહબુદ્ધિ બને તેથી ઓછો દર થાય નહી. આ જે ઓછામાં ઓછો નફાનો દર કહ્યો, તે દેશ દેશમાં જુદો હોય છે, એટલુંજ નહી, પણ એકના એકજ દેશમાં જુદે જુદે કાળે લોકની રાજકીય તથા સંસારી હાલત પ્રમાણે ઘણોજ જુદો હોય છે. જ્યારે રાજ તરફનું અથવા લૂટફાટનું જોખમ ભારે હોય છે, ત્યારે જોખમ ઘણું હોવાને લીધે વ્યાજનોને નફાનો દર ઘણો ઉંચો હોયછે; ને જ્યારે રાજ્યના સ્થાયિત્વ વિષે લોકને ઘણો ભરૂસો હોય છે, ત્યારે ભાવ થોડો હોય છે.

કેટલાંક કારણને લીધે એકજ દેશમાં એકજ વખતે કેટલાક ધંધામાં નફાનો દર ઉંચો હોયછે, ને કેટલાકમાં નીચો હોય છે. જે ધંધામાં ઘણુંજ જોખમ હોયછે—જેમ કે દારૂ (બંદુકના) બનાવવાનો ધંધો વગેરેમાં—તેમાં નફાનો દર હમેશ ઉંચો જોઈએ. તેમજ વળી જે ધંધો કોઈપણ કારણથી લોકના મનને અણગમતો હોયછે, તેમાં પણ નફાનો દર ઉંચો હોય છે. કેટલાક ધંધામાં મુડીની જોડ ઘણી કળા તથા ચતુરાઈનો ખપ પડેછે; ને તે ધંધામાં સ્પર્ધા થોડી હોવાને લીધે નફાનો દર ઉંચો રહેછે. વખતે ધંધામાં એટલું બધું ડાહળવાનું હોય છે, ને ખપ એટલો તો થોડો હોયછે,

વખતે ધંધામાં એટલું બધું ડોહળવાનું હોય છે, ને ખપ એટલો તો થોડો હોયછે, કે નફાનો દર જો ઊંચો ન હોય, તો એમાં કોઇ પડે નહી. ગામડામાં પરચુરણ વેપારી આ સ્થિતિમાં છે. તેના ધંધાથી તેનું ગુજરાન નભવું જોઇએ, નહી તો એ ધંધો કરવો એને પાલવે નહી. પણ જો સાધારણ નફો મળે, તો એનો નિભાવ થવો મુશ્કેલ, માટે એના નફાનો દર ઊંચો હોયછે; પણ એકંદર કમાઇ સુમારે થોડી હોયછે. સારાંશ જે જે કારણથી કોઇ ધંધો કરનારની સંખ્યામાં સંકોચ થઇ, તે ધંધો એકકા જેવો થઇ પડે છે, તે તે કારણોથી નફાનો દર ઊંચો રહે છે.

પરંતુ જે જે ધંધાઓમાં આવી રીતનાં કારણોનું જોર પહોચતું નથી, તેમાં જો પૂર્ણ સ્પર્ધાથી વ્યવહાર ચાલતો હશે, તો નફાનો દર એકજ રહેવો જોઇએ. નફાનો દર એટલે શું? નફામાં જેટલો અવેજ જોખમ બદલ મળે છે, તે કંઇ સર્વ ધંધામાં એક સરખો થાય નહીં; કારણ સર્વત્ર જોખમ સરખું નથી. તેમજ જેટલો ચોકશી રાખ્યા બદલ મળેછે, તે પણ બધા ધંધામાં સરખો મળશે, એમ કહીશ કાય નહીં, કારણ ચોકશી રાખવાની મહેનત તથા હુશીઆરી બધે સરખી નથી. પણ નફાનો જેટલો હિસ્સો વ્યાજ બદલ મળે છે, તે તો સ્પર્ધા પુરેપુરી ચાલતી હશે તો, સર્વત્ર એકજ રહેવો જોઇએ. વ્યાજનો દર કંઇ મુદ્દલ કયા ધંધામાં વપરાશે, તે ઉપર નજર રાખી નક્કી કરવામાં આવતો નથી; પણ માત્ર મુડીના અનુપભોગ બદલ મળે છે; ને કોઇપણ સારા વેપારી શેહેરમાં ધીરનાર એટલા બધા હોયછે, કે જ્યાં વ્યાજ વધારે દેખે ત્યાં (જો બાંહધારી સારી હોય તો) ધીરવાને કોઇ આંચકો ખાતુંનથી. એથી પરિણામે બધા ધંધામાં વ્યાજ દાખલ જેટલો નફો મળેછે, તે બધે સરખો મળેછે. એમ નફો સરખો ન હોય, ને જો સરખી નીપેણાની ને સરખું જોખમ છતાં કોઇ ધંધામાં નફો વધારે હોયતો (ખરેખરી સ્પર્ધા હોય તો) તે ધંધામાં મુડી વધારે ગયા વગર રહે નહીં. એ જવાના રસ્તા ઘણા છે. જે દેશમાં મુડી વર્ધમાન હોયછે, તે દેશમાં વરસો વરસ જેટલો વધારો થાયછે, તેટલો વધારો જે ધંધો ઘણો આબાદ હશે, ને જેમાં નફો વધારે મળતો હશે, તેમાં વળગાડવામાં આવશે. આ પ્રમાણે મુડી વધવાથી નફાનો દર તે ધંધામાં ઓછો થશે. વળી બધા ધંધામાં કેટલાક વેપારી પારકી મુડીએ વેપાર ચલાવેછે; હવે જ્યારે કોઇ અમુક ધંધામાં નફો વધારે હશે, તો તે ધંધાવાળા બીજાની મુડી વધારે કાઢી પોતાનો વેપાર લંબાવશે; ને ઓછા નફાવાળા ધંધાદાર પારકી મુડી કાઢવી બંધ કરશે. એમ કરવાથી પણ નફાનો દર થોડે કાળે સર્વત્ર સરખો થશે. એમ છતાં કોઇ ધંધામાં હમેશ નફો નીઓજ રહ્યા કરશે, તો તે ધંધાનો કરનાર રહેતે રહેતે પોતાનો

માલ જેમ જેમ ખપતો જશે, તેમ તેમ મુડી ધંધામાંથી કાઢતો જશે, ને બીજામાં નાખતો જશે. પરંતુ વખતે આવી રીતનો ફેરફાર કરવામાં ઘણો કાળ જાયછે, તેથી ધંધે ધંધે કેટલીકવાર નફાના દરમાં ફેર રહે ખરો. વળી સહેજ એક વરસ નફો કે ખોટ આવી, તે માટે ધંધામાં પડેલા લોક મુડી કાઢવા કે ઘટાડવાને ઇચ્છતા નથી; કારણ તેઓ જાણે છે કે એક વરસ ખોટ આવી, તો બીજે વરસે નફો વધારે આવશે. માટે જો કે કોઈ પણ કાળે સર્વ ધંધામાં વસ્તુતઃ નફો એકજ થતો નથી, તો પણ સર્વ ધંધામાં નફાની ઉમેદ અને જોગ સરખાં હોય છે. સ્પર્ધા હશે તો બધા ધંધામાં નફો સરખો મળશે, એમ કહેવાનો ખરો અર્થ એટલોજ છે કે, બધે નફાનો જોગ સરખો હોય છે.

જે દેશમાં મુડીવાળાઓમાં ને વેપારીઓમાં સ્પર્ધા હોય, તે દેશને આ હકીકત વિશેષ કરીને લાગુ છે. આપણે અહીંઆં ઘણું કરીને જુદા જુદા ધંધાવાળાઓમાં સ્પર્ધા નથી; બધા વેપારી બાપ દાદાનો વેપાર કરે જાય છે, તેમાં નફો થોડો મળો કે વધારે. વળી કેટલાક વેપાર તો અમુક નાતવાળાજ કરેછે, ને કેટલાક ઉંચા નીચા ગણાય છે. માટે અહીં નફાની સમાનતા વિશેનો ઉપરનો નિયમ લાગુ પડશે, એવું ધારવું નહીં. પરંતુ દેશની સ્થિતિમાં જે હાલ ફેર થતો જાયછે, તે જારી રહેશે તો સ્પર્ધા દિનપર દિન વધતી જશે, ને વહેવાર એ નિયમાનુસર માલમ પડશે.

નફો શું છે, તે શા માટે આપવામાં આવે છે, તેની સમાનતા શી તરેહની હોય છે, તથા જુદા જુદા ધંધામાં નફાનો દર વધતો ઓછો હોયછે, તેનું કારણ શું-એતો નક્કી થયું. હવે નફો કોઇપણ દેશકાળે કેટલો હશે, તેનો નિર્ણય કરવો રહ્યો. લોક એમ ધારેછે કે નફાનો આધાર કિંમત ઉપર છે. વેપારી કે કારીગર પોતાને બેઠેલી કરતાં વધારે કિંમતે માલ વેચે એટલે એને નફો મળે; ને જો માલના કોઇ ખરીદદાર ના હોય, તો પછી વેપારી કાંઈ નફો મેળવી શકે નહીં. દુનીઆનો સાધારણ વ્યવહાર નાણાં વડે ચાલે છે, તેથી લોકની ભૂલ ઘણી સ્વાભાવિકછે. પરંતુ જ્યારે નાણાંવડે કાંઈપણ ભાગફોડ થાય છે, ત્યારે નાણું માત્ર દ્વાર તરીકે કામ કરે છે; એ દ્વારે બીજું દ્રવ્ય આવે છે કે જાય છે. નાણાં દ્વારે વસ્તુતઃ માલના સાટા થાય છે, એવું આગળ જતાં બતલાવવામાં આવશે.

નફો જે પેદા થાય છે, તે ઉત્પત્તિ વડે થાય છે. નફો એટલે ઉત્પન્ન થયેલા દ્રવ્યમાંનો જેટલો હિસ્સો મુડીવાળાને આપવામાં આવે છે તે. નફો થાય છે, એનું કારણ એ છે, કે માણસ કોઇપણ અમુક વખતમાં જેટલું દ્રવ્ય ખાય છે, તથા બીજી

રીતે ઉપભોગ કરે છે, તે કરતાં વધારે પેદા કરી શકે છે; અથવા એમ નહીં કહીએ તો બીજી રીતે એમ પણ કહેવાય, કે ખોરાક વગેરે ઉત્પત્તિનાં જેટલાં જેટલાં સાહિત્ય છે, તે બધાંને ઉત્પન્ન કરતાં જેટલી વાર લાગે છે, તે કરતાં ઉપભોગ કરી નાશ કરતાં વધારે વાર લાગે છે. માટે જો કોઇ મુડીવાળો કેટલાક મજુરોને એવી શરતે ખવરાવે, કે જે બધું ઉત્પન્ન થાય તે મારૂં, તો જેટલીવારમાં તેઓ બધા ઉત્પત્તિના સાહિત્ય સાધન વાપરી નાશ કરી નાંખશે, તેટલીવાર વીત્યાની પહેલાં તેઓ પોતે વાપર્યું તેટલી પેદાશ કરી શકશે, ને બાકીની વારમાં મુડીવાળાને વાસ્તે દ્રવ્ય પેદા કરશે. માટે નફો કાંઈ માલ અદલ બદલ કરવાથી પેદા થતો નથી, પણ મહેનતની ઉત્પાદક શકિતથી થાય છે; અને જ્યારે કોઇપણ દેશની મહેનતની ઉત્પાદક શકિત ઘણી હશે, તો તે દેશમાં નફો પણ ઘણો થશે; પછી માલ વિક્રય થાઓ કે ન થાઓ. જો બધાં માણસ પંત્યાણુ દ્રવ્ય પેદા કરતા હોય, તો પછી સર્વ દ્રવ્ય સહીઆર રહે, ને વેચવા સાટવાની જરૂર રહે નહી, પણ નફો તો થયા વગર રહે નહી. વેચવા સાટવાના વ્યવહારથી માત્ર એટલોજ ફેર થાય છે, કે વખતે કેટલીક વસ્તુનું મૂળ વધારે ઉપજે છે, ને કેટલીકનું થોડું ઉપજે છે; ને તેથી વખતે એક ધંધાવાળાને નફો વધારે મળે છે, ને બીજાને ઓછું મળે છે. જો દેશના મજુરો પોતાના ગુસારા કરતાં વીશ ઘણું પેદા કરતા હશે, તો નફાનો દર વીશ ટકાનો રહેશે.

ઉત્પત્તિમાં નફાનો કેટલો અંશ હોય, તે નકી કરવાને માટે આગળની પેઠે પાછી એવી કલ્પના જરૂરછે, કે ઉત્પત્તિ બે જુદા જુદા વર્ગના લોક વડે થાયછે; મજુરને મુડીવાળો; ને જેટલું બધું ખરચ કાઢવું પડે, તે બધું મુડીવાળો કાઢેછે. હવે જ્યારે મુડીવાળો બધું ખરચ કાઢે, ત્યારે ઉત્પન્નમાંથી ખરચ બાદ કરતાં જે રહ્યું, તે તેનો નફો રહ્યો. આ ઠેકાણે એવી ધારણા કરેલી છે, કે મુડીવાળા ને કંઈ જમીનનું ભાડું આપવું પડતુ નથી. આ વાત વસ્તુતઃ ખરી હોતી નથી; ખેતી કરાવનાર ઇજારદારને ભાડું આપવું પડે છે, એટલુંજ નહી, પણ વખતે વણજ, વેપારમાં પણ ભાડું આપવાનું હોય છે. પરંતુ આ ઠેકાણે ભાડું આપવાનું નથી, એવી ધારણા કરી નફા વિશે વિચાર કરો; ને પછી ભાડું ગણવાથી કંઈ ફેર પડેછે કે નહીં, તેનો વિચાર કરવામાં આવશે.

મુડીવાળો જે મુડી કાઢેછે, તેનો ઘણો ખરો ભાગ મજુરી રૂપે આપવામાં આવે છેઃ કેટલોક રાચ રૂપે કાઢેછે; ને કેટલોક સાહિત્યમકાન વગેરેને રૂપે કાઢવામાં આવે છે. પણ રાચ, યંત્ર, સાહિત્ય, મકાન વગેરે પણ મહેનતથી ઉત્પન્ન થયેલાં

હોય છે; ને તેને વાસ્તે પણ મજુરી બેઠેલી હોય છે. માટે આપણે એવીજ કલ્પના કરો, કે એકનો એક વેપારી પહેલી મજુરી આપી રાચ,યંત્ર, સાહિત્ય ને મકાન વગેરે તૈયાર કરાવે છે, ને પછી તે વડે માલ કરાવે છે. આમ કલ્પના કરવામાંને હાલ વ્યવહાર ચાલે છે, તેમાં વસ્તુતઃ કંઈ પણ ફેર થતો નથી; કારણ હાલ સાહિત્ય વગેરે ઉત્પન્ન કરાવનાર જુદો હોય છે; તેની પાસેથી નવો વેપારી વેચાથી સાહિત્ય વગેરે લે છે, ને તે વેપારીને નફો આપીને લે છે. માટે જે વેપારી હાલ પારકા પાસેથી રાચ, યંત્ર, ને સાહિત્ય તૈયાર લે છે, તેણે જો પોતે મુડી કાઢી તૈયાર કરાવ્યાં હોત, તો પોતે પણ એટલોજ નફો લે, તો છેવટે ઉત્પત્તિ ખરચ તો અથથી તે પ્રતિ સુધી મુસારા રૂપે એટલુંને એટલું થાય, એમાં કોઈ શક નથી; માત્ર આપણે વેપારી એક ધારીએ છીએ, તેને બદલે બે અથવા વધારે આવે. પણ વેપારી એક આવે કે બે આવે, તેમાં કોંઈ ફેર પડતો નથી.

એક વેપારી લેવાથી કશો પણ ફેર પડતો નથી, માટે એમ ધારવું કે એક વસ્તુની ઉત્પત્તિ સંબંધી બધી કડાકૂટ એક જણ કરે છે, ને ખરચ પણ એક જણ કરે છે. ત્યારે તેનો નફો કેટલો મળવો જોઈએ? મુડીવાળાને જે ખરચ થાયછે, તે મુસારારૂપે થાયછે, માટે નફાનો બે વાંના ઉપર આધાર રહેશે. એક તો કુલ ઉત્પન્ન, ને બીજું તે ઉપર થયેલું મુસારા રૂપનું ખરચ. કુલ ઉત્પન્ન મહેનતની ઉત્પાદક શક્તિ પ્રમાણે હોય છે. માટે દેશમાં વરશો વરશ નફો કેટલો થાય છે, તે જાણવું હોય તો કુલ ઉત્પન્ન ને મુસારા ખરચની બાદબાકી કરે તો માલમ પડે. પણ જો નફાનો દર જાણવો હોય, તો એ બેનું પ્રમાણ લેવું. જ્યાં લગી મુસારા ખરચનું ને કુલ ઉત્પન્નનું પ્રમાણ એનું એ રહે, ત્યાં લગી નફાનો દર વધે નહી. જો કોઈ કારણથી કુલ ઉત્પન્ન બમણું થાય, ને તેની જોડે ઉત્પત્તિ ખરચ પણ બમણું થાય, તો દેશમાં નફાનો આંકડો વધે, પણ દર તો એનો એ રહે. નફાનો દર તો એ બેના પ્રમાણ ઉપર રહેલો છે.

હવે કુલ ઉપજનો આધાર મહેનતની ઉત્પાદક શક્તિ ઉપર રહેશે, એકલા ખરચ ઉપર રહેશે નહી. એક દેશમાં જેટલી મહેનતે ને ખરચે કોઈ અમુક માલ પેદા થઈ શકેછે, તેથી અર્ધીજ મહેનતે ને ખરચે બીજા દેશમાં તેટલો માલ તૈયાર થઈ શકે. વળી ખરચ પણ દેશ દેશ અથવા ઠામ ઠામ એક હોતું નથી; ને તે ફેર બે રીતે પડેછે. વખતે એકજ પ્રકારની મજુરીનો મુસારો એક દેશમાં કાંઈ હોયછે, ને બીજે દેશ કાંઈ હોય છે; ને ઉત્પાદક શક્તિ બેની એકની એક હોય છે. ત્યારે નફાના દ-

રનો ઘટારો કે વધારો બે કારણ ઉપર રહે: એક જો મજુરની ઉત્પાદકશકિત વધે, પણ તેને કાંઇ મજુરીમાં વધારો આપવો ન પડે તો-અથવા જો મજુરની ઉત્પાદક શકિત એની એ રહે, પણ તેની મજુરીમાં ઘટારો થાય-અથવા જો સોંઘવારી થાય, પણ મજુરને મુસારો એનો એ આપવો પડે તો-એ ત્રણેમાંના ગમે તે કારણથી નફાના દરમાં વધારો થાય. પણ જો મજુરી એની એ રહ્યા છતાં મજુરની ઉત્પાદક શકિતમાં ન્યૂનતા થાય; અથવા ઉત્પાદક શકતિ એની એ રહયા છતાં મજુરીમાં વધારો થાય; અથવા સોંઘવારી થાય પણ મજુરની મજુરીમાં કાંઇ ઘટારો થાય નહીં; તો એ ત્રણ કારણથી નફાનો દર ઘટે. આ ત્રણ સિવાય બીજા કોઇ કારણથી નફાના સ્થાયી દરને આંચ લાગે નહીં. મુડીવાળાનો ને મજુરનો સ્વાર્થ પરસ્પર વિરૂદ્ધ છે; કારણ એકને વધારે મળે, તો બીજાને ઓછું મળે. પણ જ્યારે ઉત્પાદક શકિત વધે, ત્યારે એમ બને કે બેને વધારે મળે, પણ નફાનો દર એનો એ રહે.

હવે આપણે નફાનો દર વિચારતી વખત એવી કલ્પના કરી હતી, કે સઘળું ઉત્પન્ન બે જણ વચ્ચે વેંહચી આપવામાં આવે છે, ઉત્પાદક અથવા મજુર, અને મુડીવાળો. પણ વસ્તુતઃ આ સિવાય એક ત્રીજો ભાગીઓ હમેશ હોય છે બરોઃ જમીનનો માલેક; ને વખતે જમીનના ભાડા સિવાય બીજાં પણ ખરચ થાય છે. આ બધાને મજરે લેવાથી આપણે જે નફા વિશે સિદ્ધાંત કરયો, તે ડગશે કે કાયમ રહેશે, તેનો વિચાર રહ્યો. તે આવતા પ્રકરણમાં કરવામાં આવશે.

प्रकरण ११ मुं.

જમીનના ભાડા વિશે.

આ પ્રકરણના વિષયનો વિચાર કરતી વેળા એક વાત ખસુસ ધ્યાનમાં રાખવી જોઇએઃ જમીનના ખેડનાર બધા નફાને માટે ખેતી કરે છે, માત્ર ગુજરાનને માટે કરતા નથી, એવી કલ્પના કરવી જોઇએ. આ પ્રમાણે વિલાયતમાં ઘણે ઠેકાણે હકીકત ચાલે છે. માટે વિલાયતના ઘણા ભાગમાં અહીંઆંના લખેલા નિયમો લાગુ પડશે. બીજા દેશોમાં ને તેમાં વળી આપણા ખેડુત નફાને વાસ્તે ખેતી કરતાજ નથી; માટે અહીંઆં આ પ્રકરણમાં કહેલા ભાડાના નિયમ લાગુ પડશે નહી.

જમીનનું ભાડું ઉપજે છે, તેનું કારણ એજ કે જમીનની અછત છે. જો ખેતી

થવા જોગ સારી પ્રતની જમીન જોઇએ તેટલી ને જોઇએ તેવે ઠેકાણે મળતી હોય, તો તેનું ભાડું ઉપજે નહીં; કારણ તેવું હોય તો હરેક જણને તે મફત મળી શકે, ને જે મફત મળે તેનું ભાડું કોઈ આપે નહીં. પણ દુનીઆમાં સારી જમીન સુમારે નિયમિત છે, એટલુંજ નહીં; પણ સારા ઠામની જમીન તો છેક નિયમિત છે. હવે આખા દેશમાંની જમીનનો માલેક એક પુરૂષ હોય, તો તે તેનું મોહે માગ્યું ભાડું લઇ શકે. એશિઆખંડમા ઘણાં રાજ્યોમા જમીનનો માલેક રાજા હોય છે, ને તે જમીનના ભાડા બદલ વખતે મોહે માગ્યો વેરો લે છે. જો જમીનનો માલેક એકજ જણ નહોય, પણ થોડા પુરૂષો હોય, ને જો તેઓ બધા એક સંપથી ચાલે તો, તેઓ પણ જમીનનું ભાડું મોહે માગ્યું લઇ શકે. પણ જો જમીનના માલેક ઘણા હોય, તો તેઓ બધાથી એક સંપે ચલાય નહીં; ને તેથી ભાડું જે નક્કી થાય તે સાધારણ સ્પર્ધાના નિયમ પ્રમાણે નક્કી થાય. દેશમાં જમીન નિયમિત હોય, તો સ્પર્ધા પ્રમાણે તેનું ભાડું ઉપજશેજ, એવું નક્કી કહી શકાતું નથી. દેશના વ્યવહાર વાસ્તે જેટલી ઉપજનો ખપ છે, તેને વાસ્તે જેટલી સારી પ્રતની જમીન છે, તેટલી ખેડાણ થવાથી જોઇતો પાક નિપજી શકે, તો બાકીની જમીનના પાકની જરૂર નથી, માટે તે ખેડાણ થશે નહીં; ને તેનું ભાડું પણ ઉપજશે નહીં. હવે જેટલી ખેડાણ થશે, તેમાં કેટલીક સારા પ્રકારની હશે, ને કેટલીક ખોટા પ્રકારની હશે; કેટલીક સારા ઠામની હશે, ને કેટલીક નરતા ઠામની હશે. જે ખોટા પ્રકારની ને ખોટા ઠામની હશે, તેમાં એટલી ને એટલી મહેનતે પાક થોડો નિપજશે; ને જે સારા પ્રકારની કે સારા ઠામની હશે, તેમાં એટલી ને એટલી મહેનતે વધારે પાક ઉપજશે; માટે તેનુ ભાડુ વધારે ઉપજશે.

ઉપર પ્રમાણે દેશમાં જે જમીન ખેડાણ થાય, તે ઘણાજ પ્રકારની હોય, ને જમીનની પ્રતમાં મનફેર તફાવત થતાં થતાં ઉતરતાં ઉતરતાં છેવટે એવી નરસ જમીન આવશે કે તે ખેડાણ કરવા ઇજારદારની પાસે ખેતી ખરચ તથા તે ઉપર સાધારણ નફા સિવાય બીજું કંઈ ભાડા દાખલ આપવાને પડી રહે નહીં. હવે એવી જમીન ખેડાણ થશે કે નહીં? એવી જમીન ખેડાણ થશે; કારણ એ જમીનના પાકની દેશને જરૂર છે. એના પાક સિવાય દેશનું પૂરૂ થાય નહીં; ને અનાજ વગેરેનો ભાવ વંચો હોય એટલે તે ખેડાણ કરવાની ફરજ પડે.

જે જમીન માત્ર ઉત્પત્તિ ખરચ કાઢતાં મુડીવાળાને દસ્તુર મુજબ નફો આપી શકે છે, તે ખેડાણ થશે, પણ તે જમીનનું કંઈ ભાડું ઉપજશે નહીં. પણ તેના કરતાં જે સારી પ્રતની અથવા સારા ઠામની જમીન હશે, તેમાં પાક તેના કરતાં વ-

ધારે થશે; તે પાકમાંથી ખરચ ને નફો કાઢતાં થોડું પડયું રહેશે. તે બધો વધારો જમીનનો માલેક ભાડા દાખલ લઈ શકશે, કારણ તે નહીં લે, તો તે જમીન ઉપર જે ઈજારદારે મુડી ખરચી હશે, તેને નફો વધારે પાલવશે; એટલે બીજા ઇજારદારો પડાપડી કરી તે ઉપર ભાડું વધારશે; ને છેવટે જ્યાં લગી બધો વધારો ભાડા દાખલ જમીનદારના ઘરમાં નહીં જાય, ત્યાં લગી ભાડું વધ્યા જશે. હવે ભાડું એટલે શું, તેનું સ્વરૂપ ચતુર વાંચનારના મનમાં આવ્યું હશે. દેશની સ્થિતિ પ્રમાણે જે ખરાબમાં ખરાબ જમીન ખેડાણ કરવામાં આવતી હશે, તેનો અને તેનાથી સારી જમીનનો જે પાક થશે, તે બેનો જે અંતર તે ભાડું. કોઈ પણ જમીનનું ભાડું એટલે તે જમીનમાં સૌથી નરસ જમીન કરતાં જેટલો વધારે પાક થશે તે.

જમીનના ભાડા વિષે જે આ તર્ક છે, તે ડેવિડરિકાર્ડો નામના અર્થશાસ્ત્રીએ પહેલો વેહેલો શોધી કાઢયો; ને અર્થશાસ્ત્રમાં તે ઘણો ઉપયોગી શોધ છે. તે વિશે કેટલીક હકીકત યાદ રાખવી ઘટે છે. એક તો પ્રથમજ કહેલુંછે, કે જે દેશમાં ખેતી નફા વાસ્તે ઈજારદાર કરાવેછે, તેજ દેશને એ નિયમ લાગુછે. બીજું વળી એ નિયમ સ્પર્ધાને આધારે છે. જ્યાં ભાડાના દર રિવાજથી અથવા બીજી કોઈ રીતે નક્કી થતાં હશે, પણ સ્પર્ધાથી થતા નહીં હોય,ત્યાં એ નિયમ લાગુ પડશે નહીં. તે દેશમાં સૌથી નરસ ખેડાણ જમીનનું પણ ભાડું ઉપજશે. વળી લોક હમેશ સ્પર્ધાથી કામ કરતા નથી. કોઈ વખત જે જમીન પોતે કોઈ પણ કારણસર રાખી હોય છે, તેમાં જરા ઓછો નફો પાલવે, તો પણ ઈજારદાર તેટલા માટે તે જમીન છોડી દેશે નહીં. કંઈ વખતે જમીનનો માલેક મફત જમીન ન આપે, પણ કબજા બદલ સહેજ થોડું ભાડું માગે એમ પણ બને. હવે એવું ભાડું કંઈ ભાડું આપ્યું ન કહેવાય. વળી જ્યારે ઈજારદાર જમીન ખેડે, તે નફા વાસ્તે ન ખેડે, પણ ગુજરાનને માટે ખેડે, ત્યારે તે ભાડું ગમે તેટલું આપે. નફા વિશે, મુસારા વિશે, ભાડા વિશે, ને મુલ વિશે, જે જે નિયમ આપેલા છે, તે એવું કહી આપેલા છે ,કે જેનું લાગતું વળગતું છે, તે બધા ગરજના માર્યા કામ કરતા નથી, પણ માત્ર નફા ખોટનો વિચાર કરી કામ કરે છે. ગરજવાન ઈજારદાર ગમે તેટલું ભાડું આપવું કબુલ કરે, ને ગરજવાન મજુર પેટવાસ્તે ગમે તેટલું કામ કરે; ગરજવાન વેપારી માત્ર નામનો નફો લે; પણ તે વાત ધ્યાનમાં લેવાની નથી.

આ પ્રકરણનું ફલિત એટલું કે ભાડું આપવામાં આવે છે, તેનું કારણએ કે

જોઇતા પ્રકારની જમીન જોઇએ તેટલી મફત મળતી નથી. હરકોઇ દેશમાં ખેડાણ થ-તી જમીનમાં એવી કેટલીક જમીન હશે, કે જેનું ભાડું ઉપજતું નહી હોય. જો એવી જમીન નોખી નહી હોય, તો સારી જમીનનેલગત હશે; ને તેને લીધે સારીનું ભાડું થોડું ઉપજશે. જો એવી જમીન મફત નહી મળે, તો કાંતો સેહેજ નામનું ભાડું ઉપ-જશે; અથવા તેમ નહી બને તો સારી જમીન ઉપર વધારે મુડી ખરચી ખૂટતો પાક નિપજાવવામાં આવશે. આ ખૂટતા પાકનું સુમારે ખરચ વધારે પડશે, એવું આગળ કહેલું છે. એટલે વધારાની મુડી ઉપર કેટલેક ઠેકાણે ભાડું પાલવશે નહી. સારી જમીનનું જે ભાડું ઉપજશે, તે સૌથી નરસના કરતાં જેટલો તેનો પાક વધારે ઉપજતો હશે, તેટલુંજ ઉપજશે. જમીનમાથી માટી, ધાતુ વગેરે કાઢવા બદલ જે ભાડુ આપવું પડેછે, તેના બે પ્રકાર છે. જેટલું ભાડુ વધારે માલ નીકળશે એવી આશાએ આપવામાં આવે છે, તે બધું ઉત્પત્તિ ખરચમાં ગણાય નહી, કારણ વધા-રાના ભાડા જેટલો પાક વધારે થાયછે પણ જે ભાડુ વધારે લાભ મેળવાવાને અપાતું નથી, પણ માત્ર કબજા વાસ્તે આપવામાં આવેછે, તે ઉત્પત્તિ ખરચ જેવુંછે, ને તે વેપારીને મજરે મળવું જોઇએ.

નફાનો વિચાર કરતી વખત એવું આપણે કહ્યું હતું, કે મુંડીવાળાને ઉત્પાદ-કના ગુજારા સિવાય બીજુ કાંઇ ઉત્પતિ ખરચ બેસતુ નથી. ભાડું જે આપવું પડે છે, તે તે વખતે મજરે ગણ્યું નહોતું. હવે એ મજરે ગણવાથી તે નફા વિશેના નિયમમાં કાંઇ ફેર થાય છે કે નહી, તે કહેવાને આપણે શક્તિમાન છૈએ. જમીન ભાડું કાંઈ ઉત્પત્તિ ખરચ નથી, ને તેથી કોઇપણ ઇજારદારના નફામાં ન્યૂનતા થતી નથી, કારણ વધારાની ઉપજમાથી તે આપવામાં આવેછે. માટે આવું ભાડું ગણવાથી નફાના દર વિશેનો જે નિયમછે, તેમાં કાંઇ ફેર થતો નથી. જ્યારે આગળના પુસ્તકમાં પદાર્થના મૂલ વિશેનો વિચાર આવશે, ત્યારે આ ભાડા વિશેનો તર્ક સારી રીતે સ-મજવામાં આવશે. મૂલ તથા સાટા સાટીના નિયમો આવતા ત્રીજા પુસ્તકમાં આવશે.

પુસ્તક ત્રીજું.

क्रय विक्रय.

प्रकरण १ लुं.

મૂલ વિશે.

દ્રવ્ય શા શા નિયમ પ્રમાણે ઉત્પન્ન થાય છે, અને ઉત્પન્ન થયા પછી શા શા ધોરણ પ્રમાણે ઉત્પાદકોને વહેંચી અપાય છે, તે વાતનું આપણે પહેલા બે પુસ્તકમાં વર્ણન કર્યું. ઉત્પન્ન થએલા દ્રવ્યમાંથી ઉત્પાદકને કેટલું મળશે, મુડી કાઢનારને કેટલું મળશે, ને જમીનના માલિકને કેટલું મળશે, તે વાતનો બીજા ભાગમાં વિચાર થયો. પણ દુનીઆના ચાલતા વ્યવહારમાં તો થોડાજ ઉત્પાદકોની ગરજ પોતાના પેદા કરેલા દ્રવ્યથી સરે છે. કેટલાએક માત્ર પોશાકની જણસો બનાવે છે; કેટલાક માત્ર ખોરાકની; કેટલાક માત્ર જુદા જુદા ધંધાનાં રાચ બનાવે છે. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે, કે કોઈ પણ ઉત્પાદકનો વ્યવહાર પોતાની બનાવેલી જણસથી નભે નહી; પોતાની બનાવેલી વસ્તુ બીજા ઉત્પાદકોને આપી, તેમની પાસેથી પોતાના ખપના પદાર્થ તેણે મેળવવા પડે. સારાંશ કે માલ અદલ બદલ થયા વગર થોડાનોજ વ્યવહાર ચાલે. ત્યારે આપણે માલની અદલા બદલી શા શા નિયમ પ્રમાણે થાય છે, તેનો વિચાર કરવો જોઈએ.

ઉપરની હકીકત ઉપરથી એમ નહીં ધારવું કે ક્રયવિક્રય વગર સંસાર ચાલવોજ અશક્ય. હાલપણ દુનીઆના કેટલાક ભાગમાં ઉત્પાદકો પોતાને જોઈતી સઘળી વસ્તુઓ હાથે બનાવે છે; ને અદલા બદલીનો થોડોજ ખપ પડે છે. ક્રયવિક્રય નહી હોય, તો પણ ઉત્પત્તિના નિયમમાં અથવા દ્રવ્યની વહેંચણના નિયમમાં પણ કાંઈ ફેર પડે નહી; પરંતુ તેવું હોય તો મહેનતના વિભાગનો ફાયદો મળે નહી, તેથી પેદાશ થોડી થાય.

ક્રય વિક્રયના નિયમોનો નિર્ણય કર્યા પહેલાં શબ્દ સંબંધી કેટલીક ટીકા કરવાની જરૂર છે. આ નિયમો સમજાવતાં બે શબ્દોનું વારંવાર કામ પડશે; મૂલ ને કિંમત. સાધારણ બોલવા ચાલવામાં એમના અર્થમાં કાંઈપણ ભિન્નભાવ રહેતો નથી. પણ અર્થ વિદ્યાના કામમાં સુગમ પડવા માટે એઓના અર્થમાં ફેર કર્યો છે. કોઈપણ

વસ્તુને બદલે જેટલા પૈસા ઉપજે, તેને તે વસ્તુની કિમ્મત કહીશું: કોઈપણ પદાર્થને બદલે બીજો કોઈ પદાર્થ જેટલો આવે, તે એનું મૂલ.

પણ મૂલનું આવું વ્યાખ્યાન આપ્યું, તેથી ઘુંચવણ પડે એવો સંભવ છે. શેર ખાંડને બદલે અછેર ઘી આવે, પાશેર સુતર આવે, ને બશેર ગોળ આવે; ત્યારે હવે ખાંડનું ખરૂં મૂલ શું સમજવું? વળી કદાચ ભાવ ફરવાથી શેર ખાંડને બદલે બશેર સુતર આવે, તો ખાંડનું મૂલ વધ્યું સમજવુંકે નહીં? આ પ્રશ્નનો એક ઉત્તર દેવાતો નથી. પહેલાના ઉત્તરમાં તો એટલુંજ કેહેવાય, કે સુતર પ્રત્યે ખાંડનું મૂલ આટલું, ગોળ પ્રત્યે આટલું, ને ઘી પ્રત્યે આટલું. બીજાનો જવાબ પણ એવોજછે. જો શેર ખાંડને બદલે આગળ પાશેર આવતું, તેને ઠેકાણે બશેર સુતર આવે, તો એ તો સ્પષ્ટ છે કે સુતરનું મૂલ ઘટ્યું હશે, કે ખાંડનું વધ્યું હશે. પરંતુ કેટલીક વખતતો આપણા-થી નક્કી કહી શકાય. એમ ધારો કે એક વરસ શેલડીનો પાક ઘણો ખરાબ થવાથી ખાંડ હમેશના કરતાં અડધી ઉતરી. હવે જો બીજી વસ્તુઓની પૈદાશ આગળ માફકજ રહી હશે, ને તેઓના ખપ વગેરેમાં ફેરફાર નહી થયો હોય તો, ખાંડનું મૂલ પ્રત્યેક જણસ પ્રતિ બમણું થવાનું; અથવા પ્રત્યેક વસ્તુનું મૂલ ખાંડ પ્રતિ અડધું થવાનું; જેટલું સુતર શેર ખાંડબદલ મળતું હતું, તેટલું હવે અરછેર બદલ મળશે.

ઉપરના દૃષ્ટાંત ઉપરથી વસ્તુઓના મૂલ વિશેના વિચારમાં શું શું આવેછે, તેનો કંઈ આભાસ વાંચનારને થયો હશે. વસ્તુનાં જે જે અન્તર્ગત કારણોથી વસ્તુઓના મૂલમાં ફેર પડે છે, તેનો વિચાર મૂલના પ્રકરણમાં આવેછે. મૂલ વિશે વિચાર કરવો સુગમ પડે, એટલા માટે એવી કલ્પના કરીએ છીએ, કે બીજી બધી વસ્તુઓમાં કશી તરેહનો ફે-રફાર થયો નથી; ને માત્ર જેનો વિચાર ચાલેછે, તેમાંજ સઘળો ફેરફાર થયોછે. આવી કલ્પનાથી મૂલની વધ ઘટનાં કારણો મનમાં સારાં ઠસેછે.

મૂલ શબ્દનું આ વ્યાખ્યાન કર્યું, એ ઉપરથી બુદ્ધિમાન પુરૂષના લક્ષમાં આવ્યું હશે, કે સર્વ વસ્તુઓનાં મૂલ સાથેલાગાં વધે નહીં; તેમ સાથેલાગાં ઘટે પણ નહીં. જો ખાંડનું મૂલ સુતર પ્રત્યે વધ્યું, એટલે જો થોડી ખાંડ બદલ વધારે સુતર આ-વવા માંડ્યું તો, અર્થાત સુતરનું મૂલ ખાંડ પ્રત્યે ઘટ્યું; કારણ કે વધારે સુતરની થોડી ખાંડ આવવા માંડી. ખાંડનું જો ચઢે તો સુતરનું પડે. તેમજ જો કેટલીક વ-સ્તુઓનું મૂલ ચઢે, તો બાકીનીઓનું પડેલું હોય. કોઇ પણ વસ્તુનું મૂલ વધ્યુંછે, એ-મ કહેવાનો અર્થ એટલોજ કે બાકીની જણસો એના બદલામાં આગળના કરતાં વધા-રે આવે છે; એટલે બાકીની વસ્તુઓને બદલે એ જણસ આગળથી થોડી આવે

છે; બાકીની વસ્તુઓનું મુલ ઉતર્યું છે. બધી વસ્તુનું મુલ સાથે લાગું ચડે કે ઉતરે નહીં.

મુલ સાથેલાગું ચધે કે ઉતરે નહીં, એ તો ખરૂં; પરંતુ વસ્તુઓની કિંમત સાથેલાગી ચડે ઉતરે ખરી. આ વાત ધ્યાનમાં ઠસાવવાને વાસ્તે કિંમત શબ્દનો જે અર્થ ઉપર સ્વીકાર્યો છે, તે યાદ રાખવો જોઈએ. કોઈ પણ પદાર્થને બદલે જેટલા પૈસા ઉપજે, તે તેની કિમ્મત. હવે કોઈ વાર એવું બને કે બધી વસ્તુની કિમ્મત સાથે લાગી વધે. આ પુસ્તક વાચનારામાંના ઘણાને યાદ હશે, કે આજથી દસ વરસ ઉપર જ્યારે રૂના ભાવ આઠસેં એ પહોંચ્યા હતા, ત્યારે બધી વસ્તુઓની કિમ્મત વધી હતી. એ પ્રમાણે બધી ચીજોના ભાવ વધવાથી કોઈને ફાયદો હોય, એમ દીસતું નથી. બધા વેપારી તથા મજુરોને વધારે રૂપીઆ મળશે, પરંતુ પોતાને કાજે જે જણુસો તેઓને લેવી પડશે, તેનો પણ વધારે ભાવ ખરચવો પડશે. જો બધી વસ્તુઓની કિમ્મત સાથેલાગી ને સરખીજ વધે, તો વેપારી કે મજુરને એ વધારાથી કંઈ નફો નથી: માત્ર કહેવામાં બંને વધારે કમાયા ગણાય; પણ તેમના ઉપભોગમાં કંઈ પણ વધારો થાય નહીં. સામાન્ય ઊંચી કે નીચી કિમ્મતથી વેપારી કે ઉત્પાદકોને નફો ટોટો નથી, પણ જે લોકોએ પૈસા આપવા લેવાના બાંધ્યા કરાર કરેલા હોય, તે બધાને નફો ટોટો થાયજ. જે લોકો પગારબંધ નોકર હોય, તેઓને સામાન્ય કિમ્મત વધવાથી નુકશાન થાય, ને ઘટવાથી ફાયદો થાય. લેણદાર ને કરજદાર વિશે પણ તેમજ સમજવું. પૈસાની ઘણી અછતની વખતે રૂપીઆ લીધા હોય, તે પછી જ્યારે ઘણી છત હોય ત્યારે આપ્યા હોય, તો કરજદારને ફાયદો ને લેણદારને ખોટ પડે. આ વિશે આગળ સવિસ્તર વર્ણન આવશે.

હવે મુલ અને કિમ્મત એમના શબ્દાર્થનો નિર્ણય થયો. કોઈ પણ વસ્તુનું મુલ એટલે બીજા બધા પદાર્થ લેવાની તે પદાર્થમાં રહેલી શક્તિ; ને કિમ્મત એટલે તેને બદલે જેટલા પૈસા આવે તે. કોઈ પણ પદાર્થના મુલનો આધાર શા ઉપર રહેશે, તેનો એક જવાબ દેઈ શકાતો નથી. તે પદાર્થનો માલિક મરજીમાં આવે, તો કોડી માટે આપે; ને તેનો ખરીદનાર મરજીમાં આવે તેના લાખ રૂપીઆ આપે. માટે વસ્તુનું મુલ આટલુંજ થશે, એમ કહેવાય નહીં. પરંતુ જો આપણે એક એવી ધારણા કરીએ કે પદાર્થના વેચનારા બધા એવી ઇચ્છા ધરાવે છે, કે જેમ બને તેમ ઊંચી કિમ્મત આપણે લેવી, ને ખરીદદાર એમ ધારે, કે જેમ આપણને ઓછી કિમ્મત પડે તેમ ખરી, એટલે જો લેનાર વેચનાર સ્પર્ધાથી કામ કરે, તો પછી પદાર્થના મુલ વિશે નિયમ આપવો મુશ્કેલ નહીં પડે. જે લોક જથેબંધ લેનાર હોય છે, તેઓ હમેશ

બનિથી આવતી ખબર રાખે છે, ને જ્યાં સસ્તો ને સારો મળે છે, ત્યાંથી તેઓ માલ લેછે; ને જથ્થાબંધ વેચનાર પણ વસ્તુના મૂલ વિષે એવીજ ખબર રાખેછે. જથ્થાબંધ વહેપારીઓમાં આવી રીતે સ્પર્ધાથી કામ ચાલેછે, માટે આ પુસ્તકમાં આપેલા નિયમો તેઓને ઘણેભાગે બરોબર લાગુ પડશે. પરન્તુ પરચુરણ ખરીદીમાં ખરીદ કરનારા એટલી બધી ફિકર રાખતા નથી, ને કેટલાક તો એવા હોયછે, કે કોઈ દુકાનમાં ઉભા રહી, જોઈતી જણસ માગી લેઈ, તેની કિમ્મત કહે તે આપી પાછા વળે છે. માટે પરચુરણ વહેપારીઓને આ ગ્રંથમાં આપેલા નિયમો પુરેપુરા લાગુ પડશે નહીં. તો પણ વિલાયતના અથવા મુંબઇના કરતાં ગુજરાતમાં વધારે લાગુ પડશે; કારણ ગુજરાતમાં ઘણાખરા માલ ખરીદનાર એકદમ વેચનારને મોઢે માગી કિમ્મત આપતા નથી, પણ દશ દુકાને ફરી ભાવતાલ ધ્યાનમાં લઈ માલ લેછે,

વેચનાર ખરીદનારાઓમાં પુરેપુરી સ્વાર્થબુદ્ધિને સ્પર્ધા હોય, ત્યાંજ આ પુસ્તકના નિયમ લાગુ પડેછે, તેથી એ નિયમ કોઈપણ સ્થળને લાગુ પાડતી વખત વિચારવું જોઈએ કે એવી બુદ્ધિ ને સ્પર્ધાછે કે નહીં; અથવા છે તો કેટલે અંશેછે, ને નથી તો કેટલે અંશે નથી; ને જેટલે અંશે સ્પર્ધા ન હોય, તેટલે અંશે નિયમ લાગુ પડતા જોવાની આશા રાખવી નહીં. આ પ્રમાણે ધારણા કર્યા પછી મૂલના નિયમનો આધાર શાના ઉપર રહેછે, તેનો વિચાર આવતા પ્રકરણમાં આવશે.

प्रकरण २ जुं.

મૂલ વિષે ધોરી નિયમ.

કોઈપણ પદાર્થના મૂલ વિષે નિર્ણય કરતાં પહેલાં પ્રથમ વિચારવું જોઈએ, કે એ પદાર્થ ઉપયોગી છે કે નહીં; એ પદાર્થથી માણસની કોઈ પણ કામના સિદ્ધ થાય એવું છે કે કેમ? જે પદાર્થથી માણસની કોઈપણ કામના પૂર્ણ થઈ શકતી નથી, તે પદાર્થનું કોઈ દિવસ મૂલ ઉપજનાર નથી; પછી તેની આગત ગમે તેટલી હો; પરંતુ આ ઉપરથી એમ અનુમાન કરવું નહીં જોઈએ, કે જેટલા જેટલા ઉપયોગી પદાર્થ છે તે બધાનું મૂલ ઉપજેછેજ. હવા જેવું કાંઈ ઉપયોગી નથી, તેના વગર આપણે ઘડી પણ ચાલે નહીં; પણ તે મફત મળી શકેછે, માટે એનું મૂલ ઉપજતું નથી. જંગલમાં ખાખરાનાં પાંદડાં જોઈએ તેટલાં મળે; ને તેનું ગામડામાં મૂલ ઉપજતું નથી, એનું કારણ એજ કે એ મફત મળી શકેછે. પણ વખતે ગામડામાંએ એનું મૂળ ઉપજેછે,

એનું કારણ શું? એનું કારણ એટલુંજ કે તે મફત તો મળેછે, પણ તેને ચુંટતાં ને લાવતાં શ્રમ પહોચે છે. ત્યારે જે મફત મળે એવું હોય તેનું મૂલ ન ઉપજે, એમ સમજવું નહીં; પણ મફતનું મફત, ને પાછું વગર મહેનતે મળે એવું હોય તેનું કાંઈ મૂલ ન ઉપજે. પદાર્થ જો ઉપયોગી તથા શ્રમલભ્ય એટલે મહેનત કરે મળે એવો હોય, તોજ તેની કિંમત ઉપજે. શ્રમલભ્ય હોય પણ ઉપયોગી ન હોય, અથવા ઉપયોગી હોય પણ અશ્રમલભ્ય હોય તો, તે પદાર્થના બદલામાં કોઈ દિવસ બીજો પદાર્થ મળે નહીં. ઉપયોગીપણું, ને શ્રમલભ્યપણું, એ બે મૂલનાં અવશ્ય કારણ છે.

આ કારણોનો મૂલનો પાયો કહીએ તો ચાલે; એઓ ન હોય તો મૂલ ઉપજેજ નહીં. પણ મૂલ થોડું કે વધતું ઉપજવું, એ કાંઈ કેવળ આ કારણોને આધારે નથી. મૂલના થોડાપણા કે વધતાપણાનો આધાર બીજોછે, તેનો હવે વિચાર કરીએ.

મૂલ બે તરેહનાં હોયછે. ચાલતાં મૂલને સ્થાયી મૂલ. પદાર્થનાં ચાલતાં મૂલ તેમની છત અને ખપ ઉપર આધાર રાખે. છત એટલે તેનો જેટલો જથો વેચવા કાહાડ્યો હોય તે; અને ખપ એટલે ચાલતી કિમ્મતે તે છતનો જેટલો ભાગ ખરીદવાને શક્તિમાન માણસ ખુશી હોય તેટલો ભાગ. શક્તિમાન માણસની ખુશી લેવાનું કારણ એટલુંજ કે અશક્તિમાન માણસની ખુશીથી કંઈ નીપજતું નથી. ખપનો આધાર બે વાનાં ઉપર રહેલો છે, એક તો લોકની રૂચિ ઉપર, ને બીજો વસ્તુના ભાવ ઉપર. લોકની રૂચિ ન હોય, તો ભાવ ગમે તેટલો હલકો હોય, તોપણ લોક લે નહીં; ને વખતે રૂચિ હોય, પણ ભાવ એટલો બધો હોય, કે રૂચિવાળા પણ લેતાં આંચકો ખાય. હવે અર્થશાસ્ત્રનો એક ધોરી નિયમ એ છે, કે જે કિમ્મતે છત જેટલોજ ખપ થશે, એટલે જેટલી કિમ્મતે છતને ખપ બરોબર થશે, તે કિમ્મતે પદાર્થ વેચાશે. જો એથી ઊંચી કિમ્મત વેચનાર માગશે, તો તેનો બધો માલ ખપશે નહીં; ને હારીને અન્તે કિંમત ઉતારવી પડશે. પણ જો એથી નીચી કિમતે માલ વેચાશે, તો બધો ખપ પુરો નહી પડે; ને ખરીદનારામાં પડાપડી થશે, ને માલની કિંમત વધી પાછી છતને ખપ બરોબર થશે. પદાર્થના ચાલતા મૂલનો આ ધોરી નિયમ છે. બધા પદાર્થનું ચાલતું મૂલ, ખપ અને છત ઉપર આધાર રાખે છે. જેવી છત ને જેવો ખપ તેવું મૂલ. બધા પદાર્થનું ચાલતું મૂલ છત ને ખપ ઉપરજછે, ને બીજા કશા ઉપર નથી.

હવે એમ ધારો કે કોઈપણ પદાર્થની છતમાં એકાએક ઘટાડો પડ્યો. જાણે કે ખાંડ એક વરસ ઓડખી નીપજી. હવે પરિણામ શો થવાનો? ખાંડનો ખપ તો આગળ મુજબ છે, માટે જો ખાંડનું મૂલ એનું એ રહે, તો બધાનો ખપ પુરો પડે

નહીં. ખરીદનારાને તથા વેચનારાને આ વાત ખબર હોય છે, તેથી ખરીદનારા પડાપડી કરી વધારે ભાવ આપવા માંડશે; ને ભાવ એમનો એમ વધ્યા કરશે. જ્યાં લગી ભાવ એટલો વધશે, કે ખરીદનારાઓમાંના કેટલાક ઓછો વકરો કરશે, અથવા બિલકુલ નહીં કરે, ને ખપ ને છત બરોબર થશે, ત્યાંલગી ભાવ વધ્યા કરશે. જ્યારે આ પ્રમાણે મૂલ વધવાથી ભાવ એટલો થશે, કે જેટલી માલની છત, તેટલાનાજ ખરીદનાર, ત્યારે ભાવ થાભશે. ભાવ આ પ્રમાણે વધ્યા પછી જ્યાં લગી ખાંડની છત તથા ખપ એટલાંને એટલાંને રહેશે, ત્યાંલગી એ ભાવ કાયમ રહેશે. તેમજ જો ખાંડની નીપજ હમેશ પ્રમાણે થઇ હશે, પણ એકદમ લગનસરાથી અથવા બીજા એવાજ કારણથી ખપમાં વધારો થયો હશે, તો એવોજ પરિણામ થવાનો; ને જ્યાંલગી કાંતો નવી આવક આવવાથી, અથવા ખપમાં ન્યૂનતા થવાથી છત તથા ખપ બરોબર થશે નહીં, ત્યાંલગી ભાવ વધ્યા કરશે. જ્યારે ખપને છત સમાનતા ઉપર આવશે, ત્યારે ભાવ થાભશે. વસ્તુનો ચાલતો ભાવ છત તથા ખપની સમાનતા ઉપર રહેલો છે.

હવે ઉપરનાથી વિરૂદ્ધ કલ્પના કરો, ને એમ ધારો, કે સારા પાકથી અથવા બીજા કોઇ પ્રકારથી એકદમ ખાંડની છતમાં વધારો થયોછે. ત્યારે ઉપર જેમ ખરીદનારામાં પડાપડી ચાલી હતી, તેમ હવે વેચનારાઓમાં ચાલશે. જો તેઓ ભાવ આગળ પ્રમાણે રાખશે, તો ખપ એનો એ રહ્યોછે, તેથી બધો માલ ખપી નહી જાય. માટે તેઓ એક બીજા ઉપર પડાપડી કરી હાંસાતુંસીથી ભાવ ઉતારશે, ને તે ઉતારવાથી કાંતો આગળના ખરીદનારા પોતાની ખરીદી વધારશે; અથવા નવા ખરીદનારા જાગશે; આ બેમાંથી ગમે તે રીતે અથવા બંને રીતે ખપમાં વધારો થશે; ને જેટલો છતમાં વધારો છે, તેટલોજ જ્યારે ખપમાં થશે, ત્યારે ભાવ થાંભશે. આ પ્રમાણે ખપમાં વધારો થવાથી છત અને ખપ સમાનતા ઉપર આવશે. આવી રીતે ભાવ ઉતારી ખપને છતને સમાનતા ઉપર નહી લાવતાં, બીજી રીતે પણ લાવી શકાય. ખપ વધારવાને બદલે છત ઘટાડી શકાય. જો એકજ જણના હાથમાં બધો માલ હોય તો આમ કરવું પાલવે. તેવો વેપારી ધારે તો પોતાનો માલ વેચવા કાઢે નહી; ને જેટલો ચાલતા ખપ પ્રમાણે જોઇએ તેટલોજ રાખે. પણ જ્યારે માલ એકજણના હાથમાં ન હોય, પણ ઘણાના હાથમાં હોય, ત્યારે આ પ્રમાણે પોતાનો માલ વેચવા જે વેપારી નહી કાઢે, તેનો માલ બિલકુલ નહી ખપે, ને બીજા થોડું ઘણું પણ કમાય. માટે કોઈ સાધારણ વેપારી એવું કરવા ધારતો નથી. જ્યારે બધા વેપારી એકઠો કરી વધારાનો માલ રાખી મુકવાનો સંપ કરે, તો ભાવ ઉતરે નહી. પણ બધામાં એવો

સંપ થવો મુશ્કેલ; કેમકે એવો સંપ હોય તો બધાને નુકશાન સરખું પડે: પણ બધાને છતના વધારાથી નુકશાન સરખું નથી; વગવાળા તથા હોંશીઆરને થોડું થાય છે, ને બીજાને ઘણું થાય છે; માટે તેવા વેપારી સંપમાં સામેલ થાય નહી. તેમજ જો છત એની એ રહે, ને ખપમા એકદમ ઘટારો થાય, તો પણ પરિણામ એવું એજ સમજવું.

મૂલ વિશેના પ્રકરણમાં પદાર્થનાં અન્તર્ગતનાં કારણો જોવાં ઘટેછે, બાહ્ય કારણો ઉપર ધ્યાન આપવું ઘટતું નથી, એવું આગળ કહેલુંછે; માટે ખપ વિશે ઘણો વિચાર ન કરતાં છત ઉપર વિશેષ લક્ષ દેવું યોગ્ય છે. હવે ઉપર કહેવામાં આવ્યુંછે, કે ખપ એનો એ રહ્યા છતાં, જો છત એની બરોબર હશે, તો મૂલમાં ફેર પડશે નહી; જો ઓછી હશે તો મૂલ વધશે, ને વધારે હશે તો મૂલ કમી થશે. આ નિયમ ચાલતા મૂલ વિશેનો છે. સ્થાયી મૂલનો આધાર શા ઉપર રહેશે, તેનો વિચાર કરવો હવે રહ્યો.

છત થોડી હોવાથી ચાલતું મૂલ વધે છે, ને છત વધવાથી ચાલતું મૂલ ઘટેછે; એવું છે, માટે એટલુંજ જોવાનુ રહ્યું કે છતની વધઘટ ઉપર માણસનું કંઈ જોર ચાલેછે કે નહીં. જે વસ્તુની છત ઉપર માણસનું જોર ચાલતું નહીં હોય, તેનું સ્થાયી મૂલ માત્ર છત ને ખપનેજ આધારે રહેશે; એટલે જે વસ્તુની છતમાં ઘટ થઈ હોય, તે વસ્તુ એવી હશે, કે તેની આવકમાં વધારો કોઇ પણ ઉપાય કરતાં થઈ શકેજ નહીં, તો સ્પષ્ટ છે કે એ વસ્તુનું સ્થાયી મુલ પણ હમેશ એ પ્રમાણે ઊંચુ રહેવાનું. હમેશ આવી કેટલીક વસ્તુઓ હોય છે ખરી. જુના લેખ, જુનાં ચિત્ર, જુના સિક્કા, કોઇ પણ શેહેરમાં સારી હવાનાં ને મોખનાં ઘર, મહાબળેશ્વર જેવી ડુંગરા ઉપર ઘર, પાટણનાં વાસણ, મોતી, અમુક પ્રદેશમાં થાય એવાં ફળ, વગેરે. આ બધાનું સ્થાયી મુલ પણ છત તથા ખપ ઉપર રહેવાનું. ખપ કરતાં જેની છત હમેશ ઓછી રહે, એટલે જેની છત વધારવા વિશે માણસનું જોર ચાલેજ નહીં, એવા પદાર્થ ઘણા નથી. પણ થોડા કાળ સુધી, વખતે લાંબા કાળ સુધી, જેની છત થોડી રહે, એવા ઘણા છે. જે પદાર્થને ઉત્પન્ન થતાં કેટલીક મુદત જોઈએ છે, તે બધા આ પ્રકારના છે. બધાં ઢોર આ વર્ગમાં આવેછે. જો કોઈ પણ રોગથી અથવા બીજા કારણથી એકદમ ઢોરની સંખ્યામાં ન્યૂનતા પડી જાય, તો ઘણા કાળ સુધી, એટલે પાછી ઉત્પત્તિ થઇ છત ઠેકાણે આવે ત્યાં સુધી, ઢોરનું મુલ ઊંચુ ને ઊંચુ રહે. આ હકીકત માણસના ઉપયોગી સર્વ પ્રાણીને લાગુ પડે છે. અનાજને પણ તૈયાર થતાં ઓછામાં ઓછી એક મોસમ જોઇએ. માટે જો અનાજની આવકમાં ખપ કરતાં ન્યૂનતા

હોય તો, અનાજનો ભાવ પણ છત વધતા સુધી ઊંચો રહેવાનો. બીજી પણ ઘણી ખરી વસ્તુની આવક વધારવાને કેટલીક મુદત જોઈએછીએ. તે દરમીઆનમાં તેઓનું મુલ છત ને ખપના આધારે રહેવાનું.

કેટલાક પદાર્થોની છત વધતાં હમેશ વાર લાગે છે, ને કેટલાકની તો વધારી શકાય એવી નથી. પરંતુ છતનો ઘટાડો કરવો એ વધારો કરવા જેટલો મુશ્કેલ નથી; કારણ બીજી કોઈ રીતે ન થઈ શકે, તો છેવટે તે પદાર્થનો નાશ કરી ઘટાડો કરી શકાય. પરંતુ આ રસ્તે ઘટાડો કરવો માલના માલીક ઘણું કરી દુરસ્ત ધારતા નથી; તેઓ બહુ કરેછે તો તેની ઉત્પત્તિ બંધ કરે છે. પણ ઉત્પત્તિ બંધ થયા પછી પણ ખપ કરતાં છત ઘણી મુદત જાસ્તી ને જાસ્તી ચાલી જાય છે, ને જ્યાં લગી એમ જાસ્તી ચાલે છે, ત્યાં લગી એ ચાલતું મુલ નીચું ને નીચું રહે છે. આવા કેટલાક પદાર્થ છે ને તેમાં મુખ્યત્વે કરીને જે પદાર્થો ઘણા ટકાઉ છે, તે આ પ્રકારના છે. તેઓની છત કોઈ કારણસર વધી ગઈ તો પછી ઘણા કાળ પર્યંત તેઓના ભાવ નીચા રહેછે. રહેવાનાં ઘર તથા ધાતુની ચીજો આ જાતની છે.

પદાર્થનું ચાલતું મુલ કેમ નક્કી થશે તે નિર્ણય થયો. બધા પદાર્થનું ચાલતું મુલ તેમની છત અને ખપ ઉપર આધાર રાખશે. જે પદાર્થની છત વધારી શકાતી નથી, તેમનું કાયમ મુલ પણ છત અને ખપ ઉપર આધાર રાખશે, જે પદાર્થની છત બિલકુલ ન વધી શકે તેવી નથી, પણ જેની છત વધારતાં વાર લાગેછે, તેવા પદાર્થનું મુલ પણ દરમીઆનમાં માત્ર ખપ ને છત પ્રમાણે રહેશે. પણ જો કે કેટલાક પદાર્થની છત ઉપર માણસનું જોર હોતુંજ નથી; ને કેટલાકની છત વધારતાં વાર લાગે છે, તોપણ મનુષ્યના ઉપયોગના ઘણાખરા પદાર્થો તો એવા હોયછે, કે તેમની છત ધારીએ એટલી વધારી શકાયછે.

જે પદાર્થની છત મોડી વહેલી મરજીમાં આવે એટલી વધારી શકાયછે, તે પદાર્થનું મુલ શા આધારે રહેલુંછે, તેનો વિચાર આવતા પ્રકરણમાં આવશે. પણ કેટલાક પદાર્થની છત યથા રૂચિ વધારી શકાય એવું છે, તથાપિ તેઓનું સ્થાયિ મુલ માત્ર છત તથા ખપને આધારે રહેછે. મજુરી એટલે મજુરોની સંખ્યા ચાહીએ એટલી વધારી શકાયછે. પણ તેનું મુલ એટલે મુસારો માત્ર છત તથા ખપનેજ આધારે છે. આગળ જતાં બીજા પણ કેટલાક એવા પદાર્થ આવશે, કે જેના મુલનો આધાર છત ને ખપ ઉપરજ છે. પરંતુ એ પદાર્થોનો વિચાર કર્યા પહેલાં સ્થાયી મુલનો નિર્ણય કરવો રહેલો છે, તે કરીએ. જે પદાર્થની છત મરજી પ્રમાણે વધારી

શકાય છે, તેના સ્થાયી મૂલનો નિયમ શો છે, તે આવતા પ્રકરણમાં કહીશું.

प्रकरण ३ जुं.

પદાર્થોનું કાયમ મૂલ.

આગલા પ્રકરણમાં મૂલનાં આવશ્યક કારણ શાં શાં છે, તેનો નિર્ણય થયો. વળી મૂલ કેટલા પ્રકારનાં છે, ને ચાલતું મૂલ કયા નિયમ પ્રમાણે વધશે ઘટશે, ને કયા પદાર્થોનું સ્થાયી મૂલ છતને ખપ પ્રમાણેજ ચઢશે ઉતરશે, એ બધા પ્રશ્નોનો પણ નિર્ણય થયો. પરંતુ આપણે એમ કહી ગયા કે જે પદાર્થોની છત વધી શકે છે, તેના સ્થાયી મૂલનો પાયો કેવળ છત ઉપર નથી. ત્યારે શા ઉપર છે?

આ બધા પદાર્થ શ્રમથી ઉત્પન્ન થયેલા હોય છે. ત્યારે પહેલાં તો એ વિશે એવો નિયમ આપી શકાય, કે જો વેપારીએ ગાંઠની મુડી કાઢી મજુર રાખી તેઓને તૈયાર કરાવ્યા હશે, તો જેટલું મૂલ લીધાથી કાઢેલી મુડી પાછી વળે, ને દસ્તુર મુજબ નફો મળે, તેટલે મૂલે તેઓ વેચાશે. એથી ઓછે મૂલે વખતે તેઓ થોડા દહાડા વેચાય, પણ હમેશ વેચાય નહીં; કારણ જો એથી ઓછે મૂલે હમેશ વેચાય, તો વેપારીને ઓછો નફો પાલવે, અથવા ખોટ આવે, ને કોઈ પણ વેપારી હમેશ ઓછો નફો આવો અથવા ખોટ ખાવી કબુલ કરે નહીં. થોડાં વરસ કદાપિ આશાએ આશાએ એનો એ ધંધો થોડો નફો કમાતાં છતાં અથવા ખોટ ખમતાં જારી રાખશે. પણ આખારે એમાંથી સારા નફાનો કાંઈ જોગ નહીં માલમ પડે તો, તે ધંધો બંધ કરશે. ધંધો બંધ થવાથી તે વસ્તુની છતમાં ન્યૂનતા પડશે, એટલે પાછી, ગયા પ્રકરણમાં વર્ણવેલી રીત પ્રમાણે, ઊંચે ભાવે તે વેચાશે. આ ઉપરથી સિદ્ધ થાયછે, કે જે દેશમાં લોક ઓછો નફો ખાવા કરતાં ધંધો બદલવો પસંદ કરેછે, તે દેશમાં વસ્તુનું મૂલ ઓછામાં ઓછું એટલું તો ઉપજવુંજ જોઈએ, કે જેથી વેપારની મુડી પાછી વળે, ને તે વેપારના દસ્તુર મુજબ નફો મળે. આ વાત સ્થાયી મૂલને લાગુ પડે છે, ચાલતુ મૂલ તો છત પ્રમાણે વખતે જરા ઓછુ ઉપજશે, ને વખતે વધારે ઉપજશે.

આ નિયમ બધી શ્રમલભ્ય વસ્તુને લાગુ પડેછે. બધી શ્રમલભ્ય વસ્તુની એટલી તો કિંમત ઉપજવી જોઈએજ, કે જેથી કાઢેલી મુડી પાછી વળે, ને દસ્તુર મુજબ નફો મળે.માટે ગયા પ્રકરણમાં જે વસ્તુઓ વિશે એમ કહેવામાં આવ્યું, કે એઓનું સ્થાયી મૂલ માત્ર છતને ખપને આધારેછે, તેઓ પણ જો શ્રમલભ્ય હશે, તો ઉપર-

ના નિયમથી તેઓનું ઓછું મૂલ ઉપજશે નહીં. પછી છત ને ખપ પ્રમાણે ગમે તેટલું વધારે ઉપજે. પરંતુ બધી શ્રમલભ્ય વસ્તુઓ વેપારી મુડી કાઢી બનાવાવતા નથી. ધોતી જોડા કે રેશમી કાપડના જેવી વેપારીએ મુડી કાઢીને બનાવેલી વસ્તુઓ આપણા દેશમાં ઘણી નથી. આપણા વાપરમાં આવતી આપણા દેશમાં બનેલી વસ્તુઓમાંની ઘણી તો કારીગરે પોતાની પંડની મુડીની સહાયતાથી ઉત્પન્ન કરેલી હોયછે. હવે જ્યારે મજુર પોતાને માથે રાખી માલ પેદા કરે છે, ત્યારે તે તેમાંથી કાંઈ નફો કાઢવાની આશા રાખતો નથી; માત્ર તેમાંથી પોતાની દસ્તુર મુજબ મજુરી પાલવે, એટલે પોતે કમાયો એમ સમજે છેઃ પછી સહેજસાદ નફો મળો કે ન મળો. માટે જે વસ્તુઓ મુડીદારે મુડીની સહાયતાથી બનાવાવી નથી, પણ ઉત્પાદકે માથે બનાવી હોયછે, તે તો જેટલે મૂલે મજુરને દસ્તુર મુજબ મજુરી પાલવે, ને કદાચને તે ઉપર જરા સહેજ પડ્યું રહે, તેટલે મૂલે વેચાશે.

શ્રમલભ્ય એટલે મહેનતથી પેદા થાય એવા પદાર્થનું ઓછામાં ઓછું કાયમ મૂલ કેટલું ઉપજશે, તે હવે નક્કી થયું. હવે વધતામાં વધતું કેટલું ઉપજશે, તેનો વિચાર કરવો ઘટે છે. જો પદાર્થ એવી તરેહનો હશે, કે એને એ મૂલે તેનો ગમે તેટલો જથ્થો પેદા કરી શકાય, ત્યારે તો, જો તે પદાર્થના ઉત્પાદકોમાં સ્પર્ધા હશે ને મુડીવાળા નફા વાસ્તે ઉત્પન્ન કરાવતા હશે તો, જે ઓછામાં ઓછું મૂલ તેજ વધતામાં વધતુ સમજવું. ઘણા ખરા પદાર્થો એવા હોયછે, કે તેમનો જથ્થો એકદમ ચાલતી કિંમતે થોડીવારમાં ધારીએ એટલો વધારી શકાયછે. લાકડાની ખુરશીઓ ધારીએ એટલી એક મહિનામાં કરી શકાય છે. સુતરાઉ કાપડના તાકા પણ ધારીએ તો કરોડો પેદા કરી શકાય, ને તે પાછી એકની એકજ કિંમતે કરી શકાય. માટે આવા પદાર્થનું જે ઓછામાં ઓછું સ્થાયી મૂલ, તેજ વધતામાં વધતું સમજવું. તે મૂલ હમેશ એટલું રહેવાનું કે જેથી (જો તે પદાર્થ વેપારીએ બનાવ્યા હશે તો) કાઢેલી મુડી પાછી વળે ને દસ્તુર મુજબ નફો પાલવે; ને જો મજુરે માથે બનાવ્યો હોય, તો તેને પોતાની રીત પ્રમાણે મજુરી મળે. એવા પદાર્થનું આથી વધારે મૂલ કાયમ ઉપજશે નહીં; કારણ સ્થાયી મૂલ એથી વધારે થાય તો, બીજા વેપારી નફાની લાલચે એવો માલ કરાવી છત વધારી ભાવ ઉતારી નાખે. સ્થાયી મૂલ તો આટલું રહે, પણ વખતે માલની છતના વધારાથી અથવા ઘટાડાથી ચાલતું મૂલ ઉતરે ચડે ખરૂં. વધે ઘટે તો ખરૂ, પણ ચાલતું મૂલ હમેશ સ્થાયી મૂલની લગભગને લગભગ રહેવાનું. પછી કોઈ કોઈવાર થોડું વધારે, ને કોઈવાર થોડું કમી રહેશે.

આ પ્રકરણમાં મુલ શબ્દના અર્થમાં ભલ થવી ન જોઇએ. આગળ ૧૩૭ મે પાને મુલ શબ્દનું વ્યાખ્યાન કર્યુંછે, તથા મુલ વિચાર કરતી વખત બીજા બધા પદાર્થ એમના એમ રહે છે, એવી જે કલ્પના કરવાની કહેલી, તે ધ્યાનમાં રાખવી જોઇએ. વળી દુનીઆમાં પૈસો છેજ નહી, એમ ધારી અત્યારલગી વિચાર ચલાવેલો છે; ને વાંચનારને વિંનતિ એટલીજ કરવાની, કે નાણા સંબંધી પ્રકરણ આવે, ત્યાંલગી સ્પષ્ટ વચન ન હોય તો પૈસો છે, એવું ધારવુંજ નહી. પૈસાથી હાલ કામ એટલુંજ થાય છે, કે પેદા થએલા પદાર્થ બદલ પહેલો પૈસો લઇએ છિએ, ને પછી તે ઉપજેલા પૈસા બદલ પાછા બીજા ખપ પડતા પદાર્થ લઇએ છિએ. આવી રીતે કરવાથી કેટલી સગવડ પડે છે, તે આગળ જતાં પૂર્ણ રીતે મનમાં ઉતરશે. પણ પૈસા દ્વારે આપણને જે ખપ પડતા પદાર્થ મળી શકેછે, તે ખરૂ જોતાં આપણા પદાર્થને બદલે મળેછે. માત્ર ફેર એટલો થાયછે, કે એકને બદલે ભાગફાડ બે થાય છે. પહેલાં આપણા પદાર્થ ને બદલે પૈસા મળેછે, ને પછી પૈસાના પદાર્થ લઇએ છિએ. હવે પદાર્થના સાટાં થતાં હોય, ત્યારેજ ઉપરના નિયમ પુરા લાગુ પડે છે, એ વાત સમજવાને માટે આગળ કરેલી કલ્પના મનમાંથી ખસવા દેવી ન જોઇએ. એમજ ધારવું કે જે પદાર્થના મુલ વિશે વિચાર ચાલે છે, તે પદાર્થ સિવાય બાકીના બધા પદાર્થનાં અરસ્પરસ મુલ છે, તે તેવાંને તેવાં છે. જો સુતરૂ કાપડના મુલ વિશે વિચાર ચલાવતા હોઇએ તો, ખાંડ, ગોળ, રેશમ, જોડા, મેજ, ખુરશી, એ બધાના પરસ્પર મુલ છે, તેવાંજ રહ્યાં છે, એમ ધારવું; એટલે સુતરૂ કાપડનું એમાંના ગમે તે એકની જોડે મુલ જણાઇ આવે, તે ઉપરથી બાકીના બધાના પ્રત્યે મુલ અર્થાત જણાયજ. આ કલ્પના કર્યા પછી એમ વિચાર ઉઠશે, કે એક કાપડના તાકા બદલ કેટલી ખાંડ આવશે? આ પ્રશ્નનો એક ઉત્તર આપી શકાતો નથી; પણ જો દેશના સર્વ મુડીદારોમાં પુરેપુરી સ્પર્ધા ચાલતી હશે, ને જો તેઓ બીજી વાત ઉપર ધ્યાન ન આપતાં માત્ર વધારે નફાવાળા ધંધા તરફ દોડવાની દાનત રાખતા હશે તો, સ્પષ્ટ છે કે, બધા ધંધામાં નફાનો દર સરખો થઇ જશે. એક ધંધામાં વેપારી દોઢો નફો ખાતો હોય, ને બીજામાં સવાયો પાલવતો હોય, એમ રહેશે નહી. અર્થાત મહેનતથી બનેલી જેટલી બધી ચીજોછે, તેટલી એક બીજાને બદલે એવે પ્રમાણે વેચાશે, કે જેથી દરેક ધંધાદારને સરખી મુડી ઉપર સરખો નફો મળે. માટે શ્રમલભ્ય પદાર્થ એક બીજા સાટે મુડીના એટલે પડતર મુલના પ્રમાણમાં વેચાશે, એટલે એક તાકા માજરપાટ ઉપર જેટલી મુડી બેઠી હશે, તેટલી મુડીથી અને તે

વખતમાં જેટલી ખાંડ થઈ હશે, તે ખાંડનાં સરખાં મુલ ગણાશે. માટે શ્રમલભ્ય પદાર્થના મૂલ વિશે સ્પર્ધાવાળા દેશોમાં એવો નિયમ આપી શકાય, કે તેઓ એક બીજાને બદલે એટલે ભાવે વેચાશે, કે બધા મુડીદારને પોતે કાઢેલી મુડી પાછી મળે, ને તે ઉપર દેશની રીત પ્રમાણે નફો મળે. પણ સ્પર્ધાવાળા દેશમાં બધે નફાનો દર સરખો હોયછે, તેથી સરખી મુડી ઉપર નફો સરખો પાલવે. માટે એમ પણ નિયમ આપીએ તો ચાલે, કે બધી શ્રમલભ્ય વસ્તુઓ એક બીજાની જોડે ઉત્પતિ ખરચના એટલે પડતર મુલના પ્રમાણમાં સટવાશે.

ઘણાખરા સુધરેલા દેશોમાં ધંધાદારોમાં કહી સ્પર્ધા અને હસાતુશી હોય છે, ને તેથી તે બધાઓમાં વેપારીએ સરખી મુડીથી બનાવેલી વસ્તુઓ, એક બીજાને સાટે વેચાશે; એટલે એવે ભાવ વેચાશે કે જેથી બધા મુડીદારોને સરખી મુડી ઉપર સરખા વખતમાં સરખો નફો પાલવે. પરંતુ આપણા દેશમાં દ્રવ્યની ઉત્પત્તિ આવી સ્થિતિમાં નથી. આગળ કહી ગયા પ્રમાણે એક ધંધામાં તો ઘણે ઠેકાણે બહુ ફેર નથી હતો; પણ ધંધા ધંધામાં નફાનો દર બહુ ભિન્ન ભિન્ન હોય છે, ને કેટલાક ઉત્પાદકો માથે માલ પેદા કરે છે; ને તેથી આપણા દેશમાં મહેનતથી બનેલી વસ્તુઓ પડતર મૂલના પ્રમાણમાં પરસ્પર વેચાશે નહીં; કારણ પડતર મૂલ એકનું એક છતાં જે વસ્તુની પેદાશમાં નફાનો દર ઊંચો હશે, તે વસ્તુ ઓછા દરવાળી વસ્તુને બદલે, અથવા ઉત્પાદકોએ માથે બનાવેલી વસ્તુને બદલે મોંઘી વેચાશે.

આ ઉપરથી શ્રમલભ્ય પદાર્થના સ્થાયિ મૂલ વિશેનો પહિલો નિયમ આપણે હાથ આવ્યો. કોઈપણ પદાર્થ બીજાને સાટે એવે મૂલે વેચાશે, કે જેથી તેને ઉત્પન્ન કરવાનું ખરચ ને (જો સ્પર્ધા હોય તો) સાધારણ, અથવા (ન હોય તો) તે ધંધામાં દસ્તુર મુજબ નફો મળવા જેટલું મુલ મળે. આ ઉપરથી એમ સાબીત થયું, કે જો શ્રમલભ્ય પદાર્થની ઊત્પત્તિ વિશે કોઈપણ એવો ફેરફાર થાય, કે જેથી આગળના કરતાં તે થોડે ખરચે પેદા થઈ શકે, તો તેના મૂલમાં ઘટાડો થાય; ને તેમજ કોઈપણ કારણથી ઉત્પત્તિ ખરચમાં વધારો થાય, તો તે મોંઘો થાય; ને આજે વધારો ઘટાડો થાય, તે છત ને ખપ એવાને એવાં રહે, તો પણ થાય. આ વાત ધ્યાનમાં સ્પષ્ટ ઠસાવવાને માટે આપણે એક દૃષ્ટાંત લ્યો. એમ ધારો કે રૂ કાંતવાનો એવો એક સાંચો શોધી કાહાડવામાં આવ્યો છે, કે જેથી એને એ ખરચે, બમણું રૂ કાંતી શકાય છે; અથવા એનું એ રૂ કાંતવાને અડધું ખરચ લાગે છે. હવે સુતર સોંઘુ થશે કે નહી થાય? સોંઘુ થશે, કારણ સોંઘું ન થાય તો રૂ કાતનારાને નફો વધારે પાલવે, ને સ્પર્ધા-

ના નિયમ પ્રમાણે એ વધારે નફો એ વેપારીથી ખાઈ શકાય નહી, કેમકે બીજા વેપારીઓ નફાની લાલચે એ ધંધામાં પડી નફો ઘટાડીને માલ સસ્તો કર્યા વગર રહે નહી. માટે સુતર સોંઘુ થશે, ને તે સ્પર્ધાની ખીલીક્રિયા થશે. માટે સોંઘો ભાવ થયો હોય, ત્યાં છત વધીજ હોય, એમ ધારવું યોગ્ય નથી; ને છત વધવાથીજ ભાવ કમી થશે, એમ ધારવું યોગ્ય નથી. જો વેપારીને એમ લાગશે, કે સોંઘા ભાવથી મોંઘા ભાવ કરતાં ઘણો ખપ જાગશે, તો વેપારી માલ વધારે પેદા કરાવશે; પણ માલની વૃદ્ધિ થવાથી જે છત વધી તે સોંઘાઈનું કારણ નથી, પણ પરિણામ છે. એ વાત ખરી કે રૂના કાપડ જેવી વસ્તુમાં સોંઘાઈ થવાથી તેનો ખપ સો વસા વધશે ખરો; અને તે ખપને વધેલો ધારી વેપારી માલ વધારે પેદા કરશે. પણ વખતે સોંઘી થએલી વસ્તુ એવી તરેહની હોય, કે જેના ખપમાં વધારો થાય એવું હોયજ નહી. જેમ કે વરાળ યંત્રો. જો કોઈપણ કળાથી વરાળ યંત્ર બનાવવાની મેહેનતને ખરચ ઓછાં થઈ જાય, તો ઘણું કરીને વરાળ યંત્રનું મુલ ઓછું થશે; પણ જો વરાળ યંત્રના ખપમાં વધારો નહી થયો હશે, તો છતમાં કાંઈ વધારે થવાનો નથી. જે સોંઘાઈ વિશે કહ્યું તેજ મોંઘાઈનું સમજવું. મોંઘાઈ થઈ હોય, ત્યારે છતમાં ન્યૂનતા પડી હશે, એમ પણ જાણવું નહી; કારણ જો ઉત્પત્તિ ખરચ વધ્યું હોય, તો છત એનીએ છતાં મુલ વધે. આ બધા વિસ્તાર ઉપરથી એમ અનુમાન નિકળશે, કે ઘણીખરી શ્રમલભ્ય વસ્તુના મુલની વધઘટ છત ને ખપને આધારે નથી, પણ ઉત્પત્તિ ખરચને આધારે છે. પરંતુ આ ઉપરથી એમ અનુમાન નહી કરવું જોઈએ, કે છતને ખપની સમાનતા વિશેનો જે ગયા પ્રકરણમાં નિયમ કહ્યો, તે આવા પ્રકારના પદાર્થને બિલકુલ લાગુજ નથી. પદાર્થના ઉત્પન્ન ખરચમાં ગમે તેટલો ઘટાડો થયો હશે, તોપણ જો તે પદાર્થ એવી જાતનો હશે, કે તેની છત વધી શકતીજ નથી, તો તે ઉત્પત્તિ ખરચમાં જે ન્યૂનતા થઈ તેનો ફાયદો પદાર્થના ખરીદનારને મળશે નહી; એટલે મુલમાં ફેર પડશે નહીં; કારણ છતને ખપના સમી કરણમાં એ ન્યૂનતાથી કોઈ અસર પહોચી શકતી નથી. પદાર્થના ઉત્પત્તિ ખરચમાં ઘટાડો થવાથી, છતમાં કોઈપણ ફેર થયા સિવાય, મુલમાં ઘટાડો થાય છે, તેનું કારણ એ કે વેપારીઓને એમ ધાસ્તી રહે છે, કે આપણે મુલ ઓછું નહી કરીએ, તો આપણને વધારે નફો મળતો જોઈ બીજો વેપારી આપણા ધંધા ઉપર પડી છતનો વધારો કરી છેવટ ભાવ ઉતારશે, ને છતને ખપની આસલી સમાનતાને ધોકો પહોચાડશે. શ્રમલભ્ય પદાર્થનું મુલ ઘટે છે, ત્યારે છત ઘટેલી હોય અથવા ન હોય, પણ ઘટવાનો જોગ હમેશ હોય છે. મુલ વધવામાં તેથી વિપરીત બિના હોય છે. છતને ખપની સમાનતા વિશેનો

નિયમ નિત્ય એટલે હમેશ ખરો છે. પણ તે નિયમ શ્રમલભ્ય પદાર્થોની બાબતમાં ઉત્પત્તિ ખરચને આધીન છે. ઉત્પત્તિ ખરચનો નિયમ, છત અને ખપ વિશેના બીજી નિયમને સ્વાધીન રાખે છે, તેનું કારણ એટલું એજ કે શ્રમલભ્ય પદાર્થો ની છતને મહેનતથી ધારીએ એટલી વધારી શકાય છે. એ નિયમનું મૂલ ઉપર જે જોર પહોચે છે, તે છત તેના કબજામાંછે, તેને લીધે પહોંચે છે.

ઉપર જે હકીકત કહેવામાં આવી, તે ઉપરથી બીજું પણ એક સિદ્ધ થયું. મૂલ ઘટેછે, તે માત્ર છત વધવાથી ઘટતું નથી; ને વધેછે તે છત વધવાથી વધતું નથી; કારણ છત ઘટી ન હોય, પણ જો ઉત્પત્તિ ખરચ ઘટ્યું હોય, તો વેપારી જાણી જોઈને મૂલ ઘટાડે છે; કારણ તેને એવી ધાસ્તી રહેછે, કે હું મૂલ નહી ઘટાડું તો છત વધી જશે; ને મૂલ એની મેળે ઘટશે. માટે જ્યારે કોઈ પણ પદાર્થના મૂલમાં વધારો થયો હોય, તો એકદમ આપણાથી એમ કહી શકાય નહીં, કે એની છતમાં ઘટારો પડ્યોજ હશે, કારણ એ વધારો ઉત્પત્તિ ખરચમાં વધારો થયાને લીધે થયો હોય; ને એજ પ્રમાણે જો મુલમાં ઘટાડો થયો હોય, તો તે છતમાં વધારો થયાથીજ થયો હશે, એમ પણ ન કહેવાય; કારણ છત તો એની એ રહી હોય. પણ આગળ વેરો ભરાતો હોય તે જો માફ થાય, અથવા બીજું એવું કંઈ કારણ બનવાથી ઉત્પત્તિ ખરચમાં ઘટારો થયો હોય, તો એ પદાર્થ સોંઘો વેચાય. મ્યુનિસિપાલિટીવાળા હાલ ઘી ઉપર મણે રૂપીઆ દાણ લેતા હોય, તો તે દાણ માફ થયે, ઘી રૂપીઆ સોંઘુ વેચાય; જો કે છત વધી નથી તોય (વેપારીઓમાં સ્પર્ધા છે, એમ માનેલુંછે). આ ઉપરથી એમ સમજવાનું નથી, કે એ વેરો નિરૂપયોગી છે. અથવા તેના બદલ આપણને ફાયદો નથી મળતો.

प्रकरण ४ थुं.

ઉત્પત્તિ ખરચનાં મૂળ તત્વ.

આગલા પ્રકરણમાં પદાર્થના મૂલના બે મુખ્ય નિયમ કહી ગયા; ને તેમાં એમ માલમ પડ્યું, કે જે પદાર્થ શ્રમવડે કરીને મન માન્યા ઉત્પન્ન થઇ શકે છે, તે પદાર્થો (જો વેપારીઓમાં સ્પર્ધા હશે, ને ઉત્પત્તિ મુડીદારો નફા વાસ્તે કરાવતા હશે તો) એક બીજાને સાટે ઉત્પત્તિ ખરચના પ્રમાણમાં વેચાશે.

હવે ઉત્પત્તિ ખરચ એટલે શું સમજવું? પદાર્થનું ઉત્પત્તિ ખરચ વેપારી બે

રીતનું ગણે છે. એક તો ઉત્પાદકોને ઉત્પત્તિ કાર્ય ચાલુ છતાં જે આપવું પડે છે તે; તથા ઉત્પત્તિમાં જે વિવિધ રાચ વગેરેનો ખપ પડે, તે બધાં બનાવનારને જે આપવું પડે તે પણ જે જે પદાર્થો મુડીદારોએ મુડી દાખલ કરવા તે મહેનતના બનેલા છે. માટે આખરે દુનીઆને તો કોઈ પદાર્થનું ખરચ, એટલે તે પદાર્થને માટે જે મહેનત કરવી પડે છે તે ગણીએ તો ચાલે. શ્રમલભ્ય પદાર્થનું છેવટ ખરચ મહેનત છે; ને તેઓ એક બીજા સાટે ખરચના પ્રમાણમાં વેચાયછે, તેથી એક રીતે એમ કહીએ તો ચાલે, કે તેઓના પ્રત્યેક ઉપર જેટલી જેટલી મહેનત પડી હશે, તેના પ્રમાણમાં તેઓ પરસ્પર વેચાશે. પરંતુ આ નિયમ વ્યવહારમાં ખરો પડશે નહીં; કારણ પદાર્થના વેચનારા કંઇ તેની મહેનત કેટલી પડી તે ગણતા નથી, પણ તેમાં ખરચ કેટલું પડયું તે ઉપર વિચાર કરે છે; ને ઘણીવાર એકની એક મહેનત છતાં તે મહેનત બદલ મુસારો ઘણોજ જુદો જુદો હોયછે. આ વાત સર્વ દેશમાં થોડી ઘણી લાગુ પડેછે; ને તેમાં મુખ્યત્વે કરીને આપણા જેવા દેશોને વિશેષ લાગુ પડેછે, માટે આપણા દેશમાં પદાર્થો તેમના ઉપર પડેલા શ્રમના પ્રમાણમાં પરસ્પર સટવાશે નહી. જે દેશોમાં મજુરોમાં પુરેપુરી સ્પર્ધા હોયછે, ત્યાં તો સાધારણ મજુરીનો ભાવ ઘણું કરીને બધા ધંધામાં સરખો હોયછે; પણ ત્યાં પણ જે ધંધામાં ચતુરાઇનો તથા કળા કૌશલ્યનો ખપ પડેછે, તે ધંધામાં મજુરીનો દર સરાસરી કરતાં ઉંચો હોયછે. પણ આપણા જેવા દેશોમાં તો આવી તરેહનો ફેર હોયછે, એટલુંજ નહી, પણ જ્યાં ચતુરાઇનો ફેર દેખવામાં કોઇપણ આવતો નથી, ત્યાં પણ મુસારામાં ફેર હોયછે. આપણે અહીં ધંધે ધંધે મુસારાની રીત જુદી જુદી હોય છે, એમ કહીએ તો ચાલે. આવી સ્થિતિ નજર આગળ છતાં આપણાથી એમ કહી શકાય નહી, કે શ્રમલભ્ય પદાર્થો મહેનતના પ્રમાણમાં એકમેકને સાટે વેચાશે. એમ કહેવું ખોટું છે. ત્યારે એમ કહીએ તો ચાલે કે શ્રમલભ્ય પદાર્થોની ઉત્પત્તિની મહેનત જોડે મુસારામાં જે ફેર હોય, તે મજરે ગણીએ, તો પછી પદાર્થ એક મેકને સાટે મહેનતને મુસારાના પ્રમાણમાં વેચાશે.

જો પદાર્થો માત્ર ઉત્પત્તિ ખરચના પ્રમાણમાંજ અરસ્પરસ સટવાતા હોય, તો તો આ નિયમમાં દોષ કાઢી શકાતો નથી. પણ આપણે આગળ કહી ગયા છીએ, કે જો નફાનો દર એક હશે તોજ પદાર્થ ઉત્પત્તિ ખરચના પ્રમાણમાં સટવાશે. આપણી માફક જે દેશોમાં મુડીદારોમાં સ્પર્ધા નથી, તે બધાઓમાં જુદી જુદી તરેહની ઉત્પત્તિમાં જુદા જુદા નફાના દર હોયછે. માટે તે દેશમાં પદાર્થો કોઈ દિવસ માત્ર ખરચના

પ્રમાણમાં સટવાય નહીં. માટે તેવા દેશોમાં મહેનત જોડે મુસારાનો ફેર મજરે ગણીએ તો પછી પદાર્થના મુલનું ખરૂં ધોરણ હાથ આવ્યું, એમ સમજવું નહી. એ બેની જોડે નફાના દરમાં જે ફેર હોય, તે પણ મજરે લેવો જોઇએ.માટે તેવા દેશોમાં પદાર્થનું મુલ નક્કી કરવા ત્રણ વાત ધ્યાનમાં લેવી જોઈએ: મેહેનત, મુસારાનો ફેર, અને નફાના દરમાંનો ફેર. આ ત્રણ વાત ઉપર લક્ષ રાખીને પદાર્થનું પરસ્પર મુલ નક્કી થશે.

જુદા જુદા ધંધામાં નફાના દરોમાં ફેર આપણા દેશમાંજછે, એમ સમજવું ન જોઇએ. સુધરેલા દેશોમાં પણ હોયછે.કેટલાક ધંધાજ એવા જોખમ ભરેલા હોયછે, કે બીજા ધંધાથી વધારે નફો કમાવાની લાલચ નહોય,તો તેમાં કોઇપણ પડે નહીં.આવા ધંધામાં પેદા થયેલી જણસો બીજી જણસો જોડે માત્ર ઉત્પત્તિ ખરચના પ્રમાણમાજ સટવાય, તો તે ધંધાના કરનારને કાંઇ વધારે નફો પાલવે નહીં, માટે તે જણસ બીજી જોડે તથી ઉચે પ્રમાણે વેચાશે. દારૂખાનું બનાવવાનો ધંધો આ પ્રકારનો છે. દારૂ બનાવાવનાર મુડીદારને હમેશ બીજા કરતાં નફો વધારે મળે છે.

વળી બે વસ્તુ બનાવવામાં નફાનો ભાવ દેખીતો એક હોય, તો પણ એકનું એક ખરચ છતાં; એક પદાર્થના મુલમાં નફાનો અંશ વધારે આવે,ને એકમાં ઓછો આવે. જો બે પદાર્થ સરખી મુડીથી બનાવેલા હોય,પણ તેમાંના એકની મુડી વરસ દહાડામાં પાછી વળતી હોય, ને બીજાની બે વરસમાં વળતી હોય, તો જેની મુડી બેવરસે પાછી વળતી હશે, તેને પોતાની મુડી તથા તે ઉપર બે વરસનો ચક્રવૃદ્ધિ નફો મુલમાં પાછો મળવો જોઇએ. જો માત્ર સૂઠ વ્યાજ પ્રમાણે બે વરસનો નફો તેને મૂળ અવેજ ઉપર પાછો મળે, તો એક રીતે તેને ખોટ આવી એમ ગણવું જોઇએ.એમ ધારો કે એક માણસ સો રૂપીઆની મુડીએ એક વરસમાં કેટલાક માલ પેદા કરાવે છે. હવે જો નફાનો ભાવ વીશ ટકાનો હશે,તો વરસ આખરે તેને તે બદલ વેચતાવેળા એકસો વીશ રૂપીઆનો માલ મળવો જોઇએ. હવે તે માણસ જો પોતાની મુડી બીજા એવા ધંધામાં રોકે કે જેમાં વળતર બેએ વરશે થાય એવું હોય, તો તેમાં તેને બે વરસે રૂ. ૧૪૦ મળે તો તેને ખોટ આવે; કારણ તેને બે વર્ષે એકસો ચાળીશને બદલે એકસો ચુમાળીશ ઉપજવા જોઇએ; કેમકે જો તેણેતે રૂપીઆ એક વરસે વળતર થાય એવા ધંધામાં નાખ્યા હોત, તો પહેલે વરશ તેને એકસો વીસ જેટલું મુલ મળત, ને બીજે વરશે પાછું તે બધું ઉપજેલું મુલ ધંધામાં નાખ્યું હોત,તો તેના પાછા ચોવીસ નફાના આવત, એટલે સોની મુડી ઉપર બેએ વરશે એકસોને ચુમ્માળીશ આવત.

માટે જે ધંધામાં બેએ વરસેં મુડી પાછી વળેછે, તે ધંધામાં પેદા થયેલી ચીજના જો આટલા ઉપજે તોજ એનો દસ્તુર મુજબ નફો પાલવ્યો કહેવાય. હવે વસ્તુતઃ જોતાં એ ચીજમાં ખરચ તો માત્ર સો રૂપીયાનો થયોછે; ને બન્નેમાં નફાનો દર પણ એકજ છે. પણ એતો દેખીતુંજ છે કે આવી વસ્તુ બીજી કોઇ ચીજ જોડે માત્ર ખરચને નફાના પ્રમાણમાં સટવાય નહીં; નફાનો દર એકછે તોએ શું થયું.

તેમજ વળી જે ચીજો સંચાથી બનેછે, તેમનું પણ તેજ પ્રમાણે સમજવાનું. તેની ચીજોનુ મૂલ નક્કી કરવાને માત્ર ઉત્પત્તિ ખરચ તથા નફાનો દર ધ્યાનમાં લીધા, એટલે બસ થયું, એમ જાણવું નહીં. ગયા દૃષ્ટાંતમાં રૂપીઆને હીસાબે મુડી ગણવાનું કારણ એ હતુ, કે નિયમ સહેલથી મનમાં ઉતરે. આ સાંચા સંબંધી હકીકત સમજવા સારૂ પણ મુડી રૂપીઆને હીસાબે ગણીશું. એમ ધારો કે એક માણસે પહેલે વરસે રૂપીયા સો ખરચી એક સંચો બનાવાવ્યો; ને તે સંચો એક વરસમાં તૈયાર થયો. પછી તે સંચાની સહાયથી બીજે વરસે રૂપીઆ સો ખરચી કાંઇ માલ પેદા કરાવ્યો. વળી એમ ધારો કે બીજા કોઇ પુરૂષે એકદમ બસે રૂપીયા ખરચી એક વરસમા બીજા પ્રકારનો માલ કરાવ્યો; ને બે ધંધામાં નફાનો દર સરખોજ છે. હવે જો એવી કલ્પના કરીએ કે પહેલા મુડીદારનો સંચો એક વરસ વાપર્યાથી નાશ પામે છે, તો બે જણના માલ સરખે ખરચે પેદા થયાછે, તથાપિ તે એક બીજા જોડે સટવાશે નહી. નફાનો દર વીસ ટકાનો હોય તો પહેલા વેપારીએ જે સંચામાં રૂપીયા ખરચ્યા, તેના બે વરસના નફા સુધાં તેને રૂ ૧૪૪ મળવા જોઇએ; ને બીજે વરસ જે સો ખરચ્યા તેના તેને એકસો વીશ, એટલે બધું મળીને બસોને ૮કાણે જ્યારે રૂ૨૬૪ આવે, ત્યારે તેને દસ્તુર મુજબ નફો પાલવે; એથી જે કાંઇ ઓછું મળે એટલી ખોટ. પણ બીજા વેપારીને તો ૨૪૦રૂપીયા મળે, એટલે તેતો કૃતાર્થ થયો કહેવાય. માટે આ બે જણનો માલ ૨૬૪ ને ૨૪૦ના પ્રમાણમાં અરસપરસ સટવાશે. પણ જો આ બે પ્રકારના માલના ખરચ ઉપર નજર રાખીએ, ને એમ કહીએ કે નફાનો દર એક હશે તો શ્રમલભ્ય વસ્તુઓ ઉત્પત્તિ ખરચના પ્રમાણમાં સટવાશે, તો એ સિદ્ધાંત ખોટો પડે.

આ ઉપરના દૃષ્ટાંતમાં એમ ધાર્યુંછે, કે સંચો એકજ વરસ વાપર્યાથી ઘસાઇ જાય છે. પણ આ ધારણા કાલ્પનિકછે. એક વરસ વાપર્યાથી ઘસાઇ જાય, એવા સંચા થોડાજ હોય છે. ઘણાખરા ટકાઉ હોયછે. હવે જેમ સંચો વધારે ટકાઉ તેમ તે વડે જે માલ ઉત્પન્ન થયો હશે, તેના મુલમાં નફાનો અંશ વધારે. આગળ જેમ એવું કલ્પ્યું હતું, કે સંચો એક વરસ વાપર્યાથી ઘસાઇ જાય છે, તેમજ હવે એવું કલ્પો, કે તે કોઇ દહાડો નાશ

પામતો નથી. જો એવું હશે તો આગળના દૃષ્ટાંતના પહેલા વેપારીને સંચાની મુડી મૂલમાં ગણી લેવાની જરૂર રહી નહી; તેને માત્ર તે મુડી ઉપર નફો મળ્યા કરશે, એટલે બસ થયું. તેને ૩૧૬૪ મળશે, એટલે બીજે વરસે ખરચેલી મુડી તથા બંને વરસનો નફો દસ્તુર મુજબ પાલવશે; એટલે આગળ ૩૨૬૪ ના મૂલમાં ચોસઠ નફાના હતા તેને બદલે હાલ એકસો ચોસઠ પૈકી ચોસઠ થયો. એટલે મૂલમાં નફાનો અંશ વધ્યો. પરંતુ કોઈ પણ સંચા અવિનાશમાન હોતા નથી. કોઈ ઘણાં ને કોઈ થોડાં વરસ ટકેછે, તેથી તે સંચા જેટલાં વરસમાં બિલકુલ નાશ પામી જતા હોય, તેટલાં વરસમાં તેમની મુડી પાછી મળવી જોઈએ. જાણે કે વીશ વરસમાં સંચો નાશ પામે છે, તો દર વરશે ૩૧૬૯ મળે, એટલે નફો દસ્તુર મુજબ પાલવે; એટલે ૬૦૫ મુડી પૈકીને ૬૪ નફાના. આ ઉપરથી સિદ્ધ થયું, કે જેમ સંચો ટકાઉ વધારે, તેમ તેનાથી બનેલા માલના મૂલમાં નફાનો અંશ વધારે, ને જેમ ઓછો ટકાઉ, તેમ અંશ થોડો. માટે બધા ધંધામાં નફાનો દર એક હોય, તો પણ પદાર્થ એક બીજાને બદલે ઉત્પત્તિ ખરચના પ્રમાણમાં સટવાશે નહીં; કારણ ઉત્પત્તિ ખરચ એકનું એક હોય, ને મુસારાનો દર પણ એકજ હોય, તથાપિ જે પદાર્થ સંચા વડે બનેછે, તેમાં નફાનો અંશ વધારે આવેછે, ને હસ્તકૃત પદાર્થોમાં થોડો આવે છે.

વળી બીજું અનુમાન એવું નિકળે, કે જો બધા ધંધામાં નફાનો દર વધે, તો જે વસ્તુ સંચાની બનેલીછે, તે વસ્તુનું મૂલ વધારે વધે. ને જે હસ્તકૃત હોય, તેનું મૂલ ઓછું વધે. ગયા દૃષ્ટાંતમાં વીશ ટકા નફો હતો, ત્યારે જે વસ્તુઓ ૧૬૯ ને ૨૪૦ ના પ્રમાણમાં પરસ્પર સટવાતી હતી, તે વસ્તુઓ, જો નફાનો દર પચીસ ટકા થાય, તો ૧૮૬ા ને ૨૫૦ ના પ્રમાણમાં વેચાય. તેમજ વળી જો નફાનો દર બધા ધંધામાં કમી થાય, તો યંત્ર ઘટિત વસ્તુઓનું મૂલ હસ્તકૃત વસ્તુઓના કરતાં વધારે ઉતરે. જેમ કે (એનો એજ દાખલો લઈએ તો) જે યંત્રઘટિત વસ્તુ વીશ ટકાને નફે ૧૬૯ ને મૂલે વેચાતી, તે દસ ટકાને નફે ૧૩૬ ને મૂલે વેચાય. બીજી કરતાં પહેલીનું મૂલ ઘણું ઉતર્યું, એ સ્પષ્ટજ છે. નફાના દરમાં કોઈપણ રીતનો ફેર થવાથી વસ્તુઓનાં મૂલ ફરે.

હવે મજુરના મુસારામાં વધારો થવાથી નફાનો દર ઘટવોજ જોઈએ, એવું આગળ કહી ગયા છીએ. માટે જ્યારે બધા ધંધામાં મુસારા વધશે, ત્યારે જે વસ્તુઓના મૂલમાં નફાનો અંશ મુડીના પ્રમાણમાં વધારે છે, તેઓનું મૂલ ઉતરશે; ને જેઓમાં

ઓછો અથછે, તેઓનું મુલ ચઢશે, ને જો બધા ધંધામાં મુસારાનો દર એકજ હશે, તો જે વસ્તુના મુલમાં નફાનો અંશ વધારે છે, તેઓનું મુલ વધશે, ને બાકીની-ઓનું મુલ ઘટશે.

મુસારો ને નફો એ બેઉ ઉત્પત્તિ ખરચમાં આવશ્યક પદાર્થછે, કારણ (જે દેશમાં વેપારી માલ બનાવેછે, ત્યાં) તેઓ બધા પદાર્થની ઉત્પત્તિમાં આવે છે. પરંતુ વખતે કેટલાક પદાર્થની ઉત્પત્તિ વિશે વિશેષ ખરચ લાગે છે; ને તે પણ મુલમાં પાછું વળવું જોઇએ. કોઇ વખત ઉત્પત્તિમાં સામગ્રી દાખલ આવતી કોઇ કોઇ જણસ ઉપર વેરો ભરવાનો હોયછે; ને તે વેરો વેપારીને મજરે મળે નહી તો, તે વેપારીને બીજા કરતાં ઓછો નફો પાલવે; માટે તે વેરો વેપારીને મજરે મળવો જોઇએ. વળી ઉત્પત્તિ કરાવનાર વેપારી નહી હોય, પણ માથે કરનાર કોઇ કારીગર હોય, તો પણ તે વેરો તેને પણ ઘણું કરીને પાછો મળવો જોઇએ ખરો. જો બધા પદાર્થ ઉપર સરખો પડે એવો વેરો નાંખ્યો હોય, તો પદાર્થના પરસ્પર મુલમાં કાંઇપણ ફેર પડે નહી. પણ જો થોડા ઉપર તે વેરો પડે, ને થોડા ઉપર ન પડે, તો પહેલાનું મુલ બીજા પ્રત્યે વધારે પડે.

ઘણીખરી વસ્તુઓમાં જમીન ભાડા તરીકે અથવા મકાન ભાડા તરીકે ઉત્પત્તિ ખરચ થાય છે, તે પણ મૂલમાં મજરે મળવું જોઇએ. પણ તે બધું ખરચ દાખલ મુલમાં મજરે મળતું નથી. એક માણસ પોતાની દુકાનનું ભાડું પાંચ રૂપીઆ આપતો હોય, ને બીજો તેવીજ દુકાનનું દસ આપતો હોય, તો પાંચવાળાને મૂલમાં પાંચ મજરે મળે, ને દસવાળાને દસ મજરે મળે, એમ સમજવું નહીં. થોડો વિચાર કરવાથી માલમ પડશે કે એમ બનવું અસંભવિત છે. જો બે જણ એકજ જાતનો માલ કરાવતા હોય, તો ભાડું મુલમાં મજરે ગણવાથી પાંચ રૂપીઆ ભાડું ભરનાર વેપારીનો માલ સેંઘો પડે, ને દસ વાળાનો તેને પડછે મોંઘો પડે. એટલે દસ રૂપીઆ ભાડું ભરનારનો માલ બિલકુલ ખપેજ નહીં. માટે આ પ્રમાણે ભાડું કંઇ મજરે મળે નહીં. દુકાનનું ભાડું આપવામાં આવે છે, તેનો કેટલોક ભાગ માત્ર જમીનના કબજા બદલ આપવામાં આવે છે, ને કેટલોક વધારે નફાની આશાએ આપવામાં આવેછે. ભરબજારની દુકાનોનું ભાડું વધારે હોય છે, તેનું કારણ એજ કે ત્યાં કમાવાનો જોગ વધારે હોયછે. જ્યાં સ્પર્ધા હોયછે, ત્યાં આવી બધી વધારાની કમાઇ દુકાનના ધણીના ઘરમાં જાય છે; કારણ તેવી દુકાનો ઉપર પડાપડી થાય છે, ને તેનું ભાડું વધી જાય છે. છેવટે ભાડું એટલું વધી જાય છે, કે દુકાનના મોખને લીધે થવાની બધી કમાઇનો અંગ તેમાં વળી જાયછે. માટે ભાડાનો જેટલો ભાગ વધારે કમાવાની આશાએ

આપવામાં આવે છે, તે મુલમાં મજરે મળતો નથી, પણ જેટલો ઓછામાં ઓછો ને સામાન્ય ભાવ છે, તેટલો ઉત્પત્તિ ખરચમાં ગણાયછે, ને મૂલમાં મજરે મળે. વેરા, ભાડે, વગેરે જેટલાં વિશેષ ખરચ છે, તેટલાં બધાં આ પ્રમાણે મુલમાં મજરે આવે.

આ પ્રકરણમાં આપણે શ્રમલભ્ય પદાર્થ એટલે જે પદાર્થ મહેનતથી મનમાન્યા વધારી શકાય એવાછે, તેમના મૂલ વિશે વિચાર ચલાવ્યો છે. પણ જે મહેનતથી જોઈએ તેટલા મળે તેવા ન હોય, અથવા જેઓની ઉત્પત્તિમાં એવી કોઈજાણસનો ખપ પડતો હોય, કે જે જાણુસ અછતના ભાવે વેચાતી હોય, તેવા પદાર્થની કિમ્મતમાં જમીનનું બધું ભાડું તથા બધાં એવાં ખરચ મજરે મળે.

જે શ્રમલભ્ય વસ્તુઓ જોઈએ તેટલી એકજ મુલે પેદા કરી શકાયછે, તેના મુલ વિશે નિયમ ઉપર પ્રમાણે છે; પણ કેટલીક વસ્તુઓ એવી હોયછે કે ધારીએ એટલી પેદા થઈ શકે, પણ એકજ મૂલે બધી પેદા થઈ શકે નહી. ખેત્રજ પદાર્થ બધા આ વર્ગના છે. કેટલુક અનાજ અમુક ખરચે પેદા થઈ શકે; પણ તેથી જો વધારેનો ખપ હોય, તો હલકી જમીન ખાગવી પડે, ને તેમાંથી પાક નિપજાવતાં સુમારે ખરચ વધારે થાય. માટે આવી વસ્તુઓના મુલનો નિયમ (સ્પર્ધાવળા દેશમાં) એવો છે કે કે જે માલ હલકી જમીન ઉપર પેદા કરયો હોય, તેનો ભાવ બધા માલનો ઉપજે, એટલે સારી જમીનવાળાને ઘણો ફાયદો મળે. સારી જમીનનો માલેક જો ખેડુત ન હોય, પણ જમીનદાર હોય, તો તે ભાડું વધારીને ખેડુતને મળેલો ફાયદો પોતે પડાવી લે.

प्रकरण ५ मुं.

નાણા વિશે.

મૂલ વિશે ઉપલા પ્રકરણોમાં જે નિયમો કહ્યા, તેમાં નાણાથી વ્યવહાર ચાલતો નથી, એવી કલ્પના કરેલી છે. પણ દુનીઆના સુધરેલા મુલકોમાં ઘણો ખરો વ્યવહાર નાણાથી ચાલેછે. માટે નાણા દ્વારે વ્યવહાર ચાલવાથી ઉપર વર્ણવેલા નિયમોમાં કેટલો ફેર થશે, તેનો આપણે હવે વિચાર કરવો રહ્યો. પરંતુ આ વિચાર કરવા પહેલાં નાણું એ શી ચીજછે, એનું સ્વરૂપ શુંછે, દુનીઆમાં માણસને તે શા ઉપયોગમાં આવેછે, તેનો વિચાર પ્રથમ કરવો ઘટેછે.

નાણાનું ખરૂં સ્વરૂપ જાણવાનો સારો રસ્તો એકે, એ ન હોય તો દુનીઆમાં શી શી તરેહની અઘવડ પડે, તેની કલ્પના કરવી. ત્યારે આપણે એમ ધારો કે નાણું

દુનીઆમાં છેજ નહીં; ને બધું વેચાણ સાટાથી થાયછે.હાલ મોચી જોડો વેચી.તેને બદલે રૂપીઆ લઈ તે રૂપીઆની જુવાર લાવેછે,તે નાણું ન હોય; તો એકદમ તે જોડો લઈ જુવારવાળાને ત્યાં જઈ જોડો આપી જુવાર લેશે. પણ સાટાના વ્યવહારમાં હમેશાં એક મોટી હરકત તો રહેવાની; તે એકે જે વસ્તુઓને પરસ્પર સાટવાની છે, તેઓનાં મુલ શી રીતે ગણવાં? મોચીના જોડા બદલ જુવારવાળાએ જુવાર કેટલી આપવી? એક સોપ બદલ બાજરી કેટલી લેવી, ને એક અંગરખા બદલ કેટલી આપવી? આવી રીતનો વિચાર દર સાટા વખત ઘણી વાર કરવો પડે. એ ખરૂં કે પ્રત્યેક જણસ ઉપર કેટલી ને કેવી તરેહની મેહેનત પડી છે, તે ઉપર નજર રાખી છેવટ સાટું નક્કી થશે. પણ આ વાતનો નિર્ણય કરતાં પહેલાં મોચીનો ને જુવારવાળાનો કેટલો બધો વખત લાગશે? એના એ જોડા બદલ જો પાઘડી લેવી હશે; તો પાછી નવે નામે ગણતરી કરવી પડશે. સારાંશ જેટલી જેટલી વસ્તુ જોડા બદલ લેવાનો ખપ પડે, તે પ્રત્યેકના સાટા વખતે લાંબી લાંબી ગણતરી કર્યા વગર ચાલે નહીં; ને આવી ગણતરી પ્રત્યેક જણસના પ્રત્યેક સાટા વખત કરવી પડે. આ બધી ગણતરીમાં બે સુમાર કાળને મેહેનત જાય,ને દ્રવ્યની ઉત્પત્તિ પરિણામે ઘણી થોડી થાય. ઘણો કાળ ને શ્રમ અમથો નાખી દેવો પડે. અજ્ઞાન તથા જંગલી મુલકોમાં નાણાનો ઉપયોગ થતો નથી, તેથી તેઓમાં આવી બારે અઘડ હોવાને લીધે વેપારમાં બહુ હરકત પડેછે. કેટલાક લોકમાં તો પદાર્થનાં સાટાં કરતાં શ્રમ ન પડે, માટે બધી વસ્તુનાં મુલ કલ્પિત ધોરણથી ગણાય છે. આફ્રિકાની કેટલીક કોમોમાં મકયૂટ નામની એક કલ્પિત વસ્તુ માની લીધીછે; ને એક વસ્તુને બદલે બીજી લેવી હોય, તો આ આટલા મકયૂટની ને આ આટલાની, એમ ગણીને આડસટ્ટો કાઢી વસ્તુઓ એક બીજાને બદલે અપાય લેવાય છે. આ પ્રમાણે સાટાના વ્યવહારમાં પદાર્થને મુલવતાં બહુ હરકત પડે છે. નાણાના વ્યવહારમાં આ હરકત દૂર થાય છે; માટે નાણું વાપર્યાનો પહેલો મોટો લાભ તો એ છે, કે બધી વસ્તુનાં મુલ નક્કી કરવામાં એ બહુ ખપ લાગે છે.

પરંતુ મુલવવામાં જે મુશકેલી પડેછે, તેટલીજ માત્ર અડચણ સાટાના વ્યવહારમાં નડેછે, એમ નથી. બીજી પણ ઘણી વજનદાર અડચણો છે. ઉપરનોજ દૃષ્ટાંત લ્યો: મોચી જોડા લઈ જુવારવાળા પાસે ગયો; ને પોતાના જોડાને સાટે મુલ પ્રમાણે જુવાર માગી. એમ ધારો કે એનાં મુલ ગણવાં સહેલછે. તો સાટું હવે નક્કી થશે ખરૂં? ના કાંઈ ન મળે. કદાચને એ જુવારવાળાને જોડાનો ખપ નહી હોય.

વળી એમ પણ હોય, કે એને તો શું, પણ બધા જુવારવાળાને જોડાનો ખપ ન હોય, તો પછી મોચીની શી વલે! જ્યાં લગી જુવારવાળાને જોડાનો ખપ ન પડે, ત્યાં લગી મોચીએ ભૂખ્યા મરવું કે? ભૂખ્યા તો મરવું ન પડે, પણ બહુ વેઠા પડે. જુવારવાળાને જો અંગરખાનો ખપ હોય, ને જોડાનો ન હોય, તો મોચીએ પહેલાં અંગરખાવાળા પાસે જવું પડે, ને તેની પાસેથી અંગરખો લઈ તે જુવારવાળાને આપે, ત્યારે તે અન્ન ભેગો થાય. પહેલીના કરતાં આ ઘણી ભારે અડચણ છે. જંગલી દેશોમાં પરિણામે એવુંજ થાયછે, કે જે ઘણી અગત્યની વસ્તુઓ હોય, જેમ કે અનાજ વસ્ત્ર વગેરે તે, હરેક માણસ પોત પોતાને માટે પેદા કરે છે; ને એમ કરતાં જે કાંઈ વખત પડ્યો રહે, તેમાં થોડી સુખાકારીની જણસો પેદા કરવામાં આવેછે. વળી જે જણસનો સર્વને ખપ પડેછે, તેવી જણસોનો સંઘરો હમેશાં સમજુ માણસ પોતાની પાસે કરી રાખેછે, કે એને બદલે જ્યારે જે જોઈએ તે મળે. આપણા દેશના ગામડાઓમાં લોકો દાણાનો સંગ્રહ હાલ પણ બહુ કરેછે, ને આગળ હાલના કરતાં વધતો કરતા; કારણ દાણાને સાટે ચીજ આપવા લેવાનો વહીવટ આગળ ઘણો હતો. તાતાર વગેરે દેશોમાં બકરાં, ઘેટાં વગેરેનો સંઘરો કરવામાં આવેછે; ને તેઓ વડે માલ વેચાતો લેવાય છે. પણ બકરાં કે ઢોર કરતાં દાણામાં એક દેખીતો ફાયદો એ છે, કે તેના સૂક્ષ્મ વિભાગ થઈ શકે છે, ને તે રાખવામાં કંઈ ખરચ પડતું નથી. જો મણ કેરીના મણ દાણા પડતા હોય, ને શેર લેવી હોય તો શેર દાણા આપી શેર લઈ શકાય; પણ એક બકરાની મણ કેરી આવતી હોય, તો અધમણ લઈ શકાય નહીં: કારણ અધમણ બદલ કેરીવાળાને અડધું બકરૂં અપાય નહીં.

પરંતુ દાણાને નાણા દાખલ વાપરવામાં એક અડચણ છે. ઘણી જાતના દાણા બે ચાર વરસમાં સળી જાયછે. એવું થવાથી જેણે પોતાની કમાઈ દાણા રૂપે સંઘરી રાખી હોય, તે વખતે દાણા બગડી જવાથી ભીખારી થઈ જાય. માટે જે વસ્તુ સર્વને ઇષ્ટ હોય, જેના નાના વિભાગ થઈ શકતા હોય, ને જે સહેલથી નાશમાન ન હોય, તેનેજ દ્વારે વેચાણ કરવું સહેલું પડે. સર્વને ઇષ્ટ, વિભાગ કરી શકાય એવી, ને ઘણી નાશમાન નહીં, એવી ચીજો થોડીજ છે. આ ત્રણે ગુણો ધાતુઓમાં ઈશ્વરે મૂકેલા છે. માટે ઘણા પુરાતન કાળથી કોઈ દેશમાં લોઢું, કોઈમાં ત્રાંબુ, ને કોઈમાં સોનું રૂપું, એમ ધાતુઓ વિક્રયદ્વાર દાખલ ખપમાં આવેલી છે. પરંતુ ધાતુ ધાતુમાં એ ફેર છે, કેટલીક પૃથ્વી ઉપર ઘણી માલમ પડે છે; ને કેટલીક થોડી માલમ પડે છે. જે ઘણી માલમ પડે છે, તે અર્થાત થોડા મૂલનીજ હોય, માટે આપવા લેવાના વ્યવહાર-

માં તેનો ઘણો સમૂહ વારંવાર આપવો પડે. સંગ્રહ કરવો હોય, તો તેને માટે ઘણી જગા જોઈએ; ને વખતે તોફાન ફિતુરના વખતમાં મિલકત છુપાવવી હોય, અથવા દેશાન્તર લેઈ જવી હોય, તો તેવી સ્થૂલ વસ્તુ સહેલથી લઈ જવાય નહીં. સોના રૂપામાં વિક્રયદ્વાર થવા જોગ ઘણા ગુણ રહેલા છે. ઘણાજ પ્રાચીન કાળથી મનુષ્ય જાતને તે ગમતી વસ્તુઓછે; માટે તેને બદલ જ્યારે જે માલ જોઈએ તે મળી શકે છે. તેઓના બારીક વિભાગ થઈ શકે છે. તેઓ ઘણે લાંબે કાળે નાશ પામે છે. કદ પ્રમાણે તેઓમાં મુલ ઘણું હોય છે; માટે તેઓને સંઘરવાં, છુપાવવાં ઠીક પડે છે; ને લેવડદેવડનો વ્યવહાર તેઓથી સરળ ચાલે છે. સોના રૂપામાં વળી બીજા એક બે ઘણા ઉપયોગી ગુણ છે. બીજા પદાર્થોમાં પ્રત ઘણી હોય છે; ઘણા ખરા પદાર્થોની જાત ઘણી હોય છે, ને જાત પ્રમાણે તેમના મૂલમાં ફેર પડે છે. ઘઉં આઠ દસ તરેહના હોય છે. બળદ, ઘોડા વગેરે પશુઓ ઘણી તરેહનાં હોય છે. પણ સોનું રૂપું ચોખ્ખું હોય છે, ત્યારે એકજ જાતનું હોય છે; એટલે તેમાં કપટ ઘણું થોડું બની શકે છે. વળી બીજા પદાર્થોની ઉત્પત્તિમાં વરશો વરશ કે ટુંકી ટુંકી મુદતે ઘણો ફેર થાય છે, ને તેથી પરિણામે તેઓના મુલમાં ઘણો ફેર થાયછે. જે પુરૂષે હજાર મણ ઘઉં સંઘરી રાખ્યા હોય, તે માણસ જો એક ફસલ સારી નીપજે, તો પોતાની અડધી પુંજી ખુવે, ને એક ફસલ નીપજે નહી તો બહુજ તાલેવર થઈ જાય. હવે સોના રૂપાની કિમ્મત ફરતીજ નથી, એમ સમજવું નહિ. પણ તે ઘણે લાંબે કાળે ફરેછે; તે ફેર પડતાં પડતાં વખતે સૈકા વહી જાયછે. અમેરિકાની ખાણોના શોધથી જે સોના રૂપાના મુલમાં ફેર થયો, તે સિવાય બીજો કોઈ મોટો ફેરફાર આજ સુધી થયાનો બેખ નથી. માટે લાંબે વાયદે લેવડ દેવડ કરવી હોય છે, ત્યારે ઔ કરતાં સોના રૂપાવડે કરવી સારી છે; કારણ કે તેઓનો સમૂહ હાલ દુનીઆમાં એટલો બધો છે, કે સાધારણ વધારો ઘટારો થાય, તો એથી તેમના મૂલમાં બહુ ફેર પડતો નથી.

આ પ્રમાણે સોના રૂપામાં ટકાઉપણાનો, સૂક્ષ્મ ભાગ થઇ શકવાનો, ને ઘણું કરીને સરખી કિંમત નભાવી રાખવાના ગુણ છે, માટે નાણાનું કામ તેઓથી સારૂ સરે છે. જ્યારે બધું વેચવા લેવાનો ઘણોખરો વ્યવહાર સોને રૂપે કેટલાક કાળ સુધી ચાલ્યો હશે, ત્યારે સિક્કા પાડવાની જુક્તિની જરૂર માલમ પડી હશે. સોના રૂપાના સરખાને સરખી ચોખ્ખાઈના કડકા પાડવાથી વ્યવહારમાં ઘણું સુગમ પડવા માંડ્યું. આ કામ સરકાર સિવાય બીજા કોઈને આપ્યું પાલવે નહી; કારણ કે સરકારને ઘણું

કરીને કાંઇ ખાનગી સ્વાર્થ ન રહ્યો; ને ખાનગી કોઇપણ પુરૂષના કરતાં સરકાર ઉપર બધાનો ભરૂંસો વધારે બેસે. પછી તેવા કડકાને તેની જાત પ્રમાણે ગીની, મોહોર, પુતળીઓ, રૂપીઓ, વગેરે નામ આપ્યાં.

સોના રૂપાના સિક્કા સાધારણ થઇ ગયા પછી સાટાનો ઘણોખરો વ્યવહાર બંધ થયો; ને બધી ભાગફોડ નાણા દ્વારે થવા લાગી. હાલ આપણા દેશમાં ઘણાખરા લોકને પોતાની કમાઇ રૂપીઆ દ્વારે મળે છે. અગણિત સરકારી કે ખાનગી નોકરોનો દરમાયો, મજુરની મજુરી, કારીગરનો મુસારો, વેપારીનો નફો, એ બધા રૂપીઆ દ્વારે મળે છે. પરંતુ આ ઉપરથી કોઇની આમદાની રૂપીઆની છે, એમ સમજવું યથાર્થ નથી. રૂપીઓ માત્ર દ્વાર છે. સરકાર જે કરોડો રૂપીઆ ખેડુત પાસેથી લેછે, તે રૂપીઆ પાકના ભાગ બદલ છે. જમીન સરકારની છે, માટે માલિક દાખલ ઉપજમાં સરકાર ભાગ માગે છે, ને તે ભાગ ભાગવટીના વહીવટ પ્રમાણે દાણા કે ઉપજ રૂપે ન લેતાં, સરકાર ખેડુતને એમ કહેછે, કે તમારો ભાગ વેચો, ત્યારે અમારોએ સાથે લાગો વેચજો; ને તેના રૂપીઆ અથવા રૂપાના કડકા આવે, તે અમને આપજો; એટલે એ કડકા વડે અમારે જે જોઇશે, તે વગ પડતું વખતે વખતે લઇશું. કેટલા રૂપીઆનો ભાગ લેવો, તેની માથાકૂટ ન પડે, તેટલા માટે સરકાર ત્રીસ વરસનો આંકડો નક્કી કરી મુકેછે. માલ તૈયાર કરવાની મજુરી બદલ વેપારી કારીગરને જે રૂપીઆ આપેછે, તેનુ પણ એમજ સમજવું. કારીગરે મજુરી કરી, માટે તેનો ઉત્પન્ન થયેલા માલમાં કંઇ પણ હિસ્સો છે, પણ તે હિસ્સો જુદો કાઢી ન આપતાં વેપારી કારીગરને એમ કહેછે, કે તારા ભાગ બદલ તું મુસારાના દર પ્રમાણે રૂપીઆ લે, ને હું તારો ને મારો ભાગ સાથે વેચીશ. જે જે લોક રૂપીઆ કમાયા કહે છે, તેઓની ખરી કમાઇ તો એ રૂપીઆ નથી, પણ તે રૂપીઆ વડે દેશની ઉપજમાં જે હિસ્સો મળશે, તે છે. જ્યારે રૂપીઆ ખરચવામાં આવે છે, ત્યારે ખરૂં જોતાં એ રૂપીઆની કિમ્મતનો, લેનારની નજરમાં આવે તેવો, માલ ખરીદવામાં આવે છે. ખાણમાંથી સોનું રૂપુ કાઢનારા સિવાય કોઇની નિપજ રૂપીઆથી થતી નથી. સારાંશ જ્યાં જ્યાં રૂપીઆ મળે, ત્યાં ત્યાં તે દ્વારે દેશની સામુદાયિક પુંજીમાંથી એટલી કિમ્મતનો માલ લેવાનો હક મળે છે, એમ સમજવું.

વસ્તુતઃ પૈસાનું સ્વરૂપ આવુંછે, તોપણ લોકના મનમાં તે વિષે સ્વાભાવિક ભૂલ પેદા થાય છે. લોકો એમ ધારેછે કે સર્વ તરેહના ઉદ્યોગ પૈસા માટે થાયછે, ને કોઇ પણ પુરૂષ પાસે પૈસો જેમ વધે તેમ ફાયદો. માટે જે માણસ પૈસાને બદલે માલ લે,

તે માણસ દ્રવ્ય ઓછું કરવાનું કામ કરે છે, ને જે માલ આપી પૈસો લેછે, તે પોતાનું દ્રવ્ય વધારેછે, એમ ગણાય છે. દેશમાં પણ પૈસો વધે તેમ સારૂં, ને ઘટે તેમ ખોટું. આ બધા વિચાર ભૂલ ભરેલા છે, એવું ઉપરની હકીકતથી દીસ્યું હશે; ને વળી આવતા પ્રકરણમાં સ્પષ્ટ માલમ પડી આવશે.

પૈસો દ્વાર તરીકે આવવાથી વેચાણ ખરીદીનું સ્વરૂપ ફરી જતું નથી, પણ માત્ર પ્રત્યેક વખતે એકને બદલે બે ખરીદીઓ થાયછે. પૈસો નહીં હોય, તો જે જણસો એક બીજાને સાટે વેચાત, તેઓ પૈસો હોવાથી સરખી કિમ્મતે વેચાવાની.માત્ર પહેલાં જણસને બદલે પૈસા લેવા પડશે, ને પછી તે પૈસાને બદલે બીજી જણસ ખરીદવામાં આવશે. જે નિયમથી છત ને ખપ ઉપર વસ્તુના મૂલનો આધાર છે, તે નિયમ કંઈ પૈસો આવવાથી ફરતો નથી. વળી વસ્તુના ઉત્પત્તિ ખરચના આધારે મૂલનો જે નિયમ છે, તે પણ ફરતો નથી. પૈસો છતાં પણ વસ્તુઓના પરસ્પર સંબંધ એના એ રહે છે. માટે તે બધીઓનો પૈસાની સાથે સંબંધ શા ધોરણ પ્રમાણે રહેછે, તે નક્કી કરવો બાકી રહ્યો: એટલે કે પૈસાનો મૂલનો આધાર શા ઉપર રહેશે, તેનો નિર્ણય કરવો રહ્યો.તે આવતા પ્રકરણમાં કરીશું.

प्रकरण ६ ठुं.

નાણાના મૂલ વિશે.

નાણાના સ્વરૂપનો નિર્ણય થયો, એટલે હવે તેના મૂલનો નિર્ણય કરવો મુશ્કેલ નથી. નાણું એટલે રૂપા કે સોનાના છાપેલા કકડા; તે બીજા પદાર્થ જેવા પદાર્થ છે. તે પણ મહેનતથી પેદા થઇ શકેછે, ને તેને નાણા દાખલ વાપરવાનું કારણ એટલુંજછે, કે તેમાં કેટલાક ઉપયોગી ગુણ રહેલા છે. બાકી તેમાં વિશેષે કરીને કંઈ ગૂઢ મૂલ રહ્યું નથી. લોક એમ ધારેછે, કે બીજી બધી વસ્તુઓનું મૂલ સોના રૂપાવડે છે, ને સોના રૂપાનું તો મૂલ હોયજ નહી પણ, એ વાત ખોટી છે.

નાણુંછે તે બીજા પદાર્થ જેવો પદાર્થછે, માટે તેના મૂલનો નિર્ણય પણ બીજા પદાર્થના મૂલની પેઠે થઈ શકે. બીજા પદાર્થનું ચાલતું મૂલ જેમ આવક ને ખપને આધારે રહેછે, તેમ નાણાનું પણ રહેછે; તથા જેમ બીજા શ્રમલભ્ય પદાર્થના મૂલનો આખરે આધાર ઉત્પત્તિ ખરચ ઉપર રહે છે, તેમ નાણાનો પણ રહે છે. પરંતુ આ નિયમ લાગુ પાડતાં કેટલીક સાવધાની રાખવી જરૂર છે, તે માટે એ નિયમોને

નાચે વિસ્તારીએ છીએ.

ત્યારે હવે પ્રથમ તો નાણાનું ચાલતું મૂલ છત તથા ખપના આધારે રહેશે, એમ કહેવામાં આવ્યું. પણ નાણાની છત તે શું, ને ખપ તે શું? નાણાનો ખપ એટલે શું? નાણાને બદલે જેટલો માલ કોઈ પણ અમુક પ્રસંગે વેચવાનો હોય, તે નાણાનો ખપ. નાણાની છત એટલે શું? માલ ખરીદવાને જેટલું નાણું ફરતું હોય, તેટલા બધાને નાણાની છત સમજવી. પેટીમાં કે ત્રીજોરીમાં કે બેંકમાં જે નાણું ઘાલી મુકવામાં આવે છે, તેથી કંઈ વસ્તુઓની કિમ્મતમાં ઘંઆને નાણાના મૂલમાં ફેર પડતો નથી; માટે તેનો નાણાની છત તરીકે ગણવું થતું નથી; માટે જેટલું નાણું વેચાણ ખરીદીમાં ફરતું હોય, તેટલાનેજ નાણાની છત ગણવી થઈછે. પણ જો કોઈ શેહેરમાં બે લાખ રૂપીઆ ફરતા રહેતા હોય, તો તેમાં નાણાની છત બેજ લાખ જેટલીછે, એમ સમજવું નહીં. જેટલું નાણું છતમાં હોય છે, ને ફરતું હોયછે, તેનાજ જેટલી કિંમતનો માલ વેચાશે, એમ સમજવું નહી જોઈએ. માલનું વેચાણ કંઈ એક દિવસમાં થતું નથી. જેટલો માલ બજારમાં વેચવા કાઢેલો હોય છે, તે બધો વેચાઈ રહેતા પહેલાં છતમાં જે નાણું હોયછે, તે બે ત્રણવાર ફરી વળેછે, એટલે એક સિક્કાથી વખતે ઘણી ખરીદીઓ થાય છે. આ વાત વેપારીઓના ધ્યાનમાં હોય છે, તેથી તેઓ પોતાના માલની કિંમત માગે છે, તે માત્ર છતમાંના નાણા ઉપર નજર રાખી બાંધતા નથી. પણ બધો માલ ખપી જતાં પહેલાં એ નાણું કેટલી વાર ખરીદીઓ કરશે, તે ઉપર વિચાર દોડાવે છે. માટે કોઇ પણ કાળે જેટલો માલ વેચવા કાઢ્યો હશે, તેની સામુદાયિક કિંમત તે કાળે દેશમાં જેટલું નાણું હશે તેટલીજ થશે, એમ સમજવું નહીં. પણ જેટલી જેટલી વાર ખરીદી કરી તે નાણું પાછું ફરશે, તેટલા ઘણું તે નાણાને ગણી તે રકમ બરોબર દેશમાંના માલની કિંમત થશે. જો લાખ રૂપીઆની રકમ છતાં પાંચ લાખનો વકરો થતો હોય, તો દરેક રૂપીઓ પાંચનું કામ કરેછે. જેટલી વાર તે નાણું પાછું ફરતું હોય, તેટલી વારે નાણાની રકમને ગુણવાથી જે એકંદર થાય, તેટલી કિમત ચાલતા માલની ઉપજશે. કોઈ દેશમાં થોડે નાણેથીજ વ્યવહાર ચાલેછે, ને કોઇમાં બહુ ચાલેછે. કોઇમાં નાણાંની ક્રયજનકશક્તિ એટલે વકરો કરવાની શક્તિ પ્રબળ હોયછે, ને કોઈમાં નિર્બળ હોયછે. હમેશ નાણાના મૂલનો વિચાર કરતી વખત તે શક્તિ ઉપર ધ્યાન પહોંચાડવું પડે છે. જેમ નાણું દોહરવાય છે, તેમ માલ પણ વખતે દોહરવાયછે. જ્યારે સટોરીઆ વેપારી નફો ખાઈ વેચી નાંખવાના ઇરાદાથી માલ લે છે, ત્યારે દેશનો કેટલોક માલ બે વાર વેચાયછે, તેથી માલમાં પણ એટલો વધારો ગણવો જોઇએ. દેશમાંનો બધો માલ ખપી જતાં અગાઉ એક રૂ-

પીઆ બે ત્રણ વેચાણ કરવે તેને જેમ આપણે ત્રણ રૂપીઆ બરાબર ગણીએછીએ, તેમ માલ છેવટ ખપી ગયા અગાઉ બે ત્રણ વાર વેચાય, તેને પણ બેવડો તેવડો ગણવો ઘટે છે.

આ ઉપરથી નાણાની છત એટલે શું, ને ખપ એટલે શું, એ સમજાયું હશે. હવે સામાન્ય નિયમ પ્રમાણે નાણાનું મૂલ તેની છત ને ખપને આધારે રહેશે. જો તેની છતમાં વધારો થશે, તો મુલ બેસી જશે, ને છતમાં ઘટારો થશે તો ચડશે. નાણાની છતમાં વધારો બે રીતે થઈ શકે. એક તો દેશમાં જ્યારે ચાલતા નાણાની રકમમાં વધારો થાય ત્યારે, ને બીજું જ્યારે નાણાની રકમ એની એ રહે, પણ તેની ક્રયજનકશક્તિ વધે ત્યારે. બીજી રીતનો વિચાર આ સ્થાને થઈ શકતો નથી; પણ એમ ધારો કે નાણાની રકમમાં એકદમ વધારો થયો. એમ ધારો કે એકદમ એક લાખ રૂપીયા લઈ કોઈ સોદાગર કોઈ શેહેરમાં માલ ખરીદવા આવ્યો, અથવા એમ નહીં, તો એવી કલ્પના કરો કે દૈવયોગથી એકદમ બધા માણસની પાસે બમણા રૂપીઆ થઈ ગયા. હવે પરિણામ શો થવાનો? શેહેરમાં માલ તો આગળ પ્રમાણેજ છે. જે લોકો પાસે પૈસા વધ્યા છે, તેઓ તે વડે માલ લેવા દોડશે. તે માલની કિંમત વધારે આપવી પડશે. પછી તે માલના વેચનાર પણ તેજ પ્રમાણે આચરશે, ને છેવટે ઘણીખરી વસ્તુની કિંમત વધશે.બધી વસ્તુની કિંમત સરખી નહીં વધે. જે લોક પાસે પૈસો વધ્યોછે, તે લોકને ગમતી જે વસ્તુઓ છે; તેની કિંમત ઘણી વધશે, ને બાકીનાની થોડી વધશે.

આથી કિંમતનો વધારો થયો, એટલે પદાર્થને બદલે પૈસા લેવા આપવાના વધારે થયા. કિંમતનો વધારો એટલે નાણાના મુલનો ઘટારો. જે વસ્તુ વધારે આપવી પડે, તેનું મૂલ ઘટયું કહેવાય છે. માટે જ્યારે કિંમત વધે, ત્યારે પૈસાનું મૂલ ઘટ્યું, એમ કહેવું ઘટિત છે. પણ પૈસાની રકમમાં વધારો કરવાથી તેના મુલમાં કેટલો ઘટારો થવાનો, એનો કંઈ નિયમ આપી શકાય ખરો? બીજા પદાર્થમાં કંઈ નિયમ આપી શકાતો નથી. ધર્ણનો પાક બમણો થાય તો ધર્ણનું મુલ અડધું થશે, એમ કહી શકાતું નથી; અથવા પાક અડધો થયેથી મુલ બમણું થશે, એમ પણ કહેવાતું નથી. પણ પૈસા વિષે તો એવો નિયમ છે, કે જેટલો તેની છતમાં વધારો કે ઘટારો થાય, એટલોજ તેની કિંમતમાં ઘટારો વધારો થાય. એનું કારણ છે. માણસ બીજા પદાર્થ લેછે, તે પોતાના ઇંદ્રિયાદી સુખ મેળવવા લેછે; ને તે લેવાની ઇચ્છા પણ નિયમિત હોયછે, ને શક્તિ પણ નિયમિત હોયછે. માણસ ધર્ણ લે તે પોતાના ખપ જેટલા લે, વખતે એક બે

વરસના ભરી રાખે; પણ સોંઘા થાય, એટલે જેટલા નીપજે, તે બધા લીધેજ જાય. એમ નથી. જે ધર્મનું કહ્યું તે બધા પદાર્થને લાગુ પાડે છે. પણ પૈસાથી સર્વ તરેહનો સુખ સંપાદન થાય છે. માટે માણસની ઇચ્છા તે જેટલો મળે તેટલો લેવાની હોય છે; ને તેને બદલે તેમની પાસે જેટલો માલ આપવાનો હોય, તે તેમની શક્તિ છે, માટે તે લેવાની શક્તિ ઉપર પણ ઘણો ઓછો સંકોચ છે. આ બેઉ કારણોથી પૈસાની છતમાં જેટલો વધારો કે ઘટારો થાય છે; તેટલોજ તેના મૂલમાં થાય છે. કોઈ પણ દેશમાં ચાલતા વ્યવહારમાં વપરાતા નાણાની રકમ બમણી થાય, તો વસ્તુઓની કિંમત બમણી થશે. આ ઉપરથી એમ સમજવાનું નથી, કે પ્રત્યેક જણસની કિંમત બમણી થવાની: કેટલીકની બમણી ઉપર વધશે, ને કેટલીકની બમણાથી નીચી રહેશે. પરંતુ સરાસરી કિંમત બમણી વધી, એમ માલમ પડશે.

પૈસા વધવાથી કિંમત વધે છે, ને ઘટવાથી ઘટે છે, અથવા (એનું એ બીજી રીતે કહીએ તો) વધવાથી તેનું મૂલ ઘટે છે, ને ઘટવાથી વધે છે, એ કંઇ કલ્પિત વાત નથી. આ પુસ્તક વાંચનારામાંના ઘણાખરાને ખબર હશે, કે સને ૧૮૬૩માં પશ્ચિમ હિંદુસ્તાનમાં ને તેમાં મુખ્યત્વે કરીને ગુજરાતમાં ઘણી મોંઘવારી થઇ હતી; તે એટલી બધી કે રૂપીએ તોલું ઘી થઇ ગયા હતા. એ મોંઘવારીના કારણ વિશે તજવીજ કરવા મુંબઇ સરકારે એક કમીશન ઠરાવ્યું હતું. તેઉના વિચારમાં એમ આવ્યું, કે સન ૧૮૬૩ ની પૂર્વેથી થોડાં વરસ થયાં ભાવ તણાંતા આવ્યા હતા, ને તે વરસમાં ઘણાજ તણાયા હતા. તેનું મુખ્ય કારણ તો એજ હતું, કે દેશમાં ચાંદીની આવક ઘણીજ થઇ હતી, ને રૂપૈયા પણ ઘણા પડ્યા હતા. આવો અનુભવ સિદ્ધ પુરાવો આપ્યા પછી આ નાણાના મૂલ વિષેનું પ્રકરણ વધારે લંબાવવું અમને દુરસ્ત લાગતું નથી. પરંતુ આ બાબત વિષે વિવાદ ચલાવવાની વખત એટલું યાદ રાખવું ઘટે છે, કે આ પ્રકરણમાં ઉધાર વ્યવહાર ચાલતો નથી, તથા નોટ પણ નથી એવું , વિગરેનો ચલણ ઉપર શી રીતે અસર પહોચે છે, તે આગળ જતાં વિસ્તારવામાં આવશે.

પ્રકરણ ૭ મું.

ઉત્પત્તિ ખરચ ઉપર નાણાના મૂલનો આધાર.

નાણાનું ચાલતું મૂલ તેની છત તથા ખપને આધારે છે, એતો કહી ગયા. પરંતુ નાણું શ્રમલભ્ય પદાર્થ છે, માટે જેમ બીજા બધા પદાર્થના મૂલનો આધાર આખરે ઉત્પત્તિ ખરચ ઉપર છે, તેમ નાણાના મૂલનો પણ તે ઉપર છે. આ વિષય સમજવા માટે આપણે એમ

ધારવું જોઈએ, કે નાણું દેશજન્ય એટલે દેશની ખાણોમાંથી થયેલા રૂપા સોનાનું બનેલું છે. નાણું બનાવવાનું સોનું રૂપું પરદેશથી આણેલું હોય, તો તેનું મૂલ શા પ્રમાણે થશે, તેનો વિચાર આગળ કરવામાં આવશે. જ્યારે નાણું શ્રમલભ્ય પદાર્થ હશે, અને સોનું રૂપું ખોદાવવાની અથવા સિક્કો ગાળવા વગેરેની સરકાર તરફથી કશી બંધી નહી હોય, ત્યારે નાણાનું કાયમ મૂલ અસલ ચાંદી કે નગદીના મૂલ કરતાં બહુ ઊંચું નીચું રહેશે નહીં; કારણ જો છાપેલાં નાણાંનું મૂલ ચાંદી કરતાં ઓછું ઉપજશે, એટલે નાણામાં જેટલું રૂપું છે, તે રૂપાનું ચાંદી દાખલ જેટલું મૂલ ઉપજે, તેના કરતાં નાણા દાખલ થોડું ઉપજશે, તો લોક ગમે તેમ કરી ફાયદા વાસ્તે સિક્કાને ગાળી તેની ચાંદી કરી તેને વેચશે, ને આખરે જ્યાં લગી નાણાનું મૂલ ચાંદી પ્રમાણે ઉપજવા માંડશે, ત્યાં લગી નાણું ગળાયાં કરશે. પરંતુ જો એથી ઉલટું બને, એ ચાંદીનું મૂલ નાણા કરતાં ઓછું ઉપજે, તો ચાંદીનો માલિક ગમે તેમ જુક્તિ કરી નાણું છાપવાની પેરવી કરશે. નાણું ગાળવા કરતાં છાપવું અઘરૂં છે, એ વાત ખરી; પણ જ્યાં લાલચ ઘણી હોય, ત્યાં માણસ જુક્તિ કરવી ચુકે નહી. ખાનગી છાપેલા નાણામાં સરકારી જેટલુંજ નગદી હોય, તો પછી એને પકડવું સહેલ નથી. આ પ્રમાણે નાણાનું મૂલ તેમાંની ચાંદી કે નગદીના જેટલું રહેશે, તે કરતાં ઘણા દિવસ ઓછું વધતું રહે નહીં.

હવે ચાંદી શ્રમલભ્ય પદાર્થ છે. માટે જો દેશમાં સર્વ ધંધાદારોમાં પાકી સ્પર્ધા ચાલતી હશે, તો એના ઉત્પાદકને બીજા ધંધાદાર જેટલો નફો પાલવવો જોઈએ; અથવા એવી સ્પર્ધા ન હોય, તોપણ પોતાના દસ્તુર મુજબ નફો મળવો જોઈએ. જો રૂપાના કે સોનાના કાઢનારને એટલું થોડું મૂલ મળે, કે એમને દસ્તુર મુજબ નફો પાલવે નહી, તો એ પોતાના ધંધામાં ઘણા દહાડા મચ્યા રહે નહીં. વખતે આશાએ આશાએ થોડા દહાડા કાઢી નાંખે, પણ છેવટે એ ધંધામાં સાર ન દેખે તો, મૂકી દીધા વગર રહે નહીં. તે [illegible] મૂકી દે એટલે રૂપાની આવક બંધ થાય, ને તેનો ઘસારો તથા ખપ કાયમ રહે, તેથી છેવટ રૂપાનું મૂલ વધે. રૂપાનું મૂલ વધે, એટલે રૂપીઆનું પણ મોડું વેહેલું વધે; કારણ કે હમણાંજ કહી ગયા કે રૂપા ને રૂપીઆના મૂલમાં ઘણો કાળ ફેર નભે નહીં. રૂપીઆનું મૂલ વધે એટલે રૂપીઆને બદલે એટલો માલ આવે, કે જેથી રૂપાના વેપારીને તેનો દસ્તુર પ્રમાણે નફો પાલવે. વળી જેમ રૂપાનું સ્થાયી મૂલ ઉત્પત્તિ ખરચથી ઓછું નહીં ઉપજે, તેમ જો ભિન્ન ભિન્ન ધંધાદારોમાં સ્પર્ધા હશે, તો એથી વધતું પણ નહી ઉપજે. ઘણો કાળ વધતું રહે, તો રૂપાના વેપારીને બીજા બધાઓના કરતાં નફો સારો પાલવે, તેથી છેવટે એ ધંધા ઉપર બીજા

વેપારીઓ પડાપડી કરે, ને આખરે નફો બીજા ધંધાની સમાન થઈ જાય.

આ ઉપરથી સિદ્ધ થાય છે, કે રૂપીઆનું ચાલતું મૂલ છત અને ખપને આધારે રહેલું છે, અને સ્થાયી મૂળ એટલું રહેશે, કે જેથી રૂપાના ઉત્પાદકને દસ્તુર મુજબ નફો રહે. પણ આ સ્થાયી મૂલ વિશે એક વાત ધ્યાનમાં રાખવાની છે. રૂપીઆનું અથવા બીજી કોઈ પણ વસ્તુનું સ્થાયી મૂલ ઉત્પત્તિ ખરચને આધારે રહેછે, એનું કારણ એટલુંજ છે, કે જો એમ ન રહે, તો તે ઉત્પત્તિ થતી બંધ રહે; અથવા એકદમ ઉત્પત્તિમાં ઘણો વધારો થાય. સારાંશ કે છતમાં ન્યૂનતાધિકતા થાય. પણ વેપારીઓ થોડો કાળ અથવા થોડાં વરસ નફો થોડો મળવાથી તેને છોડતા નથી, ને વધારે મળવાથી એકદમ છતમાં વધારો થઈ શકતો નથી. બીજું એ કે સોના રૂપાની પૃથ્વી ઉપર છત એટલી બધી છે, કે ઘણાં વરસ તેઓની આવક બંધ રહે, અથવા ઘણાં વરસ વધી જાય. તોએ તેમના ચાલતા મૂલમાં કંઈ ઘણો ફેર પડ્યો લાગે નહી. તથાપિ બહુ લાંબી મુદત સુધી આવક બંધ રહે, અથવા નિરંતર વધ્યાજ કરે, તો તેથી સોના રૂપાનું ને તેથી નાણાનું મૂલ ફરે ખરૂં, ને ઉત્પત્તિ ખરચ ઉપર દસ્તુર પ્રમાણે નફો ન મળે તો બહુ લાંબી મુદત સુધી આવક બંધ રહે, તેમાં પણ શક નહી; ને નફો વધે તો આવકમાં વધારો થાય, તેમાંએ સંદેહ નથી. માટે ઉત્પત્તિ ખરચ ઉપર આખરે નાણાના મૂલનો આધાર છે, એમ કહેવામાં કંઈ દોષ નથી. નાણાનું ચાલતું મૂલ આ પ્રમાણે ખપને છત ઉપર આધાર રાખશે; ને કાયમ મૂલ ઉત્પત્તિ ખરચ ઉપર રાખશે. પણ હાલ સોના રૂપાની હાલ દુનીયામાં છત એટલી બધી છે, કે ઉત્પત્તિ ખરચમાં વધ ઘટ થવાનો અસર ચાલતા મૂલમાં ઘણે લાંબે કાળે જણાય છે. ને નાણાના મૂલનો આધાર બીજા પદાર્થના મૂલ કરતાં ખપ ને છત ઉપર વધારે રહે છે.

નાણા સબંધી જે જે મુખ્ય વિષયોનો વિચાર કરવો ઘટે છે, તેતો થયો. હવે એક વાત ધ્યાનમાં લેવી રહી છે. કેટલાક દેશોમાં બેવડુ ચલણ રાખવાનો વહિવટ છે. સોનાનું ને રૂપાનું; ને વળી તે બે વચ્ચે કાયદાથી પ્રમાણ બાંધેલું હોય છે; એટલે એમકે સોનાના એક સિક્કા બરોબર રૂપાના આટલા ગણવામા આવશે: જેમકે વીસ સીલીંગ બરાબર પાઉન્ડ ગણવામાં છે તેમ. આ બેવડા ચલણથી ફાયદો છે કે નથી? એક ફાયદો દેખીતો છે. જ્યાં મોટી મોટી રકમોની ભાંજગડ થાયછે, ત્યાં બેવડા ચલણથી સગવડ ઘણી પડેછે. સો રૂપીઆ ગણવા કરતાં દશ ગીની આપવી કેવી સહેલ છે? એથી કેટલો બધો વખત ઉગરે છે? ને વેપારમાં તો વખત ઉગર્યો એ-

ટલે પૈસો ઉગર્યો એમજ છે. પરંતુ આવી રીતે બેવડુ ચલણ રાખવામાં ફાયદા કરતાં ઘેર ફાયદો ઘણોછે. રૂપાના ને સોનાના નાણા વચ્ચે સરકારથી પ્રમાણ બાંધ્યું હોય, ને એક ગેણીના દશ રૂપીઆ ઠરાવ્યા હોય; તો પણ વ્યવહારમાં તો વખતે સાડાદસ ઉપજે કે સાડાનવ ઉપજે; જ્યારે જ્યારે આવો ફેર થાય, ત્યારે બે રીતે નુકસાન થાય. જો દસ રૂપીઆ બરોબર ગેણી, એવું સરકારે પ્રમાણ ઠરાવ્યું હોય, ને સાડા નવ ભાવ થાય, તો બધા દેવાદાર પોતાના દેવામાં ગેણી આપે; ને લેણદારથી લેવાની ના કહી શકાય નહીં; ને જરૂર પડે તો બીજા લોક રૂપીઆ વડે સોનુ લાવી તેની ગેણી છાપે. જો એથી ઉલટું બને, ને ગેણીનો ભાવ સાડા દસનો થાય, તો દેવાદાર દેવામાં રૂપીઆ આપે, ને ગેણી બદલ રૂપુ લઈ તે છાપવાની જુક્તિઓ ચાલે. આખરે વહીવટમાં ચલણ તો એકનું એક રહે. કેટલાક સુધરેલા મુલકોમાં બે ચલણ રાખેછે, પણ એવો કાયદો કરે છે, કે દેવામાં તો એકજ આપી શકાય; ને બીજું બજાર ભાવે અપાય લેવાય. આમ થવાથી કાંઈ હરકત નથી. ઘણા ખરા દેશોમાં આવી જુક્તિ કરતી વખત રૂપા નાણાને ચલણમાં રાખેછે, ને સોનાના નાણાને બજાર ભાવે વેચાતું મૂકેછે. પણ વિલાયતમાં વહિવટ એવો ચાલે છે, કે રૂપાને સોનાનાણુ બન્ને ચલણમાં ખરૂં, ને બંન્ને વચ્ચે પ્રમાણ પણ ખરૂં. પણ ચાલીશ શીલીંગ સુધીના દેવામાંજ રૂપા નાણું આપી શકાય, ને એથી વધારે હોય તો સોના નાણું આપવું પડે. પરંતુ આથી એક કપટ બનવું સહેલ છે. સોના પ્રત્યે રૂપાનું મૂલ ચઢે, એટલે જો એટલાજ રૂપાને બદલે આગળ કરતાં વધારે સોનું આવે તો, રૂપા નાણાને ગાળી નાંખી લોક તેને ચાંદી દાખલ વેચી તેનું વધારે સોનું ઉપજાવે. આવો પરિણામ ન થાય, એટલા માટે વિલાયતમાં એવો ધારો રાખ્યો, છે કે રૂપા નાણામાં તેની નામની કિંમત કરતાં ઓછું રૂપુ નાખવું, એટલે એકવીસ શિલિંગમાં એક ગેણીની કિંમતનું રૂપુ ન રાખતાં કમી રાખવું. આવો ધારો બાંધ્યા છતાં હજુ એક કપટનું દ્વાર ઉઘાડું રહ્યું; કારણ કે જેમ શીલિંગમાં રૂપુ ઓછું ન હોય, તો રૂપાનું મૂલ વધતાં વાંતજ લોક શીલિંગ ગાળી રૂપુ કરી, તેને ચાંદી દાખલ વેચી નફો કાઢે; તેમજ જો શીલીંગમાં મૂલના કરતાં ઓછું રૂપુ હોય, તો લોક ગેણી બદલ રૂપુ લઈ તેને છપાવે (કારણ વિલાયતમાં છપામણી સરકાર લેતી નથી), ને જે રૂપુ એક ગેણીનું આવ્યું હોય, તેના શીલિંગ વધારે થાય, તેથી લોકને નફો મળે. આ દ્વાર બંધ કરવાને વિલાયતમાં એવો ધારો છે, કે રૂપુ જે કોઈ લાવે તેને છાપી આપવું નહી. પણ સરકારે જે આંકડો બાંધ્યો હોય, તેટલા સિક્કા ન હોય

તોજ છાપી આપવું. આવી રીતની ચોકશી છે, તોપણ કરીને વહિવાટમાં આ બાબતમાં લુચ્ચાઈ કે દગાઈ ઘણી ચાલતી નહી હોય. સરકાર રૂપુ છાપીને પાછું આપતી વખત જરા ઓછું આપે છે, તે માત્ર મેહેનત જેટલુંજ રાખે તો સારૂ, નહી તો લોક લાલચથી છાનામાના નાણું છાપશે.

प्रकरण ८ मुं.

ઉધાર વ્યવહાર ને ધીરધાર.

આગળ નાણાના મૂલ વિશે જે નિયમો કહ્યા, તેમાં એવો નિર્ણય થયો છે, કે જો દેશમાં બધો વ્યવહાર રોકડ પૈસે ચાલતો હશે, ને કશું પણ ઉધાર કામ થતું નહી હોય, તો નાણાનું ચાલુ મૂલ તેના આવેજ તથા ખપ પ્રમાણે વધશે ઘટશે, ને તેનું સ્થાયી મૂલ સોના રૂપાના ઉત્પત્તિ ખરચના પ્રમાણમાં રહેશે. પણ સર્વ દેશમાં થોડો ઘણો ઉધાર વ્યવહાર ચાલેછે ખરો, એટલે સર્વ દેશમાં નાણાના મૂલ વિશેના આ નિયમને થોડો ઘણો સંકોચવો પડશે.

ઉધાર વ્યવહારમાં હમેશ એક તરેહની ધીરધાર આવે છે. માટે ધીરધારથી દેશને કેટલો ફાયદો છે, તેનો આપણે વિચાર કરવો જોઇએ. વેપારી લોક ધીરધારનું મહાત્મ્ય ઘણું વધારી દેછે; ને જાણે કે તેમાં કાંઇ અદ્‌ભુત શકિત હોય નહી, એમ તેના ઉપયોગને વર્ણવેછે. હવે ધીરધારની સત્તા ઘણીછે, એમ અમે માન્ય કરીએ છીએ; પણ તે સત્તા અદ્‌ભુત છે, એમ કહી શકાતું નથી. ધીરધાર કોઈ નવી પુંજી પેદા કરી શકતી નથી. પણ માત્ર એક જણની પુંજી બીજાને વાપરવા આપેછે. જ્યારે જ્યારે કોઇ પુરૂષ પોતાની પુંજી બીજાને ધીરેછે, ત્યારે તે પોતાની પુંજી વાપરવાની બીજાને રજા આપેછે. તેથી પુંજીના સમૂહમાં વધારો થતો નથી, માત્ર તે એકના હવાલામાંથી બીજાના વહીવટમાં જાયછે. માટે એથી એક જણની દ્રવ્ય સંબંધી સત્તામાં જેટલી વૃધ્ધિ થાયછે, તેટલીજ બીજાની સત્તામાં ન્યૂનતા થાય છે. એથી કંઇ નવી પુંજી પેદા થતી નથી. પણ કોઇ કોઇવાર દેશની પુંજીમાં ધીરધારથી વસ્તુતઃ વધારો થાય છે. જ્યારે વેપાર ધમધોકાર ચાલતો હોય છે, ત્યારે ચાલુ નાણાનો ઘણો ભાગ ઉત્પાદક વેપારીઓના હાથમાં જાય છે, ને તે નાણાવડે દેશની જણસોનો ઘણો ભાગ છેવટે તેમની મારફતે ઉત્પત્તિમાં વપરાય છે. પરંતુ આથી ઉલટી બીના પણ કેટલીક વાર બને છે; ને આવી તરેહના ફેરફારથી દેશની પુંજીમાં ઘણો વધારો થાયછે, એમ કહેવું યોગ્ય નથી.

જો કે શરાફીથી દેશની મુડીમાં ઘણો વધારો થતો નથી, તોપણ તેથી મુડી એક જણના હાથમાંથી બીજા હાથમાં જાય છે; ને જેના હાથમાં તે આવે છે, તે તેનો ઉત્પત્તિ વિષે ઘણોજ સફળ ઉપયોગ કરવાને વધારે યોગ્ય હોય છે. હાલ ઉત્પત્તિમાં જેટલી બધી મુડી વપરાય છે, તેમાંનો ઘણો ભાગ જે ધણી વહીવટ કરે છે, તેનો હોતો નથી. પણ બીજા ધંધાના માણસો, જે કે વખતે નિરૂદ્યમી હોય છે, અથવા બીજા કામમાં રોકાયલા હોય છે, તેમની હોય છે. હવે જો કોઇ પણ કારણથી એમ બને કે શરાફી એકદમ બંધ પડી જાય, તો દેશની ઉત્પત્તિને ઘણોજ ધાકકો લાગે. જે માણસની પાસે મુડી છે, તેને તેનો ઉપયોગ કરવાની નવરાશ કે મરજી ન હોય; અથવા જેની મરજીને નવરાશ હોય, તેનામાં જોઇતી ચતુરાઇને જ્ઞાન ન હોય. માટે પરિણામે તેટલી બધી મુડી કાંતો ઉત્પત્તિ વિષે ખપમાં આવેજ નહિ; અથવા તેનો ઘણો ખરો ભાગ કળાકૌશલ્યની ખામીને લીધે બગાડમાં જાય. માટે શરાફીથી દેશની મુડીમાં વધારો થતો નથી. તો પણ તેથી દેશની મુડી ઘણીજ સફળ થાય, એવી રીતે વાપરી શકાય છે; ને ઉત્પત્તિમાં એથી હમેશ દરેક દેશમાં ઘણોજ વધારો થાય છે. દેશમાં જેમ જેમ પરસ્પર વિશ્વાસ વધતો જાય છે, તેમ દેશની મુડીમાંની નાની નાની રકમો પણ ઉપયોગમાં લાવી શકાય છે. જ્યાં ભરોસો નથી હોતો, ત્યાં લોક પોતાની દોલત દાટી મૂકે છે; પણ ભરૂસો વધતો જાય છે, તેમ તેમ દ્રવ્યનો ઘણો ભાગ વેપારની સેવામાં આવી શકે છે. મુડીને ઉપયોગમાં લાવવાનો મુખ્ય રસ્તો શરાફી દુકાનો ને બેંકો છે. જ્યાં આ સાધનોનો સારો લાભ લેવામાં આવે છે, ત્યાં બધા વેપારીઓ પોતાની ચાલુ શીલક પણ સરાફને ત્યાં અથવા બેંકમાં રાખે છે. પ્રત્યેક પ્રત્યેક વેપારીને એ જેટલી શીલક આગળી રાખવી પડે છે, તેટલી બધી રાખવાની શરાફને કે બેંકવાળાને જરૂર પડતી નથી. તેઓને ખબર હોય છે, કે જો એક જણને વધારે મુડી જોઇશે, તો બીજાને થોડી જોઇશે; માટે ઘણા જણની આગળી શીલકમાંનો થોડો ભાગ ચાલુ વ્યવહારને વાસ્તે રાખી, બાકીનો ભાગ શરાફ કે બેંક ઉત્પત્તિ કાર્ય વિષે ધીરી શકે છે. આથી દેશની મુડીમાં તો વધારો થતો નથી; પણ મુડીનો જેટલો અંશ ઉત્પત્તિ કાર્યમાં વાપરવાનો હોય છે, તે વધે છે.

આવી રીતે ધીરધારથી દેશની સર્વ મુડી પૂર્ણ રીતે ઉત્પત્તિમાં લાવી શકાય છે; એટલુંજ નહિ, પણ એથી બીજો એક એવોજ મોટો લાભ મળી શકે છે; એ વડે દેશની ઉત્પાદક બુદ્ધિનો ઘણોજ લાભકારક રીતે ઉપયોગ થઇ શકે છે. જે માણસ જે કામને પૂર્ણ રીતે લાયક હોય, તે માણસ જ્યારે તે કામ કરે, ત્યારે ઉત્પત્તિ ઉત્કૃષ્ટ

થાય છે. પણ એથી જો જરા પણ ઉલટો વહીવટ ચાલે, તો તેથી દેશને થોડું ઘણું નુકશાન થાય ને થાયજ. હવે જ્યારે ધીરધાર ચાલે છે ત્યારે, જે મુડી નકામી પડી રહેત, તે પૂર્ણ ઉપયોગમાં આવે છે એટલુંજ નહી, પણ તે એવા પુરૂષના હાથમાં આવેછે, કે જે તેનો સારામાં સારો ઉપયોગ કરી શકે. ઘણા પુરૂષ દ્રવ્યવાન હોયછે, તેઓને પોતાની મુડી જાતે વાપરવાની નવરાશ હોતી નથી; અથવા જ્ઞાન હોતું નથી; ને કેટલાક પાસે મુડી હોતી નથી, પણ નવરાશ અને જ્ઞાન ઘણું હોય છે. હવે ધીરધારથી આ મુડીને જ્ઞાનનો સારામાં સારો ઉપયોગ થઈ શકે છે. જ્યારે કાયદામાં સુધારો થવાથી ને કેળવણીમાં વધારો થવાથી લોક પારકી મીલકતને જોખમ ભરેલા વેપારમાં નાખતાં પૂરો વિચાર કરશે, ત્યારે ધીરધારનો આ જે ફાયદો છે, તેનો પૂરો લાભ લોકને મળશે.

સામાન્ય દ્દષ્ટિએ જોતાં ધીરધારથી આવી તરેહના ફાયદા છે. પરંતુ આ જે ફાયદા થાયછે, તે ઉત્પાદકોને દ્રવ્ય ધીરવાથી થાયછે. જે લોક દ્રવ્યનો અનુત્પાદક ઉપયોગ કરે છે, તેઓને દ્રવ્ય ધીરવાથી દેશની ઉત્પત્તિ વિશે હાનિજછે, કોઇ દિવસ લાભ નથી. આવી ધીરધારથી ઉત્પાદક વર્ગનું દ્રવ્ય અનુત્પાદક વર્ગના ઉપયોગમાં જાયછે. જો કોઇ વેપારી કોઈ શેઠીઆનું ઘર લખી લઈ તેને પાંચ વરસને વાયદે માલ ઉધાર આપે, તો જ્યાં લગી તે વેપારીની મીલકત તે શેઠ પાછી આપે નહી, ત્યાં લગી દેશની મુડીમાંથી એટલો ઘટાડો થયો એમ સમજવું. જો શેઠે માલની કિંમત તરત આપી હોત, તો તે ઉત્પત્તિમાં ફરી ફરીને વળગાડી શકત, ને તેથી દેશની ઉપજમાં વધારો ઘણો થાત. એ ખરૂં કે વેપારીને જાતને તો એ ઉધાર વ્યવહારથી નુકશાન થયું નહી હોય; કારણ માલ ઉધાર રહેવાથી જેટલું તેને વ્યાજ કે નફા દાખલ નુકશાન થયું હશે, તેટલું તેણે કિંમતમાં મજરે લીધું હશે. પણ વેપારીને ન થયું, તોપણ જેટલી મુદત માલ ઉધાર રહ્યો, તેટલી મુદત દેશના ઉત્પાદક વર્ગને તથા ઉપજને નુકશાન થયું ખરૂં.

ઉત્પત્તિ વિશે ધીરધારથી સામાન્ય રીતે જોતાં ઉપર પ્રમાણે અસર થાય છે. ધીરધારથી ઘણું કરીને કાંઈ નવી મુડી ઉત્પન્ન થતી નથી, પણ તેથી હમેશ દેશની મુડી ઘણીજ લાભકારક તથા ફળદાયક થાય, તેમ વાપરમાં આવેછે. હવે જ્યારે વેચાણ ખરીદીના વ્યવહારમાં ધીરધાર કરવામાં આવેછે, ત્યારે તેનો અસર જુદી રીતે થાય છે; કારણ જો કે તે ઠેકાણે ધીરધાર મુડીનું કામ બજાવી શકતી નથી, તો પણ નાણાનો અર્થ સારી શકેછે. જ્યારે ધીરધાર વેચાણ ખરીદીમાં થાય છે, ત્યારે તેને

ઉધાર કરીને કહેછે; ને ઉધાર વ્યવહારથી કિંમત ઉપર હમેશ અસર પહોચે છે; કારણ કોઇ માણસની પાસે નાણું ન હોય, પણ સાખ હોયતો તે રોકડ નાણાથી જેટલો અસર થાય તેટલોજ અસર ઉધાર માલ લઇ, પોતાની સાખવડે ઉત્પન્ન કરી શકેછે. સાધારણ ધીરધારના વ્યવહારથી કિંમત ઉપર અસર થતી નથી; કારણ તે વડે માત્ર એકજણ બીજાનું નાણું લઇ ખરીદીમાં વાપરી શકેછે, ને જેટલી રોકડ નાણાથી કિંમત ઉપર અસર થાય તેટલીજ તે ધીરધારથી થાય છે. પણ ઉધાર વ્યવહારથી અસર ખરેખરી થાય છે. જો કોઇ વેપારી કોઇ ઘરાકને રોકડ નાણું લીધા વગર નામે લખી માલ વેચે, ને છેવટે દીવાળી આવે હિસાબ ચુકવી લે, તો જ્યાં લગી તે નાણું પાછું વળે નહી, ત્યાં લગી ઉધારિયા વ્યવહારથી નાણાનું કામ સર્યું. માટે દેશમાં જેટલી કિમ્મતનો માલ ઉધાર વેચાયો તેટલું નાણું વધ્યું એમ ગણીએ તો ચાલે. તેટલું નાણું વધવાથી જે અસર થાત, તેટલોજ તેથી કિંમત ઉપર અસર થશે. પણ વેપારી વેપારો માંહો માંહે ચોપડે લખી માલ વેચે, તેમાં તો છેવટે પણ નાણાનો ખપ પડે નહીં; અથવા પડે તો ઘણા થોડા નાણાનો પડે. બે વેપારી વચ્ચે આમનસામન વેપાર ચાલતો હોય, ને પરસ્પર વેચાણ ખરીદી થતી હોય તો, તેઓ કંઇ દર વકરા વખતે રોકડ નાણાથી વ્યવહાર નહી ચલાવતાં નામાથી ચલાવી શકે. વરશ આખરે જમા ખરચનો શરવાળો કરી જેની બાકી નિકળે તેટલી તેને મજરે મળે; અથવા તેમ નહી કરતાં તે આવતા વરશમાં એંચાશે. આમને આમ લાખો રૂપીઆની ખરીદી થાય, પણ નાણાનો ઘણોજ થોડો ખપ પડશે. આવા નામાના વ્યવહારથી નાણાનું કામ સરે, ને રોકડ નાણાથી કિમ્મત ઉપર જેટલી અસર થાય, તેટલીજ આ વ્યવહારથી થાય.

હવે ઉધારીઆ વ્યવહારથી નાણાનું કામ સરેછે, તે માત્ર આજ રીતે સરેછે, એમ નથી. પણ એમ બીજી પણ કેટલીક રીતે સરે છે. વખતે હુંડી કે ચીઠીપત્રો પણ નાણાનું કામ સારેછે. જો अ નામના પુરૂષનું ब નામના પુરૂષને દેવું હોય, તો તે વાળવાનો એક રસ્તો તો એ કે ब નું સામુ લેણું હોય, તે જમા કરી બાકી અપાય લેવાય. વખતે ब નું સામુ લેણું ન હોય, પણ ब નું લેણું क પાસે હોય, ત્યારે अ ને રોકડ નાણું આપવાને બદલે ब પોતાના કરજદાર क ઉપર अ ને નાણું આપવાનો કાગળ કે ચીઠી લખી આપે; क પાસેથી अ ને રૂપીઆ મળે એટલે ब નું દેવું અદા થાય. આ પ્રમાણે કરજની અદલ બદલ હુંડી પત્રીથી થાય છે. તે હુંડી શકારાઇ એટલે ब ને બદલે क કરજદાર થઇ ચુકયો. અસલ હુંડી પત્રીનો વહીવટ

નીકળ્યો હશે, તે દૂરના ગામોમાં લેવડ દેવડ કરવી સહેલ પડે, ને રોકડ મોકલવી ન પડે, તે માટે નીકળ્યો હશે. એમ ધારો કે મુંબઇનો એક વેપારી અમદાવાદના રૂ-વાળા પાસેથી બે હજાર રૂપીઆનું રૂ લઇ ગયો; ને અમદાવાદનો કોઇ એક પુરૂષ મુંબઇથી બે હજાર રૂપીઆનું કાપડ લાવ્યો. વળી એમ ધારો કે આવો વેપાર વરશો વરશ ચાલે છે. હવે જો હુંડી પત્રોનો ચાલ ન હોય, તો વરશો વરશ બે હજાર રૂપીઆ અમદાવાદથી મુંબઇ મોકલવા પડે, ને મુંબઇથી અમદાવાદ મોકલવા પડે, ને તે મોકલવાનું જોખમ તથા નુકશાન વેપારીને વેઠવું પડે, પણ હુંડીના ચાલથી એ બે-માંનું એકે કરવાની જરૂર રહેતી નથી. અમદાવાદવાળો રૂનો વેપારી મુંબઇથી રોકડ નાણાં મગાવવાને બદલે અમદાવાદના કાપડવાળા વેપારી પાસેથી મુબઇની હુંડી લખી નાણાં લે, ને પોતાના દેણદાર મુબઇના વેપારી ઉપર કાગળ લખી આપે કે તે નાણાં અમદાવાદના કાપડના વેપારીનો લેણદાર જે મુંબઇનો કાપડનો વેપારી તેને આપે. આ રીતે વેપારીને નાણા મોકલવાની તસ્દી ને ખરચ ઉગરી જાય.

હવે માલના ખરીદદાર કેટલીકવાર જાતે હુંડી લખતા નથી. પણ પોતાના દેશના સરાફને ત્યાંથી નાણાં ભરી, હુંડી લઇ પોતાનો લેણદાર માલનો જે વેચનાર, તેના ઉપર મોકલે છે. તે લેણદાર મુંબઇ જેના ઉપર હુંડી છે તેને ત્યાંથી હુંડી દેખાડી નાણા લે છે. આવી રીતે બે ગામમાં બે સરાફ હોય તો બે ગામનો પરસ્પર સઘળો વેપાર નભે. ઘણી વખતે સરાફ ઘણા હોય છે, ને તેઓ વરસ આખરે સઘળી વેચાણ ખરીદીનો હિસાબ કરી નાણાં મોકલવા વગેરેની તસ્દી તથા ખરચ ઉગારે છે.

આ પ્રમાણે હુંડીઓ એકવાર નીકળી એટલે તેઓનો બીજો ઉપયોગ સુઝી આવ્યો. બધા ધંધામાં નાણા આપવાની થોડી મુદત અથવા વાયદો હોય છે. તે વાયદો પુરો થાય ત્યાં લગી જે વેપારીનો માલ વેચાયો હોય, તેનું ખરીદદાર પાસે લેણું રહે છે. હવે આ લેણાનો ફાયદો લેવાને હુંડીનો વહીવટ પ્રસર્યો હશે. લેણદાર વેપારી કરજદાર વેપારી ઉપર હુંડી લખી, તે હુંડી વેચે, ને પોતે વાયદો પુરો થતાસુધી બેશી રહેવાને બદલે, તે હુંડીનાં વ્યાજ કાપતાં જે નાણાં ઉપજે, તેથી પોતાનો વેપાર ચાલુ રાખે. આવી રીતે હુંડીથી એક માણસનું કરજ બીજાને વેચી શકાય છે; ને તથા વેપારમાં કેટલીક મદદ થાય છે. આવી રીત ન હોય તો વાયદો વીતતાં લગી વેચ-નાર વેપારીથી બીજો માલ ખરીદાય નહીં. આવું થયા પછી લેણું ન હોય, ત્યાં પણ હુંડી લખી નાણાં મેળવવાની રીત ચાલી. આ રીતથી એક વેપારી નાણાં ઉભાં કરવા સારૂ બીજા ઉપર હુંડી લખે, ને તે તેને શિકારે. વખતે તેને નાણાનો ખપ હોય

ત્યારે તે પણ તેમ કરે. જો વેપારીની સાખ સારી ન હોય, તો આવી હુંડી શિકરાવાનો જોગ થોડો.

જ્યારે હુંડીનો ખરીદનાર તેનો વટાવ કાપી નાણાં આપી હુંડી પોતાની પાસે રાખી મૂકે, ને મુદ્દત પાકયે નાણાં વસુલ કરે, ત્યારે તો હુંડીના વ્યવહારથી કંઈ કિંમત ઉપર અસર થાય નહિ. પણ જો તેજ હુંડી વેચાણ ખરીદીમાં માલની કિંમત દાખલ અપાય તો, તેથી કિંમત ઉપર અસર થાય. એમ ધારો કે અમદાવાદનો એક વેપારી મુંબઈ ઉપર દસ હજારની હુંડી લઈ મુંબઈ માલ ખરીદવા ગયો, ને ત્યાં માલ ખરીદીને વેચનાર વેપારીને દસ હજારની હુંડી તેણે આપી. તે વેપારીએ પણ તે હુંડી નો દેખાડ કરી નાણાં ન લેતાં, પોતે બીજા પાસેથી માલ લીધો, ને તેને શેરો કરીને કિંમતના અવેજમાં હુંડી આપી, ને તેણે વળી ત્રીજાને, ને ત્રીજાએ ચોથાને આપી. હવે આવી રીતે ચાલીસ હજારની ભાગફોડ થઈ. પણ હુંડીના કાગળ સિવાય કોઈને રોકડ નાણાનો ખપ પડ્યો નહીં. એટલે હુંડીના કાગળથી એટલા રોકડ અવેજનું કામ સર્યું. એટલા રોકડ અવેજથી જેટલી કિંમત વધત, તેટલીજ એથી વધી. આવી રીતે હુંડીના ઉધાર વ્યવહારથી રોકડનું કામ સરેછે; ને કિંમત ઉપર નાણા બરોબર અસર થાય છે.

એક બીજી રીતે પણ નાણાનું કામ વગર રોકડે સરે છે. ઘણાખરા ગામોમાં આખા ગામ વચ્ચે એક પારેખ કે સરાફ હોય છે, ને બધા ગામના લોક પોતાની લેવડ દેવડ તેની જોડે રાખે છે. ગામના બે જણ વચ્ચે કંઈ પણ વકરો થયો, કે તે પારેખને ત્યાં જઈ એક બીજાનું લેણદેણ જમે ખરચ કરાવે છે. પારેખ વેચનારના જમે કરી, તેટલાજ દેણદારને ખાતે ઉધારે છે. આવી રીતે ઘણા ગામમાં વગર નાણે વેપાર ચાલે છે. ગામડાઓમા વેચાણને સુમારે નાણું ઘણું થોડું વપરાય છે, તેનું કારણ આ છે. શેહેરમાં પણ વેચનાર લેનારનો સરાફ એક હોય છે, ત્યારે રોકડ નાણાનો ઉપયોગ ન થતાં વેપારીને ત્યાં બેની કબુલત થાય છે, ને તેથી નાણાનો ખપ રેહેતો નથી. આપણે અહીં મોટાં શેહેરોમાં આ રીત ઘણી ચાલતી હોય, એમ અમને ખબર નથી. પણ લંડન શેહેરમાં આના સરખીજ રીત ચાલેછે, તેથી નાણાનો ખપ બિલકુલ રેહેતો નથી; જે રેહેછે તે માત્ર પરચુરણ વેપાર વાસ્તે રેહેછે. લંડનમાં બધા વેપારી કોઈ કોઈ સરાફ જોડે ખાતું રાખેછે, ને જ્યારે પોતાને કંઈ નાણું આપવું પડે છે, ત્યારે પોતાના વેપારી ઉપર એક ચેક એટલે ચીઠી લખી આપે છે. જે વેપારી ચેક લે છે, તે કંઈ ખરીદદારના વેપારીને ત્યાં દેખાડી તેનાં નાણાં લેતો નથી,

પણ તે ચેક પોતે જેનો માલ લીધો હોય, તેને આપે છે, અથવા તેનો કોઈ નથી હોતો, ત્યારે તે પોતાના શરાફને આપેછે; ને તે સરાફ તે ચેકનાં નાણાં પેલા વેપારીને ખાતે જમે કરી મૂળ શરાફને નામે ઉધારે છે, ને ચેક પોતાની પાસે રાખે છે. સાંજરે બધા સરાફો એક ઠેકાણે મળે છે. તે પોતાની પાસે બીજા સરાફ ઉપરના જે ચેક હોયછે, તે તે સરાફોને આપી, તેને બદલે પોતાના ઉપરના તેટલીજ કિંમતના ચેક પાછા લે છે. બાકીનો જે વધારો રહ્યો, તે બદલ રોકડ નહીં આપતાં, તેને બદલે ઈંગ્લંડની બેંક ઉપર એક ચેક આપે છે. ઈંગ્લંડની બેંકમાં બધા સરાફનાં ખાતાં હોય છે, તેથી ત્યાં તે રકમ જમે ખરચ થાય છે. આવી રીતે દરરોજ કરોડો રૂપીઆની ભાગફેડો થાય છે, પણ તેમાં રોકડ પાઈની પણ જરૂર પડતી નથી. આ ચેકો નાણાને ઠેકાણે માલની કિંમત બદલ આપવામાં આવે છે, તેથી તેઓ નાણાનું કામ સારે છે, ને એમની કિંમતના નાણાથી કિંમત ઉપર જેટલી અસર થાય, એટલીજ તેઓથી થાય છે.

ઉધારીઆ વ્યવહારની એક ચોથી રીત છે. તેથી પણ નાણાની ગરજ સરેછે. પણ તે રીત આ દેશમાં આગલી ત્રણ રીતો જેટલી પ્રબળ નથી. વિલાયતમાં એવી રીત છે કે, માલ ખરીદનાર રોકડ નાણું આપવાને બદલે પોતાના હાથની ચીઠી લખી આપે છે. તેમાં આ પ્રમાણે મતલબ આપે. "આ ચીઠી લાવનારને [illegible] થવા તે જેને લખી આપે તેને, હું માગે ત્યારે માલ લીધો તેની કિંમતના રૂ. [illegible] આપવાને કબુલ થાઉછું." આ ચીઠીને પ્રામીસરી નોટ કરીને કહે છે. સરાફો પાસે નાણાની છુટ નથી હોતી, ત્યારે તેઓ આવી જુક્તિ વાપરે છે. સરાફના ઘરાકો નાણાં બદલ આવી ચીઠી લેઈ વેપારીને ત્યાંથી માલ ખરીદી લે છે; તે વેપારી તે ચીઠી બીજાને આપી પોતે પણ માલ ખરીદ કરેછે. આવી રીતે જો અસલ શરાફની સાખ સારી હોય તો, તેની ચીઠીવડે ઘણા કાળ સુધી વ્યવહાર ચાલે છે; છેવટે ઘણે મહિને ચીઠી ફરતી ફરતી પાછી આવેછે; ત્યાં સુધીમાં સરા[illegible] ઘાં નાણાની સગવડ થઈ શકેછે. આ પ્રમાણે ઘણો વ્યવહાર ચાલેછે. પરંતુ જ[illegible] ચીઠી પાછી આવે, ત્યારે નાણાં આપવાં પડે, નહી તો દેવાળુ નિકળે એવું [illegible] સરાફને થોડી રોકડ હમેશ તૈયાર રાખવી પડેછે. પરંતુ જેટલી કિ[illegible] તેણે લખી આપી હોય છે, તેટલી રોકડ રાખવાની જરૂર પડતી નથી; [illegible]ણી નોટ એકજ સમે પાછી વળતી નથી. માટે જેટલી એક સમે પાછી ફરવ[illegible] ભાગ હોય છે, તેટલી સીલક તે રાખેછે. વિલાયતમાં આ રીત પહલી વેપારીઓએ કાઢી; પછી સ-

રકારને લાગ્યું કે આ રીતથી પૈસાનું કામ ઠીક સરેછે; તેથી તેઓએ પણ પોતાની નોટો કાઢી. અહી પણ સરકારે ચલણી નોટો કાઢેલી છે; તેને બેંક નોટો કરીને કહેછે. એ નોટોનું ચલણ જીલ્લાઓમાં ઘણું થોડું છે. પણ રાજધાનીના શેહેરોમાં ઘણુંછે, તેથી નાણાનો ખપ ઘણો મટી જાયછે. આ વાત હરકોઈ મોટા વેપારીને ખબર છે.

ધીરધારથી ઉત્પત્તિમાં શા શા ફાયદા થાયછે, ને તેથી કિંમત ઉપર કેવી અસર થાય છે, તેનો કેટલોક વિચાર થયો. પરંતુ કિંમત ઉપરના અસરનો જે વિચાર કર્યો, તે સામાન્ય વિચાર કર્યો. ઉધાર વેપારથી કિંમત ઉપર જે અસર થાય છે, તે ચાલુ કિંમત ઉપરનો અસર છે એમ સમજવાનું છે, સ્થાયી કિમત ઉપર અસરછે, એમ સમજવાનુંછે. સ્થાયી કિમ્મત ઉપર માત્ર સોના રૂપાના ઉત્પત્તિખરચથીજ અસર થશે. પણ સોના રૂપાની સ્થાયી કિમ્મતને ચાલુ કિમ્મત વચ્ચે વખતે ઘણો અંતર રેહેછે; ને તે અંતર કેટલાક કાળ લગી ટકી રહેછે. સ્થાયીને ચાલુ કિમ્મત વચ્ચે ફેરથાયછે, તે એક તો નાણાના સમૂહમાં વધ ઘટ થવાથી થાયછે. સ્થાયી મુળના પ્રમાણમાં જેટલું નાણું ચલણમાં રેહેવું જોઇએ, તે કરતાં જો વધારે હશે, તો જ્યાં લગી એ વધારો રેહેશે ત્યાં લગી નાણાની કિમ્મત ઉત્પત્તિ ખરચના પ્રમાણ કરતાં ઓછી રેહેશે. હવે નાણુંજ વધવા ઘટવાથી આવીરીતે નાણાનું સ્થાયી મુળ ઘટેછે વધેછે એમ નથી. પણ ઉપર કહેલા ઉધારીઆ વ્યવહારથી પણ એવીજ અસર થાય છે, અને ઉપર કહેલા બધી રીતના ઉધાર વ્યવહારથી તે થાયછે.

નાણાથી કિમ્મત ઉપર જે કાંઈ અસર થાયછે, તે વસ્તુ બદલ તે આપવા લેવાયાથી થાય છે. જે નાણું રાખી મુકવામાં આવેછે, તેથી કિમ્મત વધતી ઘટતી નથી. રાખી મુકેલા નાણાના પ્રમાણથી વખતે કિમ્મત વધારે હોય છે, વખતે કમી હોય છે. વખતે વેપાર મંદ થવાથી ઘણું નાણું પુરી મુકેલું પડી રેહેછે, ને ત્યારે નાણાના સમુદાયિક અપેક્ષ્યી જેટલી કિ[illegible]ત થવી જોઇએ, તેથી ઘણી ઓછી કિમ્મત થાયછે; પણ વખતે બધું નાણું વેપા[illegible] [illegible]ઈ જાય છે, એટલુંજ નહી પણ વેપારી પોતાની સાખથી જેટલો ઉધાર થ[illegible] [illegible]પાર કરેછે, ને આવે પ્રસગે નાણાના સમૂહ પ્રમાણે જેટલી કિમ્મત થાય, [illegible]ણાનું મૂળ ઘણું ઓછું ઉપજે છે. વેપારી સાખવડે ઘણીવાર વેપાર ચલાવે[illegible] [illegible]ી પાસે ખરીદ કરવાની દુપટ શક્તિ હોય છે. એક પોતાની પાસે જે [illegible]ડ નાણું હોય તેટલી, ને એક પોતાની સાખથી જેટલું નીપજે તેટલી: આ સત્તા પુરેપુરી વાપરવાનો પ્રસંગ તેને કવચિતજ મળેછે. પણ જ્યારે મળે, ત્યારે

ક્રિમ્મત ઉપર નાણું ને સાખ એ બંનેનો અસર થાય છે. એ સાખથી જે અસર થાય છે, તે સામાન્ય ઉધાર વ્યવહારથી થાય છે. કાંઈ હુંડી કે નોટ હોય તોજ થાય એમ નથી. માત્ર મોઢાના ઉધાર વ્યવહારથી થાય, અથવા ચોપડાના ખાતાથી થાય, અથવા હુંડીથી થાય, અથવા નોટથી થાય, અથવા ચેકથી થાય, ને ગમે તે રીતે થાય, તે સરખોજ થાય. જે અસર થાયછે, તે ઉધાર વ્યવહારથી થાય છે; તેના વિશેષ સ્વરૂપથી થતો નથી.

ઉધાર વ્યવહારથી ક્રિમ્મત ઉપર ખરેખરી અસર થાયછે, તે સિદ્ધ કરવાને એક દૃષ્ટાંત લેવો બસ છે. જ્યારે કોઈ ધંધાના વેપારી લોકોને એમ લાગેછે, કે આપણા ધંધામાં આ પ્રસંગે નફો કમાવવાનો જોગ સારો છે, ત્યારે તે પોતાની સઘળી મુડી તે ધંધામાં નાખીને બેશી રહેતા નથી, પણ પોતાની સાખથી જે નાણાં ઉછીનાં મળે. તે પણ વેપારમાં નાંખે છે; ને પોતાની વટ ઉપર જેટલો ઉધાર વેપાર ચાલી શકે તેટલો પણ ચલાવે છે. જ્યારે કોઈપણ મોટી વેપારની જણસના વેપારીને એમ લાગેછે, કે થોડો પાક થવાથી અથવા વધારે ખપ થવાથી, એ જણસનો ભાવ ઘણો વધશે, ત્યારે વધારે નફો મેળવવા, માટે તેઓ પોતાના દસ્તુર કરતાં વધારે ખરીદી કરે છે. જેટલા એ વેપારના કરનાર હોય છે, તે બધા જેમ બને તેમ માલનો સંઘરો કરતા જાયછે. આવી રીતે બધાઓની દોડાદોડથી માલની ક્રિમ્મત વધી જાયછે. જેમ ક્રિમ્મત વધે છે, તેમ વેપારીઓની કલ્પનાને પુષ્ટિ મળતી જાય છે. તેઓ ખરીદી વધાર્યા જાય છે; ને વખતે નવા લોક તે વેપારમાં પડે છે. છેવટે તર્ક ઉપરથી એટલો બધો ભાવ વધારી દે છે કે, વેપારમાં પડનારમાં કેટલાકને એવી કલ્પના થાય છે, કે લોક ધારે છે, એટલો ભાવ થનાર નથી. પણ તેઓ એવી ઉમેદથી પડે છે કે આપણે નફો મેળવી ખશી જઈશું. થોડો કાળ ગયા પછી બધાને પોતાની ભૂલ માલમ પડવા લાગેછે, બધાને એમ લાગે છે કે આપણો ધાર્યો ભાવ ઉપજનાર નથી; માટે પહેલાં જેમ બધા માલ ખરીદવાની દોડાદોડ કરતા, તેમ હવે બધા વેચવાની કરેછે; ને પડતા ભાવમાં કોઈપણ લેવાને ખુશી નથી હોતું, ને વેચનાર વેચવાને આતુર હોય છે, તેથી ભાવ એકદમ જેમ અતિશય ચઢી ગયો હતો, તેમ એકદમ બેશી જાય છે. ઘણા ખરા જણને થોડી ઘણી ખોટ વેઠવી પડેછે. આવો બનાવ દેશાવરના માલ વિશે ઘણીવાર બને છે. જ્યારે કોઈ જણસનો દેશાવરનો વેપાર એકદમ વધે છે; અથવા જ્યારે કોઈ વેપારમાં નફો કમાવાનો જોગ ઘણો હોય છે, ત્યારે તે વેપારમાં ખરીદી વધે, ને ભાવ વધતો જોઈ નવા વેપારી તેમાં પડે છે; તે જણસનો

ભાવ અતિશય વધી જાય છે, એટલુંજ નહી; પણ બીજી ઘણી ખરી જણસનો ભાવ પણ વધે છે. આવે સમે ઉધારને બીરધારનો વ્યવહાર ઘણો ચાલે છે. બધા પોતાની સાખથી ને વટથી જેટલો રોજગાર થાય તેટલો કરેછે, એટલુંજ નહીપણ હરકોઇ જાણની સાખને વટ વધી હોય એમ લાગે છે. છેવટે ધાર્યો નફો ન મળવાથી બધા જણ માલ વેચવા નિકળે છે. ભાવ ઉપજતા ન જોઇ સર્વ કોઇ ઘણા આતુર થઇ વેચવા જાયછે, ભાવ ઘણા બેસી જાયછે; ભરૂસો ઉઠી જાયછે. સરાફને પણ દસ્તુર પ્રમાણે બીરનાર મળતા નથી;ને આગળ સર્વ લોક જેમ ઉન્મત્ત થઇ ગયા હતા, તેમ હવે બંધા હબક ખાઇ કોઇ કોઇને કોડી બીરતા નથી. ઉધાર વ્યવહાર બંધ થઇ જાયછે, ને ઘણાં દેવાળાં નિકળે છે, ને ઘણા જણને ખોટ આવે છે. મુંબાઇમાં રૂની કીંમત વધવાથી સને ૧૮૬૫ માં આ પ્રમાણે થયું હતું.

આવી રીતે સર્વ વસ્તુની કિમ્મતનો સાથે લાગો વધારો થવો,અથવા સાથે લાગો ઘટાડો થવો, એ જો ઉધાર વ્યવહાર ચાલતો હોય તોજ બને, માત્ર રોકડ વ્યવહાર હોય, તો બનવો અશક્ય છે. રોકડ વ્યવહાર હોય તો એક બે જણસનો ભાવ આવી રીતે વધી શકે ને દેશના ચલણી નાણાનો ઘણો ખરો ભાગ એ બે જણસના વેપારમાં રોકાય. પણ જેટલો એ જણસોના વેપારમાં રોકાયો, તેટલો બીજા સર્વ કામમાં ઓછો થાય. માટે એ જણસોનો ભાવ વધવાથીજ બીજી બધીનો ઘટ્યા વગર રહે નહી. એ ખરૂં કે વેપારની તડામારી ચાલ્યાથી નાણાની ક્રયજનક શક્તિ વધે. પણ એથી ઘણો વધારો થાય નહીં; ને રોકડ વ્યવહારમાં તો થોડી જણસોનો ભાવ વધે તો બીજીનો ઘટ્યા વગર રહે નહીં; સર્વ વસ્તુનો ભાવ સાથે લાગો ઉધાર વ્યવહારથીજ વધે, એકલા રોકડ વ્યવહારથી એવો વધે નહીં.

ઉધાર વ્યવહારનો સામાન્ય અસર આવી રીતનો છે. હવે જો કોઇ પણ અમુક રીતના ઉધાર વ્યવહારથી કિમ્મત ઉપર વધારે અસર થતો હશે, તો તેનું કારણ એજ હશે કે તેથી ઉધાર ભાગફોડો વધતી હશે. હવે વસ્તુતઃ જોતાં એમ માલમ પડે છે કે ઉધાર વ્યવહારની કેટલાક પ્રકારથી ભાગ ફોડો વધારે થાય છે, ને કેટલાકથી મુકાબલે થોડી થાય છે. માત્ર ખાતાના ઉધારે વ્યવહારથી જેટલી વેચાણ ખરીદી થાય, તેના કરતાં હુંડી પત્રીથી વધારે થઇ શકે, ને હુંડી કરતાં નોટથી વધારે થઇ શકે: જો કોઇ अ નામનો પુરૂષ ब પાસેથી માલ ખરીદ કરે ને ब ને ખાતે કિમ્મત ઉધારે તો માત્ર આ પ્રકારથી એકજ ખરીદી થાય, ब નું अ પાસે લેણું રહ્યું, તે લેણાની રકમે બીજી ખરીદી ब કરી શકે નહી; પણ જો ब, अ ના

ઉપર એ લેણા બદલ હુંડી લખે, તો તે હુંડી કાંતો વટાવી શકાય, અથવા તે હુંડી વડે બીજી વેચાણ ખરીદી થઇ શકે; ને તે હુંડી અંની પાસે ભરપાયા થવા આવે, ત્યાં લગામાં એવડે ગમે તેટલી ખરીદીઓ થઇ શકે. આ રીતે ચોપડામાં ખાતું પાડી ઉધાર વ્યાહાર શરૂ કર્યાથી માત્ર એકજ ઉધાર ભાગફાડ થાય; પણ હુંડી વડે એથી ઘણી થાય. માટે ઉધારીઓ વટ પ્રસારવાની ને તેથી કિંમત ઉપર અસર કરવાની શક્તિ ખાતા કરતાં હુંડીમાં વધારે છે. જેમ ખાતા કરતાં હુંડીમાં આ શક્તિ ઘણી છે, તેમ નોટમાં હુંડી કરતાં ઘણી છે; કારણ કિંમત બદલ વેપારી હુંડી કબુલ કરે કે ન કરે, એ હુંડી લખનાર ને શિકારનારની સાખ ઉપર છે. પણ જો હુંડીને બદલે સારા સરાફની નોટ જને અંગ્રે આપી હોય તો, તે વડે વેચાણ ખરીદી વધારે થવાનો સંભવ છે; કારણ સરાફની સાખ બધાને જાણીતી હોય છે, ને હુંડી લીધા કરતાં શરાફની નોટ લેવી હરકોઇને વધારે ગમેછે. માટે હુંડી કરતાં નોટમાં વેચાણ ખરીદીનો ઉધારીઓ વ્યવહાર પ્રસારવાની તથા કિમ્મત ઉપર અસર કરવાની વધારે શક્તિ છે.

આ પ્રમાણે ખાતાના ઉધાર વ્યવહાર કરતાં કિમ્મત ઉપર હુંડીની અસર વધારે છે, ને હુંડી કરતાં નોટની શક્તિ વધારે છે; એટલે ખાતાં કરતાં હુંડીવડે કિંમત વધવાનો જોગ વધારે છે, ને હુંડી કરતાં નોટવડે વધવાનો જોગ વધારેછે. પણ જોગ વધારે છે, તે ઉપરથી એમ સમજવું નહીં, કે વસ્તુતઃ એ વધારો થયા વગર રહેતોજ નથી. ઉધારના આ ત્રણ પ્રકારથી વ્યવહારમાં જે ફેર પડેછે, તે ફેર જ્યારે વેપાર તડામાર ચાલે છે, ત્યારે પૂરેપૂરા જણાઇ આવેછે. જ્યારે ખાતાવડે ઉધારીઆં વેચાણ થઇ ચૂક્યાં હોય, ત્યારપછી હુંડી ચાલે તો તેથી કેટલાક ઉધારીઆ વ્યવહારનો પ્રસારો થાય; ને પછી નોટ આવે તેથી પણ વધારે પ્રસારો થાય. આનું કારણ ઉપર કહેલુંજ છે. ખાતાવડે વ્યવહાર ચાલે છે, ત્યારે માણસ પોતાની સાખ પ્રમાણેજ ઉધાર વ્યવહાર નભાવી શકે છે. હુંડીવડે ચલાવે છે, ત્યારે તે પોતાની ને હુંડી શિકારનારની બેની સાખ ઉપર વેપાર કરેછે; ને જ્યારે નોટ વાપરેછે, ત્યારે તે નામીઆ શરાફની સાખ ઉપર વ્યવહાર ચાલેછે. પરંતુ જ્યારે બજાર તેજી ઉપર આવેછે, ને તર્ક ઉપરથી ખરીદીઓ કરવામાં આવે છે, ત્યારે હમેશ હુંડીથી ને નોટથી ઉધાર વ્યવહાર ચાલતો નથી, પણ ઘણું કરીને શરૂઆતમાં ખાતાથી વ્યવહાર ચાલે છે. જ્યારે એકદમ ચઢી ગયા પછી ભાવ એકાએક ઉતરવા માંડે છે, ત્યારે નોટનો ને હુંડીનો ખપ પડેછે. તેઓવડે ભાવ થોડીવાર થોભી રહેછે. જ્યારે ચિન્ત જોરે વિ-

લાયતની લડાઈ થવાનો જોગ હતો, ત્યારે માત્ર રૂ. ૫૦૦૦૦ના મુડીવાળાઓએ સાઠ લાખ સુધીનો વેપાર કર્યો હતો; તે ઘણો ખરો ખાતાના જોર ઉપર હતો. કેટલાક લોક એમ ધારેછે, કે બેંક નોટથી કિંમત ઘણી વધી જવાનો જોગછે, માટે બેંક નોટની સંખ્યા ઉપર નિયમ રાખ્યો હોય, તો ઠીક. પણ આ સૂચના કાંઈ દુરસ્ત નથી. એકલી બેંક નોટથીજ કિંમત ઉપર અસર થતી નથી; ખાતાથી ને હુંડીથી પણ થાય છે; ને બેંકનોટથી વધારે અસર થવાનો જોગછે, તથાપિ હુંડીને ખાતા કરતાં વહિવટમાં તો તેથી ઓછી અસર થાય છે. તેમજ સંભવ ઉપર નજર રાખવી હોય, તો જેટલો નોટથી કિંમત વધવાનો સંભવ છે, તેટલોજ એકવડે સંભવ છે; માટે એકલા નોટ વિશે નિયમ કરવાથી કશું ફળ નથી.

प्रकरण ९ मुं.

નહીં વટાવાય એવું ચલણી નોટ.

જ્યારે કેટલાએક કાળ સુધી નોટ હુંડી વગેરેથી લેવડ દેવડ ચાલી હશે, ત્યારે લોકને તુરત સૂઝી આવ્યું હશે, કે માત્ર કાગળ ઉપર રૂપીઆ કે પાઉન્ડનો આંક ભરી, માગે ત્યારે તેટલી રકમ આપવાની કબુલત તે ઉપર લખી આપવાથી, નાણાંનું કામ સરી શકેછે. આ ઉપરથી કેટલાક દેશની સરકારને પણ એમ લાગ્યું, કે જો આવી રીતે કાગળ ઉપર સો રૂપીઆની છાપ મારવાથી તે કાગળ વડે આપણે સો રૂપીઆનું કામ કાઢી શકીએ, અને એ રૂપીઆ આપવાની સરત ન હોય, તો ઘણો ફાયદો થાય. કેટલાક ઝામી ગયેલાં રાજ્યોમાં આવી જુક્તિ ચાલેછે, ને સફળ પણ થઈ છે. પણ આખરે તે રાજ્યોએ પોતાની દાનત બગાડી તેથીજ તે જુક્તિનું તેમને ફળ મળતું બંધ થયું. હવે જ્યાં લગી લોકોને એમ ખાતરી હોય કે સોની છાપવાળો કાગળ જેમ આપણે સો રૂપીઆ બદલ સરકાર પાસેથી લઈએ છીએ, તેમ આપણી પાસેથી બીજા લોક પણ લેશે, ત્યાં લગી તેઓ તે લેવાની બહુ આનાકાની કરે નહીં. પરંતુ આવા ચલણના મૂલનો આધાર શા ઉપર રહેશે તે વિચાર કરવો રહ્યો; કારણ એ તો સ્પષ્ટછે કે આવા ચલણનું મૂલ સોના રૂપાના નાણાની પેઠે ઉત્પત્તિ ખરચને આધારે રહે નહી. સોના રૂપાના નાણાનું મૂલ તેના સમુહ ઉપર રહેછે, ને તેના સમુહનો આધાર બીજી જણસોના મૂલની માફક નફા ટોટના હિસાબ ઉપર રહ્યોછે. એટલે જો સોનાનું મૂલ ઉત્પત્તિ ખરચના પ્રમાણથી જાયુ હલકુ રહે, તો તે ઉત્પન્ન થતું

બંધ થાય; અથવા પરદેશ મોકલવામાં આવે; ને વધારે રહે, તો તેથી ઉલટો પરિણામ થાય. આ રીતે સોના રૂપાના ચલણનું મૂલ તેની મેળે ઠેકાણે રહેછે. પણ નહી વટાવાય એવા કાગદી ચલણનું સમૂહ તેની મેળે ઠેકાણે આવે નહી. તેનું સમૂહ કેટલું રાખવું એ રાજાની મરજી ઉપર, તેમજ તેનું મૂલ પણ રાજાની મરજીને આધારે.

કોઈ દેશમાં બિલકુલ નાણાનું ચલણ ચાલતું હોય, તેમાં એમ ધારો કે રાજાએ પહેલાં જેટલું નાણું ચલણમાં હોય, તેથી અડધા અવેજનાં નોટ કાઢ્યાં; તે નોટ કાંતો નોકરોના પગાર પેટે આપ્યાં, અથવા માલની કિંમત પેટે આપ્યાં. આવી રીતે ચલણી નાણામાં એકદમ વધારો થવાથી બધી વસ્તુની કિંમત વધશે. તેમાં સોના રૂપાની પણ કિંમત વધશે. સોનાના સિક્કામાં જેટલું સોનું હશે, તેટલા સોનાની કિંમત એ સિક્કા કરતાં વધારે ઉપજશે; એટલે સોનાનાણું ગાળી નાંખી તે સોના દાખલ વેચવામાં આવશે, ને તેમ કિંમત બરોબર નહીં ઉપજે, તો જે દેશમાં સારી કિંમત ઉપજતી હશે, તે દેશ ખાતે તે મોકલવામાં આવશે. છેવટે જ્યાં લગી છાપેલા સોનાની કિંમત નગદીની બરોબર થશે, ત્યાં લગી એવી ગાળવા વગેરેની ક્રિયા થયા કરશે. જ્યારે પાછું ચલણી નાણું આગળ જેટલું થશે, ત્યારે કિંમત ઠેકાણે આવશે. આમ થવાથી ચલણમાં આગળ કરતાં ધાતુ અડધું રહેશે, ને બાકીનું કામ કાગળના નાણાથી સરશે. જેટલું ધાતુ ચલણમાંથી ગયું, તેટલો દેશને લાભ થયો, કારણ કે સોના રૂપાને ઠેકાણે હલકી કિંમતના ચલણથી દેશનો વ્યવહાર નભ્યો. પાછું એમ ધારો કે ફરીથી પાછાં આગળ જેટલાં નોટ કાઢ્યાં, તો આગળ જેવો પરિણામ થશે. ને ચલણમાંથી સોના રૂપાનું નાણું બીલકુલ નીકળી જશે. (એટલે સોના રૂપાનાં નાણાં જેટલી હલકી કિમતનાં હોય છે, તેટલી હલકી કિમતનાં નોટ કાઢશે તો). આવી રીતે બિલકુલ સોનું રૂપું ચલણમાંથી જતું રહેશે. પણ જો નોટ દશ કે પાંચ રૂપીઆની અંદરનાં નહી હોય, તો આની અંદરની લેવડ દેવડ વાસ્તે થોડું રૂપા નાણું રાખવું પડશે. સોનું રૂપું નાણાના કામમાંથી નીકળી જવાથી બાજા ઉપયોગને માટે તે વધારે મળી શકશે, ને આવી રીતે તેની છત વધવાથી વખતે તેના મૂલમાં ઘટારો થશે. મુલમાં ઘટારો થવાથી ચલણમાં થોડું સોનું રૂપું રહેશે. વળી થોડા કાળમાં તેની આવક બંધ થવાથી, અથવા પરદેશ તે જવાથી, અથવા સાધારણ પ્રસારાથી, તેની છત ઓછી થશે, ને મુલ ઠેકાણે આવશે; ને થોડું સોના કે રૂપા નાણું ચલણમાં રહ્યું હશે, તે પણ નિકળી જશે. આવી રીતે બધું ધાતુ નાણું ચલણમાંથી નીકળી ગયા પછી

જો વધારે નોટ કાઢવામાં આવશે, તો આગળની માફક બધી વસ્તુની કિંમત વધશે. સોના રૂપાનું મુલ પણ વધશે. એટલે દશના નોટ બદલ દશ રૂપીઆ બરોબર સોનુ નહી આવે, પણ ઓછું આવશે. માટે જો નોટના રૂપીઆ લીધા પછી તેને ગાળી રૂપું કર્યું હોય, તો તે રૂપાનું દશ કરતાં વધારે મુલ ઉપજશે. માટે નાણું ગાળવામાં બધાને નફો પડશે. આગળની માફક ગાળી નાંખવાને કાજે નાણું મેળવવાની લોક કોશીસ કરશે. હવે જો નોટ વટાવાય એવાં હોય, તો નોટનાં નાણાં નોટ કાઢનારે આપવાંજ પડે; ન આપે તો દેવાળુ નિકળે. માટે વધારાના નોટને બદલે લોક નાણું લઈ તેને ગાળી નફો કાઢે; ને કાઢનારને ત્યાં નોટ પાછા આવેજ જાય. જ્યાં લગી ચલણમાં આ પ્રમાણે જરૂર કરતાં વધારે નોટ રહે, ત્યાં લગી સોના રૂપાની કિંમત હલકી રહે. ને નાણું લઈ તેને ગાળવામાં બધાને નફો રહે. માટે જ્યાં લગી વધારાનાં બધાં નોટનાં નાણાં શરાફે આપ્યાં નહી હોય, ત્યાં લગી આ પ્રમાણે શરાફને નુકશાન પડશે, ને ધાતુમય નાણું ગળાયા કરશે. એટલે એવાં નોટ તો ચલણમાં રહી શકે તેટલાંજ કાઢી શકાય. પણ જો નોટ વટાવાય એવા ન હોય, તો તેને બદલ નાણાં નહી મળવાથી કાઢેલાં નોટ બધાં ચલણમાં રહે; ને તે નોટ કાઢવાં હોય તેટલા કાઢી શકાય. આવાં નોટના હરેક વધારાથી નાણાના મુલમાં ઘટાડો થાય છે; તેથી તેઓ વડે નાણાનું મુલ ગમે તેટલું ઘટાડી શકાય.

નાણાના મુલમાં ઘટાડો થવાથી હમેશ મોટી પીડા છે. ચલણના મુલમાં કાંઈ પણ ફેર થવાથી નુકશાન છે. સોના રૂપાના ચલણના મુલમાં ફેર ઘણે કાળ પડે છે, અને પોતાની મેળે પડે છે; તે ફેર કરવો કોઈના હાથમાં નથી; પણ તેથીએ નુકશાન નથી એમ નથી. પણ એથી કાંઈ સારી જણસ નાણા દાખલ વાપરવા જેવી છે નહી, માટે નિરૂપાય થઈ આપણે તેને ચલણમાં રાખેલું છે. પણ આવી રીતે કાગદી ચલણથી એકદમ ચલણના મુલમાં ઘટાડો થવાથી બેશુતમ હાની છે. નાણાનું મુલ હાલના કરતાં ઘટવાથી બધા કોલ કરારોમાં તથા નફા ખોટની ઉમેદોમાં ભંગ પડી જાયછે, ને એવો ફેરફાર થવાનો જોગ હોય છે, ત્યારે ભવિષ્યનાં બધાં કામકાજ ઘણાં અનિશ્ચિત થઇ જાયછે. નાણાનું મુલ ફરવાથી જે માણસ હાલ સો રૂપીઆ આપવાને કબુલ કરે, તેને વખતે બસેં જેટલો માલ આપવો પડે, ને વખતે પચાસ જેટલો આપવો પડે; ને બંને રીતે નુકશાન: એક રીતે આપનારને ને એક રીતે લેનારને. માટે નાણાનું મુલ વધારવા ઘટાડવાનો કોઈ પણ એક પુરૂષના કે થોડા પુરૂષની ટોળીના હાથમાં અખ્તીઆર આપવો, એમાં ઘણું જોખમ છે; કારણ ઘણીવાર નોટ કાઢનારનો એ હે-

રકાર કરવામાં સ્વાર્થ રહેલો હોય છે, અને બીજું કાંઈ નહી મળે, તો દરેક નોટ કાઢી એજ નરી. વળી જ્યારે નોટ કાઢનાર પોતે દેણદાર હોય, ત્યારે તો નોટ કાઢવામાં તેનો દેખીતો સ્વાર્થ રહ્યો; કારણ નોટથી ચલણનું મૂલ ઘટે, તો પોતાનું કરજ થોડી રકમે પતે.

વટાવાય નહીં, એવા ચલણના જે આ ગેરફાયદા કહ્યા, તે છેક નિરૂપાય નથી. તેનો એક ઉપાય દેખીતો છે. જો એવો નિયમ રાખ્યો હોય, કે એક રૂપીઆ ભાર રૂપા બદલ જેટલાં નોટ રાખવાથી એક રૂપીઆનું નોટ ઉપજે, તેટલાં નોટ રાખતાં, તો પછી વટાવય નહીં, એવા ચલણ વિશે જે ખોટામાં મોટી અડચણછે, તે તો દૂર થઈ જાય; કારણ વટાવાય એવું ચલણ હોય ને રૂપીઆના નોટનો જેમ રૂપીઓજ ઉપજે, તેમ આવો ઠીક નિયમ કરવાથી પણ ઉપજશે. વળી આવી રીતે ગોઠવણ કરવાથી જ્યારે ફાયદો એટલો થાય, કે દેશમાં ધાતુમય નાણાનું ખરચ બિલકુલ ઉગરી જાય. આ ઉપાયથી બધી હરકત દૂર થતી હોયએમ જણાયછે. પણ વિચાર કરતાં માલમ પડશે, કે ફાયદાથી ગેરફાયદો વધારે છે. એક તો સોના રૂપાની કિમ્મત કપટથી પણ ઓછી વધતી રાખી શકાય છે. ખોટાં વેચાણ તથા હરાજીઓથી સોના રૂપાની કિમ્મત નોટના વધારા મુજબ રાખી શકાય, તેથી બિનવટાવી નોટનો મોટો ગેરફાયદો કાયમ રહે. ઉપર કહેવામાં આવ્યું કે આવી રીતના નિયમથી બિલકુલ સોનું રૂપું રાખવાનું ખરચ ઉગરી જાય, પણ વિચાર કરવાથી તે ફાયદો ઘણો મોટો છે, એમ નજરે નહી આવે; કારણ વટાવાય એવાં નોટ હોયછે, ત્યારે પણ આખા ચલણનો થોડો હિસ્સો ધાતુમય નાણા રૂપે સિલકમાં રાખી મુકવો પડેછે. પણ મોટી અડચણ એ છે, કે આવું ગુંચવણ ભરેલું ચલણ લોકના સમજવામાં એકદમ ન આવે. પાંચ રૂપીઆના નોટના પાંચ રૂપીઆ ઉપજે, એ વાત હરકોઈના સમજવામાં આવી શકે એવી છે. પણ પાંચ રૂપીઆ નોટનું પાંચ તોલા રૂપું આવે તો નોટનું ચલણ નિર્વિકારી છે, એ સમજવું વ્યવહારમાં સહેજ નથી; ને આવો આડો રસ્તો કાઢવાથી સરકાર ઉપર લોકનો ઇતબાર ન રહે. વળી એવો નિયમ બાંધ્યો હોય, તો ગરજ પડે એ તોડતાં કોઈને વાર ન લાગે. પણ જો નોટની બદલ રોકડ આપવાનો નિયમ કર્યો હોય, તો રોકડ આપવી બંધ કરતાં વાર લાગે.

કેટલાક એમ કહેછે, કે જેટલી કિંમતનાં નોટ કાઢ્યાં હોય, તેટલી કિંમતની મિલકત નોટ બદલ આપવાને જો રોકડ રાખી હોય, તો પછી નોટથી કંઈ હરકત નથી. આ લોકના કહેવામાં એક રીતનો ફાયદોછે ખરો. જે ધણીએ નોટ કાઢ્યાંહોય,

તે દેવાળુ કાઢે તો તે મિલકત અવેજમાં વાળવા કામ આવે, પણ એથી ચલણનું મૂલ ઘટતું બંધ થાય નહીં;ને વધારે કાઢવાથી નોટનો સોથી મોટો ગેરફાયદો તો એ છે જે, ચલણના મૂલમાં તેથી ઘટાડો થાયછે. કેટલાક એમ કહેછે, કે નોટથી વેપાર તથા ઉત્પત્તિને પુષ્ટિ મળેછે. પણ માત્ર વસ્તુઓની કિમ્મતમાં વધારો થવાથી ઉત્પત્તિમાં શી રીતે વધારો થાય, એ સમજવામાં આવતું નથી. ચલણમાં વધારો થવાથી કાંતો બધી વસ્તુનાં મૂળ સરખાં વધે, અથવા ઓછાં વધતાં વધે. જો સરખાં વધે, તો કોઇને ફાયદો નથી; કારણ સર્વ કોઇને બધી વસ્તુની કિંમત વધારે મળે, તેમ બધાને કિંમત આપવી પણ વધારે પડે. જો ઓછી વધતી વધે તો જે વસ્તુની કિંમત ઓછી વધે, તેના ધણીને જેટલું નુકશાન, તેટલો બાકીની વસ્તુના ધણીને ફાયદો,

ચલણનું મૂલ હલકુ પાડવાથી દેશને નફો નથી, અથવા થોડાને જેટલો નફો થાય છે, તેટલું બાકીનાને નુકશાન થાય છે. જ્યાં લગી નોટ ધાતુ ચલણના જેટલાજ કાઢવામાં આવે, ત્યાં લગી કાઢનારને ફાયદો છે. પણ સામા કોઇને નુકશાન નથી; ને દેશમાં ધાતુ નાણાનો ખપ મટ્યો એટલો દેશને ફાયદો. પણ જો ધાતુ ચલણ કરતાં વધારે રકમનાં નોટ કાઢવામાં આવે, તો કાઢનારને જેટલો નફો તેટલું બાકીનાને નુકશાન. તે કાઢનાર તે નોટ બીજાને મુડી તરીકે વાપરવા આપે, તો તેઓને પણ તે નફાનો થોડો અંશ મળે. પણ બાકીના બધા લોકને તે નોટથી નુકશાન છે. નોટ કાઢનારને આવી રીતે ગેરવ્યાજબી રીતે નફો મળે છે, તેટલુંજ નહીં, પણ જેટલા બધાને બાંધી રકમનાં દેવાં અદા કરવાનાં હોય છે, તે બધાને પણ ગેરવ્યાજબી નફો મળેછે. એ બધાનું દેવું થોડું દ્રવ્ય આપવાથી પતેછે. નામનીતો રકમ એની એજ આપવામાં આવેછે: સો રૂપીઆ લખ્યા હોય, તો સોજ આપવામાં આવે છે. પણ અસલ સો રૂપીઆ લીધા હતા, તે વખત તેના બદલ દ્રવ્ય ઘણું મળતું હતું, ને નાણાનું મૂલ ઊંચુ હતું; પણ હાલના જે સો રૂપીઆ છે, તેના બદલ દ્રવ્ય થોડું મળે છે, ને નાણાનું મૂલ ઓછું મળે છે. કંઈ નહીં તોએ આ લુચ્ચાઇ કહેવાય, ને લુચ્ચાઇથી પૈસા ટકાના વ્યવહારમાં બહુ નુકશાન થાય છે.

પ્રકરણ ૨૦ મું.

મૂલ્યને લગતી કેટલીક અગત્યની હકીકત.

મૂલ વિષેના હવે મુખ્ય મુખ્ય સાધારણ નિયમ જે આપવાના હતા, તે આપ્યા. વસ્તુઓનું ચાલતું મૂલ છત ને ખપને આધારે રહેછે; શ્રમલભ્ય વસ્તુઓનું કાયમ મૂલ ઉત્પત્તિ ખરચને આધારે રહેછે, શ્રમલભ્ય વસ્તુઓ પરસ્પર ઉત્પત્તિ ખરચના પ્રમાણમાં સટવાય છે; નાણા દ્વારે શાટ થવાથી મૂલના નિયમોમાં ફેર થતો નથી, પણ માત્ર નાણાના મુલમાં જે જે ફેરફાર થાય તેટલાજ ધ્યાનમાં લેવાના છે, તે કહેવામાં આવ્યું. વળી ધીરધાર તથા ઉધાર વ્યવહારના શાશા ફાયદા છે, તથા ઉધાર વ્યવહારના કેટલા પ્રકાર છે, તે પ્રત્યેકથી કિમ્મત ઉપર કેટલો અસર છે; નોટના ચલણથી ક્યારે ફાયદો ને ક્યારે ગેરફાયદો, વગેરે બાબતોનો વિચાર આ પુસ્તકમાં થઈ ચૂક્યો. પરંતુ આ બધી જે હકીકત વર્ણવામાં આવી, તેમાં એવી કલ્પના કરવામાં આવી છે, કે પરદેશ જોડે વ્યવહાર ચાલતો નથી, માટે પરદેશ જોડે વેચાણ ખરીદીનો વ્યવહાર છે, તેમ ધારવાથી ઉપર સ્થાપેલા નિયમોમાં કેટલો ફેર કરવો પડશે, તેનો વિચાર કરવો રહ્યો. પણ તેનો પ્રારંભ કર્યા પહેલાં મૂલ વિષે કેટલીક પરચુરણ, પણ અગત્યની, હકીકત લખવાની બાકી રહીછે, તે આપીએ છીએ.

સાધારણ વેપારીઓ એમ માને છે, કે વસ્તુ માત્રની વખતે અતિશય ઉત્પત્તિ થઈ શકે, ને તેથી સર્વ વસ્તુઓના ભાવ ઘટે. તેઓની એમ ધારણા છે કે જ્યારે કોઈ એક બે અમુક ચીજની ઉત્પત્તિ આવકમાં ઘણો વધારો થઈ જાયછે, ત્યારે તે વસ્તુનું મૂલ જેમ બરોબર ઉપજતું નથી, તેમજ સર્વ વસ્તુઓની ઉત્પત્તિ કોઈ કાળે ઘણીજ થઇ જાય, ને બજારમાં આવેલી બધી વસ્તુઓ ખરીદ ન થવાથી પડી રહે. પરંતુ આ વિચાર ભૂલ ભરેલોછે. કોઈ દીવસ સર્વ વસ્તુની અતિશય ઉત્પત્તિ થવાથી સાથે લાગી એવી ભરચક થાયજ નહીં, કે માલ પડ્યો ને પડ્યો રહે. આનું કારણ નીચે પ્રમાણે છે. જો અતિશય ઉત્પત્તિ વધવાથી માલ પડ્યો રહે, તો તે પડી રહે તે તેઓની ખરીદી ન હોય તેથીજ પડી રહે. ખરીદી ન હોવાનું કારણ બેમાંથી એક હોય; કાંતો લોકની માલ લેવાની ઇચ્છાજ ન હોય, અથવા ઇચ્છા હોય પણ સત્તા ન હોય. આ બે સિવાય બીજા કોઇ કારણથી પડી રહે નહીં. હવે આપણે વિચાર કરવો કે માલ ખરીદવાની લોકની મરજી છતાં સત્તા ન હોય, તેને લીધે બધા પ્રકારનો માલ અતિશય ઉત્પત્તિ થવાને લીધે હમેશ પડી રહેશે ખરો. આ વિચાર કરતી

વેળા વસ્તુઓનું મુલ શું છે, તેનો વિચાર કરવો જોઇએ. જો સર્વવસ્તુઓની સાથે લાગી બમણી ઉત્પત્તિ થાય, તો માલ પડ્યો રહે નહીં. ખરીદવાનો માલ આગળ કરતાં બમણો થાય, તેમ હરેક જણની ખરીદવાની સત્તા પણ બમણી થાય. વસ્તુઓના મુલ આગળ પ્રમાણે રહે. ફેર પડે તો સહેજ પડે, ને તે પડવાનું કારણ એ કે કેટલીક વસ્તુના બમણા સમુહનો ખપ ન પડે, ને કેટલીકના બમણા કરતાં વધારેનો ખપ પડે. પણ આ સિવાય બીજો કોઇ ફેર પડે નહીં. હરેક વસ્તુ બમણી થાય, ત્યારે સોનું રૂપું પણ બમણું થાય, ને નાણું પણ બમણું થાય. એટલે વસ્તુની કિમ્મત પણ આગળ પ્રમાણે રહે. પણ કદાચને સોનું રૂપું બમણું ન થાય તોએ શું? માત્ર કિમ્મતો ફરે. હરેક જણસની કિમ્મત આગળથી અડધી ઉપજે, પણ આથી કોઇને નુકશાન નથી. બધાને થોડા પૈસા લેવા પડે, તેમ આપવા પણ થોડા પડે. એમ કોઇને નુકશાન થાય નહીં, માટે માલ પડી રહે નહીં. આ ઉપરથી એમ સાબિત થયું, કે જ્યાં લગી માલને બદલે માલ આપવાનો હોય ત્યાં લગી માલ ખરીદવાની સત્તા નથી, એમ કહેવાતું નથી. જ્યા લગી માલ ખરીદવાની સત્તા છે, ત્યાં લગી માલ પડી રહેવાનો નથી. માલ પડી રહેવાનો અસંભવ છે, તો વસ્તુ માત્રની સામાન્ય ઉત્પત્તિ અતિશય થવાનો જોગ પણ અસંભવત બલકે અશક્ય છે.

હવે આપણે એમ ધારો કે માલ ખરીદવાની સત્તા દેશના લોકમાં છે, પણ દેશના બધા લોક એટલા બધા તૃપ્ત થઇ ગયા છે, કે નવો માલ લેવાની કોઇ ઇચ્છા રાખતું નથી. આવું હશે તો પછી જે ઉત્પત્તિ થશે, તે વધારે પડશે; ને વસ્તુ માત્રની ઉત્પત્તિ અતિશય થઇ શકે એવું જે કેટલાકનું કહેવું છે તેને પુષ્ટિ મળશે. પરંતુ બધા જણ તૃપ્ત થઇ વધારે દ્રવ્યની ઇચ્છા રાખેજ નહીં, એ માત્ર કલ્પના છે. અનુભવમાં એવું બનવું મુશ્કેલ છે; બનશે એમ ધારો તોએ શું થયું? જો બધા સર્વ વાતે તૃપ્ત થઇ ગયા હશે તો પછી ઉત્પત્તિજ નહીં કરે. માટે ઉત્પત્તિ થશેજ નહીં; એટલે ઉત્પત્તિનું અતિશયપણું વસ્તુતઃ બનશેજ નહી. કોઇ એમ કહે કે જેમ લોભીઆ લોભના માર્યા દ્રવ્ય ભેગું કર્યાં જાય છે, ને તેનો કશો ઉપભોગ કરતાજ નથી; તેમ બધા લોક માત્ર સંઘરવાની બુદ્ધિથી દ્રવ્ય ઉગાડીને મુડી વધારી ઉત્પત્તિ વધારે જાય તો પછી દ્રવ્યની ઉત્પત્તિ અતિશય થઇ, એમ કહી શકાય. આ માત્ર કલ્પના છે. કોઇ દેશના સર્વ લોક એવી ભૂલમાં પડતા નથી; ને જે પડે છે તેને થોડી વારમાં ભૂલ છે એવું ખબર પડી આવે છે.

ઉત્પત્તિ એટલી બધી અતિશય થાય કે તેનો ખરીદનાર ન મળવાથી તે

પડી રહે એવો જે સિદ્ધાંત છે, તે ઘણી ભારે ભૂલવાળો સિદ્ધાંત છે. એથી આખા અર્થશાસ્ત્રનું સ્વરૂપ ફરી જાય છે; ને આખા અર્થશાસ્ત્રની રચનાને એ ભૂલથી ધોકો લાગેછે. હમારા મત પ્રમાણે અર્થશાસ્ત્રને બે વાતનો વિચાર કરવાનો છેઃ દ્રવ્યની ઉત્પત્તિ કરવાની સારામાં સારી રીત, ને તેના વિભાગ કરવાની સારામાં સારી રીત. પરંતુ જેઓ આ મહાભારત ભૂલમાં પડેલા છે, તેઓ એમ કહેછે કે અર્થશાસ્ત્રને ત્રણ વાત વિચારવાની છેઃ દ્રવ્યની ઉત્પત્તિ, દ્રવ્યવિભાગ, ને દ્રવ્યની ખરીદી. આ લોકોનો વિચાર દૂષિત છે, એવી સમજુ વાંચનારની ખાતરી થઇ હશે.

આ ભૂલ નાનીસુની નથી. ઘણા મોટા યુરોપીઅન અર્થશાસ્ત્રીઓ એ ભૂલમાં પડ્યા છે. એ ખરેખર જોતાં ભૂલ છે, તોપણ પ્રથમ તે ભૂલ લાગતી નથી. કોઇ પણ અમુક ચીજની કિંમત ને મૂલ બંને ઘણીવાર ઘટી જાય છે; ને તે ઘટી જવાનું કારણ કેટલીક વાર એજ હોય છે, કે તેની ઉત્પત્તિ ખપ કરતાં વધારે થયેલી હોય છે. હવે જેમ એક ચીજ વિશે આવું બને, તેમ બધી વસ્તુ વિશે પણ બને, એમ લોક ધારે છે. પણ બધી વસ્તુ વિશે એવું બનવું અશક્ય છે. બીજા પણ કારણથી આ ભારે ભૂલ ઉત્પન્ન થઇ છે. વખતે સટ્ટો ઘણો ચાલવાથી વસ્તુઓના ભાવ એકદમ વધી જાયછે, ને પછી જ્યારે સટ્ટો બંધ થાયછે, ત્યારે ભરૂંસો ઉઠી જાયછે, ને એકદમ ભાવ ઘટી જાય છે, એવું આગળના પ્રકરણમાં કહેલું છે. સર્વ વસ્તુની કિંમત આ પ્રમાણે ઘટી જાય છે, એથી ઉપરના ભૂલભરેલા સિધાંતને અનુભવનો જેવો તેવો આધાર મળે છે, એમ એના પક્ષકારો ધારે છે. પણ સટ્ટાની કિંમતો ઘટી જાય છે, તે ભરૂંસો ઉઠી જવાથી ને ધીરધાર અતિશય ચાલી હોયછે, તે એકદમ બંધ થઇ જવાથી ઘટી જાય છે. આવી રીતે ભરૂંસો ઉઠી જવાથી સર્વ વસ્તુનું નાણારૂપે મૂલ ઘટી જાય છે. ઉધાર વ્યવહાર કરી જે વેપારીઓએ દેણ કર્યું હોય છે, તે બધા અદા કરવાને આતુર હોય છે. પણ પડતા બજારમાં માલ ખરીદનાર છેક થોડા હોય છે, તેથી માલ પડ્યો રહે છે; ને કિમ્મતો થોડી ઉપજે છે, તેથી માલ એકદમ વેપારી વેચતા પણ નથી. પણ આ પ્રમાણે જે નુકશાન થાય છે, તેનું કારણ એજ કે એ નીચો ભાવ બહુ દિવસ ટકવાનો નથી, એવી બધાની ધારણા હોય છે. જો બધાને ખાતરી હોય કે આ નીચો ભાવ થાંભી રહેશે, તો લેવડ દેવડ કર્યા વગર ચાલે નહીં, ને ભાવના બેસવાથી કંઇ નુકશાન થાય નહીં.

એક બીજા કારણથી પણ એ ભૂલને કંઇ આધાર મળે છે. જેમ જેમ કાળ થતો જાય છે, તેમ નફો અને વ્યાજ ઓછાં થતાં જાય છે. આ ભૂલમાં પડનાર

લાક એમ માને છે કે દિનપરદિન નફા ને વ્યાજનું આ ક્ષયમાણપણું જે થાય છે, તે ઉત્પત્તિ અતિશય થવાને લીધે થાય છે. આ પણ ધારણા ભૂલ ભરેલી છે, એવું આગળ જતાં દેખાડી આપવામાં આવશે. હાલ એટલું કહેવું બસ છે કે વ્યાજમાં ને નફામાં જે દિનપરદિન ઘટાડો થાય છે, તે અનાજના ભાવ વધવાને લીધે, તથા ઉત્પત્તિ ખરચમાં વધારો થવાથી થાય છે, સામાન્ય ઉત્પત્તિ અતિશય થવાને લીધે કોઇ દિવસ થાય નહી. માટે બધી વસ્તુની ઉત્પત્તિ સાથે લાગી અતિશય થાયજ નહીં.

મૂલ વિષેની એક બીજી બાબત વિષે અર્થશાસ્ત્રીઓમાં થોડી તકરાર ચાલેછે. મૂલનું માન એટલે માપછે કે નહીં, એવા પ્રશ્ન વારંવાર પુછવામાં આવેછે. આ પ્રશ્નનો આમ કે આમ ઉત્તર દીધા પહેલાં આપણે પ્રશ્નનો અર્થ મનમાં સારીપેઠે સમજવો જોઇએ. મૂલનું માપ એ શબ્દોના ઘણા અર્થ છે. એક તો અર્થ એવો થઇ શકે, કે જેની જોડે સરખાવ્યાથી કોઈ પણ વસ્તુનું મૂલ ખબર પડી શકે તે; અથવા એક ઠામે ને વખતે જેની જોડે સરખાવ્યાથી જુદી જુદી વસ્તુઓનાં પરસ્પર મૂલ ખબર પડી આવે તે. આવી રીતે મૂલના માપ દાખલ ગમે તે વસ્તુ વાપરી શકાય. જે વસ્તુ વિક્રયદ્વારનું કામ બજાવે છે, તે વડે મૂલનું માપ સહેલથી થઇ શકે. માટે બધા દેશમાં નાણું છે, એ કોઇ પણ બે કે વધારે વસ્તુઓના પરસ્પર મૂલનું માપ થઇ શકે.

મૂલ્યમાન અથવા મુલનું માપ એ વચનનો બીજો પણ અર્થ થાય. જે વસ્તુની જોડે સરખાવ્યાથી કોઈ પણ વસ્તુનું જુદા જુદા કાળનું મૂલ ખબર પડે તે વસ્તુ. આમાં પણ આગળની માફક બે પદાર્થ જોઇએ. જો આજથી બસેં વરસ ઉપર મણ ઘઊંની કિમ્મત એક રૂપીઓ હોય, ને મણ ચણાની બે રૂપીઆ હોય, ને જો આજ મણ ઘઊંની દોઢ રૂપીઆ હોય ને મણ ચણાની પણ દોઢ હોય, તો એમ કહી શકાય, કે ઘઊં પ્રત્યે ચણાનું મુલ આગળ બમણું હતું, પણ હાલ બરોબર છે; ને બેઓના પરસ્પર મુલમાં દુપટ ફેર થઇ ગયો છે. માટે આ અર્થને માટે પણ ક્રયદ્વાર જે નાણું તે કામ આવે.

મૂલ્યમાનનો એક ત્રીજો અર્થ પણ થાય છે. જેની જોડે સરખાવ્યાથી કોઇ પણ પદાર્થની જુદે જુદે કાળે ક્રયશક્તિ માલમ પડી આવે તે પદાર્થ. આવું માન મળવું અશક્ય છે. એમ ધારો કે કોઇં અમુક પદાર્થની આજથી પચાસ વરસ ઉપર પ્રત્યેક બીજા પદાર્થ પ્રત્યે કેટલી ક્રયશક્તિ હતી, તથા હાલ પણ કેટલી છે, તે જાણવાનું સાધન છે, તોપણ આ ઉપરથી એ પદાર્થની ક્રય જનકશક્તિ માલમ પડવી મુશ્કેલ છે. કેટલાક પદાર્થ પ્રત્યે તેનું મુલ આગળ કરતાં વધ્યું હશે, ને કેટલાક પ્રત્યે આગળ

કરતાં ઘટ્યું હશે. ત્યારે હવે જે ફેર થયો, તે તે પદાર્થની અન્તર્ગત ક્રયશક્તિમાંજ થયો, એમ હમેશ કેમ કહી શકાય? આપણે એમ માની લીધું છે, કે આપણે લીધેલા પદાર્થનું બીજા પ્રત્યેક પદાર્થ પ્રત્યે હાલ તથા આગળનું મુલ ખબર છે. હવે આવી ધારણા કર્યા છતાં પણ કયા પદાર્થનું મુલ ફર્યું એ કહેવું મુશ્કેલ છે, તો બધી વસ્તુના પ્રત્યે આગળના મુલ ખબર નહોય, પણ એક બે ઘણી મુલવાન પ્રત્યે તે વસ્તુના મુલમાં ફેર થયો હોય, તેજ ખબર હોય, ત્યારે તો ક્રયશક્તિ વિષે કશું પણ કેમ કહી શકાય? માટે આ ત્રીજા અર્થ પ્રમાણે મુલનું માન મળવું અશક્ય છે.

કેટલાક કહેછે કે આવું મુલનું માન મળવું મુશ્કેલ છે; તોપણ જેના જોડે સરખાવ્યાથી કોઈ પણ વસ્તુનું ઉત્પત્તિ ખરચ મળી શકે એવો પદાર્થ જડે તો ઘણું સારૂં. આવો જે પદાર્થ હોય તેનું ઉત્પત્તિ ખરચ નિત્ય હોવું જોઈએ. જે પદાર્થ હમેશ એટલી ને એટલી મહેનતથી પેદા થઈ શકતો હોય, ને વળી જે પદાર્થની ઉત્પત્તિમાં સ્થાવર મુડી ને મહેનતનું પરસ્પર પ્રમાણ તથા સ્થાવર મુડીનું ટકાઉપણું હમેશ એનું એજ રહેતું હોય, તેજ પદાર્થ ઉત્પત્તિ ખરચના માન દાખલ ખપમાં આવે. તેવા પદાર્થ પ્રત્યે કોઈ પણ બીજા ક્રયલભ્ય પદાર્થનું મુલ જાણવા ઉપરથી તરત કહી શકાય, કે તે પદાર્થના ઉત્પત્તિ ખરચમાં ફેરફાર થયો છે કે નહીં. પરંતુ આવી રીતે ઉત્પત્તિ ખરચ વિષે નિત્ય રહેનાર કોઈ પદાર્થ નથી માટે આવું માન મળવું અશક્ય છે. સોનું રૂપુ એ બે પદાર્થ કંઈ દરજ્જે નિત્ય છે; પણ તેઓના મુલમાં જુની ખાણો ખાલી થવાથી, નવીનો શોધ થવાથી, ખાણમાંથી કાઢવાના જુક્તિઓ સુધરવાથી, ઇત્યાદિ કારણોથી ફેરફાર ઘણે કાળે પણ થાય છે ખરો. માટે ઉત્પત્તિ ખરચનું માન પણ મળી શકતું નથી. ઉપર પ્રમાણે કેટલીક રીતે જોતાં મુલનું માન છે, ને કેટલીક રીતે નથી. પણ સામાન્ય મુલનું માન નથી, તોપણ મુલનો નિયમ કરનાર વસ્તુ એટલે મુલ કેટલું થશે, તે નક્કી કરનાર ચીજ છે ખરી તે ચીજ ઉત્પત્તિ ખરચ છે, એવું આગળ બતલાવવામાં આવેલું છે.

મુલ વિષે એક ત્રીજી બાબતનો વિચાર કર્યા પછી આ પ્રકરણની સમાપ્તિ કરીશું. કેટલીક વસ્તુના મુલના નિયમ વિલક્ષણ છે. તેઓ સામાન્ય નિયમના અપવાદ જેવી છે. આવા આવા અપવાદ જેવા પદાર્થ કેટલાક હાલ ચાલ જોવામાં આવે છે. કેટલીક વાર બે અથવા વધારે પદાર્થનું ઉત્પત્તિ ખરચ એકજ અથવા સંયુક્ત હોયછે; એટલે જે ખરચ થયેલ હોયછે, તે બંનેને અર્થે થયેલું હોય છે, ને જો બેને બદલે એકજ પદાર્થ ઉત્પન્ન થયો હોત, તોપણ ખરચ એટલું ને એટલુંજ થાત. બીને

છાશ, તેલને ખોળ, માંસને ચામડાં, વગેરે ઘણા પદાર્થ આ વર્ગના છે. જ્યારે આવી રીતે હકીકત હોય છે, ત્યારે તે પદાર્થોનું મૂલ શા નિયમ પ્રમાણે રહેવાનું? હવે એક વાતતો સ્પષ્ટ છે, કે પહેલું ઉત્પત્તિ ખરચ તથા દસ્તુર મુજબ નફો એમાંથી મળને નિકળવો જોઇએ. પણ તે બેમાંના પ્રત્યેકમાંથી કેટલું ખરચ ને કેટલો નફો નીકળશે, અથવા પ્રત્યેકનું મૂલ કેટલું થશે, તે કહી શકાતું નથી. આ ઠેકાણે ઉત્પત્તિ ખરચનો નિયમ કામ આવવાનો નથી, માટે આપણે આવકને ખપનો જે ધોરી નિયમછે, તે ઉપર વિચાર કરવો, ને જોઇએ કે એથી કાંઇ ખુલાસો મળેછે ખરો. આ નિયમ લાગુ પાડી જોવાને આપણે તલ ને ખોળનો દાખલો લ્યો. એકજ ક્રિયાથી તેલને ખોળ થાય છે, ખોળ ઉત્પન્ન થતો ન હોય, તોએ તેલનું ખરચ એનું એ થાય; ને તેલ થોડું નિકળે તો એ ખરચ તેનું તે થાય. હવે એમ ધારો કે ચાલતી કિમ્મતે જેટલું તેલ ઉત્પન્ન થાયછે, તેટલું બધું ખપી જાય છે. પણ ખોળની ચાલતી કિમત એટલી છે, કે એજ કિમતે વેચતાં ખોળને તેલ એ બંનેથી મળીને ઉત્પત્તિ ખરચ ઉપર વેપારીને સારો નફો પાળવે નહી. તો પરિણામ શો થશે? વેપારી તેલની કિમ્મત ચઢાવવાને યત્ન કરશે, પણ એમ કર્યા પછી માલ આગલના જેટલોજ ખપશે, તો ખોળની કિમતનો બગ વળી જશે; ને બીજું કાંઇ કરવું પડશે નહી. પણ જો બધો માલ નહી ખપે, તો થોડો પડી રહેશે; તે તેથી આવતે વરસ થોડું તેલ ઉત્પન્ન કરવામાં આવશે. થોડા તલ પીલી બંને જણસ થોડી ઉત્પન્ન કરવામાં આવશે; થોડી જણસ પેદા થવાથી છતમાં ઘટારો થશે, એટલે તેઓનો ભાવ વધશે; એટલે ખોળનો પણ વધશે. છેવટે જ્યારે બંને પદાર્થનો જેટલો માલ ઉત્પન્ન થાય, તેટલો બધો નફો પાળવતાં જે કિમ્મતે વેચાય તેટલી કિંમત પ્રત્યેકનેમાટે સ્થાયી રહેશે. બેમાંથી એક જણસનો ભાવ કમી ઉપજવાને બદલે વધારે ઉપજે, તોપણ પરિણામ સરખોજ થાય. જો તેલનો ભાવ વધારે ઉપજે, ને તેલને ખોળ બેની કિમ્મત ઉપર નફો, દસ્તુર કરતાં વધારે પાળવે, તો તે વેપારમાં વધારે મુડીનો પ્રવેશ થાય; આવતે વરસ ભાવ વધારે પેદા થાય; તેથી તેલની અછત પૂરી પડે, ને તેથી તેનો ભાવ થોડો ઉતરે. પણ ખોળ બધો વધારાનો પડશે. જુને ભાવ ખોળ બધો ખપી નહી જાય, માટે ખોળની કિમ્મત ઉતારવી પડશે; ને એમ ઉતારતાં ઉતારતાં જે કિંમતે સઘળી સંયુક્ત મુડી ઉપર નફો પાળવશે, ને બધો માલ ખપી જશે, તે કિમ્મતો સ્થાયી રહેશે. જ્યાં લગી એવી કિમ્મતો ઉપજશે નહી, કે જે વડે સઘળો ઉત્પન્ન થએલો માલ નફો પાળવતાં વેચી શકાય, ત્યાં લગી ઉત્પત્તિમાં ફેર થયા કરશે. જ્યારે એવી

કિમ્મતો ઉપજથી, ત્યારે મુલ સ્થાયી રહેશે.

જમીનની ઉપજના મુલના નિયમ પણ કેટલીક રીતે સામાન્ય નિયમના અપવાદ જેવાજ છે. જો જમીનના પ્રકાર એવા ભિન્ન ભિન્ન હોત, કે ફલાણી જાતની જમીન ઉપર આજ પેદા થાય, ને બીજુ કાંઇ ન થાય; ને ફલાણી જાતની જમીન ઉપર ફલાણોજ પદાર્થ થાય, તો જમીનની ઉપજ વિશેના નિયમોમાં કાંઇ મુશકેલી રહેત નહીં: અથવા જો તેમ ન હોત, ને એમ હોત કે બધી જાતની જમીન ઉપર બધી જાતના પદાર્થ એકજ નિયમિત ખરચે પેદા થઇ શકે તો એ કાંઇ મુશકેલી રહેત નહી. પણ વસ્તુતઃ આ બેમાંથી એકે પ્રકારની રચના જોવામાં આવતી નથી. બધી જમીન ઉપર બધી તરેહની ઉપજ થઇ શકે છે. પણ કેટલીક ઉપર એક જાતનું તૂલ સારૂ થાય છે, ને કેટલીકમાં બીજી જાતનું તૂલ સારૂ થાય છે. ત્યારે હવે જે ઠેકાણે એતી ઇજારદારો નફાને માટે કરે છે, ને જ્યાં બધા ધંધાદારોમાં સ્પર્ધા ચાલે છે, તેવા દેશોમાં જમીનની જૂદી જૂદી ઉપજનાં પરસ્પર મુલ શી રીતે નક્કી થશે?

આ વાતનો વિચાર કરવો સહેલ પડે, માટે આપણે બેજ પ્રકારની ઉપજ લઇ તર્ક ચલાવો. એ બે વિશેનો જે નિયમ માલમ પડશે, તેનું ધોરણ વધારે પદાર્થોને પણ લાગુ પડશે. આપણે ઘઊંને શેલડી એ બે પદાર્થ લ્યો. ઘઊંને શેલડી એકજ પ્રકારની જમીન ઉપર થઇ શકેછે, માટે તેઓનું પરસ્પર મુલ શી રીતે નક્કી થશે? જો બધી જાતની જમીન ઉપર ઘઊંને શેલડી સરખે ને સરખેજ ખરચે પેદા થઇ શકતાં હોત, એટલે જો હરકોઇ અમુક ખેતરમાં, જેટલે ખરચે ખાંડી ઘઊં પાકે, તેટલે ખરચે બે ખાંડી શેલડી પાકે, એવો નિયમ હોત, અથવા જો એમ હોત, કે ઘઊંની જમીન જૂદી ને શેલડીની જમીન જૂદી, ને ઘઊંની જમીનમાં ઘઊંજ થાય, ને શેલડીની જમીનમાં શેલડીજ થાય, તો ઘઊં ને શેલડીનું પરસ્પર મુલ તેમના ઉત્પત્તિ ખરચના પ્રમાણમાંજ રહેત. પણ સૃષ્ટિ જન્ય રચના એવી છે કે હરકોઇ જમીન ઉપર શેલડી કે ઘઊં ઉત્પન્ન કરી શકાય છે, ને જાત જાતની જમીન પ્રમાણે તેઓના ઉત્પત્તિ ખરચનાં પ્રમાણ જુદાં જુદાં હોય છે, ત્યારે હવે તેઓનાં પરસ્પર મૂલનો નિયમ શો?

હવે એકને એક જમીન ઉપર ઘણા પદાર્થ થઇ શકે, તોપણ કેટલીક જમીન ઘઊંને વિશેષે કરીને માફક હોય છે, ને કેટલીક શેલડીને વિશેષે કરે ને વધારે માફક હોય છે. માટે પ્રથમ તો બેમાંની પ્રત્યેકને જે જમીન વધારે અનુકુળ હોય, તેમાં

તે પેદા કરવામા આવશે. જો આવી રીતે માફક પડતી જમીન ઉપરથી બન્નેનો જોઇતો પાક નિપજશે, તો તેઓનું મુલ સાધારણ નિયમ પ્રમાણે નક્કી થશે. એટલે ઘઊંને વાસ્તે જેટલી જમીન રોકાએલી છે, તેમાંથી સાથી નરમ જમીન ઉપરના ઉત્પત્તિ ખરચ પ્રમાણે ઘઊંનું મુલ ગણાશે; ને શેલડીનું પણ તેજ માફક થશે. પણ જો અનુકુળ જમીન ઉપરથી બેમાંથી એકેના પાક જોઇએ તેટલો નહી નિપજે, તો પછી શું થશે? હરકોઇ દેશમાં કેટલીક જમીન એવી હોય છે, કે જે કોઇ પણ અમુક તુલને વિશેષે લાયક નથી હોતી, પણ બધાને સાધારણ માફક હોય છે. હવે જો માફકસર જમીન ઉપરથી પૂરતો પાક નહીં નીપજે, તો આવી મધ્યમ પ્રતની જમીનને ખેડાણમા લેવી પડશે; ને જો એવી મધ્યમ જમીન ખેડવાથી પાક પૂરતો નિપજશે તો જમીન ઉપર જે પરસ્પર ઉત્પત્તિ ખરચ થશે, તે પ્રમાણમાં તેઓનાં મૂલ થશે. પણ જો બેમાંથી એકનો, એમ ધારો કે ઘઊંનો, ખપ એટલો વધી જાય કે તેથી અનુકુળને મધ્યમ જમીન બધી રોકાઈ જાય, એટલુંજ નહીં પણ જે જમીન શેલડીને વિશેષે અનુકુળ છે, તે પણ ઘઊં નિપજાવવાને ઉપયોગમાં લેવામાં આવે; તો એવું થવાની પહેલાં ઘઊંનો ભાવ ઘણો વધી જવો જોઇએ. એટલે મધ્યમ જમીન ઉપર જે બેઉનું પરસ્પર ઉત્પતિ ખરચ થાય છે, તેના પ્રમાણથી પણ ઘઉ મોંઘા વેચાયા જોઇએ, ને શેલડી સોંઘી વેચાવી જોઇએ. જે પ્રતની જમીન ઉપર બંનેની ઉત્પત્તિ કરવાથી બંનેનો ખપ પૂરો પડશે, તે જમીન ઉપર બેઉનું જે પરસ્પર ઉત્પત્તિ ખરચ થતું હશે, તેના પ્રમાણમાં તે બેઉનાં મુલ રહેશે. આ તર્ક આપણા ગુજરાત પ્રાંતને લાગુ નથી.

આવી રીતે ખપ પ્રમાણે કેટલાક પદાર્થના મૂલ વિશેના નિયમો ફરે છે, એ વાત ધ્યાનમાં રાખવા જોગ છે. જ્યારે ભિન્ન ભિન્ન જણસ ફરતા ફરતી વરસ વાવવામાં આવેછે, જેમકે ભીંડી ને શેલડી, ને તે પ્રત્યેકને વાવવાની જરૂરજ પડતી હોય છે, ત્યારે તે પદાર્થનું મૂલ તેલને ખોળના મુલની પેઠે સંયુકત ગણવામાં આવશે.

હવે ગયા પુસ્તકમાં જમીના ભાડા વિશે જે વાત આપણે કહી છે, તે વધારે સમજવામાં આવશે. વાંચનારને યાદ હશે, કે જે દેશમાં ઇજારદારની ખેતી ચાલેછે, તે દેશમાં ભાડુ શા પ્રમાણે નક્કી થશે, તે વિશે કેટલુંક કહેવામાં આવેલું છે. વધારે સમજવાને એમ ધારો કે એવા દેશમાં એકદમ વસ્તિ વધવાથી અનાજનો ભાવ વધ્યો. ભાવ વધવાથી બધા ઇજારદારને નફો સારો પાલવશે. જે ઇજારદારે રસાળ જમીન રાખી હશે, તેને સારો નફો પાલવશે, ને ઉતરતી જમીનવાળાને થોડો પાલ-

વશે. પણ જે જમીન રસાળ છે, તે ઉપર પડાપડી થવાથી તે બધો નફો [illegible] નદાર લઈ શકશે; ને કેહના સાધારણ નફા કરતાં જેટલો નફો વધાર[illegible] બધો જમીન ઉપર વેપારીઓની પડાપડી થવાથી જમીનદારના [illegible] ગળ કરતાં વધારે જમીન ખેડાણ થશે, ને જે જમીનનું [illegible] ઉ-પજતું તેનું પણ હવે ઉપજશે. છેવટે એવી પણ જમી[illegible]ડુ માત્ર નામનું ભાડુ ઉપજશે, કારણ તે જમીન એવી હલ[illegible]ડુ નફા ક-રતાં કાંઈ વધારે પાલવે નહી. એનાથી ચઢીઆ[illegible]લો વધારે પા-ક થશે, તેટલો બધો ભાડામાં જશે. માટે જ્યાં [illegible]ી થાય છે, ત્યાં ભાડુ આપવામાં આવેછે, તે વધારે પાક બદલ આપવામાં આવેછે, ને તે દેશમાં જે સૌથી નરસ જમીન ખેડાણ થતી હશે, તેનું ભાડુ કાંઈ નહી ઉપજે, અથવા નામ-નું ઉપજશે; ને તેથી બધી સરસ જમીનનો તેના કરતાં જેટલો પાક વધારે તેટલું ભાડુ બેસશે માટે તેવા [illegible]ોમાં સૌથી નરસ જમીનના પાક કરતાં જેટલો વધારે પાક, તેટલું કોઈપણ જમીનનું ભાડુ થાય છે.

પ્રકરણ ૧૧ મું.

દેશાંતર જોડે વેપાર.

ઉપર જે નિયમો આપ્યા, તેમાં એમ કલ્પના કરેલી છે, કે પરદેશ જોડે વે-પાર ચાલતો નથી, ને દેશમાંનું સર્વ દ્રવ્ય દેશમાં ને દેશમાં પેદા થાય છે. હવે દેશાંતર વ્યવહાર કરવાથી મૂલના નિયમોમાં શો શો ફેર પડે છે, તે આપણે વિચા-રવું જોઈએ. પરંતુ આ નિયમોનો નિર્ણય કરતાં પહેલાં દેશાંતરના વ્યવહારથી સા-માન્ય લાભ શા શા થાય છે, તેનું વર્ણન થવું જોઈએ. પરદેશ જોડે વેપાર ચલાવ-વાથી ફાયદો છે, એવું ઘણા માણસો માને છે; પણ આ ફાયદો કેવી રીતે ઉત્પન્ન થાય છે, ને તે કેટલો હોય છે, તે વિશે લોકના વિચાર બરોબર નથી. લોક એમ સમજે છે, કે પરદેશ આપણો માલ જાય, તો આપણને રૂપીઆ મળે, એટલો લા-ભ થાય, ને પરદેશથી આપણે અહી માલ આવે તો આપણે રૂપીઆ આપવા પડે, એટલા આપણે ગરીબ થઈએ. આ વિચારમાં કેટલી ભૂલ છે તે આગલ વાંચવાથી ખબર પડશે.

કોઈ જણસ આપણા દેશમાં નિપજતીજ ન હોય, તો તે બીજા દેશથી આણી

શકાય, એ દેશાંતર વ્યવહારનો એક ફાયદો છે. આ સિવાય એક બીજો પણ ફાયદો [illegible] મજાય એવો છે. જો કોઈ જણસને દેશની અંદર ઉત્પન્ન કરવાનું ખરચ [illegible] હોય, ને તે પરદેશથી થોડી કિંમતે મળતી હોય, તો તે જણસ પરદેશ [illegible] ય, એ પણ દેશાંતર વ્યવહારનો ફાયદો છે. લોકની આ સમજ [illegible] છે. પણ એ ઉપરથી બે મોટી ભૂલ ઉત્પન્ન થવાનો સંભવ છે. આ [illegible] ન થઈ શકે, કે જ્યારે દેશના કરતાં પરદેશ કોઈ અમુક જણસ સો [illegible] હોય, ત્યારેજ તે જણસનો પરદેશ જોડે વ્યવહાર ચલાવી શકાય. ન [illegible] શકાય નહીં. પણ આ અનુમાન ખોટું છે, ને લોકની સમજણ ભૂલ ભરેલી છે, એવું નીચેના વિચાર ઉપરથી જાણવામાં આવશે. વળી જો લૌકિક મત ખરૂં હોય, તો જે દેશમાં સર્વ વસ્તુ સસ્તી ઉત્પન્ન થતી હોય, તે દેશને દેશાંતર વ્યવહાર ચલાવવાથી કંઈપણ ફાયદો થાયજ નહીં.

એમ ધારો કે હિંદુસ્તાન ને ચીન વચ્ચે વેપાર ચાલે છે. વિચાર ચલાવવો સુગમ પડે માટે વળી એમ પણ ધારો, કે વેપાર બેજ જણસનો ચાલે છે, તથા વાહન ખરચ કંઈ બેસતું નથી. એમ કલ્પના કરો કે હિંદુસ્તાનમાં જેટલું રેશમ ૧૦૦ દિવસની મજુરીએ પેદા થાય છે, તે ચીનમાં પચાસ દિવસની મજુરીએ તૈયાર થાય છે, ને હિંદુસ્તાનમાં જે ખાંડ સો દિવસની મજુરીએ પેદા થઈ શકે છે, તે ચીનમાં ૮૦ દિવસની મજુરીએ પેદા થાય છે. આવી રીતે ચીન બંને વાતે હિંદુસ્તાનથી ચઢીઆતું હશે, તો પછી હિંદુસ્તાન જોડે વેપાર ચલાવવામાં ચીનને કંઈ ફાયદો ખરો કે નહીં? ઉપર ચોટીઆ બોલનાર ના કહેશે; પણ ઊંડો વિચાર કરતાં માલમ પડશે કે ચીનને ફાયદો થઈ શકે. ચીનને હિંદુસ્તાનના કરતાં રેશમની ઉત્પત્તિમાં બમણો લાભ છે, ને ખાંડની ઉત્પત્તિમાં સવાયો લાભ છે. ચીન સવાયો લાભ મૂકી દઈ બમણો લાભ લેવા તાકે તો તે વેપારથી લઈ શકે. તે નીચે પ્રમાણે થઈ શકે. એમ ધારો કે પચાસ દિવસની મજુરી બરોબર રેશમ હિંદુસ્તાન તરફ ચીન દેશથી મોકલવામાં આવ્યું. હવે ચીનનું પચાસ દિવસની મજુરી બરોબરનું રેશમ હિંદુસ્તાનમાં સો દિવસની મજુરી બરોબરનું છે. માટે હિંદુસ્તાનમાં તેની બરોબર સો દિવસની મજુરીનો માલ આવશે. માટે એ રેશમ બદલ સો દિવસની મજુરીની ખાંડ પણ આવશે; ને એ ખાંડ ચીનને પચાસ દિવસની મજુરી બદલ પડશે. હવે આ વેપારથી બે સંવ્યવહાર ચલાવનાર દેશોને કેટકેટલો ફાયદો થયો તે આપણે વિચારો. હિંદુસ્તાને પોતાના ખપની ખાંડ આગળ પ્રમાણે સો દિવસની મજુરી ખરચી પેદા

કરી; ને તેણે પોતાના ખપનું રેશમ સો દિવસની મજુરી બરોબર ખાંડ આપીને મેળવ્યું. એટલે હિંદુસ્તાનને કંઈ નફો થયો નહીં. હવે ચીનનો નફો વિચારો. ચીને પોતાના ખપનું રેશમ પચાસ દિવસની મજુરી ખરચી પેદા કરયું. તેમાં બધું આગળ પ્રમાણે થયું, એટલે ચીનને તેમાં કંઈ વધારે ફાયદો થયો નહીં, પણ પોતાની ખાંડ જે એંશી દિવસની મજુરીએ મળતી તે પચાસ દિવસની મજુરીએ મળવી, એ ચીનને ફાયદો થયો. આવી રીતે પ્રત્યેક વાર સંવ્યવહાર ચલાવવાથી ચીનને ત્રીસ દિવસની મજુરી બરોબર ઉગારો થાય. એ બધી મજુરી ઉગરી તેથી એવડે બીજી ઉત્પત્તિ કરી શકાય. ઉપરના દૃષ્ટાંતમાં હિંદુસ્થાનને કશો લાભ મળ્યો નથી. પરંતુ તેમ વહિવટમાં બનશે નહીં. ત્રીસ દિવસની મહેનત જે ઉગરી તે ઉગારામાં કેટલોક હિસ્સો હિંદુસ્તાનને જરૂર મળશે; ને એ રીતે બંનેને ફાયદો મળશે.

આ દૃષ્ટાંત ધ્યાનમાં રાખવા જોગ છે. ચીન હિંદુસ્તાન કરતાં બંને વાતે ચઢીઆતું હતું, તો પણ સંવ્યવહાર ચલાવવાથી ચીન તથા હિંદુસ્તાન બંનેને ફાયદો થયો. પરંતુ એવું પણ બને કે ચીન બંને વાતે ચઢીઆતું હોય, તથાપિ સંવ્યવહારથી એકે દેશને ફાયદો થાય નહીં, ને સંવ્યવહાર ચાલે પણ નહીં. એમ ધારો કે ચીનમાં જે રેશમ પચાસ દિવસની મજુરીએ થાય, તે હિંદુસ્તાનમાં સો દીવસની મજુરીએ થાય છે, ને ખાંડમાં પણ ચીનને બમણો લાભ છે. હવે એમ ધારો કે ચીનથી પચાસ દિવસની મજુરી બરોબર રેશમ હિંદુસ્તાન આવ્યું, ને તેની ખાંડ લઈ ચીન ચલાવવામાં આવી. એ ખાંડ હિંદુસ્તાનમાં સો દિવસની મજુરીની છે; પણ ચીનમાં પચાસ દિવસની મજુરી બરોબર છે. ચીનને તો પચાસ દિવસની મજુરી બરોબર આગળ જેટલીજ ખાંડ આવી; ને તેટલી મજુરી ચીનમાંજ ખરચી હોત, તો એ એટલીજ ખાંડ ઉત્પન્ન થાત; માટે એ પ્રમાણે વેપારથી કંઈ પણ તેને ફાયદો થયો નહીં; ને ઉલટું રેશમ લઈ જવાનું તથા ખાંડ લાવવા વગેરેનું ખરચ બેઠું, તેટલું અમસ્તુ નુકશાન થયું.

આ બે દૃષ્ટાંત ઉપરથી બધો દેશાંતર સંવ્યવહારનો ફાયદો સમજાઈ આવશે. બે જણસ એક દેશ કરતાં બીજામાં વધારે ભાવે અથવા ઓછે ભાવે પેદા થતી હશે, તે કારણથી તે દેશો વચ્ચે સંવ્યવહાર ચાલશે, એમ કહી શકાતું નથી. પરંતુ કોઈ પણ બે ચીજની ઉત્પત્તિમાં એક દેશમાં જેટલો ફેર છે, તેના કરતાં તેજ ચીજો ઉત્પન્ન કરવામાં બીજા દેશમાં ઓછો વધતો ફેર હશે, તોજ પરદેશનો સંવ્યવહાર ફાયદાકારક રીતે બની આવશે. બીજા દૃષ્ટાંતમાં બંને ચીજથી ફાયદો ચીનને હિંદુસ્તાન કરતાં

સરખો હતો, તેથી સંવ્યવહાર બની શક્યો નહીં.

આ ઉપરથી વળી દેશાંતર સંવ્યવહારથી સંવ્યવહાર કરનાર દેશો વચ્ચે કેટલો ફાયદો મળશે, તે પણ કહી શકાય. એક દેશને એક વસ્તુની ઉત્પત્તિમાં બીજી વસ્તુ કરતાં જેટલો વધારે ફાયદો હોય, તેટલો લાભ બેની વચ્ચે મળી શકે. ઉપરના દૃષ્ટાંતમાં ચીનને રેશમની ઉત્પત્તિમાં ખાંડની ઉત્પત્તિ કરતાં ત્રીસ દિવસની મજુરી બરોબર વધારે લાભ હતો. માટે સંવ્યવહાર સ્થાપવાથી આટલો લાભ બેને દેશ વચ્ચે વહેંચાઈ જાય છે. પછી તે લાભનો કેટકેટલો હિસ્સો પ્રત્યેકને ભાગે આવશે, તેનો નિયમ આગળ આપવામાં આવશે.

માલને બદલે માલ આપવામાં આવે તેમાં નફો ક્યાંથી થાય? માટે આ લાભ ક્યાંથી પેદા થયો, તે પણ વિચારવું જોઈએ. એ લાભ કંઈ એક દેશનું દ્રવ્ય લઈને બીજાને આપવાથી થયો નથી; કારણ ચીનને જે નફો થયો છે, તે હિંદુસ્તાનને નુકશાન કરવાથી થયો નથી. ત્યારે એ લાભ ક્યાંથી આવ્યો? એ લાભ ઉત્પત્તિ ખરચના ઉગારાથી થયો છે. વેપારથી રેશમ તથા ખાંડની ઉત્પત્તિની જગ્યાઓ બદલાઈ. ચીનમાં જે ખાંડ ઉત્પન્ન થતી હતી, તે હિંદુસ્તાનમાં ઉત્પન્ન થઈ, તેથી કોઈને ફાયદો થયો નહીં; પણ દુનીઆને વીસ દિવસની મજુરી બરોબર નુકશાન થયું; કારણ જે ખાંડ ચીનમાં એંશી દિવસની મજુરીએ પેદા થતી, તે હિંદુસ્તાનમાં સોની મજુરીએ પેદા થાય છે. પરંતુ હિંદુસ્તાનનું રેશમ ચીનમાં ઉત્પન્ન થયું, તેથી ઘણો ફાયદો થયો. જે રેશમ હિંદુસ્તાનમાં સો દિવસની મજુરીએ પેદા થતું, તે ચીનમાં પચાસની મજુરીએ પેદા થયું; એટલે પચાસ દિવસની મજુરીનો દુનીઆને ફાયદો થયો. તેમાંથી ખાંડની ખોટ બાદ કરતાં પણ ચોખ્ખો ત્રીસ દિવસની મજુરીનો ફાયદો થયો. આ ફાયદો ઉત્પત્તિ ખરચ ઘટવાથી થયો છે, ને ઉત્પત્તિ ખરચ ઘટ્યું, તે ઉત્પત્તિ સ્થાનને બદલવાથી ઘટ્યું છે. માટે દેશાંતર સંવ્યવહારનો ફાયદો જે કંઈ થાય છે, તે જે જણસ જ્યાં બીજી વસ્તુને મુકાબલે સસ્તી પેદા થઈ શકે, ત્યાં તે પેદા થવાથી થાય છે. સારાંશ દેશાંતર સંવ્યવહારથી ઉત્પત્તિની વ્યવસ્થા ઘણીજ ફળજનક થાય છે.

જો બધી જણસ બીજી વસ્તુઓને મુકાબલે જે ઠેકાણે ઘણીજ લાભકારક રીતે પેદા થઈ શકે, ત્યાંજ પેદા કરવામાં આવતી હોત, એટલે ઉપરના દૃષ્ટાંતમાં જો રેશમ ચીનમાંજ થતું હોત, ને હિંદુસ્તાનમાં ખાંડજ થતી હોત તો, આવી રીતે દેશાંતર સંવ્યવહારનો ફાયદો થાત નહી. એવું હોત તો દુનીઆની ઉત્પત્તિ ઘણામાં ઘણી થાત;

અને મુડી તથા મહેનત જે ઠેકાણે સારામાં સારી રીતે કામે લગાડી શકાય, ત્યાંજ કામે લગાડવામાં આવત. પરંતુ અંતરને લીધે, ભાષાભેદને લીધે, ને રીતભાતને લીધે, તથા ધર્મભેદ વગેરે ઇત્યાદિ કારણોને લીધે, મુડી તથા મહેનત, ફાયદાને અનુસરીને કામે વળગાડાતાં નથી. ચીન દેશમાં મુડીનો નફો પોણીસો ટકા પાલવતો હોય, તોપણ કોઇ મુડીવાળો ગુજરાતી વાણીઓ ત્યાં જઈ વસે નહીં, તથા ત્યાં મજુરી ઘણી મોંઘી હોય, તો પણ હિંદુ મજુર ત્યાં જાય નહીં. આવી રીતનાં આકસ્મિક કારણોથી દુનીઆની ઉત્પત્તિ ઠામઠામ ઘણી જુદી જુદી છે, ને દેશાંતર સંવ્યવહારથી આવી આકસ્મિક વ્યવસ્થા દિન પરદિન ફરતી જાયછે, ને જ્યાં ઘણો લાભ ત્યાંજ ઉત્પત્તિ થવાનો જોગ વધતો જાય છે.

દેશાંતર સંવ્યવહારનો મોટો ને પ્રત્યક્ષ ફાયદો તો એ છે, કે એવડે દુનીઆની ઉત્પત્તિમાં વધારો થાય છે; ને એ વધારો સંવ્યવહાર ચલાવનાર દેશો વચ્ચે વહેંચી આપવામાં આવે છે. પણ આ સિવાય બીજા પણ કેટલાક અર્થીય ફાયદા એ સંવ્યવહારથી થાય છે. એથી માલની ખપત વધે છે, ને માલની ખપત વધવાથી મહેનતના વિભાગ કરવાનો યોગ વધે છે; સારા સંચા વાપરી શકાય છે; ઉત્પત્તિની લાભકારક રીતીઓ દાખલ કરવામાં આવે છે; ને એ સર્વ કારણોથી એકંદર ઉત્પન્ન વધે છે. કોઇ પણ કારણથી કોઇ વસ્તુનો વધારે સમુહ પેદા કરવામાં આવે, તો તેથી દુનીઆની ઉત્પાદક શક્તિ વધે, એવું આગળ પ્રથમ પુસ્તકમાં દેખાડવામાં આવેલુંછે. આ સિવાય દેશાંતર સંવ્યવહારથી બાજી એક ફાયદો છે; પણ તે ફાયદો માણસને બધી સ્થિતિઓમાં લાગુ નથી. જ્યારે કેળવણી નહીં હોવાને લીધે, અથવા બીજા કોઈ પણ કારણથી, કોઇ દેશના લોક સંતોષી ને એશી થઇ ગયા હોય, ને તેઓને થોડી વસ્તુઓનોજ ખપ પડતો હોય, ત્યારે પરદેશથી સસ્તો ને સારો માલ આવવાથી, તેમને તે લેવાનું મન થાય છે. પણ તે માલ કંઇ મફત મળે નહીં, માટે તે માલ ખરીદવાની સત્તા મેળવવા કાજે પરિણામે તેઓને આગળના કરતાં વધારે માલ પેદા કરવો પડે છે. આથી પણ દુનીઆની ઉત્પત્તિમાં વધારો થાય, ઉત્પન્ન કરનાર લોક વધારે વૈભવ ભોગવે: ને તે વધારાનો ફાયદો સંવ્યવહાર ચલાવનાર દેશને પણ મળે.

આ જે ફાયદા કહ્યા તે અર્થીય એટલે દ્રવ્યસંબંધી ફાયદાછે. પણ અર્થીય ફાયદા કરતાં જે માનસિક ને નીતિ સબંધી ફાયદા દેશાન્તર સંવ્યવહારથી પ્રાપ્ત થાય છે, તે ઘણા ઉપયોગી છે. હાલના દુનીઆના સંવ્યવહાર પ્રમાણે દેશ દેશની વિચાર કરવાની તથા

કાર્ય કરવાની રીત ઘણી ભિન્ન ભિન્ન છે. હવે દેશાન્તર સંવ્યવહારથી દેશ દેશના લોકનો અરસ્પરસ સંસર્ગ થાય છે; એ સંસર્ગથી વહેમ, અજ્ઞાન, અભિમાન દૂર થઈ જાય છે, ને જ્ઞાનનો તથા કળા કૌશલ્યનો વધારો થાય છે. જંગલી લોકનો ઘણે ઠેકાણે સુધારો થયો છે, તે વેપારીઓ વડે થયેલો છે.

હમેશ વેપારથી સુધારાની વૃદ્ધિ થએલી છે. હાલના કાળમાં વેપાર છે, એ સુધારાનું એક મુખ્ય સાધન છે. પરદેશીઓ જોડે સંસર્ગ થવાથી આપણે સ્વાભાવિક આપણી રીતભાત, જ્ઞાન, કળાકૌશલ્ય તથા ચરિત્ર લક્ષણ, તેઓની જોડે સરખાવીએ છીએ, ને બને તો આપણી ખોડ દુરસ્ત કરીએ છીએ; ને હાલ દુનીઆમાં એવા એકે લોક નથી કે જેને આવી રીતે મુકાબલો કરીને સુધારો કરવાની જરૂર નથી. સૌને બીજાની જરૂર છે. વળી વેપારથી એક નીતિ સબંધી મોટો ફાયદો એ થયો, કે એથી લોકને એમ માલમ પડયું છે કે પારકા દેશની સમૃદ્ધિથી આપણને ગેરફાયદો નથી પણ લાભજ છે. આગળ ખોટા સ્વદેશાભિમાનના માર્યા, પરદેશની સમૃદ્ધિને હાની પહોંચાડવાને ઇચ્છનાર જે લોક હતા, તેવા હાલ નથી; કેમકે હાલ સમજુ લોકની એમ ખાતરી થએલી છે, કે પરદેશની સમૃદ્ધિમાં આપણો ભાગ છે. વેપારને લીધે દહાડે દહાડે લડાઈ થોડી થતી જાય છે; એટલુંજ નહિ પણ સલાહ શાન્તિનું બળ કાયમ રહેવાથી માણસ જાતના વિચારો, વ્યવસ્થાઓ, ને ચરિત લક્ષણ સુધારવાનો એક મોટો આધાર મળી આવે છે.

પરદેશ સંવ્યવહારના મુખ્ય ફાયદા ખરેખરું જોતાં આવી તરેહના છે. દેશાંતર સંવ્યવહારથી જે ફાયદા છે, તે માલના આવવાથી થાય છે; પરદેશ માલ ચઢાવવાથી થતા નથી. પણ લોકની સમજ આ વિષે કેવળ જુદીજ છે; લોક એના ફાયદા જુદાજ સમજે છે. લોક એમ સમજે છે, કે પરદેશ વેપારથી જે ફાયદો થાય છે, તે દેશાન્તર માલ ચઢાવવાથી થાય છે. દેશાન્તરનો માલ આવવાથી થતો નથી. આમ સમજવાનું કારણ એ છે, કે લોકના મનમાં અંદરખાને એવો વિચાર રમી રહ્યો હોય છે, કે જે માલ આપણા દેશની બહાર જશે, તેથી દેશ તાલેવર થશે, કારણ તેનું મુલ નાણારૂપે દેશની માંહે આવશે. પણ દેશમાં જે માલ આવશે, તેને બદલે દેશમાંથી નાણું મોકલવું પડશે, માટે દેશ એટલો ગરીબ થશે. આ વિચારમાં ઘણા દોષ સંતાઇ રહ્યા છે. એક તો દેશમાં જે માલ આવે છે, તથા દેશથી જે માલ જાયછે, તેની કિંમત નાણારૂપે આપવામાં કે લેવામાં આવતી નથી. પણ માત્ર જે ગાળો રહે, તેટલી આપવામાં આવે છે, ને વખતે તે બદલ પણ માલ મોકલવામાં આવે છે.

વળી બીજું એ કે લોકનું કહેવું જો ખરૂં હોત તો દેશાન્તર સંવ્યવહારથી બંને દેશોને ફાયદો થાય છે તે થાયજ નહિ; કારણ જ્યાં લગી દુનીઆમાં નાણું એટલું ને એટલું રહે, ત્યાં લગી બેમાંનો એક જેટલું કમાય તેટલુંજ બીજો ખુવે, ને ઉપર જે બંનેનો લાભ બતલાવવામાં આવ્યો તેમ થાય નહિ. સોના રૂપાના નાણાનો અથવા સોના રૂપાનો પૃથ્વી ઉપર સમૂહ વધારવો, એ કંઈ વેપારનો મતલબ નથી, ને એ વધવાથી માણસ જાતને પણ ફાયદો નથી.

વળી લોક બીજી ભૂલ એવી ખાય છે, કે પરદેશના વ્યવહારથી દેશનો માલ ખપે છે; જો વેપાર ન હોત તો તે માલ પડી રહેત. માલની વધારે ખપત થવાથી ખરેખરો ફાયદો શો થાય છે, તે ઉપર બતલાવવામાં આવ્યું છે. પણ માલ ખપવાથી માત્ર કંઈ ફાયદો નથી, કારણ માલ ખપવાનો નથી, એવું વેપારીને આગળથી ખબર હોત, તો વેપારી મુડીને તે માલ ઉત્પન્ન કરવામાં વળગાડત નહી, પણ બીજો તેથી કંઈ માલ ઉત્પન્ન કરાવત. એટલે તે માલને બદલે પરદેશથી જે માલ આવતો બંધ થયો, તે માલ ઉત્પન્ન કરવામાં વળગાડત. મુડી હોય તો કંઈ કંઈ પણ ઉત્પન્ન થઈ શકેજ, એવું આગળ કહેવામાં આવેલું છે, માટે પરદેશ માલ નહી ખપે એવું હોત, તો દેશની એટલી મુડી પરદેશથી જે માલ આવે છે, તે ઉત્પન્ન કરવાને ઉપયોગમાં આણાત.

લોક વળી એમ સમજે છે, કે વેપારથી વેપારીઓ ઘણી દોલત મેળવી શકે, એ દેશાન્તર સંવ્યવહારનો મોટો ફાયદો છે. પણ જો દેશમાં બધા ધંધાદારો વચ્ચે બરોબર સ્પર્ધા ચાલતી હોય, તો દેશાન્તરના વેપારીઓનો નફો બીજા ધંધાવાળાના કરતાં મુડીના પ્રમાણમાં કંઈ વધારે થાય નહી. જો પરદેશનો વેપાર ન હોત, તો વેપારીઓ પરદેશથી જે જણસ આવે છે, તે પેદા કરવામાં પોતાની મુડી નાંખત; ને તેથી પણ વેપારીઓને આગળ જેટલોજ લાભ થાત. ખરો લાભ તો પરદેશના માલનો ઉપયોગ કરતારને થાય છે; કારણ તેને તે જણસ દેશાન્તરના સંવ્યવહારથી સસ્તી મળે છે.

પ્રકરણ ૧૨ મું.

દેશાન્તરથી આણેલા માલનું મૂલ.

દેશાન્તર સંવ્યવહારથી લાભ શી રીતે થાય છે, તથા કેટલો ને ક્યારે થાય છે, તેનું વર્ણન ગયા પ્રકરણમાં કરવામાં આવ્યું. પણ આ લાભનો ફાયદો શી રીતે

બંને સંવ્યવહાર ચલાવનાર દેશોને વહેંચી આપવામાં આવશે, તે નક્કી કરવું રહ્યું. જો હિંદુસ્તાનમાં દસ મણ ખાંડ જેટલે ખરચે પેદા થઈ શકતી હોય, તેટલાજ ખરચે દસ શેર રેશમ પેદા થઈ શકતું હશે, ને જો ચીનમાં દસ મણ ખાંડ જેટલે ખરચે પેદા થતી હશે, તેટલે ખરચે વીસ શેર રેશમ બનતું હશે, તો બે દેશ વચ્ચે વેપાર ચાલી શકશે. હિંદુસ્તાનથી દસ મણ ખાંડ ચીન ખાતે મોકલવામાં આવે, તો તે ચીનમાં વીસ શેર રેશમ બરોબર વેચાય; ને તે વીસ શેર રેશમ હિંદુસ્તાનમાં પાછું આવે ત્યારે દસ મણ ખાંડ બદલ આવ્યું ગણાય. એમ થાય એટલે હિંદુસ્તાનને રેશમ આગળથી અડધી કિમ્મતે મળ્યું, પણ તેથી ચીનને કંઈ નુંકશાન કે લાભ થાય નહિ; અને આ રીતે સંવ્યવહાર ચાલવાથી વેપારથી થતો બધો લાભ હિંદુસ્તાનને મળે. પરંતુ આવું બનવું સંભવિત નથી. થોડો થોડો લાભ બંનેને મળશે. જો હિંદુસ્તાનને ચીનમાં દસ મણ ખાંડ બદલ વીસ શેર રેશમ ન મળે, પણ અરાઢ શેર મળે, તો બંનેને ફાયદો થાય. ચીનને વીસ શેર રેશમના જેટલી મજુરી ખરચવાથી દસ મણ ખાંડ મળતી, તે હવે અરાડ શેર રેશમ જેટલી મજુરીથી મળે. હિંદુસ્તાનને અરાડ શેર રેશમ બદલ અરાડ મણ ખાંડ જેટલું ખરચ બેસતું, તે હવે દસ મણ જેટલું છું. બંનેને બંને જણસ સસ્તી મળી. જ્યાં લગી હિંદુસ્તાનને દસ મણ ખાંડ બદલ દસશેરથી વધતું રેશમ મળ્યા કરે, ત્યાં લગી હિંદુસ્તાનને એ વેપારથી ફાયદોજ છે. જ્યારે દસ મણ ખાંડ બદલ દસ શેરજ રેશમ મળે, ત્યારે વેપારથી કંઇ ફાયદો નહીં. તેમ ચીનને જ્યાં લગી દસ મણ ખાંડ બદલ વીસ શેરની અંદર રેશમ આપવું પડે, ત્યાં લગી ફાયદો; વીસ શેર આપવું પડે, ત્યારે કંઇ ફાયદો નહીં. જ્યારે દસ મણ ખાંડ બદલ દસને વીસ શેરની વચ્ચે રેશમ મળે, ત્યારે બંને દેશને લાભ થાય. હવે દસ શેર ને વીસ શેર વચ્ચે ભાવ કેટલો રહેશે? અથવા દેશાન્તર મોકલેલા માલનું મૂલ શી રીતે નક્કી થશે? દેશની અંદર ઉત્પન્ન થએલા માલનું મૂલ ઉત્પત્તિ ખરચ પ્રમાણે નક્કી થાય છે. પણ પરદેશના માલ વિશે એ નિયમ લાગુ નથી. દેશની અંદરના માલને બદલે સરખાજ ઉત્પન્ન ખરચનો માલ આપવો પડે છે, પણ પરદેશથી આવેલા માલ બદલ તે માલની ઉત્પત્તિ ખરચ બરોબરનો માલ આપવો પડતો નથી. ત્યારે તે બદલ કેટલો માલ આપવો પડશે?

આ પ્રકરણમાં મૂલ વિશે જે વિચાર આવે છે તે જરા બારીક છે, માટે વાંચનારને આગળના કરતાં વધારે લક્ષ દેવાની વિનતી કરીએછીએ. દેશની અંદરનો વ્યવહાર નાણાદ્વારે ચાલવાથી મૂલ વિશેના નિયમોમાં કંઇ ફેર થતો નથી, પણ નાણાદ્વારના

સઘળા વ્યવહાર મૂલના નિયમોને અનુસરીનેજ થાયછે, એવું આગળ બતલાવી આપવામાં આવ્યું છે. તેમજ દેશાન્તરના વ્યવહારનું સમજવું. દેશાન્તરની જણસ વસ્તુતઃ એક બીજાને બદલ સાટે વેચાય છે. પણ વ્યવહાર સુગમ પડે એટલા માટે સર્વ વ્યવહાર નાણાદ્વારે થાય છે. નાણું વચ્ચે આવવાથી સાટાંના વ્યવહારમાં જે મૂલ નક્કી થયાં હોય, તેમાં ફેર થતો નથી. આ વાત આગળ જતાં સ્પષ્ટ રીતે બતલાવી આપવામાં આવશે. હાલ તો વિચાર ચલાવવામાં અડચણ નહી પડે, માટે આપણે એમ માની લઇશું કે સર્વ વ્યવહાર સાટાંથી થાય છે. વળી એજ હેતુથી બીજી બે ત્રણ કલ્પના કરવાની જરૂર છે. એક હાલ એમ ધારો કે વાહન ખરચ બેસતું નથી, ને વેપાર બે ચીજનો ને બેજ દેશ વચ્ચે ચાલે છેઃ વાહન ખરચ મજરે લીધાથી ને ઘણા દેશને ઘણી જણસ ધાર્યાથી મૂલા નિયમમાં કેટલો ફેર થશે, તેનો પછી નિર્ણય કરીશું.

આપણે આગલોજ દાખલો લ્યોઃ ને નિયમ મનમાં ઠસાવવાને માટે આંકડા લઇ વિચાર ચલાવો. ચીનને હિંદુસ્તાન વચ્ચે ખાંડને રેશમનો વેપાર ચાલે છે, એમ ધારો; ચીનમાં સોમણ ખાંડ જે ખરચે થાયછે, તેજ ખરચે બસે શેર રેશમ થાયછે; ને હિંદુસ્તાનમાં સોમણ ખાંડને સો શેર રેશમ એકજ ખરચે થાય છે. આવું છે માટે બંને દેશ વચ્ચે વેપાર ચાલી શકશે. એમ ધારો કે વેપાર શરૂ થતી વખત હિંદુસ્તાનમાં દસ લાખ શેર રેશમ ખપતું હતું. હવે વેપાર શરૂ થયાથી, હિંદુસ્તાન રેશમ ચીનથી લાવશે. માટે હિંદુસ્તાનમાં રેશમની ઉત્પત્તિમાં જે મુડી રોકાએલી હતી, તે નવરી પડશે; એ મુડી ખાંડની ઉત્પત્તિમાં નાખવામાં આવશે; ને એ મુડીથી દસ લાખ મણ ખાંડ ઉત્પન્ન થશે. એ દસ લાખમણ ખાંડ લઇ હિંદુસ્તાન ચીન પાસે જશે, ને તેને બદલે રેશમ માગશે. હવે ખાંડ હિંદુસ્તાનથી આવતી થવાથી ચીનમાં તેની ઉત્પત્તિ બંધ થઇ છે, ને તેમાં લાગેલી મુડી નવરી પડી છે. એમ ધારો કે ચીનનો ખપ દસ લાખમણ ખાંડનો હતો, તે ખાંડની મુડી નવરી પડી, તેથી વીસ લાખ શેર રેશમ ઉત્પન્ન થશે. ચીનને વાસ્તે હિંદુસ્તાને ખપ જેટલી ખાંડ મોકલી છે, અને ચીન પાસે તે ખાંડ બદલ વીસ લાખ શેર રેશમ આપવાનું છે. હવે કાંતો હિંદુસ્તાનને એ બધા રેશમનો ખપ હશે કે નહી હોય. આગળ હિંદુસ્તાનને દસ લાખ મણ ખાંડ બદલ દસ લાખ શેર રેશમ મળતું; પણ હવે વીસ લાખ શેર મળેછે. આવું સસ્તુ રેશમ મળવાથી હિંદુસ્તાનમાં રેશમનો ખપ વધે ખરો, પણ ગમે તે રીતે વધે, કાંતો સોંઘવારીના પ્રમાણમાં વધે; અથવા સોં-

ધવારીના પ્રમાણથી ઓછો વધે, અથવા વધારે વધે. સોંઘવારીના પ્રમાણથી વધારે ખપ વધી શકે નહી, કારણ તે પુરો પાડવાનું ચીન પાસે સાધન નથી, એમ આપણે ધારીએ છીએ. માટે સોંઘવારીથી ઓછો વધે, અથવા સોંઘવારી બરોબર વધે. વિચાર સુગમ પડવાને આપણે એમ ધારો કે હમેશ ખપ સોંઘવારીના પ્રમાણમાં વધેછે; એટલે કિમ્મત જેટલી ઘટે, તેટલો માલનો ખપ વધે, અને છેવટ એકંદર માલનું મુલ એનુ એજ ખરચવામાં આવે છે; ને વળી આપણે એમ પણ ધારો કે ચીનમાં પણ વ્યવહાર એવો ચાલે છે કે મોંઘવારીને સોંઘવારીના પ્રમાણમાંજ માલનો ખપ ઘટે છે વધે છે. હવે હિંદુસ્તાનને વીસ લાખ શેર રેશમ લેવાની ના નથી. માત્ર સોંઘવારી પ્રમાણે તે પોતાનો ખપ વધાર્યા કરેછે. સોંઘવારી બમણી થશે, એટલે જો સોમણ ખાંડને બદલે બસેં શેર રેશમ મળશે, તો તે દસ લાખ શેરનો ઉપભોગ કરતું, તેને બદલે વીસ લાખ શેરનો કરશે. ચીનને હિંદુસ્તાનથી આવેલી બધી દસ લાખ મણ ખાંડનો ખપ છે, માટે તે જ્યાં લગી વીસ લાખ શેર રેશમ ખાંડના મુલમાં આપે, ત્યાં લગી તેને નુકશાન નથી. તેટલું આપવું હોય, તો આપે. પણ આગળ ચીનને વીસ લાખ શેર રેશમ બદલે દસ લાખ મણ ખાંડ પોતાને ઘેર મળી શકતી હતી, માટે તે વગર ફાયદે પોતાનો જુનો વહિવટ એકદમ બંધ નહી કરે; તેને બંધ કરવાની લાલચમાં નાંખવાને હિંદુસ્તાન પહેલ વહેલાં દસ લાખ મણ ખાંડ બદલ વીસ લાખ શેર રેશમ નહી માગે, અથવા સોમણ ખાંડ બદલ બસેં શેર રેશમ નહી માગે; પણ એકસોને નેવું શેર માગશે. આવી રીતે સસ્તી ખાંડ મળવાથી ચીન પોતાનો ખાંડનો વેપાર બંધ કરી એકદમ રેશમની ઉત્પત્તિમાં ગુંથાશે. જ્યારે થોડા દિવસ પછી વેપાર જામસે, ને ચીનમાં ખાંડની ઉત્પત્તિ બંધ થશે, ત્યારે પાછું હિંદુસ્તાન સોમણ ખાંડ બદલ બસેં શેર રેશમ લઈ શકશે.

જો ચીનમાં દશ લાખ મણ ખાંડનો ખપ નહી હોય, તો શો પરિણામ થશે, તે વિચારવું જોઈએ. હિંદુસ્તાને તો રેશમમાંથી નવરી થએલી મુડીથી દસ લાખ મણ ખાંડ પૈદા કરી. પણ ચીનમાં ખપ માત્ર આઠ લાખ મણનો છે. ત્યારે હવે આગળના દ્રષ્ટાંતની પેઠે એમ ધારો કે બંને દેશમાં સોંઘવારી કે મોંઘવારીના પ્રમાણમાં ખપનો વધારો ઘટારો થાયછે, એટલે બંને દેશ કોઈપણ જણસ સંપાદાન કરવાને માટે હમેશ એટલી ને એટલીજ મુડી ખરચે છે. ચીનમાં આઠ લાખ મણ ખાંડનો ખપ છે, માટે વેપાર શરૂ થવાથી આઠ લાખ મણ ખાંડ ઉત્પન્ન કરવા જેટલી મુડી નવરી પડી, ને રેશમ પાછળ વળગી. તે મુડીથી સોળ લાખ મણ રેશમ ઉત્પન્ન થ-

ચુંં; ને ચીન આઠ લાખ મણ મેળવવા સારૂ સોળ લાખ શેર રેશમ ખરચવાને રાજીછે. પણ હિંદુસ્તાનમાં જે મુડી રેશમમાંથી નવરી પડી, તેથી દસ લાખ મણ ખાંડ ઉત્પન્ન થઇ શકે છે; ને હિંદુસ્તાન તેટલી મુડી રેશમ મેળવવા પાછળ ખરચવાને ખુશી છે; પછી રેશમ સોંઘું મળે કે મોંઘું મળે. ત્યારે છેવટે દસ લાખ મણ ખાંડ બદલ સોળ લાખ શેર રેશમ વેચાશે. એમ થવાથી ચીનને જેટલી મુડીથી આગળ આઠ લાખ મણ ખાંડ મળતી, તેટલીથી દસ લાખ મણ મળી, ને તેને એમ બે લાખ મણનો ફાયદો થયો. હિંદુસ્તાનને દસ લાખ મણ ખાંડ બરોબરના ખરચથી દસ લાખ શેર રેશમ મળતું, તેને બદલે સોળ લાખ શેર મળ્યું. તેને છ લાખ શેરનો ફાયદો થયો. આવી રીતે બંને દેશોએ દેશાન્તર સંવ્યવહારનો લાભ વેંચી લીધો.

પણ જો એમજ હશે, કે ચીનને માત્ર પાંચ લાખ મણ ખાંડનો ખપ છે, તો તે ખાંડમાંથી મુક્ત થએલી મુડીથી દસ લાખ શેર રેશમ પેદા થઇ શકશે. હવે પાછું આગળની માફક એમ ધારો કે ચીનમાં ને હિંદુસ્તાનમાં ખાંડનો ઉપયોગ સોંઘવારી ને મોંઘવારીના પ્રમાણમાં ઘટેછે વધેછે, એટલે હમેશ એ ને એ રકમ ખાંડ વાસ્તે ખરચવામાં આવેછે, પછી તે મોંઘી હો કે સોંઘી હો. ત્યારે ચીનમાં હિંદુસ્તાનની દસ લાખ મણ ખાંડ બદલ દસ લાખ શેર રેશમ આવશે. આથી હિંદુસ્તાનને કાંઇ નફો નુકશાન નથી; પણ ચીનને ખાંડ અડધી કિમ્મતે પાલવશે; ને સસ્તી થવાથી સસ્તાઇનાજ પ્રમાણમાં ઉપયોગ થશે, એમ આપણે કલ્પેલું છે, માટે હિંદુસ્તાનની બધી ખાંડ ખપી જશે. આ પ્રમાણે સંવ્યવહારનો બધો લાભ ચીન પામશે.

આ કલ્પિત દૃષ્ટાંતો ઉપરથી એક વાત સર્વ કોઇના સમજવામાં આવી હશે. જે દેશને પરદેશના માલનો ખપ વધારે, ને જે દેશના માલનો પરદેશ ખપ ઘણો થોડો, તે દેશને સંવ્યવહારથી ઓછામાં ઓછો નફો; ને જે દેશના માલનો પરદેશ ખપ ઘણો, ને જે દેશને પરદેશના માલનો ખપ થોડો, તે દેશને સંવ્યવહારનો ઘણામાં ઘણો લાભ થાય છે.

વળી આ દૃષ્ટાંતો ઉપરથી એવો નિયમ નીકળે છે, કે જો બે દેશ બે ચીજનોજ અરસપરસ સંવ્યવહાર ચલાવતા હશે, ને તેમાં ઉપભોગની વધઘટ કિમ્મત પ્રમાણે થતી હશે, તો દેશાન્તરના માલના મુલનો નિયમ નિચે પ્રમાણે થશેઃ—

હિંદુસ્તાનમાં નવરી પડેલી મુડીથી ઉત્પન્ન થયેલી ખાંડ, ચીનમાં નવરી પડેલી મુડીથી ઉત્પન્ન થયેલા બધા રેશમને બદલે સટવાશે; અથવા સામાન્ય રીતે નિ-

થમ આ પ્રમાણે આપી શકાય: પરદેશથી માલ લાવવાથી જેટલી મુડી બંને દેશમાં નવરી પડી તેટલીથી ઉત્પન્ન થયેલી બધી જણસો, જે જણસો પરદેશથી આણવામાં આવેછે, તેની જોડે સાટે આપવામાં આવશે.

પરંતુ આ નિયમ કલ્પનાને આધારે છે. આપણે એમ કલ્પના કરેલીછે, કે બંને દેશમાં ભાવના પ્રમાણમાંજ ઉપભોગ થાય છે, ભાવ વધેથી વધારાના પ્રમાણમાં ઉપભોગ ઘટેછે; ને ભાવ ઘટેથી ઘટાડાના પ્રમાણમાં વધેછે. પણ આવું કોઈ દેશમાં વસ્તુત: બનતું નથી. ભાવ ઘટવાથી અથવા વધવાથી ઉપભોગમાં વખતે તેના પ્રમાણમાંજ ફેરફાર થાય છે, વખતે ઓછો થાયછે, ને વખતે તેથી વધારે થાયછે. ત્યારે હવે આ કલ્પનાનું નિરાકરણ કરવાથી નિયમમાં કેટલો ફેર કરવો પડશે, તે આપણે વિચારો.

પહેલું એમ ધારો કે, બેમાંના એક દેશમાં, હિંદુસ્તાનમાં, ઉપભોગનો વધારો સોંઘવારીના પ્રમાણમાં થાય છે, પણ ચીનમાં એ પ્રમાણે થતું નથી. દૃષ્ટાંતને માટે બીજા કિસ્સામાં જેટલો ચીનનો ખપ ધારેલો છે, તેટલો ખપ છે, ને વેપારનો ફાયદો બંનેને છે, એમ કલ્પો. હવે હિંદુસ્તાન તો સોંઘું હો કે મોંઘું હો, તો એ પોતે દસ લાખ મણ ખાંડ બરબર રેશમ વાસ્તે મુલ ખરચેછે, તે ખરચશે. હવે જો ચીનમાં પણ આના સરખો નિયમ હોય, તો ચીન પણ તેટલી ખાંડ બદલ સોળ લાખ શેર રેશમ આપત. જેટલું રેશમ ચીન આપશે, એટલું હિંદુસ્તાન રાખશે; ને જો ભાવનો આધાર હિંદુસ્તાન એકલાની મરજી ઉપર છે. તો ૧૦૦ મણ ખાંડ બરોબર ૧૬૦ શેર રેશમ વેચાય. પણ ચીનમાં વખત છે, ને દશ લાખ મણ ખાંડનો ખપ ન હોય, આગળ આઠ લાખનો હતો, તેથી જરા વધે, પણ બહુ ન વધે. પણ હિંદુસ્તાનને તો પોતાનો બધો માલ ખપાવવોછે, માટે તે ભાવ ઉતારી વધારે માલ ખપાવવાની પેરવી કરશે. એમ ધારો કે દશ લાખ મણ ખાંડને બદલ ચૌદ લાખ શેર રેશમ લેવું હિંદુસ્તાન કબુલ કરે, તો માલ સોંઘો થવાથી ચીનના લોક બધી દસ લાખ મણ ખાંડ લે. ત્યારે ૧૦૦ ને ૧૪૦⊙ ના પ્રમાણમાં ખાંડ ને રેશમના ભાવ રહેવાના. પણ જો ચીનમાં ખપ દસ લાખમણથી ઓછો નહીં, પણ વધારે હશે, તો શું થશે? વધારે ખાંડ આવવાની છે નહીં; ને જેટલી આવેછે, તેથી ચીનનો ખપ પુરો થતો

⊙ વિચક્ષણ વાંચનારના મનમાં આ દૃષ્ટાંતો વિષે એક વાત આવ્યા વગર રહી નહીં હોય. ખાંડ ને રેશમની ઉત્પત્તિમાં અડધો અડધો અન્તર છે; ને ત્રણે દૃષ્ટાંતો લીધા તેમાં એમ કલ્પ્યું કે, પહેલામાં હિંદુસ્તાનનો રેશમનો ખપ, ચીનમાં જે રેશમ ઉત્પન્ન થાયછે, તેના અડધ બરાબરછે; ત્રીજામાં ચીનનો ખાંડનો ખપ હિંદુસ્તા-

નથી. એટલે ચીન વધારે ભાવ આપી ખપ પુરતો માલ મેળવવાને યત્ન કરશે. ખાંડનો રેશમ પ્રત્યે ભાવ વધશે; ને જ્યાં લગી ભાવ એટલો પડશે કે ભાવના વધારાથી ચીનના લોક દસ લાખ મણનોજ ખપ રાખશે, અથવા હિંદુસ્તાન પોતાની અંદરના ઉપભોગની ખાંડ ભાવની લાલચે વેચવા આપી ખુટતી ખાંડ ચીન પુરી પાડશે, ત્યાં લગી ભાવ વધ્યા કરશે.

હવે આપણે એમ ધારો કે ચીન દેશની પેઠે હિંદુસ્તાનમાં પણ ઉપભોગ સોંઘવારીના પ્રમાણે વધતો નથી; પણ બંને દેશમાં સોંઘવારીના પ્રમાણ કરતાં ખપ ઓછો વધે, અથવા તેથી વધારે વધે છે. હવે વેપાર ઉઘડવાથી હિંદુસ્તાનમાં દસ લાખ મણ ખાંડ ઉત્પન્ન થઇ, ને ચીનમાં સોળ લાખ શેર રેશમ ઉત્પન્ન થયું. તેમાં દશ લાખ મણ ખાંડનો ખપ ચીનમાં નથી; ને સોળ લાખનો ખપ હિંદુસ્તાનમાં ન હોય; અથવા તેથી ઉલટું બને, ને બેમાં ખપ વધારે હોય. હવે જો ખપનો આ વધારો તથા ઘટારો બેમાં સરખો હશે, એટલે જો બંનેમાં ઉપરના આંકડાનો નવ દશાંશ અથવા અગીઆર દશાંશનો ખપ હશે, તો તો ભાવ એનો એ રહેશે. પણ આવી રીતે બેમાં સરખો વધારો ઘટારો થવાનો જોગ ક્વચિત હોય છે. સરખો જોગ નહી હોય, ત્યારે જે ભાવે ચીન તથા હિંદુસ્તાન પાસે આપવાનો તથા લેવાનો માલ બધો ખપી જાય, એટલે પ્રત્યેક દેશમાં આપવાની જણસ, આવકના ખપ બરોબર જે ભાવે થશે, તે ભાવે માલ વેચાશે.

આવી રીતે પરદેશથી આવેલા માલનું મુલ બે પાંનાના આધરે રહેલું છે. પોતાના માલનો ખપ પરદેશ કેટલો છે, ને તે ખપ વ્યવહાર શરૂ થવાથી કેટલો વધે એવો છે, તથા પોતાને પરદેશના માલનો કેટલો ખપછે, તથા તે ખપ સોંઘવારીથી કેટલો વધે એવો છે તે; એટલે ખપ અને છતનો સંબંધ, એ પહેલો આધાર છે. પોતાના ખપની જણસો ઉત્પન્ન કરી રહેતાં પરદેશના અર્થની જણસો બનાવવાને કેટલી મુડી દેશમાં નવરી પડી રહે છે, તે બીજો આધાર. તેથી જેમ કોઇ દેશના માલનો પરદેશમાં ખપ વધતો, ને જેમ દેશમાં પરદેશ સારૂ માલ ઉત્પન્ન કરવાને નવરી મુડી થોડી, તેમ તે દેશને સંવ્યવહારનો લાભ વધારે થશે; ને તેને પોતાના માલ બદલ પરદેશનો માલ વધારે મળશે; ને જેમ પરદેશ પોતાના માલનો

નથી જે ખાંડ આવવા જેવી છે, તેના અડધ બરાબરછે; ને બીજા દષ્ટાંતમાં હિંદુસ્તાનનો રેશમનો ખપ ચીનમાં જે રેશમ થાય છે, તેના અડધથી વધારેનો છે. પણ આ સિવાય બીજો એક પ્રકારનો કિસ્સો કલ્પી શકાયછે. ચીનમાં હિંદુસ્તાનની ખાંડનો ખપ આવક માલના અડધાથી પણ ઓછો હોય. આમ હોય, ત્યારે શું થાય?

ખપ થોડો, ને જેમ માલ ઉત્પન્ન કરવાને નવરી મુડી વધારે, તેમ તે દેશના માલ બદલ પરદેશથી માલ થોડો આવશે. પરંતુ આ બે આધાર મુળ જોતાં એકજ છે; કારણ બીજો આધાર પહેલાના પરિણામ જેવો છે. કોઈ દેશ પરદેશનો માલ લેવા કેટલી મુડી જુદી કાઢશે, તે વાત તે દેશને પરદેશના માલનો કેટલો ખપછે, તેને આધારે છે. માટે સંવ્યવહારનો લાભ ઘણું કરીને જે દેશને પરદેશના માલનો ખપ થોડો હશે તેને થશે; અને જે દેશોને પરદેશના માલનો ખપ વધારે હશે, તેઓને પરદેશના વેપારનો લાભ થોડો મળશે; કારણ તેઓને પરદેશની જણસોનો ખપ વધારે હોય છે. પરંતુ પ્રત્યેક જણસવાર તેઓને લાભ થોડો થાય, તથાપિ તેઓનો વેપાર ઘણો મોહોળો હોય તો, એણે કરીને તેઓને એકંદર લાભ વધારે થાય.

પરદેશ મોકલેલી જણસોનો ભાવ શી રીતે નક્કી થશે, તેના નિયમનો હવે નિર્ણય થયો. પણ આ નિયમ ઠરાવવાને આપણે કેટલીક કલ્પનાઓ કરેલી હતી. બેજ જણસોનો વેપાર બેજ દેશ વચ્ચે ચાલેછે, ને વાહન ખરચ બેસતું નથી, એમ ધારેલું હતુ. હવે વાહન ખરચ બેસેછે, એમ ધારવાથી નિયમોમાં કેટલો ફેર પડે છે, તે વિચારીએ. પહેલાંનોજ દાખલો લઈ એમ ધારો, કે હિંદુસ્તાનમાં દસ મણ ખાંડ જેટલી મજુરીએ થાય, તેટલીએજ દસ શેર રેશમ થાય. પણ ચીનમાં દસમણ ખાંડ જેટલી મજુરીએ થાય, તેટલીએ વીસ શેર રેશમ થાય છે. હિંદુસ્તાને રેશમ ઉત્પન્ન કરવું બંધ કરી ચીન તરફ ખાંડ ચલાવવા માંડી, ને ચીન દેશે ખાંડ ઉત્પન્ન કરવી બંધ કરી, હિંદુસ્તાનથી ખાંડ મંગાવવા માંડી. જો વાહન ખરચ બેસતું ન હોત, તો ઉપર આપેલા નિયમ પ્રમાણે દસ મણ ખાંડ બરોબર સત્તર શેર રેશમ સટવાત એમ ધારો. હવે એમ કલ્પો કે દસ શેર રેશમ ચીનથી હિંદુસ્તાન લાવવાનું ખરચ શેર રેશમ બેસે છે, તથા હિંદુસ્તાનથી દસ મણ ખાંડ લઈ જવાનું ખરચ પણ તેટલું બેસે છે. આગળ વાહન ખરચ નહોતું બેસતું, ત્યારે બે દેશમાં ખાંડ રેશમનાં પરસ્પર મુલ એકજ હતાં. પણ હવે હિંદુસ્તાનમાં દસ મણ ખાંડ બદલ સોળ શેર રેશમ પડશે, ને ચીનમાં દસ મણ ખાંડ બદલ અઢાર શેર રેશમ મળવું જોઈએ. જો આ પ્રમાણે કાયમ ભાવ થાય, તો વહન ખરચ ઉપભોગ કરનારને માથે પડે. રેશમ લાવવાનું ખરચ હિંદુસ્તાનને માથે, ને ખાંડ લાવવાનું ખરચ ચીનને માથે પડે; ને વળી એક તરફનો વિચાર કરતાં એવું થાય તો વાજબી લાગેછે; કારણ જેને વાસ્તે માલ આણ્યો હોય, તેણે માલનું ખરચ આપવું

જોઇએ. પણ વસ્તુતઃ એમ બનશે ખરૂં કે બંને પક્ષકાર આગળના ભાવ ઉપર ખરચ ચઢાવી જે મૂલ થાય તે આપશે? આનો એક ઉત્તર આપી શકાતો નથી. વહન ખરચથી બંને જણસનો ભાવ વધે. હવે ભાવના વધવાથી જો બંનેના ઉપયોગમાં કંઈ ફેરફાર થાય નહીં, અથવા સરખોજ થાય, ત્યારે તો પ્રત્યેકના લાવેલા માલનું ખરચ પ્રત્યેકને માથે પડે. પણ આમજ બનશે, એમ કહી શકાતું નથી. વખતે વહન ખરચથી જણસનો એટલો બધો ભાવ વધી જાય, કે એનો ઉપયોગ ઘણો ઘટી જાય, અથવા તેથી ભાવ જરા પણ બેસે નહીં, અથવા બેસે તે વધારાના પ્રમાણમાં બેસે. આ ત્રણમાંથી શું બનવાનો વધારે જોગ છે, એ જણસની જાત ઉપર આધાર છે. માટે વહન ખરચથી કેવો ફેર થશે, તે કહી શકાતું નથી. પણ એટલોજ નિયમ આપી શકાય, કે વહન ખરચ આવ્યા પછી પરદેશ મોકલેલી જણસોના એવા ભાવ થશે, કે જેથી બંને દેશના ખપ પૂરા પડે, ને નવરી મુડીથી ઉત્પન્ન કરેલો માલ ખપી જઈ તથા બને દેશનો ખપ બરોબર પૂરો થાય.

વહન ખરચ મજરે લીધાથી છત ખપના સમીકરણમાં કંઈ મુદ્દાનો ફેર પડતો નથી, એવું આ ઉપરથી સ્પષ્ટ માલમ પડી આવે છે. હવે જણસો ઘણી થવાથી શો ફેર થશે; તેનો આપણે નિર્ણય કરી. આગળનોજ દૃષ્ટાંત લ્યો, ને આગળના ભાવ લ્યો. ચીનમાં દસ મણ ખાંડનું જેટલું ખરચ પડે, તેટલાથી વીસ શેર રેશમ ઉત્પન્ન થઈ શકે છે, ને હિંદુસ્તાનમાં દસ મણ ખાંડના ખરચથી દસ શેર રેશમ ઉત્પન્ન થઈ શકે છે. હવે એમ ધારો કે બે દેશો વચ્ચે સંવ્યવહાર શરૂ થવાથી હિંદુસ્તાનમાં રેશમ ઉત્પન્ન કરવાની મુડીથી ખાંડ પેદા થઈ, ને ચીનમાં ખાંડની મુડીથી રેશમ થવા લાગ્યું. હવે જો એમ હશે, કે હિંદુસ્તાનમાં ખાંડ જેટલી વધારે પેદા થઈ, તે બધીનો ચીનમાં ખપ નથી, પણ ચીનમાં જેટલું વધારે રેશમ ઉત્પન્ન થયું, તે બધાનો હિંદુસ્તાનમાં ખપ છે, તો હિંદુસ્તાન પોતાનો બધો માલ ખપાવવાને માલ વધારે આપશે; ને માલ વધારે આપવાથી રેશમ મોંઘુ થશે, તેથી રેશમના ખપમાં જરા ઘટાડો થશે. વળી ચીનમાં ખાંડ સસ્તી મળવાથી વધારે ખપશે, ને છેવટે દસ મણ ખાંડ બરોબર સોળ શેર રેશમ, એ ભાવે બે દેશમાં મૂલનું સમીકરણ થશે. હિંદુસ્તાનને ચીનના માલનો ખપ હતો, ને ચીનને આપવાનો હિંદુસ્તાન પાસે જેટલો માલ હતો, તેટલાનો ચીનને ખપ નહોતો; તેથી હિંદુસ્તાનને રેશમનું ભારે મૂલ આપવું પડ્યું. પણ જો હિંદુસ્તાન પાસે બીજો કંઇ માલ આપવાનો હોત, તો આટલું બધું મૂલ વધત નહીં. એમ ધારો તે હિંદુસ્તાન પાસે અફીણ છે, તેનો ચીનને

ખપ છે; ને હિંદુસ્તાનમાં દસ મણ ખાંડના જેટલે ખરચે વીસ શેર અફીમ ઉત્પન્ન થાય છે, પણ ચીનમાં એટલે ખરચે પાંચ શેર અફીમ પેદા થાય છે. હવે જો એજ વસ્તુનો વેપાર હોય, તો હિંદુસ્તાનની સર્વ ખાંડનો ચીનને ખપ ન હોય, ને હિંદુસ્તાનને તેના બધા રેશમનો ખપ હોય, અને રેશમ બદલ ખાંડ સિવાય બીજું કશું આપવાનું ન હોય, એટલે ખાંડ ઘણી સસ્તી આપ્યા વગર હિંદુસ્તાનનો છુટકો નહીં. પણ હિંદુસ્તાનની પાસે ખાંડ ને અફીમ બે વાનાં આપવાનાં હોય, તો ખાંડનો ભાવ એટલો બધો ઉતારવો ન પડે. જેટલા રેશમને બદલે જેટલી ખાંડ ફાયદાકારક ભાવે ખપે, તેટલી ખાંડ આપી, બાકીનાને બદલે અફીમ આપે; ને જે ભાવે હિંદુસ્તાનનો રેશમનો ખપ ને ચીનનો ખાંડ તથા અફીમનો ખપ પૂરો પડે, તે ભાવે તે ત્રણે જણસો પરસ્પર મુલવાય. હવે વળી બીજી બે જણસો વધારો, ને એમ ધારો કે ખાંડને અફીમ સિવાય હિંદુસ્તાન રૂ પણ મોકલે છે, ને ચીન ચીનાઇ વાસણ મોકલે છે; તો પણ ફેર તેવોજ રીતનો થશે. દેશના અંદર પરદેશનો જેટલો બધો માલ આવ્યો હોય, તેટલા બધા માલનું મૂલ દેશથી મોકલવાના માલથી બંધ બેસે, તેવે ભાવે દેશની જણસો પરદેશની જણસો જોડે સટવાશે. પરદેશ ચલવેલા માલનું એકંદર મૂલ દેશમાં આવતા માલના એકંદર મૂલ જોડે સટવાશે; પ્રત્યેક જણસ પ્રત્યેક જણસ જોડે સટવાશે નહીં. દેશમાં નવરી પડેલી અને પરદેશના વેપારમાં લાગેલી મુડીથી થએલી સઘળી જણસ, સામા દેશમાં એમજ નવરી પડેલી મુડીથી થએલી જણસની જોડે સટવાશે. એવો કોઈ ભાવ હશે ને હશેજ, કે જે ભાવે આવી રીતે થયેલું સઘળું દેશનું ઉત્પન્ન પરદેશના એમજ ઉત્પન્ન થએલા સઘળા ઉત્પન્ન જોડે સાટવવામાં આવશે; ને આ ભાવે બંને દેશનો માલ પરસ્પર વેચવામાં આવશે.

હવે પરદેશના વેપારથી ઘણો ફાયદો કોને મળશે, એમ જો પૂછ્યું હોય તો, એનો ઉત્તર એ કે, જે દેશની જણસોનો પરદેશમાં ઘણો, ને સરતાઈથી વધી જાય એવો ખપ હશે, તે દેશને દેશાન્તર સંવ્યવહારનો લાભ ઘણામાં ઘણો મળશે. વળી દેશની અંદર જેમ પરદેશના માલનો ખપ થોડો, ને થોડો વિસ્તાર પામે તેવો હશે, તેમ તે દેશને પણ વેપારનો લાભ ઘણો મળશે. જે દેશને પરદેશની થોડી જણસોનો ને વળી થોડો ખપ છે; ને જે દેશના માલનો પરદેશ ઘણોજ ખપ છે, તેને પરદેશનો માલ ઘણો સસ્તો મળશે. એટલે તે દેશના થોડા માલ બદલ પરદેશનો સુમારે ઘણો માલ આવશે.

વહન ખરચ મજરે લીધાથી તથા જણસ ઘણી ધારવાથી, દેશાન્તર વ્યવહારમાં જણસોના મૂલ વિશે કંઈ મુદ્દાનો ફેર થતો નથી. હવે એમ ધારો કે વ્યાપાર બે દેશને બદલે ત્રણ દેશ વચ્ચે ચાલે છે, ને પછી જુઓ કે તેથી ઉપરના નિયમમાં કંઈ મુદ્દાનો ફેર થાય છે અગર. એમ ધારો કે હાલ ચીનને હિંદુસ્તાન વચ્ચે વેપાર બે જણસોનો ચાલે છે, ખાંડ ને રેશમનો; ને હાલ ઉપરના નિયમના જોરથી દસ મણ ખાંડ બરાબર સોળ શેર રેશમ વેચાય છે. હવે એમ ધારો કે હિંદુસ્તાનનો સિયામ જોડે નવો વેહેવાર શરૂ થયો, ને હિંદુસ્તાન ત્યાંથી પણ ખાંડ મોકલી રેશમ મંગાવે છે, ને તેની જોડે ભાવ ૧૦ મણ ખાંડ બરોબર ૧૭ શેર રેશમનો નક્કી થયો છે. હિંદુસ્તાનને સિયામથી દસ મણ ખાંડ બરોબર સત્તર શેરનું રેશમ મળે છે, એટલે તે ચીનથી સોળ શેર લેવા નહીં જાય. પણ ચીનને ખાંડનો ખપ છે, માટે ચીનને પણ સત્તર શેર આપવાની ફરજ પડશે. આ દૃષ્ટાંત ઉપરથી એમ ન ધારવું કે આવી રીતે ત્રીજા દેશમાં ઊંચો ભાવ હોય, તોજ હિંદુસ્તાનને ફાયદો થાય. સિયામમાં ચીનના જેટલોજ ભાવ હોય, તો પણ હિંદુસ્તાનને ફાયદો થાય. સિયામમાં પણ ચીનની માફક દસ મણ ખાંડ બદલ સોળ શેર રેશમનો ભાવ હોય, તોપણ હિંદુસ્તાનનો રેશમનો ખપ એટલો ને એટલો છે, ને રેશમ બે ઠેકાણેથી મળે એવું છે, તેથી તેને બેમાંથી રેશમ સસ્તું મળશે. બેની પાસે ખાંડ બદલ રેશમ આપવાનું છે, ને હિંદુસ્તાનને વધારે રેશમનો ખપ નથી, માટે સસ્તું રેશમ આપી પોતાની ખાંડની ખોટ પૂરી પડે તેટલું રેશમ આપવાને ચીન અને સિયામ બેને દેશ ભાવ ઉતારશે.

વળી એમ પણ ન ધારવું કે ત્રીજા દેશમાં એટલે સિયામમાં હિંદુસ્તાનના ખપ લાયક માલ પેદા થતો હશે, તોજ હિંદુસ્તાનને વેપારનો ફાયદો મળશે. સિયામમાં હિંદુસ[illegible]ખપ લાયક કોઇ જણસ પેદા થતી ન હોય, તોપણ જો તેને હિંદુસ્તાન[illegible]ખપ હશે, તો તે હિંદુસ્તાનને ખાંડનું મૂલ બીજી રીતે આપશે. સિયા[illegible]તાનના બજારમાં ખપે એવો માલ ન હોય, તોપણ ચીનમાં ખપે એવો [illegible]તાનો માલ ચીન મોકલે, ને ચીન ઉપર કાગળ લખી આપે કે અમો હિ[illegible] ખાંડ મંગાવીએ છીએ, તેની કિમ્મત તમારે અમારા માલના અવેજમાં [illegible]ને આપવી. પણ ચીન પાસે હિંદુસ્તાન લાયક રેશમ સિવાય બીજી કોઈ [illegible]હીં હોય, ને હિંદુસ્તાનને ચાલતે ભાવે વધારે રેશમનો ખપ ન હોય, ત[illegible]ને રેશમનો ભાવ ઉતારવાની ફરજ પડેજ, નહીં તો પોતાનું

તથા સિયામ બેનું હિંદુસ્તાન પ્રત્યે જે દેણુ છે, તે અદા કરવાને ચીન શક્તિમાન થાય નહીં. આવી રીતે કોઇ પણ દેશનો માલ પરદેશ વધારે ચઢવાથી તે દેશને બીજા દેશનો માલ પણ સસ્તો મળે છે. પરંતુ જો એથી ઉલટું થાય, ને દેશમાં પરદેશના માલનો ખપ વધે, તો એ દેશને પરદેશનો માલ એટલો મોંઘો મળે.

જે નિયમને આ પ્રકરણમાં વિસ્તારીને આપેલો છે, તેને દેશાંતર છત તથા ખપનું સમીકરણ કરીને કહે છે. આ નિયમનું વ્યાખ્યાન નીચે પ્રમાણે કરી શકાય: દેશમાં નવરી પડેલી મુડીથી જેટલો માલ ઉત્પન્ન થાય છે, તેટલો માલ પરદેશના એમજ ઉત્પન્ન થએલા માલ જોડે, એવે ભાવે સટવાશે, કે જેથી દેશાવર મોકલેલા બધા માલનું મુલ દેશની અંદર આવેલા બધા માલથી વળી જાય. વિચારવંત વાંચનારના સમજવામાં આવ્યું હશે, કે ખપને છતના સમીકરણ વિશેનો આગળ જે નિયમ આપવામાં આવ્યો છે, તેનો આ વિસ્તાર છે. હમેશ કોઇપણ વસ્તુનો ભાવ એટલો રહે છે કે જેથી તેની છત ને ખપ બરોબર થઇ જાય છે. પુરૂષો વચ્ચે અથવા પ્રજાઓ વચ્ચે જે વેપાર ચાલે, તેમાં ચીજને સાટે ચીજ સટવાય છે.

આ નિયમ જે આપણે આપ્યો, તે ખરો છે કે નહી, તેનું પારખું જોવા માટે આપણે એક કલ્પના કરો. એમ ધારો કે જે જણસ પરદેશથી હિંદુસ્તાનમાં આવે છે, તે જણસોની ઉત્પત્તિ ખરચમાં ઘટારો થયો. હવે પરદેશથી જે માલ આવે છે, તેનું મુલ કાંઇ ઉત્પત્તિ ખરચને આધારે નથી, ત્યારે તેનુ મુલ પરદેશમાં કમી થશે કે નહીં? એમ ધારો કે ચીનમાં રેશમનું ઉત્પત્તિ ખરચ એકદમ હોતવું ઘટ્યું, ને દસમણ ખાંડની મુડીથી આગળ વીસશેર રેશમ ઉત્પન્ન થતું, તેને બદલે હાલ ત્રીશશેર થાય છે. હવે પ્રથમતો ચીનમાં એનું મુલ ઉતરશે. બધી વસ્તુ પ્રત્યે રેશમનું મુલ ઘટશે, ને તેમાં હિંદુસ્તાનની ખાંડ પ્રત્યે પણ ઘટશે, ને પહેલ વહેલાં તો બધી જણસો પ્રત્યે રેશમનું મુલ તૃતીયાંશ ઘટશે. પણ ખાંડ પ્રત્યે એ ઘટારે [illegible]મ રહેશે ખરો ? હવે એનો એક ઉત્તર આપી શકાતો નથી; જો આગળ ૧[illegible] ખાંડ બરોબર ૧૭ શેર રેશમ વેચાતું હશે, તો પ્રથમ ૧૦ મણ [illegible] બરોબર ૨૫૩ શેર રેશમ વેચાશે, પણ એ ભાવ કાયમ રહેશે કે ન રહે[illegible] [illegible]જ કારણને આધારે છે. ખાંડ પ્રત્યે રેશમનો ભાવ સોંઘો થયો, તેથી [illegible]મનો ખપ હિંદુસ્તાનમાં સોંઘવારીના પ્રમાણમાંજ વધશે, તેથી ઓછો વધશે, [illegible]ધારે વધશે. એમ ધારો કે હિંદુસ્તાનમાં રેશમનો ખપ સોંઘવારીના પ્રમ[illegible]યો; એટલે આગળ ૧૭૦૦૦ શેર રેશમ ખપતું હશે, તો હાલ ૨૫૫૦૦ શેર [illegible]; આગળ સત્તર

હજારનું મૂલ ૧૦૦૦૦ મણ ખાંડ આપવું પડતું. હવે સસ્તે ભાવે ૨૫૫૦૦ શેરનું મૂલ પણ દશ હજાર મણ ખાંડ આપવું પડશે; એટલે આગળના જેટલેજ ખરચે હિંદુસ્તાનને ઘણું રેશમ મળશે; માટે સોંઘવારીને બધા ફાયદો હિંદુસ્તાનને મળ્યો.

પણ જો એમ નહીં થાય, ને સોંઘવારીના પ્રમાણ કરતાં પણ ઉપભોગમાં વધારે વધારો થશે, તો પછી ભાવ કેટલો થશે? આગળને ભાવે ૧૭૦૦૦ શેર રેશમનો હિંદુસ્તાનને ખપ છે, ને હાલ ચીન ૨૫૫૦૦ શેર રેશમ ઉત્પન્ન કરવા જેટલી મુડી હિંદુસ્તાનને વાસ્તે વાપરે છે. દસ મણ ખાંડ બરાબર ૨૫ઽ શેર રેશમ, એ ભાવે હિંદુસ્તાનને ૨૫૫૦૦ શેરથી વધારે રેશમ જોઇએછે. પણ એ ભાવે એટલું બધું રેશમ નહી મળે, તેથી તે વધારે ભાવ આપી તેટલું મેળવવાનો પ્રયત્ન કરશે. એમ ધારો કે હિંદુસ્તાન પોતાને જોઇતું બધું રેશમ મેળવવા માટે ૧૦ મણ ખાંડ બરાબર ૨૨ શેર રેશમ કબુલ કરેછે; પણ આ ભાવે તેને જોઇતું બધું રેશમ મળતું નથી; પણ વીસશેર રેશમ લેવું કબુલ કરે, તો પોતાને જોઇએ તેટલું રેશમ તેને મળે. ત્યારે વીસશેરનો ભાવ કાયમ થશે. રેશમની ઉત્પત્તિમાં દોઢો ફેર થયો, તેમાં માત્ર હિંદુસ્તાનને, સત્તરશેર ને બદલે વીસશેર મળ્યું, એટલોજ લાભ થયો; બાકીનો બધો લાભ ચીનને મળ્યો. પણ હિંદુસ્તાનમાં જો ઉત્પત્તિના વધારા જેટલો પણ ખપ ન હોત, તો હિંદુસ્તાનને લાભ વધારે મળત ને ચીનને થોડો મળત.

જો હિંદુસ્તાનને એટલી બધી ખાંડનો નવે ભાવે ખપ હોય, કે તે મેળવવા માટે ભાવ વધારતાં વધારતાં છેવટે જુના ભાવ પાછા કાયમ થાય, તો બધો ફાયદો ચીનને મળે.

આ ત્રણે કિસ્સા ઉપરથી સમજવામાં આવ્યું હશે, કે જેમ દેશમાં ઉત્પન્ન થયેલા માલનું મૂલ ઉત્પત્તિ ખરચના પ્રમાણમાંજ વધેછે ઘટેછે, તેમ પરદેશના માલવિશે બનતું નથી. તેમાં તો વખતે ઉત્પત્તિ ખરચના ઘટારાના પ્રમાણથી વધારે મૂલ ઉપજે છે; વખતે ઓછું ઉપજેછે; ને વખતે એટલું ને એટલુંજ ઉપજેછે; ને આ ત્રણમાંથી કયું બનશે, તેનો આધાર ખપ ઉપર રહેલોછે. ખપનો વધારો જો સસ્તાઇના પ્રમાણમાં હશે, તો મૂલ તેજ પ્રમાણે ઘટશે; જો તેથી વધારે હશે, તો નહી ઘટે, ને થોડો હશે તો વધારે ઘટશે.

દેશાંતર આવેલા માલના મૂલ વિશેના નિયમનું વિવેચન હવે પૂર્ણ થયું. પણ એક વાત જરા ધ્યાનમાં રાખવા જોગ છે. જો બે દેશ એક ત્રીજા જોડે વેપાર ચલાવતા હોય, તો બંનેને પરદેશનો માલ સરખા મૂલે વેચાય. જો હિંદુસ્તાનને સિયામ

બંને ચીન જોડે ખાંડ આપી રેશમ લેવાનો વેપાર ચલાવતા હોય તો, બંનેને ખાંડ પ્રત્યે રેશમનું મૂલ એકજ બેસે. મૂલ એક બેસે, પરંતુ એકને રેશમનું ખરચ બીજા કરતાં થોડું પરવડે. જો ઉપરના દેશાંતર મૂલના સમીકરણને લીધે દસ મણ ખાંડને બદલ સત્તરશેર રેશમ મળતું હોય, તો સત્તરશેર રેશમનું મૂલ બંનેને એકજ પડયું. પણ હિંદુસ્તાનને જો દસમણ ખાંડ ઉત્પન્ન કરવાનું ખરચ સિયામ કરતાં અડધું એટલું હોય, તો હિંદુસ્તાનને તે રેશમ સિયામ કરતાં અડધે ખરચે પાલવ્યું. માટે મૂલના સમાનપણામાં ને ખરચના સરખાપણામાં ભેદછે.

આ ઉપરથી એમ અનુમાન નિકળ્યું, કે પરદેશ વેપાર કરનારા બે દેશો મધ્યે જે દેશમાં ઉત્પત્તિ ખરચ થોડું બેસતું હશે, તે દેશમાં પરદેશનો સર્વ માલ સસ્તો મળશે. હવે ઉત્પત્તિ ખરચ થોડું બેસે છે, તે મહેનત ઘણી ફળજનક હોવાથી થોડું બેસે છે; માટે જે દેશની મહેનત ઘણીજ ફળજનક હોવાથી જે દેશમાં ઉત્પત્તિ ખરચ થોડું બેસતું હશે, તેને પોતાનો અંદરનો માલ ઘણે થોડે ખરચે મળશે એટલુંજ નહી, પણ તેને પરદેશનો માલ પણ થોડે ખરચે મળશે; ને તેને પોતાની ચઢીઆતી કળાનો ફાયદો પરદેશના માલ વિશે પણ પ્રાપ્ત થશે. માટે જો બે દેશ, જુદા જુદા દેશ જોડે એકજ જણસોનો વેપાર ચલાવતા હોય, તો તે બેમાંથી થોડે ખરચે માલ કોને મળેછે, તેનો નિર્ણય નિરાળી રીતે થાયછે. તે વિચાર વાસ્તે બે વસ્તુ લક્ષમાં લેવી જોઈએ; પહેલું પ્રત્યેકને પરદેશના વેપારની જણસ બદલ કેટલો માલ આપવો પડેછે; ને પછી પ્રત્યેકને તેનું ઉત્પતિ ખરચ કેટલું બેસેછે. વખતે એમ બને કે એકને જેટલો ઉત્પત્તિ ખરચમાં ફાયદો મળતો હોય, તે ફાયદાનો બંગ બીજાને મૂલ વધારે ઉપજવાથી વળી જતો હોય. જો હિંદુસ્તાન ચીન જોડે ખાંડનો વેપાર કરતું હોય, ને તેનોજ સિયામ, આસ્ટ્રેલિયા જોડે વેપાર કરતુંહોય, અને હિંદુસ્તાનમાં ખાંડ ઉત્પન્ન કરવાનું ખરચ સિયામ કરતાં અડધું હોય; તો પણ જો હિંદુસ્તાનને પોતાની ખાંડ બદલ ચીન પાસેથી જેટલું રેશમ મળે છે, તેના કરતાં જો સિયામને આસ્ટ્રેલીઆ પાસેથી બમણું મળે, તો હિંદુસ્તાનને પછી રેશમ સિયામ કરતાં અડધે ખરચે પાલવે નહી.

દેશાંતર મોકલેલા માલનાં મૂલનો નિયમ આ પ્રકરણમાં નક્કી થયો. પરંતુ એ નિયમની બધી સમજુતી સાટાના વ્યવહારથી કરેલી છે; ને નાણું કલ્પ્યું નથી. હવે નાણું કલ્પવાથી કશો ફેર થાય છે કે નહીં, તે આપણે જોવું જોઇએ, આ વાત આવતા પ્રકરણમાં તપાસવામાં આવશે.

प्रकरण १३ मुं.

નાણાદ્વારનો દેશાંતર વ્યવહાર.

નાણાદ્વારે વ્યવહાર થવાથી ઉપરના નિયમોમાં કંઇ ફેરફાર થાય છે કે નહીં, તેનો નિયમ કરતાં પહેલાં વહીવટમાં દેશાન્તર વ્યવહાર શી રીતે થાય છે, તેની સમજુતી જરા આપવાની જરૂર છે. વહીવટમાં આવક ને જાવક માલનું એક બીજા બરોબર સાટું થતુંજ નથી; ને તે માલનો વેપાર એકજ પુરૂષોના હાથથી પણ થતો નથી. એક દેશ બીજા દેશનો જ્યારે માલ લે છે, ને જ્યારે બીજા દેશને માલ વેચે છે, ત્યારે તે માલની કિમ્મત આપવા લેવાનું કામ હુંડી વડે થાયછે. એમ ધારો કે હિંદુસ્તાનના કોઇ प नामना વેપારીએ ચીનમાં કોઇ ब नामना વેપારી ઉપર માલ મોકલ્યો છે; ને ચીનના કોઇ क नामना વેપારીએ, હિંદુસ્તાનમાં કોઇ ल नामना વેપારી ઉપર માલ મોકલ્યો છે; ને તે બંને જાતના માલનું એકંદર મૂલ સરખુંજ છે. હવે ब नामना વેપારીને प ઉપર માલના મૂલ દાખલ કંઈ કિમ્મત મોકલવાની જરૂર નથી; ને ल ને क ઉપર ચીન તરફ પૈસા મોકલવાની જરૂર નથી. જો ब રૂપીઆ क ને ચીનમાં આપે, ને ल રૂપીઆ હિંદુસ્તાનમાં प ને આપે, તો બંને દેશનું પરસ્પર દેણ વળી જાય. આ નીચે પ્રમાણે બની શકે. प, ब ઉપર હુંડી લખી તે હુંડીનાં ल પાસેથી નાણાં લે; તે હુંડી લઇ ल, क ઉપર બીડે; क તે હુંડી લઈ ब પાસે જઇ હુંડીનાં નાણાં વસુલ કરે. આથી બધી લેવડ દેવડ નાણું મોકલ્યા વગર પતી જાય.

વહિવટમાં બે દેશ વચ્ચે વેપારી ઘણા હોયછે, ને હમેશ આવક માલની કિમ્મત જાવક માલની કિમ્મત બરોબર થતી નહીં; ને ઉપરના કલ્પિત દૃષ્ટાંતની માફક વેપારી જાતે હુંડી લેવા દેવાનો વેપાર પણ કરતા નથી. હુંડી આપવા તથા વેચવાનું કામ શરાફો ને બેંકવાળા કરે છે. વળી પરદેશના વેપાર માટે હુંડીના દલાલો પણ હોય છે, તેઓની મારફત બધી ભાંજગડ થાય છે. હવે જો હિંદુસ્તાનને ચીન વચ્ચે વેપાર ચાલતો હશે તો, હિંદુસ્તાનનો વેપારી પોતે મોકલેલા માલની કિમ્મત બદલ ચીનના વેપારી ઉપર હુંડી લખશે; તે હુંડી દલાલને વેચાથી આપશે, ને તેનાં નાણાં તેના પાસેથી લેશે. જે લોક ચીનથી માલ લાવ્યા હશે, તે પોતાનું દેણ અદા કરવા દલાલ પાસેથી હુંડી લઈ પોતાના લેણદાર તરફ મોકલશે. હવે જો બંને દેશના આવક તથા જાવક માલની કિમ્મતો સરખી હશે, તો બંને દેશને જેટલું

નાણું આપવાનું તેટલુંજ લેવાનું હોવાથી જેટલી હુંડીઓ દલાલ ખરીદ કરે, તે બધી ખપી જવાનો જોગ હોય. આવું હોય છે, ત્યારે હુંડીનો ભાવ સરભર થાય છે.

પણ જો બેમાંથી એક દેશમાં આવેલા માલની કિમ્મત, તે દેશથી ગયેલા માલની કિંમત કરતાં વધારે હોય, તો તે દેશનું બીજા પાસે લેણું હોય, તે કરતાં દેણુ વધારે હોય; માટે તે દેશથી બીજા દેશ ઉપર જેટલી હુંડીઓ લેવાય, તેથી વધારે હુંડીઓનો ખપ હોય છે. ત્યારે દલાલો બજારમાં જેટલી હુંડીઓ મળે, તેટલી લઇ વધારાના અવેજ વાસ્તે પોતાના આડતીઆ ઉપર હુંડી લખી આપે છે. પણ તે આડતીઆ પાસે નાણાં પોતે મોકલ્યાં નથી હોતાં, માટે તે નાણાં હુંડી મહોચતાં પહેલાં મોકલવાની તેમની પેરવી કરે છે. નાણાં મોકલવાના ખરચ બદલ તથા મહેનત બદલ દલાલો હુંડીનો ભાવ વધારે લે છે; ને હુંડી ધીમે ધીમે પ્રીમીઅમે વેચાય છે. જો એથી ઉલટું હોય, ને દેશમાં પરદેશનો માલ વધારે આવવાને બદલે ઓછો આવ્યો હોય તો, હુંડીનો ભાવ સરભર કરતાં ઓછો રહે, ને સૌની હુંડીના સોથી ઓછા ઉપજે.

આ બધી વાતોના દૃષ્ટાંત વાસ્તે આપણે આગળની માફક ચીનને હિંદુસ્તાન વચ્ચે વેપાર ધારો; ને વળી એમ ધારો કે બે દેશમાં એક ચલણ ચાલે છે. જો ચીનથી હિંદુસ્તાન તરફ એકંદર દસ હજારની કિંમતનો માલ ચઢતો હશે, ને જો હિંદુસ્તાનથી ચીન તરફ પણ દસ હજારનો માલ ચઢતો હશે, તો ચીનનો માલ ખરીદનાર હિંદુસ્તાનના વેપારી પોતાનું દેણુ અદા કરવા ચીન તરફ મોકલવા દસ હજારની હુંડીઓ લેશે, પણ જે લોકોનું ચીન દેશ પાસે દસ હજારનું લેણું છે, તે દસ હજારની હુંડીઓ વેચશે; જેટલાની હુંડીઓ વેચવાની હશે, તેટલાની હુંડીઓનો ખપ નિકળશે; એટલે હુંડીનો ભાવ હિંદુસ્તાનમાં સરભર રહેશે. ચીનમાં પણ એજ કારણથી ભાવ સરભર રહેશે. હુંડી લખનાર તે માલનો વેચનાર હોય, અથવા ન હોય. ઘણીવાર એમ બને છે, કે માલનો વેપારી હુંડી લખી વેચે છે, તે હુંડી સરાફો દલાલો વગેરે લે છે, ને તે શરાફો દલાલો વગેરે પાસેથી ચીનનો માલ લાવનાર વેપારી હુંડીઓ ખરીદે છે.

પણ જો ચીનનો હિંદુસ્તાનમાં રૂ ૧૫૦૦૦ નો માલ આવ્યો હશે, ને હિંદુસ્તાનનો ચીનમાં બાર હજારનો માલ ગયો હશે, તો હુંડીનો ભાવ સરભર રહેશે નહીં. દલાલો પાસે ચીન ઉપર બાર હજારની હુંડીઓ વેચવાની આવશે, પણ પંદર હજારના ખરીદદાર મળશે. બધાને હુંડી મળવી મુશ્કેલ પડશે, એટલે હુંડીનો ભાવ

વધશે. (આ દૃષ્ટાંતમાં તથા આગળના દૃષ્ટાંતમાં આપણે એમ કલ્પના કરીએ છીએ, કે ચીનની હિંદુસ્તાન ઉપરની હુંડી માત્ર વેપારને અર્થેજ લેવામાં આવે છે) હુંડીનો ભાવ કેટલો વધશે? ચીન તરફ બાકીની રોકડ મોકલવાનું જે ખરચ થાય, તેથી વધારે નહીં વધે, પણ એટલા સુધી વધી શકે. વેપારીને મોકલવાનું ખરચ તથા તે ઉપર હકશાઈ પાલવે, એટલો વધી શકે. માટે હિંદુસ્તાનમાં ચીનની હુંડી પ્રિમીઅમે વેચાશે. પરંતુ ચીનમાં એથી ઉલટુંજ બનશે. ચીનમાં બાર હજારની હુંડીનો ખપ હશે, ને પંદર હજારની હુંડી વેચાઉ હશે, એથી ચીનમાં હુંડી વટાવે વેચાશે.

વળી જો હિંદુસ્તાનમાં બાર હજારનો માલ આવતો હશે, ને ચીન તરફ રૂપીઆ ૧૫૦૦૦નો માલ જતો હશે, તો હિંદુસ્તાનમાં ચીનની હુંડી વટાવે વેચાશે; ને ચીનમાં હિંદુસ્તાનની હુંડી પ્રીમીઅમે વેચાશે; ને તે અનાત ઉપર વર્ણવેલી રીતેજ બનશે.

દુનીઆનો રાજ્યકીય વ્યવહાર હજી એટલી બધી જંગલી સ્થિતિમાં છે, કે થોડાજ દેશોમાં એકનું એક ચલણ ચાલતું હોય છે. કોઈમાં રૂપાનું ચલણ અને કોઈમાં સોનાનું ચલણ ચાલેછે; ને ઠામ ઠામ નાણાના કડકાનાં તોળ ભિન્ન ભિન્ન હોયછે. આવી રીતે ચલણ હોય, ત્યારે સરભર તે શું, પ્રિમીઅમ તે શું, ને વટાવ તે શું સમજવું? જો એકજ ધાતુનું ચલણ હશે, તો બંને દેશના ચલણમાં જેટલું જેટલું સોનું રૂપું હશે, તે પ્રમાણે જ્યારે હુંડીનો ભાવ રહેશે, ત્યારે હુંડીનો ભાવ સરભર કહેવાશે. જેમ કે હિંદુસ્તાનને વિલાયત વચ્ચે વેપાર ચાલતો હોય, ને હિંદુસ્તાનમાં મહોરનું ચલણ હોય, ને વિલાયતમાં ગેણીનું ચલણ હોય, ને જો મહોરમાં બે ગદીઆણા સોનું હોય, ને ગેણીમાં સવાગદીઆણો હોય, ને જો હિંદુસ્તાનથી પચાસ હજાર મહોરનો માલ જતો હોય તો, તે વિલાયતમાં એંશી હજાર ગેણી વાસ્તે વેચાય;ને હિંદુસ્તાનમાં એંશીગેણીની હુંડી પચાસ મહોરે વેચાય; તો એનો ભાવ સરભર કહેવાય. પણ જો હિંદુસ્તાનમાં એંશી ગેણીની હુંડીનુ મુલ પચાસ મહોરથી વધારે ઉપજે તો, વિલાયતની હુંડી પ્રીમીઅમેછે, એમ કહેવાય; ને જો અશી ગેણીની હુંડી ઓગણ પચાસ મહોરે મળે તો તે વટાવે છે, એમ કહેવાયછે. આવી રીતે ભાવ સરભર થવો અથવા બેસવો ચઢવો, આવકને જાવક માલની કિંમતોને આધારેછે.

જ્યારે હુંડીનો ભાવ સરભર હોય, ત્યારે આવક જાવક માલ સરખી કિંમતનો છે, અથવા આવકને જાવક બરોબર છે, એમ કહી શકાય. જ્યારે હુંડી પ્રીમીઅમે વેચાતી હોય, ત્યારે દેશની જાવક કરતાં આવક વધારે છે, એમ અનુમાન થાય; ને જ્યારે હુંડી વટાવે વેચાતી હોય ત્યારે આવક કરતાં જાવક વધારેછે એમ અનુમાન

થાય. વળી હુંડીનો ભાવ પ્રિમીઅમ હોય, ત્યારે માલ મોકલનારને વેપારનો નફો મળે છે, એટલુંજ નહીં, પણ તે સિવાય હુંડી ઉપર પ્રીમીઅમ પણ તે કમાયછે. તેથી માલ ચઢાવનારને પોતાનો વેપાર વધારવાનું ઉત્તેજન મળેછે; ને માલ લાવનારને પોતાના નફામાંથી હુંડીનો વટાવ આપવો પડેછે, તેથી માલ લાવનાર પોતાનો વેપાર થોડો કરવાની ઇચ્છા કરેછે. આ બંને પ્રકારથી આવક જાવક માલનું પ્રમાણ બદલાય છે; ને પાછી કિંમતનું સરભર ઉપર આવવાનું વલણ થાયછે. બંને પ્રકારે માલની આવક ને જાવક સમાનતા ઉપર આવવાને હમેશ વલણ કર્યા કરે છે. જ્યારે બે દેશ સંવ્યવહાર ચલાવેછે, ત્યારે આવક જાવક માલની વધ ઘટ વરશો વરસ થયા કરેછે; ને હુંડીના ભાવ પ્રીમીઅમના સરભરના વટાવના થાયછે; ને આખરે આવકજાવકની સરાસરી હુંડીના ભાવ દ્વારે સમાનતા ઉપર આવેછે. પણ આવી રીતે હુંડીના ભાવથી આવકને જાવક માલની જ્યારે સમાનતા થતી નથી, ત્યારે આપણે એમ સમજવું જોઇએ, કે બેમાંથી એક દેશમાં વસ્તુ માત્રની કિંમત બીજા દેશની સામાન્ય કિંમતથી ઉંચી ને ઉંચી રહેતી રહેછે, તેથી અસમાનતા ચાલેછે. માટે આવકને જાવક માલની સમાનતામાં ખલેલ પહોચાડનાર કારણો બે તરેહનાં છે. એક તો વ્યવહારમાં માલની આવક જાવકની વધઘટ થવાથી બેના સામતુલ્યમાં જે ભંગ થાયછે તે; ને બીજું બે-માંના એક સ્થળે સર્વ વસ્તુની કિંમતો વધારે હોવાથી જે ભંગ થાયછે તે. પહેલો ભંગ માલની વધઘટ થવાથી બંધ પડી જાય છે. પણ બીજો તો જે દેશમાં ઉંચી કિંમતો ચાલતી હોય, ત્યાંથી નાણાનું નિરાકરણ કરવાથી, અથવા તેમાં ધીરધારને ઉધાર વેપા-રનો સંકોચ થવાથીજ બંધ પડેછે.

જ્યારે પહેલા કારણથી, એટલે આવક જાવકમાં સાધારણ ફેર પડ્યાથી હુંડીનો ભાવ સરભર ઉપરથી ખસ્યો હોયછે, ત્યારે સોનું રૂપુ મોકલવાના ખરચ તથા જોખમ બરાબર પ્રીમીયમને વટાવ ચઢતા નથી. થોડી મુદતમાં માલ વધારે આવવાથી અથવા જવાથી હુંડી સરભર ભાવ ઉપર આવી જાય છે. પણ જ્યારે હુંડીના વટાવ કે પ્રી-મીઅમનું કારણ બીજા પ્રકારનું હોયછે, ત્યારે ચલણી નાણું ઓછું થવાથી સરભર પાછુ ઠેકાણે આવે છે. વળી બીજી એક વાત પણ કહેવાની છે. જ્યારે ઘણા દેશ વચ્ચે સંવ્યવહાર ચાલતો હોયછે, ત્યારે કોઇપણ બે અમુક દેશ વચ્ચે હુંડીનો ભાવ તેજ બે દેશોના આવકને જાવક માલના પ્રમાણ ઉપર રહેતો નથી. એમ ધારો કે હિંદુસ્તાન, ચીન, ને વિલાયત એ ત્રણ દેશો વચ્ચે સંવ્યવહાર ચાલે છે. હવે જો હિંદુસ્તાનમાં વિલાયતનો માલ ગયા કરતાં વધારે આવતો હશે, તો પણ વિલાયતની હુંડી હિંદુ-

સ્તાનમાં પ્રીમીઅમ વેચાશે, એમ ધારવું નહી જોઈએ; કારણ હિંદુસ્તાનને વિલાયતનું દેવું હોય, પણ ચીન પાસે લેણું હોય; ને હિંદુસ્તાન પોતાનું બાકી રહેલું દેણું ચીન ઉપર હુંડી લખી અદા કરે. દેવું આપવાનો આ રસ્તો જરા વાંકોચુંકો છે; ને તેમાં વ્યાજ હકશાઈ વગેરે થોડુ ખરચ વધારે બેસે છે. પણ સામાન્ય રીતે એમજ ચાલે છે, કે કોઈ અમુક દેશમાંના બધા પરદેશની જોડે હુંડીના ભાવ સાથે લાગા કરે છે, ને તે દેશનું બધાની જોડેને એકંદર વ્યવહાર ગણતાં દેશનું દેવું લેણું રહે છે, તે ઉપર હુંડીના ભાવના ફેરફારનો આધાર રહે છે.

પ્રકરણ ૨૪ મું.

નાણાદ્વારે દેશાંતરનો વેપાર જારીછે.

વહીવટમાં દેશાંતર સંવ્યવહાર ઉપર પ્રમાણે ચાલે છે. બારમા પ્રકરણમાં સાટા વ્યવહાર કલ્પ્યોછે, તેમા નાણાંનું દ્વાર આવવાથી કાંઈ ફેરફાર થાયછે કે નહીં, ને નથી થતો તો એ બે રીતો આખરે એકની એક શી રીતે થઈ જાયછે, એનો વિચાર હવે કરીએ. જ્યારે દેશની અંદરના ક્રયવિક્રયનો વિચાર થયો હતો, ત્યારે આપણને એમ માલમ પડયું હતું, કે નાણા દ્વારે વેપાર થવાથી મૂલના અસલ નિયમોમાં કાંઈ ફેર થતો નથી; નાણા દ્વારે પણ ખરેખર જોતાં વસ્તુને બદલે માત્ર વસ્તુ સટવાય છે. પણ ફેર માત્ર એટલોજ થાયછે, કે પહેલ વસ્તુને બદલે નાણું લેવાય છે, ને પછી તે નાણા બદલ બીજી વસ્તુ લેવાય છે. સરખા મૂલની વસ્તુ બદલ સરખુંજ નાણું ઉપજે છે. હવે દેશાંતરના સંવ્યવહારમાં નાણું આવવાથી ફેર આવીજ રીતનો થશે કે નહી? દાખલો જોતાં તો થશે, એમ કહી શકાય છે. વેપાર વસ્તુત: સાટું છે. પછી તે બે પુરૂષો વચ્ચે ચાલતો હોય, અથવા બે દેશો વચ્ચે ચાલતો હોય. દેશાંતરના વેપારમાં આવક માલને બદલે જાવક માલ સટવાયછે; પછી વેપાર નાણા દ્વારે થાય અથવા ન થાય. પણ જ્યારે બેનાં મૂલ બરોબર થાય છે, ત્યારે વેપાર સ્થાયી રહે છે.

દેશ દેશનો સંવ્યવહાર એકજ દેશના બે પુરૂષોની સંવ્યવહાર જેવો છે, ને દેશાંતર વિષે પણ નાણા દ્વારનો વેપાર મૂળ સાટા વ્યવહારજ છે, તો પણ બેના રસ્તા જૂદા જૂદા છે. વસ્તુ વસ્તુના સાટા વ્યવહારમાં જે રીતે આવકને જાવક બરોબર થાય છે, તેજ રીતે નાણા દ્વારે આવકને જાવક માલ બરોબર થતા નથી. વસ્તુના સાટામાં જો કોઈ દેશમાં પરદેશના માલનો ખપ ઘણો હોય, પણ તે દેશના માલનો પરદેશમાં

ખપ ન હોય તો, તે દેશે પોતાનો માલ સસ્તો આપી પરદેશમાં ખપાવવોજ પડે; ને કાંતો તે દેશના માલનો ખપ વધવાથી, અથવા પરદેશના માલનો ખપ ઘટવાથી, અથવા બંને પરિણામથી, આવકને જાવક બરોબર થાય. પણ જ્યારે ક્રયવિક્રય નાણાં દ્વારે થાયછે, ત્યારે આ પ્રમાણે થતું હોય, એમ એકદમ નજરે આવતું નથી. સાટાનો વ્યવહાર છતાં ખપ વધવાથી મુલ એનું એ રહેતું નથી, પણ વધારાના માલનું તથા સઘળા માલનું મુલ વધારે આપવું પડે છે. પરંતુ નાણાદ્વારના વ્યવહારમાં જ્યારે પરદેશના માલનો વધારે ખપ હોયછે, ત્યારે તે વધારાનો માલ ઘણું કરીને એની એ કિંમતે ખરીદવામાં આવેછે, અને ત્યારે જાવક જતાં વધારાની આવક જે રહી, તેને માટે કિંમતતો એની એ આપવામાં આવેછે; પણ દેશના સામી બાકી નિકળે છે, તે નાણાદ્વારે ચુકવી આપવામાં આવેછે.

હવે એમ ધારો કે હિંદુસ્તાનને ચીન વચ્ચે વેપાર ચાલેછે; ને હિંદુસ્તાનથી જેટલી કિંમતનો ચીન માલ જાયછે, તે કરતાં વધારે કિંમતનો માલ ચીનથી આવે છે. જો આ વધારો કોઈ અસ્થાયી કારણથી થયો હશે, તો તેની કિંમત સોનું રૂપું નગદ મોકલ્યાથી, અથવા રાખી મુકેલી સિલકમાંથી આપવામાં આવશે. પણ જો આ ફેર જે દેશથી વધારે માલ આવેછે, તે દેશમાં કિંમતો ઉંચી હોવાના કારણથી થયો હશે, તો નગદી અથવા સિલક મોકલે પતવાનું નથી; કારણ એમ કરે કિંમત ઉંચી હશે, તેવીને તેવી રહેશે; ને વધારે આવક થવાનું કારણ કાયમ રહેવાથી, વધારે આવક પણ કાયમ રહેશે. તે દેશમાં જ્યાંલગી કિંમત નીચે બેસે, એવું કાંઈ બનશે નહી, ત્યાંલગી આવક જાવક સમાનતા ઉપર નહીં આવે. પણ ચલણી નાણું ઓછું થવાથી અથવા તેનો આવૃત્તિ વેગ ઓછો થવાથી, અથવા ઉધાર વ્યવહાર ઓછો થવાથીજ કિંમત બેસી શકેછે. માટે આ ત્રણમાંથી ગમે તે કારણ ઉત્પન્ન થશે તોજ નાણાંનું મુલ વધશે; એટલે હિંદુસ્તાનમાં માલની કિંમત થોડી ઉપજશે; ને માલ નાણા પ્રત્યે સોંઘો થશે. પણ પરદેશથી જે માલ આવે છે, તેને બદલે આગળના જેટલીજ કિંમત આપવી પડશે; નહીં તો એટલોને એટલો માલ આવ્યા કરશે નહી. હવે આથી બેમાંનો એક અથવા બંને પરિણામ થશે. હિંદુસ્તાનમાં માલની કિંમત ઘટવાથી હિંદુસ્તાનથી દેશાવર તરફ અત્યારી મોકલાતા માલનો ખપ વધારે જાગશે; અથવા નવો માલ જે અત્યાપી ઉંચી કિમતના સબબથી નહીં મોકલી શકાતો હતો, તે મોકલવામાં આવશે; હિંદુસ્તાનથી વધારાની આવક બદલ નાણું મોકલવામાં આવ્યું હશે તો, ચીનમાં કિંમતો ઉંચી વધી હશે, અથવા તેમ નહી થયું હોય, તો પણ ચીનનો માલ હિંદુસ્તા-

નમાં બીજા માલના જેટલો સસ્તો નહી થયો હોય; બંને રીતે ચીનના માલનો ખપ ઘટ્યો હશે. આવી રીતે ચીનના માલનો ખપ ઘટવાથી, અથવા હિંદુસ્તાનના માલનો ખપ વધવાથી, અથવા કાંઇક એથી ને કાંઇક એથી, પણ ગમે તે રીતે, જ્યારે આવકને જાવક માલ સમાનતા ઉપર આવશે, ત્યારે વેપાર સ્થાયી થશે.

આ ઉપરથી એમ સ્પષ્ટ થાયછે, કે નાણાદ્વારનો વ્યવહાર વસ્તુતઃ સાટાના વ્યવહારના જેવોજ છે, ને સાટાના વ્યવહારમાં જેવો ફેર થાયછે, તેવોજ ફેર નાણાના વ્યવહારમાં થાયછે. જે દેશને પરદેશના માલનો ખપ વધારે હોયછે, તે દેશે પોતાનો માલ સસ્તો આપવો પડેછે; ને જે દેશને પરદેશના માલનો ખપ થોડો ને જેના માલનો પરદેશ ખપ વધારે, તે દેશને વધારે ફાયદો થાયછે. નાણાથી મહેનતનો ઉગારો પડેછે, ને કામ સરળ ચાલે છે. જેમ તેલ ઉંજવાથી ગાડીના પરડાં થોડી મહેનતે ચાલેછે, તેમ નાણારૂપી તેલને લીધે વેપારનાં પરડાં સરળ ચાલેછે. પણ સંવ્યવહારનો લાભ બધા દેશોને સાટાના વ્યવહાર પ્રમાણે મળે છે.

આ વિચાર ખરોછે કે ખોટો, તેની પરીક્ષા કરવી હોય, તો આગળની પેઠે એમ ધારો કે હિંદુસ્તાનમાં કાંઇ કળા નીકળી; તેથી કેટલોક માલ આગળ પરદેશ મોકલી શકાતો નહોતો, તે મોકલી શકાય છે; અથવા જે મોકલાતો તે સસ્તો મોકલી શકાયછે. પહેલાં એમ ધારો કે એ કળાથી નવો માલ મોકલવા યોગ્ય થયો. હવે જો સાટા વ્યવહાર હોત, તો હિંદુસ્તાનનો ખપ એનો એ છતાં ચીનમાં તેના માલનો ખપ આવી રીતે વધવાથી હિંદુસ્તાનને ચીનની વસ્તુઓ આગળથી સસ્તી મળત, ને સંવ્યવહારનો લાભ હિંદુસ્તાન વધારે પામત. પરંતુ નાણાદ્વારે કેમ થાયછે, તે આપણે તપાસવાનુંછે. એમ ધારો કે એ કળા નીકળતાં પહેલાં હિંદુસ્તાનની આવક જાવક સરભરછે, માટે આ નવી જણસ ચીન જવાથી પહેલે વરસ ચીનને દેણુ થશે; તે દેણ ચીનને નાણું મોકલી અદા કરવું પડશે. હિંદુસ્તાનમાં નાણું આવવાથી જણસોના ભાવ વધશે; ને ચીનમાંથી નાણું જવાથી ચીનમાં ઘટશે; એટલે હિંદુસ્તાનના જાવક વેપારમાં જરા હાનિ પહોંચશે. નવી જણસનો તથા અગાઉ મોકલાતી બીજી બધી જણસોનો ભાવ વધવાથી તે જણસોનો ખપ કમી થશે; ને તેઓ થોડી મોકલવામાં આવશે. તેમજ ચીનમાં બધી જણસના ભાવ ઘટ્યા, તેથી જાવક વેપારને ઉત્તેજન મળશે; ને હિંદુસ્તાન પાસે વધારે પૈસો આવ્યો, એટલે ચીનની જણસોનો ખપ પણ થોડો વધશે. આ બંને કારણથી જાવક આવકનું સમાનપણું ઠેકાણે આવશે: ચીનને હિંદુસ્તાનથી આવતી બાકીની બધી જણસો આગળથી જરા મોંઘી પડશે, પણ નવી

જણસ જરા સસ્તી પડશે. એતો ખરૂં કે બંને દેશમાં નવી જણસનો નાણા પ્રત્યે ભાવ એકજ રહેશે, વહન ખરચથી ફેર પડે તે માત્ર માફ. પરન્તુ કોઇ વસ્તુ સોંઘી મોંઘી કહેવાયછે, તે તેના કિંમત ઉપરજ ફક્ત નજર રાખી કહેવાતી નથી, પણ તે કિંમત કેટલી છે, ને આપનારની નાણાંરૂપે પ્રાપ્તી કેટલી છે, તે બંને ઉપરથી કહેવાયછે. બંને દેશમાં નવી જણસની કિંમત એકજ રહેશે, તો પણ ચાનમાં નાણું ઓછું થવાથી સાધારણ નાણારૂપે કમાઈ બધાની ઓછી થએલી છે, માટે ચીનમાં તે ભાવ ભારે પડે; ને હિંદુસ્તાનમાં નાણારૂપે કમાઇ સામાન્ય બધાની વધી છે, માટે ત્યાં તે ભાવ હલકો પડે. માટે આ નવા વેપારથી ચીનને થોડો ફાયદો ખરો, પણ હિંદુસ્તાનને તેથી વધારે થયો.

હવે આપણે બીજી કલ્પના લઇ એમ ધારો, કે એવી કળા શોધવામાં આવી છે, કે જેથી નવી જણસ સસ્તી થવાને બદલે જે જણસ અદ્યાપિ મોકલવામાં આવતી હતી, તે સસ્તી થઇ છે. જ્યારે સાટા વ્યવહાર લઈ આપણે વિચાર ચલાવ્યો હતો, ત્યારે આપણને એમ માલમ પડયુ હતું કે કાંતો સસ્તાઇનો ફાયદો બંને દેશને સરખો મળે, અથવ બધો ફાયદો હિંદુસ્તાનને મળે, અથવા બધો ચીનને મળે, અથવા ઘણો હિંદુસ્તાનને ને થોડો ચીનને; અથવા એથી વિપરીત બને; ને આમાંનું કયું બનશે, તેનો આધાર એની સસ્તાઇ થવાથી ઉપભોગમાં કેટલો વધારો થાય છે, તે ઉપર રહેશે.

એમ ધારો કે હિંદુસ્તાનની ખાંડ સસ્તી થઈ. પહેલી તેની કિમ્મત હિંદુસ્તાનમાં ઘટશે; ને ચીનમાં પણ તે સસ્તી વેચાશે, તેથી તેનો ખપ ત્યાં પણ વધશે. પણ ખપ કેટલો વધશે? તે ગમે તેટલો વધે સસ્તાઇના પ્રમાણમાં વધે, અથવા ઓછો વધતો વધે. જો ચીનનો ખપ સસ્તાઇના પ્રમાણમાંજ વધે, તો ચીનમાં ખાંડનું ખરચ આગળ જેટલુંજ થાય, ત્યારે ચીનમાં હિંદુસ્તાનથી આવતા બધા આવક માલની કિમ્મતો એની એ રહે; પણ માલ વધારે આવે. ચીનથી આવતો માલ તેનો તેજ રહે; કારણ તેની કિમ્મતમાં કંઈ ફેર થયો નથી. ત્યારે ખાંડ સસ્તી થવાથી દેશાન્તર સંવ્યવહારનો ફાયદો ચીનને મળે. જેટલી હિંદુસ્તાનને ખાંડ સસ્તી પાલવે, તેટલીજ ચીનને સસ્તી પાલવે. પણ જો સસ્તાઇના પ્રમાણ કરતાં પણ ખપનો વધારો ચીનમાં ઘણો થાય, તો ચીનનું હિંદુસ્તાન પ્રત્યે દેણ લેણાના કરતાં વધારે થાય; ચીનમાં હિંદુસ્તાનની હુંડી પ્રીમીઅમે વેચાય; ને આખરે ચીનમાંથી નાણું હિંદુસ્તાન જાય. એમ થવાથી આગળ કહ્યા પ્રમાણે હિંદુસ્તાનનો જાવક વે-

પાર થોડો ઘટે, ને ચીનનો વધે; ને છેવટે બંનેના માલની કિમ્મતો જ્યારે બ-રોબર થાય, ત્યારે વેપાર સ્થાયી ભાવને પામે. હવે આથી શું થયું તે જુઓ. ચી-નમાં ખાંડનો ભાવ હિંદુસ્તાનના ભાવથી બહુ જુદો નહી હોય, પણ ચીનમાં તે ભાવ આપનારની પાસે નાણું ઓછું થયેલું, ને હિંદુસ્તાનમાં તેઓની પાસે નાણું વધેલું છે; માટે તે જણસ હિંદુસ્તાન કરતાં ચીનને મોંઘી પાલવશે; પરંતુ આગળના કરતાં સસ્તી પાલવશે.

જો સરતાઇના પ્રમાણ કરતાં ઉપભોગનો વધારો ઓછો થશે, તો ઉપરથી ઉલટું પરિણામ થશે; ને હિંદુસ્તાનને લાભ ઓછો મળશે, ને ચીનને વધારે મળશે.

આ ત્રણે પરિણામ સાટાના વ્યવહારના પરિણામના જેવાંજ છે; ને એ ત્રણે જે ધોરણના આધારે રહેલાં છે, તેનું નીચે પ્રમાણે વ્યાખ્યાન થઇ શકે. દુનીઆના ઘણાખરા દેશોમાં સોનું તથા રૂપું, એ બે જણસોને નાણાનું કામ સારવાને પ-સંદ કરવામાં આવી છે; તેથી જુદા જુદા દેશો વચ્ચે બધો સંવ્યવહાર સાટે ચાલતો હોત, ને જેટલો વેપાર ચાલત, તેટલો વેપાર ચલાવવાને જે લું જેટલું નાણું જોઇએ, તેટલું નાણું તે પ્રમાણમાં જુદા જુદા દેશોને વહેંચી આપવામાં આવે છે. આ ધોરણ રીકાર્ડો નામના પ્રસિદ્ધ અર્થશાસ્ત્રીએ શોધી કહાડ્યું છે.

દેશાન્તર સંવ્યવહારના મુખ્ય નિયમોનું વર્ણન થઇ ચૂક્યું. એમાં એમ કલ્પના કરીછે, કે બંને વેપાર ચલાવનાર દેશોમાં સોના રૂપાની આણોછે. હવે સોનું રૂપું જ્યારે દેશમાં ઉત્પન્ન થતું હોતું નથી, પણ દેશાવરથી આણવામાં આવે છે, ત્યારે તેનું મૂલ શાને આધારે રહે છે, એ નક્કી કરવું જોઇએ. નાણાનું મૂલ હમેશ સોના રૂપાના મૂલને અનુસરીને હોય છે, અથવા તે સરખું હોય છે; માટે આ ઠેકાણે એમાંથી જે ફાવતો હશે, તે બોલ વાપરીશું. વખતે સોનું રૂપું કહીશું, ને વખતે નાણું કહીશું. હવે દેશમાં સોનું રૂપું પરદેશથી ઘણે પ્રકારે આવે છે. પણ મુખ્ય પ્રકાર બે છે. એક તો નગદીરૂપે એટલે માલ તરીકે, ને બીજું, નાણારૂપે એટલે માલ ગયો હોય, તેની કિમ્મત તરીકે.

સોનું રૂપુ નગદીને રૂપે દેશમાં આવે, ત્યારે બીજા માલના મૂલના નિયમોને અનુસરીને તેનું મૂલ થાયછે. જે દેશમાં તે પૈદા થાય છે, ત્યાંથી માલ બદલ તે પરદેશ મોકલવામાં આવે છે; ને તેના મૂલનો આધાર તે દેશના દેશાન્તર વ્યવહાર ઉપર છે. જો બેજ દેશો હશે, હિંદુસ્તાન ને આસ્ટ્રેલિયા, ને બેજ જણસોનો વેપાર ચા-લતો હશે, સોનાનો અને કાપડનો; તો તે બેનાં પરસ્પર એવાં મૂલ થશે, કે

જેથી આસ્ટ્રેલિયાએ આપવાનું સોનું, ને હિંદુસ્તાનને આપવાનું કાપડ, એ બે બરાબર થાય, ને પરસ્પર સાટવવાથી તે બંનેનો ખપ પૂરો થાય. પણ બે દેશ ન લેતાં ઘણા દેશ ને ઘણી જણસ લઈએ, તો હિંદુસ્તાનના બધા જાવક માલ ને બધા આવક માલ વચ્ચે સમાનતા થવી જોઈએ. પરદેશથી આવેલી બધી જણસો, ને તેમાં સોનું રૂપું, એ ભાવે વેચાશે, કે જેથી દેશની આવક ને જાવક બરાબર મુલનાં થાય. જ્યારે સોનું માલ તરીકે લાવવામાં આવશે, ત્યારે તેનો ભાવ આ પ્રમાણે બીજા માલની પેઠે નિયમિત થશે. નાણામાં ને સોના રૂપામાં એટલોજ ફેર છે, કે સોના રૂપાનો ખપ નિયમસર મુલ પ્રમાણે વધતો ઘટતો નથી, ને નાણાનો ખપ હમેશ તેના મૂલ પ્રમાણે વધે ઘટે છે. પણ આ ફેર તેના મૂલ વિવેચનમાં કશા કામનો નથી. જેમ કોઈ પરદેશથી આવતા માલનું મૂલ તેજ દેશની જોડેના વ્યવહાર ઉપર સંબંધ રાખતો નથી, પણ બધા દેશાવરો સાથેના એકંદર સંવ્યવહાર ઉપર આધાર રાખે છે, તેમજ સોના રૂપાના મૂલનો આધાર, માત્ર તે ઉત્પન્ન કરનાર દેશ જોડેના વ્યવહાર ઉપર આધાર નહીં રાખે, પણ એકંદર સંવ્યવહાર ઉપર આધાર રાખશે.

આ ઉપરથી સોનું કયા દેશને સસ્તુ મળશે, તે આપણે કહેવાને સમર્થ છૈએ. જે દેશમાં પરદેશના માલનો ખપ થોડો હશે, ને જે દેશના માલનો ખપ પરદેશ ઘણો હશે, તે દેશને સોનું તથા બધી દેશાવરની જણસ થોડે મૂલે પાલવશે. પણ દેશાવરો જોડેના વેપારમાં હમેશ વહન ખરચથી ઘણો ફેર પડે છે. જે દેશના માલનું વહન ખરચ થોડું હોય છે તેને, જે દેશના માલનું વહન ખરચ ઘણું હોય છે, તેના કરતાં ફાયદો મળે છે. હવે વહન ખરચ બે રીતે થોડું બેસે છે. એક દેશ સામા દેશની નજદીક હોવાથી, ને બીજું, દેશનો જાવક માલ એવા પ્રકારનો હોવાથી કે તે માલ કિમ્મત પ્રમાણે ઘણી થોડી જગ્યા રોકે. માટે જે દેશ સોનું ઉત્પન્ન કરનાર દેશની પાસે હશે, જેનો માલ ઘણા મૂલનો છતાં થોડી જગ્યા રોકે એવો હશે, જે દેશમાં પરદેશના માલનો ખપ થોડો હશે, ને જે દેશના માલનો પરદેશ ખપ ઘણો હશે, તે દેશને સોનું સસ્તું મળશે. પણ કયા દેશને સોનું થોડામાં થોડે ખરચે મળશે, એ જો આપણે નક્કી કરવું હોય, તો આ સિવાય એક બીજી શરત ઉમેરવી જોઈએ. જે દેશમાં કળા કૌશલ્ય ઘણું હોવાથી થોડી મહેનતે ઘણું ફળ થતું હશે, તેને (ઉપલી શરતો પૂરી પડતી હો તો) સોનુ સસ્તામાં સસ્તુ મળશે.

કેટલાક અર્થશાસ્ત્રીઓ એમ કહે છે, કે જે દેશમાં સોનું દેશાવરથી આવે છે, તે દેશમાં સોનાનું મૂલ સોનાની ઉત્પત્તિ ભૂમીમાં જે મૂલ હશે, તેને આધારે છે, ને

તે ફરવાથી ફરે છે. પણ આ કહેવું ભુલભરેલું છે, એવું હવે ચતુર વાંચનારના સમજવામાં સ્પષ્ટ આવ્યું હશે. ખરૂં જોતાં તો એમ છે, કે ઉત્પત્તિ ભૂમીમાં મુલ તેનું તે રહે, ને દેશાન્તર સંવ્યવહારની સમાનતામાં ફેર પડવાથી દેશાવર સોનાનું મુલ વધે કે ઘટે. પરદેશમાં કોઈ નવી જણસનો વેપાર શરૂ થાય, અથવા જુની જણસનો ખપ પરદેશમાં વધે, અથવા દેશમાં પરદેશના માલનો ખપ ઘટે—આ અને બીજી એવી બીનાથી સોનાનું મુલ દેશમાં ઘટે, એટલે કિમ્મતો ઉંચી ચઢે; ને જો એથી વિપરીત બીના બને તો, સોનાનું મુલ વધે, ને કિમ્મતો બેસી જાય. પરંતુ એટલું યાદ રાખવું જોઈએ, કે સોનાના મુલમાં જે આ વધારો ઘટારો થાય, તે દેશની અંદરની જણસ પ્રત્યે થાય; સોનાના જેવી જે આવક જણસો છે, તે પ્રત્યે થાય નહીં; કારણ જે સબબથી સોનાનું મુલ વધે ઘટે, તેજ કારણથી તેઓનું મુલ પણ વધે ને ઘટે.

હવે સોનું રૂપુ માલ તરીકે વેચાય, તેનું મુલ ઉપર પ્રમાણે નક્કી થાય. પણ વખતે આગળ કહ્યા પ્રમાણે, માલની કિમ્મત તરીકે પણ સોનું રૂપુ આપવામાં આવેછે. એમ હોય ત્યારે મુલનો નિયમ શો? સોનું રૂપુ નાણા રૂપે વેપારની બાકી વાળવાને ક્યારે આપવામાં આવે છે તે આપણે વિચારો. જ્યારે કોઈ દેશના આવક માલ કરતાં જાવક માલની કિમ્મત વધારે હોય છે, ત્યારે તે દેશનું બાકી લેણું નાણારૂપે આપવામાં આવે છે. તે દેશમાં નાણાંની છત વધે છે, ને સોનાનું મુલ બેશી જાય છે. જ્યારે આથી વિપરીત હકીકત હોય છે, ત્યારે નાણું પરદેશ જાય છે, ને નાણાની છત ઘટે છે, ને સોના રૂપાનું મુલ વધે છે. પણ જ્યારે દેશમાં પરદેશના માલનો ખપ થોડો હોય છે, ને દેશના માલનો પરદેશ ખપ વધારે હોય છે, ત્યારેજ આવક કરતાં જાવક વધારે હોય છે; ને એથી વિપરીત બીના હોયછે, ત્યારેજ જાવક કરતાં આવક વધારે હોય છે. હવે આ બેજ કારણથી નાણાનું મુલ વધે છે ઘટે છે; પણ આનાં આજ કારણોથી નગદીનું મુલ પણ વધે છે ઘટે છે. માટે નગદી રૂપે અથવા નાણા રૂપે સોના રૂપાનું મુલ વધવા ઘટવાનાં કારણ એનાં એજ છે. ફેર એટલો પડે છે, કે નગદી રૂપે આવક જાવક સમાનતા ઉપર આવતાં ઘણો કાળ જાય છે; ને નાણા રૂપે સમાનતા ઉપર આવતાં થોડો કાળ થાય છે.

દેશાવરના વેપાર વિષે વિચાર ચલાવતા આપણે એમ કલ્પેલું છે કે વેપાર સિવાય બીજું કંઈ લેણ દેણ સંવ્યવહાર ચલાવનાર દેશો વચ્ચે ચાલતુંજ નથી. પણ વખતે ખંડણી રૂપે, વખતે પરચક્રાજ્ય હોય ત્યારે પગાર તરીકે, કે વ્યાજ તરીકે, ને બીજી

ઘણી રીતે દેશ દેશ વચ્ચે લેવડ દેવડ થાય છે. એમ ધારો કે બે દેશ વચ્ચે વેપાર ઘણા દિવસથી ચાલે છે; ને બંનેનો વેપાર સમાનતાને પામ્યો છે; ને હવે એકદમ એક દેશની બીજા પાસે ખંડણી માગતી થઈ. હવે એથી એ બેના વેપારમાં કેટલો ફેર પડશે તે આપણે વિચારો. પ્રથમ એમ ધારો કે સાટાથી વ્યવહાર ચાલે છે. ત્યારે તે ખંડણી દેણદાર દેશ લેણદાર દેશને પદાર્થ રૂપે આપશે. એટલે ખંડણી જેટલા વધારે પદાર્થો મોકલશે. પણ વધારાના પદાર્થોનો લેણદાર દેશને ચાલતે મૂલે ખપ નથી. માટે લેણદાર દેશ તેમનું મૂલ ઉતારશે, ને તે વધારાના પદાર્થનાં મૂલ ઉતરશે એટલુંજ નહીં, પણ અદ્યાપિ મોકલાતા બીજા પદાર્થનાં પણ મૂલ ઉતરશે. છેવટ જ્યારે બંને દેશની આવક જાવક બરોબર થશે ત્યારે મૂલ થાભશે. દેણદાર દેશને થોડું નુકશાન થશે; કારણ દેણ સિવાય મૂલમાં પણ કેટલીક ખોટ વેઠવી પડશે.

હવે નાણાદ્વારે શું થશે તે વિચારો. જ્યારે પહેલો હફતો આપવાનો ઠરાવ થયો, ત્યારે બંને દેશ વચ્ચે વેપાર સમતુલ હતો એમ ધારો. પછી પહેલે વરશે હફતો નાણા રૂપે આપવો પડ્યો હશે. આથી દેણદાર દેશમાં ચલણી નાણું ઓછું થયું, ને લેણદાર દેશમાં વધ્યું. પહેલામાં કિંમતો બેસી ગઈ, ને આમાં વધી. આથી પહેલા દેશનો જાવક માલ વધ્યો, ને આવક કમી થયો; ને બીજામાં એથી ઉલટું બન્યું. પછી એમ ધારો કે વેપારની રીતે દેણદાર દેશનું આ પ્રમાણે લેણદાર દેશ પાસે થોડું લેણું થયું. પણ આ લેણું દેણ બરોબર નહીં થાય, ત્યાં લગી પાછું નાણું મોકલવામાં આવશે; પાછો તેનો જાવક વેપાર વધશે; ને આવક વેપાર ઘટશે; ને પાછું દેણદાર દેશનું લેણું રહેશે; છેવટ જ્યારે એ લેણું દેણની બરોબર થશે, ત્યારે વેપાર સ્થાયી ભાવ ઉપર આવશે. ત્યાર પછી નાણું મોકલવાની જરૂર નહીં પડે. પણ લેણદાર દેશનું લેણ, જાવક ને આવક માલના તફાવત બરોબર થશે. લેણદાર દેશને પોતાનું દેણ નાણા રૂપે મોકલવાની ફરજ બંધ પડશે, ને લેણદાર દેશ એ નાણું પોતાના વેપારીને જે દેણદાર દેશથી વધારે માલ લાવ્યા છે, તેની પાસેથી વસુલ કરશે. હવે વિચાર કરતાં આ નાણાદ્વારની અસર સાટા દ્વારના સરખીજ છે. જેમ સાટા દ્વારે વધારે માલ મોકલ્યાથી લેણ અદા થાય છે, તેમ નાણાદ્વારે પણ થાય છે; ને જેમ સાટાદ્વારે લેણદાર દેશને દેણદારનો બધો માલ સસ્તે મળ્યો હતો, તેમ નાણાદ્વારે પણ ઓછી કિંમતે મળશે. લેણદાર દેશને ખંડણી સિવાય બધો માલ સસ્તો મળશે, એ એક વધારાનો લાભ છે.

प्रकरण १५ मुं.

દેશાવરના વેપાર ઉપર તથા હુંડીના ભાવ ઉપર ચલણની અસર.

નાણાનું સ્થાયી મુલ નગદ સોના રૂપાના વેપારથી, તથા નાણાની દેશ વિદેશ હાલ ચાલથી શી રીતે ફરે છે, તે બાબત ઉપર આપણે વર્ણવી ગયા. હવે ચલણ માં થોડા અવધના સાધારણ ફેર થવાથી કેટલો ફેરફાર થાય છે, તેનો વિચાર આ પ્રકરણમાં કરીશું.

એમ ધારો કે કોઇ દેશમાં અકસ્માત સંતાડી મુકેલું ઘણું નાણું જડ્યું; અથવા ભયને લીધે જે સંતાડી મુકવામાં આવ્યું હતું, અથવા બીજી રીતે ઘાલી મુકેલું તે બહાર કાઢવામાં આવ્યું. હવે શો પરિણામ થશે તે જુઓ. તે દેશમાં બધા માલની કિંમત એકદમ વધશે. દેશનો જાવક વેપાર ઓછો થશે, ને આવક વેપાર વધશે. દેશાવરની હુંડી પ્રીમીઅમે વેચાશે. છેવટે કેટલુંક નાણું દેશમાંથી પરદેશ જશે; ને દેશની આવક ને જાવક સમાનતા ઉપર આવશે, ત્યારે પાછો વેપાર આગળના રસ્તા ઉપર આવશે. જે દેશોમાં નાણું ગયું, તે દેશમાં પણ એવાજ પરીણામ થશે; ને આખરે વધારે નિકળેલું નાણું આખી પૃથ્વી ઉપર પ્રસરી જશે. આપણે એમજ ધારીએ છે કે બધા દેશનો બપ એવો ને એવો રહ્યો છે, માટે બધા દેશમાં કિંમતનો વધારો સરખોજ થશે; એટલે બધે નાણાનું મુલ એકજ પ્રમાણથી ઘટશે. જે દેશથી સોનું રૂપું આવે છે, ત્યાં પણ એવો ઘટારો થવાથી સોના રૂપાનું મૂલ ઉત્પત્તિ ખરચ પ્રમાણે પાલવશે નહીં. સોનું રૂપુ ઉત્પન્ન થતું થોડો કાળ બંધ થશે. જ્યારે પાછો નાશ થવાથી સોનુ રૂપુ ઓછું થશે, ને તેનું મુલ વધશે, ત્યારે પાછી તેની ઉત્પત્તિ શરૂ થશે. આ પ્રમાણે નવું નાણું ચલણમાં આવવાથી બે પરિણામ થશે. થોડા દિવસ સુધી દેશોનો દેશાવરનો વેપાર ડોહળાઇ જશે; ને પાછું નાણું બધે પ્રસરી જશે, ત્યારે ઠેકાણે આવશે. સોના રૂપાનું મુલ ઘટશે, ને તેની ઉત્પત્તિ થોડો કાળ બંધ થશે, અથવા ઓછી થશે.

નવું નાણું આવવાથી જેવા ફેર થશે, તેવાજ ફેર નોટ વગેરે આવવાથી થશે. એમ ધારો કે હિંદુસ્તાનમાં બધુ ચલણ ધાતુમય હતું; ને પછી તેમાં એક કરોડ રૂપીઆના ચલણી નોટ સરકારે કાહાડ્યાં. જો આ નોટ સરાફે કહાડ્યાં હોય તો, તેઓએ ઘણાખરા ધીરધારમાં કાઢ્યાં હોય, તેથી એકદમ વ્યાજના દરમાં ઘટાડો થાય,

ને તેથી દેશમાંથી વધારેની મુડી વધારે વ્યાજની લાલચે પરદેશ જાય; ને તે આવ્યા ગયાનો કશો અસર કિમ્મત ઉપર જણાય નહીં. પણ જો તે નોટો સરકાર કાઢે, અથવા વેપારી કાઢે, તો તે માલ લેવામાં વપરાય, ને તેનો અસર કિમ્મત ઉપર થયા વગર રહે નહીં. બધી વસ્તુની કિમ્મતો એકદમ વધે. જાવક વેપાર ઘણો કમતી થાય; ને આવક વેપાર ઘણો વધે. પરદેશ ઉપરની હુંડી પ્રીમીઅમે વેચાય; દેશમાંથી રોકડ નાણું પરદેશ જાય, ને વધારાનું નાણું બધે સરખું પ્રસરી જાય. જ્યારે બધે સરખું થશે, ત્યારે પછી જાવક ને આવક પાછાં આગળ પાયા ઉપર આવશે. ધાતુની ઉત્પત્તિની ભૂમિમાં ચલણનો થોડો વધારો થશે, તેથી ત્યાં નાણાનું મૂલ ઉત્પત્તિ ખરચના પ્રમાણે ઉપજશે નહીં, એટલે ઉત્પત્તિ થોડી થશે; ને જ્યાં લગી વધારાનું નાણું ઘસારેથી અથવા બીજી રીતે સોપાઇને થોડું થશે, ત્યાં લગી તે થોડી થયા કરશે, પછી તે ઉત્પત્તિ ઘણું કરીને આગળ જેટલીજ થતી શરૂ થશે. પણ દરમીઆનમાં રૂપાની ખાણોવાળા દેશોના દેશાવરના વેપારનું સમતોલ ખશી જશે; કારણ ત્યાં દેશાવરનો માલ આગળ પ્રમાણે આવ્યા કરશે, પણ ત્યાંથી સોનું આગળ પ્રમાણે જશે નહી. માટે ત્યાંના જાવક વેપારમાં વધારો ને આવક વેપારમાં ઘટાડો કરવો પડશે. એટલો થોડા કાળસુધી તે દેશમાં કિમ્મતો હલકી રહેશે, ને બીજે બધે તેથી વધતી રહેશે. આથી દુનીઆને એક દેખીતો ફાયદો થયો. કરોડ રૂપીયા જેટલું દ્રવ્ય નાણા રૂપે નકામું પડ્યું હતું, તે ઉત્પત્તિમાં ઉપયોગી થયું. આ ફાયદો પહેલો હિંદુસ્તાનને મળ્યો, કે જેણે પહેલ વહેલાં રૂપુ આપી ઉપયોગી માલ ખરીદ કર્યો. બીજા દેશોને જે બાદ પડી તે બાદ ખાણોમાંથી પ્રાપ્તિ કમી થવાથી થોડે કાળે વળી જશે, ને આખરે બધી દુનીઆને એક કરોડ રૂપીઆ જેટલી મુડીનો ફાયદો મળશે. પરંતુ એ ફાયદો નક્કી થશેજ એવું કહેવાતુંજ નથી. જેણે તે નોટ કાઢ્યાં તે પુરૂષ જો ખાનગી સખ્સ હોય તો, તો તે નોટની રકમ જેટલી નવી મુડી ઘણું કરીને ઉત્પન્ન થાયજ; કારણ તે ખાનગી પુરૂષના ઉપર તે નાણાં પાછાં આપવાની ફરજ હોય છે, તેથી તે નોટ બદલ આવેલું દ્રવ્ય તે ઉડાવી દેતો નથી; પણ તે વેપારીઓને ધીરેછે; ને તે વેપારીઓ તે દ્રવ્ય ઉત્પત્તિમાં ખરચી ચોતે તેથી ફાયદો કમાય છે. તે ફાયદાનો કેટલોક અંશ સરાફને વ્યાજ દાખલ મળેછે, ને કેટલોક વેપારીને મળે છે; ને બધા કરતાં મજુરને મજુરી દાખલ ઘણું મળે છે. પણ જો તે નોટ કાઢનાર સરકાર હોય, તો તેથી દેશના ઉત્પન્નમાં વખતે નફો થાય, ને વખતે ન થાય. જો સરકાર વેરો ઉઘરાવવાને બદલે નોટ કાઢે, તો રૈયતનું જે દ્રવ્ય ઉગર્યું તે

કરતો મુડી દાખલ વપરાય, અથવા નહીં વપરાય. જ્યારે સરકાર તેવડે પોતાનું લેણુ અદા કરે ત્યારે તો, લેણદાર પોતાનું લેણું જે મળે, તેને ઘણું કરી મુડી દાખલ વાપરે, ને દેશની ઉત્પત્તિમાં વધારો કરે. આ જે ફાયદો થાય, તેથી કોઇને નુકસાન થાય નહીં, કારણ નોટ કાઢનારને નોટ છાપવાનાં યંત્ર બનાવવાનો જે ખરચ બેસે, તે સિવાય બીજુ કશું ખરચ કોઇને બેસતું નથી.

માટે કોઈ દેશમાં ધાતુમય ચલણ ને બદલે કાગદી ચલણ થવાથી તેને ઘણું કરીને લાભ થાયછે. પરંતુ તે ચલણ એટલું રાખવું, કે જેથી લોકનો ઇતબાર ઉઠી ન જાય, ને જ્યારે માગે ત્યારે તે બદલ રોકડ નાણું આપી શકાય. જો કોઇ દેશનો પરદેશ જોડે લાંબો વ્યવહાર ચાલતો હોય, તો તે દેશના પરદેશ વ્યવહારમાં વિઘ્ન ન પડે, માટે થોડું રોકડ નાણું તો અવશ્ય રાખવું જોઇએ. આ સિવાયનું બીજુ બધું રૂપા નાણું ન હોય તો ચાલે.

ધાતુના ચલણ બદલ બધું કાગદી ચલણ થઇ ગયા પછી પણ જો કાગદી ચલણ વધારવામાં આવે, તો દેશમાં નાણાનો વધારો થવાથી કિમ્મતો વધે. દેશની જાવકમાં ઘટાડો થાય, ને આવકમાં વધારો થાય. દેશાવરનું દેવું થાય; ને તે દેવા બદલ દેશાવર નાણું મોકલવું પડે. પણ દેશમાં નાણું હવે ચલણમાં છે નહીં; માટે જો નોટ બદલ નાણું મળે એવું હોય તો, નોટવાળા નોટ કાઢનાર પાસે આવી તેનાં નાણાં લઇ પરદેશ મોકલી દેશે; ને જેટલાં વધારાનાં નોટ હોય, તે બધાના નાણાં પાછાં આપવાં પડે. જેટલીવાર આમને આમ બને, ત્યાં લગી કાઢનારાઓએ ફરી ફરીને રૂપીઆ આપવા પડશે. માટે જો નોટ વટાવાય એવાં, એટલે જ્યારે માગે ત્યારે નાણાં મળે એવા હશે, તો તેનો કાઢનાર વધારે કાઢી શકશે નહીં: કારણ તેને એમ ખાતરી છે કે જો હું વધારે કાઢીશ તો મારે વધારાનાં નાણાં આપવાં પડશે. માટે વધારે નાણાની તેવડ હોય તોજ વધારે નોટ કાઢે. પણ એટલી તેવડ હોય તો નાણાંજ આપે, નોટ શું કામ કાઢે? હવે જો નોટ ન વટાવાય એવાં હોય, એટલે જો એને બદલે નાણું આપવાની કાઢનારની ફરજ નહીં હોય, તો કાઢનાર પહેલ વહેલ નોટ કાઢી બધું ધાતુમય નાણું એંચી લેશે. આવું થતાં લગી તો આગળ કહ્યા પ્રમાણેજ પરિણામ થશે, ને બધું નાણું નિકળી જઇ તેને બદલે કાગદી ચલણ ચાલશે. ત્યાર પછી જો વધારાનાં નોટ કાઢવામાં આવશે, તો આગળની માફક કિંમતો વધશે: પણ જાવક કરતાં આવક વેપાર વધારે થશે નહીં; કારણ આવકને જાવકનો નિયમ ધાતુમય કિંમતને આધારે છે, કાગદી કિંમતને આધારે નથી. એમ ધારો કે હિંદુસ્તાનમાં

કાગદી ચલણ વધી જવાથી જે વસ્તુ પાંચ રૂપીએ મળતી, તે બદલ હાલ છ રૂપીઆનાં નોટ ઉપજે છે. આથી કાંઈ આવક વધશે નહીં; કારણ માલ લાવનારને હિંદુસ્તાનમાં તે માલ બદલ છ રૂપીઆનું નોટ મળશે, પણ તે નોટના આગળની માફક પાંચજ રૂપીઆ આવશે. તેમ જાવક વેપાર પણ ઓછો નહીં થાય. સારાંશ ચલણના મુલમાં આવી રીતે ન્યૂનતા થવાથી દેશાવરના વ્યવહારમાં કંઈ ફેર પડશે નહીં. પણ દેશાવરની હુંડીના ભાવમાં તે ન્યૂનતા જેટલોજ ફેર પડશે જો દેશના ચલણમાં એવો ફેર પડશે, કે પાંચ રૂપીઆના રૂપા નાણા બદલ છનું નોટ આવે, તો પરદેશનું પાંચના લેણા બદલ છનું નોટ આપવું પડે; ને સોની હુંડીના એકસોવીસ ઉપજે. પણ આ એકસોવીસ ઉપજવાથી દેશની જાવકથી આવક વધારે છે, એમ કહેવાય નહીં. જ્યાં લગી એકસોવીસ સુધી ભાવ રહેશે, ત્યાં લગી સરભર થયો, એમ ખરે ખરૂં સમજવાનું છે; તેથી વધારે થાય, તો ખરૂં પ્રિમીઅમ છે, ને ઓછું થાય તો વટાવ છે. વટાવીય એવાં નોટથી પરદેશના વ્યવહાર ઉપર જેવો અસર થાય છે, તેવોજ અસર બીજા કોઈ પણ પ્રકારના કાગદી ચલણ રૂપે શીરસ્તાર થવાથી થાય છે.

प्रकरण १६ मुं.

વ્યાજનો દર.

નફાને અને વ્યાજને શો સંબંધ છે, તે અમે આગલા કાણ્ડમાં બતલાવી આપ્યું છે. ત્યાં એમ બતલાવ્યામાં આવ્યું હતું, કે એકંદર નફાના ત્રણ ભાગ થાય છે: એક ભાગ જોખમ બદલનો, એક ચોકશી બદલ પગાર, ને ત્રીજો ચોખ્ખો નફો રહ્યો તે મુડીના ઉપયોગ બદલ. જોખમને નિમિત્ત જે ભાગ જુદો કાઢવામાં આવે છે, તે દેશ કાળ પ્રમાણે તથા જુદા જુદા ધંધા પ્રમાણે જુદો જુદો હોય છે; તે ભાગ જતાં બાકી રહ્યું, તેના ઉપર પ્રમાણે બે ભાગ થાય છે; એક ચોકશી રાખનારનો ને બીજો મુડીવાળાનો. મુડીવાળાનો ભાગ એટલે વ્યાજ. આ વ્યાજનો દર બપ ને છતને આધારે છે. ઉત્પત્તિના કામને અર્થે અથવા બીજા કામને અર્થે જેટલી મુડીની જરૂર હોય, તેટલી મુડી જે દરે મળી શકશે, તેટલો વ્યાજનો દર કાયમ રહેશે. હવે જુઓ કે કોઈ પણ દેશમાં ધીરધાર કરવા જોગ દ્રવ્ય કેટલી તરેહનું હોય છે. એક તો સરાફો અને બેંકોની ખાનગી મુડી, બીજું સરાફોને ત્યાં અને બેંકોમાં લોકોએ મુકેલી થાપણ; નોટના રૂપની થાપણ; અને જે લોકો વેપારી નહીં છતાં બીજાને પોતાનું દ્રવ્ય ધીરે છે, તે લો-

કનું દ્રવ્ય. આ બધું મળીને જે બંડોળ થયું, તેને દેશનું ધીરધારનું બંડોળ કહીએ તો ચાલે. આ બંડોળને વ્યાજ પ્રત્યે છત કહીએ તો ચાલે. જે ઉત્પાદકો પારકે બંડોળે વેપાર કરે છે, તેઓને જેટલી મુડીનો ખપ છે તે, તથા જમીનદારો વગેરેનો ખપ, ખાનગી પુરૂષોને લગન, વરા, વગેરે બીજી અગણિત બાબતોને વાસ્તે જે ખપ પડે છે તે, સરકારને જેટલી મુડી જોઈએ છે તે- આ બધાં મળીને જે સમૂહ થયો તે વ્યાજ પ્રત્યે ખપ થયો. આ બેના પ્રમાણ ઉપરથી વ્યાજનો સરાસરી અથવા કાયમ દર નક્કી થાય-છે. જો ખપના કરતાં મુડીની છત ઓછી હશે, તો વ્યાજનો ભાવ ચઢશે; તે ચઢવાથી છત વધશે તેથી, અથવા ખપ ઘટશે તેથી, અથવા બંને કારણથી, જ્યારે બેઉ બરાબર થશે, ત્યારે વ્યાજનો દર કાયમ થશે. તેમજ જો ખપના કરતાં છત વધારે હશે, તો ભાવ ઉતરશે; ને જ્યાં લગણ ઉપર પ્રમાણે છત વધવાથી, અથવા ખપ ઘટવાથી, અથવા બંને કારણથી, બેઉ બરાબર નહીં થાય, ત્યાં લગી ભાવ પડતો રહેશે. વેપારમાં નફા ટોટની આશા ઘણા કારણોથી નીત નીત જુદી જુદી હોયછે; ને તેથી મુડીનો ખપ પણ જુદો જુદો હોયછે, ને તેને લીધે વ્યાજના દરની દરરોજ ચઢ ઉતર થાય છે. પરંતુ લોકની સ્થિતિ પ્રમાણે એક કાયમ ભાવ હમેશ હોય છે, ને બધી ચઢ ઉતર તે કાયમ ભાવની પાસે ને પાસે રહે છે. કાયમ ભાવનો નિયમ કરનાર મુખ્ય કારણ બે છે. એક તો દેશમાં સંગ્રહ કરવાથી હર વરસ મુડીમાં કેટલો વધારો થાય છે તે; અને બીજું દેશમાં લોકની રૂચી ઉદ્યમમાં પડવાની વધારે છે, અથવા નીરાંતે નવરા બેસી વ્યાજ ખાવાની વધારે છે તે.

એમ ધારો કે વેપાર બેઠે ધારે ચાલ્યા કરેછે ને કોઈ તરેહની હડાહુડ નથી. આવું હશે, ત્યારે જે લોકના રોજગારમાં બરકત હશે, તે લોક પોતાનું કામ વધારવાને વાસ્તે પારકી મુડી ઉછીતી લેશે. એ લોકને મુડીનો ખપ પડશે; એ સિવાય બીજા લોકને પણ ઉપર પ્રમાણે લગન વરા વાસ્તે મુડીનો ખપ પડશે. હવે જો આ ખપ કરતાં મુડી વધારે હશે, તો વ્યાજનો દર બેસી જશે. ધીરનારાઓની પડાપડીથી ભાવ એટલો બધો બેસી જશે, કે નફામાંથી થોડોજ અંશ વેપારીએ વ્યાજ તરીકે આપવો પડશે. વ્યાજ બેશી જવાથી કાંતો મુડી ઉછીતી લેનાર વેપારી વધારે નાણાં કરજે કાઢશે, અથવા મુડીના ધીરનારા સઉ ધીરવી અથવા સંઘરવી બંધ કરશે અથવા ધીરવાનો ધંધો બંધ કરી પોતેજ ધંધામાં પડશે, અથવા પોતાને શિર જોખમ રાખી ધંધો બીજા પાસે કરાવશે. આમાંના ગમે તે પ્રકારે મુડીનો ખપ ને છત બરોબર થશે, ને તે ભાવ કાયમ રહેશે.

પણ જો એમ નહીં હોય, ને ખપ કરતાં મુડીની છત ઓછી હશે, તો વેપારીને તથા બીજાઓને પુરેપુરી મુડી મળશે નહીં. તેઓની પડાપડીથી વ્યાજનો દર એવો વધશે, કે જેથી ખપને છતની સમતુલ્યના પાછી ઠેકાણે આવશે. જ્યારે વ્યાજ એટલું બધુ વધશે, કે વ્યાજને નફામાં બહુ ફેર નહીં રહે, ત્યારે વેપારીને સારો નફો નહીં પાલવવાથી કેટલાક વેપારી ધંધો બંધ કરી પોતેજ ધીરવાનો ધંધો કરશે; અથવા પોતાના ધંધામાં વધારો નહી કરે, અથવા વ્યાજમાંથી આપણું ગુજરાન સહેજ થશે, એમ સમજી ધંધામાંથી નીકળી જશે. આ બધામાંના ગમે તે પ્રકારથી જ્યારે મુડીનો ખપ અને છત સમાનતા ઉપર આવશે, ત્યારે વ્યાજનો દર સ્થિર થશે.

ખપ અને છત બંનેમાં વધઘટ થવાથી વ્યાજના દરમાં વધઘટ થાય છે. પરંતુ છત કરતાં ખપમાં વધઘટ ઘણીવાર થાય છે; તથાપિ છતમાં પણ થાય છે. ખરા સટ્ટાના વખતના પ્રારંભે ધીરધાર કરવાની મરજી ઘણી હોય છે, અને ધીરનારા લોકો પોતાની સાખ ઉપર ધંધો ઘણો વધારી દે છે; અને તેથી ઘણું કરીને આવે વખતે વ્યાજનો દર નીચો હોય છે.

પરંતુ સટ્ટાનો પવન જ્યારે પાછો વળે છે, ત્યારે એથી ઉલટો પરિણામ થાય છે. રૂપીઆ ઉછીતા માગનાર ઘણા હોય છે. પણ વિશ્વાસ ઉઠી જવાથી કોઈની ધીરવાની મરજી હોતી નથી. વેપારી વ્યાજ વધાર્યા સિવાય વધતું ધીરવાની ના કહે છે; અને પોતે ધીરેલું નાણું પાછું માગી લે છે. લોકો પોતાની થાપણો ઉપાડી લે છે, અને બેંક નોટના પૈસા પાછા આપવા પડે છે. જો આવે સમયે સરકાર એવો કાયદો કરે, કે કોઈએ આટલાથી વધારે વ્યાજ લેવું નહીં, અને લેશે તેને શિક્ષા થશે, તો એથી ઘણા માઠા પરિણામ થાય; કારણ ઉછીતા લેનારે ધીરનારને બમણું આપવું પડે. વ્યાજની લાલચે ધીરનાર તો મળે. પણ ધીરનારને માગે એટલું વ્યાજ આપવું પડે, એટલુંજ નહી, પણ વધારે વ્યાજે ધીરવાથી જેટલું જોખમ થાય, તે બદલ પણ આપવું પડે; અથવા જે પ્રમાણિક માણસ હોય, અથવા કાયદાથી બીહીતો હોય તેને કોઈ ધીરનાર ના મળે; તેથી તેને પોતાની મિલકત ઘણે સસ્તે ભાવે વેચી ઘણું નુકશાન વેઠવું પડે. સટ્ટા બાજીના વખતની પહેલાં વ્યાજનો દર ઉતરતો હોય છે, કારણ વેપાર તથા ઉત્પત્તિ દસ્તુર મુજબ ચાલ્યાથી મુડીનો ઘણો સંગ્રહ થયો હોય છે, ને તે સંગ્રહને લીધે વ્યાજ સારૂં ઉપજતું નથી, માટેજ લોક વધારે વ્યાજની લાલચે સટ્ટો કરે છે.

વ્યાજનો કાયમ ભાવ પણ ઉતારે અને ચઢાવે એવાં કારણો વખતે વખતે ઉ-

ત્પન્ન થાય છે. હાલના વખતમાં એવાં બે મોટાં કારણો ઉત્પન્ન થયાં છે, ને તે કારણોની અસર પરસ્પર વિરૂદ્ધ છે. એક તો સોના રૂપાની ખાણોનો શોધ. આ શોધથી ધીરવાના ભંડોળમાં એકદમ વધારો થઇ ગયો, પણ મુડીનો ખપ એ પ્રમાણમાં વધ્યો નહી. જો આ કારણના વિરૂદ્ધ કશું કારણ ન હોત, તો આ વડે વ્યાજનો દર કમી થાત. પણ એથી વિરૂદ્ધ કારણ એનાથી વધારે બળવાન હોવાથી દરમાં ઘટાડો થવાને બદલે ઉલટો વધારો થયો છે. આગળ સહીઆરી ભંડોળવાળી લિમિટેડ કંપનીઓ કાયદાસર ગણાતી નહતી, પણ હાલ હિંદુસ્તાનમાં અરાઢ વરસ થયાં ગણાઇ છે. એવું થયાથી જેટલા બધાની મુડી થાપણ દાખલ શરાફોને ત્યાં કે બેંકોમાં મુકવામાં આવતી, અથવા જે બીજાને ધીરતા, તે બધા લોકોએ ધીરનારનું સ્વરૂપ છોડી દીધું છે, ને પોતે વેપારમાં મંડ્યા, તેથી પોતે ઘણીવાર ઉછીતા લેનાર થઇ પડે છે. આ પ્રકારના ફેરફારથી ધીરવાની મુડીની છતમાં એકદમ ઘણો ઘટારો થઇ ગયો છે. આવી કંપનીઓ હોવાને લીધે, વ્યાજનો દર કેટલાંક વરસ થયાં જરા ઉંચો ચાલે છે.

ધીરવાની મુડીના ખપમાં પણ ઘણે સમયે ફેરફાર થાય છે, ને તે ફેરફારોના અસર ઘણા લાંબા કાળ સુધી ટકે છે. ખપમાં એક મોટો ફેર લડાઇને માટે ઉછીતા રૂપીઆ લેવાથી થાય છે. લડાઇને માટે ઉપરા ઉપરી લોન કાઢવામાં આવેછે, ને તરત જોઇએ એટલી મુડી ઉત્પન્ન કરવા માટે વ્યાજનો દર સારો આપવામાં આવેછે; તેથી વેપારમાં મુડીની ઘણી તાણ પડેછે, ને ઉત્પત્તિમાં બે તરેહનું વિઘ્ન થાયછે. એક તો સરકારને ધીરવાની મુડીનો કેટલોક ભાગ ઉત્પત્તિમાં લાગેલા દ્રવ્યમાંથી લેવામાં આવેછે, ને બીજું ઉત્પાદકોને સરકાર જેટલું ઉંચું વ્યાજ આપવું પાલવતું નથી, માત્ર તેઓ પોતાની ઉત્પત્તિમાં સંકોચ કરેછે. વળી લડાઇ બંધ થયા પછી તેનો અસર બંધ પડતો નથી. ત્યાર પછી ઘણો ખરો સંઘરો જે થાય છે, તે સરકારી લોનમાં ખરીદવાના હેતુથી થાય છે. એ લોન ન હોત તો, તે સંઘરો ઉત્પત્તિના અર્થમાંજ આવત. લડાઇથી જેવો મુડીના ખપમાં પ્રસ્તાર થાય છે, તેવોજ પ્રસ્તાર કોઇ વિશાળ પ્રકારનો નવો રોજગાર ઉભો થવાથી થાય છે. જ્યારે રેલવે નવા નિકળ્યા, ત્યારે એકદમ ઘણી મુડીનો ખપ જાગ્યો. આથી કરીને ઉત્પત્તિ કાર્યમાં લાગેલી ઘણી મુડી કાંતો રેલવે બનાવવામાં લાગી હશે, અથવા ઘરશો વરશ થતો નવો સંઘરો એમાં કામ આવ્યો હશે. બંને રીતે ઉત્પત્તિ કાર્યમાં જરા વિઘ્ન થયું હશે ખરૂં.

ઉપર વ્યાજ વિષે વિચાર ચલાવ્યો છે, તેમાં નાણાને દ્વાર તરીકે ગણ્યું છે; ને પ્રત્યેક ધીરધાર વખત એમ ધાર્યું છે, કે ધીરધારની વસ્તુ તો નાણા વડે જે વસ્તુ મળી શકે છે તે છે. આ ધારણા કંઈ બિલકુલ નિરાધાર નથી. ઉત્પાદકો જે નાણું લે છે, તે જણસ ખરીદવાને કાજે લે છે; કારણ જણસ વડે ઉત્પત્તિ થાય છે, નાણા વડે થતી નથી. ખાનગી અનુત્પાદક ઉપભોગને સારૂ જે મુડી કરજે કાઢે છે, તે પણ તે વડે જણસ લેવા કાઢે છે. પરંતુ કેટલીકવાર નાણું ઉછીતું લેવામાં આવે છે, તે જણસ ખરીદવાને કાજે લેવામાં આવતું નથી, પણ નાણા તરીકેજ લેવામાં આવે છે. કેટલીક ધીરધારમાં નાણાનું પ્રાધાન્ય હોય છે, જણસનું હોતું નથી. કોઈ પણ માણસ પોતાનું દેવું વાળવાને કાજે જે રૂપીઆ કાઢે છે, તેને કંઈ જણસનો ખપ હોતો નથી. તેને તો નાણા ખુદનોજ ખપ હોય છે. સટ્ટાબાજીના વખતની સમાપ્તિ વેળા નાણાનોજ ઘણા વેપારીઓને ખપ પડે છે; જણસ ગમે તેટલી હોય, તે કામમાં આવતી નથી.

ધીરધાર વખતે પદાર્થો ધીરવામાં આવે છે, એમ ધારીને, ઉપર એવો નિયમ આપવામાં આવ્યો છે, કે વ્યાજના દરનો આધાર મુડીના ખપ ને છતને આધારે છે. હવે પદાર્થોને બદલે વખતે નાણું ધીરવામાં આવે છે, એમ ધારવાથી કંઈએ નિયમમાં ફેર પડે છે ખરો કે નહીં, તેનો આપણે નિર્ણય કરવો જોઈએ. નાણું દેશમાં વધારે હો કે થોડું હો, પણ તેથી વ્યાજના સ્થાયી દરમાં ફેરફાર થવાનો નથી. નાણું વધારે અથવા થોડું હોવાથી તેના મુલમાં ઘટારો વધારો થશે. પણ વ્યાજનો દર તો એનો એ રહેશે. જો બે દેશમાં મુડીનો ખપ ને છત સરખાં હશે, ને દેશ બધી રીતે એકજ સ્થિતિમાં હશે, તો જો એક દેશ કરતાં બીજામાં પૈસાનું મુલ અડધું હશે, અથવા જો એકના એકજ દેશમાં એક વરસ કરતાં બીજે વરસ એમ બનશે, તો તેથી કંઈ વ્યાજના દરમાં ફેર થશે નહીં. જણસો સંબંધી બધાનો ખપ ને છત આગળ પ્રમાણે રહ્યો હશે. પણ તે જણસોનું મુલ નાણું વધવાથી ઘટ્યું હશે, ને ઘટવાથી વધ્યું હશે; માટે આગળ કરતાં માત્ર નાણાં ગણવાનાં વધતાં ઓછાં થશે કે વધશે, ને વ્યાજ પણ નાણા રૂપે અપાશે. માટે ધીરેલા રૂપીઆનું જેટલું મુલ ઘટ્યું વધ્યું હશે, તેટલુંજ તે રૂપીઆના વ્યાજનું ઘટશે વધશે. પણ બેનું પ્રમાણ એકનું એક રહેશે. નાણાનું મુલ ઘટવાથી અથવા વધવાથી વ્યાજના સ્થાયી દરમાં કંઈ પણ ફેરફાર થતો નથી.

નાણાનું મુલ નીચું ગયા પછી અથવા ઊંચું વધી રહ્યા પછી વ્યાજનો સ્થા-

થી દર એનો એજ રહે છે; તથાપિ જ્યાં લગી નાણાનું મુલ ઉતરતું રહે છે, અથવા ચઢતું રહે છે, ત્યાં લગી વ્યાજનો દર પણ ઉતર ચઢ કરે છે. એમ ધારો કે કોઈ સરકાર પોતાના ખરચમાં ન વટાવાય એવાં નોટ આપે છે, ને તેમ કરવાથી નાણાનું મુલ ઉતરી જાય છે. હવે એમ થવાથી બધી વસ્તુઓના ભાવ ચડ્યા હશે, એટલે ઉત્પાદકો અથવા અનુત્પાદક એ બધાને જણસના ભાવ ઉંચા આપવા પડશે. માટે જેઓ પારકાં નાણાં લઈ વેપાર ચલાવે છે, તેઓને વધારે નાણાનો ખપ પડશે. પણ ધીરનારા પાસે નાણાં કંઈ વધ્યાં નથી, માટે ઉછીના લેનાર માંહોમાંહે ચડસાચડસી ચલાવી વ્યાજનો ભાવ ચડાવી દેશે. જો નાણાનું મુલ ઘટવાને બદલે કોઈ કારણસર વધ્યું હશે, તો ઉપરથી ઉલટો પરિણામ થશે, ને વ્યાજનો દર નીચો બેસશે.

સરકારના કોઈ પણ કૃતથી નાણાના મુલમાં ઘટાડો કે વધારો થયો હોય, તો ઉપર પ્રમાણે પરિણામ થાય. પરંતુ ચાલતા વ્યવહારમાં નાણાનું મુલ ધીરધાર ને ઉધાર વ્યવહાર વધવાથી ઘટે છે, અથવા વધે છે, સરકારના કૃતથી વધતું ઘટતું નથી; ને ઉધાર વ્યવહાર વધવાથી અથવા ઘટવાથી ધીરવાનું ભંડોળ પણ વધે છે ઘટે છે. હવે ચલણી નાણું ઘણું હોય છે, ને ધીરવાનું ભંડોળ તેના પ્રમાણમાં થોડું હોય છે, માટે ધીરધાર વધવાને લીધે નાણાનું મૂલ ઘટવાથી ઉપર કહ્યા પ્રમાણે વ્યાજનો દર વધવાનો જેટલો જોગ છે, તેના કરતાં ધીરવાનું ભંડોળ ઘટવાથી વ્યાજનો દર ઘટવાનો જોગ વધારે છે. તેમજ વળી નાણાનું મુલ ઘટવાથી વ્યાજનો દર ઘટવાનો જે જોગ છે, તે કરતાં વધવાનો જોગ વખતે વધારે હોય છે; કારણ ઉધાર વ્યવહાર બંધ થવાથી જ્યારે ચલણમાં સંકોચન થાય છે, ત્યારે ધીરવાનું ફંડ ઘણુંજ નાનું થઈ જાય છે. માટે ઉપર કહ્યા પ્રમાણે હમેશ નાણાનું મુલ વધતું જતું હોય, તે વખત વ્યાજનો દર નીચો બેસતો હોતો નથી.

આવી રીતે જો કે ખાતરીથી કહી શકાતું નથી, કે નાણાનુ મુલ ઘટતી વખત વ્યાજનો ભાવ વધશે, ને વધતી વખત તે ભાવ ઘટશે, તથાપિ નાણાના મુલનો વ્યાજના દર સાથે ચાલું સંબંધ છે. જે હાલચાલ થોડી થોડી વધ ઘટ થયા કરે છે, તે નાણાના મુલને લીધે પણ થાય છે ખરી. જ્યારે સોના રૂપાની ખાણો નો એકદમ શોધ થવાથી દુનીઆમાં એકદમ નાણાનું મુલ બેશી જાય છે, ત્યારે વ્યાજના દરમાં કંઇ ફેરફાર થાય છે ખરો. પરદેશ નાણું મોકલવાથી અથવા ત્યાંથી નાણું આવવાથી પણ ફેરફાર થાય છે.

ત્યારે વ્યાજ વિષે એવો નિયમ બાંધી શકાય છે, કે તેનો સ્થાયી ભાવ પદાર્થ રૂપે જેટલી મુડીનો ખપ ને છત દેશમાં હોય તેને આધારે છે. પરંતુ ચલણની સ્થિતિમાં હાલ ચાલ ફેર થવાથી તેનો તાત્કાલિક દર ફર્યા કરે છે.

વ્યાજના વિષયની સમાપ્તિ કરતા પહેલાં મૂલના પ્રકરણની એક વાત આ સ્થળે કહેવી જોઇએ. જે જે પદાર્થ ઉપજ કરવાને અર્થે ખરીદવામાં આવેછે, તેની કિંમત વ્યાજના દર પ્રમાણે રહેશે. જમીન ઉપજ કરવાને માટે લેવામાં આવે છે, માટે જમીનની તેમજ જુદી જુદી કંપનીઓના શેરની, સરકારી પ્રામીસરી નોટોની, ને બીજી જેજે વસ્તુ,નફાને માટે અથવા ઉપજ કરવાને માટે લેવામાં આવે છે,તે બધાની કિંમત વ્યાજના દર પ્રમાણે ઘટશે. સરખી ઉપજની વસ્તુઓના સરખા ભાવ ઉપજશે, પણ માત્ર જેટલો જોખમનો ફેર હશે, તેટલોજ ફેર પડશે.

પ્રકરણ ૧૭ મું.

ઘણા દેશોનો એક જોડે એક જણસનો વેપાર.

જ્યારે ઘણા દેશ એકજ દેશ જોડે એકજ જણસનો વેપાર કરતા હોય છે, ત્યારે તેઓને એક બાજાની એવી બીક રહે છે, કે રખેને આપણા કરતાં સામો દેશ માલ સસ્તો વેચે ને આપણને વેપાર કરતાં બંધ કરે. આગળ આવી ધારતી ઘણી બળવાન હતી; ને તેને લીધે વખતે મોટી લઢાઇઓ થતી. પણ હાલ લોક સંવ્યવહારના ફાયદા વધારે સમજ્યા છે; માટે લઢાઇ વધવાને બદલે બંધ થઇ છે.

તથાપિ એક દેશ બીજા દેશ કરતાં માલ ક્યારે સસ્તો વેચી શકે, તે આપણે વિચારવું જોઇએ. જો બે વાત હોય, તોજ કોઇ દેશ સામા દેશ કરતા પોતાનો માલ સસ્તો વેચી શકે. પહેલું એ કે જો સામા દેશ કરતાં સામાન્ય વેપારની જણસ તે ઓછે ખરચે પેદા કરી શકતો હશે તો; બીજુ જો તે દેશને સામા દેશ કરતાં એટલો બધો માલ સસ્તો વેચવાની જરૂર પડતી હશે, કે સામા દેશને જેટલો બધો લાભ છે,તે બધો ગ્રાહક દેશને મળે.જો આ બે સરતો પૂર્ણ થાય, તોજ પહેલો દેશ બીજાને વેપારમાંથી કાઢી મુકી શકશે; નહીં તો બંને દેશ વેપાર કરી શકશે. માત્ર એક કરતાં બીજાને ઘણું કરીને વેપારનો લાભ થોડો મળશે.

એમ ધારો કે આગળની માફક ચીન ને હિંદુસ્તાનની વચ્ચે વેપાર ચાલે છે. હિંદુસ્તાનમાં જેટલે ખરચે દસ મણ ખાંડ બને છે, તેટલે ખરચે પંદર શેર રેશમ

બને છે, ને ચીનમાં જેટલે ખરચે દસ મણ ખાંડ બને છે, તેટલે ખરચે વીસ શેર રેશમ બનેછે. હવે જો આ બેજ દેશનો પરસ્પર વેપાર હોત, તો દસ મણ ખાંડ બરોબર ઓગણીસ શેર (અથવા પંદરની ઉપર ને વીસ શેરની માંહે ગમે તે આંકે) રેશમ વેચાત. પણ એમ ધારો કે હિંદુસ્તાન ચીનની જોડે વેપાર કરે છે, તેવોજ વેપાર બ્રહ્મદેશ પણ કરે છે; ને તે પણ ચીનને ખાંડ આપી તેની પાસેથી રેશમ લે છે. હવે જો બ્રહ્મદેશ ખાંડ સસ્તી આપશે, ને દસ મણ ખાંડ બરોબર ચીન પાસેથી ઓછું રેશમ લેશે, એટલે અઢાર, સત્તર કે સોળ સુધી લેશે, ત્યાં સુધી બંને દેશ ચીન સાથે વેપાર ચલાવી શકશે; પણ બ્રહ્મદેશ આવવાથી હિંદુસ્તાનને એટલો ગેરફાયદો થશે, કે આગળ કરતાં ચીનનું રેશમ એને મોંઘું પડશે. જો બ્રહ્મદેશ ભાવ એટલો બધો ઘટાડી નાંખશે, કે દસ મણ ખાંડ બરાબર પંદર શેર અથવા તેથી ઓછું રેશમ પણ લેવા કબુલ કરશે, તો પછી હિંદુસ્તાનને ખાંડનો વેપાર બંધ કરવાની ફરજ પડશે; કારણ એ ભાવે તો (આપણી કલ્પના પ્રમાણે) ગમે તેટલું રેશમ તે પોતેજ કરી શકે છે, ત્યારે તેને વહન ખરચ વેઠી તથા મુડી રોકી ચીન લગી જવામાં લાહાણ શું? પરંતુ બ્રહ્મદેશ આ પ્રમાણે ક્યારે વેચશે, તેનો આપણે વિચાર કરવો જોઇએ. એક તો જ્યારે તેને સોંઘુ વેચવું પાલવતું હશે, ત્યારેજ તે એમ કરશે. સોંઘું વેચવું ક્યારે પાલવશે? જ્યારે ચીન મોકલવાની જણસ, ચીનથી આણવાની જણસ પ્રત્યે હિંદુસ્તાન કરતાં સસ્તી હોય ત્યારે. જો હિંદુસ્તાનમાં દસ મણ ખાંડ બરાબર પંદર શેર રેશમ પાલવતું હોય, ને જો બ્રહ્મદેશમાં દસ મણ બરાબર તેર શેર પાલવતું હોય, તો બ્રહ્મદેશમાં રેશમ પ્રત્યે હિંદુસ્તાન કરતાં ખાંડ સસ્તી છે, અથવા ખાંડ પ્રત્યે રેશમ મોંઘું છે. માટે જો કે હિંદુસ્તાનને તો દસ મણ ખાંડ બરોબર પંદર કરતાં ઓછું અથવા પંદર શેર રેશમ લેવું ન પાલવે, તો પણ બ્રહ્મદેશ, તેર શેરથી થોડું વધારે મળે, ત્યાં લગી તે વેપાર ચલાવી શકે. પરંતુ બ્રહ્મદેશને હિંદુસ્તાન કરતાં ઓછું રેશમ પાલવતું હશે, તોપણ જાણી જોઇને તે બનશે ત્યાં લગી ઓછો ભાવ લેશે નહીં; ને હિંદુસ્તાનને સત્તર શેર રેશમ મળતું હશે, તો પોતે પણ તેટલુંજ લેવાને પ્રયત્ન કરશે. જ્યારે બ્રહ્મદેશનો દેશાવરનો વેપાર એવી સ્થિતિમાં હશે, કે તેણે દેશાવરના ગ્રાહકોને બધો માલ સસ્તો આપવો પડે, ને તે એટલો બધો સસ્તો આપવો પડે, કે સસ્તાઇમાં હિંદુસ્તાનને ચીનના વેપારથી થતો બધો લાભ તણાઇ જાય, તોજ બ્રહ્મદેશ હિંદુસ્તાનને ચીનના બજારમાંથી કાઢી મૂકવાને શક્તિમાન થશે. એમ કાઢી મૂકવાથી બ્રહ્મદેશને પણ નુકશાન છે, એ વાત સ્પષ્ટ છે.

આ ઉપરથી એમ માલમ પડ્યું હશે કે, કોઈ પણ દેશનો કોઈ બીજાનો દેશાવરનો વેપાર કરતો બંધ કરવો, એ કંઈ સહેજ વાત નથી; ને એમાં કાઢી મૂકનારને લાહાણ નથી. પણ ગમે તેમ હોય, પણ એટલું તો સિદ્ધ થાયછે, કે જો બે દેશ પરસ્પર વેપાર કરતા હોય, ને તેમાં ત્રીજો આવી વચ્ચે પડે, અને બેમાંથી એકને વેપાર કરતો બંધ કરે, તો તે કાઢી મૂકેલા દેશને તો તેથી નુકશાન થાય, પણ તેથી દુનીઆની ઉત્પત્તિમાં વધારે લાભ થાય. એમ ધારો કે ચીનમાં દસ હજાર મણ ખાંડનો ખપ છે, ને વીસ હજાર શેર રેશમનો ખપ છે, તથા દસ હજાર મણ ખાંડનું ઉત્પત્તિ ખરચ વીસ હજાર શેર રેશમના ખરચ જેટલુંજ છે. વળી હિંદુસ્તાનમાં દસ હજાર મણ ખાંડનો ને પંદર હજાર શેર રેશમનો ખપ છે, ને તે બેનું ખરચ એકજ છે; ને બ્રહ્મદેશમાં દસ હજાર મણ ખાંડ ને તેર હજાર શેર રેશમનો ખપ છે, ને તે બેનો એકજ ખરચ છે. હવે જ્યારે હિંદુસ્તાન ને ચીન બેજ વચ્ચે પહેલ વહેલો વેપાર ચાલે, ત્યારે હિંદુસ્તાનને માટે રેશમ ચીનથી આવે, ચીનને વાસ્તે ખાંડ હિંદુસ્તાનથી આવે. બંને દેશમાં એ બે જણસોને સારૂં મુડી આગળ પ્રમાણે વાપરવામાં આવશે, તો હિંદુસ્તાનમાં વીસ હજાર મણ ખાંડ થશે, ને ચીનમાં ચાળીસ હજાર શેર રેશમ થશે. આગળ બેમાં મળી વીસ હજાર મણ ખાંડ ને પાંત્રીસ હજાર શેર રેશમ થતું, તેને બદલે વીસ હજાર મણ ખાંડ ને ચાળીસ હજાર શેર રેશમ થાય છે. બ્રહ્મદેશની ઉત્પત્તિ એની એ રહેછે, ને હિંદુસ્તાન અને ચીન વચ્ચેના વેપારથી દુનીઆની ઉત્પત્તિમાં પાંચ હજાર શેર રેશમ જેટલો વધારો થાય છે. હવે એમ ધારો કે બ્રહ્મદેશે ચીન જોડે ખાંડનો વેપાર ચલાવી છેવટે હિંદુસ્તાનને ખાંડના વેપારમાંથી ખસેડ્યું. ત્યારે ઉત્પત્તિમાં લાભ કેટલો થશે? ચીનને કાજે ખાંડ બ્રહ્મદેશમાં થશે; ને બ્રહ્મદેશનું રેશમ ચીનમાં થશે. ચીનમાં આગળ જે મુડી ખાંડમાં રોકાતી તે મુડી વડે વીસ હજાર શેર રેશમ થશે, ને આગલું પોતાનું વીસ હજાર પેદા કરશે. બ્રહ્મદેશ વીસ હજાર મણ ખાંડ કરશે. આ વેપારથી ચાળીસ હજાર શેર રેશમ ને વીસ હજાર મણ ખાંડ થશે, પણ આગળ ખાંડ એની એ થતી ને રેશમ તેત્રીશ હજાર શેર થતું. માટે આ વેપારથી દુનીઆમાં સાત હજાર શેર રેશમ વધારે પેદા થયું, ને હિંદુસ્તાન જોડેના વેપારથી પાંચ હજાર શેરનો ફાયદો હતો. માટે જો આવી રીતે એક દેશ બીજા દેશને કોઈ જણસના વેપારમાંથી ખસેડે, તો તે ખસેડેલા દેશને તો નુકસાન થાય, પણ દુનીઆને તેના નુકસાન કરતાં વધારે લાભ થાય. ઉત્પત્તિની વ્યવસ્થા બદલાય, ને જ્યાં તે ઘણીજ ફળે એવું હોય, ત્યાં તે ચલાવવામાં આવે.

કેટલાક વેપારીઓના મનમાં એમ હોયછે, કે જે દેશમાં મજુરીનો દર સસ્તો હોય, તે દેશ બીજા કરતાં માલ સસ્તો વેચી શકે, ને દેશાવરના વેપારનો વધારે લાભ લઈ શકે. આ મત ખરૂં છે કે ખોટું છે, તેની આપણે તપાસ કરવી જોઈએ. પણ તપાસ કરતાં પહેલા શબ્દાર્થનો નિર્ણય કરવો ઘટેછે. મુસારાનો વધતો કે ઓછો ભાવ એટલે શું! જો એક ઠેકાણે સાધારણ મજુરને ચાર આના રોજી મળતી હોય, ને બીજે ઠેકાણે આઠ આના મળતી હોય, તો શું બીજા ઠેકાણાનો ભાવ પહેલાના કરતાં બમણોજ છે, એમ કહી શકાય ખરૂં? ના કંઈ ના મળે. વખતે એમ પણ હોય, કે મજુરીનો ભાવ બમણો હોય, પણ મજુર કામ પણ બમણું કરતો હોય; ને આવું હોય, ત્યારે બે ઠેકાણે ભાવ બરોબર છે, એમ કહેવું ઘટેછે. જો બંને ઠેકાણે મજુર કામ સરખુંજ કરતાં છતાં મજુરીના દરમાં ફેર હોય, ત્યારે મજુરીમાં ફેરછે, એમ કહી શકાય. પરંતુ આ રીતે હમેશ હોતું નથી. કોઈ વખત વધારે મુસારો લેનાર એટલું બધું વધારે કામ કરનાર હોય છે, કે મુસારાના વધારાનો ભંગ કામથી બધો વળી જાય છે. માટે કામનો મુકાબલો લેતાં જે ઠેકાણે મુસારો ઓછો આપવો પડતો હોય, ત્યાં મુસારો ઓછો છે એમ સમજવું.

આવી રીતે પણ મુસારાનો દર ઘણે ઠેકાણે ઓછો હોય છે, ને ખરૂં કહીએ તો ભાગ્યેજ કોઈ પણ બે દેશમાં સરખો હોય છે. દુનીઆમાં આવાં બે પ્રત્યક્ષ મોટાં દૃષ્ટાંત છે. એક તો જે દેશમાં ગુલામ અથવા ભુંડાની મહેનતે ઉત્પત્તિ આવે છે, તે દેશ; ને બીજા જે દેશમાં મજુરો ખાનગી વખતમાં માલ પેદા કરે છે, તે દેશો. આવા દેશોમાં આ પ્રમાણે સસ્તી મહેનતથી થયેલો માલ જો દેશાવર તરફ મોકલવાનો હોય, તો તે દેશને ઉત્પત્તિ ખરચમાં ફાયદો મળે ખરો. પરંતુ આપણે વિચાર કરવો ઘટે છે, કે આવો ફાયદો બધી વસ્તુઓના મૂલમાં મળી શકે ખરો. હવે જે વાંચનારે આગળ કહેલાં દેશાવરનો સંવ્યવહારનામૂલતત્વ સારીપેઠે મનમાં ઠસાવ્યાં હશે, તે કહી શકશે, કે જો કોઈપણ દેશને બધી વસ્તુઓમાં મુસારા સંબંધી સરખો ફાયદો મળે, તો તેથી કાંઈ દેશાવરના વ્યવહારમાં મુલ સંબંધી તેને લાભ થાય નહીં. જો ચીનને હિંદુસ્તાન વચ્ચે વેપાર ચાલતો હોય, ને જો કોઈપણ કારણથી હિંદુસ્તાનમાં દેશાવર મોકલવાની સર્વ જણસોનાં ઉત્પત્તિ ખરચ અડધાંજ થઈ જાય, તો તેથી દેશાવરના વેપારમાં તેને કાંઈ ભાવ સંબંધી લાભ નથી. દેશાવરના વેપારમાં મૂલ સંબંધી જે નિયમ થાયછે, તે વસ્તુઓના પરસ્પર ઉત્પત્તિ ખરચના સંબંધને લીધે થાયછે; ને જ્યાંલગી તે ફરે નહીં, ત્યાંલગી દેશને દેશાવરના વેપારથી એવો વધારે લાભ થાય

નહી. પરંતુ એવો લાભ તો ન મળે, પણ ખરચના ઉગારાનો લાભ મળે ખરો. જો ચીનને હિંદુસ્તાન વચ્ચે બેજ જણસનો વેપાર ચાલતો હોય, ખાંડ ને રેશમનો, તો જ્યાંલગી ખાંડને રેશમના ઉત્પત્તિ ખરચનું પ્રમાણ પ્રત્યેક દેશમાં એનું એ રહે, ત્યાં લગી (બીજી સ્થિતિ એવીને એવી હોય તો) ખાંડ પ્રત્યે રેશમનું મૂલ વધારે ઉપજે નહીં; એટલે દશ મણ ખાંડ બરાબર આગળ પ્રમાણેજ સત્તરશેર અથવા ઉપજતું હોય એટલું રેશમ ઉપજે. પરંતુ જો હિંદુસ્તાનમાં ખાંડ બનાવવાની યુક્તિમાં તથા બીજી વસ્તુઓમાં એવો શોધ થાય, કે બંનેનું ઉત્પત્તિ ખરચ અડધું થાય, તો હિંદુસ્તાનને દશમણ ખાંડનું ખરચ અડધું બેસે; ને તેને બદલે જે સત્તરશેર રેશમ આવતું હોય, તે પણ અડધે ખરચે મળે.

આ પ્રકરણની સમાપ્તિ કરતાં પહેલાં એક બે વાત જરા બોલવી ઘટે છે. કોઈ બે જગા વચ્ચેનો વ્યવહાર દેશાવર સંવ્યવહારની નિયમ પ્રમાણે ચાલશે, કે દેશની અંદરના વ્યવહાર પ્રમાણે ચાલશે, તેનો નિર્ણય શા પ્રમાણે થશે? ગુજરાતનો કાશ્મીરની જણસોનો પરસ્પર ક્રયવિક્રય કયા નિયમ પ્રમાણે થશે? આનો જવાબ એટલોજ આપી શકાય, કે જે સ્થળો વચ્ચે મુડી તથા મજુરીની છુટી આવ જા થતી હોય, એટલે જે જગ્યાઓ સુધી વેપારી એક દેશ ગણી મુડી મોકલવા ડરતા ન હોય, તથા તથા જે જગ્યાઓની અંદર મજુરો પણ છુટી રીતે આવતા જતા હોય, ને મજુરીનો પણ દર એકજ હોય, તે જગ્યાઓ એકજ દેશમધ્યે, એમ કહી શકાય; ને આવાં સ્થળોમાં ઉત્પન્ન થએલો માલ (સ્પર્ધા હશે તો) ઉત્પતિ ખરચના પ્રમાણમાં વેચાશે. માટે જો કોઇ દેશની મુડી તથા મજુરો બીજે ઠેકાણે જઇ વશીને, ત્યાં ઉત્પત્તિ ચલાવતા હોય તો, તે ઠેકાણાનો માલ તે દેશમાં દેશાવરના માલ તરીકે ગણાય નહીં; પણ દેશના માલ જેવો ગણાય.

प्रकरण १८ मुं.

ઉત્પન્ન થયેલા દ્રવ્યના ભાગ.

મૂલને કિમ્મત વિશે જેટલો વિસ્તાર આ પુસ્તકમાં આપવો ઘટે છે, તેટલો આપી ચૂક્યા. હવે જ્યારે પૂઠ ફેરવી બીજા પુસ્તકમાં દ્રવ્યવિભાગના જે નિયમ આપ્યા, તે એમ કલ્પીને આપ્યા હતા, કે ક્રયવિક્રય છેજ નહીં; અને નાણાનું કામ પડતુંજ નથી. માટે ક્રયવિક્રય થવાથી અને નાણાદ્વારે વ્યવહાર ચાલવાથી, દ્રવ્યવિભાગ-

ના નિયમોમાં ફેર પડે છે કે નહીં, ને પડે છે, તો કેટલો પડે છે, તે આપણે વિચારવું જોઇએ.

ઉત્પન્ન થયેલા દ્રવ્યમાં ત્રણ જણ, ને વખતે ત્રણ, હકદાર હોયછે, એમ આગળ કહેવામાં આવેલું છેઃ એક મજુરીનો કરનાર, બીજો મુડી કાઢનાર, ને વખતે ત્રીજો જમીનનો માલેક. પહેલાના હિસ્સાને મુસારો કે મજુરી કરીને કહેછે, બીજાના હિસ્સાને નફો, ને ત્રીજાના હિસ્સાને જમીનભાડું કરીને કહે છે. હવે ક્રયવિક્રય થવાથી આ પ્રત્યેક હિસ્સાના નિયમ વિશે કેટલો ફેર થાય છે, તે જોવાનું રહ્યું.

ત્યાર પહેલો આપણે મુસારા વિશે વિચાર ચલાવો. મજુરી અથવા મુસારાનો દર એટલે ઉત્પાદકને મજુરી કરવાથી જે ઉપભોગ મળી શકે છે તે. આપણા દેશમાં બધા ધંધાના મજુરો વચ્ચે જોઇએ તેવી સ્પર્ધા નથી; ને ધંધે ધંધે મજુરી જુદી હોય છે. પરંતુ દરેક ધંધામાં તો તે દર વસ્તીને મુડીના પ્રમાણને આધારે રહે છે; એટલે કોઇ પણ અમુક ધંધાના કરનાર જેટલા માણસો હોય, ને તે ધંધામાં જેટલી મુડી નાંખેલી હોય, તે બેના પ્રમાણમાં તે ધંધો કરનાર મજુરોને મજુરી મળે. હવે કોઇ પણ ધંધાના કરનારાઓની વસ્તિ ઘણી કે થોડી થવી શાને આધારે છે, તે વિચારવું જોઇએ. યુરોપના દેશોમાં મજુરીઆત લોકને કેટલીક રીતના ઉપભોગની એવી તો ટેવ પડી ગયેલી હોય છે, કે જો તે ઉપભોગ ઓછો થવાની વખત આવે, તો તેઓ લગન મોડાં કરી, અથવા વસ્તી ઉપર બીજી રીતે અંકુશ રાખીને, પોતાની સંખ્યા પાછી એવી કરે કે ઉપભોગ પોતાને મળતો હતો, એટલો માગીને લઇ શકે. પરંતુ આપણે અહીંઆંના મજુરોમાં એવી કંઇ બુદ્ધિ છેજ નહીં; રોગથી અથવા ખાવા ન મળવાથી, તેઓની વસ્તી ઉપર અંકુશ રહે છે, તે ખરૂ; બાકી તેઓને ઉપભોગનું કંઇ ભાન નથી, અથવા હશે, તોપણ તેથી વસ્તી ઉપર કશો પણ અંકુશ રહેતો નથી. માટે તેઓને વસ્તી ને મુડી પ્રમાણે મુસારો હમેશ મળ્યા કરે છે; હવે નાણાદ્વારે વ્યવહાર થવાથી આ નિયમમાં કશો પણ ફેર થઇ શકે નહીં. વેપારી આગળથી નાણારૂપે મુસારો આપે, કે મજુરને ઉત્પન્ન થયા પછી તેમાં હિસ્સા તરીકે આપે, પણ જ્યાંલગી કોઇ પણ ધંધાના મજુરોની સંખ્યા એટલી ને એટલી રહે, ત્યાં લગી એ ધંધાના મજુરોને વસ્તુ રૂપે ઉપભોગ એટલો ને એટલોજ મળે.

પરંતુ જે દેશોના બધા મજુરોમાં સ્પર્ધા છે, તે દેશમાં ઘણું કરીને જરા જુદી વ્યવસ્થા હોય છે. તેવા દેશના મજુરોને ઘણું કરીને ઉપભોગનું ભાન હોય છે, માટે

પોતાના ઉપભોગમાં ન્યૂનતા થાય, એવો કંઇ વસ્તીમાં વધારો તેઓ કરતા નથી. માટે તેઓને મુસારો નાણાદ્વારે મળે, કે ઉપજમાં હિસ્સા તરીકે મળે, પણ તેઓ એટલો ને એટલો ઉપભોગ હમેશ કર્યા કરે છે. માટે નાણાદ્વારે વ્યવહાર થવાથી ને ક્રય વિક્રય થવાથી તેઓના મુસારામાં કંઇ ફેર થતો નથી. જો ઉપભોગની વસ્તુઓ મોંઘી થાય, તો તેઓને વધારે નાણું મળે છે, ને સોંઘી થાય, તો ઓછું નાણું મળે છે. પણ તેઓનો જે ઉપભોગ હોય છે, તે તેનો તે રહે છે. માટે મુસારાનો જે નિયમ બીજા પુસ્તકમાં આપ્યોછે, તે નિયમ સઘળા વિષે નાણાદ્વારના ને ક્રયવિક્રય વ્યવહારમાં પણ ખરો પડે છે. ક્રયવિક્રય થવાથી જેમ મુસારાના દરમાં ફેર થતો નથી, તેમ ભાડાના નિયમમાં પણ કંઇ ફેર થતો નથી. આપણા દેશમાં ઘણી જમીન સરકારી છે, ને જમીનના ભાડા તરીકે સરકાર પોતાની નજરમાં આવે છે તેટલું લે છે; માટે તે વિષે કંઇ નિયમ આપી શકાય નહી. પરંતુ વિલાયતમાં જમીનનો ઘણો ખરો ભાગ ખાનગી માલકીનો છે; ને વળી ખેતી પણ ઇજારદાર નફા વાસ્તે કરાવે છે, ખેડુત ઘરની કરતા નથી. માટે તેવા દેશમાં ભાડુ નાણાદ્વારનો વ્યવહાર હશે, તો કેટલું લેવામાં આવશે, તે વિચારવા જોગ વાત છે. હવે નાણાદ્વારે વ્યવહાર નથી હોતો, ત્યારે જમીનનું ભાડુ શા પ્રમાણે નક્કી થાય છે? વિલાયતમાં મુડીદારોમાં સ્પર્ધા હોય છે, માટે અનાજ પેદા કરવાને જે નીચામાં નીચી જમીન ખેડવામાં આવે છે, તેનું ભાડુ ઉપજતુંજ નથી, અને બીજી જમીનનો પાક તે જમીનનાથી જેટલો વધારે થશે, તે બધો મુડીદારોમાં સ્પર્ધા ન હોવાને લીધે જમીનદારને ભાડા તરીકે મળશે. નાણાદ્વારે વ્યવહાર ચાલવાથી આ નિયમ બિલકુલ ફરી શકતો નથી, એ ઉઘાડુંજ છે.

ઉત્પાદકની મજુરી તથા જમીનનું ભાડું જતાં જે બાકી રહે છે, તે બધું મુડીદારને નફા તરીકે મળે છે; ને મજુરી તથા ભાડાના નિયમમાં નાણાદ્વારના વેપારથી કશો પણ ફેર થતો નથી; માટે ક્રયવિક્રયનો વ્યવહાર હોવાથી નફાના નિયમમાં પણ ફેર પડેજ નહી.

પુસ્તક ૪ થું.

પ્રકરણ ૧ લું

વર્ધમાન સ્થિતિ.

ઉપરનાં ત્રણ પુસ્તકોમાં દ્રવ્યની ઉત્પત્તિ, વિભાગને, ક્રયવિક્રયના જે નિયમો આપ્યા તે બધાનું સામાન્ય લક્ષણ એ છે, કે તેઓને સ્થાપતી વખતે એમ કલ્પના કરેલીછે, કે દેશ સ્થાયી હાલતમાં છે, ને કોઇ રીતે વર્ધમાન સ્થિતિમાં છે નહીં. પણ દુનીઆમાં ઘણા દેશોની સ્થિતિ વર્ધમાન હોયછે. માટે તે દેશોમાં આગળના પુસ્તકોમાં આપેલા નિયમો પોતાનું બળ શી રીતે દર્શાવશે, તે આપણે વિચારવું જોઇએ. વર્ધમાન સ્થિતિનાં લક્ષણ ઘણાંછે; પહેલું એક મોટું લક્ષણ તો એ છે, કે એ સર્વ દેશોમાં દ્રવ્ય દિનપરદિન વધતું જાય છે. યૂરોપના ઘણા ખરા દેશોમાં આ પરિણામ જોવામાં આવેછે, ને હિંદુસ્તાન પણ હાલ વર્ધમાન હાલતમાં આવવા લાગ્યું છે. આ દ્રવ્યની વૃદ્ધિથી, ઉત્પત્તિના વિભાગાને ક્રયવિક્રયના નિયમોમાં કેટલો અસર થાયછે, તેનો વિચાર કરતાં પહેલાં એ વૃદ્ધિ શા શા કારણને લીધે થાય છે, તે જોવું જોઇએ.

એ વૃદ્ધિનું મુખ્ય કારણ એ છે, કે માણસ જાતનું દિનપરદિન સૃષ્ટિજન્ય પદાર્થ વિશેનું જ્ઞાન વધતું જાય છે. આગળની વિદ્યાઓમાં વધારો થતો જાય છે, એટલુંજ નહીં પણ નવી નવી વિદ્યાઓ ઉત્પન્ન થતી જાય છે, ને બધીઓનો શોધને અભ્યાસ ઘણી હોંશને ઉદ્યોગથી કરવામાં આવેછે. વળી એકલો જ્ઞાનનોજ વધારો થયા કરે છે એમ નથી; પણ તેની જોડે તે જ્ઞાનને વહિવટમાં તથા ઉપયોગમાં લેવાની કળાઓ પણ વધતી જાય છે; ને કળાઓ વળી ઝટઝટ યોજવવામાં આવેછે. કોઈ પણ રીતના નવાતત્વનો શોધ થયો, કે તરત તેની જોડે અથવા થોડે કાળે તે જ્ઞાનનો ફાયદો લેવાની કળા વગર રહેતી નથી. વિજળીના ગુણ વિશે કેટલુંક નવું જ્ઞાન થયું, ને પછી થોડેજ વરશે તે જ્ઞાનનો ફાયદો લેવાનો તારનો શોધ નિકળ્યો. જેમ કળાઓ પણ ઝટ ઝટ જ્ઞાન થયા પછી ખોળી કાઢવામાં આવે છે, તેમ તે કળાઓને પૂરતી રીતે અમલમાં લાવનાર કારીગરો પણ તરત તરત ઉભા થઇ શકેછે. આ બધાં કારણોને લીધે દુનીઆમાં દ્રવ્યનો વધારો ઘણોજ ઉતાવળા વેગથી થયા કરેછે.

વળી જેમ જ્ઞાન ને કળાકૌશલ્યની વૃદ્ધિથી દ્રવ્ય વધ્યુંજ જાય છે, તેમ જોર જુલમ ને લુટફાટ બંધ પડવાથી તથા માલમત્તા સંબંધી નિરૃતિ થઇ જવાથી પણ દ્રવ્યનો વધારો થયો છે. જ્યાં લગી ઉત્પાદકના મનમાં એમ ધાસ્તી હોય, કે મારૂં પેદા કરેલું દ્રવ્ય વખતે મારા ભોગવટામાં આવે, ને વખતે નં પણ આવે, ત્યાં લગી તે માણસ જરૂર જેટલીજ ઉત્પત્તિ કરશે, વધારે કરશે નહીં; ને જેમ ઉત્પાદક ઉદ્યોગ નહી કરે, તેમ ધનનો સંઘરો પણ થોડો થશે. જે રાજતળે દ્રવ્યવાનને માથે હમેશ રાજ્યચક્ર ફરતું ને ફરતું રહે, જ્યાં હમેશ ધનવાનના પેટમાં ફાળ નો ફાળ રહે, કે એ હાકેમ આવીને મને લુટ્યો, ત્યાં દ્રવ્ય સંચય પણ ઘણો થોડો થશે. માલમત્તા સંબંધી જ્યાં નિરૃતિ ન હોય, ત્યાં ગમે તેટલું જ્ઞાન ને કળા હશે, તોપણ ઉત્પત્તિ છેક થોડી થશે. હવે સુધારાનું જોર જેમ જેમ ઝામતું જાય છે, તેમ તેમ જોર જુલમ ને લુટફાટ બંધ થતાં જાય છે. યુરોપીય દેશોમાં ઘણે ઠેકાણે આ પ્રમાણે થયેલું છે; બ્રિટિશ હિંદુસ્તાનમાં પણ ઘણે ઠેકાણે માલમત્તાની સલામતી ઠીક છે, ને દેશી રાજ્યોમાં ઘણો તો નહી, પણ થોડો સુધારો એ સબંધી જોવામાં આવે છે. એ સુધારાનું મુખ્ય પરિણામ એ થયું છે, કે દ્રવ્યની વૃદ્ધિ નિર્વિઘ્ન ચાલ્યા કરે છે.

આ બે સિવાય એક ત્રીજું કારણ છે, તેથી પણ પ્રાચીન કાળોના કરતાં અર્વાચીન કાળોમાં દ્રવ્યની વૃદ્ધિને પુષ્ટિ મળે છે. હાલ સુધરેલા દેશોમાં મનુષ્ય પ્રાણીની કામ કરવાની શક્તિ વધી છે. આ ઉપરથી એમ નહી સમજવું કે પ્રત્યેક વ્યક્ત માણસની શક્તિમાં વધારો થયો છે, ના એમ નથી; ઉલટી સુધારાને લીધે દરેક માણસની વ્યક્ત શક્તિમાં ન્યૂનતા થઇ છે. જંગલી વારામાં પ્રત્યેક માણસને જેટલી કળા તથા હુનરો જાણવાનો ખપ પડે છે, અથવા ગામડામાં જેટલી કળાઓ જાણવી પડે છે, તેટલી સુધરેલ અથવા શેહેરી માણસ જાણતો નથી. પણ સુધરેલ દેશની રચના એવી હોય છે, કે માણસ માણસને ખપમાં ઘણો આવે છે, ને આવી વ્યવસ્થાને લીધે દરેક વ્યક્ત માણસનું જોર થોડું હોય છે, તો પણ બધાનું સામુદાયિક જોર ઘણુંજ હોય છે. સંપથી કામ કરવાની શક્તિ માણસમાં વધવાથી ઉત્પત્તિમાં ઘણો ફાયદો થયો છે; જેટલી બધી સામાન્ય ભંડોળવાળી એટલે જોઇન્ટ સ્ટોક કંપનીઓ છે, તે સંપ અને પરસ્પર વિશ્વાસ વધવાથીજ થયેલી છે.

આ બધાં, ને બીજાં એવાં કારણોથી દ્રવ્ય ઘણું વધી ગયું છે; ને તે વૃદ્ધિનાં બે મોટાં પરિણામ એ થયાં છે, કે મુડીમાં તથા વસ્તિમાં ઘણો વધારો થયો છે. હવે આ બે પરિણામોથી આગળ કહેલા ઉત્પત્તિના તથા દ્રવ્ય વિભાગને કાય વિ-

ક્યના નિયમોમાં શો શો ફેર થશે, તેનો વિચાર કરવો જોઇએ.

પહેલાં તો વસ્તુઓના મુલમાં શો ફેર થશે, તેનો વિચાર કરવો જોઇએ. ઉદ્યોગ તથા કળાકૌશલ્યના વધારાથી ઉત્પત્તિમાં વધારો થશે; તે વધારો બે પ્રકારનો થશે; કાંતો એટલી ને એટલી મહેનતે વધારે ઉત્પન્ન થશે, અથવા એટલા ને એટલા ઉત્પન્ન માટે થોડી મહેનતનો ખપ પડશે; બંને રીતે માલનું ઉત્પત્તિ ખરચ ઘટશે. હવે દેશમાં બધા ધંધેદારો વચ્ચે જો પૂર્ણ સ્પર્ધા ચાલતી હશે, તો ઘણી ખરી શ્રમલભ્ય વસ્તુઓનાં મુલ આગલા પુસ્તકમાં કહ્યા મુજબ તેઓના ઉત્પત્તિ ખરચને પ્રમાણે થશે. માટે તેવા દેશોમાં કળાકૌશલ્યના વધારાથી કેટલીક શ્રમલભ્ય વસ્તુઓનું ઉત્પત્તિ ખરચ ઘટશે, ને તેને લીધે તેઓનું મુલ પણ બીજી વસ્તુઓ પ્રત્યે ઘટશે. હવે જો બધી વસ્તુઓના ઉત્પત્તિ ખરચમાં ઘટાડો થશે, ને જો પ્રત્યેક વસ્તુમાં ઘટાડો સરખે પ્રમાણે થશે, તો મુલમાં કંઇ વધઘટ થશે નહી; કારણ આપણે આગળ કહી ગયા છીએ, કે બધી વસ્તુઓનાં મુલ સાથે લાગાં વધે કે ઘટે નહી; વસ્તુઓનાં મુલ આગળ પ્રમાણેજ રહેશે, પણ બધી વસ્તુઓ એક રીતે સસ્તી થશે; કારણ આગળ જેટલીજ મહેનત કર્યાથી બધી જણસો વધારે મળશે. આ પ્રમાણે પરિણામ સ્પર્ધાવાળા દેશોમાંજ થશે, એમ સમજવું નહી. જ્યાં સ્પર્ધા નથી, ત્યાં પણ એકજ ધંધાના કરનારાઓમાં સ્પર્ધા હોય છે. માટે તેવા દેશમાં જો કોઇ પણ જણસના ઉત્પત્તિ ખરચમાં ન્યૂનતા થશે, તો તે વસ્તુનું મુલ બીજી વસ્તુઓ પ્રત્યે ઘટશે; ને જો કોઇ પણ કારણથી બધી વસ્તુઓનાં ઉત્પત્તિ ખરચ ઘટશે, તો પરિણામ શો થશે? જ્યાં બધા ધંધેદારો વચ્ચે પૂર્ણ સ્પર્ધા હોય છે, ને જ્યાં ઉત્પત્તિ મજુરો માથે રાખી કરતા નથી, પણ મુડીદારો કરાવે છે, તેવા દેશમાં તો ઉપર કહ્યા પ્રમાણે વસ્તુઓનાં પરસ્પર મુલ આગળ જેવાંજ રહેશે. પણ હિંદુસ્તાન જેવા દેશમાં કે જ્યાં વેપારીઓમાં પૂર્ણ સ્પર્ધા છેજ નહી, ને જ્યાં ઘણાખરા ઉત્પાદકો માથે ઉત્પત્તિ કરે છે, ત્યાં આવી રીતનો પરિણામ થશે, એમ કહેવાય નહી; કારણ બધી વસ્તુમાં સરખો પરિણામ થશે નહી. પરંતુ આગળના કરતાં મુલમાં ફેરફાર થશે ને કેટલીકનાં મુલ ઘટ્યાં લાગશે, ને કેટલીકનાં વધ્યાં લાગશે, પણ બધી જણસ એક રીતે સસ્તી પડશે; કારણ થોડી મહેનતથી બધી મળી શકશે.

હવે મુલમાં તો આ પ્રમાણે ફેર થશે, પણ કિંમતમાં શી રીતનો ફેર થશે, તે વિચારવું જોઇએ. આગળની માફક સ્પર્ધાવાળા દેશ વિષે પહેલો વિચાર કરો. તેવા દેશમાં જો બીજી વસ્તુઓની માફક સોના રૂપાનું ઉત્પત્તિ ખરચ ઘટ્યું નહી હોય,

તો સોનારૂપા પ્રત્યે બીજી બધી વસ્તુઓનાં મૂલ ઘટશે, ને તેઓ પ્રત્યે સોના રૂપાનું મૂલ વધશે; એટલે કે બધીઓની કિંમત ઘટશે. પણ જો બીજી વસ્તુઓના પ્રમાણમાં સોના રૂપાનું ઉત્પત્તિ ખરચ ઘટ્યું હશે, તો તે વસ્તુઓ પ્રત્યે સોના રૂપાનું મૂલ આગળ પ્રમાણેજ રહેશે; એટલે કિમ્મતમાં કંઇ પણ ફેર થશે નહીં. રૂપીઆનો જેટલો માલ આવતો હશે, તેટલોજ આવશે; પણ રૂપીઓ થોડી મહેનતે મળશે, ને માલ પણ થોડી મહેનતે થયો હશે, એટલો બંનેને લાભ. જ્યાં સ્પર્ધા નહીં હોય, તેવા દેશમાં જો સોના રૂપાનું ઉત્પત્તિ ખરચ ઓછું થયું નહી હોય, પણ બાકીની બધી વસ્તુઓનું થયું હશે, તો બધી વસ્તુઓ પ્રત્યે સોના રૂપાનું મૂલ વધશે, એટલે કિમ્મતોમાં ઘટાડો થશે. પણ બધી વસ્તુઓની કિંમતોમાં સરખો ઘટાડો નહી થાય; કારણ બધીઓનાં પરસ્પર મૂલ સરખે પ્રમાણે ઘટવાં નથી. પરંતુ જો સોના રૂપાનું ઉત્પત્તિ ખરચ પણ ઘટ્યું હશે, તો કેટલીક વસ્તુઓની કિંમત આગળ જેટલીજ રહેશે, ને કેટલીકની વધશે ઘટશે. સમજુ વાંચનાર આ અનુમાન પોતાની મેળે સિદ્ધ કરી શકશે.

હવે કળા કૌશલ્યની વૃદ્ધિથીજ ઉપર પ્રમાણે ઉત્પત્તિમાં વધારો તથા મૂલ ને કિંમતમાં ફેર થાય છે, એમ સમજવાનું નથી. ઉત્પત્તિના વધારાનાં બીજાં ઘણાં કારણ છે. દિનપરદિન સર્વત્ર માલમતાની નિર્ભયતા વધતી જાય છે, ને તેથી ઉત્પત્તિમાં ઘણો વધારો થાય છે. પરદેશ સંવ્યવહાર પણ કડકડાટ વિસ્તાર પામતો જાય છે, ને તેથી ઉત્પત્તિનાં સ્થળ બદલાઇને દુનીઆની જુમલે ઉપજ વધે છે. પરદેશ નિવાસ કરવાનો ચાલ વધતો જાય છે, તેથી પણ ઉત્પત્તિ દિનપરદિન વધતી જાય છે, ને એ વૃદ્ધિની હાલ કંઇ સીમા બતલાવી શકાતી નથી.

બધી વસ્તુઓનું ઉત્પત્તિ ખરચ દિનપરદિન સુધારાને લીધે સદાય ઘટવુંજ જશે, એમ કહી શકવાને આધાર છે ખરો? આપણે આગલા પુસ્તકોમાં ઘણીવાર કહી ગયા છીએ, કે ક્ષેત્રજ (એટલે ખેતરમાં ઉત્પન્ન થએલા) પદાર્થોનું ઉત્પાદ્ય ખરચ હમેશ વધતું જાય છે, ને એકની એક જમીનમાં વધતી મહેનત પ્રમાણે પાક વધતો નથી. ક્ષેત્રજ પદાર્થમાં મુખ્ય અનાજ છે, માટે અનાજ વિશે આ વાત મુખ્યત્વે કરીને લાગુ છે. હવે અનાજની કિંમત હમેશ વધ્યાજ કરે, એવો કંઇ અનાજમાં અંતર્ગત ગુણ નથી. ઉત્પાદ્યમાં ઉપર લખેલાં સર્વ કારણોથી વધારો થયા છતાં, જો વસ્તિ એટલી ને એટલી રહે, તો આગળ જેટલોજ અનાજનો ખપ રહે; ને અનાજના ઉત્પત્તિ ખરચમાં તથા મૂલમાં કંઇ વધારો થાય નહી. અનાજનું ઉ-

ત્પત્તિ ખરચ વધે છે, તે વસ્તિના વધવાથી વધે છે; તે ન વધતી હોય, તો ઉત્પત્તિમાં સુધારો થવાને લીધે માણસ જાતની સ્થિતિ ઘણી સુધરે, ને માણસ જાતને ઉત્પત્તિમાં સુધારો થયાનો પૂર્ણ ફાયદો મળે. ત્યારે હવે એટલું જોવાનું રહ્યું કે સુધારાની જોડે વસ્તિમાં વધારો થશે કે નહો, ને થશે તો કેટલો થશે? કારણ ઉત્પત્તિમાં સુધારો થાય, તેની જોડે વસ્તિમાં જો વધારો થાય, તો પરિણામ એટલોજ થાય કે બીજી વસ્તુઓના જેટલી અનાજની કિંમત ઘટે નહી, અથવા વખતે બિલકુલ ઘટે નહી, અથવા ઘટવાને બદલે ઉલટી વધે.

માટે માણુસની દ્રવ્યવિષયક સ્થિતિ બે સામસામાં બળને આધારે છે: એક તરફથી સુધારાની વર્ધમાન ગતિ થવાથી માણસને બધી વસ્તુ થોડી મહેનતે પુષ્કળ મળતી જાય છે; ને બીજી તરફથી વસ્તી વધવાથી અનાજની ઉત્પત્તિ વિશે વધારે વધારે મહેનત પડતી જાય છે. બધા દેશોમાં ઘણું કરીને ઉત્પત્તિનો વધારો થવાથી વસ્તિ વધ્યા વગર રહેતી નથી. કોઇ પણ દેશમાં વસ્તિ ને સુધારો એ બેમાંથી કોનું બળ વધારે છે, તે એકદમ કહી શકાય નહીં: કેટલેક ઠેકાણે બેનું બળ સમાન હોય છે: એટલે બેમાંથી એકેમાં વૃદ્ધિ થતી નથી, અથવા થાય છે તો સરખી થાય છે. કેટલાકમાં વસ્તિનું બળ વધારે હોય છે, ને કેટલાકમાં સુધારાનું વધારે હોયછે. કોઇ પણ દેશમાં બેમાંથી કયાની સત્તા વધવા ઉપર છે, તે નક્કી કરવું હોય, તો મજુરને દરરોજની મજુરી બદલ અનાજ વગેરે સુખાકારીના પદાર્થ મળે છે, તે ઉપર નજર કરવી. જો તે આગળના કરતાં વધારે હોય, તો વસ્તિ ઘટી છે: ઘટારા ઉપર હોય તો, તે વધી છે, ને આગળ જેટલુંજ હોય, તો વસ્તિ એટલી ને એટલીજ રહી છે, એમ સમજવું.

સુધારાથી વસ્તુઓની ઉત્પત્તિ વિશે કેવો અસર થાય છે, તે આ ઉપરથી સમજવામાં આવ્યું હશે. એથી ઘણીખરીઓનું ઉત્પત્તિ ખરચ તથા તેને લીધે મૂલ ઘટે છે; પણ અનાજનું થોડું ઘટે છે; ને વખતે વધે છે. હવે સુધારાથી વસ્તુઓના ભાવની ચઢ ઉતર ઉપર કેવી અસર થાય છે, તેનો આપણે વિચાર કરવો જોઇએ. જે દેશોમાં ઉત્પત્તિનાં સાધનો સુધારામાં ઘણાં આગળ ચાલ્યાં નથી હોતાં, તે દેશોમાં ઘણીવાર એમ બને છે, કે એક વરસ એક ભાગમાં અનાજ તથા માલની પુષ્કળ છૂટ, ને બીજે વરશે ઘણીજ તંગી. રેલવે થયા પહેલાં આપણે અહીંજ આવું હતું. એક વરસ અનાજ સારૂ પાકે, તો તે ઘણું સોઘું વેચાય, પણ બીજે વરશે પાકમાં ખામી પડે, તો દુકાળ જેવું થઇ જાય. હાલ રેલવે, હોડીઓ, સા-

રા રસ્તા, તથા સાહસિક વેપારીઓ હોવાથી ઘણું કરીને મૂલમાં ઘણી ચઢ ઉતર થતી નથી, ને એક વરસ અતિશય સોંઘવારી, ને બીજે વરસ અતિશય મોંઘવારી, એમ પણ બનતું નથી. આ વાત અનાજને વિશેષે કરીને લાગે છે; પણ અનાજનેજ લાગુ છે, એમ ન સમજવું. બીજી બધી તરેહના માલ વિષે એક વરસ અથવા એક ઠેકાણે કંઈ ભાવ, ને બીજે વરસ અથવા બીજે ઠેકાણે કંઈ ભાવ, એમ બનતું; તે બધી તરેહના માલની કિંમત હાલ વધારે સ્થાયી રહે છે. આ સ્થાયિત્વનાં મુખ્ય કારણ તો ઉપર જણાવેલાંજ છે; પણ તે સિવાય બીજું એક કારણ છે. જેમ જેમ સુધારાની વૃદ્ધિ થાય છે, તેમ તેમ કેટલાક માણસોના હાથમાં ઘણી મુડી આવે છે. હવે આમાંના કેટલાકનો ધંધોજ એ હોય છે, કે કોઈ જણસ સોંઘી થાય, એટલે લેવી, ને મોંઘી થાય એટલે વેચવી. આવા વેપારીઓને તર્કબાજ વેપારીઓ કહીએ તો ચાલે. તેઓ સોંઘવારીમાં માલ સસ્તો જોઈ ખરીદવા માંડે છે, તેથી માલની બજારમાં છત ઓછી થવાથી કિંમત જરા વધે છે, ને તેના ઉપભોગમાં થોડી ન્યૂનતા થાય છે. પણ આ ખરીદીથી કોઈને નુકસાન નથી; કારણ જો એવા કોઈ ખરીદદાર ન હોત, તો માલ ઘણો સસ્તો વેચાત, ને લોક સસ્તો જોઈ બગાડ ઘણો કરત; તે બગાડો આવી ખરીદીથી બંધ થઈ જાય છે; ને જ્યારે આવતે વરસ માલની આવક થોડી થાય છે, ત્યારે પેલો ખરીદેલો માલ બહાર નીકળે છે, ને લોકને તમામ માલ સસ્તો મળે છે. આ ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે, કે ફડીઆનો ધંધો લોકને ઘણો ઉપયોગી છે; ને લોક તેમને મોંઘવારીના વખતમાં જે ભાંડે છે, તે ખોટું ભાંડે છે. લોક એમ સમજે છે, કે ફડીઆ પોતે જાણી જોઈને મોંઘવારી કરે છે, પણ ફડીઆથી આવી મોંઘવારી સ્પર્ધા હોય તો કરી શકાતી નથી. જે માલ પોતાની પાસે હોય તે મોંઘો વેચવો ધારે, તો તેમ તેમનાથી થઈ શકે નહીં; કારણ જ્યાં લગી બધામાં એક્કો ન હોય, ત્યાં લગી એક ફડીઓ ભાવ વધારવા જાય, તો બીજો ઘટાડે, એટલે કોઈથી વધારી શકાય નહીં. એક્કો કરી વધારવા જાય, તો એક્કો નભી શકે નહીં; કેમકે દાણાનો રોજગાર તો ઉઘાડા રોજગાર જેવો છે, ને તેમાં દાણાના ઉત્પાદક જે ખેડુત તે સામેલ થઈને એક્કો તોડી નાંખે એટલુંજ નહીં, પણ ઘણા બીજા ધંધાના લોક પણ એ ધંધામાં પડી એવોજ પરિણામ ઉત્પન્ન કરે. આ વાત કાંઈ કલ્પિત નથી. જ્યારે ગુજરાતમાં આશરે બાર વરસ ઉપર દાણાની ખરી મોંઘવારી ચાલવા માંડી હતી, ત્યારે ઘણા ગ્રાહિત સખસો એ ધંધામાં પડ્યા હતા. પણ કોઈ એમ કહેશે, કે વેપારી પોતે જાતેજ ખરીદી કરી દાણાનો ભાવ ચઢાવી દે.

હવે તે પણ બનવું મુશ્કેલ છે. જ્યાં લગી વેપારી પોતેજ દાણા હોરેજ જાય, ત્યાં લગી તો ભાવ ચહડતાજ જાય, ને દાણાનો ભાવ વધતો જોઇ સર્વ કોઇને એમ લાગે કે વેપારીને નફો ઘણો પરવડશે, ને વળી એ ભાવ ચહડવાનાં દરમીઆનમાં જે લોક ખરીદી કરે, તેઓને મોંઘવારી નડે ખરી. પણ આવી રીતે સટ્ટો કરી ચહડાવેલો ભાવ લાંબો નભે નહીં. ખપ ને છતના પ્રમાણ કરતાં જેટલો વધારાનો ભાવ હોય, તે બધો સટ્ટાનો ભાવ ગણવો જોઇએ. જ્યારે ઘણો માલ હોર્યા પછી પોતાના નફો મેળવવાને વાસ્તે વેપારી તે માલ વેચવા માંડે, ત્યારે તેણે ધારેલી કિંમત ઉપજે નહીં, તે બે કારણથી ન ઉપજે. એક તો મોંઘવારીથી ઉપયોગ ને ખપ કમી થાય તેથી, ને બીજું મોંઘો ભાવ દેખી બેહુતો પોતાનો સંઘરેલો દાણો વેચવા કાઢે તેથી; એટલે છત વધવાથી ને ખપ ઘટવાથી. વેપારીને ધારેલી કિંમત ન મળે, એટલે તે ભાવ ઉતારે. જ્યાં લગી ખપ ને છત બરોબર થાય, ત્યાં લગી ભાવ ઘટેજ જશે, ને જેટલો ભાવ ચહડ્યો હશે તેટલો ઉતરશે, એટલુંજ નહીં પણ એથી પણ વધારે ઉતરશે; કારણ નવો માલ આવ્યાથી છતમાં ઘણો વધારે થયો હશે; ને પડતા બજારમાં ખરીદનાર પણ થોડા મળે. પરિણામે વેપારીને પોતે ચહડાવેલા ભાવના વધારા બરોબર ખોટ આવશે, તેટલુંજ નહીં પણ તેથી વધારે ખોટ આવશે; ને પોતે ખરીદી કરી મોંઘવારી કરવાનો જો તેનો વિચાર હોય, તો તે સિદ્ધ થાય નહી.

પણ જો કોઇ પણ કારણથી-પછી કતો છત કમી થવા વકી કે ખપ વધવાથી-ભાવ ચહડવાનો સંભવ હોય, ને તે સંભવ આગળથી જાણીને વેપારી માલની ખરીદી કરીને ભાવ વધારે, તો તેથી લોકને ફાયદો છે. વેપારીની ખરીદી શરૂ થવાથી મોંઘવારી આવ્યા પહેલ ભાવ વધવા માંડે છે, ને તેથી લોકને જરા નુકસાન થાયછે; કારણ મોંઘવારી નહી છતાં મોંઘવારીના ભાવ ખરચવા પડે છે. પણ આખરે નુકસાન કરતાં ફાયદો વધારે થાય છે; કારણ મોંઘવારી વહેલી શરૂ થવાથી લોકો પોતાનો વરો કમી કરે છે, ને વરો કમી થવાથી થએલો ઉગારો આગળ જતાં કામ આવે છે, ને તેથી તે વખત મોંઘવારી લોકને બહુ પીડતી નથી. આ પ્રમાણે ઘણા ખૂટકાનો સંભવ જોઇને ફડીઆઓએ પોતે ખરીદી કરીને વરો કમી ન કરાવ્યો હોત તો, લોક ખૂટકાનો વખત આવતાં સુધી મોકળે હાથે વાવર્યા કરત; પણ તેથી ખૂટકા વખત અતિશય ભીડ પડી બધાના હાથ સખત થઇ જાત. આ પ્રમાણે અગમચેતીથી ખરીદી કરવાથી ફડીઆને વખતે ઘણો નફો મળે છે.

આ ઉપરથી એમ અનુમાન નિકળે છે, કે ફડીઓ જ્યારે બુદ્ધિ વાપરી વેપાર

કરે, ત્યારે તેના વેપારથી તેને જાતને ફાયદો થાય, ને લોકને પણ ફાયદો થાય; ને જ્યારે તેઓ સટ્ટો કરી ભાવ વધારી દે, ત્યારે તેઓને ખોટ આવે, ને લોકને પણ નુંકસાન થાય. લોકોને ફાયદે તેઓને ફાયદો છે, ને નુકસાને તેઓને ઘણું નુકસાન છે, માટે સારો રસ્તો એજ છે, કે તેઓના ધંધામાં સરકારે વચ્ચે પડી કંઈ ડખ્ખલ નાંખવી નહી, પણ બીજા ધંધાદારની પેઠે તેઓને પણ માલ લેવા વેચવાને મોકળા રાખવા.

ત્યારે એમ સિદ્ધ થયું, કે સુધારો વધવાથી એક રીતે મૂલ તથા કિંમતની ચઢ ઉતર ઘણી થોડી થાય છે; કારણ સુધારાથી માલ લઈ જવા લાવવાનાં સાધનો ઘણી પકવ હાલતમાં આવે છે, ને પુરૂષોમાં પણ વેપાર વિષે સાહસબુદ્ધિ વધતી જાયછે; પણ બીજી રીતે સુધારાથી આથી ઉલટો અસર થાય છે; કેમકે સુધારાની જોડે ઘણું કરીને સટ્ટાબાજી એટલે તર્ક ઉપરથી વેપાર કરવાની રીત પ્રસરતી જાય છે, ને આ રીતથી ભાવની ચઢ ઉતર પ્રસંગે ઘણી થઈ જાય છે.

प्रकरण २ जुं.

નફા, ભાડા ને મુસારા ઉપર સુધારાથી થતી અસર.

દ્રવ્યવિષયક સ્થિતિ સુધરતી જતી હોય, તેનાં મુખ્ય લક્ષણ ત્રણ જોવામાં આવે છે. મુડી વર્ધમાન હોય છે; વસ્તી પણ વર્ધમાન હોય છે; ને ઉત્પત્તિના હુન્નરો તથા કૌશલ્ય સુધરતાં હોય છે. આ ત્રણે કારણોની સાથે લાગી રહ્યાથી નફા ઉપર શો અસર થાય છે, ભાડા ઉપર શો અસર થાય છે, ને મુસારા ઉપર શો અસર થાય છે, તેનો વિચાર કરવો જોઈએ. પણ એ ત્રણેના સંયુક્ત અસર વિષે વિચાર કર્યા પહેલાં તેમાંના પ્રત્યેક કારણનો પૃથક્ પૃથક્ અસર કેટલો છે, તેનો વિચાર કરવો જોઈએ; ને તે કર્યા પછી તેઓના સંયુક્ત અસર વિષે વિચાર ચલાવીશું.

ત્યારે પહેલ વેહેલું આપણે એમ ધારો કે મુડી અને ઉત્પત્તિના હુન્નરો સ્તબ્ધ રહ્યાં છે, તેઓમાં કંઈ વૃદ્ધિ થઇ નથી; પણ વસ્તી વધી છે. હવે નફામાં મુસારામાં, ને જમીન ભાડામાં શો ફેર થશે તે આપણે વિચારો. આ વિચારમાં એવી કલ્પના કરી છે, કે દ્રવ્યવિભાગ વિલાયતની રૂઢિ પ્રમાણે ચાલે છે, ને મુડીવાળાઓ નફાને વાસ્તે મજુર પાસે ઉત્પત્તિ કરાવે છે, ને જમીનદાર ખાનગી પુરૂષો હોય છે; ને તે બધા વચ્ચે દ્રવ્યવિભાગ સ્પર્ધાના નિયમ પ્રમાણે થાય છે. આ-

પણ દેશમાં આ પ્રમાણે દ્રવ્યવિભાગ થતા નથી, એવું આગળ કહેલું છે: તેથી સુધારાથી આપણે અહીં શો ફેર થશે, તેનો વિચાર પછી કરીશું.

ત્યારે હવે એમ ધારો, કે વિલાયત જેવી સ્થિતિના દેશમાં વસ્તી વધી, ને મુડી તથા ઉત્પત્તિનાં હુનરો એમનાં એમ રહ્યાં. કોઈ પણ દેશમાં વસ્તિનો ઘણો ભાગ મજુર લોક હોય છે, ને તેમના મુકાબલે બીજા બધા ઘણા થોડા હોય છે, માટે વસ્તિનો વધારો એટલે મજુર લોકનો વધારો એમ કહીએ તો ચાલે. વસ્તિના વધારાનો લાગલો પરિણામ એ થશે, કે મજુરની સંખ્યા વધ્યા છતાં મુડીમાં વધારો થયો નથી, તેથી બધા મજુરને મજુરી મળશે નહી. પણ બધાને ગુજરાનની ગરજ રહી, માટે મજુરોમાં પડાપડી ચાલશે, ને એ પડાપડીથી મજુરીનો દર ઘટશે. મજુરીનો દર ઘટવાથી મુડી વાળાને નફો વધારે મળશે, કારણ તેને મજુરોને માટે આગળ જેટલીજ કિંમત આપવી પડશે, ને આ પ્રમાણે મજુરીનો દર બધા ધંધામાં ઘટ્યો હશે, તેથી બધા ધંધામાં નફાનો દર વધશે.

વસ્તિના વધારાનો લાગલો પરિણામતો આ પ્રમાણે થશે. હવે થોડા કાળ પછી પરિણામ શો થશે, તે આપણે વિચારવું જોઇએ. જો વધારાની વસ્તીને વધારે ખોરાકનો ખપ નહી હોય. એટલે કાંતો તેઓ ઓછા ખોરાકથી સંતોષ માની બેશી રહેશે, અથવા બીજી ગમેતે રીતે તેને વધારે અનાજનો ખપ નહી પડે તો, ઉપર પ્રમાણે નફાનો દર બધા ધંધામાં વધશે, ને તેટલોજ મુસારાનો દર ઘટશે; પણ જમીન ભાડું આગળ પ્રમાણે રહેશે. પણ જો ઉપર પ્રમાણે હકીકત નહી હોય—જો મજુરો વધારે અનાજની ઇચ્છા રાખશે, ને તે ઇચ્છા પૂર્ણ કરવાને માટે પોતાની ઉપયોગની બીજી વસ્તુઓમાં ઘટારો કરશે, તો પછી શો પરિણામ થશે? વધતી વસ્તીને માટે આગળ કરતાં વધારે અનાજ જોઇશે. પણ કોઈ પણ મુડીવાળો તે વધારાનું અનાજ પેદા કરવા જશે, તો તેને તેમ કરવું પાલવશે નહી, કારણકે એ વધારાના માટે પ્રમાણમાં તેને ખરચ જાસ્તી બેસે, ને નફો તો બધાને સરખો મળે. પણ જો અનાજનો ભાવ વધે, તો પછી મુડીવાળાને તે ઉત્પન્ન કરાવવાનું પાલવે. હવે અનાજનો ભાવ વધ્યા વગર રહેનાર નથી, કારણ વધેલી વસ્તીને વધારે અનાજ જોઇએ છે; માટે મુડીવાળો વધારે ખરચ કરી નરસ જમીન ખેડાવશે, ને તેમાંથી જોઇતું અનાજ પેદા કરશે, તો તે અનાજ નરસ જમીનના ઉત્પત્તિ ખરચ પ્રમાણે વેચાશે, ને તે જમીન ખેડાવનારને નફો પાલવશે. પણ આગલા પુસ્તકમાં કહેલા નિયમ પ્રમાણે તે વધારો જમીનદાર ભાડા દાખલ લઈ શકશે. આવો વધારો બધા જ-

મીનદારોને મળશે; ને બધે જમીન ભાડું વધશે, કારણ બધે આગળ કરતાં અનાજનું મૂલ વધારે ઉપજશે.

આ ઉપરથી સિદ્ધ થાય છે, કે વસ્તિના વધારાથી જો વધારે અનાજનો ખપ પડશે, તો જમીન ભાડું વધશે. હવે નફો વધશે કે નહી, તેનો વિચાર કરવો જોઇએ. જો વધારે અનાજનો ખપ બિલકુલ પડે નહી, તો વસ્તિના વધારાનો બધો લાભ મુડીદારને મળે. પણ વધારે અનાજનો ખપ ઘણું કરીને પડે છેજ માટે તે વધારાના અનાજ માટે પ્રમાણમાં વધારે મજુર રાખવા પડશે; એટલે ઉત્પતિ ખરચમાં વધારો થશે. પણ વસ્તિ વધવાથી મજુરીનો દર ઘટ્યો હશે; તેથી આ ઉત્પતિ ખરચનો વધારો વખતે મુસારાના ઘટારાથી થોડો થાય, એટલે મુસારો ઘટ્યાનો લાગ ઘણા મજુર રાખવાથી વળી જાય નહી. આવું થાય ત્યારે મુડીવાળાના નફામાં થોડો વધારો પડ્યો રહે ખરો. પણ વખતે મુસારાનો દર ઘટવાથી જેટલું ખરચ ઉગરે, તે બધું ઘણા મજુર રાખવા પડવાથી ખરચી નાંખવું પડે; આવું થાય ત્યારે મુડીવાળાને કશો વધારે નફો ચાલવે નહી, ને જમીન ભાડું વધે. મજુરોને મજુરી ઓછી મળવાથીજે આદ પડી તે બે રીતે પડી: એક તો ખોરાકને વાસ્તે મહેનત કરવી પડી તેથી, ને બાકીની ભાડું વધ્યું તેથી.

વસ્તિ વધવાથી દ્રવ્યવિભાગમાંશો ફેરફાર થશે, તે તો આપણા જોવામાં આવ્યું. હવે મુડી વધવાથી શો ફેર થશે, તે આપણે વિચારવું જોઇએ. આગળની માફક એમજ ધારવું જોઇએ, કે મુડી એકલી વર્ધમાન છે; ને વસ્તિ તથા ઉત્પત્તિની કળાઓ સ્થિર છે. હવે મુડી વધશે, એટલે મુડીવાળાઓ તે ઉપર નફો કમાવાને પ્રયત્ન કરશે, એટલે તેઓ તે મુડીને કોઇ પણ ધંધામાં નાંખવાને માથાકૂટ કરશે: પણ વસ્તિ એટલી ને એટલી છે, માટે તેઓને મજુર આગલે ભાવે મળશે નહી. મુસારાનો ભાવ વધશે ને તે મુડીના વધારા જેટલોજ વધશે; ને વધારાની મુડી મજુરોમાં વહેંચાઇ જશે. અથવા આનો આ પરિણામ બીજી રીતે સિદ્ધ કરી શકાય. હમેશ બધી જંગમ મુડી બધા મજુરો વચ્ચે વહેંચાઇ જાય છે: માટે જો મજુર એટલા ને એટલા રહ્યા છતાં મુડી વધશે, તો તેનો ફાયદો મજુરોને મળશે. મજુરોને જો આગળ પુરૂ ખાવા નહી મળતું હોય, તો તેઓ હવે પેટ ભરીને ખાશે; તે વધારાનું અનાજ નીપજાવતાં મુડીવાળાને બે રીતનો ગેર ફાયદો થશે. એક તો અનાજના પ્રમાણમાં વધારે મજુરી જોઇશે, ને બીજુ તે મજુરીનો દર ભારે આપવો પડશે. વળી નીચી જમીન ખેડાણ થવાથી આગળની બધી ઉંચી જમીન ઉપર

ભાડું વધશેઃ ને આ બે પ્રકારે નફાનો દર ઘટશે. ત્યારે મુડી વધવાનાં આ પ્રમાણે બે પરિણામઃ એક તો મુસાગના દરનો વધારો, ને નફાનો ઘટારો: ને જો વધારે અનાજનો ખપ પડશે, તો ભાડાનો પણ વધારો. જો મજુરોને વધારે અનાજનો ખપ નહીં હોયતો, ભાડું નહીં વધેઃ પણ નફોતો નક્કી ઘટશે, ને મુસારો નક્કી વધશે. પણ ઘણું કરીને અનાજનો ખપ વધવાનો, તેથી ઘણું કરીને પહેલો પરિણામ થશે.

વસ્તિને મુંડી એ બેનો પૃથક્ પૃથક્ વધારો થાય છે, એમ ધારી આપણે દ્રવ્ય વિભાગમાં શો ફેર થશે તેનો વિચાર કર્યો. હવે બેમાં સાથેલાગો વધારો થાય છે, એમ ધારી વિચાર કરવો જોઇએ; ને તે વધારાની વખતે ઉત્પત્તિનાં હુનર સ્થિર રહે છે, એમ ધારો. હવે જો બેમાં ઓછો વધતો વધારો થાય ત્યારે, તે તો આગળના પ્રકાર સરખું થયુંઃ કારણ જો વસ્તિ કરતાં મુડીનો વધારો ઘણો થાય, તો એમજ થયું કે વસ્તિ સ્થિરછે, ને મુડીનો વધારો બેની વૃદ્ધિના તફાવત બરોબરછે; તેમજ મુડી કરતાં વસ્તિનો વધારો વધારે હોય, તો એમજ થયું કે મુડી સ્થિરછે, ને વસ્તિનો વધારો બેની વૃદ્ધિના તફાવત બરોબરછે. માટે આ બંને પ્રકારની વૃદ્ધિ સરખી હશે, તો આગળ કહ્યા પ્રમાણે પરિણામ શો થશે, તે વિચારવું જોઇએ. હવે બેની વૃદ્ધિ સરખીછે કે નહીં એની પરીક્ષા શી? એની પરીક્ષા એટલી એજછે, કે મજુરીનો દર એનો એ રહે; એટલે જો મજુરને મેહેનત બદલ આગળના જેટલીજને જેવીજ જણસો મળે, તો બેની વૃદ્ધિ સરખીછે, એમ ગણી શકાય; કારણ જો મુડી કરતાં વસ્તિનો વધારો ઘણો થાય, તો મજુરી ઘટે, ને મુડીનો વધારો વસ્તિના વધારા કરતાં ઘણો થાય તો મજુરી વધે. પણ જો બેનો વધારો બરોબર થાય, તો મજુરીનો દર એનો એજ રહે, એ ઉઘાડું છે.

મુડીને વસ્તિની સરખી વૃદ્ધિથી મજુરીનો દર તો આગળ મુજબ રહે, પણ ભાડાને નફા ઉપર શો અસર થશે, તે વિચારવા જોગછે. વસ્તિને મુડી વધવાથી બધા મજુરોનો ઉપભોગ આગળ પ્રમાણે રહ્યો, તેથી વધારે અનાજની ફરજ પડશે; તેથી નરસ જમીન ખેડવી પડશે. તે જમીન ખેડવાને પ્રમાણમાં વધારે મજુર જોઇશે, ને મુડીવાળાએ મજુરી આગળ પ્રમાણે આપવી પડશે. તેથી નફાનો દર ઘટશે, ને નરસ જમીન ખેડાઇ, એટલે એથી બધી ચઢીઆતી જમીનનું ભાડું વધશેઃ માટે વસ્તિને મુડીનો સાથેલાગો સરખો વધારો થવાથી નફાનો દર ઘટશે, ને ભાડાનો દર વધશે. પરંતુ નફાનો દર ઘટશે, એ ઉપરથી એમ નહીં સમજવું કે નફા તરીકે વહેંચવામાં આવતું દેશનું દ્રવ્ય આગળ

ના કરતા ઓછું થશે, કારણ મુડી ઘણી વધી છે, તેથી નફાનો દર ઘટે, તોપણ તે ઉપર એકંદર નફો આગળથી વધારે હોય.

આ બેની સાથેલાગી વૃદ્ધિનો અસર તપાસતી વખતે એમ કલ્પના કરેલી છે, કે ઉત્પત્તિનાં હુનર સ્થિરછે. પરંતુ તેવું હોતુ નથીઃ માટે ઉત્પત્તિનાં હુનરની પણ વૃદ્ધિ થતી હોય, તો દ્રવ્ય વિભાગ કેવો થશે તે વિચારવું રહ્યું. આગળની માફક પહેલી કલ્પના એવી કરો કે વસ્તિ ને મુડી સ્થિરછે, ને ઉત્પત્તિનાં હુનરમાં સુધારો થયો. ઉત્પત્તિનાં હુંનર અનેક તરેહનાં છે, ને તેમાં સુધારો અનેક તરેહનો થાય છે. જો તે સુધારો થવાથી મોજના પદાર્થોનુ ખરચ કમી થાય એવું હોય, તો તેથી કાંઈ દ્રવ્ય વિભાગમાં ફેર થાય નહીં; ને ભાડાનો, નફાનો, ને મજુરીનો દર આગળ પ્રમાણે રહે. જે વસ્તુનો ભાવ સસ્તો થાય, તે વસ્તુના ઉપભોગ કરનારાને ફાયદો પડે, ને ને તે વસ્તુમાં થોડી મુડીનો ખપ પડે, તથા તેમાં લાગેલી મુડીનાં વધારાનો ભાગ કોઈ નવે ધંધે વળગે.

પરંતુ જો ઉત્પત્તિમાં સુધારો બીજે રીતે થાય, ને તેથી ખેતીમાં પાક ઉપજાવવાની મહેનત કમી થાય, તો દ્રવ્ય વિભાગમાં ફેર પડે; પણ તે શી રીતનો થશે,તે વિચારવું જોઈએ. હવે અનાજની ઉત્પત્તિમાં સુધારો બે રીતનો થાયછે; એક તો સુધારાને લીધે જમીન જેટલી ખેડવી પડતી હોય, તેટલી ખેડવી પડે,પણ ઉત્પત્તિ ખરચ થોડું બેસે છે; ને બીજો પ્રકાર એકે સુધારાને લીધે ઓછી મહેનત કરવી પડે, એટલુંજ નહીં, પણ થોડી જમીનમાંથી પાક વધારે થઈ શકે. આપણા દેશમાં બધી જમીન સરકારની છે, માટે જમીન ભાડું સ્પર્ધાના નિયમથી નક્કી ઠરતું નથી, પણ સરકારની મરજીમાં આવે એટલું ઠરે છે, માટે આપણા જેવા દેશમાં ભાડા વિશે કાંઈ નિયમ આપી શકાય નહીં. પણ જે દેશોમાં જમીન ખાનગી પુરૂષોની છે, તેવા દેશમાં સુધારો થવાથી જમીન ભાડું, બેમાંથી ગમે તે પ્રકારનો સુધારો થયો હશે, પણ ઘટશે ને ઘટશે; કારણ કે સુધારાથી ઉત્પત્તિ ખરચ ઘટશે, તે ઘટશે એટલે એટલોને એટલો માલ થોડે ખરચે પેદા થશે. હવે તે માલ થોડી કિમ્મતે વેચાશે, કેમ કે તેમ ન વેચાય તો ઉત્પન્ન કરાવનારને બીજા ધંધા કરતાં વધારે નફો પાલવે. પણ જ્યાં સ્પર્ધા હોય, ત્યાંહાં એમ બને નહીં. ઉત્પન્ન થએલા માલની કિમ્મત ઘટયા છતાં જો ઈજારદાર જમીનદારને એનું એ ભાડું આપ્યા કરે, તો તેને પોતાનો નફો પાલવે નહીં. માટે જમીન ભાડું ઘટયા વગર રહેશે નહીં.

હવે ઉત્પાદક અથવા મજુરીની મજુરોમાં શો ફેર થશે,તે વિચારવું જોઈએ.

સુધારો થવા પછી થોડા દિવસ તો ઉત્પાદકને આગળ જેટલાજ પૈસા મળ્યા કરશે. પરંતુ એટલાજ પૈસાનું આગળ કરતાં હાલ વધારે અનાજ આવેછે, તેથી ઉત્પાદકને મુસારો વધારે મળશે, ને તે વધારે સુખી થશે. પણ ખાવા પીવા ઠીક મળવાથી ઉત્પાદકને ઘણું કરીને થોડાકાળ પછી જેટલો મુસારો વધારે મળેછે, તેટલીજ તે પાછી પોતાની વસ્તી વધારશે, અને તેથી તેઓનો નાણારૂપે તથા ખરો મુસારો પણ આગળ જેટલોજ રહેશે, ને અનાજ સસ્તુ થવાથી તેઓને કાંઈ ફાયદો થશે નહીં. દરેકને નાણારૂપે થોડો મુસારો મળશે. મજુરીનો દર ઘટ્યા છતાં આગળ જેટલુજ ઉત્પન્ન રહેશે, માટે નફાનો દર વધશે. માટે ઉત્પત્તિના હુનરોમાં સુધારા થવાથી પરિણામ ત્રણ થશે. ઘણું કરીને નફો વધશે, ને મુસારાનો દર ઘટશે; અને જે દેશોમાં જમીન ખાનગી માલકત હોય છે, તેવા દેશોમાં જમીન ભાડું ઘટશે. ખોરાક વગેરેની ઉત્પત્તિમાં સુધારાથી જે કાંઈ અસર થાય છે, તેવીજ અસર ઉત્પાદકોના ખપની બીજી વસ્તુની ઉત્પત્તિમાં સુધારો થવાથી પણ થાયછે.

હવે જો આ સુધારાની ભેડેજ વસ્તિ તથા મુડીની વૃદ્ધિ થતી હશે, તો પરિણામ કેવો થશે? એક તરફ વસ્તિને મુડીની વૃદ્ધિ, ને બીજી તરફ ઉત્પત્તિમાં સુધારો, એ બેનાં પરસ્પર બળ ઉપર દ્રવ્ય વિભાગનો આધાર રહેશે. વસ્તિ અને મુડીના બળ કરતાં સુધારો વધારે જલદી જલદી થતો હશે, તો મુસારો ઘણું કરીને ઘટશે, નફાનો દર વધશે, ને જ્યાં જમીન ખાનગી મિલકત હશે, તે દેશોમાં ભાડું પણ ઘટશે. પરંતુ ઘણું કરીને સુધારાનો વેગ વસ્તિ તથા મુડીના વેગથી ઘણો ઉતાવળો નથી હોતો, કાંતો તેઓના દમોદમી રહેછે, અથવા સહેજ આગળ પડેછે, ને તેમ થવાથી જે અંતર પડેછે, તે અંતર વસ્તિ અને મુડી વધવાથી ભાગી જાયછે.

प्रकरण ३ जुं.

નફાના દરનું દિનપરદિન કનિષ્ઠતા ઉપર આવવું.

કોઈપણ દેશમાં ઉત્પત્તિને અર્થે દ્રવ્યનો સંઘરો કેટલો થશે, તેનો બે વાત ઉપર આધાર રહેછે. એક સંઘરો કરવાનો બુદ્ધિ ઉપર, ને બીજું સરકાર વગેરેના બો ઉપર. દેશ દેશમાં લુટાવા વગેરે નો બો જુદો જુદો હોય છે, તેથી એકતો નફાનો દર જુદો જુદો હોય છે. કોઈમાં દ્રવ્યને એટલો બધો ભય હોયછે, કે નફાનો દર પચાસ પચાસ ટકા હોય છે, ને કોઈમાં એટલો થોડો હોય છે, કે તે દર ચાર પાંચ ટકા

થો વધતો હોતો નથી. પરંતુ સંઘરો કરવો કે નહી કરવો, એ કાંઇ એને આધારે રહેતું નથી. સંઘરો કર્યો હોય, તેને લોકોપયોગી કામમાં વાપરવો કે નહી, તે એને આધારે ખરો. સંઘરો કરવો કે નહી, એ તો બીજીજ વાતને આધારે છે.લોકો ઘડપણને માટે, અથવા છોકરાંને માટે, અથવા બીજા કોઇપણ એવાજ કારણને માટે દૂર દૃષ્ટિ ચલાવી કેટલોક સંઘરો કરેછે; પરંતુ ઘણોખરો સંઘરો થાય છે, તે તાલેવર થવાની લાલચે થાય છે, ને તેમ થવાનો રસ્તો એટલો એજછે, કે વ્યાજ અથવા નફો ઉપજાવી દ્રવ્યનો સંઘરો વધારવો. હવે હમેશ બધા દેશમાં એવો એક નફાનો ને વ્યાજનો દર હોયછે, કે જેથી ઓછું મળે તો લોક સંચય કરવો બંધ કરે. હવે આ ઓછામાં ઓછો અથવા કનિષ્ઠ દર કેટલાક દેશમાં કાંઇ હોય છે, ને કેટલાકમાં કાંઇ હોય છે. કોઇમાં છ ટકાથી ઓછું વ્યાજ પાલવે, તો સંઘરો થતો બંધ થાય, ને વિલાયત જેવા દેશમાં ત્રણ ટકા પાલવે ત્યાં સુધી સંઘરો થયા કરે. હાલના કાળના સુધારાથી તે દર ઘટતો જાય છે. આનું એક મોટું કારણ એ છે, કે દિનપરદિન લૂટફાટ તથા જોર જુલમનો ભય ઘટતો જાયછે; ને બધાને મન એમ રહેછે,કે આપણી મહેનતનું ફળ આપણને નક્કી મળશે.આથી જોખમને લીધે જેટલો વધારે નફો મળતો હતો,તે બધો મળવો બંધ થયો; ને તેમાં કોઇને ખોટ નથી. બીજું દિનપરદિન જેમ માણસ સુધરતા જાયછે, તેમ દીર્ઘદૃષ્ટિ વધતી જાયછે; ને તેને લીધે પણ બધા સંઘરો કરેછે. વળી કાયદાનું અને સુધારાનું બળ થવાથી ઉદ્યોગ, આગ્રહ અને કરકસર સિવાય ઘણું દ્રવ્ય મળતું નથી. માટે એ ગુણો પ્રબળ થતા જાય છે. આ બધાં કારણોથી સંગ્રહ બુદ્ધિનું જોર વધે છે; અને સંઘરો કરવામાં જેટલાં જેટલાં વિઘ્ન છે, તે દૂર થતાં જાય છે.

હવે જ્યારે કોઇપણ દેશની આ પ્રમાણે મુડી વધતી જાય છે, ને વરસો વરસ ઉત્પન્ન ઘણું થતું હોયછે, ત્યારે તે દેશમાં નફાનો દર કનિષ્ઠતાને પહોંચવાની તૈયારીમાં હોય છે; ને દ્રવ્યનો સંઘરો બંધ થવાની પણ તૈયારી હોય છે. કનિષ્ઠતાને પહોંચવાની તૈયારી હોયછે, તોપણ વસ્તુત: નફાનો દર કનિષ્ઠતાને પહોંચતો નથી. આનાં કારણ ઘણાં હોય છે. એક તો દેશમાં જોઇએ એટલી રસાળ જમીન પડતર હોય, તો મુડીનો વધારો તે ખેડવાના કામે લગાડવામાં આવેછે. વખતે વધારાની મુડી પરદેશ મોકલવામાં આવેછે; તેથી વ્યાજનો દર ઊંચો ને ઊંચો રહેછે. વખતે નફાની યોજનાઓમાં તથા સટ્ટાઓમાં દ્રવ્યનો નાશ થાયછે. વળી ઉત્પત્તિની કળાઓમાં સુધારો થાયછે, તેથી પણ ઘણું કરીને નફાનો દર વધે છે. નફાનો દર વધવાથી

પાછો સંઘરો વધારે થાયછે; ને મુડી વધીને પાછો દર ઠેકાણે આવેછે. વળી દેશાવર જોડે વેપાર ચલાવાથી પણ દેશાવરની જણસો સસ્તી મળેછે. જણસો સસ્તી થાય તે પ્રમાણમાં જો મજુરોની સ્થિતિ ન સુધરે તો સસ્તાઈનો, ફાયદો વેપારીઓને મળે. આ બધાં વિરોધક કારણો ન હોય, તો જુના દેશમાં નફો કનિષ્ઠતાને જલદી આવી પહોંચે. વળી વહિવટમાં એમ બનેછે, કે જ્યારે પરદેશમાં નફાનો દર ઊંચો હોયછે, ત્યારે નફાનો દર કનિષ્ઠતા ઉપર આવી પહોચ્યા પહેલાં પણ મુડી પરદેશ જાયછે, ને દેશમાં મુડીનો વધારો થતો બંધ પડેછે.

આ વિચારો ઉપરથી એક બે અનુમાન સૂઝી આવે છે. જ્યારે જ્યારે દેશની મુડી પરદેશ મોકલવામાં આવેછે, ત્યારે કેટલાક પરોપકારી ગૃહસ્થો એમ બોલી ઉઠે છે, કે એથી દેશને મોટું નુકસાન છે. હવે જે દેશો ગરીબ છે, ને જેમાં મુડીની ઘણી ખોટછે, તેમાંથી જો મુડી પરદેશ મોકલવામાં આવે, તો નુકસાન ખરૂં. પણ તાલેવર દેશોમાંથી મુડી દેશાવર મોકલવામાં આવે, તેમાં કોઈને નુકસાન નથી. એવા દેશોમાં મુડીનો સંગ્રહો એટલો બધો થએલો હોયછે, કે જો થોડી જાય તો તેથી કાંઈ મુસારાના દરમાં ફેર પડતો નથી. વળી કાએમ મુડી ગઈ નહોત, તો નફાનો દર થોડી મુદતમાં કનિષ્ઠતા ઉપર આવત, ને પછી વધારાની મુંડી સટ્ટાસટ્ટીમાં નાશ પામત. તાલેવર દેશમાં જેમ પરદેશ મુડી મોકલવાથી નુકસાન નથી, તેમ લોકોપકારનાં કામોમાં-જેમ કે કેળવણી, ખેતીમાં સુધારો વગેરે-ખરચવાથી તેવા દેશોમાં નુકસાન નથી, એનું પણ કારણ ઉપર પ્રમાણેજ છે. વળી જંગમ મુડીને ખરચી સ્થાવર મુડી કરવાથી મજુરોને વખતે દુઃખ પડેછે, એવું પહેલા પુસ્તકમાં કહેવામાં આવ્યું છે, તે વિષે પણ એનું એજ કહેવાનુંછે. તાલેવર દેશમાં થોડી જંગમ મુડી-એ પ્રમાણે વાપરવાથી મજુરીઆત લોકને નુકસાન થતુ નથી, ને દેશને ઉત્પત્તિ સંબંધી ફાયદો થાય છે.

ઉપરના તર્કો ઉપરથી વળી એવું પણ સ્પષ્ટ અનુમાન નીકળે છે, કે મુડીના વધારાને અવધ છે; ને દ્રવ્યોત્પત્તિ મુડીને આધારે હોય છે, માટે તેના વધારાને પણ સીમા છે. દ્રવ્ય હમેશ વધ્યા કરનાર નથી. તાલેવર દેશોમાં મુડીનો જે વાર્ષિક વધારો થાય છે, તે જો દેશમાંને દેશમાં રહેતો હોય, તો મુડી વધી જવાથી નફાનો દર કનિષ્ઠતા ઉપર આવે, તેથી મુડીનો સંઘરો થતો બંધ પડે, ને તેથી દ્રવ્ય પણ વધતું બંધ પડે. જ્યારે દ્રવ્યની વૃદ્ધિ થાય નહીં, ત્યારે દેશ સ્થિરાવસ્થામાં આવ્યો કહેવાય. સ્થિરાવસ્થામાં દેશની હાલત માઠી થાયછે, એમ કેટલાક ધારે છે, પણ એ

સૂક છે. વર્ધમાન સ્થિતિમાં પણ જો વસ્તિ નિરંકુશ વધ્યા કરે, તો દ્રવ્ય તો ઘણું ઉત્પન્ન થાય, પણ લોકની હાલત માઠીને માઠી રહે, કારણ જેમ જેમ દ્રવ્ય વધે, તેમ વસ્તિ પણ વધે, એટલે બધાને ભાગે થોડું થોડું દ્રવ્ય આવે. ત્યારે વર્ધમાન દેશમાં પણ જો વસ્તિ ઉપર અંકુશ રહે, તો લોક સુખી થાય. હવે સ્થિરાવસ્થામાં પણ એમજ છે. તેમાં પણ જો વસ્તિ વિશે સંયમ રહે, તો પછી કોઇને આપદા નથી. વળી નિરંતર દ્રવ્ય વધારવાની પેરવીમાં રહેવું, એ કાંઇ મનુષ્યા દેહનું સાર્થક નથી. ઘણું દ્રવ્ય પેદા કરવામાં લાભ નથી, પણ દ્રવ્યના વિભાગ સારી રીતે થાય, એવી વ્યવસ્થા કરવી જોઇએ, કે બધાની હાલત સુખદાયક થાય. હાલ કેટલાક દ્રવ્યમાં રાળે છે, ને કેટલાકને ખાવા પીવાના સાંસા હોય છે, તેમ ન રહે, એવી ગોઠવણ કરવી જોઇએ. આમ થવાના બે રસ્તા છે, એક તો પ્રત્યેક પુરૂષ નિયમસર બ્રહ્મચર્ય રાખે, તથા આત્મસંયમ વાપરે, ને પછી કાયદામાં એવો પ્રતિબંધ કરવો જોઇએ, કે કોઇ માણસ વગર મહેનતે વારસા દાખલ આટલી રકમથી વધારે મેળવી શકે નહી. જો આ પ્રમાણે વ્યવસ્થા થાય, તો વર્ધમાનના કરતાં સ્થિરાવસ્થામાં માણસ જાતને વધારે સુખ પ્રાપ્ત થાય.

હજુ પણ ઉત્પત્તિની કળાઓમાં એટલો બધો સુધારો થવાનો જોગ છે, કે થોડા કાળ સુધી વસ્તિ વધ્યા કરે, તો તેથી કોઇને નુકસાન નથી. પરંતુ વસ્તિનો વધારો ઇચ્છવો હવે મુનાસબ નથી; કારણ હાલ જો વસ્તિ વધ્યા કરે, તો દુનીઆની બધી જમીન રોકાઇ જાય, ને માત્ર ખેતરો સિવાય બીજું કશું જોવામાં આવે નહીં. એકાંત વાસની જગ્યા પણ ન મળે, ને સૃષ્ટિની ખૂબસુરતી ઉપર વિચાર કરવાનો પ્રસંગ પણ ન રહે, ને ચોતરફ એકજ પ્રકારનો દેખાવ દૃષ્ટિએ પડે. માટે હવે તો વસ્તિ ન વધે તો સારૂં. સ્થિરાવસ્થામાં મનુષ્ય જાતનો સુધારો થતો બંધ પડશે, એમ ધારવું યોગ્ય નથી. હાલ જે ફિકરોમાં માણસ જાતનો જેટલો બધો ભાગ મગ્ન રહે છે, તે બધો ચિંતાથી મુક્ત થાય, તો માનસિક, નીતિવિષયક ને સંસારિક સ્થિતિમાં સુધારો હાલના કરતાં ઘણો વધારે ને વહેલો થાય. જો માણસ જાત આત્મસંયમ રાખી વૃદ્ધિ પામે નહીં, તોજ જ્ઞાન, કળાકૌશલ્ય, ને નવા નવા શોધના પૂર્ણ ફાયદા તેને મળે. હાલ તો આ બધાનો ફાયદો વેપારી લોકોને મળે છે, ઉત્પાદકોને મળતોજ નથી.

प्रकरण ४ थुं

મુડી, વસ્તિ ને જ્ઞાનના વધારાનો આપણા દેશમાં અસર.

પહેલાં તો એમ વિચારો કે એકલી મુડીનો વધારો થયો છે, પણ વસ્તિ અને કળાકૌશલ્ય સ્થિર છે. આપણા પ્રાંતમાં મુડીનો દર ધંધે ધંધે જુદો જુદો હોય છે, માટે મુડીના વધારાનો અસર પહેલ વહેલો તો જે ધંધામાં વૃદ્ધિ થઈ હશે, તે ધંધામાં થશે.તે ધંધામાં મુડી વધે, પણ મજુર આગળના જેટલા ને જેટલાછે,માટે તરત તો મજુરીનો દર વધશે. તે મજુરી જો એવા પ્રકારની હશે,કે બધા કારીગર લોક તેમાં લાભ લેવાને સામેલ થઈ શકે, તો મજુરીના સામાન્ય દરમાં પણ વૃદ્ધિ થશે. પણ આવી જાતના કસબ થોડાજ છે, માટે મુડીની વૃદ્ધિનો લાભ તેજ ધંધા-વાળા મજુરને ઘણું કરીને મળશે. હવે મજુરને મજુરી વધારે આપવી પડશે, તેથી તે ધંધાના મુડીદારને આગળના કરતાં ઓછો નફો પાલવવાનો જોગ છે. પરંતુ તે બનશે ત્યાં લગી ઓછો નફો ન લેતાં માલનું મૂલ વધારી પોતે આગળ જેટલોજ નફો પેદા કરવાને પ્રયત્ન કરશે. પણ માલની ખપતમાં આગળથી વધારો થયો નહીં હોય, માટે ભાવ વધારવામાં આવશે તો ખપ ઘટશે. ખપ ઘટવાથી આગળના કરતાં તે ધંધામાં ઓછી મુડીનો ખપ પડશે, માટે થોડી મુડી પડી રહેશે, ને તે ઉપર વેપારીને વ્યાજ નહી પાલવે. એટલે વેપારી તે ઉપર નફો રળવાને વાસ્તે આગળ જેટલે ભાવે માલ વેચશે. એમ કરવાથી વેપારીને નફાનો દર ઓછો પાલવશે, પરંતુ મુડી વધારે છે, માટે એકંદર નફો આગળથી વધારે મળશે. કોઈ અમુક ધંધામાં મુડી વધવાથી આ પ્રમાણે પરિણામ થશે.

જો બધા ધંધામાં મુડીનો વધારો થાય, તો બધા ધંધામાં ઘણું કરીને સર-ખોજ પરિણામ થાય. મજુરીનો દર બધે થોડો ઘણો વધે; ને નફાનો દર ઘટે. પણ વધારો ઘટારો સરખો થાય નહીં; કોઈમાં વધતો થાય ને કોઈમાં ઓછો થાય.

બધા મજુરને મજુરી સારી મળવાથી તેઓ જો ભૂખે મરતા હોય, તો હવે બધા પેટ ભરીને ખાય; તેથી જો અનાજનો ખપ એટલો બધો વધે, કે કુવે અનાજ પકવવું પડે, તો અનાજનો ભાવ વધે. તે વધારાનો ફાયદો પ્રથમ તો ખેડુતને મળે. પણ ગીરોટીની મુદત પુરી થાય, ત્યાર પછી સરકાર તે વધારાનો ઘણો ભાગ પોતે લઈ શકવો ધારે તો લઈ શકે.

વસ્તિ વધવાથી પરિણામ નીચે પ્રમાણે થશે. જે ધંધાના લોકમાં વસ્તિ વધી

હશે, તે ધંધાવાળાને મજુરી ઓછી મળશે, ને તેઓ માઠી હાલતમાં આવશે. બધા ધંધામાં એમ થવાથી બધે મજુરીનો દર ઘટશે. મજુરીનો દર ઘટવાથી વેપારીને બધે નફો વધારે પાલવશે; કારણ કે ઉત્પન્ન થયેલા માલનું મુલ આગળ જેટલુંજ ઉપજે છે. મુલ ઉતારવા જાય, તો ઉતારી શકાય નહીં; કારણ મુલ ઉતારવામાં આવે તો માલની ખપત વધે, પણ વધારે માલ પેદા કરવાને વધારે મુડી છે નહીં; માટે મુલતો આગળ પ્રમણેજ રહે. માટે વસ્તિના વધારાથી મજુરીના દરમાં ઘટાડો, ને નફાના દરમાં વધારો થશે. અલબત બધા ધંધામાં સરખો વધારો ઘટાડો નહીં થાય.

ઉત્પત્તિની કળાઓમાં સુધારો થાય, પણ જો વસ્તિ તથા મુડી સ્થાયી રહે, તો પરિણામ શા શા થાય? હવે આપણા દેશમાં લોકની બુદ્ધિ એવી સ્તબ્ધ થઇ ગઇછે, કે ભાગ્યેજ કોઇ પણ કળામાં સુધારો જોવામાં આવેછે. પરંતુ પરદેશની કળાઓ દેશમાં લાવવાથી સુધારો કેટલોક થાય છે ખરો. સુધારો થવાથી ઘણું કરીને આગળના કરતાં ઓછી મહેનતે દ્રવ્ય ઉત્પન્ન થઇ શકેછે; માટે તે ધંધામાં આગળથી ઓછા મજુરનો ખપ પડે. માટે તરત તો એ ધંધામાં મુસારાનો દર ઘટે. થોડા કાળ સુધીતો આગળના જેટલેજ ભાવે માલ ખપે, માટે વેપારીને તરત તો નફો વધારે પાલવે. પરંતુ થોડા કાળ પછી વેપારીઓની માંહોમાંહની સ્પર્ધાથી નફો ઓછો થઇ પાછો આગળ જેટલો થઇ જશે, ને સુધારાનો બધો લાભ માલના ખરીદનાર પામશે.

મુડીની વૃદ્ધિ, વસ્તિની વૃદ્ધિ, ને કળાની વૃદ્ધિ, એ ત્રણેનો પૃથક્ પૃથક્ અસર ઉપર પ્રમાણે થશે. પણ વ્યવહારમાં ઘણુંકરીને એ બધાની અથવા એમાંથી બેની વૃદ્ધિ સાથેલગી થતી હોય છે, માટે એવી સાથેલગી વૃદ્ધિ થતી હોય, ત્યારે અસર કેવો થશે, તે વિચારવું જોઇએ.

પહેલાં એમ ધારો કે મુડી તથા વસ્તિ એ બેની વૃદ્ધિ થયાં કરેછે, પણ ઉત્પત્તિની કળાઓ સ્થિર છે. હવે મુડીની વૃદ્ધિનો તથા વસ્તિની વૃદ્ધિનો અસર પરસ્પર વિરૂદ્ધ છે; કારણ મુડીની વૃદ્ધિથી મજુરીનો દર વધે છે, ને નફાનો દર ઘટે છે, ને વસ્તિની વૃદ્ધિથી મજુરી ઘટે છે, ને નફો વધે છે. માટે જો બે વૃદ્ધિ સર્વ વાતે સમાન હશે, તો મજુરીમાં તથા નફામાં કશો ફેર જોવામાં નહીં આવે. એક રીતે એ બે જેટલાં વધશે ઘટશે, તેટલાંજ બીજી રીતે ઘટશે વધશે. માત્ર અનાજનો ખપ આગળથી વધારે પડશે, ને તેથી તે કુવે પકવવું પડશે, તો જમીન ભાડું વખતે વધશે, ને વીઘોટીવાળા પ્રાંતોમા ફરી તપાસ વખતે ઘણું કરીને વિઘોટી

વધશે.પણ જો મુડી અને વસ્તિ એ બેની વૃદ્ધિ સમાન નહીં હોય, તો બેમાંથી જેનું બળ વધારે હશે, તેમાંજ માત્ર બેના તફાવત જેટલી વૃદ્ધિ થઈ છે, ને બીજી તો સ્થિરજ છે, એમ ગણીએતો ચાલે.

ત્રણમાંથી બેની વૃદ્ધિ થતી હોય, તો પરિણામ આ પ્રમાણે થાય. હવે જો ઉત્પત્તિ કળાની વૃદ્ધિ પણ સાથેલગી થતી હોય, તો દ્રવ્યવિભાગ ઉપર કેવી અસર થશે, તે જોવું જોઇએ. હવે જો મુડી તથા વસ્તિનુ સમાન બળ વધ્યું હોય,ને પછી તેમાં કળાકૌશલ્ય વધે, તો નફામાં વધારો થાય, મજુરીમાં ન્યૂનતા થાય, ને જમીન ભાડું બેના સમાન બળથી વધ્યું હોય, તે પાછું નીચુ બેસે; કારણ કળાકૌશલ્ય વધવાથી અનાજ પણ થોડી મહેનતે જમીનમાંથી પેદા કરી શકાય.

મુડી તથા વસ્તિની વૃદ્ધિ અસમાન હોય, ને તેવામાં સાથેલગી કળાકૌશલ્યની વૃદ્ધિ થાય, તો પરિણામ શો થશે, એ કહેવું મુશકેલ નથી. બેમાં જ્યારે વૃદ્ધિ અસમાન હોય, ત્યારે બરાબર એકજનુ બળછે, એમ કહી શકાય; ને પછી તે બળ અને કળાકૌશલ્ય એ બેની વૃદ્ધિ જોડે થાય, તો મુડી વધવાથી જે નફામાં ન્યૂનતા તથા મજુરીમાં વધારો થાય, તેનો કેટલોક અથવા વધારે અંશ કળાકૌશલ્યના વધારાથી નફો વધીને અને મજુરી ઘટીને વળી જાય. વસ્તિ અને કળાકૌશલ્ય એ બેનો ભેગો અસર વિચારવો હોય, તો વસ્તિ વધવાથી નફાનો દર વધે, ને મજુરી ઘટે; ને કળાકૌશલ્ય વધવાથી પણ તેમજ થાય; ને બેના ભેગા અસરથી નફો બહુ વધે ને મજુરી ઘટે.

પુસ્તક પાંચમું.

દ્રવ્યના નિયમો ઉપર કાયદા વગેરેની અસર.

प्रकरण १ लुं.

સરકારનાં સામાન્ય કર્તવ્ય કામ.

રાજ્યનું બંધારણ કેવી રીતનું રાખવું, ને સરકારે શા શા નિયમ પ્રમાણે પોતાની હકુમત ચલાવવી, એ વિશે આગળના સમયમાં બહુ તકરાર ચાલેલી છે. પણ હાલ તકરાર બીજી રીતની ચાલે છે. સરકારે ક્યાં ક્યાં કામ પોતે કરવાં, ને ક્યાં ક્યાં રૈયતને કરવાની છૂટ રાખવી, એ હાલ મોટો વિવાદવિષય છે. કેટલાક ઉતાવળીઆ સુધારાવાળા એમ સમજે છે, કે સરકારની તથા કાયદાની સહાયથી આપણું કામ વહેલું પાર પડશે. માટે તેઓ સરકારના કર્તવ્ય કામની સીમા વધારવાને હમેશ પ્રયત્ન કરેછે. પણ જે જે કામોમાં સરકારે ડોહાલ્યુંછે, તે તે કામોમાં એટલી બધી બૂરાને જુલમ થએલો છે, ને વખતે સરકારે એવાં એવાં નુકસાનકારક કામોમાં હાથ ઘાલ્યો છે, કે એક પક્ષવાળા એમ કહેછે, કે સરકાર જે કામમાં હાથ ઘાલવા માગે તેમાં પહેલાં તો ના પાડવી; ને ઘણીજ જરૂર જણાય તોજ હા કહેવી; તેઓનો હેતુ જેમ બને તેમ સરકારની હકુમતને સંકોચમાં રાખવાનો છે.

સરકારે કયા કયા કામમાં હાથ ઘાલવો જોઇએ, ને કયા કયામાં નહી ઘાલવો, તેનો નિર્ણય કર્યા પહેલાં, સરકારનાં જે સર્વમાન્ય કર્તવ્યકામ છે, તે કરવાથી કેવા માઠા કે રૂડા પરિણામ નિપજે છે, તેનો વિચાર કરવો અમે ધારીએ છીએ. સરકારે કેટલાં કામ કરવાં સર્વાનુમતે જરૂર છે, તેની પહેલી ગણના કરવામાં આવશે; અને પછી કેટલાં કામ કરવા વિશે વિચારવંત પુરૂષોમાં મત ભેદ ચાલે છે, તે વિશે પણ વિચાર થશે. પહેલા પ્રકારનાં કામોને આવશ્યક, ને બીજાને વૈકલ્પિક કહીએ તો ચાલે. વૈકલ્પિક બોલ ઉપરથી એમ સમજવાનું નથી, કે તે કરવાં ન કરવાં સરકારની મરજી ઉપર છે. પણ માત્ર એટલુંજ કે તેઓની કર્તવ્યતા વિશે વિચારવન્ત માણસોનો એક મત નથી.

સરકારનાં આવશ્યક કર્તવ્યકામો વિશે તો કેટલાકનો મત એવોછે, કે સરકારે કપટી અને જોર જુલમી માણસોથી લોકનો બચાવ કરવો એટલુંજ એમનું કામ છે; આ બે સિવાય બીજા કોઇ કામમાં સરકારે હાથ ઘાલવો નહી. જ્યાં લગી કોઇ પુ-

રૂપ બીજા કોઈના સામું કપટ ન કરે, અથવા જબરજસ્તી ન કરે, ત્યાં લગી સરકારે તેને પૂછવું નહીં. પરંતુ આ વ્યાખ્યાન ઘણુંજ સંકુચિત છે, એમ કહેવાને કશી હરકત નથી. કેટલાક સર્વાનુમત કર્તવ્યકામનો આ વ્યાખ્યાનમાં સમાવેશ થતો નથી. બધા દેશમાં વારસાના અને દાયવિભાગ સંબંધી કાયદા હોય છે; એવા કાયદા કપટ અથવા જોર જુલમનો અટકાવ કરવાને અર્થે કર્યા છે, એમ કહી શકાતું નથી. વળી કઈ વસ્તુને સ્વામિત્વનો વિષય ગણવી, ને કઈને ન ગણવી, એ પણ વિચારવાની વાતછે. જે કોઈ વસ્તુ કોઈ માણસ પોતે પેદા કરે, તે તેની ગણવી એ તો ઠીક છે. પણ પૃથ્વી, નદીઓ, ઝાડીઓ, ખાણો, વગેરે ચીજો કોઈની પેદા કરેલી નથી; માટે તેઓને બધા માણસનું સામાયિક દ્રવ્ય ગણવાં યોગ્ય છે; ને તેઓ વિષે નિયમ બાંધવા એ પણ સરકારનું કામછે, પણ એ કામનો કાંઈ ઉપરના વ્યાખ્યાનમાં સમાવેશ થતો નથી.

વળી કરારોને અમલ આપવો, એનો પણ ઉપરના વ્યાખ્યાનમાં સમાવેશ થતો નથી. જે માણસ કરાર તોડે, તે જાણી જોઈને તોડે તોપણ તેણે કપટ કર્યું, એમ કહેવાય નહીં; તો પછી ગફલતથી તોડે ત્યારે તો કયાંથીજ કહેવાય? વળી કેટલાક કરારને કાયદાથી રદ ગણેલા હોય છે, ને કોઈ તેવા કરાર કરવાને બંધાય તો કાયદા રૂએ તે બંધાયો ગણાય નહીં. છીનાળાના કરાર, જુગારના કરાર, આરીસુ તથા ઈ વગેરે નાસટ્ટા, એ બધા રદ કરાર છે; ને કાયદા રૂએ તે બજાવી શકાતા નથી. હવે સરકારે આવા કરાર બજાવવાને શામાટે ના પાડવી જોઈએ? એમાં કશું કપટ કે જોર જુલમ છે? આનું કારણ એટલુંએજ આપી શકાય, કે એમ કરવાથી લોક સમસ્તને ફાયદો છે. વળી સરકાર ફોજદારી કીસ્સા ચુકવવાને કોરટો વગેરે સ્થાપે એતો ઠીક, કારણ તથી જોર જુલમ તથા કપટનો અટકાવ થાયછે, પણ દિવાની કોરટો સ્થાપેછે તેનું કારણ શું? એવી કોરટ સ્થાપવાની અવસ્ય અગત્ય છે, એમ કહી શકાતું નથી. લોક પોતાના ટંટાનો ફેંસલો પંચ અથવા લવાદ મારફત કરાવવાને સમર્થ છે; અને જે ઠેકાણે સરકારી કોરટોમાં ખામીઓ અથવા હેરાનગતી ઘણી હોય છે, ત્યાં એમ હાલ પણ થાય છે. પણ કોરટો સ્થાપવાનું ખરૂં કારણ એટલુંજ આપી શકાય, કે એથી લોક સમસ્તને ફાયદો છે. કપટ અટકાવવાને વાસ્તે સરકાર જે મુદતના, પુરાવાના, રજીસ્ટ્રેશન વગેરેના કાયદા કરેછે, તેનું પણ કારણ તેજ આપી શકાય.

વળી કેટલાંક કામોમાં સરકાર હાથ ઘાલે છે, તે કાંઈ કપટ અથવા જોર જુલમને અટકાવવાને અર્થે ઘાલતા નથી; પણ અમુક શખસોના સંરક્ષણને માટે

ચાલે છે. કાચી વયના પુરૂષો અથવા દિવાના અથવા બીજા એવાજ શખસોના રક્ષણને માટે બધે કાયદા કરેલા હોય છે. ટંકશાળ રાખી સિક્કા પાડવાનું નાણું છપવાનું કામ પણ સરકાર રૈયતના ફાયદા માટે કરે છે. કાટલાં ને માપાં કરવાં તથા છપાવવાં વગરેનું કામ પણ એજ પ્રકારનું છે. રસ્તા બંધાવવા, ગંદકી દૂર કરાવવી, બંદર બંધાવવાં, વગેરે સર્વજનિક કામોપણ એજ પ્રકારનાં છે. આ સર્વ કામો રૈયત સમસ્તના ફાયદા માટે કરેછે, કાંઇ જોર જુલમ અને કપટ અટકાવવાના વિચારથી કરતા નથી.

વળી સરકારે જોર જુલમ ને કપટના કામમાંજ હાથ ઘાલવો, ને બીજામાં ન ઘાલવો એનું કારણ શું? એ કામ કાંઇ રૈયતથી નહીં બને તેમ નથી. જંગલી દેશોમાં રખવાળ અથવા ચોકીઆત રાખી લોક પોતાનું રક્ષણ કરી લે છે. ત્યારે કારણ તો એટલુંજ આપી શકાયકે રૈયત સમસ્તનું એમ કરવાથી રક્ષણ સારૂ થાયછે, ત્યારે એ ઉપરથી એમ સિદ્ધ થયું, કે રૈયતના ફાયદાનાં જે જે કામ સારી રીતે કરી શકે, તેને સરકાર હસ્તક રાખવાં; કપટ અને જોર જુલમ ઉપર છાપુ નથી. આજ ખરો નિયમ છે. માત્ર આ નિયમમાં એટલો સંપ્રાય રાખવો, કે રૈયત સમસ્તના ફાયદાના કામમાં પણ જ્યારે કર્તવ્યતા ઘણીજ અવશ્યની, અને ઉઘાડી હોય, ત્યારેજ સરકારે હાથ ઘાલવો.

આ પુસ્તકમાં નીચેના વિષયોનો વિચાર આવશે. જે જે કર્તવ્ય કામો અવશ્યકને સર્વાનુમત છે, તે તે સારી કે નરસી રીતે બજાવવાથી શાશા અર્થીય પરિણામો થાય છે તે; સરકાર ભૂલ ભરેલા તરકોને અનુસરીને કેટલાંક વૈકલ્પિક પ્રકારનાં કામો કરેછે તેના અર્થીય પરિણામ; ને ત્રીજું, પછી સરકારે કયાં કયાં કામોમાં પડવું ઘટારત છે. આ ત્રણમાંનો પહેલો વિષય ઘણો વિવિધ છે ને એમાં ઘણી બાબતનો સમાવેશ થાય છે. એમાં જે ઘણાં ઉપયોગી છે, ને જેનો વિચાર આ પુસ્તકમાં ચલાવવો જરૂર છે, તેના વિષે નું વિવેચન આવતા પ્રકરણમાં આવશે.

प्रकरण २ जुं.

વેરો નાંખવાના સાધારણ નિયમો.

સરકારનાં આવશ્યક કર્તવ્ય કર્મ કયાં કયાં છે, તેની ગણના કરવી સહેલ નથી. પણ મુખ્ય વિચાર કરવા લાયક ત્રણ છે.

૧ સરકારે ઉપજ ઉપજાવવાને કેવાકેવા ઉપાયો કરવા.

૨ સરકારે માલમતા તથા કોલકરારો વિષે કેવા કાયદા કરવા યોગ્ય છે.

૩ ત્રીજી જે જે સાધનો વડે સરકાર પોતાના કાયદા અમલમાં આણે છે, તે તે સાધનોની રચનામાં ગુણ હોય.

આમાંની પહેલી બાબતનો વિચાર આ પ્રકરણમાં શિરૂ કરીએ છીએ. કર નાંખવા વિષે ઘણાખરા અર્થશાસ્ત્રીઓ ચાર ધોરણો આપે છે, તે નીચે પ્રમાણેઃ

પહેલુંને સૌ કરતાં ઘણુંજ ઉપયોગી ધોરણ એ છે, કે રાજ્યની હરેક રૈયતે પોત પોતાની શકિત પ્રમાણે રાજ્યનું ખરચ નિભાવવાને માટે વેરો આપવો જોઇએ. પોતપોતાની શકિત પ્રમાણે એટલે પોતાને એ રાજ્યના સંરક્ષણ નીચે જે પ્રાપ્તિ થાય છે તે પ્રમાણે. જો આ ધોરણ કોઈ અમુક વેરાના વહીવટમાં પાળી શકાય, તો તો તે વેરો બધાને સમાન છે એમ કહેવાય, ને તે પાળી ન શકાય તો વેરો સમાન નથી, એમ કહેવાય.

બીજું એકે, કોઇ માણસે કેટલો વેરો આપવો, તે નિયમિત જોઇએ. વેરાની રકમ નક્કી હોવી જોઈએ એટલુંજ નહી, પણ તે આપવાનો સમય, ને આપવાનો પ્રકાર પણ દરેક વેરો ભરનારને ને બીજા લોકને પણ સ્પષ્ટ ખબર પડ્યો જોઇએ. જો આ પ્રમાણે સ્પષ્ટતા ન હોય તો, વેરો ભરનાર ઉઘરાવનારના કબજામાં આવે છે. વેરા ઉઘરાવનાર પુરૂષો ઘણીવાર મીજાજી તથા રૂશવતખોર હોય છે, ને લોક જો તેઓના હાથમાં આવે તો, તેઓ પોતાનો અખતીઆર દેખાડવાને, અથવા પોતાના ફાયદા માટે રૂશ્વત કઢાવવાને જોર જુલમ કરવામાં ચૂકે નહી. તેઓ ધારે તેની પાસેથી વધારે લે, ને ધારે તેની પાસેથી ઓછુ લે; ને બધા પાસેથી પોતાની પાન સોપારી ઉઘરાવે. દરેક જણે કેટલું આપવું, ને કયારે ને કયે પ્રકારે આપવું, એ આગળથી નક્કી જણાયાનો ફાયદો એટલો બધો છે, કે વેરાનો બોજ સર્વ ઉપર સમાન ન હોય, ને જેટલું નુકસાન થાય, તેના કરતાં એ નક્કી ન હોય તો, વધારે નુકસાન થાય. આ વાતને મળતો પ્રત્યક્ષ દૃષ્ટાંત આપણા મોં આગળ છે. ઇનકમટાકસ, એટલે ઉપજના વેરાનો દર ભરવાનો સમય વગેરે નક્કી છે, પણ પ્રત્યેક જણે કેટલો ભરવો, તે આંકડો આગળથી કહી શકાતો નથી; ને આ આંકડો નક્કી કરવામાં કેટલી ઘાલ મેલ, ગડબડ, જોર જુલમ, ને રૂશ્વત ચાલે છે! હવે જ્યારે દર નક્કી ન હોય, ને તેમ ભરવાનો સમય તથા પ્રકાર પણ નક્કી ન હોય તો, જુલમ બે હદ થઇ પડે એમાં કાંઇ શક નથી.

ત્રીજું ધોરણ એ કે, હરેક વેરો ઉઘરાવવાનો વખત ને પ્રકાર એવો રાખવો, કે જેથી આપનારને જેમ બને તેમ ઓછી અગવડ પડે. સરકાર જમીન ઉપર વેરો લે તે, ફસ-

લણી વખતે લેવો જોઈએ, કે જ્યારે ખેડુતે પોતાની જમીનની નીપજ વેચી નાણાં તૈયાર કર્યાં હોય. ઉપભોગની જણસો ઉપર વેરો લેવો હોય તો, તે પહેલો વેપારી પાસેથી લીધામાં બધાને સગવડ પડે છે, અને તે વેરો જણસોના ઉપભોગ કરનારને માથે પડે છે; જેમ જેમ જણસો તેઓ ખરીદ કરતા જાય છે, તેમ તેમ થોડો થોડો વેરો ભરતા જાય છે; ને આ પ્રમાણે ગોઠવણ થવાથી કોઈને બહુ ભાર લાગતો નથી.

ચોથું ધોરણ એ કે, હરેક વેરો એવી જુક્તિથી નાખવો, કે સરકારના ઘરમાં જેટલું આવે, તે કરતાં લોકના ઘરમાંથી જેમ બને તેમ વધતુ નીકળે નહીં. જે વેરો ઉઘરાવતાં ઘણા માણસો નોકર રાખવાં પડે, તે વેરો ઉઘરાવવાનું ખરચ ઘણું થાય, ને તે બધું ખરચ રૈયતને તો આપવું પડે, પણ તેથી કાંઈ સરકારને ફાયદો થાય નહીં. વળી જે વેરાથી ઉઘરાવનારાઓ ઘણી રૂશવત ખાઈ શકે, તે વેરા પણ આ ધોરણથી વિરૂદ્ધ છે. તેમજ જે વેરો એવો હોય, કે જેથી દાણચોરી ઘણી થઈ શકે, તે પણ ખરાબ; કારણ કે જો તે ચોરી કરનારા પકડાય, તો તેઓના દંડ વગેરે થાય, ને તે મોટી રકમ ઉત્પત્તિ કાર્યમાંથી જઈને સરકારના અનુત્પાદક ઉપભોગના ખરચમાં વપરાય; નહી તો અન્યાય થાય. વળી જે વેરાથી રૈયત ઉપર દ્રવ્યને ઈજા તથા જુલમ ઘણો થાય, તે વેરા પણ ખરાબ સમજવા. કોઈ કોઈવાર તો દાણચોરી ન થવા સારૂ કેટલાંક બંધન કરેલાં હોય છે; તે બંધનથી વેપારમાં હરકત પહોંચે છે, એટલુંજ નહી, પણ તેથી વખતે સુધારો થવામાં બહુ અડચણ પડે છે.

આ ચારમાંના છેવટનાં ત્રણ ધોરણ ઉપર કાયદા કરતી વખત અને વેરા નાખતી વખત ધ્યાન આપવાનું છે; ને એ વિષે વધારે સમજુત આ ઠેકાણે આપવાની જરૂર નથી, પણ પહેલું ધોરણ છે, તે ઘણું ઉપયોગી છે, ને તે વિષે ઘણાની સમજમાં હજુ ભૂલો ચાલે છે, માટે તેનો ખરો ભાવ વિસ્તારવાની અગત્ય છે.

પહેલું ધોરણ એવું છે, કે વેરાની સમાનતા જોઈએ. હવે સમાનતા શા માટે જોઈએ? ને વેરાની સમાનતા એટલે શું? વેરા વિષે સમાનતા શા વાસ્તે જોઈએ, એનું કારણ સ્પષ્ટ છે. વેરા લેવાય છે, તે રાજ્યના નિભાવ વાસ્તે લેવામાં આવે છે, ને સંરક્ષણ વિગરે જે જે અગણિત લાભો રાજ્યવડે થાય છે, તેનો ફાયદો બધાને સરખો થાય છે. વળી જો વેરો નાખવામાં બધાને સમાન ન ગણીએ, તો કેટલાકને માથે વેરાનો ભાર વધારે પડે, ને કેટલાકને માથે ઓછો પડે; ને બંને રીતે નુકસાન થાય. જેને ઓછો આપવો પડે, તેને જેટલો ફાયદો ન થાય, તેથી વધારે

આપનારને નુકસાન થાય. રાજ્યનો લાભ બધાને સરખો છે, માટે બધાને માથે બોજ પણ સરખો જોઈએ. આ સિવાય સમાનતા શા વાસ્તે જોઈએ, એનું બીજું કાંઈ વધારે પાકું કારણ આપી શકાતું નથી.

પણ સમાનતા એટલે શું તેનો અર્થ બરાબર સમજવો જોઈએ. બધા એકની એક રકમ ભરે એ કાંઈ સમાનતા નહીં. એતો ઉઘાડી હડહડતી અસમાનતા. જેની પાસે સોની પુંજી હોય તે પાંચ રૂપીઆ ભરે, ને જેની પાસે લાખ અથવા દસ લાખની પુંજી હોય તે પણ પાંચ રૂપીઆ ભરે, એ કાંઈ સમાનતા નહીં. જ્યારે સૌ પોત પોતાના ગજા પ્રમાણે ભરે, ત્યારેજ સમાનતા કહેવાય. ત્યારેજ સૌને માથે સરખો ભાર પડ્યો કહેવાય. વેરાથી સૌને સરખી અગવડ પડવી જોઈએ. જે વેરાથી તાલેવર લોકથી મોજ જરા થોડી થાય, પણ ગરીબને ધાન લુગડાં પુરાં મળતાં હોય તે નમળે, ને ધાન લુગડાની વેલા પડવા માંડે, તે વેરો સર્વને સમાન છે, એમ કહેવાય નહી. વેરાથી સૌના સુખમાં સરખો સંકોચ થવો જોઈએ. આવી રીતની સમાનતા શા વાસ્તે જોઈએ, એનું કારણ ઉપર કહી ગયા છીએ, તે એ કે એમ ન કરીએ તો અન્યાય થાયછે. પણ કેટલાક બીજું કહેછે: તેઓ કહેછેકે, રાજ્ય તરફથી તાલેવરની વધારે પુંજીનું રક્ષણ થાય છે, ને વેરા આપવામાં આવે છે તે રક્ષણના બદલામાં આપવામાં આવે છે. પરંતુ આવું કહેવામાં એક દોષ એવો આવે છે, કે રાજ વડે માત્ર માલ મતાનું રક્ષણ થતુ નથી, પણ રૈયતની જાતનું પણ થાય છે. આ દોષ નિવારણ કરવાને તેઓ એવો રસ્તો કાઢે છે, કે વેરાનો કેટલોક અંશ તો રૈયતની જાતના રક્ષણ બદલ સરકાર લે છે, ને તે બધા સરખો આપે છે; ને બાકીનો અંશ પુંજીના રક્ષણ બદલ આપવામાં આવે છે. માટે તે રક્ષણ થએલી પુંજીના પ્રમાણમાં આપવામાં આવેછે. ઉપર ઉપરથી તો આ સમજણ ઠીક ઠીક જણાયછે. પણ પાયો લુલો છે. જો રાજ્યનો હેતુ એટલો એજ હોત, કે રૈયતની માલ મતા તથા જાતનું રક્ષણ કરવું, તો એ સબબ ઠીક છે, એવું માન્ય કરવું પડે. પણ રાજ્યના હેતુ ઘણાછે; ને માણસને સંસારમાં રહેવાથી જેટલા જેટલા ફાયદા થાય છે, તે બધા ફાયદા એક રીતે રાજ્યવડે થાયછે, એમ કહીએ તો ચાલે. જ્યારે ફાયદા આટલા બધા અગણિત છે, ત્યારે એક બે ઉપર નજર રાખી, વેરા તે પ્રમાણે લેવા, એ મોટો અન્યાય. બીજું વળી એકે જો રાજ્યથી આ બે ફાયદા થતા હોત, તોપણ ઉપર પ્રમાણે સબબ આપવામાં ચુક છે જ્યારે પુંજી અથવા કમાઈ પ્રમાણે વેરો લેવામાં આવે છે, ત્યારે વધારે પુંજી અથવા કમાઈવાળા પાસેથી વધારે લેવામાં આવે છે. હજાર રૂપીઆના કમાઉ

કરતાં દસહજાર રૂપીઆના કમાઉ પાસેથી દસ ધણો વેરા લેવામાં આવેછે, પણ દસ હજાર વાળાને હજારવાળા કરતાં દસ ધણું રક્ષણ મળતું નથી. તેની મીલકત દશ ધણીછે, એ વાત ખરી; પણ મીલકત દશ ધણી માટે રક્ષણ પણ દસ ધણુંછે, એમ ધારવામાં મોટી ભૂલછે. સરકારને દસ હજારની પુંજીના રક્ષણને અર્થે દસ ધણા સિપાઈ, સ્વારો, ન્યાયાધીશો, તથા ખારવા સમુદ્ર ઉપર લડવાને રાખવા પડતા નથી. રક્ષણનુ પરિમાણ સંખ્યા વડે થઈ શકતું નથી; ને તેમ પરિમાણ કરવાને પ્રયત્ન કરવો એજ મોટી ચૂક છે. કોઇપણ પુંજીવાળાને સરકાર તરફથી કેટલું રક્ષણ મળેછે, તે જાણવાનો એક રસ્તો એછે, કે સરકારનું રક્ષણ ન હોયતો તેને તેથી નુકસાન કેટલું થાય, તેનો વિચાર કરવો. જેને રક્ષણ ગયાથી વધારે નુકસાન તેને રક્ષણ હોવાથી વધારે ફાયદો છે, એમ કહી શકાય. હવે જો સરકાર રક્ષણ આપવુ બંધ કરે, તો સઉથી વધારે નુકસાન દુર્બળ અને થોડી પુંજી વાળા પુરૂષોને થાય; ને જેમ પુંજી વધારે તેમ તેમ નુકસાન થોડું થાય. માટે જો રક્ષણના પ્રમાણમાં વેરા લેવા ઠરે, તો સઉથી ગરીબને વધારે આપવો પડે, તેથી તવંગર ને જરા થોડો, ને એમ ઉતરતાં ઉતરતાં ઘણી પુંજી વાળાએ છેક થોડો આપવો જોઈએ. પરંતુ આતો મોટો અન્યાય થાય એમાં કાંઈ શક નથી.

રાજ્યના લાભ બધાને સરખા મળે છે, માટે સઉએ પોતપોતાની શક્તિ પ્રમાણે રાજ્યના નિભાવ સારૂ વેરા આપવા જોઈએ. વેરાનુ કામ ઉઘરાણાની ટીપ જેવું છે; તેમાં જેમ બધા પોતપોતાની શક્તિ પ્રમાણે ભરે છે, તેમ વેરા પણ શક્તિ પ્રમાણે ભરવા જોઈએ. જો રાજ્ય ચલાવવામાં ખામીને લીધે કેટલાકને રાજ્યનો ફાયદો થોડો મળતો હોય, ને કેટલાકને વધારે મળતો હોય તો, તે ફેર પ્રમાણે વેરામાં ફેર ન કરવો; પણ કાયદામાં સુધારો કરી તેવો ફેરજ કરવો.

વેરાની સમાનતા તે શું ને તે શા વાસ્તે જોઇએ, તે વાતનો વિચાર થઈ ચૂક્યો. હવે સાધારણ વેરા લેવાની રીત એવી છે કે, કમાઇ પ્રમાણે સેંકડે એક બે કે વધારે ટકા લેવા; માટે તે રીત પ્રમાણે વેરાની સમાનતા થાય છે, કે નથી થતી તેનો વિચાર કરવો જોઇએ. કેટલાકના કહેવામાં એમ છે કે બધી કમાઇનો સરખો શતાંશ લેવાથી સમાનતા રહી શકતી નથી; પણ કેટલાકને માથે વધારે ભાર પડે છે, ને કેટલાકને માથે ઓછો ભાર પડે છે; ને આવી અસમાનતા ઘણી રીતે ઉત્પન્ન થાય છે. જો સેંકડે દશ ટકા લેખે વેરો લેવાનો ધારો હોય, તો સો રૂપીયાવાળાને દશ રૂપીઆ આપવા પડે, ને દશ હજાર રૂપીઆ વાળાએ હજાર રૂપીયા આપવા પડે. પણ બેને માથે ભાર સરખો પડે નહીં.

સો રૂપીઆવાળો પરાણે પોતાનું પોષણ કરતો હોય, માટે તેની કમાઈમાંથી દશ રૂપીઆ ઓછા થાય તો તેને ખાવે પીવે મોટી વેળા પડે; પણ દશહજારવાળાને નવ હજાર ખરચના મળે, તો તેથી તેના ખરા ઉપભોગમાં કાંઈ ફેર ન પડે. બહુ તો તેનાથી મોજમઝા જરા થોડી થાય. એક કારણ આ પ્રમાણે આપવામાં આવે છે. બીજું કારણ એવું આપવામાં આવેછે, કે સો રૂપીઆવાળાના મનમાં દશ રૂપીઆ દશ સોહોર જેવા હોય; પણ દશ હજારવાળાને મન હજાર બહુ ગણતરીમાં ન હોય. ત્રીજું કારણ એવું આપવામાં આવેછે, કે મધ્યમ વર્ગના લોકોએ પોતાની આબરૂ વાસ્તે કેટલુંક ખરચ રાખવું પડે છે; ને જો તેઓ પાસેથી બધાની વરાડે વેરો લીધામાં આવે, તો તેઓથી એટલું ખરચ કરી શકાય નહીં; ને તેથી છેવટે તેઓની નાત જાતમાં આબરૂ ઘટે. ચોથું કારણ એમ આપવામાં આવે છે, કે બધા પાસેથી ઉપજનો સરખો શતાંશ લીધાથી દ્રવ્યવાન તથા ગરીબની વચ્ચે જે અંતર છે, તે તેનો તે રહે; પણ બઈ જોતાં જેમ બને તેમ કરી, સરકારે એ બેની વચ્ચેનું અંતર ઓછું કરવુ જોઈએ.

આ ચારમાંનુ પહેલું કારણ કેટલેક દરજ્જે ખરૂ છે. જો વેરો લેવાથી એકને માથે એટલો બોજો પડે, કે તેને ખાવા પીવાનું પુરૂ મળતું હોય તે ન મળે, ને બીજાની માત્ર મોજમજ કમી થાય, તો તે વેરો બેને સમાન લાગ્યો ન કહેવાય. જે વેરાથી કોઈને ધાન લુગડાંની વેળા ન પડે, પણ બધાની મોજ થોડી થોડી કમી થાય, તે વેરો સમાન છે, એમ સમજવાનું છે. ધાન લુગડાં ઉપર પડે, તે વેરો ખોટો. મોજની જણસો ઉપર પડે તે વેરો સારો. વેરા કોઈના ધાનલુગડા ઉપર ન પડે, તેનો એક રસ્તો એ છે, કે જેટલી રકમ સાધારણ કબીલાવાળાને માણસને અવશ્યજ જોઈએ, જે વગર ખાવે પીવે ઘણી હેરાન ગતી થાય, તે ઉપર વેરો લેવોજ નહીં. તેટલી કમાઈવાળાને માફી આપવી. બીજા પાસેથી પણ તે કરતાં જે વધારાની કમાઈ હોય, તેના ઉપર વેરો લેવો. એમ ધારો કે ઓછામાં ઓછી સાધારણ કબીલાવાળા માણસને સો રૂપીઆની ઉપજ અવશ્ય જોઈએ. ત્યારે જેની કમાઈ એટલાજ રૂપીઆની હોય, તેની પાસેથી કાંઈજ લેવું ન જોઈએ; કારણ તેમાંથી ઘટાડો થાય તો, તેથી તે કમાઈવાળાને બહુજ દુઃખ પડે, ને તે ખાવે પીવે હેરાન થાય. તેમ જેની બસેંની કમાઈ હોય, તેની પાસેથી સો ઉપરજ વેરો લેવો, ને ત્રણુસેં વાળા પાસેથી બસે ઉપર લેવો. આપણા ઉપર ઉપજ વેરો સરકારે નાખ્યો હતો, તે કેટલેક અંશે આના સરખોજ હતો; હજારની અંદરના કમાઉ પાસેથી કાંઈ લેવામાં આવતું નહોતું;

પણ તે ઉપરની બધી કમાઇ ઉપર વેરો લેવામાં આવતો હતો.

બીજી તકરાર કાંઈ વ્યાજબી જણાતી નથી. કોઈપણ વેરાનો પ્રત્યેક જણના મનમાં કેટલો ભાર લાગશે, તે કોઈપણ સરકારથી નક્કી થઇ શકતું નથી; ને તે પ્રમાણે અમલ પણ કરી શકાતો નથી.

ત્રીજી તકરાર પણ ભુલી છે. લોક જે અભિમાનનાં ખરચ શોધે છે, તે અભિમાનને સરકારે કોઈ તરેહનો આશ્રય આપવો ઘટતો નથી; અથવા નકામા તથા શક્તિ ઉપરાંતના ખરચથી મોટાઈ કે ગૃહસ્થાઈ જણાયછે, એ ખોટા વિચારને સરકારે પુષ્ટિ આપવી ઘટતી નથી.

ચોથી તકરાર કેટલેક દરજ્જે ખરી છે. હાલ દ્રવ્ય વિશે જે માણસ માણસમાં ઘણો ફેર ચાલે છે, તેથી મનુષ્યને ઘણું દુઃખ થાય છે, માટે સરકારે બધાના દ્રવ્ય વચ્ચે જેમ બને તેમ ઓછો ફેર રાખવાને પ્રયત્ન કરવો જોઇએ. પણ આવી રીતે ફેર ઓછો કરવાને માટે જો મોટી ઉપજવાળા ઉપર ભારે વેરો નાખવામાં આવે, ને નાની ઉપજવાળા ઉપર થોડો વેરો નાખવામાં આવે, તો મોટો અન્યાય ને નુકસાન થાય. જે લોકોએ મહેનત ને કસર કરી દ્રવ્ય ઉગાર્યું, ને દેશની મુડી વધારી, તેઓના ઉપર ભારે વેરો નાંખવાથી કોઈને ઉદ્યોગ તથા કસર કરવાનું મન ન થાય. દ્રવ્યની વિસમતા મટાડવાનો એ કરતાં સારો રસ્તો બીજો છે. જે લોક ઉદ્યોગથી દ્રવ્ય સંચય કરેછે, તેની પાસેથી વધારે વેરો ન લેવો. પણ જે લોકોને વગર મેહેનતે વારસા તરીકે ઘણું દ્રવ્ય મળે છે, તેમાંથી સરકાર હિસ્સો લે તો કાંઈ હરકત નથી, ને દેશને લાભ છે. દૂરનાં સગાંને વારસો ન આપવો જોઇએ, એવું આગળ કહેલું છે; ને વારસાથી કોઇ પણ અમુક શખસને આટલુંજ મળી શકે, એથી વધારે કોઈથી વારસા દાખલ ન લેવાય, એવો નિયમ પણ થવો જોઇએ, એમ આગળ કહેલું છે. પણ એ સિવાય બધા વારસામાંથી સરકારે થોડો અંશ લેવો જોઇએ. પરંતુ તે કર એટલો બધો ન રાખવો, કે લોકને વેરામાંથી ઉગરી જવાને જુક્તિઓ કરવાનુ મન થાય, અથવા ગરીબના ઉગારાને હાનિ પહોચે. વળી તે વેરો બધાને માથે પડવો જોઇએ.

જે પુરૂષોની કમાઈ મહેનત મજુરીથી અથવા પગારથી ઉત્પન્ન થાય છે, તેના કરતાં જે માણસની જમીન કે વ્યાજથી ઉત્પન્ન થાય છે, તેની પાસેથી વધારે વેરો લેવો ઘટેછે કે નહીં, એ વાતનો વિચાર કરવો ઘટેછે. એક માણસ વ્યાજથી રૂ૧૦૦૦ પેદા કરતો હોય, ને બીજો પગારથી એટલા કરતો હોય, તો બેની પાસેથી એકજ દરનો વેરો લેવાથી વેરાની સમાનતા રહેશે કે નહીં, એ વિચારવું જોઇએ. હવે એ બે પ્ર-

કારની ઉપજમાં એટલોજ ફેર છે, કે એકની ઉપજ વંશપરંપરાની છે, ને બીજાની જીવત્પર્યંતની છે; માટે આપણે એટલું જોવાનું રહ્યું, કે જીવત્પર્યંતની ઉપજવાળા પાસેથી વંશપરંપરાવાળાના સરખો વેરો લેવો જોઇએ કે નહી.

હવે એક રીતે જોઈએ તો જીવત્પર્યંતની ઉપજવાળા પાસેથી ઓછો દર લેવાનું કંઈ પણ કારણ નથી. તેની કમાઈ જેમ થોડાં વરસ પહોચે છે, તેમ તેને વેરો પણ થોડાં વરસ આપવો પડે છે. વંશપરંપરાવાળાની કમાઈ સદાએ પહોંચે એવી છે; માટે તેને વેરો પણ સદાએ ભરવો પડશે. આવી રીતે તએ બેઉ સરખા છે. જો વેરો એકજવાર લેવો હોયતો અન્યાય થાય; કારણ કે તેમ હોય તો, વંશપરંપરાની ઉપજ વાળા પાસેથી જેટલું લેવામાંઆવે, તેટલુંજ જીવત્પર્યંતવાળાની પાસેથી લેવામાં આવે. આમતો અન્યાયલાગતો નથી. પરંતુ એક બીજી રીતે જોતાં બે પાસેથી સરખુ લેવામાં અન્યાય છે. જે માણસને હજાર રૂપીઆ વતન દાખલ મળેછે, તે પોતાના ઘડપણને માટે અથવા છોકરાંને માટે કંઇ પણ સંઘરો ન કરે, ને બધી કમાઇ ખરચી દે, તોપણ ચાલે; કારણ કે તેનું વતન વંશપરંપરાનુ છે. પણ જેને વરસ દહાડે હજાર રૂપીઆ પગાર દાખલ મળે છે, તેને એમ કર્યું કદી પાલવે નહી. ઘડપણને તથા છોકરાંને વાસ્તે ઉગારો કર્યા વગર તેનો છુટકો નથી. વેરો આપવાથી ઉગારો ઓછો કરે, તેમાં એ ચાલે નહી; કારણ તેથી પોતે અને છોકરાં આગળ જતાં દુખી થાય; ને ખરચ વેરો જેટલું ઓછું કરે, તેથી પણ દુઃખ; બે રીતે જીવત્પર્યંત વાળાને પીડા. આ પીડા કંઇ વંશપરંપરા વાળાને પડતી નથી. માટે વેરો બંને ઉપર સમાન રીતે પડે છે, એમ કહેવાય નહી. વળી એક બીજી રીતે અન્યાય થાય. વંશપરંપરા વાળો હજાર રૂપીઆનો એક વાર વેરો ભરે છે; પણ જીવત્પર્યંત વાળો બેવાર ભરે છે. એકવાર હજાર રૂપીઆ ઉપર, ને બીજીવાર હજારમાંથી જેટલો ઉગારો કરે તેના વ્યાજ ઉપર. ઉગારો કરવાથી કોઇને આવી રીતનુ નુકસાન થવું ન જોઇએ.

આ રીતનો અન્યાય મટાડવાના બે રસ્તા છે, એકતો જીવત્પર્યંતવાળો જેટલો ઉગારો કરી ઘડપણને અથવા પરીવારને વાસ્તે સંઘરી મુકે, તે ઉપર વેરો લેવોજ નહીં; ને તે જતાં બાકીની ઉપજ ઉપર વેરો લેવો. આ રીતમાં એક હરકત નડે છે. હરેક માણસ કેટલો ઉગારો કરે છે, તે જાણવું સહેલ નથી. લોક જાણી જોઇને જુઠું બોલી ઉગારો વધારે બતલાવે, અથવા આ વરસનો ઉગારો આવતે વરસ વાવરી નાંખે. જો દરેક માણસનો ખરો ઉગારો જાણવો મુશકેલ પડે, તો પછી ઉપાય એ છે, કે દરેક જીવત્પર્યંતની કમાઇમાંથી એક તૃતીયાંશ કે એક સપ્ત-

ર્થાંશ બાદ કરવો, એમ ધારીને કે સરાસરી એટલો ઉગારો કરવો અવશ્ય છે, ને પછી બાકીના ઉપર વેરો નાંખવો, ને વંશપરંપરાની બધી કમાઈ ઉપર વેરો નાંખવો. આ ઉપાય ન બને, તો એના સરખોજ બીજો ઉપાય એ છે, કે જીવત્પર્યંતની કમાઈ ઉપર હલકો વેરો નાંખવો, ને વંશપરંપરાની ઉપજ ઉપર ભારે વેરો નાંખવો, કે બેની કમાઈ ઉપર સરખો ભાર પડે.

વેપારના નફાની કમાઈ પણ જીવત્પર્યંત છે. પણ જરા તેમાં ફેર છે. નફાનો જેટલો અંશ મુડીના વ્યાજ તરીકે મળે છે, તે વંશપરંપરાની કમાઈ જેવો છે; ને જેટલો અંશ જોખમને લીધે ફક્ત બદલ મળે છે, તે જીવત્પર્યંત કમાઈના જેવો છે. માટે તેમાંથી પણ ઉપર પ્રમાણે વેરો ઓછો લેવો જોઈએ. આ સિવાય એક બીજા કારણને લીધે પણ નફા ઉપર વેરો કમી લેવો જોઈએ. નફાનું ઠેકાણું રહેતું નથી. કોઈ વરસ ઘણો વધારો આવે છે, ને કોઈ વરસ ઘણો ઓછો આવે છે, કે ખોટ આવેછે; ને આવા અનિયમિતપણાને લીધે વેપારીનો જીવ ઘણો ઉંચો રહે છે, ને તે બદલ તેને માથે વેરો હલકો જોઈએ.

વેરાની સમાનતાનો અર્થ ઉપર પ્રમાણે લેવાનો છે. ઉપજ ઉપર વેરો લેવો તે એકલી ઉપજના સમૂહ ઉપર નજર રાખી ન લેવો. પણ તેમાંથી તેનો માલક કેટલું ખરચી શકે, તે ઉપર વિચાર કરી લેવો. એને વાસ્તે ઉપાય ઉપર બતાવેલા છે. એ ખરૂં છેકે એ ઉપાય વડે બધા ઉપર ન્યાય પૂર્વક ભાર નહી પડે. વખતે કાયદામાં જેટલી રકમ ઉગારવા જોગ ગણી હશે, તેના કરતાં કોઈને વધારે ઉગારવાની ફરજ પડતી હશે, ને કોઈ ઓછું ઉગારતો હશે. પરંતુ તે ઉપાયથી ઘણે ભાગે ઠેકાણે વેરાનો ભાર સરખો પડશે; ને છેક અન્યાય થાય, તેના કરતાં થોડો અન્યાય થાયતો સારૂં.

વેરાની સમાનતાનો અર્થ હવે નક્કી થયો. હવે તેને લગતી એક બાબત વિષે જરા બોલવું જોઈએ. કેટલીક ઉપજ એવી તરેહની હોયછે, કે તે વગર મેહેનતે એની મેળે વધે જ જાય; તે વધારવા માણસને કશી તરેહની ફિકર કે સંભાળ રાખવી પડતી નથી. જેમ દેશની અર્થીય હાલત સુધરતી જાય છે, તેમ તેમ જમીનદારને જમીનનું ગણોત વધારે મળેછે; ને તેને માટે તેને કશી મેહેનત કરવી પડતી નથી. એકુતને વધારે ઉપજ મળે, તેમાં તેને કશું વધારે કરવું પડતું નથી. આ બધો વધારો સરકાર લઈ લે, તો તેમાં કાંઈ અન્યાય કે જુલમ થયો કહેવાય નહી. જમીનની ઉપજમાં કેટલો વધારો થયો છે, તે નક્કી કરવું બહું મુશકલ નથી. કાંતો હાલ બધી જ-

મીનનું કેટકેટલું ભાડું છે, તેની નોંધ કરવી જોઈએ; ને પછી જે સામાન્ય વધારો થાય, તે સરકાર લેવાને હકદાર છે. પણ તેમાં જેટલો વધારો જમીનદારે મુડી કે મહેનત ખરચીને કર્યો હોય, તેટલો બાદ થવો જોઈએ. તે સિવાય જે રહે, તે માત્ર સ્વભાવિક કારણોથી થયો છે, એમ કહેવાય. તે સ્વભાવિક વધારો નક્કી કરવાનો એક રસ્તો તો એ છે કે અનાજના ભાવના વધારા ઉપર નજર રાખવી. તેમાં જે સ્થાયિ વધારો થાય, તેટલો સ્વભાવિક કારણથી થયો એમ કહી શકાય. એથી જરા ઓછો વેરો લેવાનું સરકારે રાખ્યું હોય, તો અન્યાય થાય નહીં.

એક બીજી વાત આ વીશે લખવા જેવી છે. આપણા દેશમાં જમીનની ઉપજમાં સરકાર જે ભાગ લે છે તે કાંઈ વેરો નથી, પણ જમીનનું ભાડું છે; જમીનનો માલિક સરકાર છે, માટે તે તેની ઉપજમાંથી હીસ્સો લેઈ શકે છે. નામમાં તો કાંઈ નથી, પણ પરિણામે એટલો ફેર પડે છે, કે જો તેને વેરો કહીએ તો તે ભરનારને માથે વેરા રૂપે બીજો બાર ઓછો પડે. પણ જો ભાડું કહીએ, તો તે સિવાય તે ભરનારને માથે બીજી હરકોઈ રૈયતના જેટલોજ વેરો મુકવામાં હરકત લેઇ શકાય નહી.

વેરા વીશે જે ચાર ધોરણ ઉપર આપવામાં આવ્યાં, તે સિવાય એક પાંચમું કેટલાક અર્થશાસ્ત્રીઓ આપે છે; તે એકે વેરા નાખવા તે ખરચ ઉપર પડે, એવી રીત નાખવા; મુડી ઉપર પડે એમ નાખવા નહીં. જે વેરાથી ઉગારો ને સંઘરો ઓછો થાય, તે વેરો મુડી ઉપર પડે છે, એમ કહી શકાય. હવે ઉપર કહ્યા પ્રમાણે કેટલાક વેરા ઉગારા ઉપર પડે છે, ને તેમ ન પડવા દેવાનો ઉપાય પણ આપણે ઉપર બતલાવ્યો છે. પણ એક રીતે જોતાં બધાએ વેરા થોડા ઘણા મુડી ઉપર પડે છે; કારણ બધા વેરામાં જેટલું ઉત્પન્ન થાય છે, તેનો કેટલોક ભાગ તો, વેરો ન લેવાયો હોત, તો ઉગારીને સંઘરી મુકાત; ને તેથી મુડીમાં વધારો થાત. માટે આ પાંચમું ધોરણ વહીવટમાં લાવવું ઘણું મુશ્કેલ છે. પણ મુડીનો વધારો ઉત્પત્તિ કાર્યમાં તથા તે દ્વારે દેશના દ્રવ્યની વૃદ્ધિમાં અત્યંત ઉપયોગી છે; તેથી જે દેશમાં મુડીની ઘણી ખોટ હોય, તે દેશમાં જેમ બને તેમ વેરા હલકા હોય તેમ સારૂં, કે મુડીની વૃદ્ધિને નુકસાન થોડું લાગે. ભારે વેરાથી મુડીની વૃદ્ધિને બહુ હાની પોહોચે છે. તેમ વેરા ઉઘરાવવાની જે રીતથી ઉદ્યમમાં કે મુડીના સંઘરામાં ખલેલ પોહોચતું હોય, તે રીત પણ સરકારે તજવી જોઈએ. વેરાથી મુડીની વૃદ્ધિમાં ખલેલ પોહોચે છે, એવી જે સામાન્ય હરકત બધા વેરા વીશે ઉઠાવવામાં આવે છે, તે દ્રવ્યવાન દેશમાં ઘણી લાગુ પડતી નથી; કારણ તેવા દેશમાં વરસો વરસ મુડીનો વધારો એટલો બધો થયા કરે છે, કે જો

વેરા દ્વારે તે વધારામાં ન્યૂનતા થતી ન હોય, તો થોડી મુદતે મુડીમાં વધારો થતો બંધ રહે, અથવા તે પરદેશ જાય; અથવા તેમ નહીં તો સટ્ટાનું જોર ચાલી નાશ પામે. વેરા દ્વારે વૃદ્ધિ કમી થવાથી આવા પરિણામ બંધ થાય છે, ને તેથી તાલેવર દેશને કાંઈ નુકસાન થતું નથી.

કેટલાક એમ કહે છે, કે વારસા ઉપર જે વેરો લેવામાં આવે છે, તેથી મુડીમાં ન્યૂનતા થાય છે. જો બીજી તરેહની આવક ઉપર વેરો ભારે લેવામાં આવે, તો તે આવકનો ધણી પોતાનું ખરચ કમી કરીને વેરાનો બંગ વાળે; ને પોતાનો ઉગારો તો આગળ પ્રમાણે કરે. પણ વારસામાં જે વધારો થાય છે, તેથી વારસ કાંઈ પોતાનું ખરચ કમી કરતો નથી; પણ પોતાને થોડોજ વારસો મળ્યો છે, એમ સમજી વેરો જતાં બાકી રહેલા દ્રવ્યને મુડી દાખલ વાપરે છે, પણ વેરો નહોત તો બધાને મુડી દાખલ વાપરત. આ હરકત કેટલેક દરજ્જે ખરી છે; પણ કોઈ પણ દેશની ઉપજમાં વારસા ઉપરના વેરાની રકમ ઘણી થોડી હોય છે, ને વળી જે દેશમાં ઉપજનો વધારો દેવું વાળવા વગેરેમાં કામ આવે છે, તે દેશમાં વારસા ઉપરના વેરા રૂપે જેટલી મુડી ઘટે છે, તેટલી રકમ લેણું પાછું લેનાર લોક તેને મુડી તરીકે વાવરે છે. તવંગર દેશમાં વેરો લેવાથી ઉગારો કમી થાય, તો તેથી કંઈ નુંકસાન થતું નથી, એ હમણાંજ કહ્યું; તથાપિ આપણા-જેવા ગરીબ દેશમાં તેવો વેરો જેમ હલકો હોય તેમ સારૂં.

प्रकरण ३ जुं.

વેરાના પ્રકાર.

વેરા કાંતો પ્રત્યક્ષ હોય છે કે, પરોક્ષ હોય છે. જેની પાસે વેરો લેવાનો ઠરાવ છે, તેની પાસેથીજ વેરો લેવામાં આવે, તો વેરો પ્રત્યક્ષ કહેવાય. વેરો જેની પાસેથી લેવાનો ઠરાવ છે, તેની પાસેથી જો લેવામાં ન આવે, પણ તેને બદલે બીજા પાસેથી લેવામાં આવે, તે એવા હેતુથી કે તે સખસ પેલા પાસેથી મજરે લઈ શકશે, તો તે વેરો પરોક્ષ કહેવાય. ઘણી વાર માલના ઉત્પાદક પાસેથી અથવા માલ વેચનાર પાસેથી વેરો લેવામાં આવે છે; તે એવા ઇરાદાથી કે તે ઘણી કિંમતમાં એ વેરો મજરે લઈ માલના ઉપભોગ કરતાને માથે તે ઢોળી પાડે. જેટલા વેરા જણસો ઉપર લેવામાં આવે છે, તે ઘણા ખરા પરોક્ષ છે.

વેરાના બે પ્રકાર છે; કાંતો તે કમાઈ ઉપર લેવામાં આવે છે; અથવા ખરચ પ્રમાણે લેવામાં આવે છે. ખરચ ઉપરના ઘણા ખરા વેરા પરોક્ષ હોય છે; પણ કેટલાક પ્રત્યક્ષ પણ હોય છે. જો ઘર વેરો ઘરમાં રહેનારા પાસેથી લેવામાં આવે, તો તે પ્રત્યક્ષ કહેવાય. પણ જો તે ઘરના માલેક (જ્યાં માલેક અને રેહેનાર જુદા હોય ત્યાં) પાસેથી લેવામાં આવે, તો તે પરોક્ષ કહેવાય. ગાડી વેરો, ઘોડા વેરો, વગેરે કેટલાક વેરા ખરચ ઉપર લેવામાં આવે છે, પણ તે પ્રત્યક્ષ છે.

કમાઈના ત્રણ પ્રકાર છે, એવું આગળ કહી ગયા છીએ. માટે ઉપજ ઉપર જે વેરો લેવામાં આવે છે, તેના ત્રણ પ્રકાર થઈ શકે. જમીનદારની કમાઈ ઉપર, એટલે જમીનની સાંથ ઉપર વેરો; નફા ઉપર વેરો; ને મુસારા ઉપરવેરો. હવે આમાંના પ્રત્યેક વેરા વિષે વિષે ટીકા નીચે આપીએ છીએ.

આ ગ્રન્થમાં ઘણીવાર કહેવામાં આવેલું છે, કે કેટલાક યુરોપીય દેશોમાં જમીનનું ભાડું સ્પર્ધાના નિયમ પ્રમાણે ઠરે છે, ને જમીનનો માલેક સરકાર હોતા નથી, પણ ખાનગી પુરૂષો હોય છે. તેવા દેશમાં જમીનદારો ઘણા હોય છે; ને તેઓની વાર્ષિક કમાઈ પણ ઘણી હોયછે. એ ઠેકાણે જો જમીનની સાંથની કમાઈ ઉપર વેરો નાખવામાં આવતો હોય, તો પહેલો તે વેરો જમીનદાર ભરે. જમીનદારથી જમીનના ઈજારદાર પાસેથી તે વેરો મજરે લઈ શકાય નહી; કારણ જો ઈજારદાર તે વેરો ભરેતો તે ઈજારદારને નફો બીજા ધંધા કરતાં ઓછો પાલવે; ને બીજા ધંધા કરતાં ઓછે નફે તે પોતાની મુડી વાપરી કામ કરે નહિ. માટે એ વરાનો બોજતો જમીનદારને માથેજ રહે. પણ આ વેરામાં એક રીતનો અન્યાય થાય. જમીનદારોને એકલાનેજ માથે ભાડા ઉપર વેરો નાંખવામાં આવે ને બીજા ધંધાદાર ઉપર નાખવામાં ન આવે, તો એ વ્યાજબી નહી. પણ જો બીજા ધંધાવાળા કરતાં જમીનદાર ઉપર બીજા વેરા થોડા હોય, ને જમીનદારના ભાડાં ઉપર વેરો નાંખવાનો હેતુ એટલોએજ હોય, કે બધાને માથે ભાર સરખો મુકવો, તો પછી કંઈ ભાડા ઉપર વેરો લેવામાં અન્યાય નથી. આપણા દેશમાં જમીનદાર સુમારે ઘણા થોડા હોય છે, ને તેઓમાં ને યુરોપીયન જમીનદારોમાં એક ફેર છે કે તેઓ પોતાના ઉપર વેરો પડે, તેનો કેટલોક હિસ્સો તો ગણોતીઆ ઉપર ફાળવી નાખી, પોતે નિરાળા રહી શકે છે. વખતે તેમના ઉપર નાખેલો વેરો બિચારા ગરીબ ખેડુત ઉપર પડે છે. ખેડુતથી એ વેરો હમેશાં કિમતમાં મજરે લઈ શકાતો નથી; કારણ આપણા દેશમાં અનાજની કિંમત છત તથા અછતનેજ આધારે રહે છે; માત્ર એટલો ફેર, કે અનાજની કિંમતમાંથી ઓછામાં

ઓછું ગણિત જેટલું નિકળવુંજ જોઇએ; ને તે ઉપર જે વધારે ઉપજે તેમાંથી ખેડુતના રોટલા નિકળે છે. માટે આપણા દેશમાં જમીનદારોની કમાઇ ઉપર વેરો નાખવાથી ખેડુતને માથે ઘણો બોજા પડે છે.

નફા ઉપર જો વેરો લેવામાં આવે, તો તેનો ભાર પહેલ વહેલો તો મુડીદાર ઉપર પડે; ને મુડીદારનો તે આપ્યા વગર છુટકો નહી; કારણ ધંધા બદલવા જાય, તોએ તે વેરો તો રહેને રહે. જો એકજ ધંધાના મુડીદારો ઉપર વેરો નાંખ્યો હોય, ને બીજા ધંધાના મુડીદારને મુક્ત રાખ્યા હોય, તો તે ધંધાના કરનારા પોતે પૈદા કરાવેલી જણસોનો ભાવ વધારી વેરો તેમાં મજરે લે, ને છેવટ તે વેરો તે જણસના ઉપભોગ કરનાર ઉપર પડે. પણ બધા ધંધા ઉપર સરખો વેરો હોય, તો એમ થઇ શકે નહીં; કારણ આપણે કહીજ ગયા છૈએ, કે બધી વસ્તુઓના ભાવ સાથે લાગા વધી શકે નહીં.

જે દેશોમાં નફાનો દર કનિષ્ટ થવાની લગભગમાં હોય, તે દેશોમાં નફા ઉપર વેરો નાંખવાથી એવો પરિણામ થાય, કે નફો એટલો થોડો થઇ જાય, કે મુડીમાં નવો સંગ્રહ કરવાનું કોઇને મન થાય નહીં; અથવા જે સંઘરો થાય, તે વધારે નફાની લાલચે દેશાવર મોકલવામાં આવે; અથવા તે સટ્ટા સટ્ટીમાં ગુમાવી નાંખવામાં આવે.

જો દેશની મુડીમાં વધારો થતો બંધ પડ્યો હોય, ને તે સ્થાયી ભાવને આવી હોય, અને નફાનો ભાવ કનિષ્ઠતા ઉપર આવ્યો હોય, તો તે દેશમાં નફા ઉપર વેરો લેવામાં આવે, તો તેથી કોઇને નુકસાન થાય નહી. જે મુડીદારો વેરો ભરે, તેમનો નફો આગળના કરતાં ઓછો થાય; માટે નફો આગળના જેટલો કરવાને માટે તેઓ સંઘરો વધારે કરી પાછો આગળના જેટલો નફો ઉપજે તેટલી મુડી કરશે; પણ જો વેરો ન હોય, તો મુડીમાં કાંઇ વધારો કરવામાં આવે નહી. આ પ્રમાણે વેરાથી નુકસાન કોઇને નથી. પણ વેરો ન હોત, ને દ્રવ્યનો ઉપભોગ થઇ નાશ થાત, અથવા જે પરદેશ મોકલવામાં આવત, તેનો સંઘરો થાયછે. માટે એવા દેશમાં તો વેરો થવાથી દેશની મુડી એની એ રહી; ને વેરો આવ્યો તે નફામાં.

વેરો થયા પછી જો નફો વધારવાની લાલચે ઉત્પત્તિના હુનરોમાં સુધારો થાય, તો એ સુધારાથી વળતે નફાનો દર વધે, ને સુધારાથી જે ફાયદો થયો તેમાંથી વેરો આપવામાં આવે. પણ આ પ્રમાણે સુધારો ન થાય, તો દેશમાં વેરાને લીધે થોડી મુડી ઉત્પત્તિ કાર્યમાં વળગતી રહે; ને તેથી મજુરીઆત લોકને ગેરફા-

ધેરા નથી; કારણ જો વેરા ન હોત તો, એ નફાનો દર કનિષ્ઠ હોવાથી, મુડીમાં કોઈ વધારો કરત નહી. આપણા જેવા ગરીબ દેશમાં મુડી વધારવાની જરૂર છે, કારણ મુડીની ખોટને લીધે ઘણાં ઉપયોગી કામો પડ્યાં રહ્યાં છે; માટે આપણે અહીં જો કોઈપણ વેરાનો ભાર મુડી ઉપર લાગો પડે, તો તેથી મુડીનો સંગ્રહ એટલો ઓછો થાય, ને દેશની સમૃદ્ધિમાં હાની પહોચે. આપણે અહીં જેમ મુડી ઉપર વેરા ઓછા હોય તેમ સારૂ.

મુસારા ઉપર વેરા લેવામાં આવેછે, તે પહેલ વહેલો તો મુસારો જે કમાતો હોય, તેના ઉપર પડે. તેનો મુસારો વેરા જેટલો ઓછો થાય. મુસારો ઓછો થવાથી તેઓના વૈભવમાં કુરતતો ન્યૂનતા થાયજ. હવે જો તેઓને એ વૈભવની એવી ટેવ પડી ગઈ હોય, કે તે વૈભવ પાછો હતો, તેવો કરવાને અને તેટલી મહેનત કર્યા વગર તેઓ રહેજ નહી, ને જરૂર પડે તો પોતાની પસ્તિ ઉપર પણ અંકુશ રાખે, તો આખરે વેરાનો બોજ તેઓપર ન પડે, પણ મુડીવાળા ઉપર પડે; કારણ તેઓ વસ્તિ વધતી બંધ કરી, જેટલો મુસારો વેરાને લીધે ઘટ્યો, તેટલો વધારવાની પાછી મુડીવાળાને ફરજ પાડશે. પણ જો મજુરોનું આ પ્રમાણે વૈભવ ઉપર મન પણ ન હોય, ને તેઓની વસ્તિજનક શક્તિ બરોબર અંકુશમાં ન હોય તો, મુસારા ઉપર વેરા નાખવાથી એટલો પરિણામ થવાનો, કે મજુરના વૈભવમાં ન્યૂનતા થશે; ને તેની હાલત આગળના કરતાં બુરી થશે. આપણે અહીં વૈભવનો શોખ નથી, માટે પરિણામ આવોજ ઘણું કરીને થવાનો.

આ પ્રમાણે મુસારા ઉપર વેરા નાખવાથી બેમાંથી એક પરિણામ થશે: કાંતો મજુરની સ્થિતિ તેને લીધે બુરી થશે, અથવા તેમ નહી થાય તો તે વેરા મુડીવાળા ઉપર પડશે. આ બંને પરિણામ ખરાબ છે. મજુરની સ્થિતિ જેમ સારી હોય તેમ દેશને ફાયદો છે, ને મુડીવાળા ઉપર દુપટ વેરા પડે તેથી દ્રવ્ય સંગ્રહ તથા મુડી દેશમાં ઘણી ઓછી થાય; ને ઉત્પત્તિને ઘણી હાની પહોચે. ઉપર કહ્યું હતું, કે નાની ઉપજવાળા ઉપર વેરા પડવો ન જોઈએ; તેનું કારણ એવું આપવામાં આવ્યું હતું, કે જો તેઓ ઉપર વેરા પડે, તો તેઓને ખાનપાન વિષે ઘણું સંકટ પડે. હવે એવી ઉપજ વાળા ઉપર વેરા નહીં નાખવાનું બીજું કારણ પણ સુઝી આવે છે: એવી ઉપજના ઘણી ઘણું કરીને મજુરીઆત લોક હોય છે, માટે તેવી ઉપજવાળા ઉપર વેરા પડે, તો કાંતો તેઓની હાલત ખરાબ થાય: અથવા તેમ નહિતો મુડીવાળાને માથે તે વેરા પડે. બંને રીતે દેશને નુકસાન છે.

આ ઉપરથી એમ અનુમાન નીકળે છે, કે મુસારા ઉપર વેરો નાખવો ન જોઈએ. પણ કેટલીક રીતના મુસારા એટલા તો ભારે હોય છે, કે તેના ઉપર વેરો પડવાથી કોઈને નુકસાન થાય નહીં. કંપની કારીગરોના, તથા વકીલો, ઇંજનેરો, ડાકતરો, વગેરેના મુસારા બીજા મજુરોના મુસારા કરતાં એટલા તો જાસ્તી હોય છે, કે તે ઉપર થોડો વેરો પડે, તો હરકત નહીં. આપણા જેવા દેશમાં ઘણાખરા મજુરોનો તથા કારીગરોનો મુસારો હલકો હોય છે, માટે તેઓ ઉપર વેરો જોઈએજ નહીં.

આ પ્રમાણે પ્રત્યેક પ્રકારની કમાઈ ઉપર વેરો નાખવાથી શો પરિણામ થાય છે, તે આપણા જોવામાં આવ્યું. તેમાં પ્રત્યેકમાં થોડું થોડું નુકસાન આવે છે માટે. સૌથી ઘણો વાજબી વેરો તો એકે સઉ પાસેથી પ્રત્યેકની ઉપજ પ્રમાણે કર લેવો. માત્ર આગલા પ્રકરણમાં ઉપજ વેરા વિશેના જે નિયમ આપ્યા છે, તે ધ્યાનમાં રાખવા. એ ત્રણ નિયમ નીચે પ્રમાણે છેઃ એક તો જે લોકની કમાઈ એટલી થોડી છે, કે માત્ર તેથી ગુજરાનજ પ્રમાણે થઈ રહે, તે લોક ઉપર વેરો નાખવો નહીં; તેટલી કમાઇને વેરામાંથી બાતલ રાખવી; બીજું એકે તેથી ઉપરની જાસ્તી કમાઈ ઉપર જે વેરો નાખવો, તે તેઓમાંથી એટલી રકમ બાદ જવા જે બાકી રહે, તે ઉપર નાખવો; ત્રીજું એકે જેટલી રકમો ઉગારીને મુડી દાખલ વાપરવામાં આવે, તેઓ ઉપર વેરો નાખવોજ નહીં; પણ જો આ નિયમને વહિવટમાં અમલમાં આણવો મુશકેલ માલમ પડે, તો એમ કરવું, કે જીવતપર્યંતની કમાઈઓ (જેવી કે પગાર, ધંધા વગેરેનો નફા) તેના ઉપર ઓછો વેરો નાખવો, ને વંશપરંપરાની જે કમાઈ છે, તે ઉપર વધારે વેરો નાખવો.

આ પ્રમાણે જે ઇનકમ ટાકસ અથવા કમાઈ વેરો લેવામાં આવે, તેને ઘણોજ અદલ ગણવો યોગ્ય છે. પણ તેમાં કેટલીક અડચણો નડે છે. એક તો લોકોને પોતાના હિસાબ સરકારમાં રજુ કરવા પડે તે; ને બીજી એકે એથી લોકના અંદરખાનાની હકીકત તપાસવાનો સરકારના કારકુન ને અખતીઆર મળે છે. આ બે હરકતો બીલકુલ વજનદાર નથી, એમ કહી શકાતું નથી; પણ તે એટલી બધી ભારે નથી, કે તેને વાસ્તે ઇનકમ ટાકસ જેવો અદલ વેરો કાઢી નાખવાની ફરજ પડે. જે માણસનું તરસાળુ પાકું છે, તેને હિસાબ દેખાડવાથી શી હાની છે; ને જેનું તરસાળુ પાકું નથી, તેને હાનિ થાય, તેમાં દેશને ફાયદો છે. વળી સરકારી નોકરીના અખતીઆરથી જે જુલમ થાય છે, તે જુલમનો કેટલોક દોષ તો ખોટા ખોટા

હિસાબ દેખાડનારનો છે. કોઈ ખોટા હિસાબ દેખાડે, ત્યારે તેના ચોપડા જપ્ત થાય; અથવા સરકારી નોકરો લઈને તપાસે. માટે આ બે અડચણો બહુ ધ્યાન આપવા જોગ નથી. ખરી અડચણો તો એ છે, કે જે લોકની કમાઈ અનિશ્ચિત છે, તેઓ જો પત્રક ખરું ન ભરી આપે, તો પછી તેઓ પકડાય નહી. ચોપડા રજુ કરવાનું કહે તો, તેઓ જમા બાજુની કેટલીક રકમો મુકી દે, એટલે કોઈ કહાડો પકડાય નહી. જે લોક સાધારણ વ્યવહારમાં પ્રમાણિક હોય છે. તેઓ પણ કોઈપણ રકમ પત્રકમાં દેખાડવી કે ન દેખાડવી, એનો જરા શક પડે, તો તેનો લાભ પોતે લે છે, ને લુચ્ચા લોક તો જાણી જોઈ ઘણી રકમો દેખાડતાજ નથી. માટે ઈનકમ ટાકસ એટલે ઉપજવેરો જાતે તો ઘણોજ અદલ છે, પણ અમલમાં આણતાં ઘણોજ અન્યાય ભરેલો થઈ પડે છે, કારણ કે એથી લુચ્ચા બચી જાય છે, ને ભલા માણસોને તેમના પ્રમાણમાં બહું ભરવું પડે છે.

આ ઉપરથી ઘણાખરા અર્થશાસ્ત્રીઓનો એવો નિશ્ચય છે, કે ઉપજ ઉપર પ્રત્યક્ષ વેરો સાધારણ સમયે લેવોજ નહી; તેવે પ્રસંગે રાજ્યના ખરચને માટે ઉપજ બીજી રીતે પેદા કરવી. પણ જ્યારે કોઈ તોફાન ફિતુરનો, અથવા બીજી રીતનો બારીક સમય આવી પડે, ત્યારેજ ઈનકમ ટાકસને ઉપયોગમાં લેવો. તેવે સમયે વખતની બારીકીને લીધે તથા પૈસાની તંગીને લીધે ન્યાય અન્યાયની તુલના કરવા બેસાતું નથી; પણ ગમે તેમ કરી ઉપજ ઉભી કરવાની જરૂર હોય છે.

ઉપજ વેરો લેવામાં આવા પ્રકારની હરકતો નડે છે, તેથી કેટલાક એવી ભલામણ કરે છે કે ઉપજ ઉપર વેરો ન લેતાં ખરચ ઉપર વેરો નાખવો. તેઓનું કહેવું એમ હોય છે, કે હરકોઈ માણસની ઉપજ કરતાં ખરચ ઘણું ઉઘાડું હોય છે, તેથી ખરચ દેખાડવામાં ચોરી કરવા જાય, તો બની શકે નહીં; ને વળી એવા વેરાથી અન્યાય પણ થોડો થઈ શકે છે: કારણ ઘણું કરીને માણસ પોતાની શક્તિ પ્રમાણે ખરચ રાખે છે. આ કહેવું થોડું ઘણું ખરું છે. પણ વિચાર કરતાં એમ માલમ પડશે, કે ઉપજ કરતાં ખરચ ચોરાવવું ઘણું સહેલ છે. ખરચની એટલી બધી રકમો હોય છે, કે તેમાંથી થોડી મુકી દેવામાં આવે તો, કોઈથી પકડાય નહીં. છેવટ ખરચ વેરામાં પણ ઘણીવાર ભરૂંસો રાખ્યા વગર છુટકો નથી; ને ભરૂંસો રાખતાં ઘણો અન્યાય થાય છે.

સામાન્ય ખરચ વેરા વિષે આવી અડચણ નડે છે, તેથી કેટલાક દેશમાં અમુક પ્રકારના ખરચ ઉપર વેરા લેવામાં આવે છે. આપણે અહીંઆંજ, હવે ઘણાખરા

શહેરોમાં ગાડી ઘોડા ઉપર વેરા લેવામાં આવેછે, તે આ પ્રકારના છે. વળી ઉત્તર હિંદુસ્તાનમાં ઘણે ઠેકાણે ઘર વેરા ઘાલેલા છે, તે પણ આ પ્રકારના છે. આ બધા વેરા પ્રત્યક્ષ છે. જેની પાસેથી લેવા ધરેછે, તેની પાસેથીજ તેઓ માગવામાં ને લેવામાં આવેછે. આ વેરા મધ્યે ઘરવેરો ઘણો ઉપયોગી ને સાધારણ છે, માટે તે વિષે વિચાર કરીએ છીએ.

ઘર વેરો પ્રથમ ઘરમાંના રહેનાર પાસેથી લેવામાં આવે છે. હવે જો તેનેજ માથે પડે, ને વળી જો એમ સાબીત થઇ શકે, કે વેરો ભરનારા બધા પુરૂષો, અથવા ઘણાખરા પુરૂષો, પોત પોતાની શક્તિ પ્રમાણે ઘર રાખેછે, અથવા બાંધેછે, તો તે વેરો ઘણો વ્યાજબી કહેવાય. હવે ઘર વેરો અન્તે કોના ઉપર પડશે, એનો એક સામાન્ય નિયમ આપી શકાતો નથી. જે મુલકમાં ઘણાખરા જણ પોતાનાજ ઘરમાં રહેછે, ત્યાં આવો પ્રશ્ન ઉઠાવી શકતોજ નથી. અંગ્રેજ તાબાના ગુજરાતના ગામડાઓમાં તો ઘણાજ થોડા માણસો ભાડુતી ઘરમાં રહેનાર હોયછે; ને શેહેરના રહેનારાઓમાં પણ ભાડાના ઘરમાં રહેવાનો ચાલ બહુ પ્રસર્યો નથી. માટે પહેલા પ્રશ્નનો ખુલાસો કરવાની અગત્ય તો નથી. પણ મુંબાઈ જેવા શેહેરમાં ઘરના માલેક થોડા પુરૂષ હોય છે, ને વસ્તિનો ઘણો અંશ ભાડાના ઘરમાં રહે છે. તેથી કેટલાંક ઠેકાણે વિચારવાનું રહ્યું, કે ઘરમાં રહેનાર પાસેથી લીધેલો વેરો ઘરધણીને માથે પડશે, કે ભાડુતને માથે પડશે. વેરો જો સહેજ અને હલકો હશે તો, તે ભાડુતને માથેજ રહેશે; પણ જો ભાડુતને ખુંચે એટલો હશે, તો (સ્પર્ધાનો નિયમ ચાલતો હશે તો) ભાડુત ઘર બદલી એવી નાની જગા રાખશે, કે તેનું વેરા સુધાં ભાડું જુના ઘરના ભાડા બરોબર થાય. એમ થવાથી કેટલાંક ઘર ખાલી પડશે, ને તે ઘરોના માલીકો વેરા જેટલું ભાડું ઓછું લેવું કબુલ કરી પાછા ભાડુત રાખશે. આ પ્રમાણે ભાડુત ઉપર નાખેલો વેરો ઘરધણી ઉપર પડશે. હવે જો ઘરધણીઓ ઘર નફાને કાજે બાંધતા હશે, તો તેઓનો નફો વેરો ભરવાથી કમી થશે; ને નવાં ઘર કોઇ બાંધશે નહી. પણ જ્યાં લગી વસ્તિ વધવાથી અથવા જુનાં ઘર પડી જવાથી ઘર ઓછાં નહી થાય, ત્યાં સુધી એ વેરો ઘરધણીને માથેજ પડશે. પછી પાછો ભાડુતને માથે પડશે. પરંતુ આ દેશમાં ભાડે આપનારાનાં ઘર પણ ઘણેજ થોડે ઠેકાણે નફા વાસ્તે બંધાએલાં હોયછે. નફો હો કે ન હો, પણ લોક પોતાને વાસ્તે ઘર બાંધ્યાં વગર રહેતા નથી, ને તાલેવર લોકો પણ, જે ઉપજશે તે ખરૂં, એમ ધારી ભાડા વાસ્તે ઘર બાંધે છે. માટે આપણા જેવા દેશમાં ભાડુતને માથે ન પડતાં ઘર વેરો ભારે (ભારે હોય છે ત્યારે) ઘર ધ-

ણી ઉપર પડે છે.

પણ ઉપર કહેવામાં આવેલું છે, કે જીલ્લાઓમાં ઘણે ભરે ઠેકાણે ભાડાનાં ઘર થોડાં હોય છે, ને ઘણો ભાગ માલકીનાં ઘર હોયછે, માટે તેઓ વિષે એવી હરકત કાંઢ્યા શકાતીજ નથી. જે ઠેકાણે ઘરવેરાનો બોજો બીજાનેમાથે પડતો નથી, તેઓ વિષે એમ વિચારવાનું રહ્યું, કે ઘરવેરાનો બોજ રહેનારની શક્તિ પ્રમાણે પડશે કે નહીં. આનો જવાબ નકારથી દેવો પડે છે. આપણા જેવા દેશમાં ઘર વેરો અન્યાય ભરેલો કર છે. હિંદુ લોકોની રીત એવી હોય છે, કે બને ત્યાં લગી બાપ દાદાનું ઘર વેચવું નહી. જ્યારે બીજો કોઈ રીતનો ઉપાય ન રહે, ત્યારે ઘર વેચવામાં આવે છે. માટે મોટા ઘરના માલેકોમાંના કેટલાક ભાગમાં ઘરની મોટાઈ પ્રમાણે બીજી રીતની શક્તિ હોતી નથી. વળી જે લોક તાજા હોય છે, તે પણ પોતાની સમૃદ્ધિ સાથે જો વસ્તાર કે બટલો હોય, તોજ મોટું ઘર રાખે છે. યુરોપીઅન દેશોમાં જેમ ઘર ઉપરનથી માણસની કમાઈ ને ખરચ જણાઈ આવે છે, તેમ ગુજરાતમાં નથી. માટે ગુજરાતમાં એ વેરો ઘણો અન્યાયી છે. મુંબઈમાં ઘણીવાર ઘર ઉપરથી માણસની સમૃદ્ધિ જણાઈ શકે છે, માટે ત્યાં ઘર વેરો આ કારણસર બહું દોષ ભરેલો નથી. પણ તેવા શેહેરમાં ઘરધણી થોડા હોય છે, ને વસ્તી ઘણી હોય છે, તેથી ઉપર કહ્યા પ્રમાણે વેરાને બોજ ઘરધણી ઉપર ઘણો પડે ખરો.

प्रकरण ४ थुं.

જણસો ઉપરના કર વિશે.

જણસો ઉપરના વેરા બે તરેહના હોયછે. પ્રત્યક્ષ, અથવા પરોક્ષ. ઘર વેરો ભાડુત પાસેથી લીધામાં આવે તે પ્રત્યક્ષ વેરો છે. પણ ખાંડ ઉપર વેરો લેવામાં આવે છે, તે પરોક્ષ વેરો છે. જેની પાસેથી લેવો જોઈએ તેની પાસેથી તે લેવામાં આવતો નથી, પણ ખાંડ બનાવનાર અથવા લાવનાર પાસેથી લેવામાં આવે છે, ને તે પુરૂષ કિંમતમાં તે વેરો મજરે લે છે. જણસો ઉપરના વેરા બંને પ્રકારના હોય છે, તો પણ તેમાંના ઘણા પરોક્ષ હોય છે; ને તેથી જણસ વેરો એટલે પરોક્ષ વેરો, એવો ભાવ ઘણું કરીને મનમાં આવે છે. જણસ વેરા ત્રણ તરેહના હોય છે: કાંતો તેઓ દેશમાં માલ ઉત્પન્ન થાય, તે ઉપર લેવામાં આવેછે; અથવા દેશમાં માલ આવે, તે ઉપર લેવામાં આવે છે; અથવા દેશની અંદરને અંદર જે માલ જાય

આવે, અથવા વેચાય તે ઉપર લેવામાં આવે છે. ગમે તે પ્રકારે લેવામાં આવે, પણ એથી વસ્તુનું ઉત્પત્તિ ખરચ વધે ને વધેજ (ઉત્પત્તિ ખરચ એટલે વસ્તુને વેચવા લાવતા સુધીનું હરેક રીતનું ખરચ).

જ્યારે કોઇપણ વસ્તુનું ઉત્પત્તિ ખરચ વેરાથી વધે છે, ત્યારે સ્વભાવિક કારણથી વધ્યું હોય, ને જેવો પરિણામ થાય તેવોજ પરિણામ થાય છે. વેરો જો કોઇ એક બે અથવા થોડી વસ્તુઓના ઉપર પડવાથી તેઓનું ઉત્પત્તિ ખરચ વધ્યું હોય, તો તે વસ્તુઓનું મૂલ તથા કિંમત તેટલીજ વધે; ને તે વેરો ઉપભોગ કરનારને માથે પડે. તેમજ જો બધી વસ્તુઓ ઉપર વેરો નાખ્યો હોય, પણ તે વેરો બધી ઉપર સરખો નહોય, એટલે કોઇ ઉપર થોડો ને કોઇ ઉપર વધારે હોય, તો પરિણામ તેવોજ થાય; ને વેરો એ જણસોના ઉપભોગ કરનાર ઉપર પડે. પણ વેરો જો બધી વસ્તુઓ ઉપર નાખ્યો હોય, ને પાછો બધી ઉપર સરખો નાખ્યો હોય, તો તે કિંમતમાં જરૂર ભળે નહીં; કારણ આગળ ઘણી વાર કહી ગયા છીએ કે, બધી વસ્તુનાં મૂલ સાથે લાગાં વધે, અથવા ઘટે નહી. પરંતુ એક રીતે વિચાર કરતાં એમ માલમ પડે છે, કે વેરો બધી વસ્તુઓ ઉપર સરખો નાખ્યો હોય, તો પણ ભાવમાં ચઢ ઉતર થાય. હવે જણસોનું મૂલ ઉપજે છે, તેના બે ભાગ કરી શકાય. એક વડે ખરચેલી મુડી પાછી વળે છે, ને બીજા વડે મુડીવાળાને નફો મળે છે. સંચાવડે ઉત્પત્તિ થવાથી એકની એક મુડી છતાં માલ સસ્તો વેચી શકાય છે. એમ ધારો કે એક વેપારી સો રૂપીઆ મજુરોને ખવડાવી બસેં રૂપીઆના મૂલનો માલ પેદા કરાવે છે; તેમાં સો નફાના, ને સો ખરચેલી મુડી બદલના. બીજો વેપારી સો રૂપીઆના સંચાથી ઉત્પત્તિ કરાવે, તો તેને પોતાનો માલ બસેં રૂપીએ વેચવાની જરૂર નથી. માત્ર પોતાની મુડી ઉપર સો રૂપીઆ નફો, ને સંચાનો ઘસારો જેટલો તેને ભાવ ઉપજે, એટલે તે ખુશ થાય. એમ ધારો કે સંચો પાંચ વરશે ખસાઇ જાય છે, તો હવે તેના માલના એકસો ને વીસ રૂપીઆ ઉપજે, તો તેને બીજા વેપારી જેટલો નફો પાલવે. સરખી મુડી છતાં એકજણનો માલ બસેં રૂપીઆનો થયો, ને એકનો એકસો વીસનો થયો. હવે જો બે જણસો ઉપર કિંમત ઉપર દશ ટકાનો વેરો નાખ્યો હોય તો, તો બસેની જણસવાળા પાસે એકસોએંશી પડ્યા રહે; ને એકસો વીસવાળા પાસે એકસોઆઠ પડ્યા રહે. એકસો એંશીમાંથી સો મુડીના બાદ કરતાં એંશી નફાના પડ્યા રહે, ને એકસો આઠમાંથી મુડીના વીસ બાદ કરતાં અઠાશી નફાના પડ્યા રહે. હવે જે દેશમાં ઉત્પત્તિ વેપારીઓ કરાવે છે ને જેમાં મુડીવાળા,

વેપારીઓ વચ્ચે પરસ્પર સ્પર્દ્ધા ચાલે છે, ત્યાં એક વેપારી બીજાને હમેશ વધારે નફો લેવા દે નહીં; માટે સંચાની જણસવાળાને જણસ સોંઘી વેચવાની જરૂર પડે; અથવા પહેલી જણસ સોંઘી વેચાય, ને બંને રીતે બધી વસ્તુ ઉપર સરખો વેરો નાખ્યાં છતાં ભાવમાં ફેર પડે. આપણા દેશમાં વેપારીઓમાં પરસ્પર સ્પર્દ્ધા નથી, તેથી આ પ્રમાણે પરિણામ થાય નહીં.

જો કોઈ અમુક ચીજ ઉપર વેરો નાખ્યો હોય, પછી તે ઉત્પત્તિ ઉપર હોય, અથવા તેની આવક ઉપર હોય, અથવા તેના વેચાણ ઉપર હોય, તો તે જણસની કિંમત વેરાના જેટલી વધ્યા વગર રહેજ નહીં. ઘણી ખરી વારતો તેથી વધારે પણ વધે. જ્યારે કોઈ જણસ ઉપર વેરો નાખ્યો હોય છે, ત્યારે તે ઉત્પન્ન કરવા વિષે અથવા લઈ જવા લાવવા વિષે કેટલાક પ્રતિબંધ કરેલા હોય છે; ને તે પ્રતિબંધોથી તે માલ ઉત્પન્ન કરનારાઓને અથવા તેને લઈ જનાર લાવનારને ઘણી અડચણ અને હેરાનગતિ હોય છે. આવી અડચણ જે ધંધામાં હોય, તે ધંધાવાળાને તે અડચણને હેરાનગતી બદલ કાંઈ અવેજ મળવો જોઈએ. માટે તેઓ જણસની કિંમત તે બદલ પણ વધારે છે. વળી વેરામાંથી કોઈ પણ ઉગરી ન જાય, માટે કેટલીકવાર એવો ઠરાવ કરેલો હોય છે, કે વેરાવાળી જણસ અમુક ઠેકાણે પેદા કરવી. આવું ઠેકાણું ઠરાવવાથી ઘણી વાર ઉત્પત્તિ કાર્યમાં ખરચ વધારે થાય છે, ને તેને લીધે વેરાના પ્રમાણ કરતાં પણ જણસનું મૂલ વધારે વધે છે. આવી રીતે ઉત્પત્તિનું સ્થાન નિયમિત થવાથી ઉત્પત્તિની કળામાં સુધારો કરવો પણ મુશ્કેલ પડે છે. ચોથું એકે ઉત્પાદકને ઉત્પત્તિ કાર્યને વાસ્તે મુડી કાઢવી પડે છે, એટલુંજ નહીં, પણ વેરા વાસ્તે મુડી કાઢવી પડે છે; ને પરિણામે વેરા જેટલી મુડી દેશમાં નકામી વપરાય છે. આવી રીતે વધારે મુડી કાઢવાની ફરજ હોય છે, તેથી કરીને તે ધંધામાં લાગવાને થોડા વેપારીઓ શક્તિમાન હોય છે; ને વેપારી થોડા હોવાથી તેઓ એકઠું કરી ભાવ ઘણો વધારી શકે છે, એટલે રૈયતને માથે એક તો વેરો પડે છે, ને તે સિવાય વધારે મુલનો બોજો પડે છે. વળી વેરો પડવાથી ઘણી ખરી જણસોનો ભાવ વધે છે, ભાવ વધવાથી ખપમાં ઘટાડો થાય છે. હવે આપણે પહેલા પુસ્તકમાં કહી ગયા છીએ, કે ઘણી વાર ખપ વધવાથી જણસની ઉત્પત્તિ મોટા પાયા ઉપર કરી શકાય છે, ને જણસ સસ્તી પેદા થઈ સકે છે, ને ખપ ઘટવાથી ઉત્પત્તિ ખરચમાં વધારો થાય છે; ને તેથી વેરાવાળી જણસનો ભાવ વેરા કરતાં પણ વધારે વધે છે. ખપ વધવાથી સુધારો થવાની હમેશ ઘણી

જોગવાઈ બની આવે છે. પણ ખપ ઘટવાથી સુધારો થવાનો જોગજ રહેતો નથી.

આ જે ગેરફાયદા બતાવવામાં આવ્યા, તે જણસ વેરાને વિષે સામાન્ય છે. કોઈ પણ જણસ ઉપર વેરો નાખવાથી આમાંના કેટલાક પરિણામ થયા વગર રહેતા નથી. પણ કેટલીકવાર પાક્ષિક વેરા નાખવામાં આવે છે; એટલે જણસ ઉપર વેરો નહી; પણ જણસની અમુક રીતની પેદાસ અથવા આવક ઉપર નાખવામાં આવે છે. આવા વેરાને પાક્ષિક વેરા કહેવા ઠીક છે, કારણ તેઓ આખી જણસને લાગતા નથી, પણ તેના એક પક્ષ અથવા ભાગને લાગુ પડે છે. આપણા દેશમાં જે ખાંડનો ઉપભોગ થાય છે, તેમાંની કેટલીક આપણે અહીંજ ઉત્પન્ન થએલી હોય છે, ને કેટલીક પરદેશથી આવેલી હોય છે. હવે જો પરદેશથી આવતી ખાંડ ઉપર વેરો નાખવામાં આવે, પણ આપણે અહીં પેદા થએલી ખાંડ ઉપર તેવો કાંઈ વેરો નાખવામાં આવે નહી, તો એ વેરો પાક્ષિક કહેવાય. પાક્ષિક વેરાથી ઘણું કરીને નુકસાનજ હોય છે. એમ ધારો કે પરદેશની અને દેશની બેનું ઉત્પત્તિ ખરચ સરખું નથી; પણ એકનું વધારે ને એકનું ઓછું છે. હવે જો વધારે ખરચવાળી જણસ ઉપર વેરો નાખવામાં આવ્યો હોય, તો તે વેરો નિરર્થક છે; કારણ તેનું ખરચ વધારેજ છે, માટે વેપારી પોતાની મેળેજ તેને ઉત્પન્ન કરવાનું બંધ કરી પોતાના નફા વાસ્તે થોડે ખરચે તેને પેદા કરશે, ને વેરો આવવાથી પણ તે તેમજ કરશે, ને જો તેમ નહી કરતો હોય તો તેમ વહેલું કરશે, ને છેવટ વેરાથી કશી પણ ઉપજ નહી થાય. જો વેરો થોડા ખરચવાળી જણસ ઉપર નાખ્યો હશે, તો વેરો નાખવાથી તે જણસનું ઉત્પત્તિ ખરચ વધશે. ઉત્પાદક તે વેરો ઉપભોગ કરનાર પાસેથી મજરે લઈ શકશે, એટલે તેને માથે કાંઈ ભાર નહી પડે. પણ દેશને તથા ઉપભોગ કરતાને નુકસાન ઘણું થશે. સરકારને જે વેરો મળશે, તે માત્ર જણસના થોડા ભાગ ઉપર મળશે; પણ ઉપભોગ કરનારને તે વેરો જેટલો બધો માલ પેદા થએલો છે, તેટલા બધા ઉપર ભરવો પડશે; વળી જો એ વેરાને લીધે વધારે ખરચવાળા માલની ઉત્પત્તિ જારી રહેશે, તો તેથી રૈયતને ઘણું નુકસાન થશે. એ માલ ઉત્પન્ન કરવાનો બધો વધારાનો ખરચ નકામો ને બગાડ દાખલ છે.

આવા પાક્ષિક વેરા આગળ વિલાયતમાં અનાજ ઉપર ઘણા નાખવામાં આવતા હતા. દેશની ખેતીના રક્ષણને માટે પરદેશથી આવતા અનાજ ઉપર વેરો લેવામાં આવતો હતો. પણ આવા વેરાથી દેશને નુકસાન ઘણું થાય છે. એમ ધારો કે દેશમાં અમુક ખરચે એક કોઈક થોડો અનાજનો પાક થઈ શકે છે, પણ તેથી વધારે

ઉપજ કરવી હોય, તો ખરચ વધારે બેસે. વળી એમ ધારો કે એનેએ ખરચે પરદેશથી જોઇએ એટલું અનાજ લાવી શકાય છે. હવે જો દેશમાં અપ સવા કરોડ ખાંડી-નો હશે, તો પા કરોડ પરદેશથી લાવવું સસ્તું પડે. પણ જો તે પા કરોડ ઉપર કસ્ટમ એટલે જકાત લેવામાં આવે, તો અલબત તેનો ભાવ વધે. એ પા કરોડનો ભાવ વધે, એટલે દેશમાંના અનાજનો પણ ભાવ વધે. એટલે રૈયતને માથે સવા કરોડ ખાંડી ઉપરનો વેરો પડે; પણ સરકારના ઘરમાં તો પા કરોડની જકાત બરોબર ઉપજ આવે. કદાપિ પરદેશના અનાજ ઉપર એટલો બધો વેરો નાખવામાં આવે, કે તેથી પરદેશનો માલ આવતોજ બંધ થાય, તો દેશમાં પા કરોડ અનાજ ઉત્પન્ન કરવું પડે, તેને માટે ઉતરતા પ્રતની જમીન ભાગવી પડે, ને અનાજનો ભાવ (યૂરોપીય દેશમાં) વધ્યા વગર રહે નહી. રૈયતને એ પા કરોડની ઉપજ માટે બાકી-ની કરોડ ખાંડી ઉપર પણ ભાવ વધારે આપવો પડે. પાક્ષિક વેરાથી આવી રીતના નુકસાનકારક પરિણામ થાય છે.

જણસ વેરા વિષે હજી એક બાબત લખવી બાકી છે. જણસ વેરા કેટલીક-વાર દેશાવર મોકલવામાં આવે છે, તેવી જણસો ઉપર લેવામાં આવે છે, ને કોઈ વાર દેશમાં આવનારી જણસો ઉપર લેવામાં આવે છે. આ વેરા કોના ઉપર પડે છે, તે વિચારવા લાયક છે. ઉપરચોટીઆ વિચાર ઉપરથી તો એમ લાગે, કે દેશમાં આ-વનારી જણસ ઉપર લીધેલા વેરો દેશના લોક ઉપર પડે છે, ને દેશાવર જનારી જણસ ઉપર લીધેલા વેરા દેશાવરના લોક ઉપર પડે. પણ આ વિચાર ભૂલ ભરેલો છે, એમ નીચેના વિસ્તાર ઉપરથી માલમ પડશે.

પહેલો આપણે દેશાવર જતી જણસ ઉપરના વેરા વિષે વિચાર કરીએ. દેશાવર જનારી જણસ ઉપર વેરો લીધાથી કોઇવાર તે બધો વેરો પરદેશી ઉપર પડે, ને તે સિવાય તેઓને બીજું પણ નુકસાન થાય; અથવા કોઇવાર તે વેરાનો કેટલોક અંશ તેઓને માથે પડે, ને કેટલોક મોકલનાર દેશને માથે પડે; અથવા બધો મોકલ-નાર દેશને માથે પડે; અથવા મોકલનાર દેશને તે વેરો ભરતાં બીજું પણ નુક-સાન થાય.

આ સિદ્ધાંતોના દૃષ્ટાંતને સારૂ આપણે આગળની પેઠે એમ કલ્પના કરો, કે હિંદુસ્તાનને ચીનની વચ્ચે ખાંડને રેશમનો વેપાર ચાલે છે; ને હવે ચીન તરફ ચડતી ખાંડની કિંમત ઉપર હિંદુસ્તાને સેંકડે દશ ટકાનો વેરો નાખ્યો. આગળ આપણે દેશાન્તર સંવ્યવહારના પ્રકરણમાં કહી ગયા છીએ, કે સંવ્યવહાર ચલાવનાર દેશોના

આવકને જાવક માલની કિંમત બરોબર થવી જોઇએ. હવે એમ ધારો કે ચીનથી કરોડ રૂપીઆનું રેશમ હિંદુસ્તાન આવેછે, ને હિંદુસ્તાનથી કરોડ રૂપીઆની ખાંડ જાય છે. આ વેરો નાંખવાથી ચીનમાં ખાંડનો ભાવ વધશે. ભાવ પહેલો તો વેરાના પ્રમાણમાંજ વધશે, કારણ તેટલો ન વધે તો વેરાનો થોડોક અંશ વેપારી ઉપર પડે. પણ એ ભાવ વધવાથી ખાંડનો ખપ કાંતો આગળ જેટલોજ રહેશે, અથવા એથી ઓછો થશે. આગળ કરતાં ખપ વધશે એવું સંભવતું નથી. પહેલું એમ ધારો કે વેરો થયા અગાઉ જેટલી ખાંડ ખપતી હતી, તેટલીજ ખાંડ પછી પણ ખપે છે. ત્યારે હવે ખાંડનો ભાવ વધ્યો છે, તેથી આગળની કિંમત તથા વેરો મળીને જેટલા પૈસા થાય, તેટલા પૈસા ચીન પાસે હિંદુસ્તાન માગશે. વેરો નાંખ્યા અગાઉ આવકની કિંમત જેટલો માલ મોકલી ચીન દેશ હિંદુસ્તાનનું લેણું આપતો હતો. પણ એટલો માલ હવે બસ થાય નહી. એટલો મોકલતાં ચીનને દેવું ઉભું રહે. માટે ચીનનો બેમાંથી એક કર્યા વગર છુટકો નથી; કાંતો માલ વધારે મોકલવો પડશે; અથવા રોકડ નાણું વધારે મોકલવું પડશે. જુનેભાવે માલ મોકલે તો, વધારે રેશમનો હિંદુસ્તાનને ખપ નહીં હોય તો, ચીનને રેશમનો ભાવ ઉતારવો પડશે; એટલે ચીનને બેવડું નુકસાન થશે; એક તો હિંદુસ્તાને મોકલેલા બધા માલ ઉપર વેરો ભરવો પડશે; ને તે સિવાય પોતાનો માલ સસ્તો વેચવો પડશે. માલ નહી મોકલતાં રોકડ નાણું મોકલશે, તો એજ પ્રમાણે પરિણામ થશે. ચીનમાંથી નાણું જવાથી ચીનમાં બધી વસ્તુની કિંમતો ઘટશે, પણ ખાંડ ઉપર આગળથી વધારે ખરચ પડશે. હિંદુસ્તાનના લોક પાસે પૈસા વધશે, તેથી તેઓ વધારે રેશમ લેવાને શક્તિમાન થશે, ને તેમને રેશમ પાછું આગળના કરતાં સસ્તું મળશે, એટલે તેઓને દુપટ ફાયદો થશે. આ ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે કે જાવક વેરો નાંખવાથી કોઈવાર તે વેરો બધો પરદેશીઓને માથે પડે, એટલુંજ નહીં, પણ વેરો નાખનાર દેશને સંવ્યવહારનો લાભ મળે.

કોઈ કોઈવાર તો ખપ ઓછો થયા છતાં પણ આ પ્રમાણે પરિણામ થાય. એમ ધારો કે જાવક વેરો નાખવાથી ચીનમાં ખાંડનો ભાવ વધ્યો, ને ભાવ વધવાથી ખાંડનો ખપ ઘટ્યો. પરંતુ ખપ ઘટ્યા છતાં પણ જેટલી ખાંડ ખપે છે, તેની કિંમત આગળ કરતાં વધારે થાય; ને વધારાની કિંમત વાસ્તે કાંતો ચીને વધારે માલ મોકલવો પડે, અથવા વધારાના પૈસા મોકલી દેવા પડે, ને ઉપરની કલમમાં કહ્યા પ્રમાણે બંને રીતે ચીનને બેવડું નુકસાન થાય. બધો જાવક વેરો

ચીનને માથે પડે; ને તે સિવાય તેને સંવ્યવહારનો લાભ પણ આગળ કરતાં થોડો થાય.

પરંતુ એમ પારો કે ખાંડ ઉપર જાવક વેરો પડવાથી ચીનના લોકને ખાંડ એટલી બધી મોંઘી પડી, કે તે ખાંડનો ખપ આગળ કરતાં ઓછો થયો, એટલુંજ નહીં, પણ ખાંડની એકંદર કિંમ્મત પણ આગળના કરતાં ઘટી. વેપારી તો પહેલવહેલી ખાંડને વેરા જેટલી મોંઘી વેચશે, પણ એમ થવાથી ચીનનું હિંદુસ્તાન સામું લેણું રહેશે; તે લેણું વાળવાને હિંદુસ્તાનને કંઈ વધારે ખાંડ મોકલવાની ફરજ પડશે; વધારે ખાંડનો ચીનમાં આગળને ભાવે ખપ નથી; માટે ખાંડનો ભાવ ઉતારવો પડશે. ભાવ ઉતારવાથી વખતે વેરાનો થોડો અંશ વળી જાય; ને વેરો બે દેશ ઉપર વહેંચાતો પડે. પણ વખતે ભાવ એટલો ઉતારવો પડે, કે વેરાનો અંશ ખાંડના ભાવમાં વળી જાય, એટલુંજ નહીં, પણ એથી વધારે નુકસાન થાય. જો હિંદુસ્તાન વધારે ખાંડ ન મોકલતાં બાકી બદલ રોકડ નાણું મોકલે, તો તેને નુકસાન એજ પ્રમાણે થાય. હિંદુસ્તાનમાંથી નાણું જવાથી, દેશમાં બનેલી બધી જણસો સોંઘી થાય; તેમાં ખાંડ પણ સોંઘી થાય. ખાંડ સોંઘી થવાથી ચીનમાં તે આગળ કરતાં સસ્તી વેચાય; ને ચીનના લોક પાસે પૈસો વધવાથી તેઓની ખરીદવાની શક્તિ પણ વધે. એટલે ચીનના લોકને દ્વિધા ફાયદો થાય: પૈસા વધે ને જણસ સસ્તી મળે. વખતે આ ફાયદો એટલો બધો થાય, કે જાવક વેરાનો અંશ તેમાં વળી જાય. આવો પરિણામ થાય.ત્યારે જાવક વેરો વસ્તુતઃ બધો હિંદુસ્તાનને માથે પડે, ને વખતે તેને લીધે બીજું પણ નુકસાન થાય.

આ દૃષ્ટાંતોમાં એટલું યાદ રાખવાનું છે, કે ખાંડ એ શબ્દમાં હિંદુસ્તાનની બધી જાવક ચીજોનો સમાસ થાય છે, ને રેશમ શબ્દમાં બધી આવક ચીજોનો સમાસ થાય છે. આ દૃષ્ટાંતોમાં જાવક વેરાના જે ત્રણ પરિણામ કહ્યા, તેમાંનો કયો પરિણામ અમુક જણસ વિશે બનશે, તે કહેવું સહેલ નથી. ઘણું કરીને તે વેરાનો બોજ સંવ્યવહાર કરનાર દેશો ઉપર વહેંચાતો પડશે, એમ ધારવું ઘણું કરીને સંભવિત હોય છે.

જાવક વેરાથી આ પ્રમાણે કેવા પરિણામો થાય છે. હવે આવક વેરાથી પરિણામો થાય છે, તેનો વિચાર આપણે કરીએ. જાવક વેરાનો કેટલોક અંશ જેમ વેરો નાખનાર દેશ ઉપર કોઈવાર પડે છે, તેમ આવક વેરાનો કેટલોક અંશ પરદેશીઓ ઉપર પડે છે, એવું માલમ પડશે.

આવક વેરા બે પ્રકારના હોય છે; કોઇવાર તે એટલા બધા ભારે હોય છે, કે તેઓને લીધે પરદેશથી માલ આવતો બિલકુલ બંધ થાય છે, ને કોઇવાર તે હલકા હોય છે, ને તેઓને લીધે માત્ર પરદેશની જણસ મોંઘી વેચાય છે.

પહેલા પ્રકારના વેરાથી બિલકુલ નુકસાન છે, ને સંવ્યવહાર ચલાવનારા બધા દેશોને નુકસાન છે; કારણ તેઓને લીધે સંવ્યવહારનો બધો લાભ જતો રહે છે, ને માલની ઉત્પત્તિ વધારે ખરચે થાય છે. બીજા પ્રકારના વેરાનો પરિણામ એવો નથી. એમ ધારો કે હિંદુસ્તાને રેશમ ઉપર આવક વેરો નાખ્યો; તો પ્રથમ તો તેથી રેશમનો ભાવ વધશે. હવે ભાવ વધવા છતાં પણ જો આગળ જેટલોજ ખપ રહે, તો તેથી એકંદર રેશમની કિંમત વધે, પણ ચીનનું લેણું આગળ જેટલુંજ રહે, ને બંને દેશના સંવ્યવહારમાં કંઈ પણ વિઘ્ન થાય નહીં. વેરો બધો હિંદુસ્તાન ઉપર પડે. પણ જો ખપ ઓછો થાય, તો ચીનનું લેણું ઓછું થાય, ને ઉપર વર્ણવ્યા પ્રમાણે ચીનને રેશમ સસ્તું વેચવાની ફરજ પડે, ને હિંદુસ્તાનના લોકને વેરા જેટલું રેશમનું વધારે મુલ આપવું પડે. વેરાનો થોડો ભાગ ચીન ઉપર પડે. જો વેરાથી ખપ એટલો બધો ઘટી જાય, કે ચીન પાસે હિંદુસ્તાનનું લેણું ઘણું વધે, તો એમ પણ પરિણામ થાય, કે ચીનને રેશમ ઘણું સસ્તુ વેચવુ પડે, ને વખતે વેરાનો બધો બોજ ચીનને માથે પડે, બલકે વધારે નુકસાન પણ ખમવું પડે.

આ ત્રણમાંથી કયુ બનાવવાનો સંભવ છે? ઘણું કરીને એમ બને છે કે આવક વેરાનો થોડો થોડો ભાર સંવ્યવહાર ચલાવનાર બંને દેશ ઉપર પડે છે. આ પ્રમાણે આવક વેરો નાંખવાથી કોઇપણ દેશ પારકાને નુકસાન વેઠાવી, પોતે લાભ લઇ શકે છે. પણ એવો વેરો નાંખવો સંરવે દેશના અખતીઆરમાં છે; માટે હિંદુસ્તાન જો પોતાના આવક માલ ઉપર વેરો નાખે, તો ચીન તેના આવક માલ ઉપર વેરો નાખે, ને બંનેને નુકસાન સરખું થાય, ને અન્તે કોઇ કોઇને નુકસાન વેઠાવી શકે નહી. વળી એવો વેરો એક વાર ચાલતો હોય, તો તે કાઢી નાંખવામાં માલ નહીં; કારણ સામો દેશ તેવો વેરો કાયમ રાખે, ને આપણે કાઢી નાખીએ, તો આપણને એકલાને નુકસાન થાય.

प्रकरण ૯ મું.

બીજા કેટલાક વેરા વિષે.

ઉપજ ઉપર ને ખરચ ઉપર પ્રત્યક્ષને પરોક્ષ વેરા જે ઉપરના પ્રકરણોમાં વ-

ઉઘરાવવામાં આવ્યા, તે સિવાય ઘણા ખરા દેશોમાં બીજા વેરા લેવામાં આવેછે. એશિયાના તથા બીજા જંગલી દેશોમાં એવા વેરા અનેક પ્રકારના હોયછે; યૂરોપીય દેશોમાં એવા વેરા આગળ ઘણા હતા.

આપણા દેશમાં મુસલમાની રાજમાં જઝીઆ વેરો લેવાતો હતો, તથા લગ્ન વેરો લેવામાં આવતો; તથા હડીઆ વેરો લેવામાં આવતો હતો, તથા હળ વેરો લેવામાં આવતો હતો, ને બીજા એવા ઘણા વેરા લેવામાં આવતા હતા. આ વેરાઓનો ઉપજ વેરા અથવા જણસ વેરામાં સમાસ થઇ શકતો નથી.

હાલ સુધરેલા દેશોમાં પણ કેટલાક એવા વેરા લેવામાં આવે છે. તેમાંનો મુખ્ય કરાર ઉપરનો વેરો છે. કરાર ઉપર વેરા લેવાના વિવિધ પ્રકાર છે. પણ ઘણો સાધારણ પ્રકાર તો એવો છે કે, કરારના દસ્તાવેજ ઉપર સ્ટાંપ ઘાલી વેરો ઉઘરાવવો. કેટલાક કરાર પૂર્ણ થયાના દસ્તાવેજ, જેવા કે પહોંચો, ફારગતિઓ, રાજીનામાં, વગેરે ઉપર વેરા લેવામાં આવે છે. કેટલાક દેશોમાં કરાર ઉપર વેરો બીજી રીતે લેવામાં આવે છે. કાયદો એવો કરેલો હોય છે, કે અમુક કરાર નોંધાવવા જોઇએ, ને નોંધ કરતી વખતે કાયદાસર વેરો ઉઘરાવવામાં આવે છે.

વેચાણ ખરીદીના કરાર ઉપર જે વેરો લેવામાં આવે છે, તે આ પ્રકારનો છે; ને તે પણ સ્ટાંપ દ્વારે લેવામાં આવે છે. એવો વેરો જો કેટલીક અમુક જણસો ઉપર નાંખ્યો હોય તો (સ્પર્ધાવાળા દેશોમાં) તે જણસોના વેચનારા વેરો કિંમતમાં મજરે લે, ને તે જણસના ખરીદદાર ઉપર તે વેરો પડે. પણ બધી જણસો ઉપર તેવો વેરો નાંખ્યો હોય, તો તેથી કાંઇ મૂલમાં ફેર થાય નહીં; ને તે વેચનાર પાસેથી લીધો હશે, તો તેના નફામાંથી તે તેણે આપવો પડશે, ને જો ખરીદનાર પાસેથી લીધો હશે, તો તે તેના ઉપર પડશે. બેમાંથી એકેથી તે વેરો સામા ધણી ઉપર નાંખી શકાશે નહી.

જમીનના વેચાણ ઉપર જે વેરા નાંખેલા હોયછે, તે પણ ઘણું કરીને વેચનાર ઉપર પડે છે; કેમકે જે ખરીદનાર હોય છે, તે ઓછો ગરજવાન હોય છે, માટે તેને નાણાંની બીજી સગવડ કર્યાથી વ્યાજ વધારે પાલવે એવું હોય, તો તે કોઇ દિવસ વેરા ભરી ઓછું વ્યાજ લેવાને જમીન લે નહી. આ વાત સ્પર્ધાવાળા દેશને વિશેષે કરીને લાગુ છે.

કાયદા સંબંધી જે વેરા લેવામાં આવે છે, તે વિશેષે કરીને દૂષિત છે. અલબત કેટલાક તેનું એવું કારણ આપી શકે છે, કે જે માણસો કાયદાની સહાયને

અર્થે કોરટોમાં જાય છે, તે માણસો અધીકારીઓને શ્રમ આપે છે, ને ન્યાયાધી-શની કોરટનો ઉપયોગ તેજ લોક કરે છે, માટે તેઓએ તે કોરટનું ખરચ પૂરૂ કરવું જોઈએ, એમાં કાંઈ અન્યાય નથી. પણ આ વિચાર દૂષિત છે. જે લોકોને દાદને પહોંચવાને માટે કોરટોમાં જવું પડે છે, તે લોકોને કાયદાનો ઘણોજ થોડો લાભ મળે છે. ઘણો લાભ તો જે લોકોને કોરટોમાં જવું પડતુંજ નથી, તેઓને મળે છે. દાદીને તો કેટલીક વિપત તથા ખરચ વેઠ્યા પછી પોતાનો હક ગએલો પાછો મળે છે, પણ કોરટોની બીહીક છે, તેથી બીજાઓના હકમાં ભંગ થતોજ નથી. માટે કોરટોનો વધારે ફાયદો બીજાઓને મળે છે.

ઘણા સુધરેલા દેશોમાં કેટલાક સ્થાનિક એટલે અમુક સ્થળ ઉપર નાંખેલા વેરા હોય છે. સ્થાનિક વેરા નાખવાનો હેતુ કોઈવાર એવો હોય છે, કે જે કારણ વાસ્તે તે વેરો નાખેલો હોય છે, તે કારણ તે સ્થાનના લોકોનેજ ઉપયોગી હોય છે, અથવા તેમ નહીં, તો તે કારણસર ખરચ તે લોકો સારી જુક્તિથી કરી શકે છે. મુનીસીપાલીટીમાં જેટલા વેરા નાંખવામાં આવે છે, તે આ પ્રકારના છે. વળી હાલ હિંદુસ્તાના કેટ-લાક ભાગોમાં જમીન ઉપર રસ્તા તથા નિશાળોને ખરચ વાસ્તે જે એક આની ઘાલેલી છે, તે વેરો પણ એ પ્રકારનો છે. સ્થાનિક વેરા વિશે બે વાત ધ્યાનમાં રા-ખવાનીછે; એક તો જે અર્થને માટે તે નાંખેલો હોય, તે અર્થને વાસ્તે જેટલો જ-રૂર હોય, તેટલોજ વેરો લેવો જોઈએ; ને બીજું જેઓને ફાયદો કરવો ધાર્યો છે, તેઓ પાસેથી તે વેરો લેવો જોઈએ. રસ્તા તથા પુલો વગેરેનો ખરચ ટોલ અથવા પરડાં વેરો નાંખી ઉઘરાવવો જોઈએ; ને જ્યારે એવી ઉપજથી બધું ખરચ વળી જાય, ત્યાર પછી વેરો કાઢી નાખવો; રાખવો હોય તો માત્ર રસ્તાની મરામત જેટલો રાખવો.

प्रकरण ६ ठुं.

પ્રત્યક્ષને પરોક્ષ વેરાનો મુકાબલો.

પ્રત્યક્ષને પરોક્ષ વેરા, એ બેમાં વધારે પસંદ કરવા લાયક ક્યા છે, તેનો વિ-ચાર આ પ્રકરણમાં ચલાવીશું.

પરોક્ષ વેરાના વિરૂધ્ધ એક એવી દલીલ કહાડવામાં આવે છે કે, ધારે તે મા-ણસ તે વેરામાંથી બચી જાય. એમ ધારો કે ખાંડ ઉપર વેરો નાખ્યો છે; હવે જો

માણસને વેરામાંથી ઉગરી જવાની મરજી હોય, તે માણસ વેરાની રકમ જેટલી ઓછી ખાંડ વાપરે, એટલે તેને માથે વેરાનો બોજ પડેજ નહી. પરંતુ આ દલીલમાં એક દૂષણ છે. જેમ વેરો ભરનાર પરોક્ષ વેરામાંથી ઉગરી શકે છે, તેમ પ્રત્યક્ષ વેરામાંથી પણ ઉગરી શકે છે. એમ ધારો કે સેંકડે બે ટકાના વેરા પ્રમાણે હજારની આમદાની વાળાને વીશ રૂપીઆ પ્રત્યક્ષ વેરાના ભરવા પડે છે. તે માણસ પણ વીશ રૂપીઆનો ખરચ ઓછો કરે, એટલે તેને મન તો તે વેરો પડ્યો ને ન પડ્યો સરખો થાય. ખરચ ઓછું કરવાથી તો ગમે તે માણસ ગમે તે પ્રકારના વેરામાંથી ઉગરી જાય. પણ તે કાંઇ વેરાનો ઉગારો ન કહેવાય; માટે આ દલીલમાં કાંઇ વજન નથી.

પ્રત્યક્ષ કરતાં પરોક્ષ વેરામાં એક મોટો લાભ એ છે, કે વેરો ભરનારને વેરો લાગતો નથી. દસ રૂપીઆ હાથોહાથ સરકારને ત્યાં ભરવા એટલા તો ભારે લાગેછે, ને જણસ ઉપર દસ રૂપીઆ ભરવા એવા છેકાછેક લાગતાજ નથી, કે ઘણા વિવેકી રાજ્ય દરબારીઓ લોકને ખુશ રાખવાને કાજે પરોક્ષ વેરા લેવાની ભલામણ કરેછે. વાસ્તવિક વિચાર કરતાં તો એમ માલમ પડેછે, કે દશ રૂપીઆ પ્રત્યક્ષ ભર્યા તોએ દશનો વેરો ભર્યો, ને દશ પરોક્ષ ભર્યા તોએ એનું એ છે. માટે વિચારવંત પુરૂષો તો ઉલટા ઉઘાડા દશ આપવા પસંદ કરે. પણ દુનીઆમાં ઘણા ખરા માણસ વિચારવંત નથી. જણસ ઉપર પોતાને વેરો ભરવો પડેછે, એ વાતની ભરનારમાંથી નવદશાંશને તો વખતે ખબર હોતી નથી. અલબત જ્યારે સહેજ વિચાર કરીએ છીએ, ત્યારે માલમ પડે છે કે જણસ ઉપર જેટલા જેટલા વેરા વેરાછે, તે આખરે જણસના ઉપભોગ કરનાર ઉપરજ પડવાના. પણ એ વાત કાંતો ધ્યાનમાં રહેતી નથી, અથવા વખતે ખબરજ હોતી નથી. માટે લોકને સંતુષ્ટ રાખી વેરો નાંખવો હોય, તો પરોક્ષ વેરામાંજ ફાયદો થાય.

કેટલાકનું એમ કહેવાનું છે કે પ્રત્યક્ષ વેરાથી લોકને અસંતોષ થાય છે, માટે એ વેરોજ રાખવો. તેઓની દલીલ એમ છે, કે એવા વેરાથી લોક ના રાજી હોયછે, માટે ન ચાલે જેટલો આપવો પડશે, તેટલોજ વેરો લોક આપશે. માટે સરકાર લોકને ન રાજી કરવાનું ધાર્યાની અગાઉ બનશે, તેટલું ખરચ કમી કરશે. આપણા જેવા દેશમાં અથાક ખરચ નકામું થાય છે, એ વાતની ના પાડી શકાતી નથી; ને એ ખરચમાં બગાડ થતો મટે, તો કેળવણી, ઈનસાફ, વગેરે બીજાં હજારો લોકોપયોગી કામ હાલ ઘણાં થોડાં થાયછે, અથવા બિલકુલ થતાંજ નથી, તે સારી રીતે થઈ શકે. આ દલીલ કેટલીક રીતે વજનદાર છે. પણ જેમ જેમ

લોકોના મનનો સુધારો થતો જશે, તેમ તેમ લોક સમજતા જશે કે પરોક્ષ વેરો લેવામાં આવે છે, તેના ભરનાર પણ આપણે છીએ; ને તે માટે બને તેમ કોશીશ કરી ખરચ ઓછું કરી તે વેરો ઓછો કરવાને તેઓ મહેનત કરશે. વળી પ્રત્યક્ષ વેરામાં એક દેહેસત રહેલી છે. જે દેશને માથે દેવું હોય છે, તે દેશની ઉપજનો કેટલોક ભાગ દેવું વાળવામાં ને દેવાનું વ્યાજ આપવામાં ખરચાય છે; હવે જો બધા વેરા પ્રત્યક્ષ હોય, તો લોક એટલા બધા નાખુશ થાય, કે તેઓનું ચાલે તો તેઓ દેવાદારના હક ડુબાવે. આવું અમેરિકાના કેટલાંક સંસ્થાનમાં થએલું છે.

આ ઉપરથી એમ નહીં સમજવું, કે જે દેશને માથે દેવું ન હોય, ને જેમાં સાધારણ લોક સમજુ હોય છે, તે દેશમાં પ્રત્યક્ષ વેરા જોઈએ. પ્રત્યક્ષ વેરા સંબંધી આ બધાથી મોટી હરકત હજી કહેવાની બાકી રહેલી છે. જે દેશમાં માણસો બહુશક્તિમાન નથી હોતા, ને સ્વાર્થને વાસ્તે જુઠું બોલે એવા હોય છે, તે દેશમાં પ્રત્યક્ષ વેરો ઉઘરાવવો ઘણો મુશકેલ પડે છે. જે માણસ સાચવટ વાળા હોય છે, તેઓને માથે તેવો વેરો પડે છે; પણ હજારો લુચ્ચા માણસો ઉગરી જાય છે. વળી ઉપજમાંથી જે ઉગારો થાય, તે ઉપર વેરો નહી લેવાય, એવી પણ જુક્તી હમેશ બની શકતી નથી. યૂરોપીઅ દેશોમાં કે જ્યાં માણસો ઘણું કરીને પોતપોતની મગદુર પ્રમાણે ઘર રાખે છે, ત્યાં ઘર વેરાથી ઘણો અન્યાય થયા વગર કેટલીક ઉપજ થઈ શકે છે; પણ ત્યાં પણ એ વેરાથી અન્યાય બિલકુલ થતોજ નથી, એમ કહી શકાતું નથી; ને કોઈપણ એક વેરાથી બધી ઉપજ ઉભી કરવાનું રાખવું એમાં ઘણો અન્યાય છે, કારણ એથી અન્યાય ઘણો વધી જાય છે. હિંદુસ્તાન જેવા દેશમાં તો પરોક્ષ વેરાનો ઘણો ઉપયોગ થવો જોઈએ. માત્ર જણસો એવી લેવી, કે એકંદર બધા પુરૂષો ઉપર સરખો ભાર પડે. હાલ હિંદુસ્તાનમાં ઘણી ઉપજ જમીન વેરાથી થાય છે. વારસા ઉપર વેરો લેવાય છે, તે વસ્તુતઃ ખોટો નથી, પણ તે માત્ર જે લોકો પાસે સરકાર જોડે સંબંધ રાખતી મીલકત હોય છે, તેને માથે પડે છે. માટે તે વેરો હાલ ન્યાજબી નથી. ઘર વેરો તથા ઉપજ વેરો પણ હિંદુસ્તાનની સ્થિતિને યોગ્ય નથી. માટે એવું અનુમાન નીકળે છે, કે હિંદુસ્તાનમાં જમીન ઉપરનો વેરો અથવા સરકારનું ધાપું છે, તેજ પ્રત્યક્ષ વેરો રાખવા યોગ્ય છે. જ્યારે દેશને માથે મોટી આફત પડે, ત્યારેજ બીજા પ્રત્યક્ષ વેરા ઘાલવા જોઈએ. બાકીની સાધારણ ઉપજ જણસ વેરાવડે પેદા કરવી.

જણસ વેરો કરવામાં કેટલીક વાત ધ્યાનમાં રાખવી જોઈએ. એક તો જણસ વેરો પાક્ષિક હોવો ન જોઈએ. પાક્ષિક વેરો એટલે શું એ આગળ સમજાવવામાં આ-

વેલું છે. બીજું બને, ત્યાંલગી તે ખાવા પીવા વગેરેના જેવી અવશ્ય જણસ ઉપર ન નાખવા જોઇએ. એમ કરવાથી જે લોકોને ખાવા પીવાનું પરાણે મળતું હોય, તેવા લોકની હાલતમાં ઘણો સંકોચ થાય છે. પરંતુ જે જણસ માત્ર મોજની જણસ છે, ને જેને માણસ માત્ર અભિમાનને માટે લે છે, તે ઉપર વેરો નાખવાને કાંઈ હરકત નથી. આપણા દેશમાં થોડું અને વિલાયતમાં ઘણું ખરચ અભિમાનને માટે થાય છે. લોક હીરા વગેરે જવાહેર લે છે, તે તાલેવર દેખાવાને લે છે, ને તે જણસોની કિંમત માં ઘટાડો થાય, તો ઉલટી તે લેવાને બદલે ન લે. વેરા લેવાથી માલ મોંઘો થાય છે, તેથી ઉલટા અભિમાની લોક એ વધારે લે છે.

જણસ વેરાથી થતી હરકતો ઓછી કરવાને તથા ફાયદા વધારવાને માટે કેટલાક નિયમ પાળવા જરૂર છે; તે આ પ્રમાણેઃ પહેલો:—અભિમાનના ખરચ ઉપર વેરો વધારે નાખી બને તેટલી ઉપજ પેદા કરવી. ઘરેણાં તથા ઊંચાં લુગડાંનો ખરચ કેવળ અભિમાનનો છે, ને તે પેહેરનારને તેથી કંઈ સુખમાં વધારો મળતો નથી; માટે તેઓપર વેરો નાંખવો ઘણો વાજબી છે. બીજોઃ બને ત્યાં લગી જણસ ઉપર-નો વેરો તેના ઉત્પાદક પાસેથી ન લેતાં ઉપભોગ કરનાર પાસેથી લેવો, કારણ કે જ્યારે ઉત્પાદક પાસેથી લેવામાં આવે છે, ત્યારે તે વેરાના પ્રમાણ કરતાં પણ જણ-સનો ભાવ વધારે ચઢી જાય છે. કેટલાક હાલના નાના વેરા આ બે નિયમને અ-નુસરતા છે; પણ તેઓ વડે ઉપજ કંઈ ઘણી થતી નથી. માટે ત્રીજો નિયમ એવો આપવામાં આવે છે, કે જે મોજની જણસો માણસ જાતના શોખમાં વૃદ્ધિ કરેછે, ને જેઓને ઘણા લોક વાપરેછે, તેઓ ઉપર વેરો નાંખવો જોઇએ; કારણ તેવા વે-રાથી ઉપજ ઘણી થઈ શકે છે. પણ એવા વેરા લેવામાં બને ત્યાં લગી એવી યુક્તિ કરવી જોઇએ, કે એથી તાલેવર, ગરીબ, ને વચલા વર્ગના લોક ઉપર યથાશક્તિ ભાર પડે. આ કરવું સેહેલ નથી; કારણ એવી વસ્તુનો ગરીબ કોઈ કોઈ વાર ઘણો ઉ-પભોગ કરતા હોય છે. એક ઉપાય એમ કરી શકાય, કે જે ઊંચા પ્રતનો માલ હોય, તે ઉપર ઊંચો દર રાખવો, ને નીચા પ્રતના માલ ઉપર નીચો દર રાખવો. આમ પણ ન બને, તો તાલેવર ઉપર વધારે વેરો નાંખવાને બીજી કોઈ જણસો સો-ધી કાઢવી, ને તે જણસો ગરીબના ઉપભોગમાં આવતી ન હોય, એવી જોઇએ. ચો-થો, એ કે ઉપરના નિયમ ન તોડતાં બને તેમ થોડી જણસો ઉપર વેરો રાખવો, કે ઉઘરાવવાનું ખરચ પણ થોડું થાય, ને વેરાને લીધે ઘણા ધંધામાં હરકત ઊભી ના થાય. પાંચમો એ કે સાધારણ ઉપભોગમાં આવે એવી મોજની વસ્તુઓ ઉપર વેરો

નાંખતી વખત દારૂ ને કેફની જણસ ઉપર વેરો પહેલો નાંખવો, કે એથી ઉપભોગમાં ન્યૂનતા થવાથી છાકટાપણું વગેરે દોષ બનવાનો પ્રસંગ થોડો થાય. છઠ્ઠો—ઉપરના નિયમોથી તથા બીજી તરેહની કાંઈ હરકત ન હોય તો, બને ત્યાં સુધી આવક જણસ ઉપર વેરો નાંખવો; કારણ તેથી મોટા પરિણામ થોડા થાય છે, ને લોકને પીડા પણ થોડી થાય છે. પણ તે વેરો એવો ન જોઈએ, કે પરદેશનો માલ આવતો બંધ થાય, અથવા દેશના માલને વધારે ઉત્તેજન મળે. સાતમો—કોઈ પણ વેરો એટલો ભારે ન રાખવો, કે એમાંથી બચી જવાનું લોકને ઘણું મન થાય; અથવા દાણચોરીનો અથવા ગેરકાયદે ઉત્પત્તિ કરનારનો ધંધો જાગે. હાલના વેરામાંના કેટલાઉપરની શરતોને અનુસરતા છે, ને કેટલા વિરૂદ્ધ છે, એ સમજી વાંચનારને વિચાર કરવાનો છે.

प्रकरण ७ मुं.

દેશના કરજ વિશે.

ઘણાખરા સુધરેલા દેશમાં જરૂરીઆતનાં ભારે કામ કરવાને ઘણા દ્રવ્યનો એકદમ ખપ પડે છે. હવે આ ખપ પડતું દ્રવ્ય એકદમ રૈયત ઉપર ભારે વેરો નાંખી ઉઘરાવી લેવું એ સારૂં, કે તેમ ન કરતાં દેશમાંથી ઉછીતું લઈ પછી થોડે થોડે વાળવું સારૂં, એ વાતનો વિચાર આ પ્રકરણમાં કરવાનો છે.

પહેલા પુસ્તકમાં કહેવામાં આવેલું છે, કે જે દ્રવ્ય કરજે કાઢવામાં આવે, તે દ્રવ્ય જો ઉત્પત્તિના કારજમાંથી લઈને સરકારને કરજે આપવામાં આવ્યું હોય, અથવા સરકારે ન લીધું હોત, તો જે દ્રવ્યનો દેશની અંદરજ ઉત્પત્તિ કારજમાં ઉપયોગી થાત, એવું હોય, તો તેવા કરજથી મજુરીઆત લોકને મોટું કષ્ટ પડે છે. વરિત એની એ રહ્યા છતાં દેશની મુડીમાં ન્યૂનતા થવાથી એટલો એજ પરિણામ થાય, કે મજુરીના દરમાં ઘણો ઘટાડો થાય, ને મજુરી ઘટવાથી મજુરીઆત લોકને બહુજ હેરાન ગતી પહોંચે. મુડીદારોને મજુરી ઓછી આપવાનું થવાથી તેઓના નફામાં નાહક વધારો થાય. આવી રીતે કરજ કાઢવાથી બધો બોજ મજુરીઆત લોકના માથા ઉપર પડેછે, ને મુડીદારને નાહકનો લાભ થાયછે. વળી રાજ્યને માથે દેવું તથા બ્યાજ ચોટે છે, તે નુકસાન જુદુ. આમ કરજ કાઢ્યા કરતાં એકદમ એકલા મજુરીઆત લોક ઉપર વેરો નાંખ્યો હોય, તો તે વેરાથી નુકસાન થોડું થાય. તે વેરાથી

તેઓને આપદા એટલી બધી ન પડે. જ્યાં લગી વેરો પહોચે, ત્યાં લગી દુઃખ પહોચે, પણ પછી કાંઈ નહી. પણ આ રીતે કરવાથી તેઓને માથે સદાયનું દુઃખ પડે છે એટલુંજ નહીં, પણ મુડીદારને ગેરવ્યાજબી લાભ મળે છે, ને રાજાને માથે દેવું, ને તેનું વ્યાજ ચોટે છે.

જ્યારે કરજની રકમ ઉત્પત્તિમાંથી લઈને સરકારને આપી હોય છે, અથવા જ્યારે તે રકમથી મુડીમાં થતી વૃદ્ધિ અટકાવ પામે છે, ત્યારેજ ઉપર પ્રમાણે ગેરફાયદા થાય છે. પરંતુ કેટલાક દેશમાં કરજની રકમ એ રીતે ઉત્પત્તિ કાર્યમાં ખલેલ કરી આપવાની જરૂર હોતી નથી. વખતે દ્રવ્યનો વાર્ષિક વધારો એટલો બધો થાય છે, કે જો સરકારે કરજ કાઢી તે વધારાની રકમ લઈ લીધી ન હોય, તો તે વધારાની બધી મુડી પરદેશ જાય; અથવા મુડીના વધારાને લીધે નફો એટલો બધો કમી થઈ જાય, કે કોઈને સંઘરો કરવાનું મન ન થાય; અથવા કરેલો સંઘરો સટ્ટામાં ઉડાવી નાખે. એવા દેશમાં સરકાર જરૂરનું દ્રવ્ય કરજ કાઢી લે, તો નુકસાન નથી.

હવે કોઈપણ અમુક પ્રસંગે અને અમુક દેશમાં, રાજ્ય કામને માટે જોઈતી રકમ વેરાવડે ન ઉઘરાવતાં કરજ કાઢવાથી નુકસાન થશે કે નહી થાય, તેનું પ્રમાણ શું? તેનું એક ખરેખરૂં પ્રમાણ છે. જો કરજ કાઢ્યા પછી દેશમાં બધે વ્યાજનો દર વધે, તો એમ સમજાય કે કરજને લીધે નક્કી મુડીમાં ન્યૂનતા થઈ, ને નફામાં વધારો થયો છે; ને નફામાં વધારો થવાને લીધે વ્યાજનો દર વધ્યો છે. પણ જો સરકાર કરજને માટે લોન કાઢે, ત્યાર પછી વ્યાજનો દર એનો એ રહે, તો એમ ખચિત કહી શકાય, કે લોનથી મજુરીઆત લોકને અથવા ઉત્પત્તિ કાર્યમાં કશું નુકસાન થયું નથી.

જ્યારે આ પ્રમાણે નુકસાન ન હોય, ત્યાર પછી જોઈતું દ્રવ્ય લોન કાઢી લેવું, કે એકદમ વેરો નાંખી લેવું એ વિચારની વાત છે. વેરો નાંખવામાં આવે તો તે વેરો ઘણો ભારે પડે; ને તેથી એકદમ સખ્તિ વધારે પડે. લોન કાઢવામાં આવે તો તેથી વ્યાજ ભરવું પડે, ને ઘણાં વરસ કરજ માથે ઉભું રહે, ને તે થોડે થોડે વેરા નાંખી વાળવું પડે. છેવટે લોન લીધાથી વધારે દ્રવ્ય ખરચ થાય. ખરો રસ્તો તો એ લાગે છે, કે બને ત્યાં લગી દેવું ન કરતાં બધું વધારાનું ખરચ વધારાના વેરાવડે પૂરૂં કરવું. તેમ એ પણ ખરૂં કે જે દેશનું દ્રવ્ય વધતું જતું હોય, તે દેશમાં લોન કાઢવાથી પણ હરકત નથી; કારણ જે અર્થને માટે ઘણું કરીને લોન કાઢવામાં આવે છે, તે હાલના લોકનેજ માત્ર ઉપયોગી નથી, પણ હવે પછીની પ્રજાને પણ ઉપયોગી હોય છે. માટે તેમને માથે થોડું કરજ પડે, તેમાં કાંઈ અન્યાય નથી; ને વ-

ળી તેવા દેશમાં દેવું વાળવાને માટે જે વેરા રાખવા પડે, તેનો બોજ પણ લોક સમૃદ્ધ થવાથી થોડો થોડો લાગતો જાય છે.

હવે આ પ્રકરણમાં બીજો વિચાર કરવાનો એ છે, કે જો કોઈ દેશને માથે કરજ હોય, તો તે કરજ વાળવાનો સારો રસ્તો કયો. હવે કરજ વાળવાના બે રસ્તા છે. એક બધી મિલકતવાળા લોકો પાસેથી મિલકતના પ્રમાણમાં હિસ્સો લેવો; ને તે વડે દેવું વાળી દેવું; અથવા તેમ નહીં તો, દસ પંદર વરસ ઉપજમાં થોડો થોડો વધારો રાખી કરજ ધીમે ધીમે વાળવું. પહેલા રસ્તામાં એક રીતનો અન્યાય છે. જેટલા હાલ વેરા ભરી કરજનું વ્યાજ ભરે છે, તેટલાનીજ પાસેથી જો મિલકત ઉપર ફાળો નાખી કરજ વાળવાનો વેરો લેવો હોય, ત્યારે તો અન્યાય કાંઈ નહીં. પણ આમ કરવું મુસ્કેલ છે. હાલ બધા વેરાના ભરનાર મિલકતવાળા હોતા નથી. માટે માત્ર મિલકતવાળા પાસેથી જો કરજ વાળવાને વાસ્તે ફાળો લેવામાં આવે, તો મહા અન્યાય થાય. આ રસ્તો અન્યાય ભરેલો છે, માટે બીજો રસ્તો (ઉપજમાં વધારો રાખી થોડે થોડે દેવું વાળવું એજ) સારો.

કેટલાએક એમ કહે છે, કે દેવું વાળવા જેટલો વધારો રાખી દેવું વાળવાના કરતાં, એ વધારાનો જેટલોજ વેરો લેવોજ નહીં, ને દેવું વાળવું નહીં; પણ તે નાણું લોકની પાસે રાખવું, કે લોક તેને મુડી દાખલ વાપરી તેમાંથી ઉપજ પેદા કરે. પણ આ કહેવું દૂષણ ભરેલું છે. બધો વેરો મુકી દીધો હોય, તો જેને વેરા ઉગરે તે બધા લોક તેને મુડી દાખલ વાપરે નહીં. પણ જે લોકને દેવાના રૂપીઆ પાછા મળે, એ તો બધા મુડી દાખલ વાપરે. આમ વિચાર કરતાં તો લોકને વધારે ફાયદો દેવું વળવાથી છે. પરંતુ જે જે વેરા સરકારે નાખેલા હોય છે, તેમાં કેટલાક ઉત્પત્તિ કાર્યમાં ખલેલ કરે એવા હોય છે; માટે જો આવા વેરા હયાતિમાં છતાં રાજની ઉપજ ખરચ કરતાં વધારે થાય તો, એમ કહી શકાય કે આ વધારાની ઉપજને માટેજ ખરાબ વેરા રાખવા પડે છે. હવે એવા વેરા રાખી રહ્યા કરતાં એ વધારો ન લેવો એ વધારે સારૂં. માટે જ્યારે ઉપજનો વધારો થાય, ત્યારે પહેલી વાત તો એ કાઢવી, કે કયા ખરાબ વેરાની છૂટ મુકી શકાય એવું છે; ને તે વેરો માફ કરવો. એમ જ્યાંલગી બધા ખરાબ વેરા નીકળી જાય, ત્યાં લગી વધારો રાખવાની ઉમેદ રાખવી નહીં. પછી રાજ્યના માટે ઉપજ, લોકને માથે ઘણો બાર લાગ્યા વગર, જ્યારે પેદા થઈ શકે, ત્યારે જે વધારો થાય તે દેવું વાળવામાં વાપરવો.

દેશને માથે દેવું હોવાથી લોકને એક ફાયદો એટલો થાય છે, કે જેને વેપાર

માં પડવાનો અનુભવ અથવા ફુરસદ નથી, તેઓને પોતાની મુડી ઉપર એ દ્વારે વ્યાજ ખાવું ઠીક પડે છે. હાલ સહીઆરા બંદોબસ્ત વાળી(જોઈન્ટસ્ટોક) કંપનીઓ ઘણી નીકળેલી છે, તેથી બીજુ દ્વાર પણ ઉઘડ્યું છે ખરૂં. પણ સરકારની બાંહ્યધારી ને કોઈપણ ખાનગી વેપારી કે કંપની પહોંચી શકે નહી. પણ આવા ફાયદા માટે કંઈ રાજ્યને માથે દેવું રાખવાની જરૂર નથી. સરકાર બીજી રીતે એવીજ પાકી બાંહ્યધારી આપી શકે છે. સરકાર પ્રજા સમસ્તને અર્થે એક મોટી બેંક કે પેઢી કાઢે, તો તેથી કરજ રાખ્યા જેટલોજ મતલબ સરે. આવી બેંકમાં અલબત વ્યાજનો દર નીચોજ રાખવો જોઈએ; ને લોકે મૂકેલી મુડી વધારેજ વ્યાજે ધીરવામાં આવે, તો વચલા ગાળામાંથી એવી બેંકનું ખરચ નભાવી શકાય.

प्रकरण ૯ मुं.

સરકારના સારા અથવા ખોટા બંદોબસ્તથી થતા ફાયદા ને ગેરફાયદા.

સરકારનાં કર્તવ્ય કામ શાં શાં છે, ને શાં શાં નથી, એનુ વિવેચન કરવાની પહેલાં પ્રથમ એ વિચાર કરવાનો છે, કે જે કાર્તવ્ય કામો સરકારનાં છે, એવું સર્વ માન્ય રાખે છે, તેવાં કામથી શો ગેરફાયદો ને ફાયદો થાય છે?

જાન માલનું રક્ષણ કરવું એ સરકારનું પહેલું કર્તવ્ય કામ છે. એ કર્તવ્યકામ સરકાર સારી રીતે બજાવે, તો ઉત્પત્તિ વિશે લાભ થાય; ને ન બજાવે તો ઘણું નુકસાન થાય. જે દેશમાં સરકાર તરફથી માલ મતાનું તથા જાતનું પૂરેપૂરૂં સંરક્ષણ થતું નથી, તે દેશોમાં દ્રવ્ય ઘણું થોડું પેદા થાય છે; ને બધાં ઉત્પત્તિનાં હુનરો જંગલી સ્થિતિમાં હોય છે. આવું થાય, તેમાં નવાઈ નહી. જે દેશમાં માલ મતાને હમેશ ભય રહેતો હોય, તે દેશમાં લોક એમ સમજી જાય, કે મહેનત કરેથી આપણને ફળ મળશેજ એવું નક્કી નથી. વાવે કોણ ને લણે કોણ એવું હોય, ત્યાં કોઈ ઘણું ઉત્પન્ન કરે નહી. મારૂં કમાયું અથવા સંઘર્યું હું ભોગવીશ, એવી ખાતરજમા ન હોય, ત્યાં કમાવાને અથવા સંઘરવાને કોણ કોશીશ કરે? આ પ્રમાણે લોકને મહેનત કરવાનું હેતુ ન રહે એટલુંજ નહી, પણ લૂટફાટ કરવાનો હેતું રહે; કારણ બળ વાપરી મહેનત કર્યાથી ફળ મળશે કે નહી એનો અંદેશો રહે, પણ બળ વાપરી લૂટી લેવાથી નક્કો દ્રવ્ય મળશે, એવો ભરૂસો રહે છે.

ખરેખું સાધારણ ભો હોય તો, વખતે એથી કેટલોક ફાયદો થાય છે. તેથી લોક

ને જબરા, હિંમતવાન,ને શૂરા થવાની ફરજ પડે છે. જ્યારે ભય અતિશય હોયછે, ને તે એવી રીતનો હોય કે તેના સામા થવાયજ નહી, ત્યારે બુદ્ધિ તથા ઉદ્યોગને તે ઘણાં મંદ, બલકે સ્તબ્ધ કરી નાખેછે. સરકાર તરફનો ભો હમેશ આ પ્રકારનો હોય છે. સરકારના સામા કોઈથી થઇ શકાતું નથી. માટે સરકારના જુલમથી દ્રવ્યોત્પત્તિમાં જેટલો ધોકો પહોચે છે, તેટલો બીજા કશાથી પહોંચતો નથી. લોક જાણી જોઇને ગરીબ દેખાવાને પ્રયત્ન કરે છે; ને અન્તે તેથી ખરેખરા ગરીબ પણ થાય છે. ગાયકવાડી રાજ વગેરેનો દાખલો આપણા મહોં આગળ છે.

વળી જો વેરો ઉઘરાવવાની એવી રીત હોય કે, એથી ઉઘરાવનાર અમલદારોના હાથમાં ઘણો કાબુ આવે તો, એથી ઘણો જોર જુલમને છેવટ દ્રવ્ય સંબંધી હાની, થયા વગર રહે નહી. જે મુલકમાં એવી અવ્યવસ્થા હોય છે, ત્યાં સરકારી નોકરોના ભયને લીધે લોકો દ્રવ્યનો સંઘરો ઘણી ચુપકીથી કરે છે; ને દ્રવ્યની ઉત્પત્તિ પણ થોડી થાય છે. હાલ કેટલાક દેશી રાજ્યોમાં એવી અવ્યવસ્થા ઘણી છે, તેથી તેઓની માઠી હાલત જોવામાં આવે છે. ઇંગરેજના રાજ્યમાં કેટલેક ઠેકાણે સરકારી અમલદારોની ગેરવર્તણુકથી માઠા પરિણામ થાય છે. એક નહાનો દાખલો અમારા જોવામાં આવ્યો હતો. એક ગામડામાં શાક તરકારીનો પાક સારો થવા માંડ્યો હતો; પણ તે ગામના મુખી મલેકોએ ઊગતુ શાક જોર જુલમથી લેવા માંડ્યું, તેથી કાછીઆએ બીજે વરસ શાકની વાવણીજ કરી નહી. વેરો ઘણો ભારે હોય, તેનાથી પણ સરકારી નોકરોનાં જુલમી દાબથી વધારે નુકસાન થાયછે. પરંતું આ ઉપરથી એમ નહીં સમજવું, કે અતિશય વેરાથી નુકસાન નથી. વેરો ઉઘરાવવાની રીતીમાં બહું ખામી ન હોય, ને તે વેરો અન્યાય ભરેલો નહીં હોય, તો પણ જો તે વેરો અતિશય ભારે હોય, તો તેથી ઘણું નુકસાન થાય. વખતે વેરાઓના ભારે બોજથી ઉદ્યોગનું ફળ એટલું થોડું રહે કે, લોક દ્રવ્યનો સંઘરો કરતા બંધ થાય; ને દેશમાં મુડીનો વધારો થાય નહીં; અથવા દેશની મુડી બધી પરદેશ જાય; અથવા દેશના મુડીવાળા મુડી લઇ પરદેશ જઇને વસે. આ પરિણામોથી દેશને બહુ નુકસાન છે. વળી એકંદર વેરાનો બોજ જે દેશમાં દેશમાં ઘણો ભારે હોય, ત્યાં કેટલાક વેરાતો ઘણું કરીને અન્યાયને જુલમ ભરેલા હોય ને હોયજ.

સરકારની તરફનો માલ મતા સબંધી જુલમ ન હોય, પણ જો ન્યાય ચૂકવવામાં ખામીઓ હોય, તો રૈયતના અર્થીય હિતમાં સરખુંજ નુકસાન થાય છે. બધા રાજ્યોમાં ન્યાયને કાજે અમલદારો ઠેરવેલા હોય છે. હવે જો આ અમલદારો અ-

પ્રમાણિક ને રૂશવતખોર હોય, અથવા સારી બુદ્ધિવાળા નહીં હોય, અથવા જો ઇન્સાફને પહોંચવાને ઘણો વિલંબ, ખરચ ને હેરાનગતી પહોંચતી હોય, તો એથી માલ મતાનું તથા જાનનું સંરક્ષણ ઘણું કાચું થાય છે, એમ સમજવું. હિંદુસ્તાનમાં અત્યાર લગી ન્યાયાધીશોમાં અપ્રમાણિક ઘણા હતા, ને કેટલાક કમઅક્કલ પણ હતા ખરા. હાલ કેટલોક સુધારો થવાથી અપ્રમાણિકપણું ઘટી ગયું છે, ને ઇનસાફદારો પોતાના કામથી વાકેફગાર પણ સારા હોય છે. પણ બીજી તરેહની ખામીઓ ઘણી હોય છે. કેટલોક સુધારો થયા છતાં પણ હજુ કાયદા ઘણો અનિશ્ચિત છે. ફલાણા કામમાં કાયદા પ્રમાણે શું થશે, તે વિશે સારા સારા વકીલોનો મત એક હતો નથી; ને ઘણી વખતે તેના તેજ કામમાં એક ઇનસાફદાર ફેંસલો એક કરે છે, ને બીજી કોરટ ફેંસલો બીજો કરે છે. વળી કેટલાંક કામ ફેંસલામાં ને ફરી તપાસમાં દસ દસ પંદર પંદર વરસ રખડે છે. વળી આ દેશમાં ઇનસાફની બીજી અડચણ એ છે કે, ઇનસાફદારો એટલે પૂરા અખતીઆરવાળા ઇનસાફદારો યુરોપીઅનો હોય છે, ને તેઓ દેશ રિવાજ તથા લોકની રીતભાતથી માહિતગાર નથી હોતા. ઘણીવાર કામના ફેંસલાનો આધાર સાક્ષીઓની વિશ્વાસ્યતા ઉપર આધાર રાખે છે. જો સાક્ષીને માનીએ તો ફેંસલો કંઈ અપાય, ને નહીં માનીએ તો ફેંસલો કંઈ અપાય. પરંતુ અમુક સાક્ષી વિશ્વાસ જોગ છે કે નહીં, તે પરદેશી જડજને માલમ પડી શકતું નથી. પૂરાવાના કાયદામાં ખામી હોવાને લીધે જુઠમાં ઘણો વધારો થઈ ગયો છે. વળી ઇનસાફ થતાં થતાં કેટલોક કાળ નિકળી જાય છે. તેમાં પક્ષકારનો વકીલને ઘેર ધક્કા ખાતાં ખાતાં ને કોરટમાં જતાં આવતાં દમ નિકળી જાય છે. સારા ઇજતદાર માણસને કોરટોમાં બીજી રીતની હેરાનગતી પહોંચે છે, તે તો કહેતાજ નથી. દાદને પહોંચતાં પહેલાં વાદીને જે ખરચ ઉપાડવો પડે છે, તે એટલો તો ભારે હોય છે, કે તેથી કેટલાક માણસ તો ઘરમેળે આઠ આની પતાવવામાં ફાયદો સમજે છે. દાવો સાબિત થાય ને હુકમનામું થાય, તેથી વાદીનું કશું વળતું નથી. પાછુ તે હુકમનામુ અમલમાં આણવામાં ઘણી ખામીઓ છે. હુકમનામુ બજાવવું એ કામ નાઝરના કોઈ કારકુનનું હોય છે, ને તેવા કારકુનનો પગાર એટલો તો થોડો હોય છે, કે તેઓ થોડા રૂપીઆ માટે પ્રતીવાદીને આગળથી જપતીની ખબર આપે છે, એટલે તે ખશેડવા જેવો બધો માલ ખશેડે છે; ને સ્થાવર મિલકતને તો આગળથીજ ખોટાં વેચાણ કે ગીરો કરી ઠેકાણે કરેલી હોય છે. વળી હુકમનામાને પણ મુદતનો વાંધો લાગે છે, અને ન્યાયાધીશો ખોટાં ઠરાવે છે. સને ૧૮૫૯ ના મુદ-

તનો આકટ આવવાથી લોકોનાં લાખો બલ્કે કરોડોનાં હુકમનામાં વગર ખબર આપે મુંબઈની હાઈકોરટે બજાવવાની ના કહી; પણ કલકત્તાની હાઈકોરટે હા કહી. વળી ઉપરચોટીઆ અને નજીવી બારીકીઓથી જે ગેર ઇનસાફ થાય છે, તે તો જુદો.

સારા અથવા નરસા કાયદાથી અર્થીય સ્થિતિમાં કેવી અસર થાયછે, તેનો વિચાર કરતાં માત્ર કાયદાની ઉઘાડી ખામીઓ ઉપર નજર રાખવી એટલુંજ બસ નથી. કાયદાથી લોકની નીતિ ઉપર કેવી અસર થાયછે, તે પણ વિચારવાની વાત છે. જે કાયદાથી લોકોને જુઠ, લુચ્ચાઇ, કપટ વાપરવાનું મન થાય, અથવા ઉત્તેજન મળે તે કાયદો ઘણોજ ખરાબ છે એમ કહેવાને કશી હરકત નથી. હાલ સુમાના પુરાવાના કાયદાથી જુઠ ઘણી ચાલીછે; ને લેણદારને દેણદાર સંબંધી જે કાયદો છે તેથી પણ લુચ્ચાઇ ઘણી ચાલેછે, એમ કહેવાને હરકત નથી. આ ખામીઓથી પરસ્પર ભરોસો ઉઠી જવાથી બીરધાર ઓછી થાય છે, ને છેવટે દેશની આબાદાનીને મોટો ધાક્કો પહોચે છે.

કાયદાઓની સામાન્ય અસર વિષે કેટલુંક કહેવામાં આવ્યું. હવે કેટલાક વિશેષ કાયદાઓની અસર વિષે થોડો વિચાર કરવો જોઇએ. બીજા બધા કરતાં હાલમાં દેવાળા સંબંધી કાયદાથી દેશની નીતિમાં અને અર્થીય સ્થિતિમાં ઘણી અસર થઇ છે. નાદાર દેવાદારને કરજથી મુક્ત કરવાના જે કાયદા હોય છે, તે બને ત્યાં લગી સારા જોઇએ. એ કાયદા સારા હોય, તો દેશની નીતિ સારી રહે છે, ને નરસા હોય, તો દેશની નીતિ બગડે છે. વળી એ કાયદા નરસા હોવાથી બે મોટા અર્થીય ગેરફાયદા થાય છે. એક તો પરસ્પર ભરોસો ઉઠી જાય છે; ને તેથી ઉત્પત્તિમાં મોટી હાની પહોચે છે. બીજુ એ કે હાલ બધા વેપારમાં આસામી કાચી પડવાને લીધે કેટલીક રકમ વરશો વરશ બગાડમાં જાય છે; ને તેટલી મુડી હાલ વ્યર્થ જાય છે; તે કાયદો સારો હોય, તો એટલી મુડીનો બગાડ થતો ઉગરે.

લેણ દેણના કામમાં ગુજરાતની નીતિ અંગરેજનો અમલ આવ્યા પહેલાં બહુ સારી હતી. એનાં બે કારણ હતાં. એક તો દેવાળાની બદનામી વેપારીઓમાં એટલી બધી હતી, કે જે કોઇ દેવાળુ કાઢે, તેનાથી પછી કોઇ દહાડો વેપાર થઇ શકે નહીં. વખતે નામ બદલીને વેપાર કરે, તોપણ લોક તેની જોડે લેણ દેણ કરતાં બહુ વિચાર રાખે. વળી લોકમાં પણ દેવાળીઆ એ નામ જોડે એટલો તિરસ્કાર અને એબ વળગેલાં હતાં, કે જે લોકનો દેવાળુ કાઢનાર જોડે સંબંધ ન હોય, તે લોક પણ તેને ફિટ ફિટ કરે. તેને હમેશ નીચું ઘાલી ફરવું પડે; ને તેનાથી કોઇ પણ ઠેકાણે

ઊંચું માં રાખી બોલાય નહીં. હિંદુના ધર્મશાસ્ત્રમાં દેવાળીઆને માટે ભારે શિક્ષા ઠેરવેલી છે. જે માણસ બીજાનું રણ વાળ્યા વગર મરી જાય, તે નરકમાં કીડો અવતરે; ને પછી બીજે અવતાર તેનું રણ પતે, ત્યારેજ તે દેવામાંથી મુકત થાય. આ બધાં કારણોને લીધે દેવાળાં ગુજરાતમાં થોડાં હતાં, ને લુચ્ચાઇનાં દેવાળાં તો આગાઉ છેક થોડાં હતાં. પણ અંગરેજનું રાજ આવ્યાથી દેવાળાની એબ ઘટવા લાગી, ને દૈવ જોગે હજી પણ ઘટતી જાય છે.

આવા નુકસાનકારક બનાવનું કારણ એ છે, કે ઇંગરેજનો કાયદો દેવાદાર ઉપર ઘણી રહેમ નજર રાખેછે. અસલના જમાનામાં બધા દેશોમાં દેવાદાર ઉપર સખ્તી ઘણી હતી. કેટલાક દેશોમાં તો દેવાદારે લેણદારને ઘેર રહી કામ કરી તેનું દેવુ વાળવું પડતું હતું. જેમ જેમ વખત બદલાતો ગયો, તેમ તેમ રહેમીઆત થતી ગઇ; લેણદારના હાથમાં દેવાદારને સોંપવા કરતાં સરકારે તેને થોડા દિવસ કેદ રાખી તેની પાસે કામ કરાવવું એવો ઠરાવ થયો. દિવસે દિવસે કાયદાઓથી દેણદાર ઉપર રહેમીઆત વધતી જાય છે. પહેલ વહેલુ એમ થયું કે બાપનું દેવું દીકરા પાસેથી લેવું, પણ તે દેવાને વાસ્તે દીકરો કેદને પાત્ર નથી. પછી એમ કાયદો થયો કે (જે કે હાલ અમલમાં છે) કે જો હિંદુ વારસે બાપનો પૈસો લીધો હોય, તોજ તેની બાપના દેવા વાસ્તે જવાબદારી, ને તે જવાબદારીછે વારસા જેટલીજછે. વળી વિલાયતમાં હાલ દેવાની કેદ બિલકુલ કાઢી નાખવામાં આવી છે.

જે લોક પારકાની મેહેનતથી કમાએલું દ્રવ્ય ઉડાવી નાખે, અથવા બરચીને ખાઇ જાય, અથવા વેપારમાં અવિચારથી ખોઇ નાખે, તેના ઉપર આટલી બધી રેહેમીઆત શા વાસ્તે જોઇએ, તેનું કારણ માલમ પડતું નથી. લુચ્ચા, ઉડાઉ, લોકોનો પક્ષ કાયદાએ આટલો બધો શા વાસ્તે ખેંચ્યો, એનું કશું કારણ સૂઝતું નથી. કેટલાક એમ કહેછે, કે દેવાદારે દેણ નહી આપ્યું, ત્યારે કાયદાએ એટલું જોવાનુંછે, કે તેની પાસે કાંઇ મિલકત છે કે નહી, ને જે મિલકત માલમ પડે, તે લેણદારને વેંહચી આપવી; કારણ જેની આપવાની શકિત નથી, તેને વધારે હેરાન કર્યામાં લેણદારના હાથમાં કાંઇ આવતું નથી. આ વિચાર ખરો છે, એમ માનીએ તો પણ દેવાની કેદ કાઢી નાખવાનો કશો સબબ નથી. લેણદારની દેવું આપવાની શકિત છે કે નહી, તે દેવાની કેદની ધાકી રાખવાથી તરત જણાઇ આવે છે. કેદની ગેરઆબરૂ એટલી બધી રહે છે, કે બને ત્યાંલગી તે ગેરઆબરૂથી બચવાને લેણદાર દેવું વાળે છે. પણ કાયદાનો હેતું એલોજ ન હોવો જોઇએ, કે દેવાદારની નાદારી થયા પછી તે નાદારીને થાપ-

ડી ચુપકી છાવરી મુકવી, ને તે વિશે બિલકુલ તજવીજ ન કરતાં, માત્ર તેની મીલકત કબજ કરી લેણદારોને વહેંચી આપવી. આવો મત ઘણો દુષિત છે. હરેક દેવાળાના અથવા નાદારીના કામમાં પાકી તજવીજ થવી જોઇએ, કે નાદારી શા કારણથી ઉત્પન્ન થઇ. જે માણસોએ દેવાળું કાઢવાના વિચારથી પારકે પૈસે લાંબો વેપાર કર્યો હોય, અથવા જેઓએ પારકે પૈસે મોજ કરી હોય, તેઓને કાયદાએ સ્પષ્ટ બતલાવી આપવું જોઇયે, કે નફાના સંજોગત થઇ ખોટ વખતે નાદાર થવું, એ લુચ્ચાઇમાં નુકશાન છે, અને કાએદો એવી નાદારીને પુષ્ટિ નહી આપે, તેથી એવી લુચ્ચાઇથી કાંઇ વળવાનું નથી. જે ઠેકાણે દેવું વાળવાની શક્તિજ ન હોય, તે કામે પણ કાયદો આવી રીતનો સખત જોઇએ. પણ જે ઠેકાણે શક્તિ છતાં ખોટાં ખત, ખોટાં વેચાણ, ખોટાં ગિરો, કરી ને બધી મિલકત પારકે નામે ચડાવી લેણદારને રડાવવાનો પેંત કર્યો હોય, તે કામે ફોજદારી ગુનાહ માફક ટીપ મારવી જોઇએ. અલબત હાલના કાયદા પ્રમાણે પણ કપટ કરનારને ટીપ છે. પણ હાલનો કાયદો કપટ અટકાવવાને અને બંધ કરવાને બિલકુલ કમજોર છે. આ હરેક માણસ વિચારવંત માણસને જાણીતી વાતછે. મુંબઇમાં જે લોકોએ દેવાળાં કાઢ્યાં, તેમાંના કેટલા બધા શક્તિમાન છતાં કૂડ કપટથી ફાવી ગયા? જે કાયદાથી દેવાળીઆઓ સુખે બે ધડક ચારડોમાં બેશી ફરે, ને લેણદારોને રડાવે, તે કાયદો શું ખામી વગરનો છે, એમ કહેવાય?

કેટલાંક દેવાળાં નિકળે છે, તેમ દેણદારનું કશું ચાલતું નથી, ને તેની ખુશી પણ હોતી નથી. જેઓએ અવિચારથી વેપાર કર્યા હોય, અથવા મોજ મજા ભોગવી હોય ને દેવાળું કાઢ્યું હોય તેવામાં, અને જેઓને અણચાલે દેવાળુ કાઢવું પડ્યું હોય, તે બેમાં કાયદાએ ફેર રાખવો જોઇએ. પરંતુ હરેક કામમાં પાકી તજવીજ કરવી જોઇએ; ને બધામાં પહેલું તો એમજ માનવું, કે દેણદારની કસુર છે. પછી પુરાવાથી સાફ ખાતરી થાય કે તેની બિલકુલ કસુર નથી, તોજ તેને મુક્તિપત્ર આપી નાદાર દેવાદાર ઠરાવવો. જો પુરાવાથી તે તદન નિર્દોષ ન ઠરે તો, તેની કસૂર પ્રમાણે ડાઘ લગાડ્યા વગર જવા દેવો નહી જોઇએ.

જ્યાં લગી કાયદા રચવામાં લોકનું અનુમત બરાબર લેવામાં નહીં આવે, ત્યાં લગી દેવાદાર સંબંધી કાયદો પુરેપુરો સુધરશે નહી. પણ હાલ દેણદારના કાયદાના અમલ વિશે એક બીજુ બલેશ છે, તે પણ વિચારવા લાયક છે. હાલ જ્યાં દેણદારની દેવું આપવાની દાનત નથી હોતી, ત્યારે તે તરત પાસેના પરરાજના મુલકમાં જઇને રહે છે; ને હિંદુસ્તાનમાં અંગરેજનો મુલક એવી રીતનો છે, કે

સર્વ ઠેકાણે કોઇ કોઇ પરરાજ્ય પાસે હોય છે ખરૂં; ત્યાં અંગરેજના કાયદાનું જોર પહોંચી શકતું નથી, ને પારકાને રડાવીને એકઠા કરેલા પૈસા ત્યાં લુચ્ચા દેવાદાર એનથી ભોગવે છે. આ ખામી કાયદાથી બિલકુલ મટે એવી નથી, પણ સરકારે પરરાજ્ય જોડે સારા બંદોબસ્ત કરી લુચ્ચાનું ફાવે એવું રાખવુંજ નહી.

प्रकरण ९ मुं

સરકાર ભૂલ ભરેલા વિચારોથી દ્રવ્ય વિષયક ઉદ્યમમાં હાથ ઘાલે છે તે વિશે.

સરકારનાં અવશ્યનાં જે જે કર્તવ્ય કામ છે, તે સારી કે નરસી રીતે બજાવવાથી વેપારના ઉદ્યમમાં શાશા લાભ કે ગેરફાયદા થાય છે, તેનો વિચાર આપણે કરી મૂક્યા. હવે જે કામો કરવાં કે ન કરવાં, તે સરકારની મરજી ઉપર છે, તેઓ વિશે વિચાર ચલાવ્યાની અગાઉ એક બીજી વાતનો વિચાર કરવો અમો ધારીએ છીએ. કેટલીક વખત સરકાર ભૂલ ભરેલા વિચારોથી ફાયદો કરતાં ઉલટું રૈયતને નુકસાન પહોંચાડે છે. તે ક્યારે ક્યારે બને છે તે અમો વર્ણવીએ છીએ.

પોતાના દેશની રૈયતનાં ઉદ્યમને ઉત્તેજન આપવું જોઇએ, એવા વિચારથી કેટલાક રાજ્યોમાં જે માલ દેશમાં પેદા થઇ શકતો હોય, તે માલ પરદેશથી આવવા દેતાજ નથી. પોતાનો અર્થ સિદ્ધ કરવાને કાંતો પરદેશથી માલ આણવાની તદન બંધી કરે છે; અથવા તે માલ ઉપર એટલી જકાત નાખે છે, કે કોઇને લાવવો પાલવે નહી. જો પરદેશથી માલ આવવાથી દેશને અર્થાય નુકસાન છે, અને હરેક ચિજને દેશમાં ઉત્પન્ન કરવાથી ફાયદો છે, એ વિચાર ખરો હોય, તો સરકાર જે આવી રીતે બંધીઓ કરે, તેમાં કાંઇ ખોટું નથી. પરંતુ પરદેશથી માલ આવવાથી કોઇ દેશને નુકસાન નથી. વિલાયતી કાપડ લાવવાની જો બંધી થાય તો, એ કાપડનો આપણે અહીં જે જે લોક ઉપભોગ કરે છે, તેઓને મોટું નુકસાન થાય; કારણ તેઓને એવા ને એવા કાપડને માટે ઘણો ઉંચો ભાવ ખરચવો પડે; એટલે બંધી કરવાથી દેશની રૈયતને તો નુકસાન સિવાય બીજુ કાંઇ હાંસલ થાય નહી. પણ એમ ન ગણતાં બીજી રીતે વિચાર કરવાથી માલમ પડે છે, કે એમાં કોઇને લાભ નથી. દેશાંતર સંવ્યવહારની જણસો એક દેશને નહીં, પણ આખી દુનીઆને થોડે ખરચે મળે છે; ને એ

સસ્તાઇનો ફાયદો સંવ્યવહાર ચલાવનાર બધા દેશને મળે છે, એમ કહેવામાં આવ્યું છે. એ ફાયદો મળવાનું કારણ એ છે કે સંવ્યવહારને લીધે જણસો થોડે ખરચે જે દેશમાં પેદા કરી શકાય, તે દેશમાં પેદા કરવામાં આવે છે. માટે જો કોઇ પણ જણસ આવતી બંધ થાય, તો તે જણસના વ્યાપારથી બંને દેશને જે ફાયદો થતો હોય, તે બંધ થઇ જાય છે, ને બંધી કરનાર દેશના લોકોને તે જણસને માટે વધારે ભાવ ખરચવો પડે છે. આ નુકસાન થવાનું કારણ એ છે, કે પરદેશથી જે જણસ સોંઘે ભાવે આવતી હોય છે, તે જણસને દેશમાં પેદા કરતાં વધારે ખરચ થાય છે; ને વધારાના ખરચને લીધે નુકસાન થાય છે; અથવા જો વેપારની જણસ કોઇ ભૂમિજ એટલે ખેતરની પેદાશની ચોજ હોય છે, તો તે આવતી બંધ થવાથી તેને દેશની ભોંયમાં વધારે ખરચે ઉત્પન્ન કરવી પડે છે, એટલે તે વધારાના ઉત્પન્નનો ભાવ વધે છે, એટલુજ નહી, પણ જે આગળ ઉત્પન્ન થતું હોયછે, તેનો પણ ભાવ વધેછે. પરિણામે જે રૈયતને નુંકસાન થાય છે, તેનો ઘણો ભાગ જમીનદારો કમાય છે.

પરદેશ જોડે સંવ્યવહાર બંધ કરવાથી દેશના ઉદ્યમને ઉત્તેજન મળે છે, એ વિચાર આગળ યૂરોપમાં ઘણો પ્રબળ હતો. આગળ ત્યાં મર્કન્ટાઇલ સિસ્ટમ કરીને એક વેપાર નીતિ ચાલતી હતી, તે નીતિવાળાનો એવો મત હતો, કે પૈસો એજ દ્રવ્ય છે, ને ગમે તેમ કરી દેશનો પૈસો વધારવામાં દેશની આબાદી છે. પરદેશથી માલ આવવાથી તે માલની કિંમત બદલ દેશમાંથી પૈસો જાય, માટે પરદેશથી માલ આવતો બંધ કરવો જોઇએ, એવું એઓનું મત હતું. માત્ર ઉત્પત્તિનાં રાચ તથા સાંચા પરદેશથી આવવા દેવા, કારણ તેઓવડે દેશનો માલ સરતો પેદા થાય, ને દેશાવર મોકલવામાં આવે, ને તે બદલ દેશાવરથી દેશમાં નાણું આવે. પણ આ વેપાર નીતિ દુષિત છે. માલ બદલ હમેશ પૈસા આવતાજ નથી. કોઇવાર આવે છે, ને કોઇવાર જાય છે; ને કદાપી પૈસો દેશમાંથી જાય, ને તેને બદલ દ્રવ્ય રહે, તો દિલગીર થવાનું કારણ શું છે? માલ બદલ હમેશ માલ મોકલવો પડેજ, ને પૈસો એક તરેહનો માલ છે. બીજો માલ ન મોકલતાં જ્યારે પૈસો મોકલવામાં આવે, ત્યારે એમ સમજી લેવાનું છે, કે એ મોકલવામાં દેશને વધારે ફાયદો હશે.

હાલ મર્કનટાઇલ સિસ્ટમનું પોગળ નિકળી ગયું છે; ને હવે કોઇ સુધરેલા વિચારવાળો એવું માનતો નથી, કે દેશમાં પૈસો વધારવાથી ફાયદોછે. માટે હવે દેશાવરના માલની બંધી કરવા વિષે જે લોક ભલામણ કરે છે, તે બીજા કારણને લીધે

કરે છે. તેઓ એમ કહે છે કે દેશાવરનો માલ આવવાથી દેશાવરના મજુરોને ઉત્તેજન તથા મજુરી આપણે આપીએ છીએ; પણ જો તેને બદલે આપણા દેશના મજુરોએ ઉત્પન્ન કરેલો માલ લઈએ, તો આપણા દેશના લોકને મજુરી તથા ઉત્તેજન મળે. આ વિચારવામાં બે દોષ છે. એક તો પહેલા પુસ્તકમાં ઘણા વિસ્તારથી હમે સાબિત કરી આપ્યું છે કે કોઇ મજુરનો માલ ખરીદવો એ એને ઉત્તેજન આપવા બરોબર નથી. મજુરને પુષ્ટિ આપનાર જણસ મુડી છે; ને જો દેશમાં મુડી હશે, તો પછી કાંઈ કાંઈ માલ થશે ને થશેજ. બીજો દોષ એ છે, કે દેશાવરનો માલ આપણે અહીં આવે છે, તે મફત આવતોજ નથી. તેને બદલે આપણો માલ આપીએ છીએ, માટે જો દેશાવરથી માલ આવતો બંધ થાય, તો તેને બદલ આપવાનો આપણા દેશમાં હાલ જે માલ થાય છે, તેની પણ ઉત્પત્તિ બંધ થાય; ને તે મુડી જે નવરી પડે, તે વડે દેશાવરથી જે માલ આવતો હતો, તે પેદા કરવો પડે. પણ એનો એજ માલ આપણે અહીંજ પેદા કરીએ, તો વધારે મુડીનો ખપ પડે, ને તે વધારે મુડી બીજા ધંધામાંથી લેવી પડે. માટે મજુરીઆત લોકની જે રોજી હોય તેની તેજ રહે, પણ આપણને એટલીને એટલી મુડીથી થોડું ઉત્પન્ન મળે.

દેશાવરનો માલ આવતો બંધ થવાથી આપણા મજુરીઆત લોકને જરા પણ આશ્રય મળતો નથી, ને ઉલટી પેદાશ થોડી થાય છે, એવું જ્યારે સિદ્ધ કરી આપીએછીએ, ત્યારે બીજી તકરાર ઉઠાવવામાં આવે છે. બંધી કરવાના પક્ષકારો એમ કહે છે, કે બીજી વસ્તુની બંધી કરવી, પણ અનાજ જેવી ચીજ તો પરદેશથી આવવા દેવી નહીં: કારણ એ ઉપર બધાનો ગુજારો છે; તે ગુજારાની જણસ છે; માટે બીજા ઉપર આધાર રાખવો ખોટો. આ તકરાર ઘણી ભૂલ છે. અનાજ ઘણી અગત્યની જણસ છે, એ વાતની કોઈ ના પાડતું નથી. પણ એ જણસ થોડા ગામોમાંથી આપણે ત્યાં આવતી હોય, તો દુકાળનો સંભવ ઘણો, કે આખી દુનીઆમાંથી આવતી હોય તો સંભવ ઘણો, એ વિચારવાનું છે. ગુજરાતમાં આગળ માત્ર ગુજરાત ને મારવાડનું અનાજ આવતું હતું, ત્યારે દુકાળનો સંભવ ઘણો હતો, કે હાલ સર્વ ઠેકાણેથી આવે છે ત્યારે સંભવ ઘણો છે? અલબત હાલ સંભવ થોડો છે. જ્યારે દુનીઆના બધા દેશો જોડે લડાઈ થાય, ત્યારે વિપત્તિ પડે. પણ એવું થવું અસંભવિત છે; ને વળી એ પણ યાદ રાખવું, કે પરદેશી પાસેથી અનાજ લેવાની જેમ આપણને ગરજ છે, તેમ વેચવાની તેઓને ગરજ છે. માટે લડાઈ વખતે પણ

બનશે, ત્યાં લગી પરદેશીઓ આપણને અનાજ મોકલવું બંધ નહીં કરે. વળી પરદેશથી અનાજ આપણે ત્યાં મોંઘવારી હોય, ત્યારે જેમ આણવું જોઇએ, તેમ પરદેશ મોંઘવારી હોય, ત્યારે આપણે ત્યાંથી અનાજ મોકલવાની પણ બંધી થવી જોઇએ નહીં. એથી એક અર્થીય ફાયદો દેખાય છે. અનાજ દેશમાં ને દેશમાં રહેવાથી તેનો ભાવ ઘણો વધતો નથી, પણ જો તે દેશાવર મોકલવામાં આવે, તો તે બદલ દ્રવ્ય ઘણું મળે. પરદેશ મોકલવાથી દેશમાં જરા ભાવ તણાય, પણ તેથી દેશના લોકને બહુ સંકટ પડતું નથી. વળી એવી બંધીથી નિર્દયપણું તથા સ્વાર્થીપણું માલમ પડે છે. જો આપણા દેશમાં સોંઘવારી હોય, ને ફરતા દેશોમાં મોંઘવારી હોય, તો અનાજ બહાર જવા દેવાથી આપણે અહીં થોડી મોંઘવારી તથા તેને લીધે થોડું સંકટ પડે, પણ તેથી બીજાઓને માથે મોટું સંકટ પડતું હોય તે ન પડે. વળી જો આપણે અહીં મોંઘવારી હોય, ને ફરતી સોંઘવારી હોય, ને ફરતા દેશો જો દાણો આપણે અહીં આવતો બંધ કરે, તો આપણે તેઓને કેવા ક્રૂર ધારીએ? હાલ કેટલાક દેશી રાજ્યોમાં ને તેમાં મુખ્ય ગાયકવાડીમાં મોંઘવારી વખત આવી જુક્તિ લગાવે છે. પણ તેમાં કંઇ દીર્ઘ દૃષ્ટિ કે મોટું મન જણાતું નથી.

દેશાન્તર સંવ્યવહારની વિરૂદ્ધ કેટલાક એવી દલીલ કાઢે છે, કે એથી દુનીઆની કેટલીક મુડી તો વ્યર્થ નાશ થાય છે. દેશાવર માલ લઇ જવાનો તથા ત્યાંથી લાવવાનો જે ખરચ થાય છે, તે એક રીતે વિચાર કરતાં મિથ્યા ખરચ છે. જો માલ ઘર આગળે ખપતો હોય, તો બધું વાહન ખરચ ઉગરી જાય, ને તે વાહન ખરચમાં વપરાતી મુડી ઉત્પત્તિના કારજમાં આવે. આ દલિલ કંઇ વજનદાર નથી; કારણ પ્રત્યેક સંવ્યવહારમાં જતા આવતા માલનું વાહન ખરચ કાઢતાં પણ બંને દેશને ફાયદો થાય, ત્યારેજ બે દેશ સંવ્યવહાર ચલાવી શકે. માટે વાહન ખરચ કાઢતાં માલ પોત પોતાના દેશમાં ઉત્પન્ન કરવામાં વધારે નુકસાન હશેજ, તેથીજ લોક એ વેઠીને દેશાન્તરે વ્યવહાર ચલાવતા હશે. વાહન ખરચ એ મિથ્યા ખરચ છે, એ કોઇથી ના પાડી શકાતી નથી. પણ એ ખરચ વેઠવાથી બીજુ મોટું મિથ્યા ખરચ બચે છે, ને દુનીઆને તથા સંવ્યવહાર ચલાવનાર દેશોને એ વેઠતાં છતાં પણ સંવ્યવહારથી ફાયદો પડે છે.

દેશાન્તર સંવ્યવહારમાં હરેક રીતની છુટ રાખવી, પણ દેશાન્તર દાણા વગેરે ભૂમિજ પદાર્થો ન મોકલવા એવું કેટલાએકનું કહેવાનું છે. તેઓનું કહેવું એવી રીતનું છે, કે વરશો વરશ પાક થવાથી જમીનનો કસ ઘટતો જાય છે; ને જો ખાતર

વગેરેથી તે કસ જમીનને પાછો આપવામાં આવે નહીં, તો થોડે કાળે જમીન બિલકુલ નિકસ થઇ જાય. હવે જ્યારે અનાજ વગેરે ભૂમિજ પેદાશનો દેશમાં ને દેશમાંજ ઉપભોગ થાય, ત્યારે તે જમીનનું ગયેલું સત્વ ખાતરને રૂપે પાછું જમીનને મળે છે; ને જમીનની ફળદ્રૂપતા ઘટતી નથી. પણ જો ભૂમિજ પાક પરદેશ જાય, ત્યારે તે જમીનનું ગયેલું સત્વ પાછું આવે નહીં, ને દિનપરદિન જમીન નિસત્વ થઇ જાય. આદલીલ કેટલેક દરજ્જે ખરી છે. પણ જેમ દાણા વગેરે ભૂમિજ પાક પરદેસ લઇ જઇ શકાયછે, તેમ ખાતર પરદેશથી આણી શકાય છે, ને જો ખાતર આણવામાં જેટલું ખરચ થાય, તે કરતાં દાણા વગેરે ભૂમિજ નિપજ મોકલવામાં ફાયદો નહીં રહે, તો એની મેળે વેપારી દાણા મોકલશેજ નહી. માટે તેમાં સરકારને હાથ ઘાલવાની ફરજ નથી. જો ખાતર લાવવાનું ખરચ કાઢતાં પણ નફો રહે, એવું હોય, તો બંધી સરકારે નકામી કરી ભૂમિજ પેદાશ પરદેશ મોકલાતી બંધ કરવાથી દેશને નુકસાન છે. કોઇ એમ કહે કે ખાતર પરદેશથી આણવું ઘણું મુશ્કેલ છે, તો તેનો ઉત્તર એમછે, કે જે ખરાં સતવવાળાં ખાતર છે, તે આણતાં મુશ્કેલ નથી.

ઉપરના વિવેચન ઉપરથી સાફ અનુમાન થઇ શકે છે, કે દેશમાંના ઉદ્યમને પુષ્ટિ આપવાને નિમિત્તે પરદેશથી આવતો કે ત્યાં જતો માલ બંધ કરવો કે તે ઉપર ભારે જકાત નાંખવી એમાં કોઇને લાભ નથી. વેપારમાં બંધીરૂપી કે ભારે જકાતરૂપી ડખલ જોઇએજ નહી. વેપાર હમેશ છુટો રાખવો જોઇએ. દેશના વેપારી ગમે ત્યાં માલ મોકલે, ને ગમે ત્યાંથી માલ લાવે, તેમાં સરકારે કશો નિયમ કરવોજ ઘટતો નથી; ને જે સરકાર એમ કરવાને પ્રયત્ન કરે છે, તે પોતાની રૈયતનુ ભલું કરવાને બદલે બુરૂં કરે છે.

પરંતુ કેટલેક પ્રસંગે નિયમિત કાળ સુધી બંધી કરવાથી દેશને ફાયદો થઇ શકે છે. જો આપણા દેશમાં કંઇ નવો હુનર કે કળા કાઢવામાં આવી હોય, તો તો વખતે જે દેશમાં તે હુનર કે કળાને નિકળે બહુ વરસ થયાં હોય, તે દેશની બરોબરી આપણા દેશથી થાય નહી. ત્યારે જો થોડાં વરસ પરદેશથી આવતા માલની બંધી કરી હોય, તો પેલા નવા હુનરના દેશમાં મૂળ બાઝે. જ્યારે તે હુનર દેશમાં જડ પકડે, ત્યાર પછી પરદેશના માલ ઉપરથી બંધી બિલકુલ કાઢી નાંખવી જોઇએ; ને તેમ થતાં પહેલાં પણ જેમ જેમ તે હુનર જડ પકડતું જાય, તેમ તેમ બંધી થોડી થોડી કરતા જવું જોઇએ.

સામાન્ય વેપારમાં સરકાર ભૂલ ભરેલા વિચારોથી હાથ ઘાલી દેશને નુકસાન કરે છે, એટલુંજ નહીં, પણ કેટલીકવાર ખાનગી કોલ કરારોમાં પણ હાથ ઘાલેછે. થોડાજ દેશમાં વ્યાજના વિષયમાં સરકારે હાથ ઘાલ્યો નહીં હોય. કેટલાક પ્રાચીન લોકના કાયદાઓમાં વ્યાજ લેવાની બિલકુલ બંધી હતી. અસલ યાહુદી લોકમાં વ્યાજનો પ્રતિબંધ હતો. હાલ મુસલમાન લોકમાં પણ વ્યાજ લેવાની બંધી છે. આ બંધીથી દેખીતું નુકસાન છે. જે લોક મુડીને ઉદ્યમમાં વળગાડે છે, તેઓ હમેશ મુડીના પોતે માલેક હોતા નથી. તેનો થોડોજ ભાગ તેઓનો પોતાનો હોય છે, ઘણો ખરો તો પારકો વ્યાજે કાઢેલો હોય છે. હવે જ્યારે વ્યાજ આપવા લેવાની બિલકુલ બંધી હોય, ત્યારે દેશની ઘણી મુડી ઉત્પત્તિમાં આવેજ નહી, ને નકામી પડી રહે; ને છેવટે તે મુડીનો સંગ્રહજ થતો બંધ રહે. હાલ મુસલમાન લોકની હિંદુસ્તાનમાં ઘણે ઠેકાણે દુર્દશા છે, તેનાં બીજાં ઘણાં કારણ હશે; પણ તેઓમાં વ્યાજ ખાવાની બંધી છે, એ એક મોટું કારણ છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

પરંતુ હાલના ઘણાખરા દેશમાં વ્યાજ લેવાની બંધી કાઢી નાખવામાં આવી છે, માત્ર સરકારે વ્યાજનો આંકડો બાંધ્યો હોય છે, કે આથી વધારે વ્યાજ કોઇએ આપવું લેવું નહી. આવો નિયમ બાંધવાને હમેશ બેમાંથી એક આધાર જોઇએ; કાંતો એવા નિયમથી આખી પ્રજાને લાભ છે, એમ બતાવી આપવું જોઇએ; અથવા તેમ નહી તો કોઇ ખાનગી શખસોના બચાવને માટે એવા કાયદા કરવાની જરૂર છે, એમ સાબિત થવું જોઇએ.

હવે વ્યાજનો આંક બાંધવાથી દેશને કશો લાભ નથી, એમ ખાતરીથી કહી શકાય છે. દેશની પ્રજાનો એક ભાગ બીજા પાસેથી પોતાની મુડીના ઉપભોગ બદલ ભાડું વધારે લે, કે ઓછું લે, તેમાં દેશનું સામુદાયિક દ્રવ્ય વધતું એ નથી, કે ઘટતું એ નથી. ઉત્પત્તિમાં હરકત અથવા બરકત એ કારણથી થતાં નથી. જેમ બીજી બધી ચીજોનો ભાવ છત અને ખપને આધારે રહે છે, તેમ વ્યાજનો પણ રહેછે; અને સરકાર એમાં હાથ ઘાલવા જાય, તો ઉલટું એથી નુકસાન ભારે થાય છે. એમ ધારો કે વ્યાજ આપવા લેવાની પૂર્ણ છુટ હોય છે, ત્યારે વ્યાજનો ભાવ આઠ આના લગભગ રહે છે. હવે જો સરકાર કાયદો કરી બંધી કરે કે જે કોઇ દર સેંકડે દર મહિને છ આનાથી વધારે લેશે, તેને સરકાર આવી આવી તરેહની સજા કરશે; તો એથી નુકસાન સિવાય બીજું કાંઇ પરિણામ થાય નહીં. સરકારની બંધી ન હોય, તો ભાવ આઠ આનાનો રહે, એમ કહેવાનો અર્થ એટલોજ છે, કે એ ભાવે

મુડીનો ખપ (જેટલીજ મુડી જોઈએ છે તે) ને મુડીની છત (એટલે જેટલી મુડી ધીરવાની છે) તે બરોબર થાય. હવે જો કાયદાને લીધે વ્યાજનો ભાવ ઓછો થાય તો મુડીનો ખપ (એટલે તે ઉછીતા લેનારા) વધે. પણ મુડી તો આગળના જેટલીજ રહે. કેટલાક મુડીના માલેક કાયદાથી બીહીને ચાલે, ને કાયદા પ્રમાણેજ દર લે. વળી કેટલાએક એમ ધારી બેશી રહે, કે હમણા ભાવ ઓછો છે, માટે ધીરધાર ન કરવી; ગણુ વધારે નફાનો જોગ આવે, એટલે આપણે જાતેજ વેપાર કરવો. આમ થવાથી મુડીની ભીડ આગળથી પણ વધે; ને સરકારની ભૂલને લીધે જેને મુડીનો ખપ છે, તેને માથે વધારે પીડા પડે. પણ કેટલાએક એવા હોય, કે સરકારના કાયદાની પરવા ન રાખતાં છાંનામાંના ધીરધાર કરે. લેનારને ગરજ એટલે તે ધીરનારને વ્યાજ ઉપરાંત જોખમ બદલ કાંતો બારે મંડામણી આપે; અથવા તેમ નહીં તો વ્યાજનો દરજ બારે લખી આપે. આવી રીતે છેવટે કાયદાનો ભંગ થયા વગર રહેજ નહીં. ધીરનારને લેનાર સિવાય બીજા કોઈને ખબર નહીં, એટલે એ વાત બહાર પડે નહીં; ને દેણદાર દેવું ડુબાવવાને માટે સરકારને ગુન્હો જાહેર કરે, તો લોક તેને ફિત ફિત કરે, ને ફરી તેને કોઈ ધીરે નહીં. માટે ઘણું કરીને ગુન્હો ખબર પડેજ નહીં. કાયદો નિરર્થક થાય, અથવા તેથી લોકની નીતિ બગડે, ને લોક પહેલેથી જુઠાં વચન આપી કરજ કાઢે, ને પછી સરકારને જાહેર કરી લેણદારનું દેવું ડુબાવે.

વ્યાજનો આંક બાંધવામાં જેમ દેશને લાભ નથી, તેમ ઉછીતા લેનારને પણ લાભ નથી. કોઈ પણ પાકી ઉમરનું માણસ પોતાની સ્થાવર મિલકત વેચી શકે, અથવા ફારગતી આપી શકે, અથવા કોઈનો જામીન થઈ શકે, ને મોટા મોટા વેપાર ચલાવી શકે, એ વિષે કાયદામાં કશો પ્રતિબંધ નથી. ત્યારે માત્ર આટલાથી વધારે વ્યાજ કોઈથી ન અપાય, એવો પ્રતિબંધ શા વાસ્તે જોઈએ? જે માણસ દુનીઆદારીનાં બધાં કામ કરવાને શક્તિમાન છે, તે શું વ્યાજનો દર આપવામાં છેતરાશે? વળી ઉપર કહ્યા પ્રમાણે જ્યારે કાયદામાં પ્રતિબંધ થાય છે, ત્યારે ઉછીતું લેનારને નફો થવાને બદલે ઉલટું નુકસાન થાય છે; કારણ ધીરનારને પૈસો જવાનું તથા શિક્ષાનું જોખમ રહે છે, તેથી તે ખાનગી રાહે મંડામણી તરીકે અથવા બીજી રીતે વધારે વ્યાજ લે છે. એટલે કાયદાથી રક્ષણને બદલે ઉલટું બિચારા કરજ કાઢનારને નુકસાન વેઠવું પડે છે.

વ્યાજ સિવાય બીજા કેટલાક કામોમાં પણ સરકાર નકામું માથું ઘાલે છે. અનાજના કામમાં સરકાર ઘણીવાર ખોટું ડહાપણ ડોહોળે છે, ને કેટલીએક વાર એ

કામમાં પડવાની લોકો પોતેજ સલાહ આપે છે. બધાને અનાજ સોંઘુ ખાવું ગમે છે; ને જો નિરક બાંધવાથી અનાજ સોંઘુ થઈ શકતું હોય, તો નિરક બાંધવામાં પછી બહુ હરકત ન રહી. પણ નિરક બાંધવાથી અનાજ સસ્તુ થઈ શકતુંજ નથી. એમ ધારો કે સરકારી નિરક ન હોય, તો બાજરી રૂપીઆની અધમણની વેચાય છે. પણ સરકાર નિરક બાંધી એવો હુકમ કરે છે, કે રૂપીઆની પોણો મણ કરતાં ઓછી બાજરી વેચવી નહીં. હવે સરકારના આવા ઠરાવની શી અસર થશે, તે આપણે વિચારીએ. જ્યારે સરકારની બંધી હોતી નથી, ત્યારે અધમણ લેખે વેચાય છે; તેથી સાફ એવું અનુમાન કરી શકાય છે, કે એ ભાવે ખપ તથા છત બરોબર થાય છે. પણ સરકાર પોણો મણનો નિરક કરે, ને સરકારના નિરક પ્રમાણેજ જો બધા ફડીઆ ચાલે, તો તેથી ખપમાં બેશક વધારો થાય, ને છત તો એની એ રહે. લોકો બધાએ વધારે વધારે ઉપભોગ કરે, ને ધાનની ખોટ પછી છેવટે એકદમ બધાને લાગે, ને મોટો દુકાળ પડે. પણ ફડીઆ અને અનાજ વેચનાર પોતે ખોટ ખાઈ બીજાને હમેશ સોંઘુ વેચે નહીં. ફડીઆનું કંઈ ન ચાલે, તો વેપાર બંધ કરે. જો દેશમાં ખેતીના કરનાર ઇજારદારો હોય, તો તેઓ પણ મોડા વેહેલા ખોટનો ધંધો તરત બંધ કરે. ત્યાર પછી પણ જો સરકારનો આગ્રહ ઘણો હોય, તો તે તેઓ ઉપર જુલમ કરી અથવા તેઓને વિશેષ ઇનામ આપી, તેઓ પાસે ખેતી કરાવે. જો જુલમ કરી ખેતી કરાવે તેમાં મોટો અન્યાય; ને ઇનામ આપી કરાવે, તો એ ઇનામની રકમ લોકો પાસેથી વેરા લઈને ઉઘરાવેલી હોય, તેમાંથી આપવામાં આવે. માટે જે લોક વેરા ભરતા હોય, તેની પાસેથી રૂપીઆ લઈ જે સુસ્ત લોક વેરા ભરતા ન હોય, તેઓના ફાયદા વાસ્તે ઇજારદારને આપવામાં આવે; ને તેથી એ પણ ઘણો ખરાબ નિયમ થઈ પડે. જો દેશમાં ખેતી કરનાર ઇજારદાર લોક નહીં હોય, પણ ખેડુતજ હોય, તો સરકારના પ્રતિબંધથી ખેડુતને અનાજને સોંઘુ વેચવું પડે; તેથી તેને ખેતીમાં દસ્તુર મુજબ પાલવે નહિં; માટે તે કાંતો દુઃખી થાય; અથવા તેમ નહીં તો ખેતી છોડી દે. છેવટ ગમે તે રીતે નિરક બાંધવાનો હેતુ નિષ્ફળ જાય.

અનાજ વિષે હમેશ નિરક બાંધી રાખવો, એમ ઘણા લોકનું કહેવું નથી હોતું. પણ મોંઘવારીના વખતમાં અવશ્ય બાંધવોજ જોઈએ, એમ લોકનું કહેવું હોય છે. જ્યારે ખરેખરી મોંઘવારી થાયછે ત્યારે અનાજની છત ખપ કરતાં ઓછી હોયછે. માટે જો સરકાર નિરક બાંધે ને તે નિરક બધા પાળે, તો છેવટ પરિણામ એટલો થાય, કે અનાજ એકદમ ખુટી પડે, ને બધા ભુખે મરે. સરકાર જો દેશનું બધું અ-

નાજ પોતાના કબજામાં લઇ બધાને વરાડ પડતું વેહેંચી આપે, તોજ દુકાળ નિવારણ થાય. પણ આમ થઇ શકતું નથી. તાલેવર લોકો દુકાળની વખતે ગરીબને પઇસા આપે છે. પણ પોતાના ઉપભોગમાં કંઇ ન્યૂનતા કરતા નથી; તેથી માત્ર પરિણામ એટલોજ થાય છે, કે ફેડીઆને ભાવ સારા મળે છે; પણ ગરીબોને માથેથી આફત ટળતી નથી. એવા વખતમાં સરકારે અથવા ગરીબ પરવર લોકોએ પરદેશથી અનાજજ મંગાવવું જોઇએ. પણ જ્યાં લગી વેપારી લાવનાર હોય, ત્યાં લગી સરકારે એ વેપારમાં પડવું નહીં; કારણ વેપારી કરતાં સરકાર હસ્તકનું કામ ઘણું કરીને વધારે મોંઘુ પડે છે. જણુસ સસ્તી કરવાને જેમ સરકાર વખતે કોશીશ કરે છે, તેમ મોંઘી કરવાને પણ કોશીશ કરે છે. સરકારની અથવા સરકારના કારભારીઓની જેના ઉપર મેહેરબાની હોય છે, તેઓને તેઓ એવી સનંદ આપે છે, કે ફલાણી જણસનો વેપાર એજ કરે. પછી એ પૂરૂપો તે જણસને ઘણી મોંઘી વેચી પોતાનો નફો કમાય છે. આવી રીતે કરવામાં નુકસાન ઘણું છે. પહેલું તો સરકાર રૈયતની તરફથી મુખત્યાર છે, ને સરકારનું કામ એટલું છે, કે રૈયતનો ફાયદો જે જે કામોથી થાય, તે તો કામો કરવાં. પોતાના માનીતા ઉપર મેહેરબાની દેખાડવાને રૈયત સમસ્તનું નુકસાન કરવું, એ સરકારે મોટો વિશ્વાસઘાત કરચો કેહેવાય. હવે ઉપર પ્રમાણે નિયમ બાંધવો, કે ફલાણી જણસનો વેપાર ફલાણોજ માણસ કરે, ને બીજા કોઇ ન કરે એ કેઇને રૈયતને લૂટવાની સનંદ આપ્યા બરોબર છે. વળી બીજું એ કે જે જે ધંધાઓમાં સરકાર ઉપર મુજબ સનંદ આપે છે, તે તે વેપારમાં કોઇને સુધારો કરવાની લાલચ રહેતી નથી; તેથી તે વેપાર ઘણી બાલ્યાવસ્થામાં રહે છે; ને રૈયતને માથે સરકારે આપેલી સનંદનો ભાર પડે છે, એટલુંજ નહીં; પણ તે સિવાય એ સનદી લોકોના આળસનો પણ ભાર પડે છે. વળી એથી ઉત્પત્તિમાં ઘણી હાની પહોંચે છે.

એક વર્ગના લોકોને ઉપર મુજબ સનંદ આપવામાં જે હરકત લાગુ પડે છે, તે હરકતો પેટન્ટોને અથવા કાપીરાઇટને લાગુ પડતી નથી. કોઇપણ નવો શોધ કરે, તેને એવો હક આપવો કે અમુક મુદત સુધી એ શોધનો બિલકુલ ફાયદો તેને એકલાનેજ આપવો, એમાં પ્રજા સમસ્તને ફાયદો છે. હરેક શોધ કરવાની અગાઉ કેટલોક ખરચ ને મેહેનત વેઠવી પડે છે. માટે જો એ શોધ કરનારને પોતાની મેહેનત ને ખરચ બદલ પેટેન્ટ તરીકે હક ન મળે તેને કોઇ શોધ કરે નહીં, વળી જે માણસ કોઇ પણ ઉપયોગી શોધ કરી આખી રૈયતને ફાયદો કરે, તેને રૈયત

સમસ્તની તરફથી કંઈ ઈનામ જોઈએ. ઈનામ બે રીતે આપી શકાય છે. એક તો શોધ કરનારને સરકાર ઉચક રકમ આપે; ને પછી પેટેન્ટ ન રાખતાં બધાને તે શોધનો ફાયદો લેવાની તરત છુટી આપે, અથવા તેમ નહીં તો શોધ કરનારને અમુક મુદત તેનો લાભ આપવો એમ ઠરાવ કરે. આ બેમાં પેટન્ટ આપવાની રીત વધારે સારી છે; કારણ તેમાં કોઇને માથે જોખમ રહેતું નથી. જો શોધ ખોટો નિકળે, તો એ નુકસાન શોધ કરનાર સિવાય બીજા કોઇને લાગે નહિ, ને જો ખરો પડે, તો જે જે લોક એનો લાભ લેવા માગે, તેનેજ માથે તેનો બોજ પડે. કોપીરાઈટનાં કારણ પેટેન્ટના જેવાજ છે.

હાલ મજુર અથવા કારીગર પોતાની મરજીમાં આવે તેટલી મજુરી માગે, ને લે એમાં સરકાર તરફની કશી બંધી નથી. પણ આગલા રાજ્યોમાં ને હાલ પણ દેશી રાજ્યોમાં એવી બંધી ઘણે ઠેકાણે હોય છે. સુતાર કડીઆથી આટલોજ રોજ લેવાય, દરજીથી આટલુંજ લેવાય, વગેરે બંધીઓ આગળના રાજ્યોમાં હતી. હાલમાં જ્યારે જ્યારે કોઇ પણ કારીગરને મજુર લોક પોતાની મજુરી વધારે છે, ત્યારે કેટલાક એમ કહેનાર મળે છે, કે સરકારે કાયદો કરી એ લોકોને હુકમ કરવો જોઈએ, કે આટલાથી વધારે કોઈ લે નહી. હવે આવા કાયદા કરવાની કંઈ પણ જરૂર નથી. મજુરીઆત લોકોનો સામાન્ય મુસારો મુડી ને વસ્તીના અરસપરસ પ્રમાણને આધારે રહેલો છે, એવું આગળ કહેવામાં આવેલું છે. માટે જ્યાં લગી મુડી એટલી ને એટલી રહે, ને વસ્તિ પણ એટલી ને એટલી રહે, ત્યાં લગી મુસારો વધે નહી. જો થોડા મજુર લોકને વધારે મુસારો મળે, તો બીજાને ઓછો મળે; અથવા કંઈ ન મળે, ને આખરે સામાન્ય દર તો પૂર્વ પ્રમાણે કાયમ રહે. આ કંઈ ખાલી તર્ક નથી, પણ ખરેખરી અનુભવ સિદ્ધ વાત છે. જ્યારે ગુજરાતમાં મોંઘવારી થઈ, ત્યારે બધા કારીગર લોકોએ પોતાનો રોજ વધાર્યો. પણ જે કારણને લીધે મોંઘવારી થઈ હતી, તે કારણનો જ્યારે અભાવ થયો, ત્યારે એના એજ કારીગરોને રોજ કમી કરવાની ફરજ પડી. પરંતુ હમેશ મજુરીઆત લોક રોજ વધારી શકતા નથી, તો પણ તેઓ એનાએજ રોજને બદલ થોડા કલાક કામ કરવું ધારે, તો કરી શકે. આ પણ અનુભવ સિદ્ધ વાત છે. હાલમાં કડીઆ કારીગર લોકોએ પોતાનું કામ આગળના કરતાં એક બે કલાક ઓછું કરી નાંખ્યું છે, તેમાં કોઇનું ચાલતું નથી.

મજુરીઆત લોકનો સાધારણ મુસારો માત્ર એકજ કર્યાથી વધારી કે ઘટાડી

શકાતો નથી. માટે સરકારે એવા એકરારોમાં હાથ ઘાલવો એમાં કંઈ ફાયદો નથી; એટલુંજ નહી, પણ તેમાં અન્યાય છે. કોઈ પણ પુરૂષ પોતાની મેહેનત બદલ ગમે તેટલી મજુરી માગે તેમાં સરકારે જાણી જોઈને ખલેલ નાંખવું, એ સમાન બીજા અન્યાય થોડા છે. ઘણું કરીને કાયદાના કરનાર મજુરીઆત લોક નથી હોતા, પણ મજુર રાખનાર લોક હોય છે, તે માટે મજુરને ઓછું મળે, તેમાં તેઓને ગરજ હોય, તેથી તેઓ આવા અન્યાય ભરેલા કાયદા કરે છે.

આપણા દેશમાં કેટલાક કારીગરમાં મહાજન હોય છે, તેથી એક્કી કરવી તથા મુસારાનો દર ઊંચો રાખવો ઠીક પડે છે. મહાજનના કેટલાએક ધારા હોય છે. જેવા કે જે કોઈ પહેલ વહેલો મહાજનમાં દાખલ થાય, તે મહાજનમાં આટલા રૂપીઆ ભરે, અથવા આટલું ખરચ કરે. કોઈ નવા આદમીને ગુમાસ્તો રાખવાની પણ બંધી હોય છે. મહાજન ઘણુંકરીને એક નાતનું હોયછે, તેથી કારીગરનો દર વધારવો સહેલ પડે છે. આવાં આવાં કારણથી કેટલાંક મહાજનના રોજ ઘણા કાળ સુધી ઊંચા ને ઊંચા રહે છે. મહાજનથી એક રીતે પ્રજા સમસ્તને એક ફાયદો થાયછે. તેથી મજુરીઆત લોકમાંના થોડાક અંશને ઊંચા મુસારા મળી શકે છે. પણ એથી ગેરફાયદો એટલો થાય છે, કે મહાજનના લોકના નાના પેટવાળાને અદેખા થઈ જાય છે, ને તેઓમાં આપસ્વાર્થીપણુ એટલું બધું વધી જાય છે, કે તેઓ પોતાના સિવાય બીજા કોઈની ફિકર રાખતા નથી.

કોઈ કોઈવાર એક ધંધાના લોક એવો ઠરાવ કરે છે, કે બધાની કમાઈનો કોઠો કરી બધાએ સરખે ભાગે વહેંચી લેવી; ને એવો ઠરાવ થયા પછી જે લોક મહાજનના ઠરાવ પ્રમાણે ન ચાલે, તેઓ ઉપર બાકીના લોક સખ્તી કરે છે. આ બંને રસ્તા ગેરવાજબી છે. હુશીઆરને અને કમ અકલને સરખો મુસારો આપવો, એમાં મોટો અન્યાયછે. એથી માત્ર હોંશીઆર લોકનેજ નુકસાન નથી, પણ આખા દેશને નુકસાન છે, ને કોઈના ઉપર સખ્તી કરી, તેની પાસેથી કોઈપણ કબુલત લેવી, એ પણ અન્યાય છે.

ખોટા તર્કોને આધારે સરકાર જે જે ગેરવાજબી બંધીઓ કરે છે, તે વિશેનું વર્ણન ઉપર કહ્યામાં આવ્યું. આગળ એવો પણ તર્ક પ્રબળ હતો, કે રાજ્કીય પ્રકરણમાં નીતિ પ્રકરણમાં, કાયદા વિશેમાં, ને ધર્મ વિશે જે જે કોઈ નવા મત છપાવે, અથવા બીજી રીતે પ્રગટ કરે, તેને સરકારે શિક્ષા કરવી. સરકાર આ તર્કને અનુસરીને શિક્ષા ઘણાઓને કરતા. મુસલમાની રાજ્યમાં આ પ્રમાણે ઘણું ચાલતું;

ને યૂરોપના ખ્રિસ્તિ રાજ્યોમાં પણ આગળ એવો જુલમ ઘણો હતો. આવી રીતના જુલમથી ઘણાજ માઠા પરિણામો થાય છે. બુદ્ધિનો એવો ગુણ છે, કે જ્યારે તેને છુટી રાખે ત્યારેજ પુષ્ટિ પામે. પણ જો તેને કાયદાથી અથવા બીજી રીતે તે રીતે સંકોચમાં રાખે, તો તેનો વધારો થતો બંધ રહે, એટલુંજ નહીં, પણ ધીમે ધીમે તેની શક્તિ ક્ષીણ થઈ જાય; ને આખરે તેમાં કશું પણ કૌવત રહે નહીં. સ્પેનને પોર્ટુગાલ દેશમાં ઈનક્વીઝીશન કરીને કોરટ નિકળ્યાથી જેટલું નુકસાન થયું, તેટલું બીજા કશાથી થયું નથી. પંદરમા ને સોળમા સૈકા સુધી એ બે દેશો સૌથી આગેવાન હતા. પણ ધર્મ સંબંધી જુલમ થવાથી લોકની બુદ્ધિ મંદ થઈ ગઈ, ને હાલ તેઓ યૂરોપીય દેશોમાં ઘણા પાછળ પડી ગયા છે.

હાલ ઘણા સુધરેલા દેશોમાં વિચારવાની ને બોલવાની છુટી છે; તોપણ એક તરેહનું તેમાં ભારે ડખલ છે. આપણા દેશમાં વિચારવાની તથા વિચાર પ્રગટ કરવાની કાયદાથી બંધી એક રીતની છે. પીનલકોડમાં થોડાં વરસ ઉપરસુધારો કર્યો, તેમાં એક નવી કલમ નાખી, તેમાં હુલડ કરાવવાનો ગુનોહ દાખલ કર્યો. સર્વ દેશી છાપખાનાવાળાઓને આ કલમથી એવી દેહેશત રહે છે, કે આપણે કોઈ જો સરકારની ભૂલ કાઢવા ગયા, તો આપણને કચરી મારશે. આવી બીકથી રાજકીય બાબતોમાં રૈયતને લાભકારક વિચારો આપી શકાતા નથી. પરંતુ દેશીઓના વિચારને સંકોચમાં રાખનાર આથી બીજી મોટી હરકત એ છે, કે બાકીના લોકના અજ્ઞાન રહેવાથી, નવા વિચાર બતાવનારને નાત બહાર રહેવાની તથા લોકનો ધિક્કાર સહેવાની મોટી દેહેશત રહે છે. જેઓ દેશની વૃદ્ધિને ખરા દીલથી ઇચ્છે છે, તેઓએ વિચારને બને તેટલી છુટ આપવી જોઈએ.

પ્રકરણ ૧૦ મું.

સરકારે કયા કામમાં હાથ ઘાલવો ને કયામાં ન ઘાલવો તે વિશે.

સરકારે કેટલાં કામ કરવાં અવશ્ય છે, ને કેટલાં કરવાં નહીંજ જોઈએ, એ વિશે સુધરેલા દેશોમાં ભારે ઝગડો ચાલે છે. કેટલાક એમ કહે છે કે સરકારે માત્ર જાત તથા માલનું સરક્ષણ કરવું, ને બાકીની બધી વાતો જેમ થતી હોય તેમ થવા દેવી. કેટલાક એથી ઉલટું મત ધરાવે છે, ને એમ કહે છે કે જે જે કામમાં સરકારે હાથ ઘાલેથી ફાયદો થાય એવું હોય, તે તે કામમાં સરકારે કરારથી હાથ ઘાલવો.

આવા તર્કનું પૂરેપૂરૂં વિવેચન આ પુસ્તકમાં કરી શકાતું નથી, પણ તેમાં પ્રત્યેકને કેટલો ખરો આધાર છે, એનો વિચાર કરવા માંડીએ છીએ.

સરકાર જે હાથ ઘાલે છે, તે બે રીતે ઘાલે છે. કોઈ કોઈવાર સરકાર કાયદા બાંધે એવો હુકમ કરે છે, કે ફલાણા ફલાણા કામ કોઈએ કરવાંજ નહીં; અથવા અમારી આગાઉથી રજા લઈ કરવાં; અથવા ફલાણાં કૃત્ય કરવાં હોય તો અમુક પ્રકારેજ કરવાં; ને જે આ હુકમથી ઉલટો ચાલશે, તેને શિક્ષા કરવામાં આવશે. બીજી રીત એવી છે, કે સરકાર જહાંગીરી હુકમ ન કરતાં લોકોને પોતાનો અભિપ્રાય બતાવે કે ફલાણાં કામ કરવાં ના દુરસ્ત છે; અથવા તેમ નહીં તો રૈયતને જેટલી કોઈ અમુક વિષય બાબત વિશે માહીતી જોઈતી હોય, તેટલી માહીતી આપે; અથવા રૈયતને બંધી ન કરતાં તેજ કામ પોતે કરે. જેમ કે સરકાર વિદ્યાની વૃદ્ધિ સારૂં પોતે નિશાળો કાઢે, ને બીજાને કાઢવા દે; અથવા રોગીઆઓને સારૂં પોતે દવાખાનાં કાઢે, ને રૈયતમાં જેને દાકતર ઇજનેર થવું હોય, તેને છુટી આપે. સરકાર પોતે સરકારી બેંક કાઢે, ને રઇયતમાં જેને કાઢવી હોય તેને કાઢવાની બંધી ન કરે. આ બે રીતમાં બીજી રીતને ઘણું કરીને રાજ કર્તાઓ અનુસરતા નથી. પણ તે ઘણી પસંદ કરવા જોગ છે.

આ બે રસ્તામાં પહેલા રસ્તા વિશે કેટલોક વિચાર એકદમ આપી શકાય. એ ખુલ્લું છે કે સરકારે હકુમતથી હાથ ઘાલવો, એ જેમ બને તેમ થોડો ઘાલવો. દરેક માણસને કેટલીક વાતની તો છુટ જોઇએ ને જોઈએજ. પોતાના મનમાં આવે તે વિચાર કરવાની છુટી ઉપર સરકારે કોઈ દહાડો પગ મુકવો ન જોઇએ. તેમજ જે જે કૃત્યોથી બીજાને હાની હરકત થતી નથી, તે તે કૃત્યોમાં કોઈ દહાડો અમસ્તુ માથું ઘાલવું ન જોઇએ. વળી જે જે કૃત્યોથી બીજાને હાની હરકત પહોંચતી હોય, તેવાં કૃત્યોમાં સરકારને હાથ ઘાલવાની ફરજ છે, એવું સાફ બતલાવી આપવાનો જુમ્મો હમેશાં સરકારને શિર છે. આનું કારણ છેઃ માણસને ઇશ્વરે છુટોને નિરંકુશ બનાવ્યો છે. માટે તે છુટમાં ને નિરંકુશપણામાં કાંઈ પણ સંકોચ કરવાને પ્રયત્ન કરવો, એ પાકા કારણ શિવાય કરવો જોઈએ નહીં. વળી બીજું એ કે હરેક સંકોચથી માણસની મનની શકિતઓનું બળ ધીમું પડે છે; ને સંકોચમાં દાસત્વનો કેટલોક અંશ આવે છે. માટે જે જે પ્રતિબંધો રૈયતમાં સમજુ લોકને મનને ભાવતા નહીં આવે, તેવા તેવા પ્રતિબંધો કરવાને પ્રયત્ન કરવામા મોટું નુકસાન છે.

પરંતુ સરકાર જે બીજી રીતે હાથ ઘાલે છે, તેમાં કાંઈ આવી તરેહના ગેર

કાયદો નથી. સરકાર પોતે નિશાળો કાઢે, અથવા બીજાં એવાં કામો કરે, ને બીજાને પણ કરવા દે, એમાં કોઈના મનને ખેદ થવાનો જોગ નથી. પરંતુ એ એક જુદીજ હરકત છે. જ્યાં જ્યાં સરકાર આ પ્રમાણે કરે છે, ત્યાં ત્યાં સરકાર જેટલાં નાણાંનો ખરચ કરેછે, તે વેરા રૂપે રૈયત પાસેથી જોરથી ઉઘરાવેલા હોય છે. વેરા ઉઘરાવવાને જે જે જુલમ, હરકત તથા હાની, રૈયતને પોહોંચે છે, તે બધી તે નાણા માટે કરવી પડેછે. માટે સરકાર એવાં કામ પણ પોતે માથે ન લે, તો તેમાં પણ રૈયતને ફાયદો થાય.

સરકારનાં કર્તવ્ય કામોમાં વધારો કરવાથી બીજી એક મોટી હરકત નડે છે. એથી સરકારની સત્તામાં ને સરકારના વજનમાં વધારો થાયછે. હવે સરકારની સત્તાને વજન જેમ બને તેમ નિયમમાં રહે, તેમાં રૈયતનું કલ્યાણ છે; ને જુલમ થવાનો જોગ થોડો છે. કોઈ એમ કહે કે જે જગાએ પ્રજાસત્તાક રાજ્ય ન હોય, ત્યાં તો આ હરકત વિચારવા જોગ છે; પણ જે ઠેકાણે પ્રજાનાજ હાથમાં સત્તા હોય, ત્યાં સરકારની સત્તામાં વધારો કરવાથી કાંઈ હરકત નથી; કારણ તે ઠેકાણે બધી વાતના કર્તા હર્તા પ્રજા પોતે છે. આ વાત ખરી. પણ પ્રજાની સત્તા એટલે શું, એ આપણે ધ્યાનમાં રાખવું જોઈએ. જે ઠેકાણે પ્રજાનું રાજ્ય હોય છે, ત્યાં બહુ મતે કામ ચલાવવું એવો દસ્તુર હોય છે. માટે પ્રજા સત્તાક રાજ્યોમાં પણ જો સરકારની સત્તા વધે, તો જેઓ બહુના મતમાં મળતા ન હોય, તેઓ ઉપર એક રીતનો જુલમ થાય. વળી બીજી એક વાત એ છે, કે હાલના સમયમાં બધા માણ એકજ ઢબના થાયછે. હાલના સુધારામાં આ એક મોટી ખામી છે. હવે જો બહુ મતને એટલું બધું પ્રાધાન્ય આપવામાં આવે, કે બધી વાતે તેઓ થોડા ભિન્ન મતવાળાઓનું ચાલવા ન દે, તો માણસ માણસમાં જે હાલ વિવિધ રીતના ફેરો, કે જે વડે વિચારશક્તિમાં તથા કળાકૌશલ્ય આટલો બધો સુધારો થયો છે, તે બધો નાશ પામે, એટલુંજ નહી, પણ બધા પ્રકારની ફાયદાકારક વૃદ્ધિ બંધ પડે.

સરકારને હાથે બહુ કામો કરાવવામાં ત્રીજી મોટી હરકત એવી બતલાવવામાં આવેછે, કે એથી મહેનતના વિભાગ થઈ શકતા નથી. બધું કામ થોડા અધિકારીઓને માથે પડવાથી કેટલાંક કામ ઉપર બિલકુલ લક્ષ દેવામાં આવતુંજ નથી; ને કેટલાંક કામ અડધાં પડધાં થઈ શકે છે. આ હરકતમાં બહુ વજન નથી. સરકાર જેમ જેમ પોતાનાં કર્તવ્ય કામોમાં વધારે કરે, તેમ તેમ લાયક અધિકારીઓમાં વધારો કરે, તો પછી આ હરકતનું વજન બધું દૂર થઈ જાય. જ્યારે ઘણાં કામ વાસ્તે ઘણા અધિકારીઓ રા-

ખવામાં આવે, ત્યારે કામની વ્યવસ્થામાં કેટલોક બંદોબસ્ત રાખવો જોઇએ. જેમ બને તેમ નિયમો અમલમાં લાવવાનું બધું કામ, તથા તે ઉપર ચોકશીનું કામ સ્થાનિક અમલદારના હાથમાં રાખવું, ને મુખ્ય અધિકારીઓએ તો પ્રત્યેક કામમાં ઊંડા ન પેસતાં, માત્ર પ્રજા સમસ્તના કલ્યાણ ઉપરજ નિરંતર દૃષ્ટિ રાખવી.

સરકાર સારી વ્યવસ્થા કરીને ધારે તે કામ કરી શકે એ ખરૂં; પરંતુ ઘણા ખરા સુધરેલા દેશોમાં સરકાર કરતાં રૈયત ઘણાં કામ થોડે ખરચે તથા સારી રીતે કરી શકેછે. આનું કારણ એજછે કે કોઈપણ માણસની તરફથી બીજો કોઈ કામ કરે, તેના કરતાં તે પોતે કામ વધારે સારૂં કરી શકે છે. એ ખરૂં કે સરકારને ઘણી રીતની માહીતગારી મળી આવે છે, ને તે જોઈએ તેવી બુદ્ધિના માણસને પોતાની નોકરીમાં નોકર રાખી શકે છે. પણ એમ. છતાં પણ સ્વાર્થને માટે જે મહેનત કરે છે, તેની બરોબરી સરકારથી થઈ શકતી નથી.

વળી કોઇપણ અમુક અર્થને માટે રૈયતમાં જેટલા જેટલા હોંશીઆર માણસ હોય, તેનેજ સરકાર હમેશ કામ ઉપર રાખે એવું બનતું નથી. વગ વશીલાથી સરકારના હસ્તકના ઘણાખરા કામદારો નીમવામાં આવે છે. પરંતુ એમ ન હોય, ને સરકાર લાયકી ઉપર નજર રાખીનેજ પોતાના નોકરોને રાખતી હોય, તોપણ સરકાર હસ્તકના કામમાં ફાયદો નથી; કારણ જે સારા માણસને સરકાર નોકર રાખે છે, તેજ માણસોને, સરકાર હાથ ન ઘાલત, તો પણ તેનું તે કામ સ્પર્ધાના નિયમથી મળતજ. ઉલટું સરકાર હસ્તક કામ થવામાં એટલું નુંકસાન છે, કે એથી સ્પર્ધા જવાથી બુદ્ધિ તથા કળામાં સુધારો થતો મંદ પડે છે.

સરકારને હસ્તક જેમ બને તેમ થોડાં કામ કરાવવાનુ છેલું કારણ તો હજુ કહેવું બાકી રહ્યું છે. કેળવણી બે પ્રકારની છે. એક તો નિશાળમાં ભણવાથી મળેછે તે, ને બીજી જે દુનીઆદારીનું કામ હોંશીઆરીથી ચલાવવાથી મળે છે તે. પહેલા પ્રકારની કેળવણી લીધા પછી બીજા પ્રકારની મળે તોજ, કેળવણી સંપૂર્ણ થઈ કહેવાય. બીજા પ્રકારની કેળવણી વગર, ઉદ્યોગ, હિકમતીપણું, વિચારશક્તિ, આત્મસંયમ, વગેરે ઘણાજ ઉપયોગી ગુણો પુષ્ટિ પામતા નથી. હવે જો સરકાર ઘણાં કામ પોતાના હાથમાં લે, ને રૈયતને કરવાનું થોડું રાખે, તો આ બધા ગુણ ઘણા દુર્બળ અવસ્થામાં રહે. તેઓ દુર્બળ અવસ્થામાં રહે, એથી એક મોટું નુકસાન થાય. દુનીઆંના સંકટને મુશ્કેલી જોડે માણસથી સારી રીતે બાથ ભીડાય નહીં; ને તેઓથી માણસનું પુરૂષાતન ક્ષીણ થઈ જાય, ને તે ત્યાગી જેવો થઈ બેસે.

બીજું પણ આને મળતું કારણ છે. જે રાજ્યમાં રાજ્યના અધિકારીઓ ઘણાજ ચંચળ તથા વિદ્યાવાળા હોય, તે રાજ્યમાં રૈયતની ગુલામ જેવી માઠી હાલત થતાં કાંઈ વાર ન લાગે. જે રૈયતને ગુલામગિરિની હાલતમાં આવવું ન હોય, તેઓએ હમેશ કેળવણી પામી પ્રજા સમસ્તના હિત વિષે વિવાદ તથા વિચાર કરવાની ટેવ રાખવી જોઇએ. હવે જો સરકાર બધી વાત પોતાના અધિકારીઓના હાથમાં રાખે, તો આ ટેવ રહે નહિં; ને રૈયત એટલે મનુષ્ય જાતનો ઘણો ભાગ દાસત્વમાં આવે.

આ બધી અડચણો ઉપરથી એક સિદ્ધાંત કરી શકાય છે. તે એ કે સરકારે હકુમતથી જેમ બને તેમ થોડાં કામમાં હાથ ઘાલવો. આ સિદ્ધાંત સામાન્ય ભાવે જોતાં એવો નિર્દોષ છે, કે જ્યારે જ્યારે સરકાર કોઇપણ કામમાં હાથ ઘાલવાને કોશીશ કરે, ત્યારે તે કામમાં હાથ ઘાલવાથી રૈયતને ફાયદો છે, એવું સ્પષ્ટ બતલાવી આપવાનો જુમ્મો સરકારને શિર રાખવો જોઇએ; ને જ્યાં લગી એવું સ્પષ્ટ બતલાવી આપવામાં ન આવે, ત્યાં લગી સરકારનો કોઇપણ કામમાં હાથ ઘાલવાનો હક નથી. આ નિયમનો આગળના જમાનામાં ઘણીવાર ભંગ થતો હતો, ને હાલ પણ કોઈ કોઈ વાર થાય છે.

હવે ઉપરની અડચણો લાગુ પડતી નથી, તેને લીધે, અથવા એથી વધારે વજનદાર વિરૂદ્ધ અડચણો હોય છે, તેને લીધે સરકારે રૈયતના કિયા કામમાં હાથ ઘાલવો જોઇએ, એ વાતનો આપણે વિચાર કરવો જોઇએ. કેળવણીનું કામ સરકારે અવશ્ય પોતાને શિર લેવું જોઇએ. આનું કારણ છે. જે લોકને કેળવણીની ઘણી જરૂર છે, તેઓને કેળવણીની ખોટ માલમ પડતી નથી; એટલે તેઓ પોતાની મેળે પોતાનો સ્વાર્થ જાણી કેળવણી લેશે, એમ સમજી બેશી રહેવાય નહીં. વળી કદાચને અજ્ઞાન લોક કેળવણીને માટે પ્રયત્ન કરે, તો હલકી જાતની અથવા દૂષિત કેળવણીને માટે પ્રયત્ન કરશે, એમ પણ સંભવ છે. માટે સરકારે અળગાં રહેવાનાં જે જે કારણો છે, તે કેળવણી વિષયને લાગુ પડતાં નથી.

કેળવણી વિષયમાં હાથ ઘાલવાનું બીજું પણ કારણ છે. જે પુરૂષ કોઈ પણ માણસને જન્મ આપે, તેનો ધર્મ છે કે તેને ઉછેરી પોષી મોટો કરવો, એટલુંજ નહી, પણ પોતાની રોજી કમાઈ ખાવા જેટલી તેને કેળવણી પણ આપવી. જો આટલી કેળવણી પણ આપવામાં ન આવે, તો બે રીતનું નુકસાન થાય. એક તો તે માણસનોજ જન્મ નિરર્થક જાય; ને બીજું તે માણસ અજ્ઞાન હોવાથી પોતાના

જાતભાઈઓને નુકસાન કર્યા વગર રહે નહી. માટે સરકાર જો લોકોને એવી ફરજ પાડે કે બધાંએ પોતાનાં છોકરાંને ભણાવવાંજ જોઈએ, ને જે નહીં ભણાવે તેને શિક્ષા થશે, તો તેમાં કંઈ જુલમ નથી. પણ જે લોકોની ભણવાની શક્તિ ન હોય, તેઓને માટે સરકારે કાંતો મફત અથવા થોડે ખરચે કેળવણી આપવી જોઈએ.

જે ઠેકાણે લોક ઉઘરાણાં કરી, અથવા બીજી રીતે બક્ષીસ આપી નિશાળો સ્થાપતા હોય, ત્યાં સરકારે તેટલું ખરચ થોડું કરવું. કોઇ પણ ઠેકાણે સરકારે એવો નિયમ ઠરાવવો નહીં જોઈએ, કે અમો જે વિષયો શિખવીએ છીએ તેજ બધા શિખવે; અથવા કોઈપણ રીતે પોતાની નિશાળોમાંના ભણેલાને વધારે ઉત્તેજન નહીં આપવું; અથવા સરકારની રજા સિવાય કોઇથી નિશાળ મંડાય નહીં, એવો પણ પ્રતિબંધ ન જોઈએ. બધા લોકે આટલું જ્ઞાન મેળવવુંજ જોઈએ, એવો સરકાર હુકમ કરે એમાં કંઈ જુલમ નથી. પણ તે જ્ઞાન અહીંથી કે આ રીતે મેળવવું, એવો કોઈ પ્રતિબંધ કરવામાં જુલમ છે.

કેળવણી સિવાય બીજાં કેટલાંક કામો છે, તેમાંપણ સરકારે હાથ ઘાલવો જરૂર છે. કેળવણીમાં હાથ ઘાલવાનું મુખ્ય કારણ એટલું છે, કે કેળવણી કેવી જોઈએ, તે વિશે અજ્ઞાન લોક બરોબર વિચાર બાંધી શકતા નથી. સરકારે ફલાણા કામમાં હાથ નહીં ઘાલવો, એમ કહેવાનું કારણ એટલું એજ છે કે સરકાર કરતાં લોક પોતાના કામમાં વધારે સંભાળ તથા બુદ્ધિ વાપરી શકેછે. હવે જે પુરૂષો કોઈપણ કામમાં પોતાના સ્વાર્થની સંભાળ લેવાને અશક્ત હોય, જેમ કે કાચી વયનાં માણસો, દિવાનાઓ, જન્મગાંડાં, વગેરે, તેઓના રક્ષણને માટે સરકાર પ્રયત્ન કરવો જોઇએજ. ગાંડા માણસની માલ મિલકતના રક્ષણને માટે યોગ્ય કાયદા કરવા જોઈએ. છોકરાં ઉપર માબાપ વખતે કેટલીક ક્રૂરતા તથા જુલમ કરે છે, તે પણ બંધ કરવાને સરકારના કાયદા હોવા જોઇએ. પરંતુ ગુજરાતમાં એવા કાયદાઓની બહુ જરૂર નથી. પશુઓ ઉપર જે નિર્દયતા કરવામાં આવે છે, તેનો પણ કાયદાથી અટકાવ થયો જોઈએ. ગુજરાતમાં જૈન ધર્મના સંસર્ગને લીધે આવી નિર્દયતા ઘણીવાર જોવામાં આવતી નથી. વિલાયતમાં, ને કેટલેક દરજ્જે આપણા દેશમાં બાઇરાંને મરદ બરોબર ગણી તેઓને કોલકરાર અથવા લેવડ દેવડ કરવાની છુટ હોતી નથી. આ મોટી અન્યાયની રીત છે. જ્યાં લગી સ્ત્રીઓને મરદનું અંગ તરીકે કાયદામાં ગણશે, ત્યાં લગી તેઓની બુદ્ધિ તથા સ્થિતિ ખરેખરી સુધરનાર નથી.

સરકારે રૈયતના કામમાં બને તેમ હાથ ઘાલવોજ નહિ, એ સિદ્ધાંતનું કારણ

એટલું એજ છે, કે સરકારના કરતાં લોક પોતપોતાના સ્વાર્થ વિષે વધારે સંભાળ તથા વિચારથી વરતશે. પણ કેટલીક વાર લોક કરાર કરે છે, તે એવા કરે છે, કે એમાં વિચાર થાયજ નહી. જે લોક સદાતન એટલે પોતાની જીંદગી લગણ પહોંચે, એવા કરાર કરે છે, તે લોક કોઈ દિવસ પૂરેપૂરો વિચાર કરતાજ નથી. આવા કરાર વિષે હાથ ઘાલી અવિચારી માણસના કૃત્યના માઠા પરિણામ નિવારવાને પ્રયત્ન કરવો જોઈએ, અને તેવા કરારો કરવાની પહેલાં લોકને પુખ્ત વિચાર કરવાની ફરજ પડે, એવા કાયદા કરવા જોઈએ. લગતના કરારને આ વાત કેટલી લાગુ છે, તે સજ્જન પુરૂષોને તરત સૂઝી આવશે.

વળી કેટલાંક કામ એવાં હોય છે, કે તેઓથી આખી રૈયતને અથવા રૈયતના મોટા ભાગને ફાયદો હોય છે. પણ રૈયતમાં સંપ બુદ્ધિ નહી હોવાથી તે કામ કરી શકાતાં નથી. જો મજુરીયાત લોક એટલે ને એટલે રોજે બધા ઓછા કલાક કામ કરવાનો સંપ કરે, તો થઈ શકે છે; ને તે સંપથી તે લોકને ફાયદો થાય. પણ જો એવો સંપ થયા પછી થોડા જણ તે તોડે, ને થોડા પાળે, તો જે તોડે તેને બેવડો ફાયદો થાય; એક તો જે લોક ઓછા કલાક કામ કરે તેના જેટલો તેટલા કલાકનો રોજ મળે, ને પોતે આગળની માફક વધારે કામ કરે, તેનો વધારે રોજ મળે. પછી રહેતે રહેતે બધા અથવા ઘણા ખરા એ પ્રમાણે ફાયદો લેવાને કોશીશ કરે; એટલે અન્તે પાછું બધાને આગળ પ્રમાણેજ કામ કરવું પડે, ને મુસારો પણ આગળ પ્રમાણે મળે. આ રીતે બધાને ફાયદાકારક ધારો કાઢ્યો હોય, તે પણ નિષ્ફળ જાય. હવે આ ઠેકાણે સરકાર હાથ ઘાલે, તો સર્વને ફાયદો થાય. સરકાર બે રીતે હાથ ઘાલી શકે છે; એક તો પોતેજ એવો નિયમ કરે, કે કોઈ મજુરે આટલા કલાકથી વધારે કામ કરવું નહી, અથવા એમ નહી તો લોક સંપસંપીને ધારો તોડવા બાબત જે દંડ ઠરાવ્યો હોય, તેનો સરકાર અમલ કરે. ગુજરાતના કારીગરોમાં ઘણું કરીને કુસંપની હરકત બહુ નડતી નથી. એક ધંધાના મજુરો ઘણું કરીને એક નાતના હોય છે, તેથી કોઈપણ તરેહનો બંધ કરવો સેહેલ પડે છે; કેમકે જે કોઈ નાતના બંધ તોડે છે, તેને નાતવાળા નાત બહાર મુકે છે.

વળી કેટલાક કામમાં સરકારને હાથ ઘાલવાની બીજા કારણસર ફરજ હોય છે. સરકારે કોઈપણ કામમાં હાથ નહી ઘાલવો, તેનુ કારણ એટલુંએજ આપી શકાય કે સરકાર કરતાં જે લોકનો સ્વાર્થ છે, તે તે કામ સારૂ કરી શકે. હવે ધર્મદાન આપવામાં કોઈનો સ્વાર્થ છે, એમ કહી શકાતું નથી, માટે તે કામ સરકારે પોતાના હાથમાં લેવું જોઈએ.

મનુષ્ય પ્રાણીઓએ એક બીજાની સહાય કરવી જોઈએ, એમાં કોઈથી ના પાડી શકાતી નથી. વળી તેમાં જે વધારે કંગાળ તેની વધારે સહાય કરવી જોઈએ, એની પણ ના પાડી શકાતી નથી. હવે જેને પૂરેપૂરૂં ખાવા અન્ન ન મળતું હોય, તેના જેવા કોઈ કંગાળ નથી; માટે બધાએ યથાશક્તિ તેની સંભાળ પહેલી લેવી જોઈએ. હાલ આપણા દેશમાં ને બીજા ઘણા દેશોમાં એવા રિવાજ છે, કે જે ગરીબ હોય, તે ઘેરઘેર માગી દાણા લઈ પોતાનું પુરૂં કરે. હવે આ રીતને બદલે એવો નિયમ હોય, કે એવા લોકના પોષણ માટે વેરા નાંખી સરકાર તરફથી બંદોબસ્ત કરવો તો ઘણું સારૂં. એવો બંદોબસ્ત થવાથી બધા ગરીબ લોકના મનમાં ખાતરી રહે, કે આપણને હમેશ રોજી મળશે. હાલ બધા ભીખારીઓના મનમાં ખાતરી હોતી નથી, કે આપણને આજની રોજી મળશે કે નહી મળશે. ખાનગી ગૃહસ્થો દાન કરે છે, તેમાં વખતે કોઈને ઘણુંજ મળી જાય છે, ને કોઈ રખડતા રહે છે. બીજું હાલ જે લોક ગુનો કરી કેદમાં પડે છે, તેનું સરકાર પૂરૂં કરે છે, તેમ જો તે નિરપરાધી લોકનું પૂરૂં ન કરે તો, સરકારે ગુનેગારની પક્ષ કરી ગુન્હો કરવાની લાલચ બતલાવ્યા સરખું થયું. ત્રીજું એકે જો ગરીબનો આધાર દાન ઉપર રહે, તો ભીખારીની સંખ્યા વધુ થઈ ગયા વગર રહે નહી. આ બધા કારણને માટે અનાથ ભૂખે મરતા લોકનું પુરૂં કરવાનું કામ સરકાર મારફત થવું જોઈએ. પરંતુ સરકારે એ કામમાં બધા ભીખારીને સરખા ગણવા. ફલાણો ભીખારી વધારે દાનને યોગ્ય છે, ફલાણો ઓછા દાનને યોગ્ય છે, એમ રાખવું નહીં. જે અધિકારીના હાથમાં છેવટ ભીખ આપવાની આવે, તે બધા ભીખારીને યોગ્યતા પ્રમાણે આપી શકશે, એવું માની શકાતું નથી. માટે વધારે ઓછું આપવાની વાત સરકારે ખાનગી પુરૂષોના અખતીઆર ઉપર રાખવી, ને પોતે બધાને સરખું દાન આપવું.

પરંતુ સરખુ તે કેટલું? દાન આપવાથી બે પરિણામ થાય છે. એક તો દાન લેનારનું દુઃખ નિવારણ થાય છે, ને બીજું વખતે તેથી તેને પરાધીન રહેવાની ટેવ પડે છે. હવે હમેશ વિચારવાની વાત એટલી એજ છે કે, કેટલું દાન આપવાથી દુઃખ નિવારણ થશે, ને ભીખારીને પરાધીન રહેવાની ટેવ નહીં પડે. ભીખારી પરાધીન થઈ જશે, એમ ધારી બિલકુલ દાન આપવુંજ નહીં; એમાં દોષ છે. દાન આપવાને લીધે ભીખારી પરાધીન થઈ જવાથી જેટલું નુકસાન થાય છે, તેના કરતાં મહેનત કર્યા પછી પોષણ ન થવાથી જે વૈરાગ્ય પેદા થાય છે, તેથી માણસની વૃત્તિને બહું નુકસાન થાય છે. તેથી માણસ છેવટ બેફિકરો, અવિચારીને આળસુ

બની જાયછે. માટે અનાથને દાન નહી આપવું, એ વિચાર તો બિલકુલ ખોટો છે. દાન તો આપવું, પણ દાન એટલું આપવું જોઇએ, કે જેથી ભીખ માગવામાં ફાયદો છે, એમ ભીખારીના મનમાં નહી આવે. જે લોક મહેનત કરી પેટ ભરે છે, તેના કરતાં ભીખારીની હાલત વધારે સુખી થાય, એવું દાન કોઇ દિવસ આપવું નહીં જોઇએ. હમેશ ભીખારીના જીવતરમાં કંઇ પણ સંકોચ રાખવોને રાખવોજ જોઇએ. ભીખારી આરામમાં રહે એવું જોઇએ નહીં.

જે દેશમાં વસ્તી વધી ગયેલી હોવાથી મજુરોને મજુરી તથા મુડીદારોનો નફો થોડો મળે છે, તેવા દેશોમાં પરદેશ નિવાસનની ઘણી જરૂર છે. તે દેશના લોકનો કેટલોક ભાગ પરદેશ જઇ વસે, તોજ તે દેશમાં લોકને નીરાંત પડે. પરદેશ નિવાસનના કામ ઉપર નજર રાખવી, તે સરકારને ઘટિત છે. જો સરકાર હાથ ન ઘાલે તો, જેટલા જોઇએ તેટલા માણસ દેશમાંથી બહાર જાય નહીં; કારણ ઘણા માણસને મોકલવાનું તથા વસાવવાનું ખરચ કોઇથી ઉપાડાય નહી. સરકાર તે ખરચ સહેલથી ઉપાડી શકે. જે નવા દેશમાં વાસ કરાવવાનો હોય, તેની જમીન મફત ન આપતાં સરકાર વેચાથી આપે; ને તે જમીનના વેચાણના પૈસામાંથી ત્યાં વસવા જનારને મોકલવાનું ખરચ ઉપાડે, તો નવાં થાણાંને તથા જુના દેશને બંનેને અત્યંત ફાયદો થાય. જેમ ગરીબની પરવરશી, ને પરદેશ નિવાસન એ સરકારને લીધા લાયક કામ છે, તેવાં બીજાં પણ છે. તે બધાનું કારણ એકજ છે. કેટલાંક કાર્ય રૈયતના લાભમાં હોય છે. પણ તે વિષે સંભાળ રાખનાર કોઇપણ હોતું નથી. માટે જો સરકાર તેવા કામની ફિકર રાખી પોતે માથે ન લે, તો રૈયતને નુકશાન થાય. પૃથ્વી ઉપર મોટા શોધ કરવાને કાફલો મોકલવો હોય, તે ઘણું કરીને સરકાર સિવાય બીજા કોઇથી મોકલી શકાય નહી. વળી દરીઆમાં ખરાબા ઉપર નિશાન મુકાવવાં, દીવા દાંડીઓ કરાવવી, વગેરે કામો પણ સરકાર કરેતોજ થાય. ઘણા વિદ્યા સંબંધી ઉપયોગી શોધ એવા છે, કે જો સરકાર તેને ઉત્તેજન ન આપે, તો તે શોધનો લાભ માણસ જાત કોઇ દિવસ પામેજ નહી.

વળી હરેક દેશમાં કેટલાક વિદ્વજ્જનોનું પોષણ થવું જોઇએ, કે જેઓ પોતાનો બધો વખત જ્ઞાનની વૃદ્ધિ કરવામાં કાઢે. યૂરોપીય દેશોમાં ખાનગી ગૃહસ્થો વગર પગારે વિદ્યાની વૃદ્ધિ ઘણી કરતા આવ્યા છે; પણ આપણા દેશમાં વગર આશ્રયે પોતાનો શોધ ચલાવ્યાજ કરે, એવા પુરૂષો હાલ થોડાજ છે. સરકારે વિદ્યાના વિસ્તારકોને આશ્રય આપવાનો એક સારો રસ્તો એ છે, કે તેઓને વિદ્યાલયોમાં શિક્ષાગુરૂની

જગાઓ આપવી. એ જગાઓમાં શિખવાનું કામ થોડું હોય છે, માટે શોધનું કામ બનવું સેહેલ છે; વળી એવી જગ્યા ઉપર દૈવજોગે કોઈ કમ હોંશીઆર માણસ આવી જાય તો તે વાત જાહેર થયા વગર રેહેતી નથી. આપણા દેશમાં આવો બંદોબસ્ત અવશ્ય કરવો જોઈએ.

સામાન્ય રીતે એમ કહી શકાય, કે જે જે વાત મનુષ્ય જાતના અથવા હવેની પ્રજાના હિતને માટે કરવી જરૂર હોય, અથવા હાલમાંના કોઈપણ વર્ગમા લોકના ફાયદા માટે કરવી જરૂર હોય (પરંતુ તે વાત એક બે સખસથી અથવા કોઈ કંપનિથી થઈ શકે એવી ન હોય) તે તે વાત સરકારે પોતાને હાથે કરવી. કરતાં પહેલાં પુખ્ત વિચાર કરવો, કે એ વાત હકુમત વગર થઈ શકે એવી છે નહિ, ને જો થઈ શકે છે તો કોનાથી સારી થઈ શકવાની, સરકારથી કે ખાનગી ગૃહસ્થોથી. તેનો વિચાર કર્યા પછી પગલું ભરવું જોઈએ.

વહીવટમાં વખતે ઉપલા નિયમોથી ઉલટું ચાલવાની ફરજ પડે છે. વખતે રૈયત એટલી બધી ગરીબ હોય છે કે રસ્તા ,ગોદીઆ, બંદરો પાણીના પાટ વગેરે ઘણાં લોકોપયોગી કામ સરકાર ન કરે, તો થાયજ નહી. જે જે દેશોમાં રૈયત કરતાં રાજ્ય કરનાર ગણા સુધરેલા હોય છે, ત્યાં ત્યાં આવું બને છે. હિંદુસ્તાનમાં પણ સરકારને રૈયત વચ્ચે જ્ઞાનમાં ઘણો ફેર છે, માટે અહિપણ આવું કરવું જરૂર છે. જ્યારે જ્યારે સરકાર આવું કરે, ત્યારે સરકારે એટલી ફિકર રાખવી કે એમ કરવાથી લોકની સાહસ વૃત્તિ તથા આત્માધીનતા મંદ પડી ન જાય.

આ પ્રકરણમાં એક કર્તવ્ય કામ વિષે કશું લખવામાં આવ્યું નથી. જે વર્તણુકથી બીજાને નુકસાન થાય તેવી વર્તણુક,પછી તે નુકસાન ને કપટથી થતું હોય, અથવા જબરજસ્તીથી કે ગફલતથી થતું હોય, સરકારે પોતાના અમલના જોરથી બને તેમ કરી દબાણમાં રાખવી. દુનીઆમાં મનુષ્ય જાતિનો કેટલો બધો વખત ને પયત્ન માત્ર આવી રીતની વર્તણુક અટકાવવાને માટેજ ખરચવો પડે છે, ને મનુષ્ય જાત આવી મૂર્ખાઈની ચાલ મૂકી, દે તો બધાનાં સુખ અને વૃત્તિ કેવી અમીરી થઈ જાય!

समाप्त.

શુદ્ધિપત્રક.

પૃષ્ટ.	લીટિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૪	પાછી	પછી
૨	૨૭	પેસા	પૈસા
૬	૩	કત	કૃત
૭	૬	પસ્તાર	વસ્તાર
૧૭	૨૫	દ્રવ્યમાંથી	દ્રવ્યમાંથી
૧૯	૮	સુડીમ	સુડીમાં
૧૯	૨૫	વળ	વળી
૨૨	૨૨	એકે	એકે
૨૩	૫	અનુત્પાદક	અનુત્પાદક
૨૩	૨૦	કર્યાથા	કર્યાથી
૨૪	૧	વાપરેતો, પાણ	વાપરે, તો પણ
૨૪	૬	સેકો	લોકો
૨૫	૨૫	આમદાન	આમદાની
૨૬	૨૯	આલેકો	આલેકે
૩૫	૧૦	ખરચ્ય	ખરચી
૩૯	૧૭	કેવો	કહેવો
૪૦	૨૦	તેટલી	તેટલું
૪૦	૨૦	સ્થિતિ	સ્થિતિથી
૪૦	૨૭	સરખ મ રખાને	સરખાને સરખા
૪૦	૨૮	પ્રકારનો	પ્રકારના
૪૪	૧૬	વેપર	વેપાર
૪૪	૧૬	લુચ્ચાઇ	લુચ્ચાઇ
૪૭	૨૯	વરૂયા	વરયાં
૪૮	૩	પોતાને	પોતાને
૫૦	૮	કર	કરે
૫૧	૨૧	મહાવરા	મહાવરો
૫૫	૧	પધારે	વધારે
૫૭	૮	તળે	મળે
૫૭	૧૯	અવિચાર	અવિચારે
૫૭	૨૦	શાખુ	શાણા
૫૮	૨	તેવાં	તેવા
૬૩	૨૦	સીમા	સીમા
૬૪	૮	કઇ	કંઇ
૭૧	૨૭	પલવનો	પાલવનો
૭૧	૨૭	પલવવો	પાલવવો
૭૧	૨૭	ત્પરે	ત્યારે
૭૨	૪	વ્રિદ્ધ	વૃદ્ધિ
૭૩	૧	ખરચ	ખરચી
૭૫	૧૭	નહા	નહીં
૭૫	૧૯	પ્રમણ	પ્રમાણ
૭૬	૧૫	કીમત	કિંમત
૭૮	૧૭	લધ	લાધે
૮૩	૨૯	પરદશ	પરદેશ
૮૭	૨૦	બુદ્ધ	બુદ્ધિ
૮૮	૨૧	સ્વમિત્વ	સ્વામિત્વ
૮૯	૧૯	પેદા	પેદા
૯૦	૧૫	રીતી	રીતિ
૧૦૩	૩	મણસ	માણસ
૧૦૪	૨૫	સ્ટષ્ટિ	સૃષ્ટિ
૧૦૫	૨૨	ઘાણું	ઘણા
૧૦૬	૧૬	લાગીઆપી	લાગીઆતી

[illegible]	[illegible]	બ્યવસ્થા	વ્યવસ્થા
૧૧૬	૧૮	મુળ	મુલ.
૧૧૮	૨	ગુજરાત	ગુજરાન
૧૧૮	૨૬	દાખેલા	દાખલો
૧૨૨	૨૫	દ્રષ્ટ	દૃષ્ટિ
૧૨૩	૨૯	કયા	કર્યો
૧૨૫	૧૨	જાણે	જાણુને
૧૩૦	૧૩	મુળ	મૂલ
૧૩૦	૧૬	ઘણું	ગણું
૧૩૫	૧૦	નીકળશે	નિકળશે
૧૩૬	૯	પેદા	પેંદા
૧૩૯	૨૭	મુળ	મૂલ
૧૪૦	૮	કારણોનો	કારણોને
૧૪૧	૮	બીજા	બીજાં
૧૪૩	૧૬	પદાથ	પદાર્થ
૧૫૦	૨૪	પ્રમાણામાં	પ્રમાણુમાં
૧૫૦	૨૫	પ્રમાણામાંજ	પ્રમાણોમાંજ
૧૫૮	૭	માટ	માટે
૧૬૦	૩	ભુલ	ભૂલ
૧૬૧	૨૭	ઘણું	ગણું
૧૬૩	૧૫	વિશ	વિશે
૧૬૫	૧૯	કાળે	કાળે
૧૬૯	૧૧	દ્રષ્ટ	દૃષ્ટિ
૧૮૦	૧૮	કાળ	કાળે
૧૮૬	૩	બમણે	બગણો
૧૮૭	૧૭	પદાથ	પદાર્થ
૧૮૮	૧૬	ત	ને
૧૮૯	૨૮	કરને	કરીને
૧૯૯	૧૩	વેચાર	વેપાર
૨૦૦	૨૦	જામસે	જામશે

૨૦૫	૨૯	આશ્રમ	આશ્રણુ
૨૦૭	૨૦	હિંસ્તાન	હિંદુસ્તાન
[illegible]	૩	બધા	બધો
૨૧૧	૨૦	નહીં	નથી
૨૧૬	૧	દશે	દેશે
૨૧૯	૧૩	જેલું	જેટલું
૨૧૯	૧૬	તેઠલું	તેટલું
૨૨૫	૨૪	પહેલ વહેલ	પહેલ વહેલા
૨૨૫	૨૯	હિંદુસ્તાનમ	હિંદુસ્તાનમાં
૨૨૮	૩	સમતુલ્યના	સમતુલ્યતા
૨૩૩	૨૮	બ્રહ્મદેશ	બ્રહ્મદેશ
૨૩૪	૨૦	ઉત્પાત્ત	ઉત્પત્તિ
૨૪૨	૨૩	ઉત્પાત્ત	ઉત્પત્તિ
૨૪૨	૨૭	ઉત્પાત્ત	ઉત્પત્તિ
૨૪૬	૧૫	સ્થિાત	સ્થિતિ
૨૪૬	૧૭	ક્રયા	ક્રિયા
૨૪૯	૨૭	વદશે	વધશે
૨૫૦	૧૯	મજુરીની	મજુરોની મ
		મજુરો	જુરીઆં
૨૫૧	૫	વસ્તી	વસ્તિ
૨૫૧	૨૬	કરવાનો	કરવાની
૨૫૪	૩	દેશામાં	દેશોમાં
૨૫૬	૬	પ્રાગુણેજ	પ્રમાણેજ
૨૫૬	૧૮	વ્રદ્ધ	વૃદ્ધિ
૨૫૭	૧૮	કૈશલ્ય	કૌશલ્ય
૨૬૧	૧૨	હેવી	હોવી
૨૬૪	૧	ઘણો	ગણો
૨૬૪	૨	ઘણું-ણી	ગણું-ણી
૨૬૪	૩	ઘણી-ણું	ગણી-ણું
૨૬૪	૪	ઘણા	ગણા

પૃષ્ટ.	લીટિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૨૭૦	૨૨	એકે	કે
૨૭૧	૨૧	પ્રરોક્ષ	પરોક્ષ
૨૭૧	૧૮	વરાનો	દેરાનો
૨૭૬	૧૧	શકતોજ	શકાતોજ
૨૭૮	૨૧	ઉત્પાત	ઉત્પત્તિ
૨૮૪	૧૫	વેરોનો	વેરાનો
૨૮૪	૧૬	માથ્યે	માથે
૨૮૭	૧૮	વેરા વેરા છે	વેરાછે
૨૮૮	૫	આપવામાં	આપવામાં
૨૯૩	૨૪	કરવાનું	કરવાનો
૨૯૩	૨૪	હેતું	હેતુ
૨૯૪	૭	મહોં	મ્હોં
૨૯૪	૨૫	દેશમાં દેશમાં	દેશમાં
૨૯૬	૭	માન	મન
૨૯૬	૭	ઉતેજન	ઉત્તેજન
૨૯૮	૨	દૃષિત	દૂષિત
૨૯૮	૭	કાએદા	કાયદા
૨૯૮	૧૩	હરૈક માણસ	હરેક
૨૯૮	૨૩	કસૂર	કસુર
૩૦૩	૭	પરદેસ	પરદેશ
૩૦૩	૨૮	પકડતું	પકડતો
૩૦૭	૧૭	કેઇને	કોઇને
૩૦૭	૨૮	પ્રેટેન્ટ	પેટન્ટ
૩૧૨	૩	સરકારે	સરકાર
૩૧૨	૧૭	રીતે નો	રીતનો
૩૧૫	૧	ભાઇએને	ભાઇઓને
૩૧૭	૭	કરાવો,તા	કરવાતો,
૩૧૮	૯	લેકને	લોકને
૩૧૯	૧	શિખવાનું	શિખાવવાનું
૩૧૯	૧૫	ગણા	ઘણા
૩૧૯	૧૬	અહિપણ	અહિં પણ
૩૧૯	૨૦	નુંકસાનને	નુકસાન તે
૩૧૯	૨૨	બેચો	બચો
૩૧૯	૨૨	પયત્ન	પ્રયત્ન
૩૧૯	૨૪	કેવા	કેવાં

00050716

Digitized with financial assistance from the
Government of Maharashtra
on 18 July, 2018